પૂ. પંન્યાસજી મહારાજ

પ્રો. કે. ડી. પરમાર

જૈન સંઘમાં છેલ્લી પાંચ-છ સદીઓ દરમિયાન જે ઈતિહાસ લખાયો, એમાં પૂજ્ય પંન્યાસજી મહારાજનું પ્રદાન એક નવી જ ક્ષિતિજના ઉદ્‌ઘાટન સમું હતું. મહામંત્ર શ્રી નમસ્કાર તો ઘરેઘરે અને જીભેજીભે ગવાતો મંત્ર હતો અને છે, પણ એના મહિમાનું વિરાટ ક્ષેત્ર જોઈએ એટલું સુપ્રસિદ્ધ નહોતું. એ ક્ષેત્ર પર ચિંતન-મનન કરીને, મંત્રાધિરાજના મહિમાનું વિરાટ ગાન ગુંજતું કરવાનું જે કાર્ય, પૂજ્યશ્રીએ પોતાના જીવન-કવન દ્વારા અદા કર્યું, એ અજોડ કહી શકાય એવું છે. આ જ રીતે મૈત્રી ભાવનાના તત્ત્વ અને સત્ત્વભર્યા મહત્ત્વને, વધુ વિશદ રીતે સંઘમાં સ્થાપિત કરવાના એમના પુણ્ય-પગલાનો જોટો જડવો મુશ્કેલ છે.

પોતાની શાંત-પ્રશાંત આકૃતિ-પ્રકૃતિ દ્વારા, એક 'અજાત-શત્રુ' તરીકેની પ્રતિષ્ઠા પામવા એઓ બડભાગી બની શક્યા હતા. છતાં જરૂરી 'ખંડન' ને એમણે ક્યારે વખોડયું નહોતું. ખંડન પણ મંડન માટે અને મંડનની મહેલાત પણ ખંડનના ખોદકામ ઉપર જ ! આ એમનો મુદ્રાલેખ હતો. એથી જ એમનું ખંડન પણ મંડનથી વધુ મીઠું લાગતું. એ તો અનુભવીઓનો અનુભવ છે અને એમની કેટલીય કૃતિઓ આ વાતની સાખ પૂરે છે.

'કલ્યાણ' માંથી

પૂ.પંન્યાસજી મહારાજ

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
અધ્યાત્મયોગી
પંન્યાસ પ્રવર
શ્રી ભદ્રંકરવિજયજી મહારાજનું
જીવનચરિત્ર

-: પ્રેરક :-
પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજ

:- લેખક :-
પ્રો. કે. ડી. પરમાર.

પૂજ્ય પંન્યાસજી મહારાજ

અધ્યાત્મયોગી પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજનું જીવનચરિત્ર

—: પ્રકાશક :—

નમસ્કાર આરાધક ટ્રસ્ટ
ચંદ્રકાંત કાંતિલાલ શાહ
૧૧, નવરંગ કોલોની,
નવરંગપુરા, **અમદાવાદ-૯**

સંવત ૨૦૪૭-નૂતન વર્ષ
તા. ૧૬-૧૦-૧૯૯૦.

આવૃત્તિ પહેલી

કિંમત-રૂા. ૬૦-૦૦

પ્રાપ્તિસ્થાન :-
સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ-૧.

મુદ્રક
કાંતિલાલ ડી. શાહ
"ભરત પ્રિન્ટરી"
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફરોડ,
અમદાવાદ-૧ ફોન: ૩૮ ૭૯ ૬૪.

तस्मै श्रीगुरवे नमः ।

यस्यानुग्रहमात्रेण जीवन्मुक्तो भवेन्नरः ।
ब्रह्मात्मज्ञानसंसिद्धिः तस्मै श्रीगुरवे नमः ॥

यस्य स्मरणमात्रेण ज्ञानमुत्पद्यते स्वयम् ।
य एव सर्वं संप्राप्तिः तस्मै श्रीगुरवे नमः ॥

चिन्मयं व्यापितं सर्वं त्रैलोक्यं सचराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥

卐

નિર્મળ મન નિર્મળ શિરા, નિર્મળ આપ શરીર,
એવા સદ્‌ગુરુ ભેટતાં, ભેટે અલખ અમીર.

ગુરુ મુખથી અમૃત ઝરે, પીવે વિરલ કો જીવ,
પીનારા થઈ જાય છે, જીવ મટીને શિવ.

સબ કુછ દિયા આપને,
ભેટ કરું કયા નાથ!
નમસ્કારકી ભેટ કરું,
જોડું મૈં દોનો હાથ. ॥

। शिवमस्तु सर्व जगतः ।

। सद्गुरुभ्यो नमः ।

आत्म निवेदन

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

અજ્ઞાનરૂપી અંધકારમાં અંધ બનેલાને, જ્ઞાનરૂપી અંજન-શલાકાવડે નેત્રને ખોલી આપનાર, એવા શ્રી ગુરુદેવને નમસ્કાર હો...! વંદન હો...!!

यस्य दृष्टिः कृपावृष्टि-र्गिरः समसुधाकिरः ।
भद्रंकराय शांताय, तस्मै श्रीगुरवे नमः ॥

જેમની દૃષ્ટિ કૃપાથી વરસી રહી છે અને વાણી અમૃતપાન સમાન છે તેવા, શાંતિને કરનારા પૂજ્ય ગુરુદેવ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને નમસ્કાર થાઓ...

યાદ આવે છે એ દિવસો... બાલપણના.
ધૂળમાં રમત કરતો...
ગામડાના ગોંદરે ફરતો... એક કિશોર...!

પરમ ઉપકારી પિતા માણેકભાઇ (પૂજ્ય મુનિરાજ શ્રી મહાસેન-વિજયજી મ.) ના હૈયામાં, અંતરમાં...

એક દિવસ...!

સાક્ષાત્ એવા મહાન યોગી વસી ગયા...
જે મારા... અમારા..કુટુંબના...!
અમારા પ્રદેશના... ભાવિકોના...!!!
સૂતેલા આત્માને જગાડતા ગયા.

આ મહાન યોગી તે... પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ સુવિશાલ ગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન,–

'પૂજ્ય પંન્યાસજી મહારાજ'ના હુલામણા
નામથી જાણીતા અને માનીતા,
પરમ પૂજ્ય મહોપકારી પૂજ્યપાદ પરમ ગુરુદેવ
પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય...!

તેઓશ્રીની અનન્ય કૃપાદૃષ્ટિ અમારા કુટુંબ ઉપર પડી. અંતરના આશીર્વાદ પામી... જેના પરિણામે મારો જન્મ થતાંની સાથે મને નાની વયમાં એ પરમ પવિત્ર મહાત્માના ચરણોમાં આળોટવાનું સદ્ભાગ્ય મળ્યું.

તેઓશ્રીનો પ્રેમ મળ્યો...
સ્નેહ મળ્યો...
વાત્સલ્યભાવ વરસી ગયો...
મારા માટે સોનાનો સૂરજ ઊગ્યો.
પૂર્વના કોઇ મહાન પુણ્યે પ્રવજ્યા પંથ મળ્યો.
મહાવીરનો માર્ગ મળ્યો...

અને તેથી જ આ પરમ પવિત્ર મુનિજીવન મળ્યું.

પૂજ્યપાદશ્રીની અમીભરી કૃપાદૃષ્ટિથી, પૂજ્ય મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી મહારાજ પાસેથી સંયમની તાલીમ મળી અને છેલ્લાં ૧૫ વર્ષ પૂજ્યપાદશ્રીની નિકટમાં રહેવાનું, સમતાના સાગરના સાન્નિધ્યમાં રહેવાનું સદ્ભાગ્ય સાંપડયું...

પંદર વર્ષ પૂજ્યપાદશ્રી પાસે રહેતાં, સાહેબજી પાસેથી ઘણું ઘણું શીખવા મળ્યું. એમના જીવનમાં સાકાર થયેલાં ઝળહળતાં

સર્વજીવહિતાશય,

ગુણાનુરાગ,

કરુણા,

માધ્યસ્થભાવ,

વાત્સલ્ય,

સ્નેહ; સહાનુભૂતિ, સહૃદયતા,

હમદર્દી વિગેરે તત્ત્વો જોવા મળ્યાં.

આ બધા ગુણોને એમણે વધુને વધુ જીવનમાં આત્મસાત્ કર્યા હતા, પરિણામે તેઓ સર્વ-સ્નેહી બની ગયા હતા.

ચૌદ પૂર્વના સારભૂત...

શ્રી નમસ્કાર મહામંત્રને તો તેમણે અસ્થિ મજ્જાવત્ બનાવેલ. નવકાર અને ભાવનાઓને અનેક પ્રકારના તત્ત્વો સાથે સમન્વય કરીને, એક નવી જ આત્મ-તત્ત્વ ચિંતનની શૈલીથી, સહુ કોઇનું કલ્યાણ કરવાના આશયથી, વરસાવતા જોયા.

પૂજ્યપાદશ્રીની અસ્વસ્થ તબિયતમાં પણ જાગૃતિ જોવા મળતી. દેહાતીત અવસ્થાનાં દર્શન થતાં. વૃત્તિ આત્માભિમુખ રહેતી, એ બધું એમની સેવામાં રહેતાં જાણવા મળ્યાં.

એ પૂજ્યપાદશ્રી મારા અંતરમાં એક નવી જ ચેતના જાગૃત કરતા ગયા. આત્માને ઢંઢોળતા ગયા. જેમ જેમ એમનાં વિયોગનાં વર્ષો વીતતાં જાય છે, તેમ તેમ એમનું જીવન એમનાં કહેલાં આત્મહિત વચનો વધુને વધુ યાદ આવે છે અને આત્મામાં અનેરો પ્રકાશ પાથરે છે. મૌનની એ ભાષાને તો કેવી રીતે વ્યક્ત કરી શકાય?

પૂજ્યશ્રીની વિદાય થયા બાદ...

પૂજ્ય પ્રશાંતમૂર્તિ, આચાર્ય શ્રીમદ્ વિજયપ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી કલ્યાણ માસિક દ્વારા...

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજ તથા મારા કલ્યાણમિત્ર મુનિવર્ય (હાલ પંન્યાસજી) શ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજે શ્રદ્ધાંજલિ ગ્રંથનું સંપાદન કર્યું.

ચતુર્વિધ સંઘના શ્રેષ્ઠ આત્માઓ, મહાત્માઓએ પૂજ્યશ્રી પ્રત્યે અનહદ આદર, ભક્તિભાવ, સદ્ભાવ તથા સ્વાનુભવો જણાવ્યા લખ્યા, છતાં જાણે એમાં પૂજ્યશ્રીનું મહાન વ્યક્તિત્વ એમના આત્માનો આવો ઝળહળાટ કેમ અને કેવી રીતે હતો તે ઉલ્લેખ તો અધૂરો જ રહ્યો.

જે ખૂટતું હતું તે ઉમેરવા મને વિચાર આવ્યો...

પૂજ્યપાદશ્રીનું જીવન આરંભથી અંત સુધીનું ગ્રંથસ્થ થાય તો પૂજ્યશ્રી પ્રત્યે ભક્તિવંત અનેક ભાવિકોને પૂજ્યશ્રીના જીવનની ઝાંખી થઈ શકે. આ વિચારને અમારા ગ્રુપના સર્વ મહાત્માઓએ પ્રેરણા આપીને મને પ્રોત્સાહિત કર્યો.

બસ...!

ત્યારબાદ...!!

આ કાર્ય માટે વિચારતો હતો, તે દરમ્યાન ઊંઝુવાડા મુકામે પ્રોફેસર કે. ડી. પરમાર વંદનાર્થે આવેલા તેઓને પૂજ્યશ્રી પ્રત્યે ખૂબ ભક્તિભાવ એટલે વાત કરી કે "તમો પૂજ્યશ્રીનું જીવનચરિત્ર લખશો?" પ્રો. પરમારે મારી વાતને તરત જ સહર્ષ સ્વીકારી અને તે માટે મને જે કાંઇ યાદ હતું, લખાણ હતું તે આપ્યું તથા સાહેબજીના સાંસારિક સમયનું જન્મથી સંયમ સુધીનું જાણવા માટે પૂજ્યશ્રીના સંસારી ભત્રીજા શ્રી ચિમનભાઇનો સંપર્ક સાધવા જણાવ્યું. તેઓ મુંબઇ ગયા. ત્યાં તેમની પાસે રહીને જેટલો ચિમનભાઈને ખ્યાલ હતો તે સર્વ વિગત આપતા ગયા, તેઓ ટાંકતા ગયા. એ રીતે મુદ્દાઓ તૈયાર કર્યા. તે સાથે સંયમ પર્યાયની જેમ જેમ વિગત મળતી ગઈ, તે સર્વ ગોઠવતા ગયા. બે ત્રણ વખત આ લખાણની કોપીઓ અમને વંચાવી. જ્યાં સૂચન લાગ્યું, તે આપ્યું. ઉપરાંત મુનિરાજ શ્રી

રત્નસેનવિજયજીએ જે જે મહાત્માઓના સંપર્કમાં આવ્યા તેમની પાસેથી યોગ્ય માહિતી મેળવીને મોકલી આપી તથા ઉપયોગી ફોટા મેળવી આપ્યા.

વારંવાર વાંચતાં લાગતું કે અહો...! પરમોપકારી પૂજ્યશ્રીનું જે જીવન હતું તે અપેક્ષાએ કંઇક જ આવ્યું છે. ભાવિકોને વંચાવ્યું તે વાંચીને દરેકે કહ્યું કે પૂજ્યશ્રીના અપાર ગુણોમાંથી, આમાં તો અમુક આવ્યા છે, છતાં પણ પૂજ્યશ્રીના આ જીવન ચરિત્રનું વાંચન કરતાં રોમાંચ થઇ જાય છે કે આહા...! જે ઉપકારી સાથે રહ્યા, એમનું સાન્નિધ્ય સેવ્યું, એમના ગુણોને નજરો નજર નિહાળ્યા, તે આપણો મહાન પુણ્યોદય ગણાય.

સાગરનો તાગ ન મળે,
આકાશનું માપ ન મળે,
ધરતીનો છેડો ન મળે,
તેમ મહાપુરુષના હૃદયનું ઊંડાણ ન મળે.

મળ્યું તેમાંથી પૂજ્યશ્રીના જીવનનો પરિચય આપવાનો નમ્ર પ્રયાસ પ્રો. પરમારે કર્યો છે.

પૂજ્યશ્રીનો ઇતિહાસ પાટણથી શરૂ થયો, પાટણમાં પૂર્ણ થયો. તેમ આ ગ્રન્થ પણ પાટણની પવિત્ર ભૂમિમાં જ પ્રારંભ કરાયો, જે આજે પૂર્ણ થઈ રહ્યો છે. તે સંઘ સમક્ષ મૂકતાં અતિ આનંદ થાય છે.

પૂજ્યશ્રીનું જીવન કેવું હતું તે તો આંશિક રીતે જીવનચરિત્ર જ કહેશે. પ્રાંતે આપણે એ પૂજ્યવરના જીવનમાં રહેલા ગુણોને આપણા જીવનમાં ઉતારીને આત્માને પરમપદના ભોક્તા બનાવીએ... એ જ એક અંતરની શુભ અભિલાષા.

– પંન્યાસ વજ્રસેનવિજય.

લેખકના અંતરના ઉદ્‌ગારો

શ્રી ગુરુ ચરણે....સદ્‌ગુરુ શરણે.

સંત મળ્યા સોભાગી, મારી ભવ-ભય-ભ્રમણા ભાગી.

સંવત ૨૦૨૭ ના કારતક સુદ ૪.

મંગલમય જીવનનો આરંભ થયો...

પૂર્વજન્મનું કોઈ મહાન પુણ્ય સાદડી લઈ આવ્યું. બડા ઉપાશ્રયમાં 'પૂજ્ય પંન્યાસજી મહારાજ'નાં પ્રથમ દર્શન થયાં. મનના મનોરથ ફળ્યા. અંતરની આશાને અમૃત મળ્યું. પ્રાણ પ્યારા ભગવાનને જોતાં જે આનંદ થાય, તેવો આનંદ પૂજ્ય **પંન્યાસજી મહારાજને** જોતાં થયો, મનને થયું કે મેળવવા યોગ્ય બધું જ આ મહાપુરુષમાં છે.

વંદન કરીને શાંતિપૂર્વક બેઠો. હૈયું હાલી ઊઠયું. લાગણીવશ બન્યું. હૃદય ભાવથી વિભોર બની ગયું. આંખ આનંદનાં આંસુથી ભરાઈ ગઇ. વાણી વિરામ પામી. અગમ્ય એવી આ અનુભૂતિની ગમ ના પડી.

સાહેબજીનું દર્શન થતાં જ દૃષ્ટિ અને વૃત્તિ બદલાઈ ગઈ. સ્વભાવનો ઉકળાટ શમી ગયો. સાંસારિક જીવનનું રહ્યું સહ્યું આકર્ષણ ઓગળી ગયું. મોહિની મટી ગઇ. સમસ્યાઓ શાંત થઈ. જીવન ધન્ય અને કૃતાર્થ લાગ્યું. પ્રેમ અને પૂજ્યભાવ પંન્યાસજી મહારાજ પ્રત્યે અનેકગણો વધી ગયો. પ્રતીતિ થઈ કે ગુરુદેવની શક્તિ અસીમ છે, અચિંત્ય છે, સાચા સદ્‌ગુરુ સાંપડ્યા તે જોઇને, પ્રસન્નતાનો પાર ના રહ્યો.

સદ્‌ગુરુ તે છે કે જેની આંખમાંથી પરમાત્માની ઝલક દેખાય. અરિહંતનાં એંધાણ વરતાય. પરમાત્મા પાસે પહોંચવાનું ગુરુ-દ્વાર છે. એ દ્વારથી પ્રવેશ થતાં જ સુખ સંપદા આપનારું પ્રભુદર્શન થાય છે. ભવોભવની ભાવટ ભાગી જાય છે.

પરમાત્માને સમર્પિત થયેલા સાચા સંત એ જ સદ્‌ગુરુ છે. જંગમતીર્થ છે. ભાવ દયાના ભંડાર છે. વાત્સલ્યનું વહેતું ઝરણું છે. પરોપકારની પરબ છે. મૈત્રીનો મહાસાગર છે. પ્રેમની જીવતી જાગતી પ્રતિમા છે.

'मोक्षमूलम् गुरुकृपा।' મોક્ષ ગુરુકૃપાથી જ મળે છે. ગુરુકૃપા વિના સંસારનું-કર્મનું બંધન ટળતું નથી, ભવ ભ્રમણ મટતું નથી. તેથી મોક્ષમાર્ગમાં 'गुरुरेव उपायः।' ગુરુ એ જ ઉપાય છે.

'શ્રીગુરુ' એ પૂર્વના દેશોની અદ્‌ભુત દેન છે. ભારતદેશ ધન્ય છે, જ્યાં ગુરુની શોધ, શિષ્યને સદ્‌ગુરુ મેળવી આપે છે.

જીવંત ધર્મ, સદ્‌ગુરુ સ્વરૂપ હોય છે. આવા પુરુષના પ્રવેશથી જીવન જાગી જાય છે. આંખ ઉઘડી જાય છે. બિન્દુમાં સિન્ધુનું દર્શન થાય છે. વ્યક્તિમાં વિરાટ દેખાય છે. પરમાત્માનો પરિચય આપોઆપ થઈ જાય છે. જોતાં વેંત જાત સમર્પિત થઇ જાય છે.

ગુરુ એ માર્ગ છે. આત્મા અને પરમાત્મા વચ્ચેનો સેતુ છે.

સાગર સાથે છે, પણ સરિતાને તેની કયાં ખબર છે? પૂર્ણિમાનો ચંદ્ર સંપૂર્ણપણે પ્રકાશે છે, પણ રાતને તે જોવાની કયાં પડી છે? અનંત જીવનનો માલિક અંદર છે, પણ બહાર ભટકતા જીવને તે જાણવાની, વિચારવાની કયાં ફુરસદ છે?

પરમાત્મા તો જીવનનું પણ જીવન છે.

'He is the Source of Life' એને પામવાનો માર્ગ **ગુરુ બતાવે છે. એ માર્ગે જવાથી ઉપાધિ ટળે છે, સમાધિ મળે છે. જીવનની જ્યોતિ જાગે છે. બોધિ મળે છે અને સમગ્રતાનો સ્વામી સાંપડે છે.**

નાનપણથી જ પૂજ્ય પિતાશ્રી દેવજીભાઈ પાસેથી ભગવાનની ભક્તિ મળેલી. સદ્‌ગુરુનો મહિમા સાંભળેલો. પૂજ્ય માતુશ્રી મંછાબાએ

દયા ધર્મના સંસ્કાર આપેલા. તેથી હૈયે હંમેશાં ઝંખના રહેતી, દયા સાગરને મળવાની. ભગવાનને ભેટવાની, આત્માને ઓળખવાની. એને માટેની લગની મનને શાંતિથી બેસવા દેતી નહોતી. જીવન એકદમ અશાંત હતું. આજે શાંતિના–સાધનાના સાગર પાસે આવ્યું હતું. પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસે આવ્યા પછી, પ્રેમના આ પરમ દેવતાના ચારુ–ચરણોમાં મને સુખ, શાંતિ અને આત્મસાધનાની પ્રાપ્તિ થઈ.

ધ્યાન માટે બેસાડી, આસન શિખવ્યું. માળા આપી. મંત્ર આપ્યો. ગણવાની રીત બતાવી. પૂજ્ય ગુરુદેવની કૃપા માઝા મૂકીને વરસી ગઇ. હૃદયમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો;

ગુરુ મિલે અગમ કે વાસી.

પ્રગટ ભયે અવિનાશી... હાથ અને હૈયું નમી પડ્યાં. પૂજ્યશ્રીનો અસાધારણ અનુગ્રહ મળ્યો. એથી મારું જીવન દિવ્ય બન્યું. પ્રેમ અને કરુણાની મૂર્તિ સમા પૂજ્ય ગુરુદેવના ચરણકમલ પાસે રહેવાનું, બેસવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું.

પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ અંદરથી પ્રકાશતા અલૌકિક સામર્થ્યને પ્રકટ કરતું હતું. આજુબાજુના વાતાવરણમાં કોઈ દિવ્ય આભા પ્રસરી રહેતી. શાંતિ બધે ફરી વળતી. પાસે બેસનારને પ્રભાવિત કરતી. એ શાંતિ જડ કે નિષ્ક્રિય નહિ પરંતુ ધબકતી, સંજીવનશક્તિ, સાધક હૃદયમાં સંચાર કરતી, અદ્‌ભુત આત્મબોધ કરતી, જીવતી જાગતી અનુભૂતિ બની જતી.

આવા પરમાત્મદર્શી સંત પુરુષનાં દર્શનનો, તેઓશ્રીના સુધા સભર સદુપદેશમય શ્રવણનો દેવદુર્લભ અમૂલ્ય લાભ મળ્યો, તેનો ઉપકાર કદાપિ વાળી શકાય તેમ નથી જ... અંતરમાં સિન્ધુને બિન્દુમાં પૂરવાની ભાવના જાગી..... અને..... આલેખન પામ્યું પૂજ્યશ્રીનું આ જીવનચરિત્ર.

અમાપ એવા સાગરનું માપ ન નીકળે. ગાવા છતાં ભગવાનના ગુણોનું ગાન અધૂરું જ રહે. ચાલવા છતાં ધરતીનો છેડો હાથ ન લાગે. તેમ પ્રભુના પ્રાણ પ્યારા સંતોના જીવનનું સંપૂર્ણ આલેખન કરવું અશકય જ બની રહે. કરવા જઇએ તોય, કંઈક ને કંઇક ખૂટતું જ રહે.

જાણવામાં, જોવામાં, સાંભળવામાં, વાંચવામાં આવી હોય તેવી બધી વાતોમાંથી મહાપુરુષના જીવનના કાર્યોનાં મહત્ત્વનાં પાસાંઓનું નિરૂપણ કરી શકાય. હાથ લાગે તેટલી સામગ્રીમાંથી મર્યાદિત શબ્દદેહ આપી શકાય. પછી તેને જીવનકિતાબ કે જીવનચરિત્રનાં પાન કહી શકાય; જેના ઉપર માનવમાત્રને માર્ગદર્શન આપે, ઉપયોગી બને તેવું ધબકતું જીવન શ્વાસ લઇને બેઠું હોય.

સંવત ૨૦૩૮.

ઝીંઝુવાડામાં પૂજ્ય મુનિરાજ શ્રી વજ્રસેનવિજય મહારાજ સાહેબ ચાતુર્માસ બિરાજમાન હતા. તેમના હૃદયમાં પરમોપકારી, પરમકૃપાળુ, પૂજ્ય ગુરુદેવશ્રી પંન્યાસજી મહારાજ સાહેબનું જીવન ચરિત્ર તૈયાર કરાવવા માટે પ્રબળ ભાવના થઇ. તે મને તેમણે પત્ર દ્વારા લખી જણાવી. પૂજ્ય ગુરુદેવની અણમોલ સેવા કરવાનો અવસર મળ્યો જાણી સહર્ષ સ્વીકારી, ઝીંઝુવાડા જઇ આવ્યો.

પૂજ્યશ્રી વજ્રસેનવિજયજી મહારાજે આ અંગે સમજણ આપી. સૂચનો કર્યાં અને સામગ્રી પૂરી પાડી. જ્યાં જ્યાં જણાવ્યું, ત્યાં ત્યાં માહિતી માટે જઇ આવ્યો, મળી આવ્યો. માગણી કરતો રહ્યો. મળતું ગયું તેની નોંધ કરતો રહ્યો. જેમ જેમ ભેગું થતું ગયું, તેમ તેમ લખાતું રહ્યું.

સહુ પ્રથમ પૂજ્યશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબના આશીર્વાદ મેળવી, મુંબઇ ગયો. પંન્યાસજી મહારાજના સંસારીપણે ભત્રીજા શ્રી ચિમનભાઇને ત્યાં બે રાત ગાળી. શ્રી ચિમનભાઇ

પાસે બેસી ખૂબ જ ભાવથી, પ્રસંગો યાદ કરી કરી લખાવતા રહ્યા. હું લખતો ગયો. કયારેક તેમનું હૈયું ભરાઈ આવતું, આંખ ભીની થતી, મને પણ ભીંજવતી... આ બધા લખાણમાંથી તૈયાર થયું પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના કુટુંબ પરિવારના ઈતિહાસનું તથા તેમના જન્મથી માંડીને દીક્ષા સુધીનું જીવન.

સાધુ બન્યા, બન્યા પછી જે સાધના કરી, સિદ્ધિ મેળવી અને તેનું સંપ્રદાન કર્યું, તે વિશેની માહિતી મળી 'શ્રદ્ધાંજલિ વિશેષાંક' માંથી.

વિહાર આદિની ખૂટતી કડી જોડી આપી 'જીવનજ્યોત' શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી સ્મૃતિ ગ્રંથે.

ઉપરાંત પૂજ્ય મુનિરાજ શ્રી વજ્રસેનવિજય મહારાજ સાહેબે (હાલમાં પંન્યાસ શ્રી વજ્રસેન વિ. મ. સા.) જ્યાં જ્યાંથી મળી તે તે માહિતી પૂજ્ય ગુરુદેવ અંગેની મોકલતા રહ્યા અને મૂલ્યવાન માર્ગદર્શન આપતા રહ્યા... તે ઠેઠ સુધી તેમનો સાથ અને સહકાર આ જીવન ચરિત્રને સાકાર કરવામાં સહાયક બન્યો. ધગશપૂર્વક આ બધી સામગ્રી પૂરી પાડવાનો જો તેમનો લાભ ન મળ્યો હોત તો, આ ગ્રંથ કદાચ આ રીતે ન જ પ્રગટ થયો હોત! એમનું ઋણ કયા શબ્દોમાં અદા કરી શકું? ઝાંખાં પડે છે શબ્દોનાં બીબાં, અધૂરાં લાગે છે ભાષાનાં એ મઠારેલાં વાકયો અને વિરામ પામે છે વાણીનાં એ મનગમતાં યશોગાન.

સ્વ૦ પૂ. આચાર્ય ભગવંતશ્રી મુક્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રશિષ્યરત્ન વિદ્વદ્વર્ય પૂજ્ય ગણિશ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજને તો કેમ ભૂલાય? તેમણે આત્મીયભાવે આ લખાણ જોઈ, તપાસી, જરૂરી સૂચનો કર્યાં, જે ઘણાં જ ઉપયોગી બન્યાં.

હવે રહ્યા પૂજ્ય મુનિશ્રી હેમપ્રભવિજયજી મહારાજ. તેમનો સહકાર નાનો સૂનો નથી. હૈયે જે સંગ્રહી રાખ્યું હતું અને વાણીનો જે વિષય બની શકયું ન હતું, તે બધું પાસે બેસાડી આપ્યું. પૂજ્ય-

શ્રીની નિશ્રામાં થયેલાં મારવાડમાં ધર્મનાં અનુષ્ઠાનો તથા વિહારોની વિગત પૂરી પાડી. શિષ્ય-પ્રશિષ્ય-આશ્રિતોના પરિચયની યાદી કરી આપી ગ્રંથનું ગૌરવ જાળવ્યું.

આમ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ જીવન ચરિત્ર લખવાના કાર્યમાં સહાય થનાર, પુણ્યાત્માઓનું ઋણ કૃતજ્ઞભાવે સ્વીકારી સહુ કોઇનો અંતરથી આભાર માનું છું.

રઘુવંશના સાગરને, બે હાથ વડે તરવા માગતા કવિકુલગુરુ કાલિદાસે કેવો પ્રયત્ન કર્યો હતો...! અને ઈશ કૃપાથી તે સફળ પણ થયો હતો.

આટલી બધી વિપુલ સામગ્રી મળી. તેને વ્યવસ્થિત કરી, કલા-ઘાટ આપવાનું કામ ઘણું ઘણું મુશ્કેલ હતું.

આત્મખોજના માર્ગે, શાસનના શરણે, દેવ-ગુરુના ચરણે, આત્મપરીક્ષણ અને જીવ-જગતના નિરીક્ષણમાંથી ઊભું થતું પૂજ્ય **પંન્યાસજી મહારાજનું** વિરાટ વ્યક્તિત્વ આલેખવાનું કામ આ અલ્પમતિ આત્મા કેવી રીતે કરી શકે?

આંખ ભીંજાતી. મન મૂંઝાતું. હૃદય પોકારતું. પ્રાર્થના કરતું, કહેતું, 'હે ગુરુદેવ! આ કામ આપનું છે, આપને જ કરવાનું છે. પશુ કરતાં પામર એવા આ જીવની કોઈ હેસિયત નથી, કે લોકોત્તર એવા આપના ચરિત્રનું આલેખન કરી શકે! દાસ પર દયા કરી, આપ લખાવો. અંતરમાં પ્રેરણા આપો. કલમમાં પ્રાણ પૂરો. શબ્દોને સામર્થ્ય આપો, કે જેથી આપના ગુણ અને ગૌરવનું ગાન કરે. મહિમાનું સન્માન કરે. જીવનનું આલેખન કરે...

અને સાચે જ હૈયામાં કોઈ અગમ્ય બળ મળતું. કલમને કસ મળતો, એમાં ભક્તિનો રસ ભળતો, અંદરથી પ્રેરણા થતી અને લખાતું. કયારેક તો એવો અનુભવ થતો કે પૂજ્ય ગુરુદેવ જ લખાવતા હોય...! આનંદ આનંદ થઈ જતો. વધું શું કહું? આમાં મારું કશું જ નથી, બધું જ એ તારક ગુરુદેવનું જ છે. પૂજ્યશ્રીની અચિંત્ય શક્તિ કામ કરતી હતી અને આ જીવનચરિત્ર લખાતું હતું.

કહેવાય છે કે હીરાની પરીક્ષા ઝવેરી જ સારી રીતે કરી શકે છે અને તે સાચું પણ છે. આત્મવિકાસના માર્ગે આગળ વધેલા અથવા આત્મદર્શી સંતપુરુષોને ઓળખવાનું કામ ઘણું જ મુશ્કેલ છે. સામાન્ય જ નહિ પરંતુ અસામાન્ય મનુષ્યોની શક્તિ બહારનું છે. એમના રહસ્યને તો ઓછા વત્તા પ્રમાણમાં સાચા સ્વરૂપમાં તે જ જાણી શકે કે સમજી શકે, જે પોતે એ પંથના પ્રામાણિક પ્રવાસી હોય. સંત બન્યા હોય. બની રહ્યા હોય કે ભગવત્ કૃપાથી અથવા સંતના અનુગ્રહથી જેમને નિર્મળ દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ થઇ હોય. એમની નજર એક હોય.

"સંત મિલે સાહેબ મિલે, અંતર ન રહી રેખ,
મનસા વાચા કર્મણા, સાધુ-સાહેબ-એક."

આત્માને-પરમાત્માને ઓળખવાની અલૌકિક આંખ ધરાવતા સંત એ સાક્ષાત્ સિદ્ધની-પરમાત્માની પ્રતિમા છે.

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ એક અલૌકિક વિભૂતિ હતા. આવા પરમ પુરુષની પિછાન આત્માના પ્રકર્ષ પુણ્યોદયે જ થાય છે અને જ્યારે ભીતરથી થાય છે ત્યારે બેડો પાર થઇ જાય છે.

પોતાના જ જીવનથી ઉપદેશ આપનાર આત્મદૃષ્ટા એવા આ મહાપુરુષની

-આંખમાં અમૃત હતું.
-વાણીમાં મધુરતા હતી.
-દૃષ્ટિ ગુણગ્રાહી હતી.
-હૈયે સહુનું હિત થાય તેવું હેત હતું.
-કરૂણાથી ભરેલું કોમળ હૃદય હતું.
-સકલ સત્ત્વનું હિત ધરાવતો આશય હતો.
-રગે રગમાં રોમે રોમમાં નવકારની પરિણતિ હતી.
-મન-ન-મન હતું.
-ચિત્ત ચિન્મય હતું.
-અહં, અર્હંરૂપ હતો.

–પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિ, સમતા ધરાવતી,
–અરિહંતના એંધાણ આપતી, શાતા પમાડતી,
–આનંદ–ઘન–આત્માના અમૃતનો આસ્વાદ લેવા.
આમંત્રણ આપતી, જોનારને કૃત કૃત્ય કરતી હતી.

હે પરમ કૃપાળુ ગુરુદેવ...!
આપના ગુણોનું વર્ણન થઇ શકે તેમ નથી.
મનથી તેનું માપ નીકળી શકે તેમ નથી.
તર્કથી તેનો તાગ મળી શકે તેમ નથી.
બુદ્ધિ ત્યાં પહોંચી શકે તેમ નથી.
ભગવાનને જોયા નથી.
અરિહંતને જોયા નથી.
તીર્થંકરને જોયા નથી.

–છતાં એક અપેક્ષાએ આ કલિકાળમાં આપને જોયા પછી, જાણે હવે કાંઇ જોવાનું બાકી રહ્યું હોય એમ લાગતું નથી.

હૈયું તો કહે છે,

"નિર્મળ મન નિર્મળ ગિરા, નિર્મળ આપ શરીર;
એવા સદ્‌ગુરુ ભેટતાં, ભેટે અલખ અમીર."

હે કૃપાદાતા સદ્‌ગુરુ...!

આપનું આત્મરૂપ પરમાનંદમય અને સૌન્દર્ય યુક્ત છે. જેમ સૂર્યથી સૂર્યકિરણ ભિન્ન નથી, જલથી જલતરંગ ભિન્ન નથી, ધરતીથી ધરતીકણ ભિન્ન નથી, આપના કિરણપુંજનું એક કિરણ, આપનાથી ભિન્ન નથી. હું આપના ચરણકમળને વારંવાર વંદુ છું. આપના દ્વારા લખાયેલ આ ગ્રન્થ, આપની અસીમ–કૃપાનું જ ફળ છે. આપની સ્મૃતિનું ચિરંજીવ સ્મારક છે. અનંત નમસ્કાર યુક્ત આ ગ્રન્થ, અંતરના અહોભાવથી, ખૂબ આદરથી, ખૂબ જ પ્રેમભાવથી આપને અર્પણ કરું છું.

–પ્રો. કે. ડી. પરમાર.

સંત વિરલ સંસાર

शैले शैले न माणिक्यं
मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र
चन्दनं न वने वने ॥

પ્રત્યેક પર્વતના પ્રદેશમાંથી માણેક નથી પાકતું, દરેક હાથી મોતીથી મંડિત નથી હોતો, દરેક વનમાં ચંદનનાં વૃક્ષો નથી હોતાં એવી જ રીતે સંતપુરુષોનું દર્શન પણ ઠેર ઠેર નથી થતું.

માનવજાતિના આધ્યાત્મિક ઇતિહાસમાં કોઈ વિરલ ધન્ય પળે, કેટલાય યુગો પછી, પ્રત્યેક પર્વતના પ્રદેશમાં કદાચ માણેક પાકે, હરેક હાથી મોતીથી મંડિત બની જાય, દરેક વન-ઉપવનમાં ચંદનનાં સુગંધીદાર શીતળ વૃક્ષો પેદા થાય ને સંતપુરુષોનું દર્શન ઠેર ઠેર સુલભ બને, તો પણ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી જેવા મહાપુરુષ એમાં ભાગ્યે જ જોવા મળે.

⁂

મહાપુરુષ એ માર્ગ છે.

આ સંસારમાં ચિંતામણી રત્ન કરતાં પણ અતિ દુર્લભ એવો શ્રી જિનેશ્વરદેવનો ધર્મ છે. સંસાર સાગરમાં અથડાતા, કૂટાતા, પછડાતા, કર્મવશ જીવ માટે એ ઉત્કૃષ્ટ આલંબનરૂપ છે. મોક્ષ એજ એક શાશ્વત અને અખંડસુખનું સ્થાન છે, તો સર્વદા મોક્ષ માટે જ પુરુષાર્થ આદરવો જોઇએ; એ આ માનવભવનો મુખ્ય હેતુ છે.

તે માટે સ્વ-કલ્યાણના સાધ્ય સાથે સમસ્ત જીવોના કલ્યાણ માટે જન્મ મૃત્યુ પર વિજય મેળવવા સર્વ વિરતિનો માર્ગ જ્ઞાની ભગવંતોએ ઉપદેશ્યો છે.

સર્વ વિરતિના સાધક એવા મહાપુરુષોનાં જીવન મૌનપણે અપૂર્વ બોધ આપે છે અને જીવનની સાચી દિશાનું ભાન કરાવે છે.

અંધકાર ગમે તેટલો ગાઢ હોય તો પણ પ્રભાતનો પ્રકાશ થતાં જ તેનું નામ નિશાન રહેતું નથી. વિપત્તિનાં વાદળ ગમે તેટલાં ઘેરાય તો પણ લાખો નિરાશામાં છૂપાયેલું એકાદ આશાનું કિરણ જીવન જંગ જીતી જતું હોય છે અને જીવનમાં રહેલા અમૃત અંશનો અનુભવ કરાવતું હોય છે. આ અનુભવ વિષયોથી વિમુખ બનાવી, કષાયોની કાલિમા ટાળી, પરમાત્મા પ્રત્યે પ્રેમ જગાડી, આત્માનો બોધ પમાડી, પરમ પદમાં રમણતા કરાવે છે.

"Lives of Great-man all remind us,
We can make our Lives sublime.
And departing leave behind us,
Foot-Prints on the sands of Time."

ભૂતકાળની પ્રજાઓ ચાલી ગઇ. એમના સંસ્કૃતિના થર રહી ગયા. ને આ ઘડીએ પણ આપણા જીવન ઉપર અસર કરી રહ્યા છે.

મહાપુરુષો પોતાના વિચાર વર્તન અને વાણી દ્વારા અંતરાત્માનો પરમાત્મ પ્રકાશ જગત ઉપર પાથરતા જાય છે, તેનાં અજવાળાં અનેકને ઉપયોગી માર્ગનું દર્શન કરાવી, મુકામે પહોંચાડવામાં સહાયક બને છે, જીવન જીવવાનું સાચું માર્ગદર્શન તેમાંથી મળી રહે છે. માર્ગ તો આંગળી ચીંધીને કહી રહ્યો છે,

"O dear one, everything is in you and you are in everything. If you can get this divine perception, you will experience the all-pervasiveness of your own self, full of bliss. There-after you will be free from the bad dreams of miseries and the burning fire of dissatisfaction. Through your own self you will attain the blissful aim of your search, the freedom of your will and the fulfilment of your desire."

અનુક્રમણિકા

૧	દુર્લભમાનુષ જન્મ	૧
૨	પુણ્યભૂમિ પાટણ	૯
૩	પરિવાર પરિચય	૧૪
૪	ભગવાનના દાસ	૨૨
૫	જીવન ઘડતર	૨૯
૬	વૈરાગ્યમેવ અભયમ્	૩૩
૭	પારિવારિક જીવન	૪૪
૮	ગુરૂ ત્રિવેણીના તીરે	૫૯
૯	ભાગવતી દીક્ષા	૬૯
૧૦	આંતર-બાહ્ય વ્યક્તિત્વ	૮૧
૧૧	સાધના અને સિદ્ધિ	૯૩
૧૨	રત્નત્રયીની આરાધના પ્રભાવના	૧૦૩
૧૩	સંપ્રદાન વિહારક્ષેત્ર	૧૨૧
૧૪	અજાતશત્રુ અણગાર	૧૬૨
૧૫	સમાધિના સંદેશવાહક પત્રાંશો	૨૦૫
૧૬	રાજસ્થાનની પવિત્રભૂમિમાં પદાર્પણ	૨૨૦
૧૭	ભક્તિ તો એકની જ થાય	૨૨૯
૧૮	પરોપકારાય સતાં વિભૂતયઃ	૨૩૫
૧૯	દિવ્યતાનું દર્શન	૨૪૩
૨૦	પાટણ પ્રતિ પ્રસ્થાન	૨૫૧
૨૧	ગુરુના ગુણનો નહિં પાર	૨૬૪
૨૨	સમાધિ મૃત્યુ સ્વાગતં તે	૨૭૩
૨૩	મહાપ્રયાણના પંથે	૨૭૭
૨૪	પરિવાર પરિચય	૨૮૬
૨૫	અક્ષરના ઓથે અક્ષરની આરાધના	૩૬૩
૨૬	ફૂલડે-ફૂલડે ફેરમ	૪૩૩
૨૭	સાહિત્ય સર્જન	૪૪૫

આ પુસ્તકમાં સહાયકોની નામાવલી.

૧

નલીન કે. શાહ ગોરેગામ મુંબઇ

૨

શા. હિંમતમલ રૂગનાથમલજી બેડા
એક સદ્‌ગૃહસ્થ સાણંદ
મણીબેન પુજા કચરા થીકા કેન્યા
જયાબેન દેવસી પોપટ માંડુ નૈરોબી કેન્યા
પદ્માબેન ચંદ્રકાંત કાંતિલાલ. અમદાવાદ
ત્રિભોવનદાસ ભૂપતચંદ ચંડીસર
કિરીટ એ. શાહ. સુરત
જાસુદબેન ચિમનભાઇ હ. દીનાબેન અમદાવાદ
મોરારજી નાનજી છેડા મુંબઇ
દારેસલામ જૈન સંઘ. દારેસલામ

૩

જીતેન્દ્ર ભગવાનદાસ મુંબઇ
ચંદુલાલ લહેરચંદ મુંબઇ
કાનજી રતનશી વોરા મુંબઇ
નેમચંદ પ્રેમચંદ પેથડ મુંબઇ
પ્રેમચંદ વીરપાર મોટામાંઢા
અમૃતલાલ જીવરાજ મુંબઇ
વી. સી. મોદી ચંડીસર
શ્રેણિક કાંતિલાલ શાહ



શ્રી પંચાસરાપાર્શ્વનાથ



શ્રી શાંમળા પાર્શ્વનાથ

પાટણ તીર્થમંડન જે કૃપાળુ પરમાત્માના
સાન્નિધ્યમાં ધર્મબીજની વૃદ્ધિ થઈ.

પાટણ પોળની શેરીના શ્રી શાન્તિનાથ ભગવાન તથા એ ભવ્ય
જિનાલય કે,જ્યાં પૂજ્યશ્રી કલાકો સુધી પ્રભુભક્તિમાં મગ્ન રહેતા.





પૂજ્યશ્રી જે ગૃહમંદિરમાં આરાધના/સાધના કરતાં
તે મંદિરનો લાકડાની બેનમૂન કોતરણી યુક્ત દેખાવ.

પરમ ગુરુદેવ વાત્સલ્યનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા

તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ
શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.

(સ્વ) શેઠ શ્રી હલાભાઇ મગનચંદ પાટણ



ઉપકારી પૂજ્ય પિતાશ્રી તથા સંયમની પૂર્વ સંધ્યાએ પૂજ્યશ્રી.

પિતાશ્રી હાલાભાઈની જીવદયાની ભાવનાને દર્શાવતી સંસ્થાઓ.



૧. પાટણ પાંજરાપોળ.



૨. નબળા કબૂતરોનું વિશાળ પાંજરૂ.



૩. પોળની શેરીનો ચબુતરો.

૪. પોળની શેરીમાં પક્ષીની પાંજરાપોળ.



પૂજ્યશ્રી જ્યાંના ગૃહમંદિરમાં આરાધના કરતા, તે ઘર.



પૂજ્યશ્રીનો જ્યાં જન્મ થયો, તે ઘર.



પૂજ્યશ્રીએ જ્યાં બાલ્યકાળ વ્યતીત કર્યો, તે ઘર.



૪. પૂજ્યશ્રીનું નિવાસસ્થાન.



પાટણ પંચાસરા મંદિરનું
કલાત્મક ભવ્ય પ્રવેશદ્વાર.

પાટણનું ઐતિહાસિક
શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર.

આરાધના માટે આધાર સ્તંભસમી
શ્રી નગીનભાઈ પૌષધશાળા.
જે પૂજ્યશ્રી માટે પ્રથમ અને
અંતીમ ચાતુર્માસ ધામ બની.





પ્રારંભના વર્ષોમાં પૂજ્યશ્રી આશીર્વાદની વૃષ્ટિ વાસક્ષેપ દ્વારા.

પરમ ગુરુદેવ આચાર્યદેવ
શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ આદિ
સાથે પૂજ્યશ્રી.



વ્યાખ્યાનમાં પૂજ્યશ્રી સાથે
પૂ.પં.શ્રી રોહિત વિજયજી મહારાજ તથા
પ્રસંગાનુરુપ વક્તવ્ય કરતા શ્રી કાંતિલાલ ચુનીલાલ.



શ્રી સંઘના આગેવાન
શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ
તથા જીવાભાઈ પ્રતાપશી આદિ આગેવાનો
સાથે શ્રી સંઘની હિત ચિંતામાં પૂજ્યશ્રી.

પૂ. પરમ ગુરુદેવશ્રી સાથે
સામૈયામાં પૂજ્યશ્રી.







'ॐ ह्रीँ श्रीँ अर्हं नमिऊण पास
विसहर वसह जिण फुलिंग
ह्रीँ श्रीँ नमः।'
रोज १०८ वार

'ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः असिआउसा
नमः स्वाहा।'
रोज १०८

'ॐ ह्रीँ अर्हं नमो बुद्ध बुद्धीणं।'
२१४-२७
५८२

વિવિધ મુદ્રાઓમાં પૂજ્યશ્રી.
પૂજ્યશ્રી દ્વારા હસ્તલિખિત
વિવિધ આરાધના મંત્રો.



પાટણ અને બોરસાણ ગામ વચ્ચે પૂજ્યશ્રીએ ૬ મહિના સુધી
એકાંતસ્થાને વિશિષ્ટ આરાધના કરી તે સ્થળ. જે પરમાત્માના
નાનકડા ગૃહમંદિરથી મંડિત હતું.



વિવિધ લાક્ષણિક મુદ્રાઓમાં પૂજ્યશ્રી



પૂજ્યશ્રી સાથે પૂ.આ.શ્રી રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજ
તથા પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ પૂ. મુનિશ્રી
પ્રદ્યોતનવિજયજી મહારાજ (હાલ આચાર્ય મહારાજ).



હાલારમાં પૂજ્યશ્રી સાથે પૂજ્ય મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી
મહારાજ તથા પૂજ્ય મુનિશ્રી કુંદકુંદવિજયજી મહારાજ.



પૂજ્યશ્રીની સાથે વિહારમાં
પૂજ્ય પંન્યાસ શ્રી હર્ષવિજયજી ગણિવર
પૂજ્ય પંન્યાસ શ્રી પ્રદ્યોતનવિજયજી ગણિવર તથા પૂજ્ય
મુનિશ્રી રત્નસેનવિજયજી મહારાજ.



અંતિમ સ્થળ: પાટણ શ્રી નગીનભાઈ પૌષધશાળાની ઉપરની રૂમ



અંતિમ અગ્નિસંસ્કાર :
પાટણ શ્રી ભદ્રંકર સોસાયટીની
સામેના બગીચામાં.

૧ દુર્લભં માનુષં જન્મ।

ગતિશીલ ચક્ર જેવું આ માનવજીવન, સુખ અને દુઃખ સાથે સંકળાયેલું છે. જીવનસાગરમાં કયારેક સુખની સમૃદ્ધિ છલકાય છે, તો કયારેક દુઃખ કે વ્યથાની ઓટ આવે છે. જીવન આકાશમાં સંપત્તિની પુનમ સાથે, કોઈવાર વિપત્તિની અમાસ પણ દેખાય છે. જીવનપાં કયારેક પાનખરની સજા તો કયારેક વસંતની મજા પણ મળે છે. કોઈવાર હર્ષની હરિયાળી છવાય છે, તો કોઈવાર શોકની સરિતા પણ વહે છે. કયારેક આંખમાં આંસુ તો કયારેક આંખમાં આનંદ પણ ઉભરાય છે. જીવન ગુલાબમાં સુખની સૌરભ અને દુઃખના કાંટા સાથે જ હોય છે. આવું આવું વિરોધાભાસી વૈવિધ્યભર્યું ઘણું બધું હોવાથી, માનવજીવન રંગીન આકર્ષક અને ઉપભોગ્ય બની રહે છે.

માત્ર માનવની આકૃતિ પામ્યાથી, માનવી થવાતું નથી. કાર્લાઇક કહે છે તેમ, "માણસ થવું ઘણું મુશ્કેલ છે."

મુશ્કેલીઓથી ભરેલા માનવજીવનનું મૂલ્ય એટલા માટે જ છે કે માણસ મુશ્કેલીઓને મહાત કરી, પ્રગતિના પંથે પ્રયાણ કરી, દિવ્ય થઇ શકે છે. તેટલા માટે માવનજીવનની મહત્તા મહાપુરુષોએ પેટ ભરીને ગાઇ છે.

"દુર્લભં માનુષં જન્મ।"
"મનુષ્ય જન્મ દુર્લભ છે."

"જન્તૂનાં નરજન્મ દુર્લભતરમ્।"
"પ્રાણીઓને નરજન્મ અતિદુર્લભ છે."

દુર્લભ એવા મનુષ્ય જન્મને પામીને, જીવનને કૃતાર્થ કરવું પડે છે. સામાન્ય સ્તરથી ઊંચે ઊઠવું પડે છે. પુરુષાર્થનો પ્રદીપ પ્રગટાવીને, વિકાસના માર્ગે રહેલા અંધકારને દૂર કરવો પડે છે.

આડે આવતી તમામ ઉપાધિઓના ઉદધિને ઓળંગવો પડે છે. આગળ વધવામાં રૂકાવટ કરતી બધી મનોવૃત્તિઓના વિજેતા બનવું પડે છે. તો વિજયની આગેકૂચમાં સિદ્ધિનાં સોપાનો સર કરી શકાય છે.

આ આર્યદેશમાં જે કોઈ મહાપુરુષો થઈ ગયા, એ બધા મહાપુરુષોએ જીવનની સાચી સાર્થકતાનો માર્ગ બતાવ્યો છે. જીવનના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરુષાર્થોમાંથી મોક્ષ અને મોક્ષના કારણરૂપ ધર્મ-એ બે જ પુરુષાર્થોને વાસ્તવિક કોટિના પુરુષાર્થો કહ્યા છે. અર્થ અને કામ, પૈસો અને મોજમઝા-એ બે પુરુષાર્થો નામના જ છે, નુકશાનકારક છે. સંસાર વર્ધક છે. દુઃખ દાયક છે, ભવમાં ભટકાવનાર છે-એવો એક સરખો ઉપદેશ આપ્યો છે.

મોક્ષ એ આત્માની સાચી સ્વતંત્રતા છે. સ્વરૂપનો લાભ છે. જન્મ મરણ રહિત એવી આત્માની (નિરૂપાધિક) જ્ઞાનાનંદમય અવસ્થિતિ છે. સંપૂર્ણ સુખ અને સદા શાંતિ છે. આવી મોક્ષ પ્રાપ્તિ માટે જ, અજન્મા બનવા માટે જ, મનુષ્ય ભવનું મહામૂલ્ય છે.

આવા મહામૂલ્યવાન માનવજીવનની મહત્તા દર્શાવવા માટે જ મહાપુરુષોના જીવન-ચરિત્રોનું આલેખન થાય છે. આ આલેખન, જીવન જીવવાનો સુંદર આદર્શ રજૂ કરે છે.

આવીપડતી આપત્તિઓની આંધિઓને પરાસ્ત કરી, જીવન સંગ્રામને જીતવા સતત પરિશ્રમનો-પુરુષાર્થનો પયગામ આપતા મહાપુરુષો સ્વસ્થ અને સંયમી જીવનની સુવાસ ફેલાવી જતા હોય છે.

મહાપુરુષો કાંઈ જન્મથી જ ઘડાઈને બહાર પડતા નથી. સંજોગો માણસને ઘડે છે. અને કયારેક માણસ સંજોગોને ઘડે છે. મહાન થનારા માણસનું જીવન અનોખું હોય છે. સાદું જીવન અને ઉચ્ચ વિચારના જીવન મંત્ર લઈને તેઓ જન્મતા હોય છે. પારાવાર પીડાઓમાં પણ તેઓ કદી પીછેહઠ કરતા નથી. ઉલટું સંકટોમાં સપડાયેલાંઓને તેઓ સહાયરૂપ થતા હોય છે.

અગ્નિમાં તવાઈને આવતા સોનાની જેમ, તેમના આત્માનું ક્રુન્દન દુઃખાગ્નિમાં વિશુદ્ધ સ્વરૂપમાં ઝળહળતું બહાર આવે છે. તેઓ ધ્યેયથી ચલિત થતા નથી. કપરા સંજોગોમાં પણ લીધેલું કાર્ય મૂકતા નથી. જાત મહેનતથી જ આગળ ધપતા હોય છે. વિષમ પરિસ્થિતિમાં પણ પોતાના મનની મુરાદમાં મક્કમ રહેતા હોય છે. ગમે તેવા આવી પડતા આકરા દુઃખદ પ્રસંગોને પણ પડકારતા હોય છે અને અનેક સત્‌કાર્યોના સંચાલક અને માર્ગદર્શક બનતા હોય છે. હૃદયમાં અદમ્ય ઉત્સાહ રાખી, હિંમત અને આત્મવિશ્વાસથી આગળ વધતા હોય છે. આવા પ્રબુદ્ધ પુરુષોના જીવનનો પરિચય ફૂલની ફોરમની જેમ, વાતાવરણને પ્રસન્ન કરી મૂકે છે.

પ્રારબ્ધ અને પુરુષાર્થ વચ્ચે વહેતા માનવીનું જીવન, આંતર પ્રજ્ઞાનો પરામર્શ પામી, જ્યારે આત્મવિકાસના માર્ગે વળે છે. ત્યારે એ મહા-માનવ અનેકના જીવન માટે પથ પ્રદર્શક બની રહે છે.

" રંગ રેલી જવો છે, ખેલ કંઈ ખેલી જવો છે,
જિંદગી જીવી જવાનો, કિમીયો મેલી જવો છે. "

જીવન કિમીયો મેલી જવા માટે જીવન જીવવાનું છે. કેટકેટલા ભિન્ન ભિન્ન સ્વભાવવાળા જીવોના સમાગમમાં આવવાનું બને, જીવનના જુદા જુદા કોયડાઓ, પ્રશ્નો, ગૂંચો, મૂંઝવણો, પ્રસંગો, પરિસ્થિતિઓ કેવી રીતે સમતાથી, સફળતાપૂર્વક પાર કરી શકાય અને તે બધું પ્રસન્નચિત્તે જાણવા–માણવાનું બની રહે–એ જ જીવન ધન્ય બની જાય. આદર્શનો આયનો આપી જાય.

જીવન ગુણ અને શક્તિ વિના કદી ટકી શકતું નથી, નભી શકતું નથી અને જીવનને તેના વિના ચલાવી શકાતું નથી. જે કોઈને પણ ઉચ્ચમાર્ગે જવું છે, અથવા સંસાર વ્યવહારમાં જીવવું છે, તેમણે ગુણ અને શક્તિનું સામર્થ્ય કેળવવું જ પડશે અને મેળવવું પડશે. તેની યથા યોગ્યતા જો નહિ પ્રગટેલી હોય, તો તે સંસાર વ્યવહારમાં પણ ટકી શકવાનો નથી અને નિશ્ચય તો દૂર છે.

જીવનમાં પાત્રતા–પ્રગટાવવા, તથાપ્રકારના ગુણ અને શક્તિ વિકસાવવા અને તેવી જાતની દૃષ્ટિ–વૃત્તિ અને વલણ કેળવવાના આશયથી; મહાપુરુષનાં જીવન–દર્શન–જીવનવૃત્તાંત સાકાર બને છે.

કશું પણ એમને એમ બની જતું નથી. જીવન વિકાસની યાત્રામાં, જે જે કર્મ અનુસાર આવી મળે, તેમાં વ્યવસ્થા, ખંત, ઉત્સાહ, સાહસ, હિંમત, ધીરજ, શાંતિ, સબૂરી નિષ્ઠા, સહનશક્તિ વિવેક વગેરે વગેરે પ્રગટાવવાનાં હોય છે, ત્યારે જ જીવનનો રંગ રેલાઈ જાય છે, ઉમંગ ફેલાઇ જાય છે અને સમગ્રતા ઉપર છવાઇ જાય છે.

દિલની ખરેખરી ભાવનાથી, પોતાને મળતાં જતાં કર્મ વ્યવહારને સતત કરતા રહેવાનો, મન આદિ કરણને ઘડતા રહેવાનો, જીવતો જાગતો અભ્યાસ પાડવો પડે છે; ત્યારે તે જીવનમાંથી જે પ્રગટે છે, તે શાશ્વત હોય છે, સનાતન હોય છે. સહુ કોઇ તેને ઝંખે છે, સત્કારે છે, સ્વીકારે છે.

આ શાશ્વતની (અનંતની) શોધ એ જ મનુષ્ય જીવનનું મહાન ધ્યેય છે. પરમ પદની પ્રાપ્તિ–એ જ વિશ્વના દરેક ધર્મનો ઉપદેશ છે. પ્રાણી સૃષ્ટિમાં મનુષ્યને શ્રેષ્ઠ કહ્યો છે, પણ એ શ્રેષ્ઠતાનું કોઈ કારણ હોય,તો માનવ દેહ દ્વારા શાશ્વત-પદની સાધના,મોક્ષમાર્ગની આરાધના!

વીતરાગનું આ લોકોત્તર શાસન આત્માની સાચી સ્વતંત્રતાની પ્રાપ્તિનું અમોઘ સાધન છે. તેથી જ તે સદા જય પામતું છે. આ લોકોત્તર શાસનમાં, માનવ જન્મનાં વખાણ કર્યાં છે.

જન્મ અને જીવન એનાં જ સાર્થક છે કે જે આ માનવ દેહ પામીને રત્નત્રયીની આરાધનામાં–સાધનામાં તત્પર બની મુક્તિ મેળવવા માટે પ્રયત્ન કરે છે. મનુષ્ય જીવનની દુર્લભતા પણ આ કારણે જ જણાવી છે.

વિશ્વના દરેક પ્રાણીઓમાં સુખની ઝંખના–ઇચ્છા હોય છે. દરેક જીવ સુખ ઇચ્છે છે. આ સુખ પણ સ્વાધીન, શાશ્વત અને સંપૂર્ણ દુઃખના લેશ વિનાનું હોવું જોઇએ. આવા સુખની પ્રાપ્તિ મોક્ષ પ્રાપ્તિ વિના શકય નથી. મુક્તાત્મા જ શાશ્વત સુખની અનુભૂતિ કરે છે. એ શાશ્વત સુખ શાશ્વત પદની પ્રાપ્તિ એજ આપણો પરમ આદર્શ હોવો જોઇએ.

બહુરત્ના વસુન્ધરા

જેમ ધરતીની કૂખે ઘણાં કિંમતી રત્નો છૂપાયેલાં છે, તેમ ધરતી પર જીવન જીવતા માણસોમાં ઘણાં કિંમતી નર–રત્નો મળી આવે છે. સમયે સમયે એ રત્નો પ્રગટ થાય છે. આપણી વચ્ચે આવે છે. પોતાના તેજ વડે સહુ કોઇને અજવાળે છે. સમાજ–રાષ્ટ્ર-ધર્મના ઉત્કર્ષ માટે ઉન્નત કાર્યો કરે છે અને માનવતાની મહેંક મૂકતા જાય છે. દિવ્યતાનું જીવન જીવી જાય છે.

મહાપુરુષો કહે છે કે: "કમળ કાદવ–કીચડમાં ખીલે છે. કાળમીંઢ પાષાણમાંથી પ્રતિમા બને છે;" તો માટીનો માનવી શા માટે મહાન ન બની શકે ? વામનમાંથી વિરાટ બનવાની શક્તિ માનવીમાં જ છે. જીવનક્ષેત્રમાં પુરુષાર્થનું યોગ્ય સિંચન થાય તો માનવી અવશ્ય મહાન બની શકે.

સ્વાશ્રય અને સંયમથી જીવન ઉન્નત બને છે. સુંદર ધ્યેય અને આદર્શ જીવનને ઉચ્ચ અને ઉજ્જવળ બનાવે છે. સ્વેચ્છાએ બુદ્ધિપૂર્વક સ્વીકારેલી પ્રતિજ્ઞાઓ જીવનને વિજયકૂચ કરાવે છે. અને પરમપદની પ્રતિષ્ઠા પર સ્થાપે છે.

આખરી મુકામે પહોંચવા માગતા મક્કમ મનના માનવીઓનો અંતરનાદ હોય છે કે;

"કદમ અસ્થિર હોય એને કદી રસ્તો નથી જડતો;
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો."

જે માનવી આફતની આગમાંથી બહાર આવે છે, તેનું જીવન સત્ત્વ સુવર્ણની જેમ ઝળહળી ઊઠે છે. કહેવાયું છે કે;

"હીરો પહેલ પડે દીપે, ટીપે ઘાટ ઘડાય,
ધૂપ જલે દીપક બળે, જીવન એમ જીવાય."

આકરી કસોટીઓમાંથી પાર ઉતરનાર માનવીનું જ મૂલ્ય અંકાય છે. વિશાળ વિશ્વના જન સમુદાયની સેવા કરવાનું સામર્થ્ય અને સૌભાગ્ય જ્યારે આવી વ્યક્તિને સાંપડે છે, ત્યારે લોકકલ્યાણનો માર્ગ આપો આપ ખૂલી જાય છે. જ્ઞાનગંગા, સમતાના સાગરને મળવા દોડી જાય છે.

શરીરને સ્વસ્થ રાખવા માટે, સંયમિત જીવન ગાળવું પડે છે. પરીક્ષામાં ઉજ્જવળ ફત્તેહ મેળવવા માટે, સખત મહેનત કરવી પડે છે. વેપારમાં લક્ષ્મી કમાવા માટે સાહસ ખેડવું પડે છે, તેમ કેવલ કમલા–(મોક્ષલક્ષ્મી)ને વરવા માટે ત્યાગ માર્ગે જવું પડે છે. સંયમના સેનાની બનવું પડે છે.

મહાન થનારા માણસોના રાહ ન્યારા હોય છે, કંટક વેરાયેલી કેડી પર પ્રયાણ કરવા તેઓ સદા તત્પર હોય છે. તેમની અંતરની આરઝુ કોઈ અનોખી હોય છે. અલગ માટીમાંથી તે ઘડાયેલા હોય છે. વિશુદ્ધ જીવનના તેઓ ચાહક હોય છે. તેમનું 'સત્' અને 'સત્ત્વ' સુવર્ણસમ હોય છે. અંતરની અભિલાષા એક માત્ર આત્માના અમૃતને પામવાની હોય છે. પમાડવાની હોય છે. આસમાની આફતોમાં પણ સદા હસતાં હોય છે. કલા જીવનનું સૌંદર્ય એમના જીવન–ચિરાગમાંથી પ્રગટતું હોય છે. પ્રસરતું હોય છે. અને અનેકોના જીવનોને અજવાળતું હોય છે. ગુલાબ કાંટા વચ્ચે હસતું જ રહે છે, તેમ ગમે તેવા કંટકો વચ્ચે પણ આવા ગુલાબી માનવીનું જીવન સદા પ્રસન્નતા અનુભવે છે.

આ વિરાટ વિશ્વમાં કેટલાક જીવનને પૂરું કરનારા મળે છે, તો કેટલાક સાચા અર્થમાં જીવન જીવી જનારા જોવા મળે છે. જીવનને પૂરું કરનારા કરતાં, જીવનને પૂર્ણ પણે જીવનારા બહુ જ અલ્પ હોય છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ માનવ–જીવનની પ્રાપ્તિને ખૂબ જ દુર્લભ કહી છે, એનું કારણ એ છે કે આ માનવ-ભવમાં જ મુક્તિની સાચી સ્વતંત્રતાની આત્માની ખોજની સર્વોત્કૃષ્ટ સાધના શકય છે.

આ અનંત સંસારમાં માનવજીવનને પામનારા બહુ જ ઓછા છે અને માનવ જીવનને પામ્યા પછી એ જીવનને સાચા સ્વરૂપમાં જીવનારા તો બહુ જ વિરલા હોય છે. આ વિરલાઓ જ જીવનમાં મુક્તિને મેળવવા માટે ઉત્ક્રાન્તિ કરે છે અને એક મહાન ઈતિહાસનું સર્જન કરે છે. અનંત સંસારની આ અનંત યાત્રામાં તે વિરલ પુરુષોના જીવનનો ઇતિહાસ આપણા જેવાને મુક્તિનો મંગલ માર્ગ સમજવામાં સહાયક બની જાય છે.

"महाजनो येन गतः स पन्थाः"

અને એ પુનિત પંથે પરમાત્મ-પદના પંથે પ્રસ્થાન કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે.

આકાશ જેવા અમાપ, ધરતી જેવા સહનશીલ–ક્ષમાશીલ, સાગર જેવા અગાધ, મેરુ પર્વતની જેમ અડોલ, મહાત્માઓનાં જીવન મૂલવવાં મુશ્કેલ છે. ત્યાગ–ધૈર્ય, સંસ્કાર, સંયમ, સદ્‌ગુણ, પરોપકાર–પરહિતની પ્રતિષ્ઠા જેમના જીવનમાં પામી છે, એવા કોઈ પણ દેશની સંસ્કૃતિની ધુરાને વહન કરનારા, અંધકારમાં અથડાતી પ્રજાના જીવનમાં પ્રકાશ પાથરનારા, ઉન્નત અને આદર્શમય જીવનની પ્રેરણા આપનારા, લોકોત્તર પુરુષો હજી પણ લોકહૃદયમાં સજીવ બની બેઠા છે.

અનંતકાળની રેતી પર પગલાં પાડી કેટલાય આવ્યા અને કેટલાય ગયા. કેટલાયનાં નામ નિશાન પણ મટી ગયાં; ત્યારે વિરલ અને વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનારા, પોતાની આગવી અને અનોખી લાક્ષણિકતાઓ મૂકનારા, મહામના મહાત્માઓ જનતામાં પોતાની પ્રાણવંતી પ્રભા પાથરીને ચિરંજીવ રહ્યા છે,

ચૈતન્યમયી લીલા દ્વારા અમર બન્યા છે.

આ છે એવા જૈન શાસનના તેજસ્વી, ઝળહળતા જ્યોતિર્ધર, અધ્યાત્મયોગી, પ્રશાંતમૂર્તિ વાત્સલ્ય વારિધિ, પરાર્થરસિક, પરોપકારી, કરુણામય, સર્વજીવ હિતચિંતક, પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય **શ્રી 'પંન્યાસજી મહારાજ'**. જેઓ જીવન જીવી ગયા અને જીવવા જેવું જીવન મૂકી ગયા. અનેકના હૈયે વસી ગયા.

ક્ષરના આકારમાંથી અ-ક્ષરની આરાધના પ્રગટી, એને સંયમનો સ્વાદ મળ્યો. સદ્‌ગુરૂનો તારક હાથ મળ્યો, એને અમૃતનો આસ્વાદ સાંપડ્યો. એજ આત્માનું–અમૃત એટલે પરમેષ્ઠિ નમસ્કાર. એની લ્હાણ સર્વત્ર કરતા રહ્યા. સર્વ જીવ ઉપકારી બન્યા. ન જોયા પોતાના, ન જોયા પારકા. જોયા માત્ર ચૈતન્યમય જીવન જીવતા અનંત આત્માઓ ! એ સહુનું બહુમાન કરતા. સર્વ જીવો આ દુઃખમય સંસારમાંથી મુક્ત બની, સદા સુખમય એવી સિદ્ધ અવસ્થાને કેમ પામે? તે માટે આ આત્મદૃષ્ટા મહાપુરુષ પોતાના આચરણ દ્વારા, જીવનના છેલ્લા શ્વાસ સુધી ધર્મ કલા બતાવતા રહ્યા અને વીતરાગ શાસનની સંયમી જીવનની સુવાસને સર્વત્ર ફેલાવતા રહ્યા. આવા સમતાધારક સિદ્ધ યોગી પંન્યાસપ્રવર ગુરૂદેવ **શ્રી ભદ્રંકરવિજયજી** મહારાજ સાહેબને અનંત અનંત નમસ્કાર.

૨ પુણ્યભૂમિ પાટણ

ભારતની યશોગાથા ભવ્ય છે. આર્ય દેશની ભૂમિને પાવન કરનારી સર્વ નદીઓમાં ગંગા યમુના અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ લોક પ્રસિદ્ધ છે. આ ત્રણે નદીઓનું સંગમ સ્થાન પ્રયાગરાજ (અલ્હાબાદ) એ પરમ પાવનકારી તીર્થ મનાય છે. જીવનમાં પણ જ્યાં શ્રી, સરસ્વતી અને સંયમનો સંગમ થાય એવો માનવ દેહ પણ તીર્થ સ્વરૂપ છે. આવો તીર્થ સ્વરૂપ નૃ-દેહ માનવના ઉત્કર્ષ અને ઉર્ધ્વગતિ માટે કલ્યાણકર મનાયો છે.

"साहसे प्रतिवसति श्रीः ।"

સાહસમાં જ શ્રી વસે છે તેમ સર્વ ધનોમાં પ્રધાન એવું વિદ્યાધન પણ, "यत्नानुसारिणी विद्या ।" પ્રયત્નને અનુસરીને મળે છે અને વિદ્યા તે છે કે;

"सा विद्या या विमुक्तये ।"

જેનાથી-જન્મ-મરણમાંથી-દુઃખમાંથી-પાપમાંથી-અવિદ્યાથી-સદાને માટે મુક્તિ મળે. માનવનું જીવન મુક્તિ માટે જ છે. સાધના આરાધના પણ આ મુક્તિ માટે જ કરવાની છે.

ભારત એ ઋષિ-મુનિ-સંત-મહંત-સાધુ-મહાત્માઓનો દેશ છે અને આ આર્યદેશમાં આર્ય સંસ્કૃતિનો નાદ મુક્તિ માટે દશે દિશામાં ગાજતો રહ્યો છે.

ગુજરાત ભારતનો બગીચો છે. ગુજરાતના ગૌરવને અનેક કવિઓએ કાવ્યમાં ગૂંથ્યું છે.

વીર કવિ નર્મદાશંકરે તો-

"તું ભણુવ ભણુવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત-

ઊંચી તુજ સુંદર–જાત. જય જય ગરવી ગુજરાત ”

કહીને ગુજરાતના ગૌરવને કાવ્યમાં મઢયું છે. આવા ગૌરવવંતા ગુજરાતે સમાજને, રાષ્ટ્રને–દાનેશ્વરી, રાજેશ્વરી અને તપ–ત્યાગ અને સંયમના સાધકોની–ભક્તોની ભેટ આપી છે.

ગુજરાતની તવારીખમાં ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણનું સ્થાન ખૂબ જ ગૌરવવંતુ છે. ભારતના પ્રાચીન અને સુપ્રસિદ્ધ શહેરોમાંનું આ એક પાટણ, અણહિલપુર પાટણના નામથી જાણીતું છે. તેનો પ્રાચીન ઈતિહાસ ભવ્ય અને રોમાંચક છે.

શ્રી અણહિલપુર પાટણ, એ ભારતના ઐતિહાસિક અને પ્રાચીન સુપ્રસિદ્ધ તીર્થોમાંનું એક છે. પુરાણું પાટણ ચાવડા અને સોલંકી વંશના રાજાઓની ગુજરાત દેશની રાજધાનીનું મોટું નગર હતું.

વનરાજે અણહિલપુર પાટણ વસાવ્યું અને ગુજરાતની સંસ્કાર લક્ષ્મીનાં ઝાંઝર સમગ્ર દેશમાં રણઝણી ઊઠયાં. પાટણનગરની સમૃદ્ધિ ઉત્તરોત્તર વધવા લાગી. વનરાજના સમયથી જ જૈનો તરફ રાજવીઓનાં સારા આદર ભાવ હતાં.

વનરાજ પોતે જૈનધર્મનો પૂજક હતો. રાજા વનરાજને જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિજીએ બાલ્યાવસ્થામાં આશ્રય આપેલો, તેથી કૃતજ્ઞ શિરોમણી વનરાજે પોતાના અણહિલપુર પાટણમાં “ વનરાજ વિહાર ” નામનું ચૈત્ય બંધાવ્યું. વઢિયાર દેશમાં આવેલ પંચાસર ગામમાંથી લાવીને શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી પધરાવ્યાં. આચાર્ય શ્રી શીલગુણસૂરિજી પાસે વિક્રમ સંવત ૮૦૨માં મોટા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. પંચાસર પાર્શ્વનાથ–એ નામે આ તીર્થ પ્રસિદ્ધ થયું. આજે પણ પંચાસરાના દેરાસરમાં વનરાજની મૂર્તિ છે.

અણહિલપુર પાટણ તો જિનાલયોથી શોભતી જૈનપુરી ગણાય છે. પાટણના મહોલ્લે મહોલ્લે જૈનમંદિરો છે. કેટલાંક મંદિરો તો કલાત્મક અને દર્શનીય છે. જૈનકલા, જૈનશિલ્પ, જૈન સ્થાપત્ય અને જૈન સંસ્કૃતિનાં દર્શન, આ મંદિરોમાં દર્શન કરતાં થાય છે. પાટ-

ણુને રજકણે રજકણે, ખંડેરે ખંડેરે, મંદિરે મંદિરે, ભંડારે ભંડારે, મૂર્તિએ મૂર્તિએ જૈન સાહિત્ય–કલા–સંસ્કૃતિનો 'અમર ઈતિહાસ' છે.

વનરાજનું મંત્રીમંડળ અને પ્રજાનો વિશાળ ભાગ જૈન ધર્મનો અનુરાગી હતો. તેથી પાટણ જૈન ધર્મના આચાર–વિચારનું મુખ્ય કેન્દ્ર બન્યું અને સમસ્ત ગુજરાતના ધર્મ સામ્રાજ્યની રાજધાનીનું બિરૂદ આ નગર પામ્યું. વિપુલ સંખ્યામાં અહીં જૈનો વસતા હતા. તેઓ ધર્મ પ્રત્યે રૂચિવાળા, શ્રીમંત અને શૂરવીર હતા. પાટણને સમૃદ્ધ કરવામાં જૈનોનો ફાળો ખૂબ જ મહત્વનો છે. ગુજરાતની ભાવનાઓ આચાર–વિચારો સંસ્કારિતા અને સમગ્ર જીવન અને સ્વભાવના ઘડતરમાં પાટણનો સૌથી મોટો ફાળો નોંધપાત્ર છે.

પાટણની જાહોજલાલીની શરૂઆત તો ચૌલુકય (સોલંકી) વંશથી થઇ. સં. ૯૮૮ (સને ૯૪૨) માં સોલંકી વંશના પહેલા રાજા મૂળરાજનો રાજ્યાભિષેક થયો. તેણે પાટણને મહત્વનું કેન્દ્ર બનાવ્યું. સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. સોલંકી યુગમાં અગિયાર રાજાઓ થયા અને સોલંકી યુગમાં પાટણ અને ગુજરાત દેશ ઉન્નતિના શિખરે પહોંચ્યાં.

મહારાજા સિદ્ધરાજ જયસિંહ (સં. ૧૧૫૦) ના સમયમાં ગુજરાતે સર્વાંગી વિકાસ સાધ્યો.

કલિકાલસર્વજ્ઞ, વિદ્યાવાચસ્પતિસમા આચાર્ય શ્રી હેમચંદ્ર-સૂરિજી મહારાજના નગર પ્રવેશ મહોત્સવમાં કોટિધ્વજ ૧૮૦૦ શેઠીઆઓ સાથે હતા. પૂજ્ય આચાર્યશ્રીના મુખરૂપી હૃદમાંથી અનેક વિદ્યાઓના પ્રવાહો રેલાતા હતા. તે પ્રવાહોથી ગુજરાત વિદ્યાના ક્ષેત્રમાં નન્દનવન જેવું બન્યું અને પાટણ સરસ્વતીનું ધામ થયું. સંસ્કૃત વિદ્યાનું તે કેન્દ્ર સ્થાન હતું, તેથી તે અનેક વિદ્વાનોનું આશ્રય સ્થાન અને જન્મ સ્થાન બન્યું.

શ્રી હેમચંદ્રાચાર્યે અનેક ગ્રંથ રત્નોની અમૂલ્ય ભેટ આપીને વિશ્વને જ્ઞાનનો વિશાળ વારસો આપ્યો છે. પાટણના જ્ઞાન ભંડારોનો જગતના સાહિત્યમાં અમૂલ્ય ફાળો છે.

મહારાજા સિદ્ધરાજની વિનંતીથી આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે "સિદ્ધહેમ શબ્દાનુશાસન" નામનું સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓનું સર્વાંગ સુંદર વ્યાકરણ રચી આપ્યું. વ્યાકરણના આ ગ્રંથને હાથીની અંબાડી પર પધરાવીને, તેનો વરઘોડો પાટણ નગરમાં ફેરવવામાં આવ્યો. સરસ્વતીનું આવું બહુમાન થયું હોય તેવો પ્રસંગ જગત ભરમાં આ પહેલો જ હતો.

સિદ્ધરાજ પછી ગાદીએ આવનાર મહારાજા કુમારપાળે (ઈ. સ. ૧૧૪૩–૧૧૭૨) પાટણની સમૃદ્ધિને એની ટોચે પહોંચાડી. આર્થિક વ્યાપારી દૃષ્ટિએ પાટણ ભારતનું સૌથી વધુ સમૃદ્ધ નગર બન્યું. મહારાજા કુમારપાળે તથા અન્યોન્ય શ્રાવકોએ બનાવેલા અનેક ગગનચુંબી ચૈત્યોથી પાટણ શોભી રહ્યું. અહિંસાધર્મ સર્વ વ્યાપક બન્યો. અનેક ઉદ્યોગો અને કલાઓ ખીલી અને પાટણ અહિંસા, લક્ષ્મી અને સરસ્વતીને ક્રીડા કરવાનું ત્રિવેણી સંગમ સમું સ્થાન બન્યું, શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે.

"અણહિલપાટક (પાટણ) સમસ્ત પૃથ્વી ઉપર સ્વસ્તિકની જેમ શોભી રહ્યું છે, કેમકે તે નીતિનું ધામ છે અને લક્ષ્મી અને સરસ્વતીથી સદા આલિંગિત છે."

પાટણ એટલે શૂરતા–સત્યતા–પવિત્રતા–સાહસિકતા અને ધાર્મિકતાનું ધામ! વ્યાપાર, વાણિજ્ય, કળા, કૌશલ્ય રાજ્ય કારભાર વિદ્યા વ્યાસંગ અને ધર્મશાસનની અનેકવિધ સુપ્રવૃત્તિઓથી પાટણ

ઝળહળતું હતું. પાટણમાં લખપતિ અને કરોડપતિ જૈનો વસતા હતા. દશા ઓસવાળ, વિશા પોરવાડ, દશા પોરવાડ, વિશા શ્રીમાળી, દશા શ્રીમાળી વગેરે જૈન તથા જૈનેતર શ્રેષ્ઠિઓએ પાટણના વિકાસમાં મોટો ફાળો આપ્યો હતો. પાટણના ઝવેરીઓએ પણ પાટણની કીર્તિ દેશ–વિદેશમાં ફેલાવી હતી. હુન્નર ઉદ્યોગોનું પણ એ કેન્દ્ર હતું. પાટણના સાળવીઓએ રેશમી ભાતીગળ પટોળાંના કસબથી દેશ-વિદેશમાં પાટણને ખ્યાતિ આપી હતી. પાટણની ધરતીએ માત્ર ઉદ્યોગપતિઓની કે રાજાઓની–મુત્સદ્દીઓની જ ભેટ નથી આપી પણ આ પુણ્યભૂમિએ અનેક દાતારો, સાધકો અને ધર્માત્માઓની ભેટ પણ ધરી છે.

ભૂતકાળમાં શૌર્ય સાથે અહિંસાના, ઐશ્વર્ય સાથે સંયમના, વૈભવ સાથે વિદ્યા વ્યાસંગના, વાણિજ્ય સાથે સરસ્વતીની સેવાના આદર્શો ચરિતાર્થ કરીને પાટણે પોતાના ગૌરવકાળમાં ગુજરાતનું ગુરુ-પદ લઇને એનું અસ્તિત્વ સાર્થક કર્યું છે, એવા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની જ્ઞાન–તપથી પુનિત બનેલી ભૂમિમાં અજાતશત્રુ અધ્યાત્મયોગી પ્રશાંતમૂર્તિ શ્રી નમસ્કાર મહામંત્રના અનુપમ આરાધક, મૈત્ર્યાદિ ભાવોની પવિત્રમૂર્તિ, પ્રશમ રસના પયોનિધિ, સમતા ભરી સાધુતાના સાધક, સમત્વ યોગના મહાન ઉપાસક, જૈન સંઘના મહાન ઉપકારક, જીવમાત્રના હિતચિંતક, અદ્વિતીય પ્રતિભાસંપન્ન, પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રી ભદ્રંકરવિજયજી** ગણિવર્યે જન્મ પામીને, આ પવિત્રભૂમિની પવિત્રતામાં ચાર ચાંદ વધુ લગાવી દીધા.

૩ પરિવાર પરિચય

શેઠશ્રી હાલાભાઈ

આવો....જુઓ...ધર્મ સામ્રાજ્યની રાજધાની ગણાતું, ઉત્તર ગુજરાતનું આ પાટણ શહેર....જુદાં જુદાં કલાત્મક જૈન મંદિરોથી અવનિને શોભાવતું, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી અને મહાશ્રાવક, જીવદયા પ્રતિપાલક મહારાજા કુમારપાળથી પવિત્ર અને પ્રસિદ્ધ બન્યું હતું.

આજથી આઠ દાયકા પહેલાંની એ પાવનકારી તીર્થ ભૂમિ પર નજર નાખશું તો ફોફલિયાવાડા પોળની શેરીના જિનાલયની પાછળના ભાગમાં આવેલા ખાંચામાં, જૈનસંઘમાં ધર્મિષ્ઠ તરીકે પ્રસિદ્ધ અને વ્યાપારી આલમમાં નીતિમાન શાહ સોદાગર જેવી ઉપમાને યોગ્ય, શેઠ શ્રી હાલાભાઈ મગનચંદનું નિવાસસ્થાન હતું. તેઓ ગર્ભશ્રીમંત હતા. પરોપકાર પરાયણ હતા. પાટણ સંઘના અગ્રણી હતા. શાસન હિતનાં કાર્યો કરવામાં મોખરે રહેતા. સાધુ-સાધ્વીની સેવા કરવામાં અદમ્ય ઉત્સાહી હતા.

નિઃસ્પૃહ શિરોમણી પૂજ્ય આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની આચાર્ય પદવીનો મહોત્સવ સં-૧૯૫૭માં પાટણમાં ઉજવાયો હતો, ત્યારે તેના મુખ્ય કાર્યકર્તા તરીકે હાલાભાઈએ યશસ્વી સેવા બજાવી હતી. તેમની નામના અને કામના પાટણ બહાર ઠીક ઠીક પ્રસરી હતી. પાટણના એક પ્રતિષ્ઠિત કુટુંબ તરીકે એમના કુટુંબનું નામ બોલાતું હતું.

પાટણમાં જે અનેક હસ્તલિખિત ભંડારો છે, એમાંનો એક "હાલા મગનના ભંડાર" તરીકે હજી ઓળખાય છે.

નાનપણથી તેઓ મોસાળમાં ઉછરેલા. પાટણમાં તેઓ રેશમી-મશરૂનો વેપાર કરતા. તેમના મોસાળ તરફથી તેમને સારો સહારો હતો. આસપાસના સો કુટુંબોના નિર્વાહમાં હાલાભાઈ નિમિત્ત બનતા. સાધર્મિક પ્રત્યે એમની આવી દરિયાવદિલ દૃષ્ટિ હતી.

પાટણની પાંજરાપોળ

પાટણની પાંજરાપોળ એટલે બોડાં ઢોરને રાખવાની સંસ્થા. આ સંસ્થાનું નામ શ્રી પાટણ મહાજન પાંજરાપોળ હતું. જીવ દયાના કારણે હાલાભાઈ શેઠે આ સંસ્થાને પોતાના પ્રાણ સમાન માની, ૫૦ વર્ષ સુધી તેનાં પ્રમુખ તરીકે બરાબર વહીવટ કર્યો.

આજુબાજુના સો સો ગાઉ દૂરથી ગામોવાળા બોડાં ઢોર, બકરાં, ઘેટાં, વગેરે જાનવરોનો ભરાવો થઈ જાય એટલે પાટણની પાંજરાપોળમાં મોકલી આપતા. આ પાંજરાપોળ ગુજરાતની અંદર મોટામાં મોટી ગણાતી.

આજુબાજુ ગામોનાં ઘણાં ઢોર દુકાળ વખતે અહીં આવતાં, તે બધાને ઘાસ-ચારો પૂરો પાડવા શેઠ શ્રી હાલાભાઈ, કોઈને પણ ખબર આપ્યા વિના સોનગઢ અને વ્યારા માણસો મોકલી આપતા. ત્યાંના ઘાસના વેપારીઓ પાસેથી હજારો ઘાસની ગાંસડીઓ ખરીદી પાટણ રવાના કરાવતા. આ ઘાસમાંથી કોઈ પણ ગામડાંવાળાને ઘાસ જોઇતું હોય તો મહાજન પાંજરાપોળ તરફથી વેચાતું પણ મળતું.

દુકાળ વખતે અગમચેતી વાપરી હાલાભાઇ શેઠ પોતાના ઘરના પૈસેથી ઘાસ ખરીદી લેતા. તે પછી મુંબઈની અંદર પાટણનું મહાજન ભેગું કરતા અને દુકાળ માટેની ટીપ શરૂ કરતા. જે પૈસા થાય તેમાંથી ઘાસ ખરીદીના પૈસા વસૂલ કરતા.

ઉપરાંત મુંબઈમાં એરંડા બજારનું એસોસિએશન, જે ગુજરાતી વેપારી મંડળના નામથી ચાલતું હતું, તેમાં પણ ધંધા ઉપર ધર્માદા લાગો નાખેલ હતો. હાલાભાઇ શેઠે આ ધર્માદા લાગો પોતાનાં ધંધાનાં

એસોસિએશનમાં નાખવાનું નક્કી કર્યું અને તે પ્રમાણે લાગામાં જે રકમની ઉપજ થાય તેમાંથી મોટા ભાગની રકમ શ્રી પાટણ પાંજરાપોળને મોકલાતી હતી.

ગુજરાતની અંદર પણ મોટાં ગામોમાં ત્યાંની આવી સંસ્થાઓ ચલાવવા માટે આવી ધર્માદા યોજનાઓ (Schemes) દાખલ કરાવી.

પરિવાર પરિચય

હાલાભાઇ શેઠનાં પ્રથમ પત્ની લાખીબેન ગુજરી ગયાં. તે ત્રણ પુત્રોની માતા હતાં. ત્યાર બાદ હાલાભાઇ શેઠનું લગ્ન શેરીમાં રહેતા ખૂબચંદભાઇની દીકરી ચુનીબેન સાથે થયું. ચુનીબેન સાથેના લગ્ન બાદ પ્રથમ પુત્ર અવતર્યો. તેનું નામ ત્રિકમ હતું. તે પુત્ર બાલ્યકાળમાં ગુજરી ગયો. ત્યારબાદ બે વર્ષ વીત્યાં.

હાલાભાઇ શેઠને (૧) વીરચંદભાઇ, (૨) લહેરૂભાઇ, (૩) ભોગીલાલભાઈ (૪) ભગવાનદાસભાઇ અને (૫) મેનાબેન. આમ, કુલ પાંચ સંતાનો હતાં.

કુટુંબની આનદાની ઝળહળતી. શાસન પ્રેમ તરી આવતો. ઘરમાં ખૂબ જ ઊંડા સંસ્કાર હતા. સમગ્ર કુટુંબ સંસ્કારી હતું. ધર્મ પરાયણ હતું. (સંયમ) વ્રત ભાવનાઓથી ઓતપ્રોત હતું. ઘરમાં રાત્રિભોજન કદી ન થતું.

હાલાભાઇ શેઠ પોતે સંતાનોને પૂજાનાં કપડાં પહેરાવી, આંગળીએ વળગાડી ભગવાનની પૂજા કરવા લઇ જતા. ઘરમાં નાજૂક કાષ્ટ કારીગરીથી ભરપૂર એવું નાનકડું ગૃહમંદિર હતું. આના કારણે પ્રભુ ભક્તિનો તેમજ ધર્મ સંસ્કારનો વારસો, તેમના પુત્ર પરિવારમાં સારો ઉતર્યો હતો.

પોતે પાંજરાપોળના માંદા ઢોરોની માવજત કરતા. રોજ ઘાસ ચારો નાખીને પછી નવકારશી કરતા. પહેલાંના જમાનામાં આજના જેવાં સાધનો ન હતાં. વાહન વ્યવહાર ન હતો. તેથી પોતે પગે ચાલીને જતા અને પશુઓની દેખભાળ રાખતા.

સંતાનોને યોગ્ય વિદ્યાભ્યાસ દ્વારા સારી રીતે શ્રદ્ધાળુ કરતા, ધર્મપ્રેમી બનાવતા, દયા ભાવથી તેમના હૈયાંને સભર કરતા.

મુંબઈ પ્રતિ પ્રસ્થાન....

મુંબઈની મોહમયી નગરી કમાણી માટેનું કેન્દ્ર ગણાતું. આવકની આમદાની માટે સહુ કોઈની નજર એના તરફ રહેતી; પરંતુ તે જમાનામાં મુંબઇ આવવા માટે ઘણી મુશ્કેલી પડતી.

પાટણમાં રેલ્વે ન હતી. પાટણથી ઊંઝા ગામ આવવું પડતું. દિલ્હીથી અમદાવાદ આવતી રેલ્વે લાઇન પર ઊંઝા હતું. ઊંઝાથી અમદાવાદ અને અમદાવાદથી ભરૂચ સુધી ગાડીમાં બેસવું પડતું. પછી ભરૂચથી નાવડામાં બેસીને નર્મદા નદીના સામે કિનારે જવાનું. ત્યાંથી ગાડી મારફત સુરત નજીક આવવાનું. તાપી નદીને નાવડામાં બેસીને પાર કરવાની અને સુરતથી વિરાર સુધી ગાડીમાં બેસીને આવવાનું બનતું.

વસઇની બે વિકરાળ ખાડીઓ નાવડામાં બેસીને પસાર કરવાની અને પછી ત્યાંથી ગાડીમાં બેસીને મુંબઇ સુધી પહોંચાતું. આ પ્રમાણે પાટણથી મુંબઈ જવાતું હતું.

તેવા સમયમાં, હાલાભાઇ શેઠ પહેલ વહેલા આ પ્રમાણેની મુસાફરી કરીને મુંબઇ આવ્યા. પાયધુની સુતર બજારના નાકે, વોરાના માળામાં ભાડાની જગા લઈને રહ્યા. ધીમે ધીમે ધંધો વધારતા ગયા. તેમાં સારી કમાણી થતી ગઇ.

વેપાર–ધંધો :

હાલાભાઇ શેઠ મુંબઇ આવ્યા બાદ, ધીરે ધીરે ધર્મના પ્રભાવે ધંધામાં–વેપાર રોજગારમાં સારી પ્રગતિ સાધી શકયા. એમનો મુખ્ય વેપાર તેલિબિયાંનો હતો. તેલિબિયાં એટલે એરંડા, સરસવ અને અળસી. તેઓ હાજર માલનો મોટો ધંધો કરતા. આ ચીજોની દેશાવરમાંથી મોટા પ્રમાણમાં ખરીદી કરાવી, મુંબઈ મંગાવતા અને પરદેશની મોટી ઓફિસોમાં વેચતા.

મુંબઈમાં ન્યૂચીઝ બંદર ઉપર માલ રાખવા માટે છ ગોદામ બાંધ્યાં હતાં. દેશાવરમાંથી ખરીદ કરેલો માલ આ ગોદામોમાં રાખતા. વળી જ્યાં એરંડા, સરસવ અને અળસીનાં મોટાં પીઠાંઓ હતાં, તે તે ગામોમાં પણ માલ ખરીદ કરવા માટે દુકાનો ખોલી હતી.

ગુજરાતમાં મહેસાણા, વડનગર, વીસનગર, પાટણ, ચાણસ્મા, હારીજ, કલોલમાં દુકાનો ખોલી હતી. અહીં પણ કાયમ માણસો રહેતા. એરંડા, સરસવ વેચવા ગામડામાંથી ખેડૂતો આવતા. તેમની પાસે બજાર ભાવે ખરીદ કરતા અને માલ ભેગો થાય એટલે મુંબઈની દુકાનના આદેશ પ્રમાણે મુંબઇ મોકલતા અથવા તો તે ગામમાં રાખતા.

બીજું મથક મદ્રાસ હતું. અહીં એરંડા તથા અળસીનો મોટો પાક થતો હોવાથી તેની ખરીદી કરવા મોસમમાં (Season) મુંબઈથી માણસો મોકલતા. દેશાવરમાં ખરીદ કરેલા માલના રૂપિયા ત્યાંના આડતિયાઓ મારફત હૂંડીથી મુંબઇમાં ભરપાઈ થતા.

મુંબઈમાં માંડવી બજારની અંદર એરંડા બજાર ચાલતું હતું. ત્યાં બધા ગુજરાતી વેપારીઓ દલાલ મારફત ધંધો કરતા હતા. તેમાં પણ હાજર તેમજ વાયદા બંને સોદા થતા હતા. શેઠશ્રીએ તે બજારના એટલે મુંબઇ ગુજરાતી વેપારી મંડળના પ્રમુખ તરીકે ઘણાં વર્ષો સુધી કામ કર્યું હતું.

આ સિવાય મૂળજી જેઠા કાપડ માર્કેટની અંદર પણ બે દુકાનો હતી. જેની અંદર આ ત્રણેય ભાઇઓનાં નામ ચાલતાં હતાં. દાદર ગલીમાં ભોગીલાલ લહેરચંદના નામથી વિલાયતી છીંટની દુકાન ચાલતી હતી. બીજી દુકાન આ જ માર્કેટની અંદર બંગલાગલીમાં ભગવાનદાસ ભોગીલાલ નામથી ચાલતી હતી. તેમાં મખમલ, ડુમાસ અને કિનખાબ એ બધો ઈટાલીનો માલ મંગાવીને વેચતા હતા. શેઠશ્રી હાલાભાઈએ મુંબઈમાં આ રીતે ધંધો ખીલવીને સારામાં સારી પ્રતિષ્ઠા મેળવી હતી. મુંબઇમાં એમની પેઢી ખૂબ જ પ્રસિદ્ધ બની હતી.

શેઠ શ્રી હાલાભાઈ પોતાના પુત્રો લહેરૂભાઈ તથા ભોગીભાઇને અવારનવાર મુંબઈ બોલાવતા અને ધંધા–રોજગારનો અનુભવ આપતા.

તેમના વડીલપુત્ર વીરચંદભાઇને નાની ઉંમરમાં હડકાયું કૂતરું કરડયું. તે સમાચાર મળતાં, હાલાભાઈ શેઠ પાટણ આવ્યા. છ માસ બાદ તેમના મોટાપુત્ર વીરચંદભાઈ ગુજરી ગયા. વીરચંદભાઇનાં લગ્ન થયેલાં હતાં. તેમનાં પત્નીનું નામ મેનાબેન હતું. તેઓ ત્રણ વરસ સંસારમાં રહેલાં. મેનાબેન નાની વયમાં વિધવા થયાં, છતાં ૭૫ વર્ષ સુધીની જિંદગી તપ–ત્યાગ વગેરે આરાધના કરવામાં ગાળી, પોતાનું આત્મકલ્યાણ સાધી ગયાં.

હાલાભાઈ શેઠના બીજા પુત્ર લહેરૂભાઇ, પિતાની જેમ ધર્મ આરાધનામાં તત્પર રહેતા. જો કે તેમણે ધાર્મિક અભ્યાસ વધુ કર્યો ન હતો, પરંતુ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, ગુરુભક્તિ, મુનિ મહારાજાઓ, સાધુ–સાધ્વીઓને વહોરાવવાની તીવ્ર ભાવના તેમનામાં જોવા મળતી. પિતાના સુસંસ્કારો પુત્રમાં ઝળકતા દેખાતા.

લગ્ન બાદ લહેરૂભાઇને પાંચ સંતાનો થયાં. જેમાંથી બે ગુજરી ગયાં, ત્રણ હયાત હતાં. મોટા દીકરાનું નામ ચંદુલાલ, બીજાનું નામ અમૃતલાલ તથા દીકરીનું નામ ઈચ્છાબેન. આમાંના અમૃત-ભાઇની પુત્રી માલતીબેન દીક્ષા પામીને, શ્રી મહાનંદાશ્રીજી તરીકે સંયમનું સુંદર પાલન કરી રહ્યાં છે.

હાલાભાઇના ત્રીજા પુત્ર ભોગીલાલભાઈ હતા. નાનપણથી તેઓ ખૂબ જ વિચક્ષણ હતા. જ્ઞાનાભ્યાસ કરવામાં તેઓ ખૂબ આગળ પડતા હતા. આગળના સમયમાં અંગ્રેજીનો અભ્યાસ કરાવવાનું બહુ ઓછું બનતું; છતાં ભોગીલાલભાઇએ મુંબઇમાં ગોકળદાસ તેજપાલ હાઇસ્કૂલમાં (G. T High School) ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો.

બાળપણથી જૈન પાઠશાળામાં ભણવા માટે માતા–પિતા કાયમ મોકલતાં હતાં, તેથી ભોગીલાલભાઇએ ધાર્મિક અભ્યાસ સારો કર્યો હતો.

તેઓ ૧૪ વર્ષની વયે લગ્નગ્રંથિથી જોડાયા. તેમનાં પત્નીનું નામ જીવીબેન હતું.

જીવીબેને ધાર્મિક અભ્યાસ ઘણો કર્યો ન હતો, પણ વ્યાવહારિક જ્ઞાન એટલું બધું ઊંચું હતું કે સગાં-સંબંધી, પોળવાળાં, બીજા મહોલ્લાવાળાં, પણ સારા પ્રસંગે તેમની સલાહ લેતાં હતાં. તેઓ સાધુ-સાધ્વીની ભક્તિ ખૂબ કરતાં હતાં. તેમનું પિયર પાટણ લાખુખાડના લીંમડીના પાડામાં હતું. તેમને છ-સાત પુત્ર-પુત્રીઓ થયાં હતાં. તેમાંથી એક જ દીકરો અને એક દીકરી છેલ્લાં બચી જવા પામ્યાં હતાં. દીકરાનું નામ ચિમનલાલ પાડયું, દીકરીનું નામ લીલાવતી રાખ્યું.

ભગવાનદાસભાઈના જન્મ પહેલાં આઠ મહિના અગાઉ તેમના મોટાભાઈ ભોગીલાલભાઈને ત્યાં પુત્રનો જન્મ થયો. તેમનું નામ ગોત્રજના દિવસે લક્ષ્મીચંદ ઊર્ફે ચિમનલાલ પાડયું.

ચિમનભાઈ :

ચિમનભાઇ અત્યારે લગભગ ૮૪ વર્ષની વય ધરાવે છે. પ્રાચીનતાની છાંટથી ભર્યાં ભર્યાં સેંકડો સ્તવનો એમણે રચ્યાં છે.

"અરિહા શરણું, સિદ્ધા શરણુમ્,
સાહૂ શરણું વરિયે." આ સ્તવનને ખૂબ જ
લોકપ્રિયતા સાંપડી છે.

"ચિદ્‌ઘન"ના નામે રચાયેલાં લગભગ ૨૫૦૦ થી ય વધુ પ્રમાણ ધરાવતા એ સ્તવનોમાં એક ભાવભર્યા ને શબ્દસિદ્ધ કુશળ કવિનાં દર્શન થતાં, હૈયું ભાવવિભોર બનીને નાચી ઊઠે છે.

૮૪ વર્ષની આ ઉંમરે પણ તેઓ દિનરાત, નમસ્કાર મહામંત્રની આરાધનામાં મસ્ત રહે છે. તેઓશ્રી રોજ લગભગ ૫૦ હજારનો અરિહંતનો જાપ કરે છે.

ચિમનભાઇના બે પુત્રો હસમુખભાઈ અને શશીકાન્તભાઈ છે.

ચિમનભાઇના બહેનની દીકરીએ દીક્ષા લીધી છે. આજે તેઓ શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી તરીકે સુંદર સંયમ આરાધના કરી-કરાવી રહ્યાં છે.

શેઠશ્રી હાલાભાઇનું અવસાનઃ

હાલાભાઈ મગનચંદના નામે મુંબઇમાં ધનજી સ્ટ્રીટ, ઝવેરી બજાર ખાતે એરંડાની દલાલીની પેઢી ચાલતી હતી. હાલાભાઈ શેઠ મુંબઇ એરંડા બજારના પ્રમુખ હતા.

એક સમયે આ બજારના વલણમાં મોટી વધઘટ થઇ. વલણની લેતી–દેતી કરવામાં મોટી મુશ્કેલી ઊભી થઇ ગઈ.

પાટણથી હાલાભાઇ શેઠને તથા એસોસિએશનવાળા ભાઇઓને તાર કરીને તેડાવ્યા. સને ૧૯૧૨ ના હાલાભાઈ શેઠ પાટણથી મુંબઈ આવ્યા. બજારની હકીકત જોઇ. વલણની આવી લેતી–દેતી સારી રીતે થઇ શકે તેવો તોડ કાઢી, બજારનું વલણ (લેતી–દેતી) પતાવી દીધું.

આ કાર્ય કરવામાં હાલાભાઇ શેઠને લગાતાર ત્રણ દિવસ અને આખી રાત્રિના ઉજાગરા કરવા પડ્યા. તેની માઠી અસર તબિયત પર થઇ. તેઓ બિમાર પડી ગયા. આ બિમારી જીવલેણ બની. સને ૧૯૮૨ માં મુંબઇ, મમ્માદેવી પાસે પારસીગલીમાં આવેલા ઝવેરી ભુવનના ચોથે માળે તેઓ સ્વર્ગવાસી થયા.

હાલાભાઈ શેઠ ગુજરી ગયા. તેમની પાછળ ધર્માદો કરવાનો વિચાર લહેરૂભાઈ, ભોગીભાઈ તથા ભગુભાઈ–આ ત્રણેય ભાઇઓને થયો. તેઓએ નકકી કર્યું કે ઢોરને ખાવા ઘાસ જોઇએ, પક્ષીને ખાવા દાણો જોઇએ. તેથી આપણે જમીન લઇને પાંજરાપોળને ભેટ આપીએ. આ જાતની પ્રપોઝલ ભગુભાઇએ બે મોટાભાઇઓ આગળ કરી, તે વાત બંને ભાઇઓએ માન્ય રાખી.

ઉત્તર ગુજરાતમાં હારીજ ગામ પાસે ત્રણ ગાઉ છેટે કાતરા ગામ નજીક કાતરાનું બીડ કહેવાય તે બીડ શ્રીમંત ગાયકવાડ સરકાર પાસેથી હરાજીમાં લીધું. હરાજીમાં લઇને હાલાભાઈ શેઠના નામે ચઢાવી ૮૫૦–(સાડા આઠસો) વીઘાં જમીન પાટણ મહાજન પાંજરાપોળને ભેટ આપી દીધી, જે જમીનની અંદર આજે પણ હજારો ઢોરો ઘાસ ચરે છે.

૪ ભગવાનના દાસ

ભગવાનદાસ

જન્મ * ઉછેર * વય–૧ થી ૮ વર્ષ

'વન્દે મહાપુરુષ તે ચરણારવિન્દમ્ !'

'હે મહાપુરુષ ! આપના ચરણકમલમાં વંદન કરું છું'

વિશિષ્ટ પુણ્ય અને પવિત્રતાને સાથે લઇને જન્મેલા શેઠશ્રી હાલાભાઈના નાના પુત્ર ભગવાનદાસભાઇ હતા. માતા ચુનીબાઇની કુક્ષિએ સંવત ૧૯૫૯ માગસર સુદ ૩ ના રોજ રાતના લગભગ નવ આસપાસ તેમનો જન્મ થયો. બાળકની સૌમ્ય મુખમુદ્રા સહુનું આકર્ષણ કરતી. ત્યારે કોને ખ્યાલ હોય કે અવનિ ઉપર આવેલ આ ભાગ્યવાન બાળક, વીતરાગ પરમાત્માના શાસનનો વફાદાર સંત થશે....! સર્વસ્નેહી બનશે...!

જન્મ સમયે બાળકને ગળથૂથી પીવડાવવામાં આવતી; પરંતુ આ બાળકે તો મોં એવું બંધ કરી દીધું કે, તે ગળથૂથી પીધી નહિ.

ક્રમે–ક્રમે દિવસે–દિવસે સારી તંદુરસ્તી ભોગવતાં–ભોગવતાં બે–ત્રણ–ચાર માસ વીતી ગયા અને આવ્યો ચૈત્ર સુદ પાંચમનો, એમના ગોત્રજનો દિવસ. સામાન્ય રીતે આ દિવસે નામ પાડવાનો રિવાજ હોય છે, તેથી આ શુભ દિવસે, આ ભાગ્યવંત બાળકના શુભ લક્ષણોને અનુરૂપ તેમનું ભગવાનદાસ નામ રાખવામાં આવ્યું.

નામ બીજાઓને ઓળખવા માટે અને પોતાની સાધનામાં લક્ષ્ય બનાવવા માટે હોય છે. તેથી માતા–પિતા સારા મુહૂર્ત્તે બાળકનું સુંદર નામ સ્થાપે છે. આ નામને સાર્થક કરવા બાળકે ભગવાનના દાસ બનવાનો ઉદ્યમ શરૂ કરી દીધો.

આ સંસાર અનાદિનો છે. આત્માનું અસ્તિત્વ અનાદિનું છે. આત્મા અને કર્મનો સંયોગ અનાદિનો છે. મોક્ષ પણ અનાદિકાળથી છે અને મોક્ષમાર્ગ પણ અનાદિકાળથી છે.

કર્મના સંયોગને કારણે આત્મા વિભાવદશામાં રમતો હોય છે. તે વિભાવદશામાં આત્મા આહારાદિ સંજ્ઞાઓને આધીન હોય છે. એ જ સંજ્ઞાઓમાંથી મુક્ત બનવા માટે પ્રચંડ પુરુષાર્થની આવશ્યકતા હોય છે. કોક પુણ્યશાળી અને ભવ્યાત્મા જ પોતાના પ્રચંડ પુરુષાર્થ અને પરમાત્મ-શાસનના નિમિત્તના બળથી વાસના-આહારાદિ સંજ્ઞાઓ ઉપર વિજય મેળવી શકે છે.

સંપૂર્ણ વિજેતા બનવા માટે માત્ર એક જન્મની સાધના જ પર્યાપ્ત નથી. એમાં જન્મ-જન્માંતરના સંસ્કાર પણ કારણરૂપ કાર્ય કરતા હોય છે.

શાસ્ત્ર કહે છે, "લોકોમાં કેટલાક ઉત્તમ પુરુષો સન્માર્ગમાં સ્વતઃ પ્રેરિત હોય છે, કેટલાક પ્રેરણા પામીને આગળ વધનારા હોય છે...."

ભગવાનદાસભાઇના જીવનમાં જે મહાનતા જોવા મળે છે, તે એમની પૂર્વજન્મોની આરાધનાના પ્રભાવે પ્રગટેલી પુણ્ય પવિત્રતાનું પ્રતીક ગણાય. પોતાની યોગ્યતા અને કુળના આર્ય સંસ્કારોના સહકારથી, બાલ્યકાળથી જ માતા-પિતા-ગુરુવર્ગની સેવા અને ન્યાય-નીતિ-વિનય-બહુમાન વગેરે સદાચારોના તેઓ પાલક બન્યા. ગયા ભવની અધૂરી આરાધનાને પૂર્ણ કરવા જ જાણે જન્મ્યા હોય, તેવું એમનું જીવન જણાતું. તીવ્ર બુદ્ધિ, ધાર્મિક અભ્યાસનો રસ, રમત-ગમતમાં ઉદાસીનતા વગેરે વિશેષતાઓના યોગે તેઓ નાનપણથી જ જુદા તરી આવતા.

ભગવાનદાસભાઇનો જન્મ થયો ત્યારે તે સમયના સમાજ અને સંઘના લોકોમાં પ્રેમ, વાત્સલ્ય, ઉદારતા ખૂબ જોવા મળતાં. મહોલ્લે-મહોલ્લે દેરાસર હતાં, ભક્તિ થતી, પૂજા પોતે જ કરવાની,

પૂજારીએ નહિ, પૂજા કરનારે ધોતિયું જ પહેરવાનું, સાથે એસ ઓઢવાનો, સીવેલું કપડું પહેરાય જ નહિ, મોટાં કુટુંબો, નાનાં કુટુંબનાં પચાસ–સો જેટલાને સાચવે, તેવો ભાવ હતો.

ભગવાનદાસભાઇને ભગવદ્‌ભક્તિનાં ધાવણ નાની ઉંમરથી જ પીવા મળ્યાં. માતાએ પોતાના વાત્સલ્યભાવથી બાળકમાં ખૂબ જ સારા સંસ્કારો રેડ્યા. ઘર દેરાસર હતું, નાનામાં નાનો બાળક પણ સવારે ઊઠતાં જ દેવાધિદેવનાં દર્શન કરી શકે તેવી અનુકૂળતા હતી.

બે વર્ષની નાની વયથી જ એમના પિતાશ્રી એમને તૈયાર કરીને પૂજા કરવા લઈ જતા. પિતાજી સ્તુતિ બોલતા, તે કાલી કાલી ભાષામાં, સૂરીલા કંઠમાં બોલતા, જોનારનું મન હરતા.

સવારના પહોરમાં ચુનીબા અને પિતા હાલાભાઇ, ભગુભાઇ તથા ચિમનભાઇને વહેલા ઉઠાડે. મુખ ધોવડાવી, કપડાં પહેરાવી, ફોફલિયા વાડાની મનમોહનજીની શેરીમાં આવેલા ઉપાશ્રયમાં ગોરજી શ્રી લાવણ્યવિજયજી મહારાજ પાસે ધાર્મિક અભ્યાસ કરવા માટે મોકલતાં. તેમની પાસેથી તેઓ નવકારમંત્રથી વંદિત્તા સૂત્ર સુધીનાં તમામ સૂત્રો શીખ્યા હતા.

શેરી–મહોલ્લામાં જ્યારે ઓચ્છવો થાય, મહોત્સવો થાય ત્યારે દેરાસરની અંદર બપોરે પૂજા ભણાવાતી. તે વખતે તેમજ રાતના ભાવના સમયે નગારાં તથા કાંસીઓ વગાડવા માટે ભગુભાઈનું મન ખૂબ તલસતું. તેમાં બહુ રસ લેતા.

પ્રાચીન જૂનાં સ્તવનો, પદો વડીલો ભાવનામાં ગવડાવે અને આજુમાં બેઠેલાં નાનાં–મોટાં બધાં તે પદ ઝીલીને ગાય. પછી નગારાં સાથે કાંસીઓ વગાડે. કાંસીઓ વગાડવાનો તેમને ખૂબ શોખ હતો.

સહુ કોઇ તેમને 'ભગુ' ના લાડકા નામથી બોલાવતા. બે–ત્રણ વર્ષની ઉંમરમાં જ્યારે તેઓ રડતા ત્યારે મોં આગળ આડો હાથ રાખીને રોતા. આ જોઇ ઘરના મોટા લોકો કહેતા, 'ભગુ મુપતી,

ભગુ મુપતી.' મુપતી એટલે મુહપત્તી. સાધુ મહારાજ પાસે હોય છે તે. નાનપણથી જ આ બાળકમાં ત્યાગી–વૈરાગીનાં લક્ષણ જોવા મળતાં.

થોડા મોટા થયા, ઘરના–બહારના વાતો કરે, બધા બોલે, ત્યારે પોતે મૌન રાખીને બેસી રહે. એટલે બધા એમને મુનિ કહેતા, "આ મુનિ કંઈ નહિ બોલે."

ભાવિની ભીતરમાં છૂપાયેલા આ સત્યનો ત્યારે કોઇને પણ ખ્યાલ નહિ હોય કે આ ભગુભાઇ, આવા મહાન 'મુનિપુંગવ' થશે...! बालस्तावत् क्रिडासक्तः....! બાલ્યકાળ એ રમતનો કાળ છે. બાળકને રમવાનું ખૂબ ગમે. બાળક જંપીને બેસી ન રહે...!

ભગુભાઇની ઉંમર ત્રણ–ચાર વર્ષની થઈ હતી, ત્યારનો આ પ્રસંગ છે. શેરીમાં બધાં બાળકો રમતાં હતાં. ભગુભાઈ ઘરમાંથી નીકળ્યા અને રમતાં બાળકો જોયાં. ત્યાં જઈને રમવાને બદલે, સીધા દેરાસરમાં પહોંચી ગયા.

ઘરમાં ભગુભાઈને બોલાવ્યા, જવાબ ન મળ્યો. ચારે બાજુ તપાસ કરી, શોધ્યા પણ ન જડ્યા. સહુને ચિંતા થઈ કે "ભગુ કયાં હશે?"

ત્યાં બીજા એક ભાઇ દેરાસરમાં પહોંચી ગયા. સાથે કુટુંબી પણ હતાં. જોયું તો 'ભગુ' ભગવાનની સામે શાંતિથી બેઠો છે. ભગવાનની સામે એક નજરે જોઈ રહ્યો છે. આ જોઇને બધાંના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. સહુને થયું, "અહો! નાના આ બાળકમાં પરમાત્મા પ્રત્યે કેટલો બધો અહોભાવ છે! ભગુના હૈયામાં ભગવાનની ભક્તિ કેવી વસી છે!"

જે અવસ્થા મોટે ભાગે ચંચળ, રમતગમતની અને અજ્ઞતાની હોય છે, એ અવસ્થામાં પ્રભુભક્તિમાં તન્મય રહેવું, એનાથી અધિક ઉત્તમ સદ્‌ભાગ્ય બીજું કયું હોઇ શકે? ભગુભાઇના હૃદયમાં ભગવાનના દાસ બનવાની ઉત્કટ ઝંખના રહેતી. લાંબા સમય સુધી મંદિરમાં

ભગવાનની સામે બેસી રહેતા, ધ્યાન ધરતા. પ્રભુદર્શનથી તેમના મનનો મયૂર નાચી ઊઠતો. પ્રકૃતિ પ્રસન્ન અને પુલકિત થતી.

બાળકોના સત્કાર્યોના ભગુભાઇ અગ્રેસર હતા. બાળકોના નેતા (Leader)નું કામ તેઓ કરતા. પ્રભાત પડતાં નગરના મુખ્ય મંદિરમાં દર્શન કરવા જવાનું હોય ત્યારે ભગુભાઈ બાળકોને બોલાવી બોલાવીને ભેગા કરતા. ભેગા કરીને પોતાની આગેવાની હેઠળ બાળકોને દર્શન માટે દેરાસર લઇ જતા. બાળકો પણ પ્રેમથી પ્રભુદર્શન માટે જતાં અને આનંદ પામતાં.

પાંચ વર્ષની ઉંમરમાં મહોલ્લા–શેરીમાં છોકરાઓની સાથે ભગુભાઈ રમત રમવા માટે ભળતા. સ્વભાવ ખૂબ જ મળતાવડો હતો. લડવા–ઝઘડવાનું તો જરા પણ પસંદ નહિ. તેઓ એટલા બધા પ્રામાણિક કે બીજા છોકરાઓ રમતગમતની અંદર ગરબડ સરબડ કરે તો પોતે નારાજ થઈને ચોરા પર બેસી જતા.

રમવાના સમયે છોકરાઓને કાંઇ વાંધો પડે તો તે બધા 'ભગુભાઈ' પાસે આવી ફરિયાદ કરતા અને ભગુભાઈ જે ન્યાય આપે તે સર્વ માન્ય રાખતા. પાછા બધા હસતા–કૂદતા અને રમતા. પોતાના મધુર સ્વભાવ અને કુશાગ્ર બુદ્ધિના કારણે, તેઓ બાળકોના ન્યાયાધીશ (Judge) બન્યા હતા. બાળકો સાથે રમત રમતાં પણ તેમનું દિલ અલિપ્ત રહેતું.

પતંગ ઉડાડવાનો શોખ. પરંતુ એક વખતે ઉડતા કબૂતરનો પગ આવી ગયો ત્યારે તેમના જીવને ખૂબ દુઃખ થયું. ત્યારથી પતંગ ઉડાડવાનું કાયમ માટે મૂકી દીધું.

સાયકલ ચલાવવાનું શિખવા માંડયું. સાયકલ શિખ્યા બાદ રોજ સાયકલ ચલાવવા માટે તેઓ દરવાજા બહાર જતા અને સાયકલ ફેરવવાનો આનંદ માણતા.

નાનપણથી જોડા પહેરવા ગમે નહિ. થોડા મોટા થતાં ગાડીમાં બેસવું પણ ગમે નહિ.

પગે ચાલીને જવું ગમે. ચાલવામાં ખૂબ આનંદ આવે.

સિનેમા જોવા કોઇ લઇ ગયું હોય તો ઝોકાં ખાય, ઊંઘી જાય, પણ જુએ નહિ. અને પૌષધ કરવા જાય તો ઉરમાં આનંદ ન માય. જાણે સ્વર્ગ મળ્યા જેવો આનંદ થાય. હા...શ ..! સંસારની જંજાળમાંથી છૂટ્યો....! એવું હૈયે લાગે. ઉપાશ્રયમાં સૂવાનું મળે, તો આનંદ કંઇ ઓર હોય....!

બાલ્યકાળથી તેમનું કાઠું એકવડું. ખાવાપીવામાં પણ ઝાઝો રસ નહિ. માનો પ્રેમ ખૂબ. ચુનીબા વાડકીમાં ખાવા આપે, તેમાંથી અડધું ખાય અને અડધું બહાર ઓટલા પર જઇ કાગડા–કૂતરા–બિલાડાંને ખવડાવી દે. બચપણથી જ બીજાને ખવડાવીને ખાવું એવી તેમની પ્રકૃતિ હતી.

સ્વભાવ ખૂબ જ પરગજુ હતો. ખાય નહિ–ખાવામાં રસ લે નહિ તેથી જનેતાને ખૂબ દુઃખ થતું.

કોઈ પણ દિવસ કોઈ ચીજ ખાવા માટે કે કોઇ પણ ચીજ પહેરવા માટેની જીદ કરી નથી.

સારા વાર–તહેવારે કુટુંબીજનો સોનાનો કંદોરો, કંઠી, પોંચીઓ, કલ્લીઓ વગેરે પહેરવા માટે આપે તો તે જોતાં તેમનું મન નારાજ થતું. પહેરવા–ઓઢવાનો કોઈપણ ઉમંગ દેખાતો નહિ. તેમજ બહાર ફરવાની પણ કોઇ લાલસા હૈયે જણાતી નહિ. બાહ્ય વ્યવહારોમાંથી મન ઉપશમ રહેતું. વિષયો વિરસ થતા રસ પ્રભુ-ભક્તિમાં વહેતો રહેતો.

શેરી–મહોલ્લામાં સહુની સાથે હળી–મળીને ચાલે, કોઇપણ નાની–મોટી વ્યક્તિની સાથે તોફાન–તકરાર કરે નહિ, તેથી શેરીમાં રહેતા વડીલો પણ તેમની વર્તણૂંકથી પ્રભાવિત થઇને બહુમાન–સન્માનથી બોલાવતા. નાનપણથી પાટણના સમાજમાં સહુ કોઈના મન ઉપર એવી સારી છાપ પડી કે, " આ છોકરો બહુ ગુણિયલ છે. બહુ શાણો છે. આગળ ઉપર નામના કાઢશે. "

વય નાની, છતાં 'ભગુભાઇ'માં આંતરિક તેમજ બાહ્ય ગુણ સૌન્દર્યની શોભા અપ્રતીમ હતી. વિનમ્ર પ્રકૃતિ તથા નિખાલસ સ્વભાવ, નાના કે મોટા સહુ કોઇની સાથે સરલ તથા સ્વચ્છ દિલથી મળી જવાની તેમની વિશિષ્ટતા ખરેખર કોઇ અજબ કોટિની હતી.

ઝઘડા–ટંટામાં પણ તે અદબવાળીને ઊભા રહેતા, ત્યારે બધા કહેતા;

"ભગુભાઈ તો મહારાજ છે."

મિત્ર મંડળમાં પણ એમનો છાપ એક ગુરુજન જેવી હતી.

ભગુભાઇની ઉંમર ૮ વર્ષની હતી ત્યારે, પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી** મ. નું ચોમાસું પાટણમાં હતું. કોટાવાળાની ધર્મશાળાના મેડા ઉપર તે સમયે પહેલ વહેલી આગમ વાચના પાટણમાં થઇ. આ આગમ વાચનાનો તમામ ખર્ચ શેઠ **શ્રી** હાલાભાઈ તરફથી હતો.

ઘરમાં ગાય–ભેંસ હતાં, તેથી દૂધ મેળવીને વલોણું કરતાં. જ્યારે સવારના વલોણું થાય ત્યારે આઠ વર્ષના ભગુભાઈ અને નવ વર્ષના ચિમનભાઈ બંને રાસ લઇને ફેરવતા. મહારાજ સાહેબ વહોરવા આવે અને આપણને છાશનો લાભ મળે, આ ભાવના હરહંમેશ રહેતી.

પહેલ વહેલી પાટણમાં થયેલી આ આગમ વાચના વખતે ભારતભરમાંથી સાડા ચારસો–પાંચસો જેટલાં સાધુ–સાધ્વી પાટણમાં ચોમાસું હતાં. આ વખતે શેઠ **શ્રી** હાલાભાઇએ સાધુ ભગવંતોની વૈયાવચ્ચનો ખૂબ લાભ લીધો હતો. સો પાટો, પચ્ચીસ લાકડાના ઘોડા, ત્રણ કાણાંવાળી માંચીઓ, સો મોરિયા મૂકવા માટેના કાંઠલા એવી ઘણી વસ્તુઓ વાચના નક્કી થયા પહેલાં કરાવી લીધી હતી. તે સિવાય બીજા ઘોડા, પચાસ પાટલાની જોડ વગેરે પણ કરાવી રાખેલ.

૫ જીવન ઘડતર

ભગવાનદાસ ભાઈ

અભ્યાસ : વ્યાવહારિક શિક્ષણ ૦ ધાર્મિક અભ્યાસ

પાંચ વર્ષની વયે શરૂઆતમાં ભગુભાઈને દેશી નિશાળમાં વિધિપૂર્વક બેસાડવામાં આવ્યા. ત્યારબાદ મુંબઈ આવવાનું બન્યું. ત્યાં અંગ્રેજી શાળામાં પ્રવેશ પામ્યા. મુંબઈની પનાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલમાં ભગુભાઇએ મેટ્રીક સુધી અભ્યાસ કર્યો. શાળાના બધા શિક્ષકો ભગુભાઈની અગાધ શક્તિ જોઇને ખુશ થતા. તેથી ભગુભાઇ શિક્ષકોના ખૂબજ કૃપાપાત્ર બન્યા હતા. બુદ્ધિશાળી એટલા કે એમને અભ્યાસ કરાવવામાં શિક્ષકને શ્રમ પડતો નહિ.

એમના અભ્યાસ ક્રમમાં અંગ્રેજી, મેથેમેટિક્સ (ગણિત) અને સંસ્કૃત ત્રણ વિષયો હતા. આ ત્રણેય વિષયો ઉપર એમનો ઘણો સારો ક્ષયોપશમ હતો, તે કારણે વિદ્યાગુરુઓ તેમને બહુમાનથી જોતા.

અભ્યાસ અંગ્રેજી માધ્યમ દ્વારા થતો, તેથી અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ ઘણું સારું હતું. જ્યારે તેઓ સ્કૂલમાં અભ્યાસ કરતા હતા, ત્યારે તેમના વર્ગના ગણિત, અંગ્રેજી અને સંસ્કૃત વિષયના પાંચ-સાત નબળા વિદ્યાર્થીઓ રોજ રાતના શિખવા આવતા તે બધાને પ્રેમથી તે તે વિષયો શિખવાડતા હતા.

તે વખતમાં મેટ્રિકની પરીક્ષામાં પંદર (૧૫) વર્ષ ઉપરના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા. તેથી ભગુભાઇ લગભગ ૧૫ વર્ષની અંદર હોવાથી મેટ્રિકની પરીક્ષા આપી શકચા ન હતા. વિદ્યાભ્યાસ છોડી ધંધામાં ભાઈઓ સાથે જોડાઇ ગયા હતા.

ધાર્મિક અભ્યાસ :

પરમાત્મા મહાવીરદેવના શાસનને સાચી રીતે ઓળખનાર અને ઓળખાવનાર, જૈનશાસનની મહાન પ્રભાવના કરનાર, ભાવિ પ્રજાને

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રનો અમૂલ્ય વારસો આપી જનાર, માર્ગ ભૂલેલાને માર્ગ દર્શાવનાર પૂજ્ય 'ઉપાધ્યાયજી મહારાજ' (યશોવિજયજી)ની કૃતિઓ ભગુભાઈના સ્વાધ્યાય જીવનનો આધાર બની. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી આત્માના ગુણોની શુદ્ધિ કરનારા મહામૂલ્યવાન એવા આ ગ્રંથરત્નોનું મનન-પૂર્વક પોતે મૂલ્ય પિછાણ્યું અને માણ્યું. સર્વને ઉપકારક બને તે માટે સકલ સંઘને તેનો સ્વાધ્યાય રસ માણવા સમજાવ્યું.

ભગુભાઈએ નાની ઉંમરમાં જે ધાર્મિક અભ્યાસ કરેલો તે આશ્ચર્ય પમાડે તેવો છે. એમના અંતરમાં પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરના જીવન અને કવને અજબ-ગજબનું આકર્ષણ જમાવ્યું હતું.

૧૨ વર્ષની વયે પંચ પ્રતિક્રમણનો અભ્યાસ અર્થ સાથે કર્યો. ઉપરાંત યોગશાસ્ત્રના ૪ (ચાર) પ્રકાશ કંઠસ્થ કરી લીધેલા.

૧૫-૧૬ વર્ષની વયે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ત્રણે ચોવીસીઓ, સવાસો, દોઢસો અને સાડાત્રણસો ગાથાનાં તત્ત્વભર્યાં સ્તવનો, પદો, સજ્ઝાયો તેઓશ્રીએ કંઠસ્થ કરી લીધાં હતાં.

૧૮-૨૦ વર્ષની વયે તેઓશ્રીએ પૂજ્ય ઉપાધ્યાયજીના સ્તવન સાહિત્યની પ્રેસ કૉપી કરી હતી. સંયમ સ્વીકાર્યા બાદ તે સંગ્રહીત વાચક જસની વાણીને "ગૂર્જર સાહિત્ય સંગ્રહ" રૂપે ગ્રંથસ્થ કર્યો. જૈન સંઘમાં એને ઠેર ઠેર આવકાર મળ્યો હતો.

પૂજ્ય ઉપાધ્યાયજીના સાહિત્યના અભ્યાસથી તેમનામાં તત્ત્વ-રુચિ પ્રગટી. તેના પ્રભાવે જડ-ચેતન વગેરેનો વિવેક જાગૃત રહ્યો. પરિણામે મુંબઈની વ્યાપારી આલમમાં તેઓ એક ન્યાયનિષ્ઠ સલાહકાર મનાયા-ગણાયા.

આ સાથે આનંદઘનજી મહારાજનાં ગૂઢાર્થભર્યાં સ્તવનો, પદો, સજ્ઝાયો એમણે કંઠસ્થ કરેલાં. બંને મહાપુરુષોના સાહિત્યમાંથી

ખૂબ તત્ત્વજ્ઞાન મેળવ્યું. ઉપરાંત યોગશાસ્ત્ર, વીતરાગ સ્તોત્ર જેવા ગ્રંથો પણ કંઠસ્થ કરી લીધા, એટલી હદ સુધી કે પુષ્પમાં પરિમલની જેમ ભગુભાઇના જીવનમાં વીતરાગ પરમાત્માના તારક ગુણો સારામાં સારી રીતે મહેંકી ઊઠ્યા.

આવા આધ્યાત્મિક અભ્યાસના આધારે નાની ઉંમરથી જ મૈત્રીભાવ, વાત્સલ્યભાવ, ક્ષમાપના, શાંતિ, પરોપકાર, કૃતજ્ઞતા એમનામાં ખૂબ ખૂબ ઝળકતા નજરે પડતા હતા. પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કર્યા બાદ આ બધા તારક ગુણો એટલી ઊંચી હદે જોવા મળતા કે એમની પાસે જનાર જૈન હોય કે જૈનેતર; પણ પવિત્ર દેહનાં દર્શન થતાં, વંદન કરતાંની સાથે આવનાર કોઇપણના હૃદયમાં તેમના ગુણો સહજ રીતે સ્પર્શી જતા હતા.

એમની જ્ઞાનસિદ્ધિ એમના પૂર્વજન્મમાં કરેલ જ્ઞાન સાધનાની સાખ પૂરતી. જીવનમાં આત્મકલ્યાણ કરનાર જિનભક્તિ, પ્રતિક્રમણ, સામાયિક, તપ–ત્યાગ–દયા–દાન–પરોપકાર વગેરે શ્રાવકના આચારોનું પાલન એમના ગૃહસ્થ જીવનને શોભાવી, સર્વ–વિરતિની સંપત્તિ આપવામાં સમર્થ બન્યાં.

તેઓ પરમાત્માની વાતો કરતાં કદી ન ધરાતા. પાંચ–સાત વ્યક્તિઓ બેઠી હોય ત્યારે વાતો કરતાં કહેતાઃ "કોઇ પણ માણસે પ્રભુ માર્ગે જવું હોય તો પ્રભુના અનેક ગુણોમાંથી–તેમનાં દર્શન–પૂજન–વંદન–ભક્તિ વગેરે કરતાં કરતાં કોઈ પણ એક ગુણ લઈને આપણા આત્મામાં, એને એવો ગોઠવી દેવો કે જેથી આપણા આત્માનો ઉદ્ધાર થાય.

કોઈ પણ ગૃહસ્થ હોય, સગાં–સંબંધી હોય, સાધુ હોય કે સાધ્વી હોય, તો પણ કોઈપણ જીવની નિંદા કરવી નહિ. ગુણાનુરાગ કેળવવો, નાના છોકરામાં પણ ગુણ દેખાતો હોય, તો તે લેવામાં આપણી મોટાઇ છે. જીવનમાં નમ્રભાવ આવ્યા સિવાય જાતનો ઉદ્ધાર થઈ શકતો નથી.

ભગવાને બતાવેલાં જે તારક તત્ત્વો આપણને જિનવાણીમાંથી મળે છે, તે મહાન તત્ત્વોને આત્મસાત્ કરવાં. જિનેશ્વર ભગવંતનાં દર્શન–પૂજન–ભક્તિ કરવી. ક્ષમા, મૈત્રી, કરુણા, સમતા આદિ ઉત્તમ ભાવો જીવનમાં કેળવવા–મેળવવા, જેથી કોઈપણ આત્મા સાથે આ ભવમાં વેર, વિરોધ, તકરાર, કજીયા થાય નહિ અને કદાચ અજ્ઞાન-વશ થયા હોય તો મનમાં નમ્રભાવ કેળવ્યો હશે તો "મિચ્છામિ દુક્કડમ્" દેવાનું મન થશે અને પાપોથી છૂટાશે."

પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રના જાપ માટે નાનપણથી જ રસિયા એવા કે સહુ કોઈને આ મંત્રનો જાપ કરવા કહેતા. બધાના આત્માનું શુભ થાય, કલ્યાણ થાય, તેવી ભાવના જગાડતા.

"સવિ જીવ કરું શાસન રસી" એ તીર્થંકર પરમાત્માની તારક ભાવના ભગુભાઈને બચપણથી જ સ્પર્શી હતી. જે ગત જન્મની આરાધનાના ફળરૂપ હતી.

નાની ઉંમરે વાલકેશ્વર, ચોપાટી પર ફરવા જાય ત્યારે હૈયામાં હંમેશાં ભગવાનની ભાવના રમેઃ "કયારે હું ચોપાટી પર એક મોટું મંદિર બનાવું?" અને શ્રીપાલનગરનું મંદિર બન્યું ત્યારે તેમણે કહ્યુંઃ "હું તો કરાવી ન શકયો... પણ મારી ભાવના હતી, તે પ્રમાણે બન્યું."

કોઈને દુઃખી જુએ તો હૃદય દ્રવી ઉઠે. સહાય કર્યા વિના ન રહે, ધર્મમાં જોડે. સાધુ સમાગમ ખૂબ ગમે, અને આરાધના સહુ સાથે કરે. મોટાઈ મળે નહિ. નમ્રતા તો પાર વગરની અને સહુને સહાયક થવાની ભાવના પૂરેપૂરી.

૭ વૈરાગ્યમેવ અભયમ્।

આ ભીમ ભયાનક સંસારમાં સર્વ વસ્તુઓ–વ્યક્તિઓ ભયથી ભરેલી છે. સુખ પાછળની મૃગતૃષ્ણા પણ માનવીને ન કરવાનાં કાર્યો કરાવી, ઘણું પાપ બંધાવી, સભવ બનાવે છે. પદાર્થો પાછળનો, સુખનો રાગ માણસને રીબાવે છે, રડાવે છે અને ભયભીત બનાવે છે.

જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે—જગત તરફ વૈરાગ્ય કેળવવામાં આવે, હૃદયને મમતા રહિત કરવામાં આવે, તો તેમાંથી ઘૂંટાતી અનાસક્તિ જીવને શાશ્વતસુખના રાહે દોરે છે. અનાસક્ત યોગ આત્માને, પરમાત્મા પામવામાં સહાય કરે છે. તેથી જીવાત્માએ વૈરાગ્યભાવને પુષ્ટ કરવો જોઈએ. અનિત્યાદિ ભાવનાઓ સંસાર પ્રત્યેના વૈરાગ્યભાવને પોષી, જીવને સંયમજીવનની દ્રઢાણ કરે છે. દુનિયામાં બનતા પ્રસંગો પણ વૈરાગ્યભાવને જન્માવનારા જ બને છે, આનાથી પ્રાજ્ઞ પુરુષો સજાગ બની જાય છે અને અભયદાતા એવા વૈરાગ્યથી હૈયાને વાસિત બનાવે છે. સદા નિર્ભય બની વીરના પંથે મહાવીર બનીને વિચરે છે.

સને ૧૯૧૨માં શેઠ શ્રી હાલાભાઇ અવસાન પામ્યા. ૧૦ વર્ષની કોમળ વયે ભગુભાઈએ પ્રેમાળ પિતાજીની હૂંફ ભરી છત્ર-છાયા ગુમાવી. જાણે જીવન-સ્થંભ તૂટી ગયો હોય, તેવો હૈયાને સખત વજ્રઘાત થયો. મૃત્યુના કારમા આઘાતે, જીવનમાં એક નવો વળાંક આપ્યો. તેમના મનને નમસ્કાર મહામંત્ર પ્રત્યે દોર્યો. નવકાર એમના જીવનનો ધબકાર પ્રાણ બની ગયો. જીવનનું પ્રેય-શ્રેય અને ઉપાસ્ય બની ગયો. એમના રોમેરોમમાં રમી રહ્યો. નવકાર

નાદની રસમય આંતર વીણામાં વાગી રહ્યો. પ્રાણમાં પથરાઇ ગયેા. બુદ્ધિમાં બેસી ગયેા. વિષમ-કષાય ઉપર વિજય મેળવવામાં ફાવી ગયેા, તન-મન-વચનના યેાગેા ઉપર કાબૂ મેળવવામાં સફળ થયેા.

પંચપરમેષ્ઠિથી વાસિત હૈયામાં વૈરાગ્યભાવની સરવાણી ફૂટી. અદ્ભુત સામર્થ્ય મળ્યું. નવકાર અને નવપદે આત્માનું સંધાન સાધીને, અરિહંતના અખંડ અસાધારણ અનુગ્રહની ઉપલબ્ધિ કરી આપી. વિરહના આ વસમા દિવસેાની અનુપમ આરાધના એ તત્કાલીન જીવનના જ નહિ પણ ભાવિ જીવનના મહત્ત્વના ફેરફાર કરનાર સાધના બની ગઈ અને ભાવિની ભીતરમાં પ્રચ્છન્ન એવા પ્રાતઃસ્મરણીય આ મહાપુરુષને અધ્યાત્મયેાગી થવાની યેાગ્યતા બક્ષી.

ભગુભાઇ ૧૩ વર્ષના થયા...ત્યારે તેમનાં પૂજ્ય માતુશ્રી એમને એકલા છેાડી, ચાલી ગયાં. માનેા-મૃત્યુ પ્રસંગ નજરેા નજર જોવા મળ્યેા. સ્મશાન યાત્રામાં એ જોડાયા. મૃતદેહને ચિતા ઉપર બળતેા જોયેા. હૃદય કંપી ઊઠયું. પેાતે વિચાર મગ્ન બની ગયા. મનેામન વિચારવા લાગ્યા.

સંસારમાં જેનેા સંયેાગ છે, તેનેા વિયેાગ છે. જેનેા જન્મ છે, તેનું મરણ છે... દરેક વ્યક્તિએ આ પ્રમાણે શરીર છેાડવાનું... મૃત્યુને ભેટવાનું...અને સર્વે સ્વજનેાથી વિખૂટા પડવાનું...!

મરણ અવશ્યંભાવિ છે. આ જાણવા છતાં માનવી કેવેા ગાફેલ થઇને જીવે છે ? મનુષ્ય જીવન દ્વારા અનેક વ્યક્તિઓ અને વસ્તુઓ સાથે માલિકીના સંબંધેા જોડે છે. પરંતુ મૃત્યુરૂપી કાતર એ બધા સંબંધેાને એક પળમાં કાપી નાખે છે અને એ વસ્તુ તેમજ વ્યક્તિનેા સદાને માટે વિયેાગ કરાવે છે. કેવી કારમી છે આ સંસારની કાયાની ક્ષણભંગુરતા...!

માતાના દેહાંતનેા પ્રસંગ ભગુભાઈના હૃદય વૈરાગ્યને પુષ્ટિ આપનાર બની રહ્યેા. મરણ પામેલ વ્યક્તિ પાછળ રેાવાનેા તથા કૂટવાનેા રિવાજ હતેા, સગાં-સંબંધી-સ્નેહીઓ સહુને રડતાં-કૂટતાં જોઈને ભગુભાઈ બેાલ્યા;

"બધાંને મરવાનું છે, આપણે પણ જવાનું છે, માટે કોઈ રોકકળ કરશો નહિ. કૂટવાથી કર્મબંધન થાય, તેથી કૂટશો નહિ."

૧૩ વર્ષની ઉંમરમાં ભગુભાઈને માતા-પિતાનો વિરહ થયો. માની મમતા અને પિતાનો પ્રેમ ગુમાવ્યા છતાં, બે વડીલ બંધુઓ, બે ભાભીઓ અને એમનાં મેનાબેન, ભગુભાઈ પ્રત્યે અનહદ સ્નેહ રાખતાં. ખૂબ કાળજી લેતાં. તેથી મા-બાપના વિરહનું દુઃખ તેમને લાગતું નહિ.

ભગુભાઈ એમની ભાભી જીવીબેન સાથે રહેતા. તેમના મોટા બહેન મેનાબેન પણ ઘરમાં સાથે રહેતાં. એટલે ભાભી અને બેનની પ્રેમાળ હૂંફમાં હોંશથી બધું કાર્ય તેઓ કરતા. વાત્સલ્યભાવમાં તરબોળ બનતા. કોઈ પણ જાતની જુદાઈ જોવા ન મળતી. કુટુંબમાં સહુ સંપીને રહેતાં.

આ વાત્સલ્યભાવ આગળ ઉપર ભગુભાઈના ભાવિ જીવનમાં 'वसुधैव कुटुम्बकम्!' રૂપે પરિણામ પામ્યો.

સમગ્ર વસુધા એજ માનવ આત્માનું ચૈતન્યમય કુટુંબ છે. જેમાંથી જીવ મૈત્રીનાં સ્નેહભાવ ભર્યા-અમી ભર્યાં ઝરણાં ફૂટ્યાં.

આ સ્નેહ જ સર્વનું હિત કરનાર છે, કલ્યાણ કરનાર છે. અને મૈત્રીભાવની સાધના જ સામાયિક જીવનમાં પ્રાણ પૂરનાર છે. સર્વાત્મ સમતાભાવને સાધનાર છે.

એવા સમ્યક્‌દર્શનની ઉપલબ્ધિ કરાવનાર આ સ્નેહભાવ કે વાત્સલ્યભાવ ભગુભાઇના હૈયામાં પરિણામ પામ્યો.

પ્રથમ લગ્ન :

માતા પિતાના વિયોગ બાદ બે મોટાભાઈ લહેરુભાઇ તથા ભોગીલાલભાઈ તથા જીવીબાઇ વગેરે કુટુંબીજનો ભેગાં થયાં, વિચાર કર્યો :

"ભગુભાઈ નાના છે. ૧૪ વર્ષની ઉંમર થવા આવી છે, લોકો-જ્ઞાતિજનો લગ્ન કરવા માટે ખૂબ આગ્રહ કરે છે. તેથી આપણે ભગુભાઈનાં લગ્ન લઈ લઈએ."

ભગુભાઈનાં લગ્ન લેવાનો–કરવાનો વિચાર આમ તો તેમનાં માતુશ્રી ચુનીબેનની હયાતીમાં થયો હતો : "કાકીને મંદવાડ છે. આયુષ્યની ખબર નથી તેથી ભગુભાઈને વેળાસર પરણાવી દઈએ."

પરંતુ ભગુભાઇ તે સમયે વયમાં નાના હતા. એટલે લગ્ન કરવાની ના પાડતા હતા. તેમનું સગપણ ચાર વર્ષની વયે થયું હતું. મા માંદાં રહેતાં, તેથી લગ્ન કરવાની વાત સહુ કુટુંબીજનો વારંવાર કરતાં, પણ ભગુભાઈ ના પાડતા. કહેતા કે "મારે હજી અભ્યાસ કરવો છે." પરિણામે માતાજીની હયાતીમાં થઈ શકયાં નહિ. માતુશ્રી ગુજરી ગયા બાદ કુટુંબીજનોએ ખૂબ આગ્રહ કર્યો અને લગ્ન લેવાયાં સંવત ૧૯૭૩માં....

આ કુટુંબની જાહોજલાલી તથા ખાનદાની સારામાં સારી હતી. લગ્ન હતું તેથી વડીલભાઇઓને આનંદ હતો. કુટુંબીજનોએ ખૂબ ધામધૂમથી ભગુભાઈનાં લગ્ન કર્યાં. લગ્ન સમયે નવકારશીનું જમણ થયું.

ભગુભાઈનું લગ્ન થયું તે કન્યાની ઉંમર લગભગ ૧૩ વર્ષ જેટલી હશે. આગળના સમયમાં અંગ્રેજી અભ્યાસ છોકરીઓમાં–કન્યાઓમાં કરાવવાનો ન હતો. તેથી મા–બાપ ગુજરાતી છ–સાત –ધોરણ સુધી ભણાવતાં, સાથે સાથે ધાર્મિક અભ્યાસ પણ કરાવતાં. ૬૦–૭૦ વર્ષ પહેલાં આ પ્રમાણેનો રિવાજ જોવા મળતો.

કન્યાનું નામ ચંપાબેન હતું. તેમના પિતાશ્રી બાલુભાઇ પાટણમાં કનાસાના પાડામાં રહેતા હતા. ઉંમર નાની છતાં, ચંપાબેન બહુ ગુણિયલ હતાં. સ્વભાવે શાંત અને વિનય–વિવેકવાળાં હતાં. ખાનદાન કુલીન કુટુંબનાં સંતાનોમાં આવાં સુંદર લક્ષણો કે ગુણો હોય તેમાં કાંઇ નવાઇ નથી.

લગ્ન બાદ ભગુભાઇ તથા તેમનાં પત્ની ચંપાબેન મુંબઈ આવ્યાં. મુંબઈ દોઢેક વરસ રહ્યા. પછી તેઓને પાટણ પાછા

ફરવાનું થયું. પાટણમાં આવીને માતા–પિતા પાછળ ઔચ્છવ–મહોત્સવ કર્યો, તેથી પાટણમાં છ મહિના રહેવાનું બન્યું.

આ સમયમાં પાટણમાં રોગચાળો ફાટી નીકળ્યો. રોગ હતો ઈન્ફ્લ્યુએન્ઝા. આ રોગમાં ચંપાબેન સપડાયાં. અઠવાડિયું તાવ આવ્યો અને ૧૫ વર્ષની આસપાસનાં ચંપાબેનના જીવનની ખીલતી કળી એકાએક કરમાઇ ગઈ. તેમનું પ્રાણ પંખેરું ઊડી ગયું.

કુટુંબમાં કરુણ અને અસહ્ય પ્રસંગ બની ગયો. સ્મશાન યાત્રામાંથી સહુ પાછા વળ્યા. મહોલ્લામાં રોતાં–કકળતાં બૈરાં દાખલ થયાં. ઘર તરફ જતાં, ઘરે પહોંચ્યાં અને સ્ત્રી–પુરુષો વિખરાઇ ગયાં.

એ સમયે એવો રિવાજ હતો કે કોઇ પણ પુરુષ વિધુર બને તો તરત જ તેનું સગપણ થઈ જતું.

ભગુભાઇ માટે પણ આમ બન્યું. તે દિવસે વીસથી પચ્ચીસ કન્યાઓના સંબંધીઓનાં ભગુભાઇના સગપણ માટે કહેણ આવ્યાં. ભગુભાઇએ તો હજી સ્મશાનથી આવી, નાહી ધોઇને પૂરાં કપડાં પણ પહેર્યાં નહોતાં, ત્યાં તો તેમના કાને બીજા સગપણની વાતો ગૂંજવા માંડી. તરત જ વડીલોએ સગપણ કરી નાખવા માટે પોતાનો વિચાર ભગુભાઈને જણાવ્યો, ત્યારે ભગુભાઇએ કહ્યું; "ભાઈ... આ... સારું નથી, હજી એનાં પિયરિયાં તો કનાસાના પાડે રોતાં રોતાં એમના ઘરે પણ પહોંચ્યાં નથી અને તમો બધા સગપણની વાત કરો છો ? એક બાજુ મરણ...! અને મરણ એટલે શોક, અને બીજી બાજુ ખુશાલી...! શોકમાં સગપણ... ખુશાલીનું કામ કરવું તે કેટલું બધું ખરાબ કહેવાય...? મારે સગપણ કરવું નથી, અને મારે પરણવું પણ નથી, મારે તો હવે ભણવું છે..."

છતાં કુટુંબીજનો માન્યાં નહિ. તેમણે તો સમજાવવાની મહેનત ચાલુ રાખી, ત્રણ–ચાર કલાકની એ મહેનત પછી સાંજના મહા પરાણે, પોતાની ના–મરજી હોવા છતાં કુટુંબીજનોના દબાણથી ભગુભાઇએ એટલું કહ્યું, "ત્રણ–ચાર વર્ષ પછી લગ્ન થાય, એવી રીતે સગપણ કરજો..."

પંદર–વીસ કન્યાઓનાં તે સમયે આવેલાં કહેણુમાંથી ફોફલિયા-વાડાના છોટાલાલ મોતીલાલ ઝવેરીની દીકરી હીરાબેન સાથે, ભગુ-ભાઇનાં સગપણ નક્કી થયાં.

ધર્મપત્ની હીરાબેન :

હીરાબેન લગભગ ભગુભાઇ જેવડી ઉંમરનાં હતાં. ભગુભાઇનાં કુટુંબીજનોએ આ કન્યાને જોયેલી નહિ. કારણકે કન્યાની મા તેની નાની ઉંમરમાં ગુજરી જવાથી, તે એના મોસાળમાં રહેતી હતી. એનાં મોસાળિયાં કાઠિયાવાડ વેરાવળમાં ધંધાર્થે રહેતાં હતાં તેથી હીરાબેન નાનપણથી મોટાં ત્યાં થયાં હતાં. પાટણમાં કોઈ કોઇ વખતે આવે, પણ જોવામાં ન આવે.

ભગુભાઇ સાથે સગપણ કર્યા બાદ, હીરાબેન પાટણમાં આવી ગયાં. મહોલ્લાની શેરીમાં તેમના પિતાનું ઘર હતું. ઘરની બાજુમાં મનમોહન પાર્શ્વનાથનું દેરાસર અને શંખેશ્વર પાર્શ્વનાથનું દેરાસર હતું. દેરાસરની પાસેના ઓટલા ઉપર હીરાબેન સવારના દાતણ કરવા બેઠાં હોય.

એક દિવસ ભગુભાઈ તથા ચિમનભાઇ દેરાસરમાં દર્શન કરવા આવ્યા. દર્શન કરી બહાર નીકળતાં, તેઓ બંનેએ હીરાબેનને જોયાં. પણ બંને તેમને ઓળખે નહિ. તેમને જોતાં જોતાં તે બડકીની બહાર નીકળ્યા. તે બડકીની બહાર એક ઘરવાળાં બાઇ દાતણ કરતાં હતાં. તે બાઇએ કહ્યું;

" ચિમન...કાલે સગપણ કર્યું એ જ આ હીરા. એ જ તમારાં કાકી બેઠાં છે. તમો કાકીને જોવા આવ્યા છો...? "

" ના... ના. અમો દર્શન કરવા આવ્યા છીએ. " એમ કહેતા તેઓ શેરીમાં દોડી ગયા...!

સંવત ૧૯૭૫ના વૈશાખ માસમાં સોળ વર્ષની વયે ભગુભાઈ હીરાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. બંને સરખી વયનાં હતાં.

લંબાઇમાં પણ હીરાબેન, ભગુભાઈ જેટલાં જ હતાં. તેઓ ધાર્મિક વિચાર ધરાવતાં. તેમના પિયરનું ઘર સારું અને સંસ્કારી ગણાતું. સોના–ચાંદીનો તેમના પિતાનો ધંધો હતો. તેથી પૈસે ટકે સુખી હતાં. સાધુ સાધ્વીજીના પરિચયમાં હોવાથી હીરાબેનમાં જૈનકુળના આચાર–સંસ્કારો સારા જોવા મળતા હતા.

બીજી વારનાં લગ્ન કરવાની ભગુભાઇની બિલકુલ ઇચ્છા ન હતી. છતાં કુટુંબીજનોના આગ્રહથી આ લગ્ન થયાં. રાત્રે લગ્ન થયાં અને સવારે ચાર વાગે જાનને વળાવવામાં આવી. ભગુભાઈએ લગ્ન કરી આવીને પોતાની ધર્મપત્ની હીરાબેનને પ્રતિક્રમણ કરવા બેસાડ્યાં.

ભગુભાઈનો આત્મા ખરેખર ઉચ્ચ કોટિનો હતો. તેમનું સંસારી જીવન અપૂર્વ અને અનુપમ આરાધક કોટિનું આદર્શ હતું. સાંસારિક સુખો પ્રત્યે તેઓને મોહ કે મમતા સંસારમાં રહેવા છતાં સ્પર્શી શકયાં ન હતાં.

લગ્ન કર્યા બાદ તરત જ હીરાબેનને ભગુભાઇ સાથે મુંબઈ આવવાનું થયું. મુંબઇ જેવી મોહમયી નગરી, ભર યુવાન વય, વિલાસી વાતાવરણ વચ્ચે પણ ભાગ્યશાળી ભગુભાઇનો આત્મા પૂર્વની આરાધનાના દૃઢ સંસ્કારોના બળે જલકમલવત્ સંસારમાં વિરક્તભાવે વસતો હતો.

શ્રી કર્પૂરવિજયજી મહારાજ સાહેબ સાથે સમાગમ–મેળાપઃ

૧૬–૧૭ વર્ષની વયે ભગવાનદાસભાઈને એક ત્યાગી, વૈરાગી યોગી પુરુષ સાથે ભેટો થયો. એ મહાત્મા હતા શ્રી કર્પૂરવિજયજી મહારાજ સાહેબ. તેઓ ડીસા પાસે આવેલા સમૌ નામના ગામમાં બિરાજતા હતા.

જેસંગભાઈ ભગવાનદાસભાઇના એક સન્મિત્ર હતા. તેઓ ધાર્મિક વિચારના હતા. તેઓશ્રી કર્પૂરવિજયજી મહારાજ સાહેબના પરિચયમાં હતા. ભગવાનદાસભાઈને તેમણે વાત કરી. એટલે તેઓ બંને આ યોગી મહાત્માને વંદન કરવા મુંબઇથી સમૌ આવ્યા.

ભગવાનદાસભાઇને આ મહાત્માનો પ્રથમ વાર જ પરિચય થયેા. એ શાંતમૂર્તિનાં પવિત્ર દર્શન–વંદનનેા લાભ મળ્યેા. એમનાં દર્શન–વંદનમાં તથા વાતચીતથી ભગવાનદાસભાઇના હૃદયમાં એમના પ્રત્યે ખૂબ જ આદર અને ભક્તિભાવ જાગ્યેા, હૃદયમાં અનેરું આકર્ષણ જન્મ્યું. મહાત્માનું સ્વરૂપ હૈયે વસી ગયું.

અવાર નવાર તેઓ આ મહાત્મા જ્યાં જ્યાં ચાતુર્માસમાં બિરાજતા હેાય ત્યાં ત્યાં તેઓ જેસંગભાઈ સાથે વંદન કરવા જતા.

ક્ષમા–શાંતિ–સમતા–મૈત્રી–કરુણા–પરેાપકાર વગેરે અનેક ગુણેા પૂજ્ય મહારાજ સાહેબના મુખ ઉપર તરવરતા, તે ગુણેા અને તે ભાવેા આ બંને ભક્તોના હૃદયની અંદર સારી રીતે પ્રસરી જતા.

શ્રી કર્પૂરવિજયજી મહારાજ સાહેબના સમાગમથી ભગવાનદાસભાઇના હૃદયમાં ત્યાગ વૈરાગ્યની ભાવના દિન–પ્રતિદિન ખૂબ ખૂબ વધવા લાગી. એ મહાપુરુષના ગુણેાની અંતઃકરણપૂર્વક તેઓ ખૂબ ખૂબ પ્રશંસા કરતા હતા. અને તે ગુણેા પેાતાનામાં આવે તેવું ઇચ્છતા હતા.

શ્રી કર્પૂરવિજયજી મહારાજ સાહેબનેા સ્વભાવ શાંત હતેા. વચન મધુર હતું. આકૃતિ આકર્ષક હતી. તેની અસરથી ભગવાનદાસભાઇના જીવનમાં પણ શાંત સ્વભાવ, પ્રિયવચન ઇત્યાદિ ગુણેા સારી રીતે ઓતપ્રેાત થયેલા દેખાતા હતા.

પછી તેા ભગવાનદાસભાઇ અનેક ત્યાગી વૈરાગી સંયમી એવા આચાર્ય ભગવંતેા, ઉપાધ્યાય ભગવંતેા તથા સાધુ ભગવંતેાના પરિચયમાં દિન પ્રતિદિન આવતા ગયા. તેમના સંયમ–સંસ્કારને જીવનમાં ઝીલતા થયા. તે રંગે રંગાતા ગયા. (તેનું પરિણામ, છેવટે પેાતે ભર યુવાન વયમાં સંસાર ત્યાગ કરીને પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરવામાં આવ્યું.)

૧૬મા વર્ષે ધંધો–વેપાર :

૧૬ મા વર્ષે એરંડાની દલાલીના ધંધામાં ઝંપલાવ્યું. મુંબઈમાં બીયા બજારની પેઢીમાં ભાઈઓ સાથે ભગુભાઇ ધંધામાં લાગી ગયા.

તે સમયે હાલાભાઇ મગનચંદની પેઢીનો વેપાર–વેચાણ માટે મંદીમાં હતો. સંવત ૧૯૮૦ની સાલમાં એરંડાના ધંધામાં, બજારમાં એક માણસે ખેલો (= માલ કબજે) કર્યો. ભાવનો વધારો કરી, માલ પોતાની તરફ ખેંચે રાખ્યો. તેમાં ભાવ એકદમ વધતા ગયા. તે માલ ખરીદ કરતો જાય, તેથી વેચવાવાળા બધા ફસાઇ ગયા.

જ્યારે માલની ડીલીવરી લેવાનો સમય આવ્યો ત્યારે વેચાણ વાળાએ સો સો ખાંડીના ઓર્ડરો કાઢયા. તેથી તે ઓર્ડરો તેજી વાળી પાર્ટી કે જેણે આ ખેલો ઉપાડ્યો હતો, તેની પાસે ગયા. તેણે માલ તોલવો શરૂ કર્યો. ૩૦% માલ તોલ્યો. પછી બીજો માલ તોલવા માટે તેની પાસે પૈસાની પૂરતી સગવડ નહિ હોવાથી તે માલ તોલતો બંધ થયો, એટલે બજારમાં ખબર પડતાં એકદમ બજાર ઘટી ગયું. દેશાવરમાં માલ ઘણો હતો, ત્યાં પણ ભાવ એકદમ ઘટી ગયા. પેલી તેજીવાળી પાર્ટી માલ તોલી શકી નહિ, તેથી દેવાળું કાઢયું.

આ બાજુ હાલાભાઇની પેઢીએ દેશાવરમાંથી લાખો રૂપિયાનો માલ ઊંચા ભાવે ખરીદ કરી, આ તેજીવાળાને ડીલીવરી આપવા માટે લાવેલા. જ્યારે તે તોલતાં અટક્યો એટલે માલવાળી પાર્ટીઓએ જણાવ્યું, " જેટલો માલ કાંટા પર તોલો, તેટલા પૈસા આપો. " તે ન આપી શકવાથી તે પાર્ટી નિષ્ફળ. (Failed) ગઇ. અને બજાર એકદમ બેસી ગયું. સોએ પહોંચેલો ખાંડીનો ભાવ ધીમે ધીમે ઘટીને ચાર દિવસમાં ૨૫ રૂપિયા થઇ ગયો. (ખાંડી એટલે ૨૦ મણ).

આ સમાચાર વિલાયતમાં પહોંચતાં પરદેશી ખરીદ કરનારાઓ પણ માલ લેતાં અટકી ગયા. એટલે હાજરના ભાવ એકદમ તૂટી

ગયા. આથી હાલાભાઇની પેઢીને લાખો રૂપિયાનું નુકશાન થઈ ગયું. પરિણામે પેઢીને તેલિબિયાંનો ધંધો બંધ કરવો પડ્યો.

ત્યારબાદ ભોગીલાલભાઈએ એક બ્રિટિશ કંપનીની સાથે બિયાંનો ધંધો શરૂ કર્યો. તે કંપનીના સાહેબનો કાપડનો વેપાર મોટો હતો. તે સાથે બીજી ચીજો પણ વેપારીઓનો ઓર્ડર મંગાવીને પરદેશમાંથી તે માલ મોકલતો હતો. નસીબજોગે સીંગદાણાનો તેની સાથે ધંધો કર્યો. તેમાં ભગવાનદાસભાઇ બિયાંનું કામકાજ કરવા માટે મોટાભાઇ સાથે ઓફિસમાં રહેતા હતા. સીંગદાણા અને અળસીના ધંધામાં સારા એવા પ્રમાણમાં પૈસા કમાયા. પણ નસીબ બે ડગલાં આગળનું આગળ હતું. એવું બન્યું કે આ સાહેબે ખાંડનો ખેલો (સટ્ટો) ઉપાડ્યો અને બજારમાં ખાંડના ભાવ એકદમ વધારી દીધા. આ બાજુ ખાંડ બજારના વેચાણવાળા મોટા વેપારીઓએ પરદેશમાંથી ખાંડ મંગાવી. ખાંડનો માલ પરદેશમાંથી મુંબઇ ન આવે તે માટે સ્ટીમરોને રસ્તામાં રોકવાનો પ્રયત્ન પેલા સાહેબે કર્યો. પરંતુ માલ ભરેલી સ્ટીમરની કંપનીઓએ માલને મુંબઈના કિનારે ઉતારી દીધો. તેમાં આ ઓફિસ (Failed) નિષ્ફળ ગઈ એના સાહેબને બહુ મોટું નુકશાન થયું. તેથી ખૂબ જ આઘાત લાગ્યો અને તે ગુજરી ગયો. સીંગદાણામાં ભોગીલાલભાઇને ૨ લાખનો નફો લેવાનો હતો. પરંતુ આ ઓફિસ ખાંડના ધંધામાં નિષ્ફળ જવાથી, તે નફો જતો રહ્યો. ઉપરથી ઘરનાં નાણાનું વીસ–પચ્ચીસ હજારનું પાણી થઇ ગયું.

ત્યારબાદ ભગવાનદાસભાઇ અને ચિમનભાઈ બંનેએ રૂ બજાર અને અળસી બજારમાં દલાલીનો ધંધો શરૂ કર્યો. શ્રીમંત મારવાડી દલાલ–ભીમરાજ હરલાલકાની સાથે સબ બ્રોકર દલાલી કરવાનું એના નામથી શરૂ કર્યું. તે સમયે ગુજરાતી વેપારીઓની ૫૦–૬૦ પેઢીઓ ચાલતી હતી. તે પેઢીઓ ભગુભાઇને પ્રામાણિક માણસ જાણી, સોદો આપતા હતા. અળસી, રૂ અને ઘઉં આ ત્રણનો સોદો આપે તે બજારમાં કરી વેપારીઓને કહી જતા.

આ દલાલીના ધંધામાં સારી એવી કમાણી થતી હતી. પણ આ વાયદા બજાર હોવાથી એક બે પાર્ટી નિષ્ફળ જતાં, નફો ખર્ચા જોગ રહેતો. બાકી ઘાલખાદ લાગતી. છતાં ભગવાનદાસભાઈ જૂઠું બોલવાથી હંમેશાં દૂર જ રહેતા. અપ્રામાણિકતાનું તો નામ નહિ. બજારનાં સમયે તેઓ કલાક બે કલાક આવતા અને બજારની વધ-ઘટના સમાચાર જાણી આયંબિલ ખાતામાં કે ઉપાશ્રયમાં જતા. આવા સમયે પણ તેમણે તથા અમદાવાદવાળા ચિમનભાઈ પટવા મુંબઈ વર્ધમાન તપ આયંબિલ ખાતુ સંભાળવા લાગ્યા અને બેઉ ધાર્મિક મિત્રોએ, સેક્રેટરી તરીકે સેવા આપવાનું કાર્ય કરવા માંડયું. મુંબઇના ધમાલિયા જીવનમાં પણ ભગવાનદાસભાઇ રોજ પાયધુની દેરાસરમાં પ્રભુની અષ્ટપ્રકારી પૂજા ખૂબજ ભક્તિભાવથી–શાંતિથી કરતા.

૭ પારિવારિક જીવન

ગૃહસ્થ જીવન

ધર્મપત્ની હીરાબેનનો તેમને ધર્મકાર્યમાં સાથ અને સહકાર હતો. મુંબઈમાં બધાં કુટુંબીજનો સાથે, હીરાબેન હળી મળીને રહેતાં હતાં. પચ્ચીસ માણસનું કુટુંબ હતું. બધાં એક બીજાને સ્નેહથી ભીંજવી દેતાં. કોઈ પણ દિવસ ઊંચું મન કર્યા વિના, ઘરનું તેમજ બહારનું બધું કામ સંભાળપૂર્વક સલાહ સંપથી સહુ કરતાં હતાં. કદી કોઈ દિવસ ઊંચા અવાજે બોલ્યાં હોય, ઝઘડ્યાં હોય, એવું કુટુંબીજનોને યાદ નથી.

હીરાબેન બહુ સાત્વિક વૃત્તિનાં હતાં. તપશ્ચર્યા અવાર નવાર કરતાં. કાયમ એકાસણાં ઉપરાંત આયંબિલ કરતાં હતાં. સવાર સાંજ પ્રતિક્રમણ, જિન દર્શન, પૂજન, નિત્ય વ્યાખ્યાન શ્રવણ, ઘેર આવીને ઘરકામથી પરવારી સામાયિક કરતાં. ધર્મ ધ્યાન કરતાં. ધાર્મિક અભ્યાસ પણ પાઠશાળામાં જઈને કરતાં હતાં. તપ–ત્યાગપૂર્વક સંયમનું જીવન જીવતાં હતાં. સાથે સાથે ઘરકામ સાચવતાં, આત્મ-કલ્યાણ કરતાં, સહુની પ્રીતિ મેળવતાં હતાં.

આઠ વર્ષ બાદ સંવત ૧૯૮૩માં હીરાબેને પુત્ર ને જન્મ આપ્યો.

બ્રહ્મચર્યનો બંધ :

પછીના વર્ષે શ્રી નગીનદાસભાઇ કરમચંદભાઇ તરફથી કચ્છની યાત્રા માટે સંઘ નીકળ્યો. ત્યારે....પહેલા મુકામમાં સંસાર અને દેહનું દર્શન કરતાં, ભગવાનદાસભાઇ વિચારવા લાગ્યા– આ દેહની પ્રીતિ કેટલી પીડા અને અશાતા આપે છે, ત્યાં બીજા દેહ સાથેની પ્રીતિ થકી કેટલી બધી ઉપાધિઓ ભોગવવી પડે છે. તેનાં ક્લેશનાં વર્ણન પણ કેવી અરેરાટી જન્માવે તેવાં હોય છે.

વિષયસુખ એ પુદ્ગલસુખ છે. ઉછીનું લીધેલું સુખ છે. પર-વસ્તુમાં સુખનું આરોપણ છે. તેની મીઠાશ ભોગવનારને તેટલી જ કડવાશ ભોગવવી પડે છે.

વિષયમાં કેવી ભયંકર પરવશતા છે. આખી જિંદગી એમાં કોઇના ગુલામ બની રહેવાનું સર્જાય છે. વાણી વર્તન એટલું જ નહિ પણ મનને એમાં દિન-રાત સાચવ્યા કરવાનું, તેમ છતાં ભાગ્યમાં શું આવવાનું ? સંસારની નરી પરવશતા.

જીવને આ બધું સહી ગયું છે, તેથી વિચારવાની એને કયાં કુરસદ છે ? પોતે આખા બ્રહ્માંડનો માલિક બની શકે તેવી ક્ષમતા ધરાવનારો, વિષયમાં ડૂબી પરવશ બની જાય તે આત્માની કેવી કરુણાજનક પરિસ્થિતિ !

વિષયને જીવન અને સર્વસ્વ માનનાર જગતને કયાં ખબર છે કે તે માત્ર મરણ તુલ્ય છે....પણ કોણ કોને ચેતવે...?

વિષયમાં ફસાય તેનું મહામૂલ્યવાન જીવન ધૂળધાણી થઈ જાય. વિષયના મોહમાં મનુષ્ય અમૂલ્ય એવું ચારિત્ર ખોઈ નાંખે છે. વિષય એ જ ભયંકર આત્મઘાત છે. તે મધુરું પણ વિષ સમાન છે. અનંત જન્મ-મરણ-કારણ છે.

વિષયની બળતરાનું કારણ તેના પ્રત્યેની ઘોર આસક્તિ છે અને તે સર્વ આસક્તિનો આધાર વિષયના વાસ્તવિક સ્વરૂપની અજ્ઞાનતા છે.

વિષયની મૂર્છામાંથી જાગવું, તે જ ઊર્ધ્વજીવન પ્રત્યેના પ્રયાણનો પુરુષાર્થ. જેને સંસારનાં સર્વ બંધનોમાંથી મુક્ત થવું છે, તે જો એક વિષય બંધનથી મુક્ત થયો તો સર્વ બંધનો સહેજે છૂટે છે, જે આ એક વિષય સંબંધથી છૂટયો, તે તમામ ઉપાધિથી મુક્ત થાય છે.

સંપૂર્ણ બ્રહ્મચર્યના પાલન થકી જ વિષયાસક્તિની જડ નિર્મૂળ થઈ જાય તેમ છે. બ્રહ્મચર્યનું પરિપૂર્ણ જતન કરે છે, તે ચારિત્રવાન કે શીલવાન પુરુષ કહેવાય છે.

શીલવાન સિવાય જગત કોઈથી પ્રતિબોધ પામે નહિ. આખા જગતમાં એક જ શીલવાન પુરુષ હોય તો પણ એના વડે આખું જગત જાગે, ઊર્ધ્વજીવનનું પરિણામ પામે, પરમ પદ પર પ્રતિષ્ઠા સ્થાપે, સંપૂર્ણ સંયમ પામે, ત્યારથી તે સ્વશુદ્ધ આત્મસુખ ચાખે.

વિષય વિના કેટલા જીવન જીવી ગયા, એટલું જ નહિ પણ સિદ્ધ થયા. આત્મા અનંત સુખનું ધામ છે. નિરાલંબ સ્વરૂપ છે. મેરૂ પર્વતની જેમ અડોલ રહેવા, વિષય પ્રત્યે વૈરાગ્યને ઝળહળતો રાખવા.

દૃષ્ટિદોષ, સ્પર્શદોષ, સંગદોષને પરિહરવા, વ્યવહારમાં સાવધ-સજાગ રહેવા, આત્માનું સ્પષ્ટ વેદન દેહ દ્વારા જ અનુભવવા માટેની સમજ પાકી કરીને દેવ-દુર્લભ એવા ચોથા વ્રતના ખપનો સ્વીકાર કરવા ભગવાનદાસભાઈએ મનમાં દૃઢ નિશ્ચય કર્યો.

દુષમકાળના આ વિકરાળ મહામોહનીય વાતાવરણમાં 'શીલ'ની સુગંધ માણવા, પ્રસારવા પોતે કટિબદ્ધ થયા. પરમ પૂજ્ય આચાર્ય શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ પાસે આવ્યા અને દેવ-ગુરૂ અને સંઘની સમક્ષ ચોથું વ્રત ઉચ્ચરી બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો.

ગોત્રજના દિવસે પુત્રનું નામ પાડયું જિતેન્દ્રલાલ. નાનપણથી કુટુંબીજનો જીતુભાઇને 'બચુ' 'બચુ' એવા લાડકા નામથી બોલાવતા હતા. મુંબઈમાં રહેતા પાડોશીઓ ભગુભાઈના આ એકના એક દીકરાને જોઈ ખુશ થતા.

જીતુભાઈ બચપણથી બહુ જ નબળા હતા. ખાધેલો ખોરાક પચતો ન હતો. લગભગ છ-સાત વરસ સુધી, દેશી વૈદ્યોની દવાઓ કરી, છતાં સુધારો કૈં લાગતો નહોતો.

એક વખત વૈદ્યે મધની અંદર દવા આવાનું અનુપાન આપ્યું. હીરાબેન મધની શીશી ખરીદી ઘેર આવ્યાં ભગુભાઇ બાર વાગે ઉપાશ્રયેથી ઘેર આવ્યા. પુસ્તકોના કબાટ ઉપર ટપાલ રાખી મૂકવામાં આવતી, ત્યાં આગળ મધની શીશી જોઈ, પૂછપરછ કરી, "આ મધ કોણ લાવ્યું છે ?"

હીરાબેને જણાવ્યું, "છોકરાને મધની અંદર દવા ચટાડવાની છે, તેથી હું લાવી છું. મને ખબર છે કે મધ ન ખવાય. છતાં વૈદ્યે બહુ આગ્રહ કર્યો અને કહ્યું કે છોકરાની તબિયત માટે દવા તો મધની સાથે જ લેવી પડશે. ગોળ કે ખાંડની ચાસણી કામમાં નહિ આવે, એટલે હું વૈદ્યના આગ્રહથી આ શીશી લેતી આવી છું."

કૈં પણ બોલ્યા વિના ભગુભાઇએ આ શીશી કપડામાં વીંટી આખીને આખી સીધી ગટરમાં ફેંકી દીધી.

પોતાના સંતાનના પેટમાં અભક્ષ્ય ન જાય તેની પૂરેપૂરી કાળજી એ રાખતા હતા.

સંવત ૧૯૮૫માં સુરતમાં ચૈત્રમાસની નવપદજીની ઓળી નક્કી થઈ. ભગુભાઇ સુરત ઓળી કરવા આવ્યા. આ સમયે જિતુભાઇને ગળા પર એક ફોડકી થઈ. ધીમે ધીમે તે વધીને ગુમડા જેવી થઇ. એકદમ ૧૦૩–થી–૧૦૪ ડીગ્રી તાવ રહેવા માંડયો. કપાળથી માંડીને નીચે ગળા સુધી એકદમ સોજો વધી ગયો.

ઓળી પૂરી થતાં તેઓ બધાં સુરતથી મુંબઇ આવ્યાં, ડોકટર દલાલને બતાવ્યું. ડોકટરે તાત્કાલિક ઓપરેશન કરવા જણાવ્યું.

કુટુંબીજનોએ ભગુભાઇને વાત કરી કે ડોકટર તો "હમણાં ને હમણાં ઓપરેશન કરવાનું કહે છે. નહિ કરાવો તો છોકરો મરી જશે."

ભગવાનદાસભાઇએ જણાવ્યું કે "ઓપરેશન કરાવવાની કૈં જરૂર નથી. કાલ સવારે નળ બજારમાં બકરીવાળા હકીમ પાસે એને લઈ જજો. અને બતાવજો. તે પટી મારી આપશે તેથી ગુમડું બીજા દિવસે ફૂટી જશે."

બીજા દિવસે સવારના હીરાબેન અને ચિમનભાઈ જીતુભાઇને લઈ બકરીવાળા વૈદ્યને ત્યાં ગયા. લાઇનમાં ઊભા રહ્યા. વારો આવે બતાવ્યું. બકરીવાળા વોરાને, ડાક્તરના ઓપરેશનની બધી હકીકત કહી. બકરીવાળા વોરાએ પટી લગાવી દીધી અને બીજા દિવસે આવવા જણાવ્યું.

પટી લગાવ્યા બાદ, આખી રાત જિતુભાઈ ને ખૂબ તાવ રહ્યો. ગુમડાને કારણે ખૂબ મોટો સોજો આવી ગયો. આંખો બેઉ ખૂલે નહિ. ત્યાં પણ સોજો હતો. તેની વેદનાથી છોકરાએ આખી રાત રડ્યા કર્યું. ઘરવાળાં પણ જાગતાં રહ્યાં.

બીજા દિવસે સવારના પ્રતિક્રમણ કરીને ભગુભાઇ ઊભા થયા અને બોલ્યા, "તમો બધાં શું કામ રડો છો? ધર્મ પસાયે સારું થશે. ચિંતા કરતા નહિ. આજ પાછા લઇ જવાનું કહ્યું છે તે લઈ જજો."

સવારે નવ વાગે વૈદ્યને ત્યાં ગયા. હીરાબેનને ખૂબ રડતાં જોઈ બકરીવાળા પોતે ગાદી પરથી ઊભા થયા. છોકરાની પાસે આવ્યા. તરત જ પટ્ટી ખેંચી. ખેંચતાં જ તેમાંથી દોઢ પાશેર જેટલું લોહી પરુ નીકળ્યું. એટલા બધા જોશથી ધાર પડી કે ગુમડામાં ત્રણ કાણાં પડી ગયાં. રસી નીકળતાંની સાથે બાર આની સોજો ઉતરી ગયો. છોકરો શાંત થઈ ગયો. તે જગાએ નવી પટી લગાડી દીધી. અઠવાડિયામાં છોકરાને તદ્દન સારું થઇ ગયું.

ભગવાનદાસભાઇના હૈયામાં ધર્મ પ્રત્યે કેવી અપાર અને અચળ શ્રદ્ધા હતી! મમત્વના પ્રસંગે પણ સમત્વની ઝાંખી આવા પ્રસંગે જોવા મળતી.

જિતુભાઈ :

જિતુભાઈ ચાર વરસના થયા. ધર્મપત્ની હીરાબેન અને પુત્રની યોગ્ય વ્યવસ્થા કરીને ભગુભાઇ શ્રી વીતરાગ પરમાત્માના શાસનને સમર્પિત થયા.

દશ વરસની ઉંમરે, જિતુભાઇએ ઉપધાન કર્યાં. તેમની દીક્ષાનું આ સમયે નક્કી જ થઇ ગયું. પણ મા...ની મમતા આડે આવી... હીરાબેને ના... પાડી.

જિતુભાઈ મોટા થયા. તેમનાં લગ્ન થયાં. તેઓ ગોડીજીની ચાલમાં રહેતાં. તેમનાં પત્ની હંસાબેન ગુણિયલ અને સ્વભાવે શાંત હતાં. ઘરમાં સાસુ–વહુ શાંતિપૂર્વક સ્નેહભાવથી રહેતાં.

જિતુભાઇ બે દીકરા–વિજય અને હેમંત તથા બે દીકરીઓ જ્યોતિ અને નયનાના પિતા બન્યા. મોહવશ માતાએ તેમને સાહેબજીના સંપર્કમાં આવવા ન દીધા, નહિતર તેમણે પણ દીક્ષા લીધી હોત.

જિતુભાઇ દિલના ઉદાર હતા. એકવાર પૂજ્યશ્રીને વંદન કરવા રાતા મહાવીરજી આવેલા. તે સમયે એક ભાઈએ તેમની પાસે મદદ માટે માગણી કરી. તેમણે આગળનો વિચાર કર્યા વિના, હતા તે સો રૂપિયા આપી દીધા. પોતાની પાસે મુંબઈ પહોંચવા માટે પણ પૂરતા પૈસા ન હતા, છતાં આપવાનો આનંદ કંઇ ઓર હતો.

તેમની તબિયત નબળી રહેતી. તેમાં પાછલાં ત્રણ વર્ષ બિમારી વધુ રહી. સાહેબજીના (તેમના પિતાશ્રીના) અગ્નિસંસ્કારનો લાભ મળ્યો. જોગાનુજોગ સાહેબજીના કાળધર્મ પછી, પચ્ચીસ દિવસનું અલ્પ આયુષ્ય ભોગવીને, પોતે કાળ કરી ગયા.

ભગવાનદાસભાઈની વિરક્ત ભાવના :

લઘુ વયથી ભગવાનદાસભાઈનો ક્ષયોપશમ ખૂબ જ તીવ્ર હતો. ઉત્કટ કોટિની તેમની ધારણા શક્તિ, ખૂબ જ સતેજ હતી. યુવાન છતાં તેટલા જ પ્રૌઢ, ધીર, ગંભીર તથા સાત્ત્વિક હતા. ઊંચી સપ્રમાણ આજાનુબાહુ દેહયષ્ટિ, મુખની ગંભીરતા, સ્મિત ભરી વાણી, અસાધારણ પ્રતિભા ભલ ભલાના મનને મોહિત કરી દેતી. ગયા ભવમાં કોઇ સંયમની સારી આરાધના એમના આત્માએ કરેલી, તે આરાધના આ ભવમાં નાનપણથી જ દેખાતી હતી.

ખાવા–પીવા–પહેરવા–ઓઢવાની કોઇપણ તીવ્ર ઇચ્છાઓ થતી નહિ. સ્કૂલમાં પણ જ્યારે ભણતા હતા ત્યારે પણ કપડાં સાદાં પહેરતા. માથે ટોપી પહેરતા. કદી ઉઘાડે માથે બહાર જતા નહિ.

પગનાં તળિયાના ભાગ નીચેથી પોલા (પહોળા) હોવાથી બુટ –ચંપલ પહેરે કે તરત જ ડંખે, ચાંદી પડે. તેથી પહેરવાનું માંડી વાળે. થોડા મહિના પહેરે. થોડા મહિના ન પહેરે. ૨૦–૨૨ વર્ષ બાદ એમણે ચંપલ બુટ પહેરવા સાવ બંધ કરી દીધા.

પતિના પગલે તેમનાં ધર્મપત્ની હીરાબેને પણ ચંપલ વગેરે પહેરવાં છોડી દીધાં. એ પણ ઉઘાડે પગે બધે જતાં આવતાં હતાં.

૧૮ વર્ષની ઉંમરે ભગવાનદાસભાઈએ વર્ધમાન આયંબિલ તપનો પાયો નાખ્યો. પછી તેઓ ઓળીઓ ચાલુ જ રાખતા હતા.

ઘરવાળા–કુટુંબીજનો–વડીલ ભાઇઓ તથા ભાભીઓ એમને કહે કે "પારણું કરો, મહિના પછી ઓળી શરૂ કરો." ત્યારે તેઓ કહેતા કે "મને આ વિગઇવાળી ચીજો (દૂધ–ઘી–દહીં–ગોળ વગેરે) જરાયે ખાવી ગમતી નથી. મને આયંબિલની રસોઇ અનુકૂળ આવે છે. એટલે મારી તબિયત સારી રાખવી હોય તો મને આયંબિલ કરતાં અટકાવતા નહિ. દેવ-ગુરુની કૃપાથી અને આયંબિલ તપના પ્રભાવથી મારી તબિયત વધુ સારી રહે છે, મને દરેક ધર્મ કાર્ય કરવામાં સ્ફૂર્તિ સારી રહે છે."

તપ–ત્યાગ અને સંયમ પ્રત્યે, ગયા ભવની આરાધનાના પ્રભાવે દિન–પ્રતિદિન વૃદ્ધિ થતી જતી જોઇ, સગાં સંબંધીઓ અને સમાજનાં ભાઈ–બહેનો તેમની ખૂબ ખૂબ અનુમોદના કરતાં.

વર્ધમાન તપ આયંબિલ ખાતું :

સંવત ૧૯૮૦, ૮૧માં મુંબઈ પાયધુની કોલસા મહોલ્લામાં એક મકાનની અંદર આયંબિલ ખાતું ચાલતું હતું. આ મકાન મુસલમાન એરિયામાં હોવાથી મુશ્કેલી નડતી. અવારનવાર હિન્દુ–મુસલમાનનાં તોફાનો થતાં હોવાથી, હુલ્લડમાં કોઇ આયંબિલ કરવા જતું નહિ.

તેથી કોલસા મહોલ્લામાંથી આ મકાન ખાલી કરી, કુંભાર ટૂકડાની ગલીમાં, એક આખું મકાન લીધું. ત્યાં આયંબિલ ખાતું શરૂ કર્યું. હાલમાં પણ એ આયંબિલ ખાતું ત્યાં જ છે.

આ ખાતાને ભગુભાઈ (દીક્ષા લીધી ત્યાં સુધી) અને તેમના મિત્ર ચિમનભાઈ પટવા સંભાળતા હતા. હાલ પણ તે સંસ્થાની ઓફિસમાં આ બંનેના ફોટાઓ છે.

આ બંને ભાઇઓએ નવપદ આરાધક સમાજની પણ ઘણા વખત સુધી સેવાભક્તિ કરી, તેના સેક્રેટરી તરીકે રહ્યા.

દર ચૈત્ર માસની ઓળી આપણાં પ્રખ્યાત તીર્થોમાં જઈને કરાવતા. જે પ્રથા અત્યારે પણ ચાલું છે.

એમણે સંસારીપણામાં રહીને, ઘણા ભાઇ બહેનોને નવપદની ઓળીઓ કરવામાં તેમજ વર્ધમાન આયંબિલ તપના પાયા નાખવામાં ખૂબ ખૂબ પ્રેરણા આપી. આ બધામાંથી તેમજ જૈન પાઠશાળામાં અભ્યાસ કરતા ભાઈઓમાંથી ભગુભાઈની અનુપમ આરાધના જોઈને લગભગ ૨૦ વર્ષમાં ૭૦ ભાઇઓએ દીક્ષા લીધી હશે. તેમાંના કોઇ તો ૬૦–૭૦–૮૦ કે ૧૦૦ વર્ધમાન તપની ઓળીઓ પૂરી કરીને આગળ વધી રહેતા અત્યારે દેખાય છે. આ બધો યશ આ બંને ભાઇબંધોને ફાળે જાય છે. બંને ચુસ્ત વૈરાગી આત્મા હતા. તેથી તેમના પરિચયમાં આવનાર આરાધક ભાઈ ઓ વૈરાગ્યવાસી બનતા ગયા અને દીક્ષા લેતા ગયા.

ભગુભાઈએ ૨૮ વર્ષની સંસારી અવસ્થામાં ધાર્મિક તેમજ આર્થિક બધે ઠેકાણે રહી કાર્ય કર્યું.

બાલ્યકાળથી માંડીને દીક્ષા લીધી ત્યાં સુધી સીધી રીતે કે આડકતરી રીતે તેઓના સહવાસમાં જે કોઈ આવ્યા તેઓને ચોક્કસ રીતે આધ્યાત્મિક–આત્મિક લાભ થયો છે.

સંવત ૧૯૮૨ આસપાસનો સમય :

મુંબઈ ગોડીજી જૈન ઉપાશ્રયમાં આરાધકોનું વિશાળ મંડળ ધાર્મિક અભ્યાસ કરતું. વ્યાખ્યાન શ્રવણ કરવા આવતું. પોષહ, પ્રતિક્રમણ કરતું. વર્ધમાન તપની ઓળી આદરતું. ધાર્મિક અનુષ્ઠાનોની ઉત્સાહભેર આરાધના થતી. તેમાંના આત્મલક્ષી આરાધક ભગવાનદાસભાઇ હતા.

તેઓની અલ્પ બોલ–ચાલ અને મુદ્રાસરની વાત પ્રત્યે સહુનું ધ્યાન ખેંચાતું. સારા મુહૂર્તે મળેલા સુંદર નામને સાર્થક કરવા

માટે ભગવાનના દાસ બનવાનો એમણે ઉદ્યમ શરૂ કરી દીધો હતો. કુલીન તેમજ આર્ય સંસ્કારોના-સદાચારોના તેઓ પાલક બન્યા. જિનભક્તિને સામાયિક, પ્રતિક્રમણ, તપ, ત્યાગ, દાન, પરોપકાર વગેરે શ્રાવકોના આચારોનું પાલન અને ગૃહસ્થજીવનમાં ઉપયોગી ધાર્મિક અભ્યાસથી જીવન ઝળહળતું બનાવ્યું. પરિણામે તેઓ શ્રાવક જીવનમાં પણ બધાને આદર્શરૂપ બન્યા.

આયંબિલનો તપ
નવકારનો જપ અને
બ્રહ્મચર્યનો બ્રપ

આ ત્રિપદી ભગવાનદાસભાઇના જીવનમાં એકરૂપ થઈ ગઈ.

આયંબિલ તપના તેઓ ખૂબ જ પ્રેમી હતા. શ્રાવક જીવનમાં-ગૃહસ્થ અવસ્થામાં લાગટ છ માસ સુધી આયંબિલ કર્યાં હતાં.

પાલિતાણામાં પૂજ્ય આચાર્યદેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્ય પં. શ્રી ખાંતિવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં વિધિપૂર્વક ઓળીની આરાધના હતી. એ વખતે ભગવાન-દાસભાઇ મુખ્ય હતા. એમની બાહોશી, હોંશિયારી અને કાર્યદક્ષતા વખાણવા લાયક હતી. આ દિવસોમાં તેઓ બધાયની આરાધનામાં સહાયક થતા. આયંબિલ વિગેરેમાં બધાયની ભક્તિ કરી, પોતે સહુની પછી ૪-૫ વાગે આયંબિલ કરતા. રાત્રે પણ ફક્ત ૩-૪ કલાક જ નિદ્રા લેતા. નવપદની આરાધનાની વાતો ખૂબ જ દૃઢતાથી કરતા. અનેક જીવોને આરાધનામાં જોડવામાં સતત પ્રયત્નશીલ રહેતા. જિનાજ્ઞાના આરાધક બનાવવાની તેઓ અદ્‌ભુત પ્રેરણાશક્તિ ધરાવતા. દરેક સાધુ ભગવંતોને આથી ભગવાનદાસભાઈ ઉપર ઘણું માન હતું.

મોતીચંદભાઈ:

મુંબઇ પાયધુની ગોડીજી દેરાસરના ઉપાશ્રયમાં વર્ધમાન જૈન પાઠશાળા ચાલતી હતી. ભગુભાઈ અહીં ધાર્મિક અભ્યાસ કરતા અને બીજાઓને કરાવતા હતા. ચિમનભાઈ પટવા પણ સાથ આપતા હતા.

આ પાઠશાળામાં સુરતનિવાસી મોતીચંદભાઈ રોજ ધાર્મિક અભ્યાસ કરવા આવતા. તે સુખી ઘરના હતા. નાની ઉંમરના હતા. ભગવાનદાસભાઈ પાસે રોજ ગાથા લે. તેનો મુખપાઠ આપે અને ધાર્મિક અભ્યાસ કરે.

ભગુભાઈ તથા પાઠશાળામાં ભણુતા બીજા ભાઇઓને જોઇ, તેમનો ત્યાગ વૈરાગ્ય જોઇ, નાની ઉંમરના મોતીચંદભાઈ ઉપર સારી અસર થઈ. તેમને થયું કે આ બધા ભણુતા ભાઇઓ દીક્ષાની ભાવનાવાળા છે. તેથી તેમનો પણ દિન પ્રતિદિન વૈરાગ્ય વધતો ગયો. એમને પણ દીક્ષા લેવાની ભાવના જાગી. પોતાના માતાપિતાને જણાવ્યું. માતાપિતાએ હા પાડી, સંમતિ આપી.

દીક્ષા લેતા પહેલાં મોતીચંદભાઇ પાવાપુરી, સમેતશિખર આદિ મહાતીર્થોની જાત્રા કરવા ગયા. જાત્રા કરી આવ્યા બાદ તેમના હૃદયમાં ભાવના જાગી. ભગવાનદાસભાઈ પોતાના ઉપકારી છે, વૈરાગ્યની ભાવના જગાડનાર છે. તેથી સંસારી ગુરુ તરીકે તેમને માની, એક દિવસ ભગવાનદાસભાઈની ભક્તિ કરવાનો તેમને ભાવોલ્લાસ જાગ્યો.

પોતાના ઘેરથી એક મોટા થાળમાં ફળ–મેવા, રેશમી પીતાંબરી, બેસ, રૂમાલ સાથે એક રકાબી, એક છાલિયું, એક કળશ વગેરે સામગ્રી મૂકી પોતાની બેન પાસે ઉચકાવી સવારના પહોરમાં તેમણે ભગુભાઈના ચરણે ધરી.

આ જોઇ ભગવાનદાસભાઈ એ કહ્યું, "ભાઇ આ શું લાવ્યા છો ?"

"ઉપકારીનો બદલો વાળવા માટે લાવ્યો છું. આ તો કંઈ નથી. તમોએ મને ધર્મ માર્ગે ચઢાવ્યો છે. દીક્ષા લેવાની ભાવના રગેરગમાં જગાડી છે. તે જેવો તેવો ઉપકાર નથી. તેનો બદલો તો વાળી શકાય તેમ છે જ નહિ. પણ આપણા વ્યવહારના શિષ્ટાચાર પ્રમાણે આ ચીજો લાવ્યો છું. તો અનુગ્રહ કરી મને આટલો લાભ આપો."

ભગવાનદાસભાઇ આ સમયે પ્રતિક્રમણ કરીને ઊઠ્યા હતા. તેમણે કહ્યું, "મોતીચંદભાઇ, આ તો વધુ પડતું ગણાય. ભક્તિ તો

ગુરુ મહારાજની કરવી જોઇએ. જે ગુરુદેવો દરરોજ આપણા હિતની ખાતર આપણને જિનવાણી સંભળાવે છે. એમનો જેટલો ઉપકાર માનીએ, તેટલો ઓછો છે."

મોતીચંદભાઈએ કહ્યું, "ભાઈ! એ વાત બરાબર છે, પણ મેં તો તમારી પાસે પાઠશાળામાં અભ્યાસ કર્યો છે. એ અભ્યાસ કરતાં આપના ગાઢ પરિચયમાં આવ્યો છું, ત્યારે આપનું ત્યાગ-તપ-વૈરાગ્ય ભરેલું જીવન જોતાં મને દીક્ષા લેવાની ભાવના જાગી, એટલે તમે પણ મારા સંસારી ગુરુ કહેવાઓ અને આ ભેટણું સહર્ષ સ્વીકારો."

શ્રી મૂળચંદભાઈ : ધર્મસાગર મહારાજ :

ઉનાવામાં મૂળચંદભાઈ કરીને એક ભાઈ હતા. તેઓ હારીજમાં એક વેપારીને ત્યાં નોકરી કરતા હતા. ઉંમર નાની હતી. મેટ્રીક સુધીનો અભ્યાસ હતો.

તેઓને પોતાના શેઠના કામ માટે અમદાવાદ જવાનું થયું.

પાટણથી ભગનદાસભાઇના મોટાભાઈ ભોગીલાલભાઈ મુંબઇ જતા હતા. તે સમયે પાટણથી ઉપડેલી ગાડી, રણુ સ્ટેશને આવી. ત્યારે હારીજની ગાડીમાં બેઠેલા મૂળચંદભાઇ રણુ સ્ટેશને ઉતરી, અમદાવાદ જવા માટે, પાટણથી ઉપડેલી ગાડીમાં બેસી ગયા; જ્યાં ભોગીલાલભાઈ પણ બેઠા હતા.

ગાડી ઉપડી. મૂળચંદભાઇએ પોતાની થેલીમાંથી એક અંગ્રેજી પેપર કાઢયું અને વાંચવા માંડયું. બાજુમાં બેઠેલા ભોગીલાલ શેઠે જોયું અને પૂછયું, "અલ્યા છોકરા! તું કેટલું અંગ્રેજી ભણ્યો છે?" જવાબ મળ્યો, "મેટ્રીક સુધી."

"તું કયા ગામનો છે?"

"ઉનાવાનો છું."

"જૈન છે?"

"હા."

"અત્યારે કયાંથી આવે છે ?"

"હારીજથી આવું છું અને અમદાવાદ જાઉં છું."

"અમદાવાદ શા માટે જાય છે ?"

"મારા શેઠની દુકાનના કામ માટે જાઉં છું."

"તારા શેઠ કોણ ?"

જે નામ આપ્યું તે હારીજવાળા શેઠ, ભોગીલાલ શેઠની પેઢીના આડતિયા હતા.

ભોગીલાલ શેઠે પૂછયું, "મુંબઈમાં તમારા આડતિયા કોણ છે ?"

"હાલાભાઇ મગનચંદ શેઠ." મૂળચંદભાઈએ જવાબ આપ્યો.

"તું હાલાભાઇ મગનચંદને ઓળખે છે ?"

"ના."

"આ છાપામાં તું શું વાંચે છે ?"

"લંડનના એરંડાના ભાવ વાંચું છું. હારીજના એરંડા મુંબઇ પહોંચે અને મુંબઇથી લંડન જાય તો લંડન પહોંચતાં આ એરંડા શું ભાવ પડે ? તેનો હિસાબ કરું છું."

"તને હિસાબ આવડે છે ?"

"મારું ગણિત બહુ સારું છે. બીજા કોઈને ન આવડે."

"તો મને શિખવાડને...."

તરત જ મૂળચંદભાઇએ ગણી બતાવ્યું. આ એરંડા (પીઠા-માંથી) બજારમાંથી ત્રણ રૂપિયે લીધેલા હોય, તે મુંબઇ પહોંચતાં, અને મુંબઇથી લંડન પહોંચતાં, સ્ટીમર વગેરેનું નૂર, માલનો વીમો આદિ ગણતાં અમુક ભાવે પડે.

આ સાંભળતાં ભોગીલાલ શેઠ ખૂબ ખુશ થઇ ગયા. તેમને લાગ્યું કે આ છોકરો બહુ બુદ્ધિશાળી છે. હોંશિયાર છે. તે મુંબઇ આવે તો ઘણો ઉપયોગી બને. તેથી તેમણે મૂળચંદભાઇને પૂછયું, "તારે મુંબઇ આવવું છે ?" તેણે 'હા' પાડી.

"તો હારીજના શેઠની રજા લઈને, મહિને બે મહિને તને અનુકૂળ આવે ત્યારે તું મુંબઇ આવજે."

મૂળચંદભાઈ મુંબઈની ઓફર મળવાથી રાજીના રેડ થઈ ગયા. બે ત્રણ મહિના પછી તે મુંબઇ આવ્યા અને ભગવાનદાસભાઇની પેઢીમાં નામા ઉપર ગોઠવાઇ ગયા.

બાજુમાં નગીનદાસ કરમચંદ શેઠની પેઢી, જે સેવંતીલાલ નગીનદાસ નામે ચાલતી હતી. એમને એક સારો નામાનો અનુભવી માણસ જોઇતો હતો. તે માટે નગીનદાસ શેઠે, ભોગીલાલ શેઠને વાત કરેલી હતી. મૂળચંદભાઈ શરૂઆતના બે વર્ષ ભગવાનદાસ-ભાઇની પેઢીમાં રહ્યા. પછી ભોગીલાલ શેઠે તેમને નગીનદાસ શેઠની પેઢીમાં ગોઠવી દીધા.

નગીનદાસ શેઠની પેઢીમાં બિયાં બજારનો વેપાર બહુ મોટો હતો. ઓફિસોમાં લાખો રૂપિયાનો એરંડા-બિયાંનો માલ વેચતા. આ માલના રૂપિયા લાવવા માટે જે માણસો રોકયા હતા તેમણે મોટો ગોટાળો કર્યો હતો. નગીનદાસ શેઠે તે ગોટાળો પકડવા માટે બે ત્રણ માણસ ગોઠવ્યા. પણ તે પકડી શકયા નહિ. મૂળચંદભાઈને નગીનદાસ શેઠે જે દિવસે રાખ્યા તે દિવસે બાનગીમાં બોલાવીને કહ્યું, "અલ્યા છોકરા...! તને નામાનો અનુભવ છે?"

"હા, શેઠ. નાનપણથી જ જૈન વાણિયાના છોકરાઓ નામું શીખતા જ હોય છે. તેનો તો ગળથૂથીનો જ ધંધો છે. એટલે હું નામું જાણું છું. પાછું મેં હારીજમાં બે વર્ષ નોકરી કરી છે. અહીં ભોગીલાલ શેઠને ત્યાં પણ બે વર્ષ નામું જ કર્યું છે, એટલે મને નામાનો અનુભવ છે."

"જો આપણી પેઢી રાયલી ઓફિસ, લુઈસની ઓફિસ અને વોલ્કર ઓફિસમાં એરંડા વેચે છે. માલની રસીદો દેશાવરથી આવે છે. તે રસીદો, આપણે ઓફિસમાં આપીએ એટલે એ રસીદ ઉપર આપણને ૯૦ % ઓફિસ પૈસા આપે.

"સાહેબ, બધું જાણું છું. તમો મુદ્દાની વાત કરો." નગીનદાસ શેઠ ચોંકયા, કે તું વાત સમજી ગયો. આટલી તીવ્ર બુદ્ધિ જોઈને શેઠે તેને કહ્યું, "૯૦% ના હિસાબમાં પાંચથી સાત લાખ રૂપિયા રોકાય છે અને ઓફિસવાળા કહે છે કે તમારો પૈસો બિલકુલ રોકાતો નથી. અમે બધા હિસાબ ચૂકતે કરી નાખ્યા છે, તો આ ગોટાળો પકડવો છે."

"ઓ...હો. શેઠ એમાં શું છે ? કાલ સાંજ સુધી તમને પકડીને બતાવી દઈશ. મને ત્રણ ચોપડા આપો.

(૧) રસીદ નોંધ બુક આપો.

(૨) તમારો મેળ આપો.

(૩) અને ઓફિસમાંથી જે રૂપિયા લઈને આવે છે તે માણસ ચેક લાવે છે કે રોકડા લાવે છે ? તો તે આપણા ખાતાની સ્લીપ બુક આપો." બીજા દિવસે મૂળચંદભાઇએ સાડા–ત્રણ લાખ રૂપિયાનો ગોટાળો પકડી આપ્યો. આ છોકરાની નામાની અંદર કેટલી જાણકારી છે, પહોંચ છે તેનો ખ્યાલ નગીનદાસ શેઠને આવી ગયો. આ વાત નગીનદાસ શેઠે, ભોગીલાલ શેઠને કરી.

"છોકરો નામામાં બહુ હોંશિયાર છે, મારો લગભગ બાર આની ગોટાળો એક જ દિવસમાં પકડી આપ્યો."

થોડા મહિના શેઠને ત્યાં નોકરી કરી. ત્યારબાદ – મૂળચંદભાઈને તથા પોતાના આખા કુટુંબને પ્રવ્રજ્યા લેવાની ભાવના હૃદયમાં જાગી. આ ભાવના જગાડનાર હતા આપણા ભગવાનદાસભાઈ.

મૂળચંદભાઈ ચૂસ્ત ગાંધીવાદી હતા. ગાંધીજીની અહિંસાને તે વધુ માનતા. ભગવાનદાસભાઈએ આ જોયું. ધીમે ધીમે સમજાવી નવપદની આયંબિલની ઓળી કરાવી. સાથે રાત દિવસ વિધિમાં રાખ્યા અને તેમની આ માન્યતા મનમાંથી ભૂંસાવી નાખી.

મૂળચંદભાઇ ગામડામાં ઉછરેલા ઉનાવાના હતા. ધાર્મિક અભ્યાસ કરેલો. ભગવાનદાસભાઇના સમાગમમાં આવતાં દીક્ષા લેવાની

ભાવના થઈ. મૂળચંદભાઈ નગીનદાસને ત્યાં રહ્યા, તે દરમ્યાન ભગવાનદાસભાઈના મિત્ર ચિમનભાઈ પટવાને પણ નગીનદાસ શેઠે અમુક કામ કરવા રાખેલા. ત્યારે ભગવાનદાસભાઈ તથા ચિમનભાઈના વૈરાગ્યવાસી જીવનની છાયા મૂળચંદભાઇ પર પડવાથી, એમના આત્મામાં ત્યાગ–વૈરાગ્યની ભાવના સ્ફુરવા લાગી અને કુટુંબ સાથે સંયમ લેવાની ભાવના જાગી. ચિમનભાઇ એટલે શ્રી ચંદ્રસાગરજી મહારાજ. તેમની પાસે મૂળચંદભાઈએ સહુ પ્રથમ પોતાના મોટા દીકરાને શંખેશ્વરમાં દીક્ષા અપાવી. તે પછી, છ વર્ષની વયના નાના દીકરા સાથે, પોતે, પોતાનાં પત્ની અને પુત્રી સાથે આખા કુટુંબે શાસનની શરણાગતિ સ્વીકારી, દીક્ષા લીધી.

દીક્ષા લીધા બાદ મૂલચંદભાઈનું નામ પડયું શ્રી ધર્મસાગરજી મહારાજ. તેમના મોટા પુત્ર શ્રી મહોદયસાગરજી મહારાજ અને નાના પુત્ર શ્રી અભયસાગરજી મહારાજ.

શ્રીમહોદયસાગરજી મહારાજે દીક્ષા લીધા બાદ, ધાર્મિક અભ્યાસ વધુ કરી લીધો જે જોઈને જાણીને, પિતા ગુરુ અને પિતાના ગુરુ શ્રી ચંદ્રસાગરજી મહારાજ ખુશ થઈ ગયા. જૈનશાસનમાં હીરો પાકશે એવું લાગતું, પણ મહારાજ સાહેબનું આયુષ્ય ટૂકું હોવાના કારણે નાની વયમાં કાળધર્મ પામ્યા.

શ્રી અભયસાગરજી મહારાજ અભ્યાસ કરવામાં આગળ વધી ગયા. સંસ્કૃત–માગધી–પ્રાકૃત ભાષા ઉપર સારો કાબૂ મેળવ્યો. આગમ ગ્રંથોના સારા જાણકાર તરીકે પંકાયા.

શ્રી ધર્મસાગરજી મ. અને શ્રી અભયસાગરજી મહારાજ ઘણીવાર કહેતા કે "સાચું તત્ત્વજ્ઞાન આપનાર મારા ગુરુ તરીકે શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને માનું છું. ભલે અમે જુદા સંઘાડાના હોઇએ...!

૮ ગુરુ ત્રિવેણીના તીરે

શ્રી દાન-પ્રેમ-રામનો સમાગમ

સંવત ૧૯૮૪ સુરત :

ઠેઠ નાનીવયથી એક ખાનદાન કુટુંબમાં જન્મેલા ભગવાનદાસ-ભાઇને અનેક પ્રકારની અનુકૂળતાઓ મળેલી. ચારે બાજુએ સુખોની વચ્ચે બાલ્યજીવન પાંગરેલું. કુટુંબ ખૂબ જ સાધન સંપન્ન તેથી કશાયની ખોટ નહિ, છતાં કોઇ ભવાન્તરની ઉચ્ચતમ આરાધનાને કારણે, તેમજ અનેક પ્રકારના પૂર્વ સુકૃત્યોથી નાનપણથી જ કોઇની પ્રેરણા વગર થયેલા એવા જીવન ઘડતરને કારણે સુખસામગ્રી એમને આકર્ષી શકતી નહિ.

સંસારમાં સહજ રીતે વિરક્તભાવ રહેતો. પરોપકાર, કરુણા, પરમાર્થ પ્રત્યે એમનું દિલ હંમેશાં આકર્ષિત રહેતું. પોતાના સ્વાર્થ તથા તુચ્છ સુખોને, નાની વયથી જ જીવનમાં ગૌણ કરેલાં. ધર્મ સંયમના માર્ગે પોતાનું જીવન, પોતાની મેળે જ ઉન્નત ઉજ્જવળ અને ઊર્ધ્વગામી બનાવ્યું. પછી સ્વાભાવિક રીતે ધર્મરુચિના પરિણામે દેવની ભક્તિ, સ્તવના, દ્રવ્ય અને ભાવ પૂજા, ધાર્મિક અનુષ્ઠાનો તેમજ સુવિહિત ત્યાગી પુરુષોનો પરિચય કરવા પ્રત્યે દિલ આકર્ષિત રહેતું.

કંઠની મધુરતાના કારણે, પૂર્વના મહાપુરુષોનાં સ્તવનો સજ્ઝાયોને તે બોલતા, ત્યારે નિર્મળ એવા આત્માની પરિણતિ અને જ્ઞાનની અધ્યાત્મદૃષ્ટિનાં દર્શન થતાં.

સંસારનાં સુખ–ભોગો કે અનુકૂળતા પ્રત્યે રાગ નહોતો. કોઇક એવાં નિકાચિત કર્મો ભોગવવાનાં બાકી હશે, તેને જાણે ખપાવવાનાં ન હોય તેમ તેમણે બધો વ્યવહાર ચલાવ્યો હતો.

મુંબઈમાં એમનું પૂર્વ જીવન અનેક પ્રકારના વિલાસી વાતાવરણમાં પણ નિર્લેપ હતું.

પહેલેથી જ આરાધક વર્ગના પરિચયમાં હોવાને કારણે, વ્રત, જપ અને ધાર્મિક અનુષ્ઠાનો પ્રત્યેનો અનુરાગ તેમને કોઈ અપૂર્વ કોટિનો હતો. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ વિરતિ, યૌવન જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલાં હતાં.

મુંબઈમાં તે સમયે ગોડીજીમાં ત્યાગ માર્ગની ઝંખનાવાળા આરાધક ભાઈઓ ચિમનલાલ, જેસિંગભાઇ પટવા, મૂલચંદભાઇ આદિ આરાધનામાં ઓતપ્રોત રહેતા.

આ હતી ૧૯૮૪ ની સાલ.

જૈનશાસનના વિશાળ આકાશમાં તેજસ્વી સૂર્ય સમા સકલાગમરહસ્યવેદી, સુવિહિત શિરોમણી જ્યોતિષશાસ્ત્ર મહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ સુરત મુકામે ફાગણ ચૈત્રના દિવસોમાં બિરાજમાન હતા. સાથે તેઓશ્રીની શુભ નિશ્રામાં જૈનશાસનજ્યોતિર્ધર, નિડર ધર્મોપદેશક, મુનિશ્રી રામવિજયજી મહારાજ પણ હતા.

તે સમયે પોતાના વડીલ ધર્મપ્રેમી અને સાધર્મિક ચિમનભાઇ પટવાની સાથે ભગવાનદાસ આચાર્ય ભગવંતના દર્શનાર્થે સુરત આવ્યા. પહેલ વહેલાં જ એમને શ્રી રામવિજયજી મહારાજનાં પુણ્યદર્શન થયાં, પરિચય થયો. આ બધા મહાપુરુષોનાં ગુણગાન સાંભળીને સ્વાભાવિક તેમના દિલમાં ત્યાગી મહાત્માઓ પ્રત્યે આદર હતો તે વિકાસ પામ્યો.

જિનશાસનને પામેલા, શૂરવીર આત્માઓને જોઇને, વયથી નાના, જ્ઞાનથી પણ નાના તેવા જિનશાસનના આરાધક આત્માઓને જોતાં, તેમના દિલમાં પ્રમોદભાવ અને ગુણાનુરાગ જાગ્યો. શાસ્ત્રાનુસાર પ્રરૂપણા કરનાર પુરૂષો પ્રત્યેનો તેમનો બહુમાન ભાવ, પૂજ્ય ભાવ અપ્રતીમ બન્યો. ૧૯૮૪ માં તે સમયે શ્રી રામવિજયજી મહારાજ સાહેબના પ્રવચનોનું ગજબનું આકર્ષણ હતું. તે વ્યાખ્યાનો

સાંભળીને જૈનશાસનના સિદ્ધાંતોનું નિડરતાથી નિરૂપણ કરનાર આવા શક્તિશાળી, પ્રભાવશાળી ગુરુને સમર્પિત થઈએ, તેવી અંતરમાં ભાવના જાગી.

ચાતુર્માસ માટે મુંબઇ પધારવા વિનંતી કરી. બધાએ એકી સાથે દીક્ષા લેવાનું નક્કી કરેલું, તે સાર્થક થાય, પરંતુ—આચાર્ય મહારાજે તે વિનંતી સ્વીકારી નહિ, કારણ કે ૧૯૮૪નું ચાતુર્માસ સુરત નક્કી થયું હતું.

ચાતુર્માસ લાલબાગ :

જૈન પ્રવચનનો જન્મ:– સંવત ૧૯૮૫ ની સાલમાં સકલાગમ રહસ્યવેદી પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ પોતાના બહોળા શિષ્ય સમુદાય સાથે મુંબઇ લાલ બાગ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ કરવા પધાર્યા ત્યારે.... ભગવાનદાસભાઇને પૂજ્ય મુનિશ્રી રામવિજયજી મહારાજનાં વૈરાગ્યભીનાં, જૈન તત્ત્વજ્ઞાનથી ભરેલાં વ્યાખ્યાનો સાંભળવા મળ્યાં. પ્રવચનોના શબ્દો તેઓ એકાગ્રતાપૂર્વક ઝીલી શકતા. ક્ષયોપશમ સારો, અનુભવ સારો, તેથી શ્રી રામવિજયજી મહારાજ પ્રત્યે તેમનો ખૂબ ભાવ વધી ગયો. વૈરાગ્યને વેગવાન બનાવે તેવું વાતાવરણ મળતું જ ગયું. તેમનું જીવન વધુ ને વધુ સંયમ સન્મુખ બનતું ચાલ્યું. આ સમયે શ્રી રામવિજયજી મહારાજની ઉંમર ૩૩ વર્ષની હતી. ભગવાનદાસભાઇની ઉંમર ૨૫ વર્ષની હતી.

૨૫ વર્ષના ભગવાનદાસભાઈમાં યુવાનીના સહજ દોષો, અસ્થિરતા, ચંચળતા જોવા ન મળતાં. સંસાર પ્રત્યેનું આકર્ષણ કે સાંસારિક સુખો પ્રત્યેની થોડી પણ સન્મુખતા ન હતી. પરિવાર પ્રત્યેનો મોહ કે મમતા જોવા ન મળતાં.

પ્રૌઢ પુરુષ જેવી પીઢતા દેખાતી. વર્ષો જૂના સંયમી જેવી વૈરાગ્યની પરિણતિ તરી આવતી. ગમે તે પરિસ્થિતિમાં પણ ચિત્તની પ્રસન્નતા સહજ પણે છતી થતી. લઘુતા નમ્રતા અસાધારણ દેખાતી.

ઊંચી સપ્રમાણ આજાનબાહુ દેહયષ્ટિ, મુખની ગંભીરતા, ઓજસ્વી પ્રતિભા, સ્મિતભરી વાણી, વિનમ્ર પ્રકૃતિ, નિખાલસ સ્વભાવ, તેમના આંતર તથા બાહ્ય ગુણોની સૌન્દર્ય લક્ષ્મીને છતી કરતી. સહુને આકર્ષતી અને ભલભલાં હૈયાને, મસ્તકને ઝૂકાવતી. કુટુંબમાં તેઓ ખૂબજ શ્રદ્ધેય અને માનનીય હતા. એરંડા બજારમાં કામ કરતા, છતાં પોતે કોઈ બોજો રાખ્યો ન હતો. સંસાર પ્રત્યે ઉદાસીનતા સેવનાર તેમનામાં ધન ઉપાર્જનમાં પણ નિર્લોભ-વૃત્તિ હતી. સંસારમાંથી નીકળીને તેઓ ઊંચા સ્થાને જવા માટે તે અહીં આવ્યા હતા. જાણે સંસારમાં રહ્યા ન હતા. પણ સંસારે એમને રાખ્યા હતા. સંસારને ઉપાડવો પડ્યો નથી. પણ સંસારે એમને ઉપાડ્યા હતા.

પૂજ્ય શ્રી રામવિજયજી મહારાજ સાહેબનાં વ્યાખ્યાનોએ એમના હૈયામાં અજબ આકર્ષણ જન્માવ્યું અને તેમના બોળે પોતે મસ્તક સદાને માટે ઝૂકાવ્યું. તેઓ વ્યાખ્યાન સભામાં નિયમિત હાજર રહે. પૂજ્ય શ્રી રામવિજયજી મહારાજનું વ્યાખ્યાન ચાલતું ત્યારે ભગવાનદાસભાઈ પાટ આગળ બેસે. પૂજ્ય મહારાજના હૈયાની ઊર્મિઓનું અવતરણ કરે. પછી પ્રવચનનું પૂરેપૂરું ધ્યાનપૂર્વક શ્રવણ-મનન કરે.

એક દિવસ શ્રી રામવિજયજી મહારાજની નજર ભગવાનદાસભાઇ પર પડી. વ્યાખ્યાન ઉઠ્યા પછી, મેડી ઉપરના હોલમાં વંદન કરવા તેઓ રોજ જાય અને આચાર્ય મહારાજ તથા સર્વ સાધુ ભગવંતોને વંદન કરે. વંદન કરી શ્રી રામવિજયજી મહારાજ પાસે વંદન કરવા જતાં શ્રી રામવિજયજી મહારાજે, ભગવાનદાસભાઈને પૂછ્યું, "ભાઇ તમો આ શું ઉતારો છો ?"

"આપનાં પ્રવચન ઉતારું છું."

"શા માટે ?"

"સાહેબ ! આત્માનાં ઉદ્ધાર કરનારાં-કરાવનારાં આ પ્રવચનો, મને એટલાં બધાં સારાં લાગ્યાં છે કે જો આ બધાં છપાવીને પ્રસિદ્ધ કરીએ તો હજારો ભાઇ-બહેનોને ઘણો લાભ થાય."

શ્રી રામવિજયજી મહારાજે કહ્યું: "લખાણો મને જોવા આપશો, એક હું તો વાંચી જાઉં..."

ભગવાનદાસભાઈ જે નોટમાં વ્યાખ્યાનો લખતા હતા, તે નોટ શ્રી રામવિજયજી મહારાજને આપી. નોટ વાંચતાં લાગ્યું કે શાસ્ત્રથી વિરુદ્ધ જરાય અવતરણ નથી થતું. અવતરણની શૈલી પણ સુંદર લાગી. આ શક્તિની પૂજ્યશ્રીએ ઉપબૃંહણા–અનુમોદના કરી.

પછી તો એમના આત્માના આનંદનો પાર રહ્યો નહિ. વ્યાખ્યાનો છપાવવાનું નક્કી કર્યું. બે–ત્રણ ધાર્મિક મિત્રોને વાત કરી. હજાર–હજાર એમ ત્રણ હજાર રૂપિયા ભેગા કર્યા. પ્રેસનું નક્કી કર્યું અને અઠવાડિયે ૫૦૦ નકલ છાપાવવાનું પણ નક્કી થયું. દર અઠવાડિયે–તે નકલો, વ્યાખ્યાન ઉઠ્યા બાદ ભાઇઓ અને બહેનોને મફત વહેંચવી શરૂ કરી. સહુને તે ખૂબ ગમી. તેનો ફેલાવો થયો. માગ વધી. શરૂ-આતના અઠવાડિયામાં તે પ્રવચનો બાળ–બોધી અક્ષરોમાં છપાયાં માગ વધવા માંડી, પૈસા ખૂટવા માંડ્યા. પછી યોજના કરી, ગ્રાહકો નોંધવાનું શરૂ કર્યું. બે અઠવાડિયા સુધી ગ્રાહકો નોંધ્યા. હજારેક ગ્રાહકો થયા. નોંધાયા. લવાજમ નક્કી કર્યું. લવાજમના પૈસા આવ્યા અને પ્રવચનો વ્યવસ્થિત છપાવા માંડયા, તેનું નામ **"જૈન પ્રવચન"** રાખવામાં આવ્યું.

આમ શ્રી રામવિજયજી મહારાજનાં ભગવાનદાસભાઇએ પોતે પોતાની મહેનતથી–શ્રવણ–મનન–ચિંતનથી–સંસ્કારિત કરેલાં પ્રવચનો "જૈન પ્રવચન" સાપ્તાહિક રૂપે–પ્રગટ થયાં. એ રીતે "જૈન પ્રવ-ચન" નો જન્મ થયો.

જૈનપ્રવચનની ઓફિસ, ભગવાનદાસ ભાઇએ, પોતાના રહેવાના મકાન–પાયધુની પારસી ગલી–ઝવેરી ભુવન ચોથે માળે, તેમની પેઢી હતી, તેની એક રૂમમાં રાખી. ગ્રાહકો વધતાં, વ્યાખ્યાન ઉતારનાર એક માણસને ગોઠવી દીધો. ઓફિસની અંદર કામ કરનાર એક માણસ રાખી લીધો, તે "જૈન પ્રવચન" પ્રેસમાંથી આવે, તેને ગડી

વાળી, સરનામાના કાગળ બંને બાજુ ચોંટાડી, પોસ્ટમાં રવાના કરતો.

"જૈન પ્રવચન"ના અવતરણકાર તરીકે શ્રી ભગવાનદાસભાઈએ વર્ષો સુધી સેવા આપી. એમના દ્વારા અવતરિત પ્રવચનોએ, તે સમયે ઠીક ઠીક જાગૃતિ આણી. આરંભમાં એક મહિના સુધી પોતાના ખર્ચે છપાવીને જ એમણે આ પ્રવચનોની પોતાના તરફથી પ્રભાવના કરી. એ રીતે "જૈન પ્રવચન"ના ઉદ્ભવમાં શ્રી ભગવાનદાસભાઈનો મહત્ત્વનો અથવા સર્વ રીતે નોંધપાત્ર ફાળો કદી ભૂલી શકાય તેમ નથી. આ કાર્યની પોતે શરૂઆત કરાવી, છતાં પોતાનું નામ કચાંય આવવા દીધું નહિ.

૧૯૮૫–૧૯૮૬

પૂજ્ય શ્રી રામવિજયજી મહારાજની તારક નિશ્રા:

મુંબઈના મોહમય વાતાવરણને મહાત કરનાર, રંગરાગ–વિકાર વિલાસથી ભરેલી હવામાં જડવાદી જીવોના અનેકવિધ પછાડાઓ તોફાનો અને પ્રભુમાર્ગના સત્યોને ઉડાવી નાખનારા આક્રમણોની વચ્ચે વિક્રમ સંવત ૧૯૮૫–૧૯૮૬ ના બે ચાતુર્માસમાં શ્રી રામ-વિજયજી મહારાજે, અડગધૈર્ય, અજબ હિંમત અને અદમ્ય ધગશથી અપમાન, તિરસ્કાર અને દ્વેષની ઝડીઓ વચ્ચે અખૂટ ધૈર્ય જગાવીને, વીતરાગ માર્ગના ત્યાગ–તપ–સંયમની આધ્યાત્મિક ચૈતન્યવંતી નિર્મળ હવાને ભાવુકોના હૈયામાં ઓતપ્રોત કરી.

તે વાતાવરણને ખૂબ ખૂબ શ્રદ્ધાપૂર્વક અને સદ્ભાવપૂર્વક ભાગ્ય-શાળી ભગવાનદાસભાઈએ અનુભવ્યા બાદ તેઓ વીતરાગના માર્ગમાં વધુ ને વધુ પોતાનાં તન–મન અને ધનની શક્તિનો સદ્ઉપયોગ કરીને, સફળ બનાવવા માટે ઉત્સાહિત બન્યા.

પૌદ્ગલિક સુખની ઈચ્છાનો સમૂળ ઉચ્છેદ કરનારા, શ્રી જિન-ભક્તિની ભવ્યભાવના જગાડનારા, સંયમમય જીવનની સાચી ભૂખ પેદા કરનારા, પાંચે ઇન્દ્રિયોના વિષયો પાછળ એક સેકંડ પણ ન બગાડવાની આત્મજાગૃતિ પેદા કરાવનારા. કર્મવશ જીવને ધર્મની

આરાધનાનું ઘેલું લગાડનારા, પર પદાર્થો પાછળ પાગલ થઈને ભટકવારૂપ બહિર્મુખતાનું સદંતર નિવારણ કરનારા, તેમજ નય નિક્ષેપા અને સ્યાદ્વાદ ગર્ભિત શ્રી રામવિજયજી મહારાજનાં વ્યાખ્યાનોએ, ભગવાનદાસભાઇના હૃદયમાં સંયમની તીવ્ર તાલાવેલી જગાડી દીધી. કલ્યાણકર પ્રભુશાસનની રત્નત્રયીની આરાધનામાં, તેમનું દિલ થનગની રહ્યું.

'સંસાર છોડવા જેવો,
સંયમ લેવા જેવો અને
મોક્ષ મેળવવા જેવો...'

ધર્મ મોક્ષ માટે થાય, સંસાર માટે નહિ. આવો ધર્મ, સંસાર સુખની ઈચ્છાઓનો સમૂળ ઉચ્છેદ કરે, જિનભક્તિની ભવ્ય ભાવના જગવે, સંયમ જીવનની સાચી ભૂખ હૈયામાં પેદા કરે, સુખના રાગને હણે, દુઃખના દ્વેષને ત્યજે, અને સાધુ જીવનને ભજે તો તે આત્માને સમકિત સ્પર્શે...

કર્મની જંજીરોમાં જકડાયેલા જીવને મુક્ત કરવાની અમાપ શક્તિ 'શ્રી જિનવાણી'માં છે, તેનો સાક્ષાત્કાર, શ્રી રામવિજયજી મહારાજનાં પ્રવચનોમાં થતો...તેનો રણકો ભગવાનદાસભાઈના હૃદયને સ્પર્શી ગયો.

વીજળીના સ્પર્શે દીવો ઝગમગતો થાય, તેમ તેમનો અંતરાત્મા ગુરુવાણીના સ્પર્શે વધુ પ્રકાશિત બન્યો અને સંયમજીવનના સ્વાદને ઝંખી રહ્યો.

૧૯૮૫-૧૯૮૬-ચાતુર્માસ.

લાલબાગ-જૈન ઉપાશ્રય :-

પૂજ્ય ગુરુદેવ શ્રી રામવિજયજી મહારાજ પાસે નિયમિત રીતે ભગવાનદાસભાઈ બપોરના સમયે બેએ કલાક બેસતા. શાસ્ત્રની-ધર્મની વિચારણા કરતા. વર્તમાન વાતાવરણમાં પણ પોતાના અને

ગુરુ મહારાજના વિચારોનો વિનિમય કરતા. ગુરુ મહારાજના વચનોને સન્માનતા. શાસનના તત્કાલીન મહત્વના પ્રશ્નોની ગંભીર વિચારણા થતી.

આ સમય, સંઘર્ષણનો હતો. આક્રમણનો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં શાસ્ત્રીય સિદ્ધાંતોની સચોટ પ્રરૂપણા થતી. ૧૯૮૫–૧૯૮૬ બે વર્ષના ગાળામાં જૈનશાસનનાં સનાતન સત્યો સામે, મુંબઈનગરીમાં અનેકવિધ આક્રમણો આવ્યાં.

ભગવાનદાસભાઈને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અવિહડ અનુરાગ, પ્રબલ શ્રદ્ધાભાવ હતો. ખૂબ જ કુનેહ અને વિચક્ષણતાથી આવા અવસરે શાસન સેવા કરવાનું અપ્રતીમ સામર્થ્ય તેમણે કેળવેલું.

તેમની અજબશી પ્રતિભા, પ્રસન્ન મધુર પ્રકૃતિ, ધીર-ગંભીર સ્વભાવ, આવા સંઘર્ષણ કાળમાં પણ શાસનને સમર્પિત થવાનું અપૂર્વ શ્રદ્ધા બળ, ભલભલાને તેમના પ્રત્યે શ્રદ્ધેયભાવ, તથા સદ્ભાવ પ્રગટાવ્યા વિના ન રહે તેવું અદ્ભુત હતું.

તેમના વિશાળ દિલમાં શ્રી જિનેશ્વર ભગવંતના ચારિત્ર માર્ગ પ્રત્યે અને ચારિત્રશીલ સંયમી મહાત્માઓ પ્રત્યે પૂર્ણ કોટિનો બહુમાન ભાવ હતો. બાલ સાધુઓ પ્રત્યે પણ વંદન, પૂજ્યભાવ, વિનય, ઔચિત્ય તથા આદરભાવ એક સરખી રીતે તેઓ જાળવી રાખતા. સકલ સંઘમાં તેમનું આદરણીય અને શ્રદ્ધેય સ્થાન હતું. તદ્દન સરલ ભાવે, નિખાલસ ભાવે, હૃદયમાં ઘોળાતી શાસનને સ્પર્શતી વાતો, જ્યારે પ્રગટ કરતા ત્યારે તેમના મહાન આત્માનું અલૌકિક ઔદાર્ય ને અનુપમ લઘુતા માટે હૃદય ખરેખર ઝૂકી પડતું, માથું નમી પડતું.

બાહ્ય તેમજ અભ્યંતર અનેકવિધ વૈચારિક સંઘર્ષણ કાળમાં પણ તેમનું અપ્રતીમ સ્થૈર્ય, અનુપમ ધૈર્ય, અચલ અને અતૂટ રહેતું. આવા અવસરે પણ તેમની શ્રદ્ધા સાત્વિકતા તેમજ જૈન-શાસનના સિદ્ધાંતોની માર્મિક તલસ્પર્શી મીમાંસા ભરી સંસ્કારિત

વિચારસરણીનું અમૃતપાન, સામા આત્માને ખરેખર સમાધિ, માનસિક સ્વાસ્થ્ય તથા ચિત્તશાંતિ અને શાતા માટે અપૂર્વ આલંબન બનતું.

શ્રદ્ધેય પુરુષો પ્રત્યેનો તેમનો અનન્ય ભક્તિભાવ, સમર્પણ ભાવ એ પણ કોઇ અલૌકિક કોટિનો હતો. જેના શરણે પોતે માથું મૂકયું, જેને ગુરુ તરીકે સ્વીકાર્યા તેને જીવન પર્યંત હૈયામાં રાખ્યા. ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેમની આજ્ઞા શિરોમાન્ય રાખી, હિતોપદેશ સદા ગ્રહણ કર્યો.

પોતે સ્વયં વિચારક હતા. શાસ્ત્રની બાબતમાં પોતાનું ચિંતન, અન્વેષણ, સ્ફુરણ ગહન હતું, છતાં પોતાના ઉપકારી તારક ગુરુદેવ તરફ એમનો ભક્તિભાવ દિન દિન ચડતે વાને હતો. છેલ્લી ઘડીઓમાં પણ ગુરુદેવની નિશ્રામાં, સેવામાં રહીને એમણે આરાધના અને સમાધિમાં ખૂબ પ્રેરણા પ્રાપ્ત કરી. એવો હતો એમનો ગુરુ પ્રત્યે સહજ સમર્પણભાવ...સાથે સાથે કલ્યાણની અદમ્ય ઝંખના...!

૧૯૮૫ અને ૧૯૮૬ના બે ચાતુર્માસ દરમિયાન તેઓશ્રી રામવિજયજી મહારાજના નિકટના સાન્નિધ્યમાં રહ્યા. અનેકવિધ શાસનને સ્પર્શતી તથા આરાધના માર્ગને અનુલક્ષીને ગંભીર વિચારણાઓ પૂ. ગુરુદેવ સાથે નિરંતર કરતા રહ્યા. શાસન રક્ષણ માટે ચુસ્ત રહ્યા. ધગશ અને નિષ્ઠાથી, સંસારમાં હોવા છતાં, તેમણે અનેકોને શાસનના–ભગવાનના માર્ગમાં સ્થિર કર્યા. પ્રેરણાઓ આપી.

સંસારમાં રહીને પણ યોગી પુરુષની જેમ વૈરાગ્ય ભાવનાને પ્રાણ બનાવી. આ બધાના પરિણામે વૈરાગ્યની પરિણતિ ખૂબ તીવ્ર બનતાં ભોગકર્મનાં નિકાચિત એવાં બંધનો ધર્મ પુરુષાર્થથી દૂર કરીને ત્યાગના–સંયમના માર્ગે જવાની ભાવના પ્રબળ બનતી ચાલી.

જ્યારે સંસાર ચક્રના ચકરાવા કંઈક જુદી જ પુણ્યાઈ બતાવી રહ્યા હતા. રૂ બજાર, અળસી બજાર અને ઘઉં બજારમાં દલાલીના

ધંધામાં સારી આવક હતી. બીજા દલાલો, દલાલીનો ભાવ ઘટાડવા માંડ્યા. બીજાઓની આ પ્રકારની અનીતિ જોઈ, ભગુભાઈએ નક્કી કર્યું કે હવે આ દલાલીનો ધંધો બહુ જોખમી થઈ ગયો છે. દલાલો સોદામાં ગાળા ખાવા માંડ્યા છે. આપણાથી ગાળા ખવાય નહિ. અનીતિ કરાય નહિ. આવી ધાર્મિક ટેકના કારણે તેમની સાથે કામ કરતા ચિમનભાઇને એ દલાલીનો ધંધો બંધ કરવાની ભલામણ કરી, જણાવ્યું કે, "ચાલુ વાયદાના બધા સોદા પતી જાય એટલે આ દલાલીનો ધંધો બંધ કરી નાખજો." વેપાર-ધંધામાં પ્રામાણિકતા એ એમનો પ્રાણ હતો.

રૂ બજાર, અળસી બજાર, દલાલોની અંદર તેમજ ગ્રાહકોની અંદર, તેમની ન્યાયનીતિમત્તા જોઇને ભગવાનદાસભાઈ ઉપર બહુમાન, વધી ગયું. બજારના કરોડપતિ દલાલો અવારનવાર બજારમાં ભગવાનદાસભાઈને મળતા. બજારમાં તેમની સલાહ લેતા. દીક્ષાની ભાવના દિવસે દિવસે પ્રબળ બનતી ચાલી હતી. એથી એમણે દલાલીનો ધંધો બંધ કરવાની ભલામણ કરી અને પોતાની ભાવના કેમ જલદી સફળ થાય, એ માટેનો પુરુષાર્થ આરંભી દીધો.

ભાગવતી દીક્ષા

પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ

ભાગવતી દીક્ષા એટલે ચારિત્રમાર્ગ–સંયમમાર્ગ. કર્મનો ક્ષય કરવા, પરમાત્મપદને વરવા, મોક્ષના માર્ગે ચાલવું તે દીક્ષા. સર્વ હિતકર. સર્વ પીડા–હર દીક્ષા.

વિશ્વોપકારી શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું મન–વચન–કાયાથી અપ્રમત્તપણે પાલન કરવા માટેનો પુનિત પંથ મોક્ષ માટેનો પ્રબળ પુરુષાર્થ તે દીક્ષા–

— શ્રી જિનેશ્વર પરમાત્માએ બતાવેલો સર્વ વિરતિરૂપ સામાયિકધર્મ, આત્મવિકાસની ટોચે પહોંચવાનો એક અદ્‌ભુત અને અનન્ય માર્ગ. સર્વ સંગના ત્યાગરૂપ સાધુપણાનો સ્વીકાર. ગુરુકુલમાં વાસ. સંયમના રક્ષણ માટેનો અદ્‌ભુત આદર્શ.

સાધુપણું એટલે સકલ જીવ રાશિ પ્રત્યે નીતરતો સ્નેહનો પરિણામ. માનસિક સુખનો અગાધ મહાસાગર. જ્ઞાનીઓએ તેને 'વિરતિમાર્ગ' કહ્યો. સઘળા જીવોને આપવામાં આવતા અભય-દાનનો માર્ગ...અહિંસા પરમો ધર્મઃ!

સંસારનાં સર્વ સુખના રાગનો ત્યાગ. દુઃખોના સામે ચાલીને સ્વીકાર. આ પંથ–છે શ્રી અરિહંત પરમાત્માનો.....પ્રવ્રજ્યાનો....!

અગણિત પુણ્યાત્માઓ આ માર્ગે વિચરીને, આત્માના પૂર્ણ આનંદમય, જ્ઞાનમય શુદ્ધ સ્વરૂપને પામ્યા છે.

'ચારિત્ર વિણ નહિ મુક્તિ.' વિષય–કષાયરૂપ સંસારથી મુક્તિ મેળવવા માટે ચારિત્રધર્મ આવશ્યક છે. અનિવાર્ય છે.

જીવ માત્રને આત્મ તુલ્ય માની, તેની સાથે આત્મ તુલ્ય વૃત્તિ અને પ્રવૃત્તિ કેળવવાનો નિરંતર અભ્યાસ કરવાપૂર્વક સમતા–સમભાવને અંતરાત્મામાં ઘૂંટવો...જીવન વ્યહારમાં સક્રિય બનાવવો... એજ સામાયિક ધર્મ. પરમાત્મા પોતે સામાયિક સ્વરૂપ છે. સાધુઓના પણ સાધુ છે. તેમણે શાશ્વત એવા સામાયિક સ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કર્યો છે. તે સાક્ષાત્કાર સંયમના સ્વીકારથી થયો છે અને ભવ્ય આત્માઓને ગતિ કરવા એ સંયમમાર્ગ મૂકયો છે.

જીવનમાં જેટલા પ્રમાણમાં સામાયિકનો વિકાસ, સંયમનું પાલન, તેટલા પ્રમાણમાં આપણા તરફથી જગત નિર્ભય, નિરુપદ્રવ બને છે. આપણો આત્મા ઉત્તરોત્તર વધુને વધુ નિર્મળ, નિર્ભય અને નિશ્ચલ બને છે.

આવી મંગલકર સંયમ સાધનાને જીવનમાં અને જગતમાં જીવંત બનાવવા સમ્યફ પુરુષાર્થ કરવો એજ માનવજીવનનું પરમ કર્તવ્ય છે.

અજ્ઞાન અંધકારથી વ્યાપ્ત આ વિશ્વમાં કર્તવ્ય અને અકર્તવ્યના વિવેક સાથે મોક્ષમાર્ગનું સમ્યફજ્ઞાન સદ્‌ગુરુઓના સમાગમ વિના મળતું નથી. સદ્‌ગુરુઓના શુભ સમાગમે જિનવાણીનું સતત શ્રવણ કરવાની પુણ્ય તક જેને મળી હોય છે, તેવા ભવ્યાત્મામાં મોક્ષ–આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની તમન્ના અને તત્પરતા જાગે છે. સંસારનાં કહેવાતાં ભૌતિક સુખોની નશ્વરતા અને ભયંકરતાનો વાસ્તવિક ખ્યાલ આવે છે. તે સાથે આત્મામાં રહેલા અનંત–અક્ષય સુખ અને જ્ઞાનના મહાન ખજાનાને ખોલવાની ખરી ચાવી હાથ લાગે છે. દેવ-ગુરુ કૃપાથી તેના જીવનમાં સર્વત્યાગના મંગલમાર્ગે પ્રયાણ કરવાની જવલંત ખુમારી અને જાજવલ્યમાન ખમીર પ્રગટે છે. પછી સંસારના કોઈ પણ ભૌતિક આકર્ષણો–પ્રલોભનો કે મોહ-માયાનાં બંધનો અંતરાયરૂપ કે અવરોધરૂપ બની શકતાં નથી.

આવા જ એક પુણ્યાત્મા ભગવાનદાસભાઈ ગુરુઓના સમાગમે, જિનવાણીના શ્રવણે, દુન્યવી તમામ આશાઓ અને ભૌતિક સુખ–સમૃદ્ધિ છોડી–તરછોડી... આત્મકલ્યાણની કેડીએ સંચરવા ઉજમાળ બન્યા.

જૈનશાસનને સમર્પિત થવા એમનો અંતરાત્મા અંદરથી થનગની ઊઠ્યો. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનું પાલન કરવા તત્પર બન્યો. પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિના રંગે ઉમંગે રમવા પોકારી રહ્યો. મુક્તિનો મારગ મીઠો લાગ્યો. અરિહંત પરમાત્માના ગુણો સાથે એકરૂપ થવા તલસી રહ્યો. દેવ–દુર્લભ એવી વસ્તુની પ્રાપ્તિ માટે ઝંખી રહ્યો...

અખંડ આરાધનામય જીવન જીવવા માટે જાગ્રત બન્યો.

શ્રી ભગવાનદાસભાઇ અને શ્રી ચિમનભાઈ પટવા :

શાસનનાં અનેક કાર્યો પોતાની શક્તિ અને ભાવના અનુસાર ભગવાનદાસભાઇ કર્યે જતા હતા.

ભગવાનદાસભાઈ તથા ચિમનભાઈ પટવા બંનેએ, મુંબઈ વર્ધમાન તપ આયંબિલ ખાતુ તથા નવપદ આરાધક સમાજમાં ઘણાં વર્ષો સાથે રહીને ખૂબ આરાધના કરી–કરાવી. એના ફળરૂપે આ બંને વૈરાગ્યવાસી આત્માઓ દીક્ષા લેવા માટે એકદમ તત્પર થઇ ગયા.

વર્ષો પહેલાં દીક્ષા લેવાની ભાવના આ બંનેને હતી, પણ સંજોગવશાત્ લઇ શકયા ન હતા. સમય પાકી જવાથી, પુણ્યોદય જાગૃત થવાથી ૧૯૮૬ની સાલમાં ચિમનભાઇએ, અમદાવાદમાં પૂજ્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે દીક્ષા લીધી. એ દીક્ષા અપાવવા માટે ભગવાનદાસભાઈ સાથે ગયા હતા. દીક્ષા લીધા બાદ એમણે તાર કરીને જણાવ્યું કે બધાને ખબર આપો કે ચિમનભાઇએ અમદાવાદમાં દીક્ષા લીધી છે અને શ્રી ચંદ્રસાગરજી મ. તરીકે સાધુપણામાં નામ પામ્યા છે.

ભગવાનદાસભાઇ એમની પાસે દીક્ષા લેવાનો પ્રથમ વિચાર કરતા. પણ શ્રી રામવિજયજી મહારાજ સાહેબ ચાતુર્માસ માટે મુંબઇ પધાર્યા. તેમનાં ત્યાગ–વૈરાગ્ય ભર્યાં પ્રેરક પ્રવચનો સાંભળ્યાં. પ્રવજ્યા માટે પ્રોત્સાહન મળ્યું. અંતરાત્મા જાગૃત હતો. વીતરાગ પરમાત્માના શાસનને સમર્પિત કરવા હૈયે અદમ્ય ઝંખના હતી. શ્રી રામવિજયજી મહારાજની શાસનપ્રભાવક વાણીએ તે સતેજ કરી અને પૂજ્યશ્રી પાસે દીક્ષા લેવાની ભાવના સાકાર બની. મક્કમ મન સાથે તેમણે આ વાત કુટુંબીજનોને પણ જણાવી દીધી અને તીર્થયાત્રાની ભાવનાથી યાત્રા માટે સકુટુમ્બ નીકળ્યા.

નાકોડા પાર્શ્વનાથ ભગવાનની યાત્રાએ...

જૈનશાસનમાં તીર્થયાત્રાનું મહત્ત્વ વિશેષ છે. તીર્થ તરવા માટે છે. તીર્થ સ્થાનમાં જપ–તપ–વ્રતનું પાલન થાય છે. ધનનો સદુપયોગ થાય છે. મનનો મેલ ધોવાય છે. સ્વભાવ સુધરે છે. તીર્થપતિનાં દર્શન કરવાથી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે.

ભવ ભ્રમણનો અંત આણવા અને પરમ પદના ભોક્તા બનવા તીર્થયાત્રા સહાયક બને છે.

તીર્થયાત્રાના આ હેતુઓને ધ્યાનમાં રાખીને ભગવાનદાસભાઈ ધર્મપત્ની હીરાબેન આદિ સકુટુંબ નાકોડા પાર્શ્વનાથ ભગવાનની યાત્રા માટે નીકળ્યા.

ખૂબ જ ભાવભરી ભક્તિથી, ભગવાનની જાત્રા કરી. મન પ્રસન્ન બન્યું. તે સમયે ભગવાનદાસભાઈએ હીરાબેનને કહ્યું :

"મારો તમારો છેલ્લો મેળાપ છે. પૂજ્યશ્રી રામવિજયજી મહારાજ પાસે દીક્ષા લેવાનો છું. દીક્ષાદિન કારતક વદ ત્રીજ નક્કી થઇ ગઈ છે..."

સાંભળતાં જ હીરાબહેનનું હૈયું ભરાઇ આવ્યું. ઘેર આવીને રડવા ચઢયાં અને બધાંને જણાવ્યું : "એમણે તો આમ કહ્યું છે."

પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ.....

ભગવાનદાસભાઇને જ્યારે દીક્ષા લેવાનું નક્કી થયું, ત્યારે તેમના વડીલબંધુ લહેરુભાઈ એ કહ્યું, " ભાઇ-શ્રી ચંદુનું (લહેરુભાઇના મોટા દીકરા) લગ્ન વૈશાખમાં થવાનું છે. ત્યાં સુધી તું દીક્ષા લેતો નહિ. તારે દીક્ષા લેવી હોય તો ચંદુના લગ્ન થયા પછી લે જે."

ભગવાનદાસભાઇએ કહ્યું, " ભાઇ...તમો તો સમજુ છો. આ ક્ષણભંગુર દેહનો કૈં ભરોંસો નથી. સાત-આઠ વર્ષથી દીક્ષા લેવાની ભાવનાવાળો હું સંસારના અનેક પ્રસંગોમાં અટવાઈ જઇ, લઈ શકયો નહિ. મારા આત્માને કેટલું બધું નુકશાન થયું. નાની ઉંમરમાં દીક્ષા લીધી હોત તો કેટલો શાસ્ત્રાભ્યાસ થઇ ગયો હોત. તમો બંને વડીલભાઈ મારી પરિસ્થિતિ બરાબર જાણો છો, કે હું દીક્ષા લેવાનો છું. તો હવે મને રોકશો નહિ, ત્યાગના માર્ગ પર જવા દો. મેં મુહૂર્ત કઢાવી લીધું છે. "

મોટાભાઇને ઘણું જ દુઃખ થયું. ફરીથી વ્યથિત હૃદયે જણાવ્યું, " વૈશાખ કેટલો દૂર રહ્યો. પાંચ છ મહિના કાઢી નાખ." ભગવાનદાસભાઇએ કહ્યું, " હું હોઇશ તો જ ચંદુનું લગ્ન થશે! ઘરમાં બધા છે, માટે મને રોકતા નહિ, મને આજ્ઞા આપો, જેથી આખા કુટુંબની આજ્ઞા મને મળી ગણાય. " કચવાતા મને લહેરુભાઈએ હા પાડી.

ધર્મપત્નીના જીવનનિર્વાહ માટેનો બંદોબસ્ત.

દીક્ષા લેતાં પહેલાં, ચાર દિવસ અગાઉ હીરાબેન તથા ભગુભાઇ, કુટુંબીજનો સાથે પાટણ ગયાં.

ભગવાનદાસભાઇએ કુટુંબીજનો સાથેનો, હીરાબેનને વ્યવહાર સમજાવી દીધો. હીરાબેને રહેવા માટે જે ઘર પસંદ કર્યું, તે તેમને આપ્યું. એમના ભરણ પોષણનો પાકો બંદોબસ્ત કર્યો. પૂરેપૂરી સમજ પાડી. દર દાગીના રોકડ રકમ વગેરે બધું એમને સોંપ્યું. બધા વડીલભાઇઓ સાથે સમજૂતિ કરી. કુટુંબથી એમને જુદા રાખી, સારી રીતે ખુશ થાય, તેવી રીતે વહેંચણી કરી આપી.

રાજીખુશીથી કારતક સુદ પુનમના દિવસે પાટણથી બપોરના ચારની ગાડીમાં નીકળી, પત્ની સાથે બધા કારતક વદ એકમના મુંબઇ આવ્યા.

દીક્ષાની છાબ હીરાબેનના માથે :

ભગવાનના શાસનને સમર્પિત થતા પતિની દીક્ષા પ્રસંગે હીરાબેને પોતેજ ગીત ગાયાં. દીક્ષાનાં ઉપકરણોની છાબ, વરસીદાનના વરઘોડા વખતે હરખભેર પોતેજ ઉપાડી. હિંમત રાખી પોતેજ ગીત ગવડાવતાં, ખૂબજ ઉત્સાહપૂર્વક પોતે પતિને દીક્ષામાં સાથ આપ્યો. જરાપણ તનથી કે મનથી રુકાવટ ન કરી. વિરોધ ન કર્યો. અંતરના ઉમળકાથી દીક્ષા લેવા માટે પતિને રુચિ બતાવી, દીક્ષામાં પૂરેપૂરો સાથ અને સહકાર આપ્યો.

હીરાબેને ૧૨ વર્ષ ગૃહસ્થ જીવનમાં ગાળ્યા બાદ ૧૯૮૭માં પતિને વીરના માર્ગે જવાનો–સાધુ જીવન જીવવાનો સમય આપ્યો.

દીક્ષા સમયે ભગુભાઈના પુત્ર જિતુભાઇ ફક્ત ત્રણ–સાડાત્રણ વરસના...પુત્ર–પત્ની–સ્વજન–સ્નેહી–પરિવાર પરના રાગને–મમતાને ત્યજી દઇને, ભગવાનદાસભાઇ, તમામ બંધનો ફગાવી દેવા તૈયાર થયા...અને...૨૮ વર્ષની ભરયુવાનવયમાં તેઓશ્રી અવિસ્મરણીય એવા અરિહંત માર્ગના અણગાર બનવા ભાગ્યશાળી થયા.

દીક્ષાર્થીઓનો સન્માન પ્રસંગ–
અભિનંદન આપવા મેળાવડો.

કારતક વદ ૨ ની રાત્રે, લાલબાગના સંઘ તરફથી પાંચેય દીક્ષાર્થીઓનું બહુમાન કરવા, કુંભાર ટૂકડા ઉપર સુખાનંદની ધર્મશાળાના હૉલમાં, રાતના નવ વાગે, માનપત્ર આપવાનો મેળાવડો રાખવામાં આવ્યો. સેંકડો ભાઈ–બહેનોએ તેમાં હાજરી આપી કલકત્તાનિવાસી બાબુસાહેબ દૂધેડિયાના પ્રમુખપણા નીચે આ મેળાવડો યોજાયો. જૈન સમાજના સુપ્રતિષ્ઠિત, ધાર્મિક વિચારવાળા

આગેવાન ગૃહસ્થો, ઘણી મોટી સંખ્યામાં પધાર્યા હતા. પ્રસંગ ખૂબ જ અનુમોદનીય બન્યો.

આ પાંચેય દીક્ષાર્થી ભાઈઓએ ધાર્મિક પ્રવૃત્તિઓ વિશે લોકો પર સારી અસર પડે તેવાં વક્તવ્યો કર્યાં.

ભગવાનદાસભાઈની નિઃસ્વાર્થ બુદ્ધિએ માત્ર આત્મકલ્યાણની એક જ દૃષ્ટિએ કરેલી અનેક ખાતાઓની સેવાઓના ઉલ્લેખો થયા. ત્યાગધર્મના સુંદર પ્રસંગને બિરદાવતાં ભગવાનદાસભાઈએ કહ્યું : "મનુષ્ય જન્મમાં લેવા જેવો સંયમ છે. ચાલવા જેવો વીતરાગનો માર્ગ છે. અમો પાંચ મુમુક્ષુઓ ભગવાને બતાવેલા મોક્ષમાર્ગની આરાધનાના માર્ગે, દેવ-ગુરુઓની કૃપાથી આત્મકલ્યાણ કરવા માટે તત્પર બન્યા, તે અમારો પુણ્યોદય છે. દરેક ભાઈ-બહેનોએ આ આત્મ-કલ્યાણના સંયમ માર્ગે આવવા કટિબદ્ધ થવું જોઈએ. જેથી કર્મનો ક્ષય થાય, ભવનો નિસ્તાર થાય અને શાશ્વત સુખ પમાય.

લગભગ રાતના ૧૧ વાગે દીક્ષાર્થીઓને અભિનંદન આપવાનો આ મેળાવડો સમાપ્ત થયો હતો.

વરસીદાનનો વરઘોડો :

કારતક વદ બીજના દિવસે, સવારના વરસીદાનનો વરઘોડો હતો. વાતાવરણ પ્રસન્ન હતું. હૈયામાં આનંદ સમાતો ન હતો. ભગવાનના શાસનને ભગવાનદાસભાઈ તથા બીજા ચાર મુમુક્ષુઓ-દીક્ષાર્થીઓ સમર્પિત થવાના હતા.

આ પાંચેય દીક્ષાર્થી ભાઈઓનો વરસીદાનનો વરઘોડો સવારના લાલબાગના જૈન ઉપાશ્રયથી નીકળ્યો. સર્વત્ર ઉમંગ ઉલ્લાસ ફરી વળ્યો. ભૂલેશ્વર કબુતર ખાના, શરાફ બજાર, સોના ચાંદી બજાર આગળથી પસાર થઈને પ્રિન્સેસ સ્ટ્રીટ કાલબાદેવી વગેરે લત્તામાંથી નીકળીને પાયધુનિ આવ્યો. ત્યાંથી ગુલાલવાડી, ઘાટની ચાલ થઈ અને લાલબાગ આગળ સમાપ્ત થયો.

પારમેશ્વરી પ્રવ્રજ્યા પ્રદાન પ્રસંગ.
કારતક વદ–૩–વિક્રમ સંવત ૧૯૮૭.
મુંબઇ ભાયખલા.

કારતક વદ ૩ ના દિવસે સૂર્યના સોનેરી કિરણો ધરતીને સ્પર્શે તે સમયે સવારે દીક્ષાનો વરઘોડો ચઢયો. પાંચેય મુમુક્ષુઓ ઘોડા–બગીમાં બેઠા. જૈનશાસનના જયનાદો વચ્ચે, ભાયખલા જૈન મંદિરના મેદાનમાં પ્રવેશ્યા.

શ્રી આદીનાથ ભગવાનનાં દર્શન કરી, ચૈત્યવંદન, સ્તવનાદિ ભાવપૂર્વક કરી અને વ્યાખ્યાન હૉલમાં આવી પહોંચ્યા.

ભગવાનદાસભાઇ સંસારી કપડામાં હતા. ૧૭ વર્ષની વયે વર્ધમાન તપનો પાયો નાખેલો. દુબળા શરીરે એકવાર અઠ્ઠાઇનો તપ કરેલો. છ મહિના સુધી લાગટ આયંબિલ કરીને કેટલીક ઓળીઓ કરેલી. આ બધી આરાધનાના–તિતિક્ષાના ફળરૂપે આજે આ સોનેરી અવસર પામવા બડભાગી બન્યા.

પૂજ્ય આચાર્યશ્રી દાનસૂરીશ્વરજી મહારાજ સાહેબે શુભ મુહૂર્તે દીક્ષા આપવાની ક્રિયા પંન્યાસજી શ્રી પ્રેમવિજયજી તથા મુનિરાજ શ્રી રામવિજયજી તથા અન્ય સાધુ ભગવંતોની વિપુલ હાજરીમાં થઇ. પૂજ્ય આચાર્ય મહારાજે ભગવાનદાસભાઈ આદિને ઓઘો આપ્યો. ચારે બાજુ 'જૈન શાસન દેવકી જય'

'જૈનં જયતિ શાસનમ્' ના જયનાદો વચ્ચે ત્રણ ફેરા ફરી, ભગવાનદાસભાઇ મુંડન માટે સ્નાન કરવા ગયા.

મુંડન કરાવી સાધુવેશમાં ઓઘો–દાંડો લઈને વ્યાખ્યાન હૉલમાં આવ્યા. ખૂબ જ શાસન પ્રભાવના, મહોત્સવપૂર્વક અનેકોની અનુમોદના અને પ્રશંસા પામતા, ત્યાગ માર્ગ માટે આદર અને અનુરાગ પ્રગટાવતા, ભર યુવાન વયમાં અનેક પ્રકારના સાંસારિક, આકર્ષક લોભામણાં અને મૂંઝવણ ભર્યાં પ્રલોભનોને લાત મારીને પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયદાનસૂરિ મહારાજ સાહેબના વરદ હસ્તે,

મંગલ મુહૂર્તે સોનેરી સમયે, કલ્યાણકારી કલાકે, પવિત્ર પળે, ભગવાનદાસભાઈએ પૂજ્ય મુનિરાજશ્રી રામવિજયજી ગુરુદેવના શિષ્ય તરીકે શરણું સ્વીકાર્યું.

ભાયખલા જૈન દેરાસરના વિશાળ વ્યાખ્યાન હૉલમાં ૧૫૦૦૦ માનવ મેદની વચ્ચે ધામ-ધૂમપૂર્વક હર્ષોલ્લાસથી એમના ત્રણેય ગુરુદેવોએ દીક્ષા-દાન કર્યું.

આ સમયે બીજા પણ ભાગ્યશાળી મુમુક્ષુઓની દીક્ષા થઇ.

આ દિવસે જ પૂજ્ય પંન્યાસજી શ્રી પ્રેમવિજયજી ગણિવર, ઉપાધ્યાય પદ પામ્યા અને મુનિરાજ શ્રી રામવિજય મહારાજને પંન્યાસ પદ પ્રદાન થયું.

ભાગ્યશાળી ભગવાનદાસ મટીને જૈનશાસનની વંદનીય વિભૂતિ પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ બન્યા.

બીજા ચાર મુમુક્ષુઓની પણ દીક્ષા થઇ, તેમાં શ્રી મોહનવિજયજી. મ., શ્રી મલયવિજયજી મ., શ્રી વલ્લભવિજયજી મ. તથા શ્રી હંસસાગરજી મ. એ રીતે નામાભિધાન પામ્યા.

જૈનશાસનના જય જયકાર વચ્ચે સહુએ નૂતન મુનિવરોને વધાવ્યા. આ પાવનકારી મંગલમય પ્રસંગને નજરોનજર નિહાળનારા ધન્ય બન્યા. સર્વત્ર આનંદ છલકાઈ ગયો.

દીક્ષા-દિન યાદગાર બની ગયો.

વડીલ બંધુઓની ચિંતા

નાનાભાઈ દીક્ષા પામ્યા, એની ચિંતા કરતાં એમના વડીલ ભાઈઓ શ્રી લહેરૂભાઇ તથા ભોગીલાલભાઈએ, એક સમયે પૂજ્ય આચાર્યદેવને કહ્યું : "સાહેબજી! શ્રી ભદ્રંકરવિજયજીનું શરીર બહુ સુકોમળ છે, માટે એમને સાચવજો."

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરિ મહારાજે જણાવ્યું : "ભદ્રંકરવિજયજીના સામુદ્રિક લક્ષણો મેં જોયાં છે. એ તો જૈન શાસનનો મહાન સ્તંભ અને સૌને પ્રિયપાત્ર બનવાનો છે. તેથી એની જરાય ચિંતા ન કરશો."

દીક્ષાના પ્રારંભમાં જ.

" परस्पृहा महादुःखम्, निःस्पृहत्वं महासुखम् ॥ "

આ સોનેરી સૂત્ર મુનિશ્રી ભદ્રંકરવિજયજીને નિઃસ્પૃહ શિરોમણી સકલાગમ રહસ્યવેદ્દી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસેથી મળ્યું.

સંયમની રક્ષા એ સાધુ જીવનનો પ્રાણ છે. એની રક્ષા સૌ પ્રથમ કરવી જોઈએ. નાની મોટી પ્રત્યેક ધર્મક્રિયા, વિધિ બહુમાનપૂર્વક કરવી, તેમાં યથાર્થ આજ્ઞાપાલન છે. પ્રત્યેક ધર્મકરણીમાં, આજ્ઞા-પાલનનો પરિણામ એ શ્રેષ્ઠકોટિનું ધ્યાન છે. સમુદાય અને સંઘમાં પરસ્પર વાત્સલ્યભાવની વૃદ્ધિ ખૂબજ જરૂરી છે—આ હિતબોધ તેમને પરમ પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી મહારાજ પાસેથી મળ્યો.

સર્વ પ્રવૃત્તિઓમાં આજ્ઞાપ્રધાનતા, વચન—અડગતા, જીવનમાં અપ્રમત્તતા અને શરણાગત વત્સલતા વિગેરે શ્રેષ્ઠ ગુણો કેળવવા માટેનું મોટું બળ, તેમને પોતાના તારક પરમ ગુરુદેવ મુનિરાજશ્રી રામવિજયજી પાસેથી મળ્યું.

અને.....

" निम्मो निरहंकारो निस्संगो न च गारवो ।
सम्मोय सव्वभूएसु, तसेसु थावरेसु य ॥ "

મમતા, અહંકાર, ગર્વ અને આસક્તિ છોડી માત્ર માનવીઓ પ્રત્યેજ નહિ પરંતુ ત્રસ અને સ્થાવર જીવો પ્રત્યે પણ આત્મ સમાન વર્તાવ કરે તે મહામુનિ—!

આ કલ્યાણકારી અને પાવનકારી—આસન્નોપકારી શ્રમણ ભગવાન-શ્રી મહાવીરદેવનું વિધાન તેમણે પોતાના જીવનમાં જીવતું જાગતું કર્યું...!

ધન્ય મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને...

મહાસુદ–૬. સં. ૧૯૮૭–તેમની વડીદીક્ષા થઈ અને આપ જ્ઞાન–ધ્યાન–તપ–ત્યાગ–ગુરુભક્તિ, ગુરુવિનય, અને સૂક્ષ્મ ચારિત્ર ક્રિયામાં લયલીન સ્વાધ્યાય સંયમરત સાધુ–ધન્યા.

તપસ્વી હીરાબહેન–સ્વર્ગવાસ.

હીરાબહેનના શરીરનું કાઠું સારું હતું, સ્વભાવ સારો હતો. તેઓ ધાર્મિક અને ઉદારદિલનાં હતાં. નાટક–સિનેમા જિંદગીમાં કદાચેય જોયાં ન હતાં. આખો દિવસ ધર્મક્રિયામાં ગાળતાં, ઉકાળેલું પાણી પીતાં, ચહુવિહાર કરતાં. તેમણે ત્રણ ઉપધાન કર્યાં હતાં. આખા જીવન સુધી નવપદજીની ઓળી મૂકી ન હતી. વર્ધમાન તપની ત્રીસ ઓળી કરી હતી. વીસ સ્થાનકની ઓળી પણ ૪૫૦ ઉપવાસની પૂરી કરેલી. વર્ષીતપ પણ કરેલું. બે વાર અટ્ઠાઇ તપ કરેલાં, ચોમાસુ નવ્વાણું કરેલું. છ'રી પાળતા સંઘમાં બે વખત મુંબઈથી પાલીતાણા ગયાં હતાં.

ચોમાસામાં નાની–મોટી તપશ્ચર્યાઓ કરતાં. ચૌદ નિયમોથી શ્રાવિકાનું–નિયમ ઝળહળતું. બહારગામ જાય ત્યારે ઉપવાસ ભલે ન થાય, પણ દહેરાસરમાં ભગવાનનાં દર્શન ન થાય, ત્યાં સુધી પાણી ન વાપરતાં.

રોજ બે પ્રતિક્રમણ, સ્નાત્ર–પૂજા, સામાયિક વિગેરે શ્રાદ્ધ ક્રિયાઓ કરતાં. નિયમિત વ્યાખ્યાન શ્રવણ કરતાં.

સંસારીપણામાં ભગવાનદાસભાઈ સાથે ભારતમાં, તેમણે ઘણી જાત્રા કરી હતી. સમેતશિખરજીની જાત્રા બે વખત કરેલી, પાલીતાણા–શંખેશ્વરજી પણ વર્ષમાં બે–ત્રણ વાર જાય.

ભગુભાઇએ દીક્ષા લીધા બાદ દર બે ત્રણ મહિને સાહેબજી હોય ત્યાં વંદન કરવા જાય. તેથી જાત્રાનો લાભ પણ મળે.

તબિયત તો ઘણી સારી રહેતી પણ નાકોડાજી તેઓ જાત્રા કરવા તથા આયંબિલની ઓળી કરવા ગયાં હતાં. ત્યાં સામાન્ય બિમાર થઈ ગયાં, તેથી જિતુભાઇને મુંબઈથી બોલાવ્યા અને કહ્યું : "તમો લઈ જાવ." તે સમયે સાહેબજીએ જિતુભાઇને જણાવ્યું :

" તેઓ (હીરાબહેન) છ માસ જીવશે અને બન્યું પણ તેમજ. "
હીરાબહેન ખૂબજ ભાગ્યશાળી હતાં. માંદગી સમયે અંતિમ સમાધિ ટકાવવા માટેના સાહેબજીના પત્રો આવતા હતા. માનવજીવન સફળ કેમ કરવું તે માટે શક્તિ અનુસાર તમે આરાધના કરી છે, તો સુકૃતની ખૂબ ખૂબ અનુમોદના કરજો.

હીરાબહેનના આત્માને શાંતિ મળે તેવા હિતોપદેશથી ભરેલા, સાહેબજીના જિતુભાઇ પર પત્રો આવતા. તે વાંચવાથી આત્મા નિર્ભય બનતો અને આરાધનાનું ભાથું ભરતો.

બિમારી વધી. છતાં શાંતિ જોવા મળતી. છેલ્લાં છેલ્લાં હીરાબહેનને લાલબાગની ધર્મશાળાના બીજા માળે રાખવામાં આવ્યાં હતાં. એમને પેટના આંતરડાનું કેન્સર થયું હતું. પેટમાં પાણી એટલું બધું ભરાઇ ગયેલું કે પાણીનો ઘૂર ઘૂર અવાજ પેટમાં થયા કરતો. બંને પગ પાકી ગયેલા, સોજાથી સૂજી ગયેલા, આટલી બધી અસહ્ય વેદના છતાં, તેમનું નવકારનું સ્મરણ ચાલુ રહેતું. દેવ–ગુરુ–ધર્મની જ તેઓ વાતો કરતાં.

આ કેન્સરની બિમારીમાં તેમને પ્રતિબોધ પમાડવા દર ત્રણ દિવસે સાહેબજીનો તેમના પર પત્ર આવતો. પરિણામે છેલ્લી ઘડી સુધી, પારાવાર પીડા વચ્ચે પણ સમાધિ સાચવી શકયાં.

સાહેબજીના હિસાબે મુંબઈના એક એક સાધુ–ભગવંતો તેમની ખબર પૃછવા આવી જતા.

પોષ સુદ પુનમ ૨૦૨૪ ના રોજ સવારના આરાધના કરતાં, છેલ્લે પુણ્યપ્રકાશનું સ્તવન સાંભળતાં, સંભળાવનારની છેલ્લી ગાથામાં ભૂલ પડી, તો તે તરફ ધ્યાન દોરી, નમસ્કાર મહામંત્રના ઉપચ્ચારપૂર્વક, સમાધિમરણ સાધી ગયાં. દેહત્યાગ કર્યો, ત્યારે તેમની ઉંમર ૬૭ વર્ષની હતી.

૧૦ આંતર-બાહ્ય વ્યક્તિત્વ

૧૯૮૭ થી ૧૯૯૫.

પૂજ્ય મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનું વ્યક્તિત્વ જેમ જેમ વિકસતું ચાલ્યું, તેમ તેમ સહુને પૂજ્ય આચાર્યદેવના ભાવિ બોલની સાર્થકતા વધુ ને વધુ પ્રમાણમાં સમજાતી ચાલી. નખથી શિખ સુધીની એ કાયા જ એવી વિશિષ્ટ રચના ધરાવતી હતી કે જોનારનું હૈયું ઝૂકી ગયા વિના ન રહેતું. સદૈવ સસ્મિત મુદ્રા, ગૌરવર્ણ, જોનારના હૈયામાં સ્થાન લઈ લે એવી સપ્રમાણ ઊંચાઇ, સંયમનું તેજ, આજાનુબાહુ અને ભવ્યભાલ જેવી દૈહિક વિશેષતાઓ તો હજી તાગ પામી શકાય એવી હતી, પરંતુ એમના ગુણોના ઘરની જે વિરલ વિશેષતાઓ હતી, એનો તો તાગ પામવો શક્ય જ ન હતો!

એમનો યોગી દેહ જ એવો અનોખો હતો કે દર્શક પ્રથમ નજરે જ મુગ્ધ બની જતો. પરિચયમાં આવનાર, પાસે બેસનાર, એમના મુખેથી સદુપદેશને સાંભળનાર, જિજ્ઞાસુને સમજાઈ જતું કે ગાગરમાં સાગર સમાવવાની એમની વિચક્ષણ પ્રતિભા ખરેખર કોઈ અલૌકિક હતી.

સિંહની જેમ સંયમમાર્ગને સ્વીકાર્યા બાદ, વધતા ઉલ્લાસ ઉમંગથી ચારિત્રની આરાધના કરતાં કરતાં, અલ્પકાળમાં જ તેઓ ખૂબ વિકાસ સાધી શક્યા. તેઓશ્રીએ એવી પરિણતિ પ્રાપ્ત કરી, એવી શક્તિ અને પ્રભુના શાસન પ્રત્યે સ્થિરતા પ્રાપ્ત કરી કે વર્ષો જૂના ચારિત્રી મુનિ મહારાજ જેવું જીવન એમનામાં પ્રતિબિંબિત થતું જોઇને, વડીલોને પણ તેમની આરાધના પ્રત્યે સ્વાભાવિક રીતે બહુમાન જાગૃત થયું.

દીક્ષિત થયા પછી પૂજ્ય મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને લાલબાગ જૈન ઉપાશ્રયમાં પોતાના પૂજ્ય પરોપકારી પરમ ગુરુદેવની સેવામાં રહેવાનું બન્યું. સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ તેમજ આધ્યાત્મિક વિકાસમાં પ્રગતિ કરતાં, પરમગુરુ શ્રી દાનસૂરિજી મહારાજ, પ્રગુરુ પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી મહારાજ અને ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી રામચંદ્રવિજયજી મહારાજ જેવી ગુરુત્રિપુટીના મનભર આશીર્વાદ મેળવ્યા.

પૂજ્ય પરમ ગુરુદેવની નિશ્રામાં વિહાર કરીને તેઓ અંધેરી પધાર્યા. ત્યાં પૂજ્ય પંન્યાસજી શ્રી રામવિજયજી મહારાજની પાવનકારી નિશ્રામાં ઉપધાન તપની આરાધના શરૂ થયેલી. તે દરમ્યાન વડીલોની છાયામાં રહેલા તેઓશ્રીની રત્નત્રયીની નિર્મળ આરાધના મન-વચન-કાયાના ઉત્સાહપૂર્વક નિરંતર ચાલુ રહેતી.

સંસારી અવસ્થામાં તેઓ મુંબઇ નવપદ આરાધક સમાજ સંસ્થાના સક્રિય કાર્યકર તથા અનેક ધર્માત્માઓની આરાધનામાં માર્ગદર્શક હતા. આ સંસ્થા માટે એવી છાપ હતી કે લગભગ એના આગળ પડતા કાર્યકરો, સંસારને જલ્દી છોડી, વૈરાગ્ય માર્ગમાં આગળ વધી, ત્યાગી જીવનને જીવવાના મનોરથો સેવતા હતા. તેમના કેટલાય સહકાર્યકરોએ ચારિત્રમાર્ગની આરાધના કરવા માટે, સંસાર છોડી મુનિ જીવનને સ્વીકાર્યું હતું. તે બધા આત્માર્થી-આરાધક-મુમુક્ષુ માટે પૂજ્ય મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ, એક આદર્શરૂપ અને પ્રેરણા આપનારા મહાપુરુષ બન્યા. એ રીતે અનેક આરાધક આત્માઓને પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતના આરાધક માર્ગની ખૂબ સુંદર પ્રેરણા આપી.

શાંત, સરળ, મધુર પ્રકૃતિ સાથે આધ્યાત્મિક ભાવના અને તેજસ્વી જાજ્વલ્યમાન વ્યક્તિત્વ ધરાવતા તેઓશ્રીનું જીવન અમુક રીતે અનેકોને મોક્ષમાર્ગની આરાધના માટે પ્રોત્સાહિત અને ઉત્તેજક હતું.

તીર્થાધિરાજની યાત્રા :-

૧૯૮૭ ની સાલ-અંધેરી ઉપધાન તપની પૂર્ણાહુતિ થઇ. પછી તેઓશ્રીનો વિહાર, પોતાના પરમ ગુરુદેવ સિદ્ધાંતમહોદધિ ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી ગણિવર તથા પોતાના ગુરુદેવ પ્રખર પ્રવચનકાર પંન્યાસજી શ્રી રામવિજયજી ગણિવરની નિશ્રામાં મુંબઈ-અંધેરીથી તીર્થાધિરાજ શ્રી શત્રુંજય, સિદ્ધક્ષેત્રની પવિત્રભૂમિ પ્રતિ શરૂ થયો.

વિહાર વિકટ હતો. ડગલે પગલે રેલના પાટા ઉપર તેમજ કાંકરાવાળા માર્ગથી પસાર થવું પડતું. અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ હતી. શિયાળાનો દિવસ, ઠંડી જામતી. પવન ફૂંકાતો, ધરતીને ધ્રૂજારી પેદા કરતો. આવા સમયે પણ પ્રયાણ થતું. દીક્ષા લીધા બાદ પહેલ વહેલો આ ઉગ્ર વિહાર હોવા છતાંય તેઓશ્રીનું મુખ પ્રસન્ન રહેતું. શાંત અને સ્વસ્થ ચિત્તે પૂજ્ય ગુરુદેવની સાથે ઝડપી વિહાર કરીને તેમણે સિદ્ધક્ષેત્રની પુણ્યભૂમિ ઉપર પદાર્પણ કર્યું.

પૂજ્યશ્રીના હૈયામાં, સંસારી અવસ્થાથી જ તારક એવા જૈનશાસન પ્રત્યે અવિહડ અનુરાગ હતો. વર્ષોથી પોતાની સંયમ માર્ગ પ્રત્યેની રુચિ તથા જૈનશાસનની રત્નત્રયીની આરાધના કરનાર સુવિહિત ત્યાગી પુરુષો પ્રત્યે તેમના અંતરમાં કોઈ અજબ કોટિનો અનુરાગ વહેતો. પરિણામે આટ આટલું જ્ઞાન, ગર્ભ શ્રીમંતાઇ, જૈન સમાજ સંઘમાં સારામાં સારી પ્રતિષ્ઠા, ધર્મ સમાજમાં અગ્રગણ્ય સ્થાન આ બધું યે ગૌણ કરીને, પરમાત્માના સંયમ માર્ગમાં પોતાની જાતને તદ્દન આત્મવિલોપનપૂર્વક સમર્પણ કરી દીધી. પોતે નિરભિમાનપણે, સરળતાથી, નમ્રતાની મૂર્તિ બનીને, નિઃસ્પૃહવૃત્તિથી આરાધના કરી રહ્યા હતા.

'આજ મેં શત્રુંજો દીઠો...રે...'

'શત્રુંજય સમો ગિરિ નહિ...' એવા તીર્થાધિરાજની પવિત્ર અને મંગલમય છાયામાં તીર્થાધિપતિ શ્રી આદીશ્વર ભગવાનનાં યાત્રા કરી દર્શન કર્યાં, કૃતાર્થ થયા. ખૂબ ઉલ્લાસભેર અને આનંદપૂર્વક લાભ પ્રાપ્ત કરી, પોતાના વડીલો સાથે તેમણે વઢવાણ પ્રતિ પ્રયાણ આદર્યું.

નવપદ આરાધક સમાજની તે સમયે ચૈત્ર માસની શાશ્વતી ઓળીની, વઢવાણ સંઘના અગ્રગણ્ય શ્રેષ્ઠિવર્ય શ્રી જીવણલાલ અબજીભાઇના પરિવાર તરફથી આરાધના ગોઠવાઈ હતી.

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી મહારાજની તથા પૂજ્ય પંન્યાસજી શ્રી રામવિજયજી મહારાજની નિશ્રામાં તે સુંદર રીતે ઉજવાઈ. પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પણ તે સમયે આરાધક વર્ગને પ્રેરણાનું અમીપાન કરાવતા હતા અને શ્રી નવપદજી ભગવંતનો મહિમા સમજાવતા.

શ્રી નવપદજીની ઓળીની વિધિપૂર્વકની તપશ્ચર્યા એ મહાન ભાવ મંગલરૂપ છે. પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિના કારણરૂપ છે.

અહંકાર માનવીનો મહાન શત્રુ છે. શ્રી નવપદજીની વિધિપૂર્વકની આરાધના, આત્માના અહંભાવનો નાશ કરી, આત્મામાં નમ્રભાવને વિકસાવી, આત્માને અનંત ગુણોનું ભાજન બનાવી, સંસાર-સમુદ્ર પાર ઉતારી, અંતે મુક્તિના અનંત સુખને અપાવે છે.

શ્રી નવપદજીની આરાધનામાં :-

— સર્વ પ્રકારની ઋદ્ધિ-સિદ્ધિઓને અપાવનાર આયંબિલનો નિર્મળ તપ છે.

— શ્રી સિદ્ધચક્રજી-નવપદજી ભગવંતનો મંગલમય જપ છે.

— સર્વ કલ્યાણકારિણી પરમાત્માની અખંડ ભક્તિ છે.

— રાત દિવસ સતત ધર્મ ક્રિયાઓનું આસેવન છે.

— નિયમિત ગુરુમુખે શ્રી વીતરાગ પરમાત્માની વાણીના શ્રવણરૂપ અમૃતનું પાન છે.

આ બધાં નિમિત્તો આત્માને વિષય-કષાય અને સંસારના ત્રિવિધ તાપમાંથી મુક્ત બનાવવા માટેના અમોઘ ઉપાયો છે. શાશ્વતી ઓળીની આરાધનામાં, આ બધું સુંદર રીતે પદ્ધતિસર ગોઠવાયેલું છે.

જીવનમાંથી રોગ, શોક, દારિદ્ર, આધિ–વ્યાધિ, ઉપાધિ, બીજાં પણ દૃશ્ય–અદૃશ્ય અનેક સંકટોને હઠાવી, પોતાની તમામ મનોવાંછિત ધારણાઓને સફળ કરી, રત્નત્રયીરૂપ આત્મવિકાસના ઉત્તમ માર્ગે આગળ વધતાં, અનેક જીવતાં જાગતાં દૃષ્ટાન્તો છે.

પરમ તારક પરમાત્માના શાસનના રસિક બનાવવા, મોહમૂઢ જીવોના અંતરની વેદીને, જૈન શાસનની સન્મુખ વાળવા માટે સંસાર રસિક આત્માઓના પડળો સુધારી સમ્યગ્–દર્શન, સમ્યગ્–જ્ઞાનનું અમૃત તુલ્ય અંજન કરાવવાને માટે પૂજ્યશ્રીની જૈન સિદ્ધાંતના સાર ગર્ભિત વાણી અજોડ હતી. લોક વાહ વાહ, પ્રશંસા, માન–અપમાન, વિરોધ કે વિદ્વેષ તે બધાને અવગણીને તેઓશ્રીએ તે કાળે પોતાની અમોઘ, સચોટ, મર્મસ્પર્શી ભાષામાં, વાણીનું અમૃત વરસાવીને, અનેક આત્માઓના હૃદયમાં સમ્યક્ત્વની–સમ્યગ્–દર્શનની સંજીવની પૂરી છે.

વિહાર–વઢવાણથી અમદાવાદ :

વઢવાણથી વિહાર કરી, પોતાના ગુરુદેવોની નિશ્રામાં, જૈન શાસનની જૂની આરાધક સંસ્થાને દેશવિરતિ આરાધક સમાજના સંમેલનની આરાધના માર્ગનું આલંબન આપવાના શુભ આશયથી તેઓશ્રી અમદાવાદ પધાર્યા. અહીં ગામ, પરગામથી, દેશ–દેશાંતરથી આરાધક આત્માઓ આવ્યા હતા. ખૂબ જ ઉમંગથી પૂજ્ય આચાર્ય શ્રી સાગરાનંદજી મહારાજ, પૂજ્ય આચાર્ય શ્રી મેઘસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી ગણિવર, પ્રસિદ્ધ પ્રવચનકાર પૂજ્ય પંન્યાસજી શ્રી રામવિજયજી ગણિવર, આદિ મુનિભગવંતોની નિશ્રામાં સંમેલન સફળતાપૂર્વક યશસ્વી રીતે પરિપૂર્ણ થયું...

...તે અવસરે પાટણના શાસન પ્રેમી શ્રીસંઘના અગ્રગણ્ય સંઘપતિ શેઠશ્રી નગીનદાસ કરમચંદ આદિ ધર્માત્માઓની આગ્રહભરી વિનંતીથી, તેમજ તે સમયે મુંબઈમાં બિરાજમાન ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પૂજ્ય શ્રી દાનસૂરીશ્વરજી મહારાજશ્રીની આજ્ઞાને

માથે ચઢાવી પ્રશાંતમૂર્તિ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી મેઘસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂજ્ય ઉપાધ્યાયજી તથા પૂજ્ય પંન્યાસજી મહારાજ અનેક મુનિ ભગવંતોના પરિવાર સાથે, ચાતુર્માસ માટે અમદાવાદથી પાટણ પ્રતિ પ્રયાણ કર્યું.

પાટણનાં સંખ્યાબંધ જ્ઞાન ભંડારો, દેવવિમાન જેવા ગગનચુંબી અને ધજા ઉપરની મધુર અવાજ કરતી, રણકતી ઘંટડીઓના મંજુલ નાદથી વાતાવરણને પ્રસન્નતાથી ભરી દેતાં એવાં સેંકડો જિનાલયો કોટ્યાધિપતિઓની આકાશને આંબતી હવેલીઓ, ચોરાશી-ચોરાશી ચૌટાઓ, અનેક દાનશાળાઓ, અનેક પૌષધશાળાઓમાં બિરાજમાન અનેક સાધુ ભગવંતો, જૈન શાસનના રત્નત્રયી માર્ગનું આરાધન કરી સ્વાધ્યાયના સુમધુર સ્વરથી વાતાવરણને આધ્યાત્મિક વાતાવરણથી ભરી દેતા. સંયમના સૂર સાથે, અરિહંતની આજ્ઞાનું પાલન શાસનના સાક્ષાત્ સ્વરૂપને પ્રગટ કરતું દેખાતું.

આવી વૈભવશાળી પાટણની પવિત્રભૂમિ પર એવી કોઈ પળે, જૈનશાસનના ત્યાગ માર્ગ પ્રત્યે, કેટલાક અજ્ઞાની આત્માઓ વિરોધનો વા વંટોળ ઊભો કરી, ત્યાગી મહાત્માઓ પ્રત્યે દુર્ભાવ તથા વિદ્વેષનું વાતાવરણ સર્જી રહ્યા હતા. તેનાથી અનેક ધર્માત્માઓનાં હૈયાં, અનુકંપાથી સભર બની, ધર્મી જીવોને સન્માર્ગની પ્રેરણા પ્રાપ્ત થાય માટે આ બધા સમર્થ ધર્મગુરુઓના ચાતુર્માસ માટે, પાટણ શ્રી સંઘના અગ્રણીઓનો અથાગ પ્રયત્ન, ભગીરથ પુરુષાર્થ સફળ થયો.

પૂજ્ય આચાર્ય શ્રી મેઘસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી ગણિવર તથા પૂજ્ય પંન્યાસજી શ્રી રામવિજયજી, આદિ મુનિભગવંતોનો પાટણમાં પ્રવેશ થયો. શાસનપ્રેમી શ્રી સંઘના તેમજ આજુબાજુના ધર્મભાવિત એવા શ્રી સંઘોમાં, અનુપમ ઉલ્લાસ, આનંદ અને ભક્તિભાવ ભર્યા વાતાવરણમાં જૈનશાસનની પ્રભાવના વિસ્તરે તે રીતે શાનદાર સામૈયું થયું.

પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબનું પ્રથમ ચાતુર્માસ પણ પોતાની જન્મભૂમિમાં થયું.

સંવત ૧૯૮૭ – પ્રથમ ચાતુર્માસ.
જન્મભૂમિ પાટણ.

આ ચાતુર્માસમાં તેઓશ્રીએ શાસ્ત્રોના અધ્યયન, અધ્યાપનમાં તથા મુનિજીવનની નિર્મળ આરાધનામાં ખૂબ ઉલ્લાસ અને અપ્રમત્ત-ભાવે જાગૃતિપૂર્વક વિકાસ સાધ્યો.

ગહન જ્ઞાનની ગંભીરતા,

ચારિત્ર પાલનની પવિત્રતા,

ગુર્વાજ્ઞામાં તત્પરતા,

વ્યક્તિત્વની પ્રભાવકતા,

અનેકાનેકને આંજી નાંખતી મોહકતા,

અને પુણ્ય પ્રકૃતિની ચારુતા-સુંદરતા છતાં, તેઓશ્રી વૈયાવચ્ચ ગુણમાં હૃદયના ઉમળકા સાથે ભાવપૂર્વક સદા તત્પર રહેતા. ગોચરી લાવવી, પાણી લાવવું તથા વડીલોની ભક્તિ–વિનય સજાગ રહીને સાચવતા. આ બધી ગુણસમૃદ્ધિમાં ગુણસંપત્તિમાં, તેઓશ્રીની આગવી વિશિષ્ટતા તરી આવતી.

તેમનો આરાધક ભાવ તો અનેડ હતો. પ્રભુમાર્ગમાં રહેલા સંયમી આત્માઓ પ્રત્યેનો ગુણાનુરાગ પ્રશસ્ત હતો. નાનામાં નાની વ્યક્તિમાં રહેલા ગુણનો પણ અનુમોદના ભાવ તેમના હૃદયને આહ્લાદથી ભરી દેતો.

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી વિરચિત

'અમૃતવેલની સજ્ઝાય' નો સ્વાધ્યાય તેમના આત્માના પ્રદેશે પ્રદેશે પરિણત થતાં, તે સજ્ઝાયના અમૃતનું પાન, તેમના અંતરાત્માને અવિહડપણે સ્પર્શી ગયું હતું. એના પ્રભાવે જીંદગીમાં શ્રીમંત ભક્તોની ભક્તિ, અન્ય અનેક ભક્તોની ભક્તિ, સંજ્ઞાબંધ ભવ્યાત્માઓને એમના પ્રત્યેની અવિહડ પ્રશસ્ત પ્રીતિ, તેમનો પડ્યો બોલ ઝીલવાની હાર્દિક ઉત્કંઠા, શાસનનાં કાર્યો માટે એકથી લાખ

ખરચવાનું ધનનું સમર્પણ અને કાયાથી તેમને માટે સેવામાં રહેવાની તમન્ના ધરાવનારા હોવા છતાંય, પ્રતિષ્ઠાનું માન–અહંભાવ કે જાતને આગળ કરવા માટેની વૃત્તિ એમને કદીયે સ્પર્શ્યાં ન હતાં. લઘુતા, નમ્રતા, સરળતા સહજપણે વરતાતી. ગુણવાન આત્મા પ્રત્યે પ્રમોદભાવ જોવા મળતો. જીવો પ્રત્યે વાત્સલ્યભાવ હૃદયથી નીતરતો અને દાક્ષિણ્યભાવ સહુ કોઈ આગળ દેખા દેતો. સૌજન્ય તો સીમા વટાવી જતું, સહુ કોઈના મનને હરી લેતું.

ભગવાનની ભક્તિ કરનારા નાનામાં નાના જીવ પ્રત્યે આદરભાવ, કોઇની પાસેથી પણ ગ્રહણ કરવા યોગ્ય જ્ઞાનની વાતો, તે માટેની જિજ્ઞાસા અને જૈન શાસનના સિદ્ધાંતોને સુસંગત બનનારી કોઇ પણ ઇતર ધર્મીઓની સાહિત્યિક કૃતિઓનેય જાણવાની રુચિ, એમના જીવનમાંથી નોખાં તરી આવતાં. માંગલ્યમૂર્તિ મુનિવરનું જીવન સહુ કોઈને માટે મંગલમય બની જતું.

સંયમની સુવાસથી સુવાસિત બનેલું, આવું મુનિશ્રીનું મઘમઘતું જીવન સંયમમાર્ગ પ્રત્યે અન્યને રુચિ પેદા કરનારું બન્યું. તેઓશ્રીએ અનેક શાસ્ત્રગ્રંથો આધ્યાત્મિક ગ્રંથોનું દિન–પ્રતિદિન વાંચન-મનન–ચિંતન કર્યું અને જૈનશાસનનાં તાત્ત્વિક રહસ્યોને અપૂર્વ જિજ્ઞાસુભાવે, ગુરુદેવોની નિશ્રામાં રહીને સંપાદિત કર્યાં. અલ્પકાળમાં એમણે પોતાના અણગાર જીવનનું એવું અનુપમ અને અમુલખ ઘડતર કર્યું કે કોઈ પણ મુમુક્ષુ જીવો માટે તે આદર્શમય અને અનુકરણરૂપ બને.

સ્વાધ્યાય–સંયમરતતા :

ભાગવતી દીક્ષા એટલે ચૌદ રાજલોકના જીવોને અભયદાન આપવાનું વરદાન. દીક્ષાથી આધ્યાત્મિક દૃષ્ટિ ખૂલે છે. એક આંખ સિદ્ધ-શીલા ઉપર મંડાય છે. જ્યારે બીજી આંખ જગતના સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવથી છલકાય છે.

આવી દીક્ષા પામીને પ્રથમ દિવસથી જ આ સત્યનો અનુભવ કરવાના શ્રીગણેશ મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે કર્યા હતા. દીર્ઘ બાહુ, અનેક સામુદ્રિક લક્ષણો, ગૌરવર્ણ અને આકર્ષક ઊંચાઈ વડે દીપતા, દેહના પરમાણુઓમાં અકળ ચુંબકીયતાનો પ્રભાવ સહેજે વર્તાતો હતો. પૂજ્યશ્રીના મનના જ્યોતિકળશમાં મૈત્રીભાવનું અમૃત છલકાતું હતું. હૃદયના નિર્મળ સરોવરના નીરમાં સમતાની ચાંદની ચમકારા મારતી હતી. તેમાંથી નીતરતું કરુણાનું અમૃત ગમે તે જીવને તેમના ચરણકમળને સેવવાની લાલસા પેદા કરતું હતું.

માની ગોદમાં નિર્ભયપણે ખેલતા બાળકની જેમ પૂજ્યશ્રી દીક્ષા લઈને, અષ્ટપ્રવચન માતાના ખોળે અપ્રમત્તપણે ખેલવા લાગ્યા.

દીક્ષા પછી વર્ષો સુધી તેઓએ શાસ્ત્રાભ્યાસની સાથે એકાસણાનો તપ ચાલુ રાખ્યો.

સાધ્વાચારના ગ્રંથો જેવા કે શ્રી દશવૈકાલિક, શ્રી ઉત્તરાધ્યયન, શ્રી આવશ્યક સૂત્ર, પિંડનિર્યુક્તિ આદિ ગ્રંથોનું ચિંતન–મનન કરી સંયમ જીવનમાં સ્થિર થઈ જરૂરી ન્યાયશાસ્ત્ર આદિનો અભ્યાસ કર્યો.

વડીલોના આશીર્વાદ સાથે પંચસૂત્ર, પ્રશમરતિ, શાંતસુધારસ, યોગશાસ્ત્ર, ધર્મબિન્દુ, અષ્ટક, ષોડશક, વિંશિકાઓ, બત્રીશીઓ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ, તત્ત્વાર્થસૂત્ર, લલિતવિસ્તરા, અધ્યાત્મસાર, સન્મતિતર્ક, શાસ્ત્રવાર્તા સમુચ્ચય આદિ તાત્ત્વિક ગ્રંથોનું પેટભર અધ્યયન કર્યું. તેના ઉપર ઊંડુ ચિંતન, મનન કર્યું. તેમાં તેમનું મન એવું મળી ગયું કે રાગદ્વેષાદિ ભાવશત્રુઓ દૂર ભાગવા લાગ્યા અને સમતા પ્રગટવા લાગી.

પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં રહીને, તેમની પાસેથી આગમ શાસ્ત્રોનો વિધિપૂર્વક અભ્યાસ કર્યો. તે અભ્યાસથી, તેમને આગમમાંથી આત્મસમદર્શિત્વનો ભાવ સ્પષ્ટપણે જાણવા મળ્યો.

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના ગ્રંથરત્નોના ચિંતનમાંથી તેમને મૈત્र્યાદિ ભાવો અને સમતાભાવની પ્રાપ્તિ થઈ.

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના ગ્રંથરત્નોમાંથી શાસનરાગ અને આજ્ઞાયોગનું સ્વરૂપ સાંપડયું.

શ્રી ચિરંતનાચાર્યકૃત પંચસૂત્રમાંથી ચતુઃશરણગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદનામાં સહજમલનો હ્રાસ તથા ભવ્યત્વનો પરિપાક, પાપનો પ્રતિઘાત અને ગુણબીજનું આધાન કરવાનું કેવું અચિંત્ય સામર્થ્ય રહેલું છે તેનું દર્શન થયું. એ રીતે ગ્રંથમાંથી આરાધનાની અપૂર્વ ચાવી મળી.

પૂજ્ય ઉપાધ્યાય ભગવંતશ્રી યશોવિજયજી મહારાજના ગ્રંથરત્નોમાંથી તેમને જિનભક્તિ વીતરાગ માર્ગનો પ્રેમ અને જૈનશાસનના અગાધ ઉપકારનું દર્શન થયું.

વિશેષાવશ્યકભાષ્ય, આવશ્યકનિર્યુક્તિ આદિ આગમ ગ્રંથોના વાંચન–ચિંતન–મનન પછી શ્રી નવકારમંત્ર સર્વ આગમોના સારરૂપ હોવાનું શાસ્ત્ર સત્ય, તેઓશ્રીના જીવનમાં વણાઈ ગયું. એ રીતે સર્વ શાસ્ત્રોમાં પ્રથમ દરજ્જે ભોગવતા શ્રી નવકાર પ્રત્યે તેમનું આકર્ષણ ખૂબજ વધી ગયું. નવકાર તેઓશ્રીનો જીવનમંત્ર બની ગયો.

"નવકારને નમસ્કાર એ જ જીવનનો સાર" આ સૂત્ર તેઓશ્રીનું જીવન સૂત્ર બની ગયું.

પંચ પરમેષ્ઠિ ભગવંતો મનના માલિક બની ગયા. 'ઇષ્ટ ફલ સિદ્ધિ' આપનારા બની ગયા.

પંચ પરમેષ્ઠિની ઉપાસના જીવનભરનો સતત પુરુષાર્થ થઇ રહ્યો. એ પુરુષાર્થના બળે તેમણે નવકારમંત્ર સિદ્ધ કર્યો. અનેકોને નવકારના આરાધક બનાવ્યા.

પોતે નવકારવાળા મહારાજ તરીકે પ્રસિદ્ધિ પામતા ગયા અને નમસ્કાર પ્રધાન તેમના જીવનમાં સહુ કોઇ જીવ આદર પાત્ર બન્યા.

શ્રેષ્ઠ તાત્ત્વિક અને સાત્ત્વિક સાહિત્યનું વાંચન–મનન એ એમના રોજિંદા જીવનના એકભાગ રૂપ હતું. સંસ્કૃત, અર્ધમાગધી, ગુજરાતી, ઉપરાંત હિન્દી, અંગ્રેજી, મરાઠી વગેરે ભાષાઓના શિષ્ટજનમાન્ય ગ્રંથોનું પરિશીલન પૂજ્યશ્રી કોઈપણ જાતના પૂર્વગ્રહ વિના કરતા. તેમાંના માર્ગાનુસારી વિચારોને નોંધપોથીમાં લખી લેતા.

જે છીપમાં મૂલ્યવાન મોતી હોય તે છીપનો આદર વિના-સંકોચે કરવો જોઇએ, અર્થાત્ જેમાં જિનવચનને અનુસરતું તત્ત્વ હોય તેનો આદર કરવો, તે વિધાયક દૃષ્ટિ કોણ છે, એમ તેઓશ્રી માનતા. આ દૃષ્ટિકોણ તેમને 'સ્યાદ્વાદરત્નાકર' અને જ્ઞાનસાર ગ્રંથના મનનમાંથી સાંપડ્યો હતો.

"સ્યાદ્વાદો વર્તતે યસ્મિન્
પક્ષપાતો ન વિદ્યતે ।"

આ શાસ્ત્રવચન તેમની રગેરગમાં પરિણામ પામી ગયું હતું.

નમસ્કાર સંબંધી, સામાયિક સંબંધી, ક્ષમાપના સંબંધી, મૈત્ર્યાદિ ભાવ સંબંધી, પરમાત્મ સામર્થ્ય સંબંધી, સારું જે કાંઇ જ્યાં જોવા મળતું, સાંભળવા મળતું, વાંચવા મળતું, તો તરત સ્યાદ્વાદ દૃષ્ટિકોણ વડે તેનો સમાવતાર કરીને તેને બરાબર ન્યાય આપતા.

વિશ્વમાં સારું જે કંઇ છે, તે બધું શ્રી જિનશાસનરૂપી સાગરનાં જ બિંદુઓ છે. જિનશાસનના અંગભૂત છે. એમ તેઓ અનેકાંત દૃષ્ટિથી સમજાવતા. આવી અનુપમ અનેકાંત પરિણતિના કારણે પૂજ્યશ્રીના આચાર–વિચાર અને વાણીમાં અહિંસા ઓતપ્રોત થઇ ગઇ હતી.

સત્ય પણ હિતમિત ભાષામાં રજૂ કરવાની શ્રેષ્ઠ કળા તેમણે નમસ્કાર સાધના દ્વારા સિદ્ધ કરી હતી.

"બધા મારું સારું બોલે" આ લોકસંજ્ઞા છે. તેનાથી પર રહેવાથી જ ધર્મ આરાધનામાં અપૂર્વ વેગ આવે છે. એવો ઉપદેશ પોતે જાતે પાળીને અનેક આત્માર્થીજનોને લોકપ્રવાહમાં તણાતા બચાવ્યા.

"ઉપદેશ પાળવા માટે છે."

"સદ્ભાવ આપવા માટે છે." આ બે સૂત્રોના બે કાંઠા વચ્ચે તેમની જીવન સરિતા અખંડપણે વહેતી. તેથી જ સ્તો સરિતાની જેમ પરોપકારવૃત્તિ તેમના જીવનમાં સ્વાભાવિક બની ગઈ હતી.

"જ્ઞાન ગ્રહણ કરવા માટે છે." ગમે ત્યાંથી જ્ઞાન મળતું હોય તો તે ગ્રહણ કરવું જોઈએ. બાળક પાસેથી પણ હિતની વાત મળતી હોય તો તેનો સ્વીકાર કરવો જોઈએ, જેથી દિન પ્રતિદિન જ્ઞાન સમૃદ્ધિ વધતી જાય. આ નિયમ તેઓશ્રીએ પોતાના જીવનમાં બરોબર અપનાવ્યો હતો. તેથી બીજાની અનુભવ યુક્ત વાત પોતે રસપૂર્વક સાંભળતા અને તેમાંથી ઉપયોગી તત્ત્વ ગ્રહણ કરતા.

૧૧ સાધના અને સિદ્ધિ

સંયમ જીવન બાદ પૂર્વનો સંસ્કૃત અભ્યાસ વધાર્યો. પ્રકરણનો અભ્યાસ વિશેષ વિસ્તાર્યો. ન્યાય વગેરેના અભ્યાસમાં પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ખૂબ જ તલ્લીન રહ્યા.

કોઈને પણ મૂંઝવણ હોય તો યોગ્ય સલાહ આપીને મૂંઝવણ ટાળતા. નિશ્ચિત કરતા. વડીલ ગુરુઓ પ્રત્યે ઉચિત આચરણ સાચવતા. કોઈના માટે નિંદાનો શબ્દ નીકળતો નહિ. જ્યાં ગુણ હોય ત્યાં રાગ ધરતા. અવગુણ જોઈને મૌન રહેતા. તેઓ એક જ વાત કહેતા;

" જીવ માત્ર કર્મને વશ છે. જ્યાં સુધી સંપૂર્ણ વીતરાગ ન થવાય, ત્યાં સુધી કોઈને કોઇ દોષ હોવાની સંભાવના છે. માટે આપણે કૃષ્ણ મહારાજાની માફક હજારો દોષોની વચ્ચે થોડો પણ ગુણ કર્યાં છે ? તે શોધી કાઢવા તરફ જ નજર રાખવી જોઇએ."

આમ જીવનમાં વિવિધ સ્વભાવના જીવો મળવા છતાં પોતાના સમતામય સ્વભાવને સાચવતા અને સહુને સ્નેહભાવથી ભીંજવતા. સંયમ જીવનની સુવાસ માટે તેઓ ઘણી વાર ફરમાવતા.

" સાધુ જીવનનો સાર સંયમની પરિણતિ છે અને તેના ઘડતર માટે શાસ્ત્રોના વાંચન-મનન-પરિશીલનની પ્રત્યેક ક્રિયાઓ કરવાની છે." ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના આ બધા સમ્યગ્ દર્શનના આચારોનો સુંદર સુમેળ એમના મુનિ જીવનમાં સધાયો હતો. ગુરુ સમર્પણનો (ભાવ) ગુણ તો એટલી કક્ષાએ ખીલ્યો હતો કે તેઓ પોતાના ગુરુદેવ, પ્રગુરુદેવ અને પરમગુરુના કૃપાપાત્ર બની શક્યા હતા.

તેમણે મુનિ જીવનને નામથી અને કામથી સાર્થક કર્યું. સંયમ સ્વીકારીને દેવતત્ત્વની આરાધના જિનભક્તિ અને જિનાજ્ઞાના પાલન રૂપે શરૂ કરી. ગુરુતત્ત્વની આરાધના શ્રુતાભ્યાસ તથા અષ્ટ પ્રવચન માતાના પાલન રૂપે શરૂ કરી. તત્ત્વત્રયીની સાધનામાં ઉદ્યત બનેલા, તેઓશ્રી ગંભીર શાસ્ત્રચિંતન કરતા, જૈનશાસનના સારભૂત મહામંત્ર શ્રી નવકાર અને સામાયિક ધર્મની આરાધનામાં લીન બન્યા.

પરિણામે,

"નમામિ સવ્વ જિણાણું"

અને "ખમામિ સવ્વ જીવાણું".

આ સાધના પથના એવા અજોડ આરાધક બન્યા કે ચતુર્વિધ સંઘમાં તેઓશ્રી

"નવકારવાળા મહારાજ"

તરીકે જાણીતા થયા.

સર્વદર્શનોનો સાર અહિંસા છે. તેથી જ અહિંસાને પરમ ધર્મ કહ્યો છે.

'अहिंसा परमो धर्मः ।' આ ધર્મની સિદ્ધિ માટે શાસ્ત્ર કથિત દ્રવ્ય-ગુણ-પર્યાયથી જીવતત્ત્વનું સ્વરૂપ જાણીને, સર્વ જીવો પ્રત્યે અહિંસાની સિદ્ધિ કરવા ધર્મના મૂળભૂત મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓથી તેઓશ્રી ખૂબ જ ભાવિત બન્યા. તેના ફળરૂપે તેઓશ્રીએ સ્યાદ્વાદમય અહિંસક વૃત્તિ કેળવી.

નવકારવાળા મહારાજ :

સમરો મંત્ર ભલો નવકાર.

શ્રી નમસ્કાર મહામંત્ર.

વિશેષાવશ્યકભાષ્યમાં નવકારમંત્ર પર નમસ્કાર નિર્યુક્તિ વાંચી, ત્યાં તો તેઓ શાસ્ત્રીય રીતે શ્રી નવકાર મહામંત્રના પદો, પદાર્થો, વર્ણધ્યાન વગેરેના અઠંગ અભ્યાસી અને ઉપાસક બની ગયા.

રોજ પાછલી રાતે બે વાગે, ત્રણ વાગે ઊઠીને, પરમેષ્ઠિ અને અરિહંતના એકાગ્ર ધ્યાનમાં બેસી જતા. અંતરથી લીન થતા, એકરૂપ બનતા, તેના પ્રભાવે એમની ચિંતન શક્તિ, અનુપ્રેક્ષાશક્તિ, અસાધારણ ખીલી ઊઠી. જેના સુખદ ફળરૂપે શ્રી સંઘને "અનુપ્રેક્ષા" ના ત્રણ દિવ્ય ગ્રંથો મળ્યા.

છેવટે 'નમસ્કાર મીમાંસા' અને 'નમસ્કાર દોહન' માં આ મહામંત્રની આરાધનાને દિવ્ય સ્થાન મળ્યું.

જીવનના અંતે મોટા ચૌદ પૂર્વધરને પણ જે આધારભૂત છે, એ નમસ્કાર મહામંત્ર, પરમેષ્ઠિમંત્રના પદાર્થો, ભાવો એમના અંતરાત્મામાં એવા પ્રતિષ્ઠા પામ્યા કે જીવન પંચપરમેષ્ઠિમય બની ગયું. સમગ્રતાને પોતાનામાં જોતું થઈ થયું. કેવો મહાન ભાગ્યોદય ! કે... આ મંગલમૂર્તિના મનની ભોમકામાં રમતા એ મહામંત્રનો નાદ, સકલ સંઘમાં ગૂંજતો થઈ ગયો. તે મંત્રની આરાધના અને અદ્ભુત પ્રભાવના કરીને પૂજ્યશ્રીએ ગામે ગામ, નગરે નગર, સંઘે સંઘ હજારો આત્માઓને આરાધનાના અમૃતનું પાન કરાવ્યું.

નમસ્કાર મહામંત્રના સ્વાધ્યાય, જાપ, ધ્યાન, ચિંતન અને અનુપ્રેક્ષા દ્વારા તેમણે અનેક બહુમૂલ્ય ગ્રંથોની શાસનને ભેટ ધરી.

જીવનનું સાર સર્વસ્વ એવા નવકાર માટે તેઓ કહેતા :

"નવકારમાં બધું છે અને અપેક્ષાએ બધામાં નવકાર છે."

કોઇપણ ધર્મ ગ્રંથમાંથી તેઓ શ્રી નમસ્કાર મહામંત્રના ભાવને કાઢી શકતા. પોતે 'કાવ્યાનુશાસન' વાંચ્યું. તેમાં નવરસની જ વાત હતી. તો તે કાવ્યના નવરસોને મહામંત્રમાં સુંદર રીતે ઘટાવ્યા. આખા "કાવ્યાનુશાસન" ગ્રંથને મહામંત્રમય બનાવી દીધો.

કોઈએ તેઓશ્રીને એકવાર પ્રશ્ન પૂછ્યો;

"આચારાંગમાં નવકાર ક્યાં છે ?"

તેઓશ્રીએ જવાબ આપ્યો, "આચારાંગ એ પંચાચારમય છે. એ પંચાચારના પાલક અને પ્રદર્શક આચાર્ય ભગવંત હોય છે. સૂત્રથી ઉપદેશ આપનારા ઉપાધ્યાય ભગવંત હોય છે. એ પંચાચારની સાધના કરનારા સાધુ ભગવંતો હોય છે.

એ પંચાચારની સાધના કરતાં કરતાં કોઇ તીર્થંકર થાય છે. કોઈ સામાન્ય કેવલી થઇને સિદ્ધિગતિને મેળવે છે. આ રીતે આચારાંગમાં અરિહંત છે, સિદ્ધ છે, આચાર્ય છે, ઉપાધ્યાય છે અને સાધુભગવંત પણ છે."

આમ નાનકડા આ મહામંત્રમાં રહેલ વિરાટશક્તિનાં એમણે દર્શન કરાવ્યાં.

નમસ્કાર મહામંત્ર એ ચૌદ પૂર્વનો સાર છે. સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. પૂજ્ય શ્રી કહેતા;

"અંધકાર અને પ્રકાશમાં બળ કોનું વધારે ? જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ટકી શકે ખરો ? સંસાર એ અંધકાર છે, નવકાર એ પ્રકાશરૂપ છે. સાચા ભાવથી નવકારની-નમસ્કાર ભાવની પ્રાપ્તિ થયા પછી સંસાર ટકી શકે ખરો ? ન જ ટકે."

"એકવાર પણ મહામંત્રનું સ્મરણ કરવાથી સંપૂર્ણ રક્ષણ દાતા -શરણદાતા એવા અનંતા અરિહંતાદિ સાથે આપણો સંબંધ જોડાય છે. એ સંબંધ જોડાયા પછી આપણને ભય-નિરાશા-અને હતાશા શી રીતે સતાવી શકે ? યોગ-ક્ષેમ કર્તા અરિહંતાદિનું શરણ સ્વીકાર્યા પછી તો આત્મા અવશ્ય નિર્ભય બને જ છે."

નવકારમાં દરેક પ્રકારનાં વિઘ્નો અને દુઃખોનો નાશ કરનારી તાકાત પડી છે.

જગતનાં સઘળાં દુઃખોનું મૂળ 'પાપ' છે. બધાં પાપોનો નાશ કરવા માટે અહિંસક અને સમર્થ શસ્ત્ર નવકાર છે. પુનર્જન્મનો નાશ કરનાર એ 'મૃત્યુંજય' મંત્ર છે. જેને જન્મ અને જીવનથી આ

મંત્ર મળે, તેની શરણાગતિ ફળે, સુખ, શાંતિ અને આબાદીથી એ ભરપૂર બને. મરણ વખતે પણ જો એ હૈયામાં રમે તો પરલોકમાં સદ્ગતિ નિશ્ચિત બને.

નવકાર દુઃખ હરે, સુખ કરે, એ આપણો પરમ હિતેચ્છુ–કલ્યાણમિત્ર છે. રાગ–દ્વેષ અને અહંનું ઝેર મારનાર જડીબુટ્ટી છે. રંકને રાજા બનાવે અને રાજાને મહારાજા બનાવે. ભવ્ય જીવોને મોક્ષ સુધી પહોંચાડે. ભોમિયાની ગરજ સારે.

એના પ્રભાવે વિષનું અમૃત બને, શૂળીનું સિંહાસન થાય. સર્પ–ફૂલની માળામાં ફેરવાઇ જાય. અગ્નિ ઠંડા ઝરણાંમાં પલટાઇ જાય. અસાધ્ય રોગોમાં, જ્યાં દ્રવ્યદવાઓ નિષ્ફળ નીવડે ત્યાં આ ભાવદવા સમાધિ અને મુક્તિ આપવાનું કામ કરે.

આવશ્યકતા છે એમાં શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વકના એના સતત સેવનની. ચિત્ત શુદ્ધિપૂર્વકના પ્રાણવાન સ્મરણની–રટણની.

એઓશ્રીના આત્મગગનમાં પ્રકાશી રહેલા આ મહામંત્રના સૂર્યદર્શનની કેવી સુંદર ઝાંખી થાય છે. આપણે આપણી જાતે જ, આવા મહિમાશાળી મહામંત્રનું મૂલ્યાંકન કરવાનું છે.

સુખ શાંતિ મેળવવા માટે કીર્તિ, પૈસો, વૈભવ, અધિકાર જેવા સંસારના મિથ્યા પદાર્થો પાછળની આંધળી, ભાન ભૂલી દોડધામના કારણે આપણું ધ્યાન નવકારમાં રહેલ અદ્ભુત સુખ અને શાંતિના નિધાન તરફ કેન્દ્રિત થતું નથી. તેથી તરસ છીપાવવા મૃગજળ તરફ દોડતા મૃગલાની જેમ અંતે પારાવાર હતાશા અનુભવવી પડે છે.

કર્મના બંધનમાં ફસાયેલો આપણો આત્મા અનંત સંસારની રખડપટ્ટી કર્યા બાદ મહાન પુણ્યોદયે માનવભવ પામ્યો. શ્રી વીતરાગ પરમાત્માનો ધર્મ પામ્યો. આત્માને કર્મનાં બંધનમાંથી મુક્ત કરવામાં મદદ કરનાર શ્રી નમસ્કાર મહામંત્રનું રટણ આપણા શ્વાસોશ્વાસની જેમ આત્મસાત્ થઈ જવું જોઈએ. એમાં જ માનવ–જીવનની મહાન સફળતા છે.

પૂજ્યશ્રીનું જીવન ત્યાગ–તપ-વૈરાગ્ય નિરંતર સ્વાધ્યાય અને વિનયાદિ ગુણોથી સમલંકૃત બન્યું તેમાં નમસ્કાર મહામંત્ર પ્રત્યેની અવિહડ અને અચળ શ્રદ્ધાએ, પરમેષ્ઠિ પ્રત્યેની પૂર્ણ જિન ભક્તિએ સર્વત્ર સ્નેહનો, પ્રેમનો જીવ મૈત્રીનો પ્રકાશ પાથર્યો. પોતે જીવની આત્મ કલ્યાણકારી પ્રવૃત્તિમાં સદા મશગુલ, તન્મય અને તલ્લીન બન્યા. જીવન આધ્યાત્મિક ભાવોની ખુશ્બોથી ભરપૂર બન્યું. પોતે સર્વનું અદ્‌ભુત અને અજોડ આકર્ષણ કરનારા બન્યા. રાગદ્વેષથી પર, સ્વસાધનામાં સ્થિર, અહં–મમથી મૂકાયેલા, ગુણગ્રાહી–'ભદ્રંકર'–भद्रं करोति इति भद्रंकर કલ્યાણને કરનારા થયા. પરિણામે સ્થળ અને સમયનાં બંધનો કે સ્વ–પરના કોઇ સીમાડાઓ આ મહાપુરુષની ગુણમયતા અને પરોપકારશીલતાને રૂંધી ન શકયા.

ચન્દ્રની ચાંદનીની જેમ અને સૂર્યના પ્રકાશની જેમ સૌનાં હૈયામાં તેઓશ્રીએ આત્મીયતાભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું. સાહેબજી સહુના–સર્વના–સ્નેહી બન્યા.

પછી સહુને પોતાના–શાસનના બનાવવા માટે પોતે સદા પ્રયત્નશીલ રહ્યા.

જગતના સર્વ જીવો આપણા ઉપકારી છે, તો એવા ઉપકારીનું સ્થાન આપણા અંતરમાં હોવું જોઈએ. ચિંતન અને મનન કરતાં તેઓશ્રીને એમ લાગ્યું કે સર્વ જીવોને ઉપકારી માન્યા વિના પૂર્ણ અહિંસાની સિદ્ધિ ન થાય. માટે સાપેક્ષપણે સર્વનો ઉપકાર માનવો જોઇએ.

આખરે "સંસ્તારક પ્રકીર્ણક"ની ૮૨મી ગાથામાં સર્વજીવોને માતા–પિતા તુલ્ય કહેલા વાંચ્યા, ત્યારે તેમના મનને અપૂર્વ શાંતિ થઇ. આ રીતે તત્ત્વશોધ કરતાં, પ્રાપ્ત થયેલા તત્ત્વોનું પાલન અને પ્રચાર કરવામાં જીવન સમર્પિત કર્યું. સંઘ ઉપર અનહદ ઉપકાર કર્યો. તેનું પૂરું વર્ણન કોઈ રીતે થઈ શકે તેમ નથી.

અનુપ્રેક્ષા કરતાં જ્યારે પણ કોઈ સ્ફુરણા થાય, તો તેની સત્યતા માટે પોતે શાસ્ત્રપાઠો શોધતા અને સ્યાદ્વાદ દૃષ્ટિથી મૂલવતા. આમ સ્યાદ્વાદની કૂંચીથી ગંભીર પણ પ્રશ્નોના હૃદયંગમ સમાધાન આપવાની પૂજ્યશ્રીની લબ્ધિ ખૂબ જ પ્રશંસાપાત્ર બની.

विद्या विनयेन शोभते !

વર્ષોના ગૃહસ્થપણામાં ધર્મથી પરિણુત, બહુશ્રુત અને ધાર્મિક ક્રિયાકાંડોમાં અગ્રગણ્ય એવા નૂતન મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ દીક્ષા-દિવસથી, ત્યાગી જીવનમાં ખૂબ ખૂબ આધ્યાત્મિક વિકાસ સાધતા ગયા.

પોતાનાથી સંયમવૃદ્ધિમાં મોટા, એવા બાળ સાધુઓ પ્રત્યે એમનો અંતરનો અહોભાવ એવો અનુપમ કોટિનો હતો કે ભલ ભલાને એમની કક્ષા જોતાં અદ્ભુત અને આશ્ચર્યકારક લાગતું.

મોટા મોટા આચાર્યોના પદસ્થ મહાત્માઓના, વિદ્વાન શાસન પ્રભાવક પદસ્થોના પરિચયમાં સતત રહેનારા અને અવસર આવે તો સૂચન પણ આપી શકનારા એવા બહુશ્રુત અને શ્રદ્ધેય હોવા છતાં, પૂજ્યશ્રીનો દીક્ષા લીધા બાદ વયથી નાના, જ્ઞાનથી નાના, એવા સંયમી સાધુઓ પ્રત્યેનો આદરભાવ એવો અદ્ભુત હતો કે તે જોઈને, જાણીને, તેમનામાં રહેલી જૈનશાસનના ત્યાગીઓ પ્રત્યેની મર્યાદાનું પાલન કરવા માટેની સાત્ત્વિક અને આદરણીય મનોવૃત્તિ માટે, ભલ ભલાનાં હૈયાં ઝૂકી જતાં, પોતાનું વ્યક્તિગત મહત્ત્વ હોવા છતાં, કદીયે તેમણે નાનામાં નાના સાધુ પ્રત્યે પણ ઉપેક્ષા કે અનાદર બતાવ્યો નથી. સંયમી-ત્યાગી આત્મા પ્રત્યેનો વિનય-પૂજ્યભાવ તેમના હૈયામાં ઠાંસી ઠાંસીને ભર્યો હતો. જૈનશાસન પ્રત્યેની નિષ્ઠા એમની અજોડ હતી. મોક્ષસાધક એવા રત્નત્રયી પ્રત્યેની એમની સદ્ભાવના અનન્ય હતી.

દીક્ષિત બન્યા બાદ વડીલો પ્રત્યેનો વિનય, વૈયાવચ્ચ અને ભક્તિ, પોતાના પૂર્વના વ્યક્તિત્વને ભૂલીને, એટલા જ અંતરના ઉમંગથી-ઉલ્લાસથી કરતા કે જોનારની આંખ ચકિત થઈ જતી.

જ્ઞાનની સાધના–સિદ્ધાંતોનું ચિંતન–મનન હંમેશાં રહેતું, ગુરુ ગમથી શાસ્ત્રનાં રહસ્યોને પામવાની તાલાવેલી ઉત્કટ હતી.

પૂજ્ય ગુરુદેવ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ વિજયદાન સૂરીશ્વરજી મહારાજા પ્રત્યેનો સમર્પણભાવ પણ અનન્ય હતો. પૂર્વના મહાન સુકૃતના યોગે થોડા જ કાળના સંયમી જીવનમાં પણ સ્થવિર સાધુ મહાત્માઓની જેમ, તેમની આરાધના પરિણતિ, તથા સંયમને યોગ્ય આચાર–વિચાર અને ઉચ્ચાર તેઓશ્રીએ એટલા બધા સ્થિર કર્યા કે અનેકોને તે સુંદર છાપ પાડનારા, પ્રેરણા આપનારા, ઉત્તરોત્તર સદ્‌ગુણોની પરંપરાને પ્રાપ્ત કરાવનારા બન્યા.

થોડા જ કાળમાં પોતાની આરાધના ઉત્કટ કોટિની બનાવી. લોકેષણા, યશ, પ્રતિષ્ઠા, માન કે સન્માનની પરવા નહોતી. તેમની નિરીહતા કોઇ અજોડ કોટિની હતી. શક્તિ, સામર્થ્ય, પુણ્યાઇ કોઈ ઉત્તમ પ્રકારનાં હોવા છતાં, તેમનું જીવન તદ્દન અંતરમુખ અને અધ્યાત્મપરાયણ હતું. અનેક પ્રકારના બાહ્ય અને આંતરિક સંઘર્ષ કાળમાં પણ તેમની માનસિક પ્રસન્નતા, ચિત્તની સ્વસ્થતા તથા પોતાની અધ્યાત્મનિષ્ઠાને તેમણે કદીયે આંચ આવવા દીધી ન હતી. ચારિત્રની આરાધનામાં આલંબનભૂત અનેક પ્રકારના ક્રિયાયોગોમાં, અનુષ્ઠાનોમાં, તેમણે કદી પ્રમાદભાવ સેવ્યો ન હતો. તેમનું જીવન અનેક નાના–મોટા સાથે રહેલા મહાત્માઓને પ્રેરણારૂપ–આદર્શરૂપ હતું. તેથી તેમના કરતાં અનેક મોટા સંયમીઓને તેમના પ્રત્યે આદર રહેતો...

તેઓની આંતરિક પ્રેરણા તથા સ્વાધ્યાયના પરિણામ રૂપ પ્રૌઢ અનુભવની વાતોને, સલાહ કે સૂચનાને માટે સમુદાયમાં રહેલા પદસ્થ વડીલો પણ તેમની સાથે વિચાર વિનિમય કરતા. ગમે તેવી પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમાધિભાવથી દૂર દૂર થયેલા, મોહ–અજ્ઞાન કે કષાયથી ચિત્તના સંક્લેશને પામેલા એવા પણ સંયમી મહાત્માઓ, આદરપૂર્વક, શ્રદ્ધાપૂર્વક તેમની પાસે સાંતવન, સમાધિ,

માનસિક શાતા મેળવવા માટે જતા. તેટલા જ સદ્‌ભાવપૂર્વક, તેટલા જ બહુમાનથી કરુણાપૂર્ણ અને ધર્મ સ્નેહમયી–ચંદનથી પણ શીતળ એવી પોતાની વાણીથી, તેઓશ્રી બીજાને શાતા–સમાધિ અને સાંતવન આપતા.

નાના ગુણવાળાને પણ ગુણી બનાવવા, દોષવાળાને પણ ગુણ સ્થાનકે લાવવા, એવી કુશળતા તેમનામાં હતી. ભગવાનમાં શ્રદ્ધા –ભક્તિ, શાસ્ત્રમાં સ્વાધ્યાય પ્રિયતા, સંયમમાં રત રહેવાની કળા તેમનામાં હતી. વાચન ખૂબ વિશાળ હતું. થોડા શબ્દો, શાસ્ત્રના સિદ્ધાંતો જાણીને, પાણીમાં જેમ તેલ ફેલાઈ જાય તેમ મનન–ચિંતન અને અવગાહન ધારણ કરતા. તત્ત્વનો નિષ્કર્ષ કાઢવાનો ક્ષયોપશમ પ્રબળ કોટિનો હતો. પાસે જિજ્ઞાસુભાવે આવનાર કોઈ પણ વ્યક્તિને પોતાની પાસે રહેલા જ્ઞાનનો ભંડાર ખોલીને, કેવળ ભાવ–કરુણાપૂર્વક તે આત્માને સારી રીતે જ્ઞાન–દાન કરવામાં તેઓ ખરેખર વિચક્ષણ, ઉદાર અને ખેલદિલ હતા. તેમની પ્રકૃતિ અનેક રીતે મા જેમ બાળક પ્રત્યે વાત્સલ્યભાવે રહે તેમ વાત્સલ્યમય રહેતી. કરુણાના તેઓ ભંડાર હતા.

સ્વયં તકલીફ, પરિશ્રમ, પ્રતિકૂળતા વેઠીને પણ અપકારી કે કોઇ પણ વ્યક્તિને, કોઈ પણ જાતના પ્રત્યુપકાર કે સ્વાર્થ વિના પરોપકારના સ્વયંભૂરમણ સમાન, પોતાનામાં રહેલી શક્તિ, જ્ઞાનાદિ સંપત્તિ, સહુને છૂટે હાથે લ્હાણ કરતા. આશ્રિત હોય કે ન હોય, શિષ્ય હોય કે ન હોય, જાણ હોય કે ન હોય, સર્વ પ્રત્યે એમની કરુણાથી આર્દ્ર મનોવૃત્તિ મધુર એવા મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહાવતી, સૌને સ્નેહથી ભીંજવતી અને તારક એવી વીતરાગની વાણીમાં તરબોળ કરતી.

તેમણે પોતાના જીવનમાં શાસ્ત્રોના મનન-ચિંતન દ્વારા અલૌકિક રહસ્યોને આત્મસાત્ કર્યાં હતાં. શારીરિક પ્રતિકૂળતાની વચ્ચે માનસિક સત્ત્વ અને ધીરતાને કારણે તપ-જપ-સંયમ યોગોની આરાધનામાં અદ્ભુત કોટિનું પોતાનું આત્મસામર્થ્ય ફોરવ્યું હતું.

શરીર કૃશ હોવા છતાં આત્મા પ્રબળ અને પુષ્ટ હતો. જીવનની છેલ્લી ક્ષણ સુધી આરાધનામાં તથા શાસ્ત્રીય રહસ્યોનાં મનન ચિંતનમાં મગ્ન હતા. વિશેષ પ્રકારે ચૌદપૂર્વના સારભૂત એવા પંચમંગલ મહાશ્રુતસ્કંધ નમસ્કાર મહામંત્ર પ્રત્યેની અખંડ નિષ્ઠા-શ્રદ્ધા અને અનુશીલન તેઓશ્રીનું છેલ્લા જૈનશાસનના ઇતિહાસમાં અજોડ ગણાય તેવું હતું.

આજે નવકાર મંત્ર પ્રત્યેના આરાધક આત્માઓના દિલમાં આરાધના પ્રત્યેની શ્રદ્ધા, નિષ્ઠા, અદૃશ્ય ઝંખના બહુમાનભાવ, તેનું સ્મરણ-મનન-ચિંતન-ધ્યાન દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતું રહ્યું છે; તે બધાના મૂળરૂપે પૂજ્યશ્રીની નવકાર મંત્ર પ્રત્યેની અપ્રતિમ નિષ્ઠા, અનુપ્રેક્ષા અને જ્ઞાનના ક્ષયોપશમથી પ્રાપ્ત એવી વિશિષ્ટ કોટિની-ચિંતન-મનન શક્તિ અને તેમની ઊંડા અન્વેષણપૂર્વકની લેખિનીથી સમૃદ્ધ એવા સાહિત્યનો ઉપકાર ભાવિ પેઢીના આરાધક આત્માઓના માટે હંમેશાં ચિરસ્મરણીય રહેશે.



૧૨ રત્નત્રયીની આરાધના-પ્રભાવના

सम्यग् दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः ।

આ સૂત્રના પૂજ્યશ્રી મહાન આરાધક–પ્રભાવક હતા.

સમ્યગ્ દર્શન :

સમ્યગ્–દર્શન એ મુક્તિનો પાયો છે. એ પાયા ઉપર જ મુક્તિની મહેલાત ઊભી રહેલી છે. તેની સાધના તેઓશ્રીએ જિન–ભક્તિ, તીર્થયાત્રા, ગુરુ–ઉપાસના આદિ દ્વારા કરી. તેઓશ્રી કહેતા કે, જિન ભક્તિ અને જીવમૈત્રી એ સમ્યગ્–દર્શનનું બીજ છે. પ્રભુભક્તિમાં તેમને અદ્‌ભુત રસ હતો. કલાકો સુધી પરમાત્માની સ્તવના, ભક્તિ તથા ધ્યાનદ્વારા તેઓ ઉપાસના કરતા. પોતાના ગુરુદેવ તથા પ્રગુરુ દેવના ચરણે તેમનું આત્મસમર્પણ પણ અજબ કોટિનું હતું.

સમ્યગ્–દર્શનના આચારો–ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાની અપૂર્વ સાધના તેઓશ્રીના જીવનમાં હતી. સંઘના પ્રત્યેક જીવ પ્રત્યે હૃદયમાં અપૂર્વ વાત્સલ્ય ઉભરાતું. ઉપબૃંહણા–અનુમોદન વડે પ્રોત્સાહન આપવાની અનોખી કલા જીવનમાં ઝળહળતી.

સમ્યગ્જ્ઞાન :

તેઓશ્રીનો સ્વ–પર શાસ્ત્રનો બોધ પણ અપૂર્વ કોટિનો હતો. નમસ્કાર મહામંત્ર, સામાયિક, જિન ભક્તિ, જીવમૈત્રી આદિ તેમના ચિંતનના વિષયો હતા. તેને લગતા બધા જ સાહિત્યનું વાંચન–મનન–ચિંતન–પરિશીલન અને અનુપ્રેક્ષા વારંવાર કરતા.

સમ્યગ્ચારિત્ર :

પાંચ મહાવ્રત, પંચાચાર, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિની સાધના જીવનમાં અદ્ભુત કોટિની હતી. આત્માના શુદ્ધ સ્વરૂપની, નિશ્ચયનયની સાધના સાથે, સંયમ જીવનની, વ્યવહારનયની પણ સાધના પરિપૂર્ણ હતી. નિશ્ચય-વ્યવહારનો જીવનમાં સુંદર સમાગમ દેખાતો, તેથી મુક્તિની સાધના માટે અનિવાર્ય એવી ચારિત્રની વિશુદ્ધિનું નિર્માણ કર્યું.

ચારિત્રની સાધનાની મોટામાં મોટી સિદ્ધિ એ મેળવી કે ગમે તેવા પ્રસંગોમાં તેમનું મન અડોલ રહેતું. શારીરિક વેદનામાં પણ સમાધિ જાળવી શકતા.

મૃષાવાદ-વિરમણ, મહાવ્રત, ભાષા સમિતિ અને વચનની ગુપ્તિની સાધનાની મોટામાં મોટી સિદ્ધિ એ હતી કે તેઓશ્રીના વચનની આદેયતા અજબની હતી. એ વચનની આદેયતાના કારણે જ હજારો વ્યક્તિઓમાં તેઓશ્રીએ ધર્મબીજનું વાવેતર કર્યું. ઉચ્ચતમ સાધનાના ફળ સ્વરૂપ ધરાવતી આ બહુમુખી પ્રતિભાના પ્રભાવે તેઓશ્રી રત્નત્રયીની અદ્ભુત આરાધના-પ્રભાવના કરી શકયા.

સમ્યગ્-તપ :

જૈનશાસનમાં તપને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ ગણવામાં આવ્યું છે. શ્રી જિનાજ્ઞાના પાલનપૂર્વક સમતાભાવે કરાતો તપ, નિકાચિત કર્મોનો પણ આખરે ક્ષય કરે છે. અને એવા તપસ્વીને પ્રભુના શાસનના પાંચમા પ્રભાવક તરીકે ગણવામાં આવેલ છે.

શ્રી અરિહંત પરમાત્મા "પોતાનું કલ્યાણ થવાનું જ છે." એમ ચરમ ભવમાં ચોક્કસ જાણવા છતાં, પણ જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આદરપૂર્વક તપ ધર્મનું આચરણ કરે છે, તે તપ ધર્મની ઉત્તમતા માટેનો એક ઉત્તમોત્તમ પુરાવો છે. પ્રભુ-આજ્ઞાના ધારક તેઓશ્રી, આમ તો તબિયત જોઈએ તેવી સ્વસ્થ નહોતી

રહેતી, છતાં તેની દરકાર રાખ્યા વિના, આત્મસાધનાની તપશ્ચર્યા ચાલુ રાખતા. દ્રવ્ય આરોગ્યની કાળજી લેવી જ પડે એવી પરિસ્થિતિ ઊભી થતાં તેઓ નિર્દોષ ઉપચારોથી પ્રાયઃ નભાવી લેતા.

દીક્ષા લીધા બાદ આયંબિલ ખૂબ જ કરેલાં. નાદુરસ્ત તબિયતમાં પણ વર્ધમાન તપની ૫૧ ઓળીઓ પૂરી કરી.

દેહ સાવ દુબળો, છતાં અવસરે દરેક તીર્થમાં પ્રાયઃ અટ્ઠમ તપ કરી લેતા. પર્વતિથિએ વિશિષ્ટ પચ્ચક્ખાણ કરવાનું ચૂકતા નહિ. દીક્ષા પછી વર્ષો સુધી એકાસણાનો તપ જાળવ્યો હતો. એકાસણામાં દૂધ રોટલી અને શાક, માત્ર આ ત્રણ જ દ્રવ્યો વાપરતા. નરમ શરીરના કારણે, કદાચ પ્રકૃતિને અનુકૂળ કોઈ ચીજ વાપરવી પડતી, તો તેઓ એ રીતે આત્મગર્હાપૂર્વક વાપરતા કે સામેની વ્યક્તિનો ખાવાનો રાગ મોળો પડી જતો.

લગભગ નિયમિત સેંકડો લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા. નવકાર, ચૌદપૂર્વનો સાર એ એક શ્રેષ્ઠ સ્વાધ્યાય, તેના જાપમાં, અનુપ્રેક્ષામાં, ધ્યાનમાં સદા મશગુલ રહેતા. વિવિધ પ્રકારનાં આસન તેમજ મુદ્રાઓથી નવકારનો જાપ તથા ધ્યાન કરતા. જીવનની પળેપળ, સ્વાધ્યાય–સંયમમાં રત રહેતી. તેના કારણે બાહ્ય–અભ્યંતર તપના તપસ્વી તરીકે તેઓશ્રીનું જીવન ખૂબ જ યશસ્વી બન્યું.

અધ્યયન :

સંયમ–જીવનમાં આગળ વધતાં એમની જ્ઞાનપિપાસામાં કોઈ ઓર વધારો થવા પામ્યો. એમને માટે ઊંચી કક્ષાનો અભ્યાસ કરવાનો બાકી રહેતો હતો. આગમોના વાંચન ઉપરાંત ઉપમિતિ, ઉપદેશપદ, ધર્મબિન્દુ, યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથોનું ઊંડું વાચન–મનન કર્યું. એ ગ્રંથોને જીવનમાં જીવી જાણવા કટિબદ્ધ થયા. ભગીરથ પુરુષાર્થ આદર્યો. બીજા પણ યોગ ગ્રંથોને અવગાહીને યોગ વિષયક અંગ્રેજી સાહિત્યને વાંચ્યું અંગ્રેજી ભાષા ઉપર તેઓશ્રીનું સુંદર પ્રભુત્વ હતું. ષડ્ દર્શનનો અભ્યાસ કર્યો. પછી શ્રી હરિભદ્રસૂરિજી મ૦

શ્રી હેમચન્દ્રસૂરિજી મ૦ અને પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ૦ કૃત યોગ વિષયક ગ્રંથો પર પૂજ્યશ્રીએ ચિંતન-મનન કરવામાં વર્ષો ગાળ્યાં, એના ફળ સ્વરૂપે-આત્માભિમુખતામાં વધારો જ થતો ગયો. પોતે પોતાની વિકાસ યાત્રાના વાહક બન્યા. આત્મસંપત્તિના આરાધક બન્યા.

ચિંતનક્ષેત્ર :

મંત્રાધિરાજ અને મૈત્રીભાવને ચિંતનની મુખ્ય ધરી બનાવી. જે વાંચ્યું, વિચાર્યું, વાગોળ્યું, એના નવનીત રૂપે અનુપ્રેક્ષા-સ્વાધ્યાયથી સભર એવાં પુસ્તકોનું આલેખન થયું. અનુપ્રેક્ષા-સ્વાધ્યાય જીવનમાં તપ બની ગયો. મહામંત્રનું સ્મરણ, લોગસ્સ ધ્યાન અને કાયોત્સર્ગ આદિ અભ્યંતર આરાધના પૂજ્યશ્રીની બાહ્ય શક્તિને ખીલવવામાં મોટો ભાગ ભજવી ગઈ. શબ્દસ્થ થયેલા ગ્રંથોમાં તત્ત્વનો સાક્ષાત્કાર કરાવવાની ક્ષમતા આવી ગઈ.

પૂજ્યશ્રીની પ્રજ્ઞા જે જે વિષયને સ્પર્શી, તે તે વિષયનું ઊંડું તત્ત્વ જાણે સ્વયં એમની સામે પ્રગટ થયું. મુખ્યત્વે નમસ્કાર મહામંત્ર, મૈત્र्यादि ચાર અને અનિત્યાદિ બાર ભાવનાઓ, કરેમિભંતે, લોગસ્સ, ઉવસગ્ગહરં, નમુત્થુણં, યતિધર્મ, અષ્ટ પ્રવચન માતા, ષડાવશ્યક અને ધ્યાન યોગ ચિંતનના ચમકારા પામી, સાધનાને સિદ્ધ કરી રહ્યા.

પૂજ્યશ્રીને ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના સાહિત્ય પ્રત્યે અંતરથી અગાધ અનુરાગ હતો. ઉપાધ્યાયજીનાં પ્રભુ ભક્તિનાં સમર્પણભાવ ભરેલાં સ્તવનો, સીમંધરસ્વામી આદિની ઢાળો, સુંદર બોધપ્રદ ઉપદેશક અને રસપ્રેરક સજ્ઝાયો એમને કંઠસ્થ હતી. અંતરના ભક્તિભાવથી જ્યારે પોતાના સુમધુર કંઠે તેઓ ગાતા ત્યારે ભલભલા સાંભળનારનાં માથાં ડોલી જતાં, શબ્દે શબ્દ અંતર વલોવીને, ભક્તિ રસથી ભાવિત થઈને નીકળતા. એમના મુખેથી ઉપાધ્યાયજી મહારાજનાં પદો, સ્તવનો સાંભળવાં તે જીવનનો લહાવો હતો.

પોતે પણ ઉપાધ્યાયજી મહારાજના શબ્દોને ભાવને–અનુસરીને કેટલાંક ગુજરાતી પદ્યો રચ્યાં છે. ખૂબ ખૂબ ચિવટ, પ્રયાસ અને પરિશ્રમ પૂર્વક સંકલન-સંયોજન અને સંશોધન કરીને " ગુર્જર સાહિત્યસંગ્રહ " ભાગ–૧ અને ભાગ ૨ સંપાદન કરેલ છે, જેમાં ઉપાધ્યાયજી મહારાજની ગુજરાતી ભાષાની બધી કૃતિઓનો સમાવેશ થાય છે.

દીક્ષા લીધા બાદ બીજા વર્ષમાં આ ગ્રંથ પ્રસિદ્ધ થયો. તેને પ્રસિદ્ધ કરવાનું બહુમાન મુંબઈના નવપદ આરાધક સમાજને મળ્યું.

પૂજ્યશ્રીનું અધ્યાત્મ ચિંતન અને કોઈ પણ ગ્રંથના વિષયનું તત્ત્વદોહન અજોડ અને અનન્ય હતું. ક્ષયોપશમ અતિ તીવ્ર હતો. શાસ્ત્રની કે સિદ્ધાંતની કોઈ પણ પંક્તિઓ વાંચી, વિચારી, પોતે મર્મસ્પર્શી સરળ, બાલભોગ્ય, વાંચનારના હૃદય સોંસરવી ઉતરી જાય તેવી શૈલીમાં આલેખતા રહ્યા.

શાસ્ત્રોના અવગાહન પછી અનુપ્રેક્ષાના બળે જે મેળવ્યું એનું પહેલું દર્શન 'નમસ્કાર મહામંત્ર' નામના અણમોલ પુસ્તકમાં વિચારકોને થયું. શ્રી વિશેષાવશ્યક ભાષ્યના વાંચન બાદ લગભગ વિ. સં.–૧૯૯૨ ની સાલમાં આ પ્રથમ પુસ્તક લખ્યું હતું. ઠેર ઠેર તે શાસ્ત્રોના આધારવાળું, ચિંતનપૂર્ણ પુસ્તક નવકાર પ્રેમી આત્માને પ્રકાશ આપતી દીવાદાંડી સમું બની ગયું.

વાંચન–મનન બાદ નવું નવું નોંધતા રહેવાની એમની રુચિ અનોખી હતી. રોજ ને રોજ વાંચન–મનન બાદ નવું નવું નોંધાતું, એની સાખ પૂરતી કેટલીયે નોટો આજે લખાયેલી ઉપલબ્ધ થાય છે, આ ચિંતન, મનનમાંથી ત્રીસ ઉપરાંત પુસ્તકોનું સર્જન થયું.

તેઓશ્રીને લલિતવિસ્તરા ગ્રંથરત્નના સતત ચિંતન–મનનમાંથી એ મહત્ત્વ સમજાયું કે શ્રી અરિહંત પરમાત્માનું ત્રણેય લોકમાં અદ્વિતીય સ્વામીત્વ છે. આ ગ્રંથનો અભ્યાસ કરી શકાય તો ઘણી

વાત, પણ તેમ ન બને તો પણ દરરોજ શ્રી નમુત્થુણં સૂત્રનો ૧૦૮ વાર પાઠ (જાપ) કરવાથી આ સત્યને પામવાની યોગ્યતાનું ઘડતર કરી શકાય તેમ છે. એમ તેઓશ્રી કહેતા.

જગ ચિંતામણિ શ્રી જિનરાજના ત્રિભુવન સ્વામીત્વના અખંડ ઉપાસક આ પુણ્ય પુરુષે શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ કરી અને આપણને કરાવવા માટે જીવનભર શ્રેષ્ઠ એવો ધર્મ પુરુષાર્થ ચાલુ રાખ્યો....

તેના સુમધુર ફળરૂપે આપણને અનુપ્રેક્ષા, નમસ્કાર મીમાંસા, નમસ્કાર દોહન, પ્રાર્થના, ધર્મશ્રદ્ધા, દેવદર્શન, જૈનમાર્ગની પિછાન, પ્રતિમાપૂજન, જિનભક્તિ, આરાધનાનો માર્ગ, તત્ત્વદોહન, તત્ત્વપ્રભા, મનનમાધુરી, અજાતશત્રુની–અમરવાણી વગેરે અનેક કૃતિઓ પૂજ્યશ્રી તરફથી મળી.

તેમાં કર્તૃત્વનું લવલેશ અભિમાન નહિ.

'સારું બધું શ્રી અરિહંતનું છે.' એમ કહીને તેઓશ્રી હંમેશાં કોરા ફૂલ જેવા થઈને રહેતા. મહામંત્ર શ્રી નવકારનો હૃદયપૂર્વકનો સ્વીકાર કરવાથી અહંકારનો પરિહાર થાય છે, એ સત્ય એમના જીવનમાં ઝળહળતું.

નમવાથી ખમવાની શક્તિ આવે છે. એમ કહીને તેઓશ્રી 'નમો' જેટલો જ ભાર 'ખમો' ઉપર મૂકતા.

જે 'નમી' શકે તે 'ખમી' શકે,

જે 'ખમી' શકે તે 'દમી' શકે,

જે 'દમી' શકે તે 'શમી' શકે,

જે 'શમી' શકે તે 'જમી' શકે,

જે 'જમી' શકે તે 'રમી' શકે.

આવા તત્ત્વ ગંભીર શબ્દો વડે તેઓશ્રી સમગ્ર તત્ત્વજ્ઞાનનો સાર રજૂ કરી દેવાનું અપૂર્વ સામર્થ્ય ધરાવતા હતા.

શીલ તેવી શૈલી :

પૂજ્યશ્રીની બહુમુખી પ્રતિભા, જૈનશાસનનાં રહસ્યોને પૂરા અન્વેષણપૂર્વક ખૂબ સુંદર રીતે રજૂ કરવાને માટે આશીર્વાદ સમાન હતી.

તેઓશ્રીની વાતચીતની શૈલી, ઉપદેશની શૈલી, તથા લેખન શૈલી એ બધી પ્રસન્ન, મધુર, ભાવ-વિભોર અને વસ્તુના ઊંડાણને સહજ રીતે, સરળ રીતે રજૂ કરવાની તાકાતવાળી હતી. એક એક ગ્રંથ પણ એવી જ શૈલીથી લખાયેલો છે. શૈલી જેવી જ મર્મસ્પર્શી પણ વસ્તુના હાર્દને સરળ, આડંબર વિનાની, બાલજીવોને પણ ગ્રાહ્ય થઇ શકે તેવી યુક્તિ અને તાત્ત્વિક વાતને પણ સરળ ભાષામાં રજૂ કરવાની આવડત, સર્વ જીવોને પણ સાચી શ્રદ્ધા, નિષ્ઠા જાગ્રત કરી, આત્મકલ્યાણના માર્ગે વાળવા માટે મહાઉપકારક છે.

તેઓશ્રીનો અભ્યાસ ગુજરાતી-સંસ્કૃત-અંગ્રેજી-પ્રાકૃત-હિન્દી ભાષાઓમાં હતો. તે તે ભાષાઓના અભ્યાસવાળી સુરુચિ, સામાને શ્રદ્ધા ઉત્પન્ન કરાવી શકે તેવી ગંભીર છતાં સરળ, તાત્ત્વિક છતાં સામાન્ય બુદ્ધિને પણ ગમ્ય અને જિજ્ઞાસુ, મુમુક્ષુ જીવો માટે અનેક રીતે ઉપકારક હતી.

તેઓશ્રીની તત્ત્વની ભૂખ-વાંચન-ભૂખ પણ ખૂબ જ ઉત્તમ કોટિની હતી. જુદા જુદા ચિંતકોનાં પુસ્તકોનો ઊંડો અભ્યાસ, સાહજિક તત્ત્વજિજ્ઞાસા અને જૈનશાસનની વાતો, અન્યને પણ કઇ રીતે ગ્રાહ્ય થઇ શકે, તે માટે વિશાળ હતો.

પોતાના જીવનમાં તેઓશ્રી જૈનશાસનને જીવી રહ્યા અને અનેક રીતે ભવ્ય જીવો માટે સુંદર આરાધનાની સામગ્રી શાસનને આપતા રહ્યા.

પૂજ્યશ્રીનું જે વિપુલ સાહિત્ય પ્રસિદ્ધ થયું છે, તે જોતાં આપણને ખ્યાલ આવી જાય છે કે તેઓશ્રીનું ચિંતન....મનન નમસ્કાર મહામંત્ર, જિનભક્તિ, તેમ જ આધ્યાત્મિકતાથી ભરેલું છે.

બાલકથી માંડીને, વિદ્વાન સુધી દરેકને ગ્રાહ્ય બને તે રીતે સચોટ ભાષામાં, સરળ અને આડંબર વિનાની રોચક શૈલીમાં, જૈન સાહિત્યના પારમાર્થિક રહસ્યોને ખૂબ સુંદર રીતે તેઓશ્રીએ સંકલિત કરેલ છે. તેમનું અણમોલ સાહિત્ય સર્જન ગહન રીતે તત્ત્વચિંતન–મનન–નિદિધ્યાસન અને ઊંડી સૂક્ષ્મદૃષ્ટિના અન્વેષણને સ્પષ્ટ કરે છે.

આમ જૈન શાસનની મહાન પ્રભાવના કરનાર આ મહાત્મા લોકોત્તર પ્રભાવક વિભૂતિ હતા. જૈનશાસન માટે તેમ જ કૃતજ્ઞ અને સુજ્ઞ એવા આત્માર્થી મુમુક્ષુ જીવો માટે તેઓશ્રીએ પોતાની શક્તિઓ દ્વારા જે અનુપમ કોટિનો ગૌરવવંતો અને યશસ્વી ઇતિહાસ સર્જ્યો છે, તે ભાવિમાં ચિરસ્મરણીય રહેશે.

ભક્તિયોગ :

"I am calm and confident in the Knowledge that God is Wherever, He is needed a Loving Active Strengthening Power."

"મને આ જ્ઞાનમાં શ્રદ્ધા અને શાંતિ છે કે પરમાત્મા પ્રેમાળ ક્રિયાશીલ અને બળ આપનાર શક્તિ (પાવર) તરીકે સર્વત્ર જ્યારે જરૂર પડે ત્યારે હાજર જ છે."

આજ વાતને પૂજ્યશ્રીના શબ્દોમાં:–

"સકલ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે.
શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે.
જ્ઞાનનું મૂળ ભક્તિ છે. અને
ભક્તિનું મૂળ ભગવાન છે."

અર્થાત્ ભગવાનનું વિશિષ્ટ આત્મદ્રવ્ય છે. જે હાજરાહજૂર છે. ચાલ્યા વિના ઈષ્ટ સ્થાને પહોંચાય નહિ એ શ્રદ્ધા સૂચક વાકય છે. ઈષ્ટ સ્થાને પહોંચાય માટે જ ચાલવાની ક્રિયા થાય એ ભક્તિ સૂચક વાકય છે.

ક્રિયા તે ધર્મનાં અનુષ્ઠાન છે.

ધર્મને આત્માની સાથે સંબંધ છે.

આત્માને પરમાત્માની સાથે સંબંધ છે,

પરમાત્માને ત્રણ જગત સાથે સંબંધ છે, હવે કોનો સંબંધ તોડવા જેવો છે ?

ભગવાન સાથે સંબંધ હશે, તો ત્રણ જગત સાથે સંબંધ થશે જ. ભગવાન સાથે સંબંધ સ્થાપિત કરવાનું સરળ સાધન તે ભક્તિ, પરમ પ્રેમરૂપા–અમૃત સ્વરૂપા–તે ભક્તિ.

ભક્તને ભગવાનથી કદી અલગ ન કરે તે ભક્તિ. ભગવાનથી અવિભક્ત રહે તેનું નામ ભક્ત.

ભગવાનને મેળવ્યા વિના મોક્ષે જવાનો કોઇ માર્ગ નથી. અરિહંત સિવાય મોક્ષ આપનાર અન્ય કોઈ નથી. તેથી સર્વ પ્રકારે અર્હદ ભક્તિ કરવી એજ તત્ત્વ છે.

त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र पन्थाः ।।

(ભક્તામર–૨૩)

લોહચુંબક જેમ લોખંડને ખેંચે, તેમ પ્રભુ ભક્તિ, મુક્તિને ખેંચી લાવે છે, તેથી મુક્તિ કરતાંય ભક્તને, ભક્તિ બહુ ગમે છે.

"મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહ શું સબળ પ્રતિબંધ લાગ્યો.
ચમક પાષાણ જેમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો."

(પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી. મહારાજ)

તેથી મુક્તિ મેળવવા ભક્તિને સ્થાન આપવું જ રહ્યું. 'ભક્તિ કરીએ...શિવપદ વરીએ...' આવા શિવપદ ધરાવતા શ્રી જિનેશ્વર-દેવના શાસનનું આપણા ઉપર અનંત ઋણ છે. એ ઋણમુક્તિ માટે આપણે જીવવાનું છે, જેથી કર્મમુક્ત થવાય અને પરમપદના અધિકારી બનાય.

પરમાત્માના ઋણનો સ્વીકાર કર્યા વિના, હૈયામાં સાચી ભક્તિ અને શ્રદ્ધા પ્રગટવાનાં નથી. ભગવાન અને આપણી અસલ જાતિ એક જ છે, કર્મજન્ય અવસ્થા ભલે જુદી હોય ! સ્વરૂપથી આપણે અભિન્ન છીએ. માટે દેહ મંદિરમાં સૂતેલા આત્મરૂપ ભગવાનને જગાડવા–જોવા–જિન મંદિરે જવાનું છે,

ભગવાનને જોતાં જ ભક્તિ જાગે, એમના પ્રત્યે અનુરાગ વધે, ત્યારે જ સંસારનું બધું નકામું લાગે. ફેંકી દેવા જેવું લાગે. એ પ્રભુ પાસે પ્યારી એવી ચરણોની સેવા માગે. પ્રભુ વિના ચેન ન પડે. જીવવું અકારું લાગે. આવી પ્રભુ ભક્તિના સાદ અને નાદનો રણકો હૈયે ગૂંજતો થઇ જાય તો તે ભક્તિ ભવસાગર પાર ઉતરવાની શક્તિ આપે.

પરમાત્મા તો જગત્પતિ છે, જગદાધાર છે, જગ–બંધુ છે, જગન્નાથ છે, જગત્ તિલક છે, જગત્–ગુરુ છે, જગચિંતામણી છે, જગ તારક, જગ રક્ષણહાર છે, આવા પરમાત્મા સિવાય, સંસારથી નિવૃત્તિ (મોક્ષ) કોઇથી પણ થનાર નથી.

'त्वदृते नास्ति निवृत्तिः।'

જેના ચરણ કમલમાં કમલા વસે તેવા પ્રભુના ચરણ અને શરણનું ગ્રહણ કરવું એમાં જ આપણો વિજય છે. એ વિજયનો પરમાનંદ તો ત્યારે જ મળે, જ્યારે

"મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ'

એમાં મન લાગ્યું રહે.

ભમરો ત્યાં સુધી ગુન ગુન કર્યા કરે છે, જ્યાં સુધી એને પુષ્પનો રસ નથી મળતો. જ્યાં પુષ્પના રસમાં લીન બન્યો કે બધો જ એનો ગણગણાટ મટી જાય છે.

મન–મધુકર પણ જ્યારે પ્રભુ ભક્તિના રસમાં લીન બને છે ત્યારે, એ ચૂપ થઈ જાય છે, શાંત થઈ જાય છે. એક ક્ષણ પણ સંસારમાં રહેવામાં તેને આનંદ પડતો નથી.

'संसारे नास्ति मे रतिः।'

પછી તો વાર'વાર પરમાતમાના 'પુનમચંદ' જેવા મુખને દેખીને નયન–ચકોર વિલાસ કરે છે. આનંદ અને અમૃતના ઓડકાર અનુભવે છે. મુખ દીઠે સુખ ઉપજે છે.

સમતા અદ્‌ભુત, રૂપ અદ્‌ભુત અને સર્વ પ્રાણીઓ પરની કૃપા અદ્‌ભુત ધારણ કરનારા સર્વ અદ્‌ભુતના નિધાન એવા પરમાત્મામાં ગતિ–મતિ અને રતિ હો એમ પ્રાર્થે છે.

'स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः।'

અને આયુષ્યના અંતિમ શ્વાસ સુધી

'भवेयं तस्य किङ्करः।' એ દેવાધિદેવના સર્વ ગુણ સંપન્નના સેવક બની રહેવાનું પસંદ કરે છે.

ભુવન ભૂષણ નાથ ભગવાન તો સંતોના જીવનનું સાર સર્વસ્વ છે. 'God is All in All.' ભક્ત હૃદયનો પ્રાણાધાર છે, તેથી સ્તો, તે શ્વાસે શ્વાસે પ્રભુના મંગલકારી નામનું સ્મરણ કરતા રહે છે.

વીતરાગ પરમાત્માની પૂજા વડે કાયાને,
સ્તુતિ વડે વાણીને,
જાપ વડે મનને અને
ધ્યાન વડે બુદ્ધિને પવિત્ર કરવી એ જ એક મનુષ્ય જીવનનું ફળ છે. 'जन्मिनां जन्मनः फलम्।'

નામ સ્મરણનો મહિમા અપાર છે. નામ–સ્મરણ એ અલૌકિક શક્તિ છે. તેનું ફળ દર્શાવતાં તેઓશ્રી જણાવે છે, "પરમાત્મપદમાં લય ભાવની વૃદ્ધિ થવાથી આત્મા પરમાત્મ સ્વરૂપ બની જાય છે. તેથી પરમાત્મ સ્મરણ એ સકલ શાસ્ત્રનું સારભૂત તત્ત્વ મનાયું છે."

"જપ વડે ભગવાનનું પ્રણિધાન થાય છે. ભગવાનના નામનો જાપ કરવાથી બાહ્ય વ્યાપારોનો નિરોધ થાય છે. શબ્દાદિ બાહ્ય વ્યાપારો રોકાઇ જવાથી, આંતર જ્યોતિ પ્રગટ થાય છે તેને પ્રત્યક્ ચૈતન્ય કહે છે."

જાપની આવશ્યકતા જણાવતાં તેઓશ્રી ફરમાવે છે, " બહાર પ્રસરી રહેલી વૃત્તિઓને ખેંચીને અંતરમાં સમાવવા માટે જાપ જરૂરી છે. જપથી પ્રાણ અને શરીર સમતોલ અવસ્થાને પામે છે. મન સ્થિર અને શાન્ત થાય છે. જપ બહિર્વૃત્તિઓનો નાશ કરે છે, તેથી કામનાવાળા જીવોની કામનાની પૂર્તિ કરાવી, અંતે તે નિષ્કામ બનાવે છે.

એકાગ્ર ચિત્તે થતા-ભગવાનના નામના જાપ વડે અતીન્દ્રિય શાન્તિ અને અલૌકિક આનંદનો અનુભવ થાય છે."

" શ્રી અરિહંત પરમાત્માનું નામ એ તેમનો મંત્રાત્મક દેહ છે. મોક્ષગમન સમયે શ્રી અરિહંતો વિશ્વના જીવોના ઉદ્ધાર માટે પોતાનું મંત્રાત્મક શરીર આ જગતમાં મૂકતા જાય છે કે જેના વડે તેમની ગેરહાજરીમાં પણ સાધક તેનું આલંબન લઈને સર્વ પાપનો ક્ષય કરી મુક્તિપદને મેળવી શકે...."

' તત્ત્વદોહન ' માં પૂજ્યશ્રી જણાવે છે :

" સાક્ષાત્ શ્રી અરિહંત ભગવંતના વિરહમાં પણ શ્રી અરિહંત પરમાત્માના ગુણોમાં ઉપયોગવાળા સાધકના દેહમાં ઉપયોગ રૂપે ભાવ-અરિહંત વર્તે છે, તેથી શ્રી અરિહંત પરમાત્માનો વિરહ સાધકને હોતો નથી...."

" સાધક જ્યારે ભાવ-અરિહંતના ધ્યાનમાં પોતાની મનોવૃત્તિઓને તદાકાર બનાવે છે, ત્યારે પોતે પરમાત્મા સ્વરૂપે પરિણમે છે... ભાવથી ભાવની ઉત્પત્તિ થાય છે. જેમ પ્રગટ દીપકના પ્રકાશ સાથે એકમેક થવાથી બીજો દીવો પણ પ્રકાશિત બની, અન્ય દીવાઓને પણ પોતાના સમાન બનાવવા સમર્થ બને છે, તેમ કેવળજ્ઞાન-જ્યોતિથી પ્રકાશમાન એવા પરમાત્મા સાથે તન્મય બનેલો અંતરાત્મા પણ પરમાત્મ-જ્યોતિને પ્રાપ્ત કરે છે." આ રીતે.

' नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम् '

નામ, સ્થાપના, (આકૃતિ), દ્રવ્ય અને ભાવ આ ચાર નિક્ષેપ વડે અરિહંત ભગવંતો જગત ઉપર ઉપકાર કરી રહ્યા છે.

અરિહંત એ મુખ્ય પદ છે, અરિહંતનો આત્મા તીર્થંકર નામ નિકાચિત કર્યા પછી, ત્રણ ત્રણ ભવ સુધી સર્વજીવોની સતત હિત ચિંતા કરે છે. એ અનંત કરુણાના અચિંત્ય પ્રભાવે જ આપણે સુખી બન્યા. તેનો કદી અહંકાર ન થાય. એ સર્વ સુખનું મૂળ ભગવાન ગણાય. તેમની શક્તિથી જ આ જગત નિયમ બદ્ધ-વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે.

પરમાત્માની એ અચિંત્ય શક્તિની ભક્તિ મહાકલ્યાણ કારિણી છે. ભક્તિ મુક્તિની દૂતી છે. ભવ્યાત્માઓના મિથ્યાત્વમળને ધોવા માટે ગંગા-સ્વરૂપ છે. ચિત્તની નિર્મળતા-પ્રસન્નતા-સ્થિરતા અને તન્મયતાને સાધી આપનાર છે. આવા જિનભક્તિના રંગમાં રંગાયેલા આત્માને આઠ સિદ્ધિઓ અને નવનિધિઓ દૂર નથી.

જિનભક્તિ અને જીવમૈત્રીના રંગથી રગેરગમાં રંગાઈ ગયેલા ભક્તહૃદય કરૂણા અને વાત્સલ્ય રસની મૂર્તિસમા પૂજ્યશ્રીએ શાસ્ત્રોના સાગરમાં ડૂબકી લગાવી ઊંડા મનન અને મંથન દ્વારા મેળવ્યાં બે મહાન રત્નો. જિનભક્તિ અને જીવમૈત્રી. આ બે ઉત્કૃષ્ટ ગુણોની ભાવનાની, સર્વજીવોના કલ્યાણ માટે પ્રભાવના કરી.

જિનભક્તિથી નવકારની આરાધના.

જીવમૈત્રીથી સામાયિકની સાધના પ્રાણવંત બની.

નવકારથી નિશ્ચયશુદ્ધિ-પરમાર્થ શુદ્ધિ અને સામાયિકથી વ્યવહાર શુદ્ધિ-એમ નિશ્ચય અને વ્યવહાર, જ્ઞાન અને ક્રિયા ઉભયના સુમેળ દ્વારા મોક્ષ માર્ગ બતાવ્યો.

કૃતજ્ઞતાને ટોચગુણ ગણ્યો.

અહંકાર સામે નમસ્કાર મૂક્યો.

નમ્રતાને પરમાત્માની પ્રેયસી કહી, પરોપકાર વહેતો કર્યો.

દુઃષ્કૃત ગર્હા-સુકૃત અનુમોદના, ચતુઃશરણ ગમન-

સર્વ જીવો સાથે ક્ષમા, મિચ્છામિ, આપણાં દુષ્કૃત્યોનું મિથ્યાદુષ્કૃત કરવાનું, વંદામિ, અરિહંતાદિ ભગવંતોને વંદન, એવા શાશ્વત સૂત્રો એમણે શીખ્યાં.

'સ્વ' ની સાધનાની સૂક્ષ્મ શક્તિનું નિર્માણ કર્યું–અને આંતર શક્તિના એ સ્વામી બન્યા.

આંતરવિશુદ્ધિનો માર્ગ જાત–અનુભવ દ્વારા સરળ બનાવ્યો અને અતિ દુર્લભ એવી સિદ્ધિનો સાક્ષાત્કાર પોતાના જીવનમાં કર્યો.

સમત્વની સાધના અને સિદ્ધિ:

જૈનદર્શન કહે છે કે આજ સુધીમાં જેટલા પણ અરિહંત ભગવંતો, તીર્થંકર પરમાત્માઓ થયા, તે બધાયે સમત્વ યોગની સિદ્ધિ કરીને, નિર્વાણપદની પ્રાપ્તિ કરેલી છે.

પૂજ્ય ગુરુદેવોએ તેમને 'જાવજ્જીવ સામાયિક' ઉચ્ચરાવ્યું, ત્યારથી જ તેઓ સમત્વયોગની સાધનાના, સમતા ભરી સાધુતાના પૂજારી બન્યા. સમત્વયોગના એક મહાન ઉપાસકમાં અણગાર જીવન દીપી ઊઠ્યું. સોનામાં સુગંધ ભળી, પૂજ્યશ્રી સમતા રસની જીવંત મૂર્તિ હોય તેવા બની રહ્યા.

સમત્વ તરફ વિશેષ રુચિ ધરાવનાર, તેમણે સમત્વયોગનું વિશેષ સ્વરૂપ સમજવા માટે ગુરુગમ તથા ગુરુકૃપા પ્રાપ્ત કરીને, ગુરુનિશ્રામાં રહીને, જિનાગમો તથા તેના પર રચાયેલી નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ તથા ટીકાઓનો એકાગ્રચિત્તે અભ્યાસ કર્યો.

આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ તથા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જેવા આધ્યાત્મનિષ્ઠ મહાપુરુષોએ રચેલા અનેકવિધ ગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું. નિર્ગ્રંથ શાસનમાં પ્રતિષ્ઠા પામેલા (૧) અધ્યાત્મ (૨) ભાવના (૩) ધ્યાન (૪) સમતા અને (૫) વૃત્તિ સંક્ષય એ પાંચ અંગવાળા સમત્વયોગનો હૃદયથી ખૂબ જ આદર અને અભ્યાસ કર્યો.

અધ્યાત્મ :

સમત્વયોગની પ્રથમ ભૂમિકા અધ્યાત્મમાં પદાર્પણ કરીને આત્મ-લક્ષી સાધના શરૂ કરી. સર્વ આત્માઓને કેન્દ્રમાં રાખીને, બધી વિચારણાઓ કરવા માંડી, તેમાં પ્રતિદિન પ્રગતિ સાધવા માંડી. તે અંગે શ્રી નમસ્કાર મહામંત્ર ખૂબ જ ઉપયોગી થયો.

આ 'અધ્યાત્મ' ના અમૃતે તેમને 'અધ્યાત્મનિષ્ઠ' 'અધ્યા-ત્મયોગી' બનાવ્યા....અને તે રીતે કેટલાકના હૃદયમાં પંકાયા.

ભાવના :

ભવનો નાશ કરનારી, પરમાત્માના પરમપદને પમાડનારી મૈત્र्यાદિ ચાર ભાવનાઓ અને અનિત્યાદિ બાર ભાવનાઓનું વારંવાર સેવન કરવા માંડયું. પરિણામે વૈરાગ્ય અને ત્યાગ ભાવના બલવત્તર બની. સંયમ જીવનમાં શુદ્ધિ પ્રગટી. આ ભાવનાઓને અનુલક્ષીને થયેલાં તેઓશ્રીનાં વક્તવ્યો, આત્માર્થી જનો માટે સંયમ જીવનનું પાથેય પૂરું પાડે છે. તેઓશ્રીના અનુભવનો નિચોડ રજૂ કરે છે.

ધ્યાન :

અધ્યાત્મ અને ભાવના વડે ચિત્તશુદ્ધિનો અનુભવ થાય છે એટલે ધ્યાન પ્રત્યે પગરણ મંડાય છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના ત્યાગ વિના કદી ધર્મધ્યાનની પ્રાપ્તિ સુલભ થતી નથી, તેથી તેમણે પ્રથમ આ બે ધ્યાનની પકડમાંથી મુક્ત થવાનો પ્રબળ પ્રયાસ કર્યો, જે પોતાના પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં, જ્ઞાન-ક્રિયામય સંયમની આરાધના કરતાં સફળતામાં પરિણમ્યો.

ધ્યાનના વિષયમાં એમનો અભ્યાસ અતિ ઊંડો હતો. કોઈને ખબર ન પડે તેવી રીતે પોતે કલાકો સુધી ધ્યાનમાં રહેતા. મોટે ભાગે લક્ષ્ય આત્મા તરફ રહેતું.

પૂજ્યશ્રી કહેતા,

'શ્રી નમસ્કાર મંત્રેણ સકલ ધ્યાન સિદ્ધિઃ।'

નમસ્કારમાં ભગવાનના સ્વરૂપનું ચિંતન થાય છે, તે નિશ્ચયથી નિજ સ્વરૂપનું જ ચિંતન છે. શ્રી જિનની પૂજા પરમાર્થથી નિજની પૂજા છે.

કહ્યું છે કે,

'જિનવર પૂજા રે, તે નિજ પૂજના.'

'આજ્ઞાવિચય' ધ્યાન:

પૂર્વના મહાપુરુષોના રચેલા અધ્યાત્મ ગ્રંથોનું વાંચન-મનન-ચિંતન અને પરિશીલન તથા ધર્મ ધ્યાનનો અભ્યાસ-તેના અધિકારે તેઓશ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાઓ અંગે વારંવાર વિચારવા લાગ્યા. તેનાથી વિપરીત વર્તન ન થઈ જાય, તે માટે પૂરતી તકેદારી રાખવા લાગ્યા.

"તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઇયં" તેજ સત્ય છે. અને નિઃશંક છે કે જે શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલું છે. આ બાબતમાં તેમની શ્રદ્ધા અચલ હતી. આ જિનવચનની શ્રદ્ધા જ સમ્યગ્ ચરિત્રનું પ્રેરક બળ છે. તે તેમણે યથાર્થપણે જીવનમાં વણી લીધું હતું.

'અપાય વિચય' ધ્યાન:

આ ધર્મધ્યાનના અધિકારે તેઓ રાગ-દ્વેષ અને ક્રોધાદિ ચાર કષાયોથી થતા અપાયો-ગેરલાભો સંબંધી સતત ચિંતન કરતા. પરિણામે તેઓનું બળ સારી રીતે ઘટાડી શક્યા હતા.

'વિપાકવિચયધ્યાન':

ધર્મધ્યાનના બળે તેઓ કર્મના શુભ-અશુભ વિપાક-પરિણામ -સંબંધી ઊંડું ચિંતન કરતા. તેથી કર્મ બંધનમાંથી બચી શક્યા હતા અને જીવન વ્યવહારના કારણે જે હળવો કર્મબંધ થતો તેનું પ્રતિક્રમણ વડે પ્રાયશ્ચિત્ત કરી લેતા હતા.

ક્રિયાયોગ :

ક્રિયાના સ્થાને ક્રિયાને તેઓએ એટલું જ મહત્ત્વ આપ્યું હતું. પ્રમત્ત અવસ્થામાં ક્રિયા વિના જ્ઞાનનો પરિપાક થાય નહિ, તેથી જ્યાં સુધી પ્રમત્ત અવસ્થા છે, ત્યાં સુધી જિનોક્ત ક્રિયાઓનું ત્રિકરણયોગે ભાવપૂર્વક સેવન કરવું એ જ ધ્યાન છે. મન–વચન અને કાયાના ત્રણે યોગોને પવિત્ર કરવાનું જેવું સામર્થ્ય ઉપયોગપૂર્વક કરવામાં આવતી જિનોક્ત ક્રિયાઓમાં છે, તેવું બીજી કોઈ રીતે નથી. વચન અનુષ્ઠાનની આરાધના કર્યા વિના અને તેમાં ઉત્તીર્ણ થયા વિના, અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ થઇ શકતી નથી. જિનોકત ક્રિયામાં તે અનુષ્ઠાન તે ક્રિયાના બતાવનારા સર્વજ્ઞ ભગવંતોના વચન ઉપર જ છે. તત્ત્વથી તે બહુમાન ભગવાન ઉપર જ છે અને ભગવાનની આજ્ઞા–પાલનના પરિણામ સ્વરૂપ ભગવાનનું બહુમાન એજ એક શ્રેષ્ઠ કોટિનું ધ્યાન છે. ધર્મ ગ્રંથોમાં તે બહુમાનના પરિણામને સિદ્ધ રસની ઉપમા આપવામાં આવી છે. તેના યોગથી પરિણામે આત્મા શુદ્ધ કંચન જેવો નિર્મળ–સિદ્ધ સ્વરૂપી બને છે.

જ્ઞાની ભગવંતોએ બતાવેલી દરેક ક્રિયા ચારિત્ર નિર્માણ માટે અને આત્મશુદ્ધિમાં કેટલી બધી ઉપકારક છે ? તે અંગે તેમણે શ્રી અનુયોગદ્વાર, ધ્યાનશતક, ગુણ સ્થાનક ક્રમારોહ અને અધ્યાત્મસાર આદિ ગ્રંથોના આધારે સુંદર પ્રકાશ પાડયો છે.

જ્ઞાન અને ક્રિયાના સુમેળથી જ મોક્ષ મળે, એ સિદ્ધાંત છે.

'સંસ્થાનવિચય' ધ્યાન :

ધર્મધ્યાનના અભ્યાસને પરિણામે તેમને એ વસ્તુની પ્રતીતિ થઇ હતી કે,—આ લોકરૂપી રંગમંડપમાં આત્મા નટ છે. કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ તથા ઉદ્યમ એ પાંચ સમવાય કારણો રૂપી વાજિંત્રોના નાદથી નચાવ્યા મુજબ તે નાચે છે. પરંતુ સમ્યક્ પુરુષાર્થના યોગે સમત્વયોગની સાધના જેને પ્રાપ્ત થાય છે, તેનાથી આ વસ્તુનો અંત લાવી શકાય તેમ છે.

સમતા :

આર્ત–રૌદ્ર ધ્યાનના ત્યાગથી તથા ધર્મ–ધ્યાનના-સુદૃઢ ચિંતન અને અભ્યાસથી તેમનામાં સમતા ગુણ સારી રીતે સાકાર બન્યો હતો. તેથી ગમે તેવા વિપરીત સંયોગોમાં પણ તેઓ મનની સ્વસ્થતા સમતુલા બરાબર જાળવી શકતા.

પુરુષાદાનીય શ્રી પાર્શ્વપ્રભુએ કમઠાસુરના ઉપસર્ગ સમયે જે સમતા જાળવી હતી તથા ભગવાન શ્રી મહાવીરદેવે ભયંકર સર્પદંશ થવા છતાં મનને સમતામાં રાખ્યું હતું, તેને તેઓ સદા સ્મરણમાં રાખતા. એ રીતે સમતા ગુણની પુષ્ટિ કર્યા કરતા. ક્રૂર કર્મો કરનારા લોકો પણ તેમની પાસે આવતા, પાપોનું નિવેદન કરતા; તેમને તેઓ અત્યંત પ્રેમથી હિતોપદેશ આપતા. જેની બહુ ભારે અસર થતી.

જૈન શાસ્ત્રોમાં કહેવાયેલું છે કે, "સમતા વડે શ્રમણ બનાય છે." અર્થાત્ સાચા શ્રમણ બનવા માટે સમતાનો ગુણ અનિવાર્ય છે. તેથી જ તેઓશ્રીએ આ ગુણ કેળવવા માટે અસાધારણ પુરુષાર્થ કર્યો હતો અને તેમાં નોંધપાત્ર સફળતા મેળવી હતી. તેઓશ્રીએ કેળવેલી માધ્યસ્થભાવના સૌને માટે આદર્શરૂપ હતી. ગમે તેવા પ્રસંગોમાં પણ કષાયો ઉપર કાબૂ રાખી શકતા.

ગમે તેટલી લાંબી બિમારીમાં પણ તેઓ મનને સ્વસ્થ રાખી શકતા. તેને ધર્મ ધ્યાનમાં–જોડી શુદ્ધભાવોમાં રમતા. એજ એમણે સાધેલા સમત્વયોગની સિદ્ધિ હતી.

"નવકાર ચૌદ પૂર્વનો સાર છે, અને સામાયિક એ દ્વાદશાંગીનો સાર છે. નવકારમાં ૬૮ અક્ષરો છે. તો સામાયિક સૂત્રમાં એનાથી ઉલટા ૮૬ અક્ષરો છે." એની સાધના દ્વારા પૂજ્યશ્રીએ સમતા–મૃદુતા–નમ્રતા–આદિ ગુણોના મહાન આદર્શને પ્રસ્તુત કર્યા.

⑬ સંપ્રદાન.... વિહારક્ષેત્ર

સં. ૧૯૯૬ :

પૂજ્યશ્રીનું સં. ૧૯૯૬ નું ચાતુર્માસ મેળવવા માટે દેવ-ગુરુ-કૃપાથી, મુંબઇ લાલબાગનો શ્રી સંઘ સદ્‌ભાગી બન્યો. લાલબાગના શ્રી મહાવીરસ્વામીના દેરાસર સામેના વ્યાખ્યાન હૉલમાં મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબનું વ્યાખ્યાન થતું. શ્રી વીતરાગ-પરમાત્માના વૈરાગ્યની વાણી પૂજ્યશ્રીના શ્રીમુખે વહેતી :

પરમકૃપાળુ દેવાધિદેવ તીર્થંકર પરમાત્માઓ કરુણાથી ભરેલા હોય છે, તેથી તેઓ સર્વજીવોના હિતની સતત ચિંતા કરે છે. પોતે જ્યારે તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે, ત્યારે વીશ સ્થાનક તપની વિધિપૂર્વક આરાધના કરે છે અને ત્યારે પણ એજ ભાવના ભાવે છે કે સકલ જીવરાશિને શાસનના રસિયા બનાવું.

એ પરમ તારક પરમાત્માએ સર્વ જીવ વિષયક સ્નેહ પરિણામમાં અત્યંત મહત્ત્વની ભાવનાઓ બતાવી છે.

ધર્મ એ મંગલ છે, તેનું મૂળ મૈત્રી છે. મૈત્રીનો મહામંત્ર નવકાર છે. નમસ્કાર વડે જીવ મૈત્રી સિદ્ધ થાય છે.

જીવો પ્રત્યે અમૈત્રી એ મોટું પાપ છે. મહા મિથ્યાત્વ છે, પરમ સત્ય એવું જીવતત્ત્વ તેનો વિરોધ છે, અનંતાનંત આત્માઓની પરમ ઉપેક્ષા છે, અનાદર છે, અવગણના છે, પરમ સંકુચિતતા છે અને ચૈતન્ય-તત્ત્વ પ્રત્યે મૂઢભાવ છે, તેનો નાશ એક મૈત્રી વડે જ શકય છે.

મૈત્રી મોટું પુણ્ય છે, પરમ આસ્તિકતા છે, સત્ય અને સિદ્ધ એવું જીવ સ્વરૂપ તેનો સ્વીકાર છે, આદર છે, બહુમાન છે, પ્રેમ

છે, પ્રીતિ છે, નમસ્કાર છે, વહાલ છે, એકત્વનો અનુભવ છે, અનંત સંખ્યા અને ગુણનો ગુણાકાર છે, વર્ગ છે, વિશાળતા છે, વિવેક છે, તથા પરમ શાન્તિ અને સ્વસ્થતાનો અનુભવ છે.

મૈત્રીમાં જીવતત્ત્વના જ્ઞાનનો પ્રકાશ, આત્મવિદ્યાનો વિકાસ અને સમ્યક્‌ત્વરૂપી સૂર્યનો ઉદય રહેલો છે.

મૈત્રી ભાવનાના આદ્ય ઉપદેશક શ્રી અરિહંત પરમાત્મા છે. તેને સિદ્ધ કરનારા સિદ્ધ પરમાત્મા છે. તેને જીવનમાં નખશિખ આચરનારા આચાર્ય–ભગવંતો છે. તેને સૂક્ષ્મ રીતિએ સમજનારા અને સમજાવનારા ઉપાધ્યાયભગવંતો છે. તેને આંતર–બાહ્ય જીવનમાં સાધનારા સાધુ ભગવંતો છે.

– મૈત્ર્યાદિ ભાવથી યુક્ત સાધકને ક્ષમાદિ ધર્મોની સિદ્ધિ થાય છે.

– વિશ્વમાં કોઇ પણ જીવ મારો અપકારી નથી. અપેક્ષાએ સમસ્ત વિશ્વના જીવો મારા ઉપકારી છે. આવી સમજથી સર્વ જીવ હિતાશય ભાવ પ્રગટે છે.

– આખા વિશ્વમાં પોતે અને પોતાનામાં આખું વિશ્વ, ભાવથી સ્થપાય ત્યારે મૈત્રીભાવના પરાકાષ્ઠાને પામે છે.

– પરાકાષ્ઠાને પામેલી મૈત્રી સમતા સ્વરૂપે શોભે છે, સમતા આત્માને સમગ્ર વિશ્વના સમ્રાટ પદ પર સ્થાપે છે. તે જ પરમપદ છે. શાશ્વત પદ છે.

– મૈત્રીથી ભક્તિ અને ભક્તિથી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

– આવું આવું કેટકેટલું કિંમતી મૈત્ર્યાદિ ભાવોનું ખૂબજ મર્મ સ્પર્શી નિરૂપણ થતું. સાંભળતાં જ અનેક મુમુક્ષુ આત્માઓ મોક્ષ માર્ગની આરાધના માટે તૈયાર થયા. જે ન થઇ શકયા તે શ્રાવક જીવનની યોગ્યતા કેળવી, આગળ વધવા લાગ્યા.

વ્યાખ્યાન પીઠ પર પૂજ્યશ્રી બિરાજમાન હોય, અમૃત વાણીનો ધોધ વહેતો હોય, ત્યાં અજાણી વ્યક્તિ આવી જતી, તે પણ પાવન

પાવન થઇ જતી. વાણી સાંભળનારના હૃદયને સ્પર્શી જતી. તરત જ અંતરમાં અસર કરી જતી. તેના સંસારનાં કાર્યો પરનો રસ–રંગ –રાગ ઘટી જતો, ધર્મ કાર્યોમાં ઉલ્લાસ વધી જતો.

પૂજ્યશ્રીની સૌમ્યમુખાકૃતિ અને દિવ્યવાણી સાંભળતાં એવો ભાસ થતો, જાણે સમોસરણમાં બિરાજમાન સાક્ષાત્ તીર્થંકર ભગવાન દેશના આપતા હોય. પ્રથમ દર્શને જ તે વ્યક્તિ આ સ્થાનમાં મનોમન નક્કી કરી લેતી;

'ગુરુ તો આ જ.'

૧૯૯૬ના આ ચાતુર્માસમાં પૂજ્યોની કૃપાથી પૂજ્યશ્રીની આંતરિક સાથે બાહ્ય આભા પ્રકાશિત બની. અન્યના હૃદયમાં પરમાત્માનો પ્રકાશ પાથરતી રહી.

૧૯૯૬માં મુંબઇના જુદાં જુદાં પરાંઓમાં વિહાર કરતાં, વીતરાગની વાણીનો લાભ આપતા સ્વ-પરની આરાધનામાં મગ્ન એવા પૂજ્યશ્રીનું ચાતુર્માસ અંધેરીમાં જય બોલાતાં નક્કી થયું.

સં ૧૯૯૭ અંધેરીમાં ઉપધાન તપની વિશિષ્ટ આરાધનાઃ

પૂજ્યશ્રીએ નવકારને આત્મસાત્ કર્યો હતો. તેના વિશિષ્ટ ચિંતનની અસર શ્રી સંઘ પર પડવા લાગી. શ્રી સંઘને આ અદ્ભુત નવકાર વિશે જાણવાની જિજ્ઞાસા થઇ. શ્રી નવકાર જીવનને, હૃદયને કેમ સ્પર્શે ? તેવો પ્રશ્ન પૂજ્યશ્રીને પૂછ્યો. તેનો જવાબ આપતાં પૂજ્યશ્રીએ જણાવ્યું. 'ઉપધાનની આરાધના દ્વારા નમસ્કાર મહામંત્રને વિધિપૂર્વક ગ્રહણ કરવાથી જ્ઞાન–ક્રિયા, દેવ–ગુરુ અને ધર્મની નિશ્રામાં ગ્રહણ કરવામાં આવેલો નવકાર આત્મસાત્ થાય છે."

આ સાંભળતાં જ ત્યાંના સુશ્રાવક ભાઇઓએ વિચાર્યું. આવા નમસ્કાર મંત્રના મહાન આરાધક અને સાધક પૂજ્યશ્રીનું ચાતુર્માસ આપણને મળ્યું છે, તે આપણાં અહોભાગ્ય છે. નવકારની સિદ્ધિ પણ આપણે તેની આરાધના કરીને મેળવી શકીએ. તેથી શાપરિયા

ભાણુજીભાઇએ સાહેબજીને ઉપધાનની આરાધના કરાવવા વિનંતી કરી. ત્યારથી પૂજ્યશ્રીની નિશ્રામાં સહુ પ્રથમ ઉપધાનનું શુભ મંડાણ શરૂ થયું.

આ ઉપધાનની એક વિશેષતા હતી કે તેમાં વિશિષ્ટ આરાધકો જોડાયા હતા. શ્રાવકો વધુ હતા. શ્રાવિકાઓ ઓછી હતી.

સહુ પ્રથમ નવકાર મહામંત્ર ઉપર જ પૂજ્યશ્રીનું નવીન ચિંતન આરાધકોને મળતાં તે દિવસો ચિરસ્મરણીય બની ગયા.

વિ. સં. ૧૯૯૮નું ચાતુર્માસ પૂજ્ય વડીલ ગુરુ ભગવંતોની આજ્ઞાથી અહમદનગર (મહારાષ્ટ્ર) ના શ્રી સંઘના આગેવાનોની વિનંતીથી પૂજ્યશ્રીએ અહમદનગરમાં કર્યું.

પૂજ્યશ્રીની મનોભાવના, પોતાના વિનીત શિષ્યોને પોતાના કરતાં સવાયા જોવાની હતી. તેથી શિષ્યોના હિત માટે તેઓશ્રી પ્રેરણા આપતા:

ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓ કહે છે કે નિશ્ચયનયની દૃષ્ટિથી જીવમાત્ર સત્તાથી સિદ્ધ સ્વરૂપી છે. યોગ્યતાનો વિકાસ થતાં, તે જીવનું, જિનસ્વરૂપ પ્રગટ થાય છે. આઠ કર્મથી બંધાયેલો જીવ, સંસારમાં રખડી રહ્યો છે. ચોરાશી યોનિમાં ભટકી રહ્યો છે. સ્વ-સ્વરૂપને ભૂલી દુઃખી દુઃખી થઇ રહ્યો છે. પુદ્ગલના પનારે પડી પોતાની કિંમત કોડીની કરી રહ્યો છે. એ ગમે તે ગતિમાં જાય, તો પણ પોતાની આગવી અને અનોખી વિશેષતાથી અંકિત રહે છે. એકવાર પણ એ વિશેષતાનું સ્મરણ થઈ જાય, તો તેનાં અનંત મરણોનો નિકાલ થઇ જાય અને સ્વરૂપમાં સિદ્ધ થાય, તો લોકાગ્રે સ્થાન પામી સહુમાં પૂજાય.

શાસ્ત્રોના સતત અભ્યાસથી અને ગુરુગમથી અંદરની આંખ ઉઘડે છે. સંસારમાં ભટકતા જીવ ઉપરથી મિથ્યાત્વ અને ચાર સંજ્ઞાનું જબ્બર જોર હોય છે. તેથી તે તરતજ પાપ કરી બેસે છે. આ મિથ્યાત્વભાવનો નાશ કરવા જિનોક્ત શાસ્ત્રોનો અભ્યાસ અને સ્વાધ્યાય પૂબ સહાયક થાય છે.

આ શાસનમાં તો ચૌદ પૂર્વીઓને પણ સ્વાધ્યાય કરવાનું ફરમાન છે. જો સ્વાધ્યાય સાધુ જીવનમાં છૂટી જાય તો, પર પદાર્થો પ્રત્યેનો રાગ, મન પર સવાર થઈ જાય...સત્ શાસ્ત્રોના અભ્યાસથી–મનનથી જ્ઞાનનો ક્ષયોપશમ વધે છે...અને આ જ્ઞાન જીવનું અજ્ઞાન ટાળવાને સમર્થ બને છે.

શાસ્ત્રોના સતત અભ્યાસ માટે તેઓશ્રી સહુને માર્ગદર્શન આપતા અને તે મુજબ શિષ્યો બહુમાનપૂર્વક શાસ્ત્રોનો અભ્યાસ કરતા.

અવાર નવાર પૂજ્યશ્રી ફરમાવતા કે શાસ્ત્ર ભણ્યા પહેલાં તેના અર્થ જાણવાની ઉતાવળ ન કરશો. જો અભ્યાસી તદ્ અર્પિત મનવાળો હશે તો શાસ્ત્રાભ્યાસ પછી તેના અર્થો આપો આપ ઉઘડવા માંડશે, છતાં અર્થ ન ઉઘડે તો નવકારમાં મન પરોવી દઈને, એકદમ શ્રદ્ધાશીલ બનશો તો, અર્થ અને ભાવાર્થ તમારાં બની જશે.

અને પછી ઉમેરતા, બધું ભણીને છેવટે આત્મા વિશે જાણવાનું છે. બધું જ નશ્વર છે, બધું વિનાશી છે, પણ આત્મા એક અવિનાશી છે. આત્માને પરમાત્મા બનાવવા નશ્વરની માયા ત્યાગવી જ રહી. નશ્વરના રાગથી રોષ કરવાનો, રીબાવાનો, રડવાનો વખત આવે પરંતુ એના ત્યાગથી કોઈ દોષ ઊભા ન રહે. જેને ન મળે નશ્વરના સંયોગ–વિયોગમાં રાગ કે રોષ, તેના જીવનમાં કયારેય ન જોવા મળે હર્ષ કે શોક. આવો મુનિ સમશીલ બને.

'समशीलं मनो यस्य स मध्यस्थो महामुनिः ।'

એના મુખ ઉપર ચિત્તની પ્રસન્નતા સદા ઝળહળે.

અહમદનગરના ચોમાસાને નિર્વિઘ્ને પૂર્ણ કરી, પૂજ્યશ્રીએ વિહાર શરૂ કર્યો. વિચરતા સાધુ એટલે વહેતી ધર્મની ગંગા. તેમના વિચાર–વાણી અને વર્તનમાં ધર્મ હોય. આત્મસ્વભાવની આરાધના હોય. રાગ–દ્વેષથી પર થવાનો પુરુષાર્થ હોય, સમતાભાવને સાધવાની સાધના હોય, મૈત્ર્યાદિ ભાવોની મધુરતા ખાસ હોય, આત્માને શુદ્ધ

કરનાર દાન-શીલ-તપ અને ભાવરૂપી ધર્મની આબોહવા ફેલાવતા હોય, જીવોની જયણા પાળવામાં મોખરે હોય. આવા સાધુ જ્યાં જ્યાં જાય ત્યાં જૈનશાસનનો જય જયકાર થાય.

આજે વિશ્વમાં જેટલા અંશે જીવદયા પળાઈ રહી છે, તેના મૂળમાં શ્રી જિનશાસન અને પંચ પરમેષ્ઠિ ભગવંત જ છે.

જૈન સાધુ 'ઉપયોગ' માં દક્ષ હોય, વિષય-કષાય, રાગ-દ્વેષ અહં-મમના ઉપયોગ હૃદયને સ્પર્શી ન જાય તે માટે (असुप्ता मुनिः) સજાગ હોય. અપ્રમત્ત હોય.

પરમાર્થ પરાયણ જીવનનો આવો પરમ પ્રકાશ ઠેર ઠેર પાથરતા પૂજ્યશ્રી શિષ્યો સાથે જુન્નેર પધાર્યા.

પૂજ્ય ગુરુવર્યોની આજ્ઞાથી તથા શ્રી સંઘની ખાસ વિનંતીથી પૂજ્યશ્રીએ વિ. સં. ૧૯૯૯ નું ચાતુર્માસ જુન્નેર (મહારાષ્ટ્ર) માં કર્યું ઉપકારી ભગવંતોના ઉપકારનો સ્વીકાર કરવો, એ ધર્મના માર્ગમાં ચાલવા માટે, આત્માના વિકાસ માટે અનિવાર્ય સદ્‌ગુણ છે. તેનું નામ કૃતજ્ઞતા છે.

પૂજ્યશ્રી જ્યાં પધારતા ત્યાં ધર્મનો ધોધ વહાવતા. વીતરાગ-વાણી દ્વારા સહુને ભીંજવતા, પંચપરમેષ્ઠિની ભક્તિથી સહુને પવિત્ર કરતા. વાતાવરણ ધર્મ-ભક્તિમય બની જતું.

દિવ્ય જીવન માટે યોગ્ય માર્ગદર્શકની ખૂબ જ જરૂર છે. નૌકાને યોગ્ય નાવિક મળે તો સહીસલામત સામે પાર પહોંચાય છે. માર્ગનું મૂલ્ય સમજાય તો ઇષ્ટ સ્થાને પહોંચવામાં મુશ્કેલી નડતી નથી. શ્રી તીર્થંકર પરમાત્માએ બતાવેલા માર્ગને બતાવનાર શ્રી ગુરુ ભગવંત છે. તેમના હાથમાં જીવન સમર્પિત કરવું એ જ આત્મકલ્યાણનો માર્ગ છે.

જમાના વાદનો ઝેરી વાયુ ફૂંકાઇ રહ્યો છે. આટ આટલા સાધન-સામગ્રી-સગવડો વચ્ચેથી માનવ ગુમ થઈ ગયો છે. ભૌતિકતા પથારો પાથરીને બેઠી છે. અહંકાર માથે ચઢી બેઠો છે. અસંતોષની

આગ જીવનમાં સળગી રહી છે. અર્થ–કામની લાલસાએ માઝા મૂકી છે. આ બધાંને મહાત કરવાની તાકાત કેવલી કથિત ધર્મ આરાધનામાં છે. એ આરાધનાનું અમૃત જ્યારે સંતપુરુષ દ્વારા સાંપડે ત્યારે માનવતા મ્હેંકી ઊઠે છે. ધાર્મિકતા ખીલી ઊઠે છે. જીવનમાં સફળતાનાં મંડાણ થાય છે.

ભૂલ્યા–ભટકચા રાહીને માર્ગ મળે છે.

એ માર્ગના દર્શક પૂજ્યશ્રીએ, જુન્નેરના શ્રાવકોને સાચા જૈન માર્ગની પિછાન કરાવી. ચોમાસું જોરદાર થયું. સુધારાવાદમાં મક્કમ રહેનારા જુન્નેરના આગેવાનોને પૂજ્યશ્રીએ પોતાની આગવી કળાથી, શ્રાવકવર્ગમાં સ્થાન પ્રાપ્ત કરાવી, અરિહંતની આરાધના અને ભક્તિ તરફ વાળ્યા.

કલ્યાણનું આયોજન :

માનવમાત્રના આત્માનું કલ્યાણ થાય, જીવનનો અભ્યુદય થાય, નીતિનું મંડાણ થાય, ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સ્થાપન થાય, એ આશયથી સકલ સંઘના હિતાર્થે–વિ. સં. ૨૦૦૦ ની સાલમાં ચૈત્ર સુદ તેરસના–શ્રમણ ભગવાન મહાવીરદેવના જન્મકલ્યાણકના શુભ દિવસે 'કલ્યાણ' નો એક ત્રિમાસિકના રૂપમાં જન્મ થયો.

સ્વ. પૂજ્ય આચાર્ય શ્રી કનકચંદ્રસૂરિ મહારાજે, સાહિત્યિક દૃષ્ટિએ, સાથ સહકાર માટે તે સમયે મુનિપદ ધરાવતા (પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબને) શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને 'કલ્યાણ' માટે લેખો લખવા ખાસ જણાવ્યું. તરત તેમણે ખૂબ જ પ્રેમપૂર્વક સ્નેહસભર અંતરથી આચાર્યશ્રીની વાતને વધાવી લીધી અને 'કલ્યાણ'ના પ્રથમ અંક પર કૃપાદૃષ્ટિ વરસાવી, 'ભવનાશિની ચાર ભાવનાઓ'નો મનનીય, ચિંતન સભર પ્રેરણાદાયી લેખ મોકલી આપ્યો. આ લેખ પૂજ્યશ્રીની પરિપકવ વિચારધારાનો તથા મૈત્ર્યાદિ ચાર ભાવનાઓમાં ભવનો નાશ કરનારી તાકાત કઈ રીતે છૂપાયેલી છે, એનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

આ પછી દિન પ્રતિદિન 'કલ્યાણ'ને સાહિત્યિક દૃષ્ટિએ સમૃદ્ધ બનાવવામાં પૂજ્યશ્રી આત્મીય ભાવપૂર્વકનો સત્કાર આપતા જ રહ્યા.

ખાસ 'કલ્યાણ' માટે ઔદાર્ય દાખવીને તેઓશ્રીએ 'મનન માધુરી'ની લેખમાળા તૈયાર કરીને મોકલાવી આપી. એ રીતે આ ત્રિમાસિકને પુષ્ટિ મળતી રહી.

માલેગામના માર્ગદર્શક મહાત્મા :

સં. ૨૦૦૦–

શ્રી નમસ્કાર મહામંત્રના કરોડો જાપના આરાધક તથા નવપદ લોગસ્સ–કાઉસ્સગ્ગમાં સદા મગ્ન રહેતા પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી યશોદેવસૂરિજી મ. તથા પ્રખર તપસ્વી મુનિશ્રી ત્રિલોચનવિજયજી મહારાજની પ્રેરણાથી માલેગામના શ્રી સંઘે–પૂ.મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને ચાતુર્માસ કરવા માટે જોરદાર વિનંતી કરી. શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી આદિ આગેવાનોએ મુનિશ્રીને સમજાવ્યા...અને ...જેમ ઘોર અંધકારમાં પ્રકાશ પાથરતો દીવડો પ્રગટ થાય, માર્ગ ભૂલેલાને કોઇ માર્ગદર્શક મળી જાય, આંખે આંધળા માણસને કોઇ સર્જન શસ્ત્ર ક્રિયા કરી, આંખથી જોતો કરી દે અને જે આનંદ થાય તેવો જ અપાર આનંદ માલેગામની ભૂમિ ઉપર છવાઈ ગયો. સંવત ૨૦૦૦ ની સાલ.

અજ્ઞાનના અંધારામાં અથડાતા, માર્ગ ભૂલીને આડે રસ્તે ચઢેલા, આંખ હોવા છતાં અંતરની આંખથી અંધ બનેલા, માલેગામમાં, મુનિવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજનાં પાવનકારી પગલાં થયાં ધરતી ધન્ય બની.

ભૌતિક સુખ પાછળ પડેલા, મિથ્યાભિમાન, મિથ્યા વર્તન અને જમાના વાદના વાયરે ચઢેલા, ધર્મ–ગુરુ માટે જેમ તેમ બોલનારા, નવી કેળવણીના નશામાં ડૂબેલા, અજ્ઞાની અને નાસ્તિક જેવા યુવાનો પોતાને પ્રગતિવાદી સુધારક અને દેશભક્ત મનાવતા એવા ગામમાં સોનાનો સૂરજ ઊગ્યો.

સાહેબજીએ ચાતુર્માસ માટે ગામમાં પ્રવેશ કર્યો. મહાત્માને જોતાં જ સહુનાં મસ્તક નમી પડ્યાં. વાતાવરણ ફરી ગયું. સહુના હૃદયમાં બહુમાનની લાગણી પેદા થઇ. મહામના આ મહાપુરુષનાં કેવળ દેહદર્શનથી જાણે ભાવમાં ભરતી ચઢી. રોજ વ્યાખ્યાન બેસે. આખું ગામ ભેગું થાય. શ્રાવક–શ્રાવિકા એક ચિત્તે સાંભળે. પ્રશ્નો પૂછે. શંકાઓ કરે. ન સમજાય તો આવેશથી પણ પૂછે.

સદ્‌ભાવનાના સાગર સમા પૂજ્ય ગુરુદેવ બધું શાંતચિત્તથી સાંભળી લે. ધીરજ ધરે. કદી ઉશ્કેરાય નહિ. ઠંડક કદી છોડે નહિ. દરેકને બોલવાની તક આપે. દરેકને સાંભળે. સાંભળી તેના વિચારો સમજી લે. કોઇનો તિરસ્કાર કરે નહિ. સહુ ઉપર સતત કરુણા અને વાત્સલ્યભાવ ટકાવી રાખે. અંદરથી સમજે કે આ જીવો અજ્ઞાન છે, સમજણ નથી, માટે આવું બોલે છે.

એક માસ વીતી ગયો, પછી ગુરુદેવે તર્કશુદ્ધ ધર્મ દેશનાનો ધોધ વહાવ્યો. તેમાં યુવકો અને સમાજના સેવકોના તમામ પ્રશ્નોના ઉકેલ આવી જવા માંડ્યા. સીધી હૃદયને અસર કરે તેવી, શાસ્ત્રીય છતાં સરળ ભાષાના શબ્દોને સહુએ હૃદયમાં ઝીલ્યા–હૈયામાં ઉતાર્યા તેમના મુખે જ તેમની ભૂલનો સ્વીકાર કરાવ્યો.

દરેકને ભાન થયું. આપણે માર્ગ જ ભૂલ્યા હતા. આત્મા શું છે? પરમાત્મા શું છે? પુણ્ય શું છે? પાપ શું છે? હેય–ઉપાદેય શું છે?

આ બધું તત્ત્વજ્ઞાન જૈન માન્યતાનુસાર સંઘને સમજાવ્યું. સાચી અરિહંત ભક્તિનો રસ જગાડયો અને દરેકના હૃદયમાં પડેલ મિથ્યાત્વને દૂર કર્યું.

ત્યાગી, નિસ્પૃહી, નિર્માની, નિર્મોહી, નિરાભિમાની, જ્ઞાની મહાત્માની વાણીની જાદુઇ અસર થઇ. પૂજ્યશ્રીની સ્ફટિક સમી સ્વચ્છ, પ્રતિમા સહુના હૃદયમાં અંકાઇ ગઇ.

ધર્મ જેવા ગહન વિષયને સીધા સાદા અને સરળ માર્મિક શબ્દોમાં અસરકારક રીતે નદીના નિર્મળ નીરની જેમ વહાવીને, આ

મહાત્માએ માલેગામના સંઘના મલિન આત્માઓને પખાળી નાખ્યા. સારી ઉજ્જડ ભૂમિને સદ્‌વિચારોના હળથી ખેડી કુવિચારોના વિચિત્ર છોડવાઓ ઉખેડીને ભૂમિ સાફ કરી. તેમાં ધર્મના વિચારોનું બીજ વાવ્યું–અને અમૃત જેવા મીઠા જળથી સિંચી, આ ભૂમિને ધર્મભૂમિ બનાવી.

ચાતુર્માસ પૂર્ણ થયું. પૂજ્ય ગુરુદેવશ્રીની પાવનકારી નિશ્રામાં માલેગામથી માંડવગઢનો છ'રી પાળતો સંઘ નીકળ્યો, જેમાં સેંકડોની સંખ્યામાં યુવકો–ભાઈ–બહેનો જોડાયાં.

વચમાં નર્મદા આવી. કિનારે એક ચોગાનમાં પડાવ નંખાયો. વ્યાખ્યાન બેઠું. નર્મદાના જળપ્રવાહ જેવો જ પૂજ્યશ્રીની વાણીનો પ્રવાહ વહેતો હતો. 'સમકિત શુદ્ધિ'ના આ નિર્મળ વાણીના પ્રભાવથી, સંઘમાં બાકી રહેલા મિથ્યાત્વે જાણે છેલ્લો શ્વાસ લીધો ... અને શ્રીસંઘ માંડવગઢના રાજીયાને ભેટવા આગળ વધ્યો.

જીવનની આ અલૌકિક ક્ષણો હતી. પાવનકારી પળો હતી. સોનેરી સમય હતો. પૂજ્ય ગુરુદેવ સાથે સહુએ માંડવગઢના દુર્ગમાં પ્રવેશ કર્યો. તીર્થપતિનાં દર્શન વંદન કર્યાં, જાત પાવન થઇ દેવ–ગુરુને નમીને–ગમીને.

માલેગામમાં ધર્મની જે જાગૃતિ આવી, ધાર્મિક પ્રવૃત્તિઓથી ગામ જે સતત જાગતું બન્યું, તેના મૂળમાં પૂજ્યશ્રીનો બીજ રૂપે થયેલો ઉપકાર જ કારણભૂત છે.

ધર્મદાતા સમકિતદાતા સદ્‌ગુરુ એવા માલેગામના આ માર્ગદર્શક મહાત્માને કેમ ભૂલાય ? સંઘ ઉપર હેતની હેલી વરસાવી. વીર વાણીના પવિત્ર પાણીમાં સ્નાન કરાવી, એ અમર બની ગયા.

હા પસ્તાવો...!

માલેગામમાં ધર્મની મહેંક ફેલાવીને પૂજ્યશ્રીએ વિહાર કર્યો; તે દરમ્યાન અમદાવાદવાળા ચિમનલાલ કડિયાના નાનાભાઇ કાન્તિલાલ કેશવલાલ કડિયાની દીક્ષા મહાસુદ ૧૪ ના રોજ અમદાવાદમાં કરવાનું નક્કી થયું.

પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજ તે સમયે દાહોદ હતા. દાહોદથી ગોધરા આવવા માટે તેમણે વિહાર કર્યો. વચમાં જંગલ આવ્યું. જંગલમાં ભીલોની વસતી હતી. વચમાં કોઈ ગામ નહિ. દાહોદ–ગોધરા એ બંને ગામોની વચ્ચેના જંગલમાં રસ્તા ઉપર એક શાળા હતી. તેમાં ભીલ લોકોનાં બાળકો ભણતાં. આ શાળાના માસ્તરમાં એક બાપ અને તેનો દીકરો કામ કરતા. બંને ભીલ હતા. તેઓ પણ ત્યાં જંગલમાં રહેતા હતા.

શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે દાહોદથી ગોધરા જવા માટે વિહાર કર્યો. સાથે ચાર સાધુ હતા. દાહોદના જૈન ભાઇઓને આ અંગે ખબર પડી, એટલે તે ભાઇઓએ મહારાજ સાહેબને વિહાર ન કરવાનું સૂચવ્યું અને જણાવ્યું.

"દાહોદથી ગુજરાતમાં જવાનું છે અને તે દિશાએ સામો કાળ આવે છે, તેથી આજનો દિવસ વિહાર કરવાનો બંધ રાખો. આવતી કાલે બાજુની દિશાએથી નીકળીને વિહાર કરજો."

સાહેબજીએ કહ્યું, "એક દિવસ પણ અમારાથી રહી શકાય તેમ નથી, કારણ કે કાન્તિભાઈની દીક્ષા નક્કી થઈ ગઇ છે; તે જ દિવસે અમો પહોંચીએ તેવો અમે વિહાર ગોઠવ્યો છે. એટલે અમો રોકાઈશું નહિ."

પૂજ્યશ્રીએ દાહોદથી વિહાર કર્યો...ગોધરા જવા માટે માર્ગ સૂનો હતો. શિયાળાનો દિવસ હતો. ઠંડી ચોમેર પડાવ નાખીને પડી હતી. સંધ્યાકાળ થવા આવ્યો. ભીલોની શાળા આવી. મહાત્માઓ ત્યાં આવી પહોંચ્યા.

દાહોદના જૈન ભાઈઓએ શાળાના શિક્ષક ઉપર પત્ર લખી આપેલો. "અમારા મહારાજ ત્યાં આવે છે. રાતવાસો રહેવાના છે. માટે શાળાના ખંડમાં એમને રહેવાની સગવડ કરી આપજો."

વિહાર કરતાં સાહેબજી શાળાના ઝાંપે આવ્યા. સાથે તે સમયે બે સાધુઓ હતા. ઝાંપો ઉઘાડ્યો. શાળાના ઓટલા સુધી પહોંચ્યા કમર છોડી. વીંટલાં, ઘડા, પાતરાં વગેરે મૂકયાં...ત્યાં શાળાના ભીલ

માસ્તરનો છોકરો આવ્યો. તેણે દારૂ પીધેલો હતો. હાથમાં લાકડી લઇ પૂજ્યશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના વાંસા પર, પગ પર, હાથ પર એમ પાંચ-છ લાકડી મારી. છોકરો જ્યારે સાહેબજીને લાકડી મારતો હતો, ત્યારે પૂજ્ય કુન્દકુન્દવિજયજી મહારાજે, પૂજ્ય ગુરુ મહારાજને બચાવવા માટે વચમાં હાથ આડા કર્યા. તેમાં તેમના જમણા હાથની ટચલી આંગળી આગળનું ટેરવું-તેનું હાડકું-લાકડી વાગવાથી તૂટી ગયું.

બન્ને મહાત્માઓ ઉઘાડા શરીરે, ખાલી ચોલપટ્ટા પહેરેલા-તે સીધા જ ઝાંપાની બહાર દોડી ગયા. ઠંડીએ માઝા મૂકી હતી. બન્ને ધ્રૂજ્યે જાય, ભયના ભર્યા સહુએ નવકાર મંત્ર જપવો શરૂ કરી દીધો.

પાછળ રહેલા બાકીના સાધુઓ, ત્યાં આવી પહોંચ્યા. તેઓ આ બધાંની પરિસ્થિતિ જોઇને મૂંઝાઇ ગયા. તે અવસરે, છોકરાનો બાપ-જે મોટો માસ્તર હતો-તે પણ દારૂના નશામાં આવી પહોંચ્યો. છોકરા કરતાં તેણે ઓછો પીધો હતો. તેણે છોકરાને પકડ્યો અને તેના હાથમાંથી લાકડી ઝૂંટવી લીધી. પછી તે ઝાંપા આગળ આવ્યો. ત્યાં ઉભેલા મહાત્માઓને કહ્યું, "અંદર આવો." આ બધા સાધુ એના કહેવાથી અંદર ગયા. તેણે શાળાનો એક ઓરડો ખોલી આપ્યો. તેમાં રેતી હતી. "અહીંઆં સૂઈ રહેજો. મુતરવા (પેશાબ કરવા) બહાર જજો. અંદર કોઈ કરતા નહિ, નહિતર હાડકાં ખોખરાં કરી નાખશું-"

પૂજ્યશ્રીએ, દાહોદના આગેવાનોએ લખી આપેલો પત્ર ભીલ માસ્તરને આપ્યો. તે ભાનમાં હોવાથી તેણે પત્ર વાંચ્યો, ખૂબ ગભરાયો. મનમાં વિચાર્યું કે "હવે આપણું આવી બન્યું."

મહારાજ સાહેબને પગે પડ્યો, માફી માગી.

મહાત્માઓ ઓરડામાં ગયા. પ્રતિક્રમણ કર્યું. સંથારા પોરસી ભણાવી. સંથારો પાથરીને સહુ સૂઈ ગયા.

બ્રાહ્મમુહૂર્તે ઊઠી ગયા. પ્રતિક્રમણ કરી વિહાર કરી દીધો. ગોધરાના રસ્તે આગળ વધ્યા, રસ્તો લાંબો હતો. લગભગ બપોરના બાર વાગે, ગોધરા આવી પહોંચ્યા. અહીંના જૈન ભાઇઓને બનેલા બનાવની ખબર પડી. એકદમ ડોકટર–હકીમને બોલાવ્યા. સાહેબજીના વાંસામાં સોજો થઇ ગયો હતો. જ્યાં માર પડેલો ત્યાં દવા–વગેરેનો ઉપચાર કર્યો. કુન્દકુન્દવિજય મહારાજની ટચલી આંગળીનું હાડકું બેસાડયું. પાટો બાંધ્યો.

ગોધરાનો સંઘ ભેગો થયો. સંઘે આ ભીલ માસ્તર ઉપર પગલાં ભરવાનો વિચાર કર્યો. પૂજ્યશ્રીએ ચોકખી ના પાડી, "તે લોકોનો જરાય વાંક નથી, વાંક અમારો છે...અમે એમની આજ્ઞા લીધા વિના ઝાંપો ઉઘાડીને દાખલ થયા. અમારો આચાર છે, કોઇ પણ ઠેકાણે...કોઇ પણ મકાનમાં ઉતરવું હોય તો તેના વહીવટકર્તા કે માલિકની રજા લઇને જ ઉતરીએ..."

આ બાજુ અમદાવાદમાં આ વાતની ખબર પડી. સેંકડો માણસો અમદાવાદથી મોટર મારફતે ગોધરા જવા દોડ્યાં.

મહારાજ સાહેબની તબિયત જોઈ તે બધા રોષે ભરાઇ ગયા. પગલાં લેવાનું નક્કી કર્યું પણ સાહેબજીએ સાફ જણાવ્યું કે, "એ લોકો પર કૈં જ કરવાનું નથી. જે કૈં કરવું હોય તે અમને કરો."

સાંજના ગોધરાથી અમદાવાદ તરફ વિહાર કરી દીધો...અને બરાબર દીક્ષાના દિવસે ૨૦૦૧ના મહા સુદ ચઉદશે, હઠીભાઇની વાડીમાં દીક્ષા સમયે આવી પહોંચ્યા. તરત જ દીક્ષાની વિધિ શરૂ કરી દીધી.

શ્રી કાન્તિભાઈ કડિયાને નામ મળ્યું, મુનિશ્રી કલ્યાણપ્રભવિજય.

સંવત ૨૦૦૧નું ચાતુર્માસ, વડીલ ગુરુઓની આજ્ઞાથી, પોતાની જન્મભૂમિ અને ધર્મભૂમિ એવા પાટણના ફોફલિયાવાડામાં કર્યું.

ફોફલિયાવાડામાં ચબૂતરો છે. અહીં દાણા નાખવામાં આવે છે. આ દાણા કબૂતરો ચણે, સાથમાં ત્યાં રહેતાં કૂતરાં પણ ગેલ કરે. આ કૂતરાં કબૂતરને પકડે નહિ, તે આશ્ચર્ય સાચે જ જોવામાં

આવતું. અહિંસાના સંસ્કારથી વાસિત જિનેશ્વર પરમાત્માના ધર્મથી સુવાસિત તેવી આ ભૂમિનો પ્રભાવ હતો. જે ફોફલિયાવાડામાં આવી અમી હતી, ત્યાં પૂજ્યશ્રીનાં પગલાં થયાં અને સર્વત્ર આનંદ છવાઈ ગયો. આ ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રીને પ્રેરણા થઈ : એકાંતમાં વિશિષ્ટ આરાધના કરવી. શિષ્યોનો પૂરો ભાવ હતો. સાથ હતો. તેથી પોતાની તે ભાવનાને સફળ કરવા, શુભ દિવસે બોરસણ ગામે પ્રસ્થાન કર્યું. ત્યાં જઈને નિશ્ચિત કરેલી આરાધનાનો આરંભ કર્યો. આત્મલક્ષી મહાત્માઓના અંતરાત્માનું માપ કોણ કાઢી શકે ? મૌન અને એકાંત દ્વારા સાધ્યને સિદ્ધ કરવાની સાધના વેગ પકડી રહી હતી, તે સાથે સંયમ જીવનની શુદ્ધિ માટે સદા સજાગ રહેતા પૂજ્યશ્રી શુદ્ધ આહાર માટે પૂરતી તકેદારી રાખતા. આહાર તેવો ઓડકાર. વિશુદ્ધ આરાધનામાં, શુદ્ધ ખોરાક ખૂબ જ સહાયક બને છે અને ધારેલું પરિણામ પામવામાં મદદ કરે છે. તે રીતે પૂજ્યશ્રી ૧ી ગોચરી બે માઈલ દૂર પાટણથી જે મુનિઓ લાવતા, તે પોતે વાપરતા અને આરાધનામાં મસ્ત રહેતા. આરાધના પૂર્ણ કરીને, પોતે પાટણ ફોફલિયાવાડામાં પુનઃ પધાર્યા.

સં ૨૦૦૨નું પણ ચાતુર્માસ પૂજ્ય ગુરુઓની આજ્ઞાથી નગીનદાસ મંડપ પાટણમાં જ નક્કી થયું. ત્યાં પણ સુંદર આરાધનાથી વાતાવરણ ભર્યું ભાદર્યું બની ગયું.

પાટણમાં સુંદર ધર્મ પ્રભાવના કરીને પૂજ્યશ્રીએ સં. ૨૦૦૩ ના શિયાળામાં શ્રી શત્રુંજય ગિરિરાજ તરફ વિહાર કર્યો.

જેના પરમાણુ પરમાત્મભાવથી ભરેલા છે, જ્યાં અલૌકિક આધ્યાત્મિકતા જીવંત છે, જેના કાંકરે કાંકરે અનંતા સિદ્ધો સિદ્ધિગતિને પામ્યા છે, જેની સ્પર્શના જન્મ-જરા-મરણની જંજાળને તોડવા સમર્થ છે, અરે ! ખુદ શ્રી સીમંધરસ્વામીએ જેને 'ત્રણ ભુવનમાં નહીં કોઇ શત્રુંજા તોલે રે.....'કહીને બિરદાવ્યું છે, તેવા આ મહાતીર્થના મહિમાને કોણ વર્ણવી શકે ?

શુભ દિવસે પૂજ્યશ્રીએ પાલીતાણામાં પ્રવેશ કર્યો. દિવસ સફળ થયો. મહાપુણ્યે ગિરિરાજની યાત્રાનો અવસર મળ્યો. અલખ–અગોચર એવા જગતારક જિનરાજ શ્રી શત્રુંજય તીર્થાધિપતિ આદીશ્વર દાદાનાં દર્શન કરતાં, ભવયાત્રાનો અંત આવતાં સહજ થતા આનંદ જેવો સહજાનંદ સ્પર્શી ગયો.

પાલીતાણામાં પૂજ્ય ગુરુદેવોની આજ્ઞાથી તથા અન્ય આરાધકોની વિનંતીથી ૨૦૦૩ નું તથા ૨૦૦૪ નું પૂજ્યશ્રીનું ચોમાસું પોતાના વડીલો સાથે પાલીતાણામાં થયું.

સં. ૨૦૦૫ નું ચાતુર્માસ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ સાહેબની નિશ્રામાં જ્ઞાનમંદિર અમદાવાદમાં કર્યું. વડીલોની કૃપા પામેલા પૂજ્યશ્રી ઉપર વ્યાખ્યાનની જવાબદારી હતી. કોઈપણ પ્રકારની ઉત્કંઠા કે આકાંક્ષા વિનાના પૂજ્યશ્રી એકાંતે અનુગ્રહ બુદ્ધિથી વ્યાખ્યાન આપતા. મૈત્રી અને નવકારમય વાતાવરણમાં અનુષ્ઠાનો દ્વારા સવિશેષ જાગૃતિ આવી. ચાતુર્માસ પૂર્ણ થતાં પૂજ્યપાદ આચાર્યદેવશ્રી સાથે તેઓશ્રીએ પાલીતાણા તરફ વિહાર કર્યો.

પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા પરમ પૂજ્ય વ્યાખ્યાનવાચસ્પતિ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાળ મુનિ સમુદાય સાથે વિ. સં. ૨૦૦૬ નું પૂજ્યશ્રીનું ચાતુર્માસ પાલીતાણામાં થયું.

પંન્યાસપદ :

સં. ૨૦૦૬ માં પંન્યાસપદ માટે પૂજ્યશ્રીને પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ આજ્ઞા કરી. પોતે નિઃસ્પૃહતા બતાવી. છતાં આગ્રહ થયો ત્યારેત્યારે તેઓશ્રીએ વિનંતી કરી : "તબિયત બરોબર નથી, તેથી મારાથી તે બની શકે તેમ નથી."

ત્યારે પૂ. આચાર્ય ભગવંતે કહ્યું : "તમારા માટે એક ખાસ વૈદ્યની જોગવાઈ કરવામાં આવશે, તે તમારી કાળજી રાખશે. તમારે જોગ કરવાના છે." પૂજ્યશ્રીએ આ આજ્ઞા ન છૂટકે દુઃખતા હૃદયે વધાવી લીધી, જોગમાં પ્રવેશ કર્યો.

પરિપક્વ ફળ જેમ ધ્યાન ખેંચે, તેમ પરિપક્વ સાધના પણ છાની ન રહે.

મુમુક્ષુઓને માર્ગદર્શન, આત્મચિંતન, સ્વોપકારને મૂળ બનાવીને પાંગરતી પરોપકારની વડલા જેવી વૃત્તિ, પ્રવૃત્તિ, પ્રસિદ્ધિના પડછાયાથી દૂર રહેવાની અલિપ્તતા આદિ વિરલ ગુણોના યોગે સંવત ૨૦૦૭ માં– ત્રૈલોક્યતિલક–શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદીશ્વર ભગવાનની છાયામાં–

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની તથા પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. આદિ વિશાળ મુનિગણની પાવનકારી નિશ્રામાં,
પાલીતાણા ખાતે–મહા સુદ ૧૨ ના દિને એમના શિરે પંન્યાસપદનો અભિષેક કરાયો. પદ–પ્રતિષ્ઠાની એ ઘડી–પળ ખરેખર બડભાગી હશે!

"પૂજ્ય પંન્યાસજી મહારાજ" ના ટૂંકા છતાં હુલામણા નામથી તેઓ જૈન–સંઘમાં જાણીતા અને માણીતા બન્યા. આ વિશિષ્ટ પ્રતિષ્ઠાને તેઓ નિષ્ઠાપૂર્વક જાળવી શક્યા. પંન્યાસપદે પૂજ્યશ્રીને ગૌરવ અપાવ્યું, તેમ કહેવા કરતાં, તેમણે પંન્યાસપદને પોતાના વ્યક્તિત્વ અને કૃતિત્વથી વધુ ગૌરવાન્વિત કર્યું, એમ કહેવું વધુ વ્યાજબી લાગશે.

સં. ૨૦૦૭ નું ચાતુર્માસ સુરત ખાતે ગોપીપુરામાં થયું. આ ચાતુર્માસ દરમિયાન તેઓશ્રીના પ્રથમ શિષ્ય પૂજ્ય મુનિશ્રી હર્ષવિજય મહારાજનું, ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમપૂર્વક ૧૦૦ ઓળીનું પારણું થયું.

આ ચાતુર્માસ તપસ્વી ચાતુર્માસ તરીકે પંકાઈ ગયું. જપ નવકારનો, તપ આયંબીલનો અને ખપ બ્રહ્મચર્યનો પૂજ્યશ્રીનાં ત્રણ સૂત્રો અહીં ખૂબજ ખપમાં લાગ્યાં. નવકારનો અજબ અને અદ્ભુત જાપ થયો.

આયંબીલના વર્ધમાનતપની ઓળીના સાધુમહાત્માઓ હતા, તેમાં સર્વ પ્રથમ ૧૦૦ ઓળીના આરાધક, પરમ ગુરુભક્ત પરમ વૈયાવચ્ચ પૂજ્યશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી હર્ષવિજયજી મહારાજ

હતા. તેમનું આ ચાતુર્માસમાં પારણું થયું. તેઓ સુરતના મૂળ વતની હતા. ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિની અનુમોદનાર્થે દરેક મહાત્માઓએ ઓળી કરેલી, આ બધા મહાત્માઓનું પારણું પણ એ જ દિવસે હતું. શિષ્ય પ્રત્યેની કૃપા દૃષ્ટિવાળા પૂજ્યશ્રીએ પણ ૫૧ મી ઓળી કરીને તપની સાચી અનુમોદના કરેલી. આ એક અનેરો પ્રસંગ કહેવાય.

પૂજ્યશ્રીએ સુરતવાસીઓના હૃદયમાં નવકાર મંત્રનાં એવાં મૂળ નાખ્યાં કે જેથી અનેકોને નવકારની અદ્ભુત અનુભૂતિઓ થતી.

પૂજ્ય ગુરુદેવોની આજ્ઞાથી અને શ્રી સિનોરસંઘની વિનંતીથી સં. ૨૦૦૮ ના ચાતુર્માસાર્થે પૂજ્યશ્રીનો વિહાર સિનોર તરફ થયો. પૂજ્યશ્રીની આ વિશેષતા હતી કે ચાતુર્માસ પૂર્ણ થાય એટલે લગભગ પ્રથમ મુહૂર્તે વિહાર કરતા અને નાનામાં નાના ગામોમાં સ્થિરતા કરવાપૂર્વક જિજ્ઞાસુ જીવોને તૃપ્ત કરતા વિચરતા. જેથી સ્વ-પર ઉપકારક એવા વિહારો તથા અનુભવોથી પૂજ્યશ્રીનું સંયમ જીવન કંઈક અદ્ભુત છાપ પાડતું.

૨૦૦૮ ના ચાતુર્માસ પહેલાં સિનોર પહોંચવાનું થયું તેમાં એક પ્રસંગ બન્યો.

પૂજ્ય પંન્યાસજી મહારાજ સિનોરમાં બિરાજમાન હતા, તે સમયે પંજાબકેસરી પૂ. આચાર્ય ભગવંત શ્રી વલ્લભસૂરિ મહારાજ પધારવાના હતા. સંઘના ભાઇઓમાં મતભેદ ઊભો થયો, તે બધા આવ્યા પૂ. પંન્યાસજી મહારાજ પાસે. વંદન કરી, હાથ જોડી બોલ્યા;

"શું સામૈયું કરીએ, મહારાજ આપણા નથી." આ સાંભળતાં જ પંન્યાસજી મહારાજે કહ્યું;

"સામૈયું તો આચાર્ય મહારાજનું જોરદાર થવું જ જોઈએ. તેઓ પણ શાસનપ્રભાવક છે, મહાન બ્રહ્મચારી છે. પંજાબની રૂપ રમણીઓ વચ્ચે તેઓશ્રીનું બ્રહ્મચર્ય ગજબનું છે."

પૂજ્યશ્રીના શબ્દો સ્વીકારીને સિનોરના સંઘે પૂ. આચાર્ય મહારાજનું જોરદાર સામૈયું કર્યું. પૂજ્ય પંન્યાસજી મહારાજ પણ સામે ગયા. બંને મહાત્માઓએ એક જ પાટ ઉપરથી વ્યાખ્યાનો કર્યાં. પૂજ્યશ્રીના હૃદયની વિશાળતા દાદ ન દે તેવી હતી.

આજે પણ પૂ. આચાર્ય ભગવંત શ્રી વલ્લભસૂરિ-સમુદાયના સાધુઓ આ પ્રસંગને યાદ કરે છે.

આ પ્રસંગ બનતાં, અહીંના શ્રીસંઘને પૂજ્ય પંન્યાસજી મહારાજની સરળતા અને નિરાભિમાનતાનાં દર્શન થયાં. શ્રીસંઘે પૂજ્યશ્રીનું અનેરા આદર-બહુમાન-ભક્તિપૂર્વક ચાતુર્માસ કરાવ્યું.

પૂજ્ય પંન્યાસજી મહારાજે આત્મસાત્ કરેલા મૈત્र્યાદિ ભાવો તથા ઔચિત્યાદિ ગુણો નજરે નિહાળ્યા. એમના એક એક વચનની કિંમત થવા લાગી, પરિણામે શ્રીસંઘમાં શાન્તિનું અનેરું વાતાવરણ સર્જાયું, જે સિનોરનો સંઘ હજી પણ ભૂલી શકયો નથી.

એ રીતે સં. ૨૦૦૮નું ચાતુર્માસ સિનોરમાં કર્યું. ત્યાંથી વિચરતા પૂજ્યશ્રી પાસે લાલબાગ મુંબઈના ઉપાશ્રયના આગેવાનો, પૂજ્ય ગુરુભગવંતોનો આજ્ઞા પત્ર લઈને આવ્યા અને ચોમાસું પધારવાની વિનંતી કરી. તેઓશ્રીએ લાલબાગમાં ચોમાસું કરવાની સંમતિ આપી... અને વિહાર મુંબઈ તરફ શરૂ થયો.

વિહારમાં બે મહાત્માઓ ડામરની સડક પર ચાલતા હતા, તે જોઈને પૂજ્યશ્રીએ ટકોર કરી, "ઉઘાડા પગે, ડામરની સડક પર ચાલવાથી, પગનાં તળિયાં ઘસાય છે. તેની માઠી અસર એ તળિયાના જીવંત કોષો ઉપર થાય છે અને તે ઠેઠ બ્રહ્મરન્ધ્ર સુધી ફેલાઈને, ધારણા તેમજ ધ્યાન શક્તિને મંદ પાડી દે છે. માટે અપવાદ રૂપ સંયોગમાં જ ડામરની સડક પર ચાલવું."

આટ આટલાં-આ કાળનાં-વાહન વ્યવહાર વચ્ચે પણ 'વિહાર' એ જૈન શાસનની વિશિષ્ટતા છે. વિહાર કરતાં પૂજ્યશ્રીએ જણાવ્યું: પ્રતિકૂળતાને સમભાવે સહન કરવાની ઉત્તમ સગવડ સાધુઓને વિહાર દરમિયાન વધુ પ્રમાણમાં થાય છે. તેનાથી કર્મ-નિર્જરા

થાય છે. જુદા જુદા ગામોના સંઘોનો પરિચય તથા અભ્યાસ થાય છે. અન્ય આનુષંગિક બાબતો જાણવા મળે છે. શ્રી જિનોપદેશની પ્રભાવનાની ઉત્તમ તક મળે છે. વિહારમાં રહેતી પ્રતિકૂળતાઓને ઘટાડીને, સાનુકૂળતા ઊભી કરવા માટેની સૂચના કરવાથી, સાધુતાનું તેજ ઝાંખુ પડે છે. સાધુના પગલે જંગલમાં મંગલ સર્જાય છે.

આ ન્યાયને સાચો ઠેરવતો પૂજ્યશ્રીનો વિહાર, નવકારના સ્મરણ સાથે વધવા માંડ્યો.

પૂજ્ય પંન્યાસજી મહારાજનાં પાવનકારી પગલાં મુંબઈમાં થયાં. મોહમયીનગરીમાં ન આવવાની ઈચ્છા છતાં, પૂજ્યોની આજ્ઞાને શિરોમાન્ય કરનારા પૂજ્યશ્રી પધારી ચૂકયા. પરાઓમાં તેઓશ્રીના આગમનના સમાચારથી દરેક ઉપાશ્રયમાં આનંદ આનંદ વર્તાયો.

મોહમયીનગરીમાં પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ ઠીક ઠીક ચમકી રહ્યો. આરાધનાનાં અજવાળાં પાથરતાં ધાર્મિક પ્રવચનો થઈ રહ્યાં. તે સમયે બીજા ક્ષેત્રોમાં પોતાના લઘુબંધુ મુનિશ્રી મુક્તિવિજયજીનાં પણ જોરદાર પ્રવચન થતાં હતાં. તેઓ પણ એક પ્રભાવક મુનિવર હતા. પરંતુ તેમની પાસે વિશેષ શિષ્ય પરિવાર ન હતો. ફક્ત એક જ શિષ્ય હતા.

ચાતુર્માસની એમના માટે જોરદાર વિનંતીઓ આવી. પરંતુ સાધુ સંખ્યા ન હોવાથી, સમસ્યા ઊભી હતી.

પૂજ્યશ્રીએ તેમને કહ્યું, "હે મુક્તિવિજયજી! આ વખતે કનકપ્રભવિજયજીનું ચાતુર્માસ તમારી સાથે થાય, જેથી તેમને પણ લાભ થાય."

આ સાંભળતાં જ મુક્તિવિજયજી તો દંગ થઈ ગયા. આ રીતે સહકારની ઉત્કટ ભાવના ધરાવીને પૂજ્યશ્રી અનેકોને સહાય કરતા.

શુભ મુહૂર્તે લાલબાગમાં ૨૦૦૯ ના ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. આ ચાતુર્માસમાં શિષ્યો ને જિજ્ઞાસુ શ્રાવકોને વાચનાઓ દ્વારા સાહેબજીએ તત્ત્વથી તરબોળ કર્યા.

અહીં એક પ્રસંગ બની ગયો, જે પૂજ્યશ્રીની નિઃસ્પૃહતાનો ઉદ્યોતક છે.

અધ્યાત્મ જીવનમાં ઓતપ્રોત એવા પંન્યાસજી મહારાજ પાસે એક વ્યક્તિ આવી. રાજકારણમાં તે આગળ પડતો ભાગ ભજવતી હતી. પૂજ્યશ્રીને તે કહેવા લાગી, "આપ રજા આપો તો મોરારજી દેસાઇને આપની પાસે લઈ આવું. મારે એમની સાથે સારો પરિચય છે."

મોરારજી દેસાઇ તે સમયે મુંબઇ રાજ્યના મંત્રી હતા. પૂજ્યશ્રીએ પેલી વ્યક્તિને કહ્યું, "મારા કરતાં એમની તર્કશક્તિ અને બોલવા ચાલવાની ચાતુરી ઘણી વધારે છે. માટે એમને બોલાવવાની કોઇ જરૂર નથી. હાં...,... એક વાત છે...કોઇ વાર તેઓ મૂંઝવણમાં મૂકાઈ જાય, ત્યારે આધ્યાત્મિક–માર્ગદર્શનની અનિવાર્ય આવશ્યકતાથી વિવશ થઇને પૂછે કે આટલામાં એવા કોઈ સંત–સાધુ છે, જે મારી મૂંઝવણ દૂર કરી શકે? ત્યારે તમે મોરારજીભાઇને જરૂર લાવી શકો છો. આવા અવસરે જ હું એમની પર કાંઇક ઉપકાર કરી શકીશ. બાકી તો એમને અત્યારે લઇ આવો એનો કોઇ અર્થ નથી."

સાંભળનાર પૂજ્યશ્રીની નિઃસ્પૃહતાથી નીતરતી દિવ્યદૃષ્ટિ તરફ નમી રહ્યો.

ચાતુર્માસ પૂર્ણ થતાં ફરી પરાંઓમાં વિહાર થતો હતો. પૂજ્યોની આજ્ઞાથી ૨૦૧૦ ના ચાતુર્માસ મુંબઇ ફોર્ટ માટે જય બોલાઈ. ત્યાં કોણે કોણે જવું તેની ગોઠવણી કરતાં, પૂજ્યશ્રીએ તપમાં મહાત્માઓને જાગૃત રહેવા જણાવ્યું.

तपः तनोति तेजांसि ।

તપથી તેજ વધે છે.

પૂજ્ય શ્રી કહેતા, "Fast of the body is the feast of the Soul." તપ આત્માનું પોષણ છે. અનાદિ કાળનાં આત્માને લાગેલાં ચીકણાં કર્મોની નિર્જરા કરવા તથા કર્મોની હોળી કરવા, જૈનશાસનમાં તપના ગુણ ખૂબ ગવાયા છે. તપના પ્રભાવે અનેક લબ્ધિઓ આવી મળે છે. તપએ તો સાધુ જીવનનો શણગાર છે. પ્રાણ છે સંયમ જીવનની સુવાસ છે.

પૂજ્યશ્રી કહેતા કે જેના જીવનમાં તપ પ્રવેશ્યો તેના જીવનમાં નક્કર ધર્મ આવ્યો. તપ પ્રત્યે તેઓશ્રીને અપાર પ્રેમ હતો. 'આયંબીલનો તપ' એ તો એમનું મનમાન્યું સૂત્ર હતું. તે ખૂબ જ પ્રસિદ્ધિ પામેલું.

મુંબઇ જેવી નગરીમાં પૂજ્યશ્રીનું ચાતુર્માસ કોટમાં થવાનું હતું. પૂજ્યશ્રીની પાવનકારી નિશ્રામાં ઘણા સાધુઓને ચાતુર્માસ રહેવાની ઇચ્છા થતી, ત્યારે તેઓ કહેતા;

"જે રોજ એકાસણાં કરશે, તે અહીં રહી શકશે...બીજાઓને સાયન વગેરે સ્થળે જાવું પડશે." આ સાંભળીને કોઇ એક નિકટવર્તી સાધુએ પાસે આવીને પૂછયું,

"સાહેબજી! હું શું કરું?"

પૂજ્યશ્રીએ જણાવ્યું,

"નવકારશી કરવી હોય તો સાયન જવું પડશે."

આમ તપ પ્રત્યેના પ્રેમને વધારવા કચારેક કચારેક આવી યુક્તિનો પ્રયોગ કરી લેતા અને સાધુ જીવનના પ્રાણ-ત્રાણ રૂપ તપનું અમી સિંચન કરતા.

સં-૨૦૧૦ ના શુભ મુહૂર્તે કોટમાં ચાતુર્માસ પ્રવેશ થયો, આ ચાતુર્માસ અનેક વિશેષતાઓથી અંકિત બન્યું.

એક દિવસ તેમની પાસે એક પ્રેસ-રિપોર્ટર આવ્યો. તેણે કહ્યું, "હું ઘણા મુનિ ભગવંતોના ચાતુર્માસના અહેવાલો દૈનિક-પેપર્સમાં પ્રગટ કરું છું. તેનો મહિને લગભગ પચાસ રૂપિયાનો ચાર્જ લઉં છું"

પંન્યાસજી મહારાજે આ સાંભળીને કહ્યું,

"આ રીતેય તમે સાધુના પરિચયમાં આવો છો, તો કચારેક તમને આધ્યાત્મિક લાભ થશે. મહિનાના પચાસ રૂપિયા લેખે હું તમને ચાર મહિનાના રૂા. ૨૫૧ અપાવી દેવા તૈયાર છું. પણ એક શરત છે કે મારો કોઈ અહેવાલ છાપામાં પ્રગટ ન થવો જોઇએ."

જે જમાનામાં નામ માટે પડાપડી થતી હોય, ત્યાં પ્રશંસાથી પર રહેવાની પૂજ્યશ્રીની મનોવૃત્તિ જોઇને પ્રેસ-રિપોર્ટર આશ્ચર્ય અનુભવી રહ્યો...! એને થયું કે કેવી આ અધ્યાત્મ નિષ્ઠા...! કેવી આ વિરલ-વિભૂતિ...!

બીજો એક પ્રસંગ—

એક કરોડપતિ, પોતાના દીકરાના વર્તનથી દુઃખી હતા. દીકરાને લઇને તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા અને બોલ્યા, "મારો આ દીકરો સાવ નાસ્તિક જેવો છે. આપ એને કંઇક સમજાવો."

ત્યારે પંન્યાસજી મહારાજે કહ્યું, "આ દુનિયામાં આજે કેટલા બધા માણસો માંસાહાર સુધી પહોંચી ગયા છે. એમાં કોઇ જૈનોય હશે! એની અપેક્ષાએ તો તમારો દીકરો ઘણો સારો છે. થોડુંક સમજશે, તો રાત્રી ભોજન આદિ છોડી દેશે."

આ સાંભળતાં દીકરાના દિલમાં પૂજ્યશ્રી પ્રત્યે અનોખું આકર્ષણ જાગ્યું. દિલની વાત કરવા એણે હૈયું ખોલ્યું, "સાહેબજી! જુઓને.... આ ન કરવું, આમ ન કરવું. આવી નેગેટીવ વાતો સાંભળવી મને ગમતી નથી. આપ કાંઇક પોઝિટીવ બતાવો તો મારા દોષ ચાલ્યા જાય."

જવાબમાં ખૂબ જ વાત્સલ્યપૂર્વક પૂજ્યશ્રીએ જણાવ્યું, "તારા પિતાજીને તારી તરફ કેટલી બધી લાગણી છે, તે તું જો...દુભાતા દિલે એ તારી ફરિયાદ કરે છે. તું બિયાસણું કરતો થઈ જા, તો આ બધું એની મેળે છૂટી જાય અને આત્મચિંતન કરવા માટે તને ઠીક ઠીક સમય મળે."

દીકરાના ગળે આ વાત ઊતરી ગઇ. બિયાસણાં કરવા લાગ્યો અને બિયાસણામાંથી અંતે તે એકાસણા સુધી પહોંચ્યો. એક નામાંકિત લેખક બન્યો અને અધ્યાત્મ વિષયનાં એણે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં.

આવી તો કેટલીય વિશિષ્ટતાઓથી ભરેલું આ ચાતુર્માસ પૂર્ણ થયું. મુંબઇના સંઘોમાં, પૂજ્યશ્રીની, પૂજ્યશ્રીના આધ્યાત્મિક જીવનની

એવી છાપ પડી હતી કે જેથી સળંગ ત્રીજા ચાતુર્માસ માટે મુંબઈના શ્રીસંઘે પૂજ્ય આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજને પૂજ્ય પંન્યાસજી મહારાજ માટે વિનંતી કરી.

સંયમ રક્ષા માટેની જાગૃતિઃ–

પૂજ્યશ્રીને કોટથી વિહાર કરી, વડાલા જવું હતું સાથે એક મુનિ પણ હતા.

ઇર્યાસમિતિના ઉપયોગપૂર્વક પૂજ્યશ્રી આગળ વધી રહ્યા હતા. અચાનક રસ્તામાં વિહારની વાટે વર્ષા શરૂ થઇ. વિરાધનાના ભયથી બચવા માટે પૂજ્યશ્રી તરત જ રસ્તાની એક દુકાનના છજા નીચે જતા રહ્યા. અડધો કલાક રોકાયા. વરસાદ બંધ પડ્યો.

સાથે રહેલા મુનિ ભગવંતે કહ્યું, ' સાહેબ વરસાદ બંધ થઇ ગયો છે, આપની આજ્ઞા હોય તો આગળ ચાલીએ."

પૂજ્યશ્રીએ સ્નેહપૂર્ણ શબ્દોમાં કહ્યું, "ભાઈ હમણા જ વરસાદ બંધ થઇ ગયો છે.

વરસાદનું સચિત પાણી વિખરાયેલું પડયું છે. આ તો રાજ-માર્ગ છે. લોકો આવ-જા કરે છે. દશ મિનિટ બાદ લોકોની અવર જવરથી આ પાણી (પ્રાયઃ) અચિત થઈ જશે પછી ચાલશું."

આ સાંભળતાં સાથેના સાધુ દિગ્મૂઢ થઈ ગયા. પૂજ્યશ્રીની જીવરક્ષા માટેની–સંયમ રક્ષા માટેની આવી સાવધાની જોઇ અનુ-મોદના કરતાં થોડી વાર પછી આગળ વધ્યા.

સં. ૨૦૧૧ ઓરીવલી આદિ વિસ્તારોમાં વિચરતા પૂજ્યશ્રીએ ૨૦૧૧ ના ચાતુર્માસ માટે અંધેરીમાં પ્રવેશ કર્યો.

પ્રથમ ચાતુર્માસના પૂજ્યશ્રીના પ્રવચનોના અમીપાનથી અતૃપ્ત રહેલા શ્રાવકોએ આ ચાતુર્માસમાં જિન–પ્રવચનની તૃપ્તિ અનુભવવા માટે પૂરો લાભ લીધો. તેની સાક્ષી સંઘસમુદાયથી ઉભરાતો વ્યાખ્યાન હોલ પૂરી પાડતો.

કોઈ પણ આગ્રહ વિનાનાં અને આરાધનાનું અમૃત પૂરું પાડતાં, આરાધનાની મહત્તા ગાતાં વ્યાખ્યાનો ચાતુર્માસમાં થતાં તે પૂજ્યશ્રીની વિશિષ્ટતાઓ હતી.

અંધેરી સંઘના પુણ્યોદયે, આ ચાતુર્માસમાં નમસ્કાર મહામંત્રનું ૧ લાખ નવકારનું, ૨૦ દિવસનાં ખીરનાં એકાસણાંવાળું સર્વ પ્રથમ અનુષ્ઠાન થયું. તેમાં મહામાંગલિક રૂપ ૧૦૮ આરાધકોની સંખ્યા હતી.

જાપ માટે સુંદર સ્થાન, એકાંતથી ઓપતું ભોંયરું શોભતું હતું. નીરવ શાંતિમાં, કોઈ પણ જાતની ખલેલ વિના, ખૂબ એકાગ્રતાપૂર્વક જાપ થતો. જાપને પૂજ્ય ગુરુદેવના અનુભવો અને ચિંતનો દ્વારા વ્યાખ્યાનોમાં મળતી સમજણની સુગંધ સમર્પિત થતી. આનંદ અનુભવ બની રહેતો. આરાધકના આત્માને પંચપરમેષ્ઠિનો અનુગ્રહ પમાડતો અને આંતર શુદ્ધિ દ્વારા આત્માની સમીપ પહોંચાડતો.

આ અનુષ્ઠાન અનેકોને પ્રેરણા રૂપ બન્યું. જીવનમાં પરિવર્તન આણનારું નીવડ્યું. ચાતુર્માસ પૂર્ણ થયું.

સાધુ તો વહેતા ભલા... એ ન્યાયે પૂજ્યશ્રીએ વિહાર કર્યો. મુરબાડ-પુના આદિ સ્થળોમાં વિચરતાં, પૂજ્ય વડીલ ગુરુ ભગવંતોની આજ્ઞા તથા શ્રી સાયન સંઘની વિનંતીથી મુંબઈ પધાર્યા...અને

સં. ૨૦૧૨નું ચાતુર્માસ સાયન થયું.

આ ચોમાસામાં તેઓશ્રીએ પોતાના શિષ્યરત્નને મુનિકુંદકુંદ-વિજયજી મહારાજને વ્યાખ્યાનમાં બેસાડ્યા, જે પોતાની કૃપાદૃષ્ટિથી અષાઢી મેઘની જેમ વરસ્યા. સંસારના શોક સંતપ્ત આત્માને શીતળ કર્યા. હૃદયના પ્રત્યેક તારને હલાવી નાખે તેવાં શ્રી નવકાર ઉપર વ્યાખ્યાનો થયાં, જે ગુરુ કૃપાથી જ શક્ય હતાં.

અહીં પણ ૨૦ દિવસનાં અનુષ્ઠાનો થયાં. નવકારના ૬૮ અક્ષરોના ૬૮ આરાધકો હતા. આ અનુષ્ઠાનની સિદ્ધિ રૂપે હજુ પણ સાયનમાં અખંડ જાપ ચાલે છે.

આ અનુષ્ઠાનોમાં આત્માની અનાદિ કાળની મોહનિદ્રાને ઉડાડી મૂકે તેવાં પૂ. પંન્યાસજી મહારાજનાં પ્રેરક પ્રવચન થતાં.

નવકાર મહામંત્ર એ ત્રિલોકમાં સારભૂત છે. ત્રણ જગતમાં અનુપમ છે. સર્વ પાપનો નાશ કરનાર છે. વિષય-કષાયરૂપ સંસારનો ઉચ્છેદ કરનાર છે. કર્મના કલંકને નિવારનાર છે. સિદ્ધિને પ્રાપ્ત કરાવનાર છે. શિવ સુખનું કારણ છે.

જેના હૈયે છે નવકાર, તેને શું કરે સંસાર. નવકાર એ પુણ્યની માતા છે. મા પુણ્યનું પોષણ કરે છે. પાપનું શોષણ કરે છે. ભૂતકાળના પાપ વિલીન થાય છે. કમલ વનમાં હંસ જેમ વિસામો લે, તેમ આ જીવ રૂપી હંસ માના ખોળે વિસામો લે છે.

અનાદિ કાળથી આ જીવ વિષય તૃષ્ણાની તરસથી તરસ્યો છે. કષાયના તાપથી તપેલો છે. કર્મરૂપી કાદવથી કલંકિત છે. રાગથી રંગીન, દ્વેષથી દૂષિત અને મોહથી મૂઢ એવો આ જીવ માની ગોદમાં જતાં, ખોળે ખેલતાં અનુપમ શાંતિનો-વિશ્રાંતિનો અનુભવ કરે છે.

નવકારને પંચમંગલ મહાશ્રુતસ્કંધ કહેવાય છે. તે બધા શ્રુતોમાં વ્યાપેલું છે. ગમે તે શબ્દ બોલવા માટે બાવન અક્ષરની જરૂર પડે છે. સંસારનો વ્યવહાર અને મોક્ષનો માર્ગ બધું જ બાવન અક્ષરથી ચાલે છે.

પ્રભુનું શાસન એ નંદનવન છે. તેમાં ઉત્પન્ન થયેલા તે કલ્પવૃક્ષ જેવા છે. નવકારને ગણનાર દીન ન હોય, પ્રભુની ઓળખાણ થતાંની સાથે જ બધી દીનતા ચાલી જાય છે.

પ્રભુ એટલે અનંત સામર્થ્યવાન-અનંત વીર્યવાન. આત્મા અનંત સામર્થ્યનો ભંડાર છે, એવી સમજણ નવકારથી પ્રાપ્ત થાય છે.

મણિરત્નમાં ધનનાં રોગ હણવાની શક્તિ છે. ઔષધિમાં તનના રોગ હરવાની શક્તિ છે. નવકારમાં મનના રોગ મટાડવાની શક્તિ છે. શરીરના રોગ તો રૂંવાટે રૂંવાટે છે, પણ મનના રોગ તો અસંખ્ય-છે. મન મજ્યું છે તે નવકારનો જાપ કરવા, નહિ કે બીજી-ત્રીજી ચિંતા કરવા.

નવકારની ગજબની તાકાત છે. પંચ પરમેષ્ઠિમાં એકલો મોક્ષ આપવાની શક્તિ નથી, પણ જગતની ગમતી બધી જ વસ્તુઓ આપવાની તાકાત છે.

પરમેષ્ઠિ સાથે 'નમો' પદ લગાડીએ છીએ, તે બોલવા માટે નહિ પણ નમવા માટે છે, નમવા જ નહિ, પણ પરિણમવા માટે છે, પરમેષ્ઠિ પ્રત્યે પ્રેમ ઉપજાવવા માટે છે. ત્રણે જગતનું યોગ-ક્ષેમ કરવાની શક્તિ પરમેષ્ઠિમાં છે, તે સદ્ભહવા માટે છે.

બધામાં શક્તિ છે. અન્નમાં ભૂખ ભાંગવાની શક્તિ છે. કપડામાં લાજ ઢાંકવાની શક્તિ છે. મકાનમાં ટાઢ-તડકા નસાડવાની શક્તિ છે. તો પંચપરમેષ્ઠિમાં કોઈ શક્તિ છે ?

એક બાજુ સાપના ઝૂંડ હોય અને બીજી બાજુ મયૂરનું એક પિચ્છ હોય,

એક બાજુ હાથીનાં ટોળાં હોય, બીજી બાજુ સિંહનું એક બચ્ચું હોય,

એક બાજુ લાખમણ લાકડાં હોય, બીજી બાજુ અગ્નિનો એક કણિયો હોય,

કોનું બળ વધે ?

નવકાર સૂત્રથી નાનો છે, પણ અર્થથી મહાન છે. અગ્નિના નાના કણમાં પણ સો મણ લાકડાં બાળવાની તાકાત ક્યાંથી ? સ્વભાવથી.

વસ્તુનો સ્વભાવ તે જ ધર્મ.

પંચ પરમેષ્ઠિ નવકાર મંત્રની પ્રતિજ્ઞા છે કે જે કોઈ મારું સ્મરણ કરે, તેના પાપનો નાશ હું કરું અને જો નાશ ન કરું તો મારું નામ નવકાર નહિ.

પંચ પરમેષ્ઠિમાં બધું જ આવી જાય છે. બધા ધર્મોનો સંગ્રહ નમસ્કાર મહામંત્રમાં છે. જે વસ્તુ હિતકર છે, કલ્યાણકર છે, તે વસ્તુ પરમેષ્ઠિ પાસે માગો યા ન માગો તો પણ પ્રાપ્ત કરાવી આપે છે.

અરિહંતનું ધ્યાન એવી બળવાન વસ્તુ છે કે જેનાથી જગતમાં કોઈ વસ્તુ અપ્રાપ્ય નથી. એક સતી સ્ત્રી પતિની દાસી બને, મિત્ર બને અને નર્સ બને, તેમ એક અરિહંત પરમાત્મા માતાનું પિતાનું, મિત્રનું, બંધુનું, સ્વામીનું, ગુરુનું બધાંનું કાર્ય કરે છે. અરિહંત પરમાત્મા પ્રત્યે નાથપણાની, તારકપણાની, સર્વસ્વપણાની બુદ્ધિ કરવી જોઈએ.

ધન યૌવન અને સ્વજનમાંથી ચાર ગતિ પ્રાપ્ત થાય છે. આ ચારની મમતામાં દુઃખ જ વધવાનું છે. પ્રતિક્ષણ પૂરણ–ગલનના સ્વભાવ વાળું શરીર અસ્થિર અને અશાશ્વત છે. સ્વજનો પણ એક સરખા રહેતા નથી. યૌવન–ધન પણ ક્ષણિક વસ્તુઓ છે. જ્યારે વીતરાગનું શાસન મળવા છતાંય આપણે તો ચાર ગતિના મુસાફર જ રહ્યા.

ચારગતિ નિવારવા આત્મા અને પરમાત્મા ઉપર ભક્તિભાવ જોઈએ. આત્માના ચાર ગુણ–જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપવાળું જીવન જોઈએ. જ્ઞાનની આરાધનાથી શ્રદ્ધા બેસે છે, આત્માના ગુણો ઉપર. આત્મા અવિનાશી છે, એવો વિશ્વાસ થાય છે.

'નમો અરિહંતાણું' વ્યવહારથી પરમાત્મા છે. પણ નિશ્ચયથી હું એટલે આત્મા અરિહંત છું. નિશ્ચયથી આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્રવાળો છે. આત્મા, પંચ પરમેષ્ઠિમાં છે. ત્રણ ભુવનનો માલિક આત્મા છે, પણ જ્ઞાન નથી.

નમો બોલતાં સંસારનો અટકાવ થયો. અરિહંતાણું બોલવાથી મારું સ્વરૂપ અરિહંત છે, તે ભાન થાય છે.

રત્નનો દાબડો જેમ તિજોરીમાં હોય છે, તેમ નવકારમંત્રને પણ આત્માની તિજોરીમાં, વિચારમાં, શ્રદ્ધામાં રાખવાનો છે. નવકારથી મમતારૂપી ડાકણ ભાગી જાય છે. સમતારૂપી પટરાણી આવે છે. સ્વાર્થ ભાવ નષ્ટ થાય છે, પરોપકાર ભાવ પુષ્ટ થાય છે. જે આત્માને પરમાતમ પદ પર સ્થાપે છે.

આવાં ટંકશાળી વચનોનું અમૃત પૂજ્યશ્રીએ આ ચોમાસામાં પુણ્યશાળીઓને પાયું.

મુંબઈના આ ઉપનગરને લોકો શિવ કહે છે. એટલે અહીં વસનારા તમને જીવના શિવ સ્વરૂપનું ધ્યાન વધુ રહેવું જોઈએ. અશિવ-સ્વરૂપનું ધ્યાન, એ તો માછલાનું ધ્યાન કરતા, બગલાના ધ્યાન જેવું ભયાનક છે. આ આત્મા શિવંકર છે, મંગલકર છે. એ સત્યને અસ્થિમજ્જાવત્ બનાવવા માટે શ્રી નવપદજીની ભાવથી આરાધના કરવાની છે.

આત્માના સ્વભાવમાં રુચિ અને પ્રીતિ શ્રી નવકારને સેવવાથી જાગે છે. શ્રી નવપદની ભક્તિથી એ પ્રગટે છે.

પરિણામે મુંબઈના આ ઉપનગરમાં તપ-જપ-સ્વાધ્યાયનું પાવનકારી વાતાવરણ નિર્માણ થયું.

વિહારપૂર્વે પૂજ્યશ્રીએ ફરી એકવાર ભાવિક શ્રોતાઓને જણાવ્યું: ધર્મ પુરુષાર્થ વધારવો જોઈએ. સ્વભાવને નમવાની, વિભાવને નમાવવાની શ્રેષ્ઠ જે આધ્યાત્મિક પ્રક્રિયા પ્રત્યેક ધર્મક્રિયામાં રહેલી છે, તેનો પૂરો લાભ લેવો જોઈએ.

દેવ-ગુરુને આપણે જે ખમાસમણું દઈએ છીએ, તેમાં પણ આવી શક્તિ રહેલી છે. શ્રીકૃષ્ણ-વાસુદેવ સાધુ ભગવંતોને ખમાસમણાં દઈને કેટલો મોટો આત્મલાભ પામ્યા, તે તો તમે જાણો જ છો!

યોગ્યને નમવામાં નાનપ સમજવી, તે મોટાઈનું લક્ષણ નથી, પણ માનસિક નબળાઈ અને તુચ્છ અહંકાર છે. મન મળ્યા પછી તેનો ઉપયોગ અયોગ્યને નમવામાં થાય છે, તો ભવાંતરમાં મનની વિશિષ્ટ શક્તિથી રહિત તિર્યંચાદિના ભવોમાં ભટકવું પડે છે, માટે શાસ્ત્રો ફરમાવે છે કે, મન વચન કાયાપૂર્વક ધર્મને આરાધો.

માળા ગણતાં મન બીજે જતું રહે છે એવી જે ફરિયાદ તમે કરો છો, તેનું નિવારણ શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોના અસીમ ઉપકારોનું સતત ચિંતન મનન કરવાથી થશે. તેવા પરમેષ્ઠિ ભગવંતો પૈકી એક શ્રી મહાવીરસ્વામી પરમાત્માના ઉપકારો ઉપર બરાબર ચિંતન કરતા થઈએ, તો પણ જીવન ધન્ય બની જાય, ભવ સુધરી જાય.

પવિત્ર આ પાટ ઉપર બેસીને અમે વ્યાખ્યાન આપી શકીએ છીએ, તે ઉપકાર શ્રી મહાવીરસ્વામી પરમાત્માનો છે. એટલે મેં કોના-કોના ઉપર ઉપકારો કર્યા, તેનું ચિંતન છોડીને કોણે કોણે મારી ઉપર ઉપકાર કર્યા, તેનું ચિંતન કરવું જોઈએ. પરને ઉપકારી સમજવાનું જે તત્ત્વ પરમાત્મા મહાવીરદેવે શિખવ્યું છે, તેનો અમલ કરશું તો જ સાચું આત્મભાન થશે, તે પછી નવકાર ગણતાં મન બીજે નહિ જાય, તેની હું ખાતરી આપું છું.

ગ્રીષ્મના આકરા તાપે તપેલી ધરતીને, અષાઢનો મેઘ જેમ ઠારે, તૃપ્ત કરે, તેમ વિષય કષાયના આકરા તાપથી તપેલા તન, મન, વાળા અનેક ભાઈ-બહેનોને શ્રી જિનવાણીનું અમૃત આકંઠ પાઇને પૂજ્યશ્રીએ ઠાર્યા.

મુંબઇની મોહમયી આભા સામે અધ્યાત્મની અદ્‌ભુત આભા ઊભી કરીને તેઓશ્રીએ પ્રભુના એક સાધુના સામર્થ્યની સહુને પ્રતીતિ કરાવી.

ચોમાસા બાદ બેડાવાળા શ્રી હિંમતભાઇએ શંખેશ્વર ઉપધાન તપની મંગલમય આરાધના કરાવવા માટે પંન્યાસજી મહારાજને આગ્રહભરી વિનંતી કરી. તેથી અને મોહથી સદા દૂર રહેવાની ભાવનાવાળા પૂજ્યશ્રીએ મોહમયી નગરીની અંતિમ વિદાય લીધી.

૨૦૧૩માં શંખેશ્વર પ્રતિ પ્રસ્થાન કર્યું. વચમાં ખંભાત આવ્યું. તીર્થનાં દર્શન કર્યાં. પૂજ્ય આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજને મળ્યા. પંન્યાસજી મહારાજને જોતાં પૂ. આચાર્યદેવ બોલી ઊઠ્યા,

"ગુણાનુરાગની મૂર્તિ આજે પધારેલ છે."

વિના ઉપધાન, નહિ ઉદ્ધાર :

આજથી લગભગ ૪૦ વર્ષ પૂર્વે શંખેશ્વરની પ્રસિદ્ધિનું પ્રમાણ અલ્પ હતું. યાત્રાળુઓ આવતા, પણ તે નહિ જેવી સંખ્યામાં.

શંખેશ્વરજીમાં પૂજ્ય પંન્યાસજી મહારાજે પોતાનાં પુનિત પગલાં માંડ્યાં અને આ તીર્થની કાયાપલટ થઈ ગઈ

પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં ૨૦૧૩ની સાલમાં શ્રેષ્ઠિવર્ય હિંમતભાઈ રૂગનાથજી બેડાવાળા તરફથી ઉપધાન-તપની વિશાળ પાયા પર આરાધના થઈ.

શ્રી ગુરુની સમીપ રહીને, ધારણ કરવાની ક્રિયાને ઉપધાન કહેવાય છે. પરિપૂર્ણ ધર્મ-આરાધવા માટે ઉપધાન છે. આત્મા કર્મવશ છે. કર્મની જડતાનો છેદ કરવા, સુખના ભંડાર એવા આત્માનું જ્ઞાન અને ભાન કરવા ઉપધાનની આરાધના છે.

કહેવાયું છે કે,

દુષ્કર્મૌઘવિનાશકં સુરૂચિરં ભવ્યૈઃ સદા સેવિતં
સંસારામ્બુધિસંપ્રતારણતરી, દુર્વાસનાદાહકમ્ ।
સૂત્રાણામધિકારદાનકુશલં ધ્યાન પ્રદીપં શુભં
સેવ્યં શ્રી ઉપધાનસંજ્ઞકતપઃ તીર્થંકરૈર્ભાષિતમ્ ॥

શ્રી તીર્થંકર પરમાત્માએ કથન કરેલ શ્રી ઉપધાન તપ દુષ્કર્મનો વિનાશ કરનાર છે. ભવ્ય જીવોથી સદા સેવિત છે. સંસાર સાગર તરવા નૌકા સમાન છે. દુર્વાસનાને બાળવા અગ્નિ સમાન છે.

– શ્રી વીતરાગ ભાષિત સૂત્રના અધિકારને અર્પણ કરવામાં કુશળ છે. નિર્મળ ધ્યાનરૂપ દીપક સમા શ્રી ઉપધાન તપ ભવ્ય જીવોને સદા સેવનીય છે.

ઉપધાનના છ વિભાગ છે, તપદિન પ્રમાણ.

પ્રથમ ઉપધાન– પંચમંગલ મહાશ્રુતસ્કંધ, (નવકાર)
દિવસ–૧૮.

બીજું ઉપધાન– પ્રતિક્રમણ શ્રુતસ્કંધ. (ઇરિયાવહી તસ્સઉત્તરી)
દિવસ–૧૮.

ત્રીજું ઉપધાન– શક્રસ્તવાધ્યયન, (નમુત્થુણં)
દિવસ–૩૫.

ચોથું ઉપધાન– ચૈત્યસ્તવાધ્યયન.
(અરિહંત ચેઈયાણું, અન્નત્થ ઊસસિએણું)
દિવસ–૪.

પાંચમું ઉપધાન–નામસ્તવાધ્યયન. (લોગસ્સ)
દિવસ–૨૮.

છટ્ઠું ઉપધાન– શ્રુતસ્તવ સિદ્ધ સ્તવાધ્યયન.
(પુક્ખરવર અને સિદ્ધાણું બુદ્ધાણું)
દિવસ–૭.

શ્રી ઉપધાન તપમાં આરાધકે વિશિષ્ટ આરાધના કરવાની હોય છે, તેમાં એક લાખ નવકાર મહામંત્રનો જાપ, સાત હજાર લોગસ્સનો કાઉસ્સગ્ગ, ચાર હજાર–સાતસો ખમાસમણાં, પંદરસો શક્રસ્તવ પાઠ અને ૪૭ દિવસ અખંડ અહોરાત્ર પૌષધ કરવાના હોય છે.

તેમાં શ્રી વીતરાગદેવની આજ્ઞાનું પાલન, ગણધર રચિત સૂત્ર પઠનની યોગ્યતા, શ્રુતજ્ઞાનની ઉપાસના, ચારિત્રધર્મની આરાધનાનો સ્વાદ અને તપોધર્મની અપૂર્વ સાધના કરવાની હોય છે.

રોજની ક્રિયામાં સો લોગસ્સનો કાઉસ્સગ્ગ અને રોજ સો ખમાસમણાં દેવાનાં હોય છે. ઉપવાસ વિગેરેની મહાન તપશ્ચર્યા સાથે, ગુરુનિશ્રાએ વાચના વિગેરેની પ્રાપ્તિ, ઉપરાંત પ્રવચન શ્રવણ, પડિલેહણ વિગેરે ક્રિયાઓમાં જાત જોડવાની હોય છે.

ઉપધાનની આ બધી ક્રિયા, અમૃતમય બની, પૂજ્ય પંન્યાસજી મહારાજની પાવનકારી નિશ્રામાં. તે વખતે, આ ઉપધાનમાં રૂપિયા ત્રીસ હજાર ખરચવાની હિંમતભાઈને ભાવના હતી. પરંતુ ગુરુદેવની ભાવના એ હતી કે આ અનુષ્ઠાનમાં જે કોઈ આવે, તેને ના ન પાડવી. આ જ ભાવના હિંમતભાઈના હૈયે રમી રહી હતી. તેનો સુમેળ થતાં, ૪૦૦ આરાધકો થયા. હિંમતભાઈએ ચઢતા પરિણામે

ઉપધાન કરાવ્યાં, તેમાં તે સમયે રૂપિયા સિત્તેર હજારનો ખર્ચ આવ્યો. જે તેમની મૂડીના પ્રમાણમાં વધારે હતો. છતાં તેનો વિચાર પણ કર્યો નહિ.

હિંમતભાઇ પોતે ઉપધાનમાં જોડાયા. ખૂબ જ ભાવપૂર્વક વિધિપૂર્વક પૂજ્યશ્રીની નિશ્રામાં આરાધના કરી અને વ્યવસ્થાની બધી જ બાબત એક બીજી વ્યક્તિને સોંપી દીધી. તેમાં જરાપણ પાછું વાળીને જોયું નહિ, ત્યારે પૂજ્ય પંન્યાસજી મહારાજના હૃદયમાંથી આ વિરલ વ્યક્તિ માટે શબ્દો નીકળી પડ્યા,

" આ તો દાનશૂર છે. "

જે ખરેખર હજી પણ અનુભવાય છે.

છેવટે મુક્તિરૂપી કન્યાની વરમાળા જેવી, પુણ્યનું આકર્ષણ કરતી, ગુણરત્નોથી ગૂંથાયેલ તેવી માળારોપણ પ્રસંગ આવ્યો. આ મંગલમય પ્રસંગ, કર્મસાહિત્ય નિપુણમતિ પૂ. આ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરિ મહારાજની નિશ્રામાં ઉજવાયો. ત્યારથી શંખેશ્વરજી તીર્થનો મહિમા વધ્યો. તેના પ્રભાવમાં અનેરો વધારો થતો જ ગયો. એ વૃદ્ધિ તો આજે પરાકાષ્ટાએ પહોંચી છે.

જૂના આરાધકો અને ત્યાંના કાર્યકરો આજે પણ વખતો વખત તે પ્રસંગને યાદ કરે છે.

શંખેશ્વરજી ઉપધાન તપનો પ્રસંગ પૂર્ણ કરી, પૂ. પંન્યાસજી મહારાજ પાટણ પધાર્યા. શિષ્યોનું અધ્યયન-અધ્યાપન કાર્ય ચાલુ હતું.

ત્યાં કચ્છના ભુજપુરનો શ્રીસંઘ, પૂ. આ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા લઇને આવ્યો : " ચાતુર્માસ માટે પધારવાનું છે. "

વડીલોની આજ્ઞા શિરોમાન્ય કરી, વિહાર આદર્યો. રાધનપુર પધાર્યા. થોડા દિવસ સ્થિરતા કરી, કચ્છ તરફ વિહાર કર્યો.

એક દિવસ સાંજના વિહાર હતો. ડામરની સડક હતી. રસ્તા પરનો ડામર પીગળી ગયેા હતો. તેમાં એક સાપ ફસાયેલેા હતો. છૂટવા માટે તરફડિયાં મારતેા, પૂજ્યશ્રીએ જોયેા. દયાળુ દિલના દાનેશ્વરી દીનબંધુ એવા ગુરુદેવથી આ દૃશ્ય જોવાયું નહિ. તરત જ સાથેના એક શ્રાવકને નવકાર સંભળાવવા જણાવ્યું. શ્રાવકે નવકાર સંભળાવ્યેા. પેાતે પણ નવકાર બેાલતા હતા.

'न च धर्मो दया परः ।' દયાથી બીજો કેાઇ શ્રેષ્ઠ ધર્મ નથી. હૃદયમાં જીવ પ્રત્યે દયા હતી. કરુણાભાવ હતેા.

આ શુભભાવના અને નવકાર મહામંત્રના પ્રભાવે તરત જ એ સાપ છૂટેા થઈને, સડસડાટ કરતેા, પેાતાનાં સ્થાન પર ચાલ્યેા ગયેા. આ જીવને બચાવવાનેા, તેનેા ઉદ્ધાર કરવાનેા આત્મિક સંતેાષ સાહેબજીમાં સમાતેા ન હતેા.

કચ્છની ધરા :

કચ્છની પવિત્ર ધરા ઉપર સર્વ પ્રથમ યાત્રાઓ કરતાં કરતાં પદાર્પણ કર્યું. પ્રાચીન તીર્થોથી મંડિત આ ભૂમિમાં પંન્યાસજી મહારાજે પરમાત્મ ભક્તિનેા અનેરેા આહ્લાદ અનુભવ્યેા. આ અનુભવમાં તરબેાળ બનેલા પૂજ્યશ્રીએ ૨૦૧૩ નું ચાતુર્માસ ભુજપુર કર્યું.

અંતરમાં વાગેાળાતાં તત્ત્વેાને વધુ આત્મસ્થ કરવા, પરમાત્મ ભક્તિ, નવકાર મહામંત્ર તથા જીવમૈત્રીનેા સમન્વય કરતાં. પ્રવચનેા દ્વારા કચ્છની ભદ્રિક પ્રજાને સાચા તત્ત્વની જાણ કરાવી. સ્થાનકવાસીઓના મનમાં રહેલ પરમાત્મ પ્રત્યેનેા અણગમેા દૂર કર્યો.

એક વખત મૂર્તિમાં અશ્રદ્ધા ધરાવતા એક હિન્દુભાઇ સાહેબજી પાસે આવ્યા અને કહેવા લાગ્યા :

" અમારામાં મૂર્તિનેા નિષેધ છે. न तस्य प्रतिमास्ति, તેની– ઇશ્વરની પ્રતિમા નથી. આવું વાકય છે અને આપ તેા મૂર્તિનું પ્રતિપાદન કરેા છેા ? "

જવાબમાં પૂજ્યશ્રીએ કહ્યું,: "આ વાકય બરાબર છે. આમાં જ મૂર્તિની સિદ્ધિ છે. તમે જરા સંધિ કરવામાં ભૂલ્યા છો.

"નતસ્ય પ્રતિમાસ્તિ" આમ સંધિ કરો, તો એમાંથી એવો અર્થ નીકળશે–

'જે નમેલો છે તે નત છે, જેનામાં ભક્તિ ભરેલી છે, એના માટે જ ઈશ્વરની પ્રતિમા છે. નમનાર જ પ્રતિમા દ્વારા ઇશ્વરનું સાન્નિધ્ય પામી શકે છે.

સાહેબજીની સમજાવવાની આ કળા–કુશળતા જોઇ, પેલી હિન્દુ વ્યક્તિ મૂર્તિની મહત્તા સ્વીકારતી થઇ ગઇ.

પંન્યાસજી મહારાજનાં પુનિત પગલાં કચ્છની ભૂમિને પાવન કરી રહ્યાં હતાં. સાહેબજી એક શહેરમાં બિરાજમાન હતા. વીતરાગ પરમાત્માની વાણી પૂજ્યશ્રીના પ્રવચન દ્વારા વહેતી. સાંભળનારનાં હૈયાની ધરતીને ભીંજવતી. અને જીવનમાં અજબ–ગજબનું પરિવર્તન કરતી...

એક દિવસ પ્રવચન સમયે, કચ્છમાં ખ્યાતનામ પામેલ એક પંડિતજી ત્યાં હાજર હતા. તેમને પૂજ્યશ્રીના પ્રવચનની પ્રસાદી કાંઇક નવીન લાગી. તેથી ભરસભામાં તેમણે આક્ષેપ કર્યો, "આપ જે બોલો છો, તે મને લાગે છે કે, ઘરનું બોલી રહ્યા છો, કોઇ શાસ્ત્રનો આધાર હોય તો હું જોવા માગું છું..."

પૂજ્યશ્રી સમતાભાવે મૌન રહ્યા. પ્રવચન પૂરું થયું. પછી પેલા પંડિતજીને તેમણે કહ્યું, "અમુક ગ્રંથ વાંચીને પછી મારી પાસે આવવાનું રાખશો તો, આ વિષય પર વિચારણા કરવાની મઝા રહેશે."

પંડિતજી ઘેર ગયા. ગ્રંથ વાંચવા માંડ્યો. જેમ જેમ વાચન આગળ વધતું ગયું, તેમ તેમ પૂજ્યશ્રીની પ્રવચન પ્રસાદીની શાસ્ત્ર–આધારતા સમજાતી ગઈ. સાથે સાથે પૂજ્યશ્રીની શાંતિશીલતાનો વધુને વધુ ખ્યાલ આવતો ગયો.

સાંજે જ તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા. રડતી આંખે બોલ્યા, "હું આપની ક્ષમા ચાહું છું. સાથે એ પણ જાણવા માગું છું કે આપે પ્રવચન સમયે જ, જાહેરમાં આ શાસ્ત્રાધારતા કેમ ન જણાવી ?"

જવાબમાં પૂજ્યશ્રીએ જણાવ્યું, "કેટલીક વાર અગ્નિને ઠારવા પાણી નાંખવામાં આવે તો તે પેટ્રોલ બનીને અગ્નિને વધારવામાં સહાયક થતું લાગે છે. માટે થોડી ધીરજ ધરવી જરૂરી ગણાય છે. અગ્નિ થોડો શાંત થાય પછી પાણી નાખવાથી એ તરત જ શમી જાય છે.

મને એમ સવારે લાગ્યું કે અત્યારે તમને શાસ્ત્ર પાઠો બતાવવામાં મઝા નથી. તેથી મેં મૌન રહેવું, વ્યાજબી માન્યું.

આ સાંભળતાં જ પંડિતજીનાં આંસુ ઘેરાં બન્યાં. હૈયું નિર્મળ થયું. તેઓ પૂજ્યશ્રીના ચરણમાં ઝૂકી પડ્યા અને તેમના ભક્ત બની ગયા.

બીજે દિવસે એ પ્રવચન સભામાં ઊભા થઈને એમણે ગઈકાલના પોતાના અપરાધની–અવિનયની જાહેરમાં માફી માગી.

આ ચાતુર્માસમાં ૨૦ દિવસનાં અનુષ્ઠાનપૂર્વક ખીરનાં એકાસણાંની આરાધના કરાવી. ચાતુર્માસ પૂર્ણ થતાં જેઠમલજી કે જેઓ પૂ. મુનિશ્રી જિનસેનવિજયજી મહારાજનો દીક્ષા પ્રસંગ પતાવીને, પૂજ્યશ્રીએ ગુજરાત તરફ વિહાર કર્યો. પૂર્વાચાર્યોની આજ્ઞા અનુસાર શકય જીવન જીવવાની ભાવનાવાળા તેઓશ્રી વિહાર પણ એ જ રીતે જ કરી રહ્યા હતા. ત્યાં પૂ. આચાર્યદેવેશ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો પત્ર લઈને નવાડીસા શ્રી સંઘ આવ્યો. ગુરુઆજ્ઞા શિરોમાન્ય કરતાં પૂજ્યશ્રીએ જય બોલાવી અને શુભમુહૂર્તે ૨૦૧૪ના ચાતુર્માસ માટે નવાડીસામાં પ્રવેશ થયો.

સં–૨૦૧૪ :

સૂર્યના પગલે પ્રકાશ પથરાય, તેમ સાધુના પગલે ધર્મની સુવાસ ફેલાય.

નવાડીસામાં જૈનોનો વસવાટ ધીમે ધીમે વધી રહ્યો હતો. ભાવિકો પ્રાયઃ આ પ્રથમ ચાતુર્માસ કરાવતા હતા. તેથી અને ધર્મના વિશેષ સંસ્કારોના અભાવે, પૂજ્યશ્રી ઉપર મહત્ત્વની જવાબદારી હતી. વીતરાગ શાસનના સફળ સુકાની પૂજ્યશ્રીએ ખૂબ જ વાત્સલ્ય-પૂર્વક, અનુગ્રહ બુદ્ધિથી, ધર્મ સંસ્કારના સિંચનનું કાર્ય કર્યું. એનાં મૂળ ઊંડાં નંખાયાં અને અનેક ભાવિકો ધર્મ માર્ગમાં જોડાયા. ત્યાર બાદ સતત આજ દિન સુધી ચાતુર્માસો થયાં છે. અહીં પણ ૨૦ દિવસનાં એકાસણાં અને જાપનું અનુષ્ઠાન ખૂબ જ ઉમંગ ઉલ્લાસના વાતાવરણમાં થયું.

સં-૨૦૧૫ :

પૂજ્યોની આજ્ઞાથી ૨૦૧૫નું ચાતુર્માસ જામનગર થયું. જામ-નગર શહેરની શોભા છે તેનાં મનોહર મંદિરોથી ભવ્ય જિનાલયોથી આરાધનાનાં પવિત્ર સ્થાનોથી.

આત્માના ઘડતરનાં સર્વોત્તમ કેન્દ્રો સમાં ચોકનાં દહેરાં ખૂબ જ જાણીતાં છે. દિગ્વિજય પ્લોટમાં આવેલું જિનાલય પણ ભવ્ય છે. આરાધનાની આબોહવાને અનુકૂળ છે. ઉપાશ્રયો મોટા છે.

પૂ. પંન્યાસજી મહારાજનાં જામનગરમાં પગલાં થવાથી ધર્મ આરાધનાની મોસમ શરૂ થઈ.

ચાતુર્માસ, ચાંદી બજાર પાઠશાળાના વિશાળ હોલમાં થયું અને ૨૦ દિવસની એકાસણાની આરાધના દિગ્વિજય પ્લોટમાં શાંતિભુવનના ઉપાશ્રયમાં થઈ. જામનગરના ચોમાસા બાદ પૂજ્યશ્રી પોતાના શિષ્યો સાથે હાલારનાં ગામડાઓમાં વિચર્યા.

હાલાર....!

હાલારના જૈન એટલે નામથી જૈન. ધર્મની સમજ, ખૂબ અલ્પ. નવકાર શું ? ભગવાન શું ? સાધુ મહારાજ શું ? વિગેરેની સૂઝબૂઝ મળે નહિ. અજાણ એવી આ પ્રજામાં કંઈક જાગૃતિ અને

જાણકારી આવે માટે મુંબઇથી હાલારના વતની ધર્મના જાણકાર આગેવાનો, પચ્ચીસ જેટલા ભાવિકો, પૂજ્યશ્રી સાથે, હાલારનાં મુખ્ય મુખ્ય ગામોમાં વિહાર કરીને રહેતા. તેથી ગામડાઓમાં ધર્મની હવા ઊભી થઈ. નવકારની જાણકારી મળી. સાધુ મહારાજની સેવા ફળી અને ધર્મનો પ્રકાશ પથરાવાનાં મંડાણ થયાં. તેના પ્રતાપે પૂ. પંન્યાસજી મહારાજ હાલારના દીપક તરીકે પંકાયા.

પૂજ્યશ્રી હાલારની પ્રજા ઉપર અમૃત વર્ષા કરી રહ્યા હતા ત્યારે શ્રેષ્ઠિવર્ય શ્રી હીરાલાલ મણિલાલ તથા ખેડા શ્રી સંઘના આગેવાન શ્રી હિંમતલાલ વનેચંદ આદિએ પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતી કરી. તેથી શંખેશ્વરજી મહાતીર્થમાં શ્રાદ્ધવર્ય શ્રેષ્ઠિ શ્રી હીરાલાલ મણિલાલ તરફથી, મુંબઈ નવપદ આરાધક સમાજ તરફથી ઓળી તથા ૨૦ દિવસનું નમસ્કાર મહામંત્રના ૧ લાખના જાપનું ભવ્ય અનુષ્ઠાન થયું.

શ્રાદ્ધવર્ય શ્રી હીરાલાલભાઇએ આ અનુષ્ઠાનમાં પરમ પૂજ્ય પંન્યાસજી મ.ની પ્રેરણા મુજબ અજબ ઉદારતા બતાવી. જે તે સમયે તેમના સંયોગો મુજબ વિશેષ હતી. લાભ મળ્યાનો આનંદ એમના હૈયે સમાતો ન હતો અને અનુમોદના એટલી જોરદાર હતી કે જે ખરેખર પુણ્યાનુબંધી પુણ્ય બંધાઈ ગઈ.

શંખેશ્વરથી પૂજ્યશ્રીએ પિંડવાડા તરફ વિહાર કર્યો. પિંડવાડા વૈશાખ માસમાં પ્રતિષ્ઠા હતી ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ આદિ ૧૧૬ સાધુ ભગવંતો તથા ચતુર્વિધ સંઘની નિશ્રામાં ભવ્ય અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ ચાલતો હતો, ત્યાં પધાર્યા. ત્યાંથી પૂ. પંન્યાસજી મહારાજ તથા શિષ્યાદિએ ખેડા તરફ વિહાર કર્યો. ભવ્ય સામૈયાપૂર્વક શ્રી સંઘે પ્રવેશ કરાવ્યો અને સં. ૨૦૧૬ના ચાતુર્માસ માટે ખેડા બડભાગી બન્યું.

શુદ્ધ વાતાવરણ, આકર્ષક જિનાલય, ધાર્મિક સંસ્થાઓથી સમૃદ્ધ, પુણ્યાત્માઓથી વસતું, ભક્તિભાવથી ભરેલું, ખેડા નાનકડું ગામ છે. પુરુષોના ઉપાશ્રયની બરાબર સામે, દહેરાસર આવેલું છે.

પૂજ્યશ્રીએ પોતાનું આસન દહેરાસર સન્મુખ રાખ્યું પૂજ્યશ્રીની ભક્તિનો વધુ લાભ લેવાના આશયથી મુંબઈ, એંગલોર વગેરે સ્થળે ધંધાર્થે રહેતાં કુટુંબો, પણ ચોમાસામાં બેડા આવી પહોંચ્યાં. ગામમાં દિવાળી જેવું વાતાવરણ સર્જાયું. અપાર વાત્સલ્ય માણતા બેડાના ભાગ્યશાળીઓએ પૂજ્યશ્રીની નિશ્રાનો શ્રેષ્ઠ લાભ લીધો.

આ ચાતુર્માસમાં સંઘમાં ખૂબ સુંદર આરાધના તપશ્ચર્યા થઈ.

આ ગામમાં જૂનાં તડાં હતાં. સહુને ભેગા કરવા, ઝઘડો પતાવવા ઘણી મહેનત કરી, પણ વ્યર્થ. છેવટે આસો મહિને ૬૦૦ આરાધકોનાં ઉપધાન થયાં.

ઉપધાન તપની માળા વખતે પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની હાજરીમાં પતાવટ કરવાની વાત આવી. આચાર્ય મહારાજને તે સોંપવામાં આવી. રાત્રે ચર્ચામાં એક વાગ્યો. થોડા યુવાનો અકળાયા. બોલ્યા : "અમારે ચૂકાદો મંજૂર નથી."

ત્યારે દયાના દરિયા, સમતાના સાગર પણ વડીલોના ભક્ત એવા પંન્યાસજી મહારાજે કહ્યું : "પૂજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજ કે જેઓને હિન્દુસ્તાનના સમસ્ત જૈનો માને છે, સંઘ ચાહે છે, તેઓશ્રીની વાત તમો નહિ માનો તો તમોને પંચ તરીકે કોણ માનશે ?"

એમ કહીને એવા સમજાવ્યા કે સહુ ઠંડા થઈ ગયા.

પછી "પૂજ્ય આચાર્ય મહારાજ જે કહે તે પ્રમાણ." એવું કહીને સભા પૂર્ણ થઈ અને પૂ. આચાર્ય મહારાજનો ફેંસલો સ્વીકૃત થયો. જે મારવાડ અને બેડા માટે એક મહત્ત્વનો નિર્ણય કહેવાય.

ચોમાસું પૂર્ણ થતાં, શ્રી પૂનમચંદજી ગોમાજી તરફથી, બેડાથી રાણકપુરનો છ "રી" પાળતો સંઘ નીકળ્યો.

તીર્થના માર્ગે અને તીર્થભૂમિએ છ "રી" નું પાલન કરવાના યોગે આત્મા પોતાની તીર્થયાત્રાને મહાફલવતી બનાવી શકે છે.

તીર્થની વિધિપૂર્વક યાત્રા કરતાં, સંસારનાં જન્મ–મરણ અટકે છે. શુભ સંસ્કાર ગાઢ બને છે. શુભ ભાવથી પાપ દૂર થાય છે. પરમાત્માના દર્શને સમકિત શુદ્ધ થાય છે. જીવ કેવળજ્ઞાની બની મોક્ષ મેળવે છે.

તીર્થ યાત્રામાં પાલન કરવાની છ "રી" નું સ્વરૂપ અને મહત્તા નોંધપાત્ર છે.

(૧) સચિત્ત પરિહારી=સચિત્તનો ત્યાગ કરવો.

(૨) એકલ આહારી=દિવસમાં એક જ વાર એક આસન પર બેસીને ભોજન કરવું. આયંબીલ કે એકાસણાનો તપ

(૩) પાદચારી=ખુલ્લા પગે ચાલવાનું.

(૪) ભૂમિ સંથારી=જમીન ઉપર સંથારીયું પાથરી શયન કરવું.

(૫) બ્રહ્મચારી=બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૬) આવશ્યકકારી=પ્રતિદિન સવાર-સાંજ બે સમય આવશ્યક કરવું.

છ "રી" પાલનપૂર્વક કરાતી ગુરુ સંગાથેની યાત્રાના વિશિષ્ટ લાભો પ્રાપ્ત થાય છે.

आरम्भाणां निवृत्तिर्द्रविण सफलता संघ वात्सल्यमुग्रैः
नैर्मल्यं दर्शनस्य प्रणयिजनहितं जीर्ण चैत्यादि कृत्यम् ।
तीर्थोन्नत्यं जिनेन्द्रोदित वचनकृतिः तीर्थकृत्कर्मबन्धः
सिद्धिरासन्न भावः सुरनरपदवी तीर्थयात्रा फलानि ॥

પાપ આરંભની નિવૃત્તિ, ધનની સફળતા, સંઘનું શ્રેષ્ઠ વાત્સલ્ય, સમ્યગ્ દર્શનની નિર્મળતા, સ્નેહીજનોનું હિત, તીર્થ શાસન પ્રભાવના જીર્ણ એવાં જિનમંદિરોનાં ઉદ્ધારાદિ કાર્યો, જિનાજ્ઞાનું પાલન, તીર્થંકર નામ કર્મનો બંધ, આસન્ન ભવ્યતા તથા દેવ અને માનવના ઉત્તમ ભવની પ્રાપ્તિ.

પાપનો નાશ કરનારી, પુણ્યનું ઉપાર્જન કરનારી, સર્વને સુખકારી, આત્મ હિતકારી એવી આ છ "રી" નું પાલન કરતો શ્રી સંઘ પૂજ્ય પંન્યાસજી મહારાજ સાથે આવી પહોંચ્યો રાણકપુરજી મહાતીર્થમાં. આત્મામાં ઓતપ્રોત થઇ ગયેલા, ધર્મ–પ્રિય એવા આ ક્ષેત્રમાં સાહેબજીએ સ્થિરતા કરી.

ઠંડીના એ દિવસો હતા. સવારની કડકડતી ઠંડીમાં કર્મચારી વર્ગ ત્યાં કામ કરતો હતો. પૂજ્યશ્રીએ એક કામ કરતા ભાઇને અત્યંત કાંપતો જોયો. જોતાં જ તેમનું કરુણાર્દ્ર હૃદય ભરાઇ આવ્યું. કોઈ સ કેત થયો...! અને બધા કર્મચારીઓને ધાબળાની ભેટ કરવામાં આવી.

એક દિવસ તેઓશ્રીને જાણવા મળ્યું કે દશમના દિવસે આ તીર્થમાં આદીવાસીઓનો ખૂબ જ મોટો મેળો ભરાવવાનો હતો. તે સમયે હજારો આદીવાસીઓ પૂજ્ય આદીનાથ દાદાનાં દર્શન કરવા આવવાના હતા. ભક્તિ અને આનંદનો આ ઉત્સવ હતો. જિન ભક્તિ અને જીવમૈત્રીના ધારક અને પાલક પૂજ્યશ્રીને થયું કે આ બધા જમ્યા વિના પાછા કેમ જાય! સાહેબજીને સંકેત થયો.

પાંચ હજાર આદીવાસીઓ દાદાના દર્શને આવ્યા હતા. તે બધા માટે શીરો, પૂરી અને શાકનું જમણ તૈયાર થયું. આવેલા બધા જ ખૂબ જ પ્રેમથી જમ્યા અને ભક્તિ મહોત્સવની ખૂબ ખૂબ અનુમોદના કરતા વિદાય થયા.

૨૦–૨૫, વર્ષના ઇતિહાસમાં આ પ્રજાનું મુખ મીઠું કરાવવા માટે કોઇ તૈયાર ન હતું, તે કામ પૂજ્યશ્રીની પ્રેરણાથી થયું.

રાણકપુર તીર્થમાં પોતે વિશિષ્ટ આરાધના કરી પ્રભુ–દર્શનમાં, ધ્યાનમાં, લીન બન્યા. તેઓની નિશ્રામાં તેમના શિષ્યરત્ન પૂજ્ય મુનિશ્રી કુંદકુંદવિજયજીએ 'મહામંત્રની સાધના' પુસ્તક તૈયાર કર્યું. તેની પ્રસ્તાવના પૂ.ગુરુદેવે આરાધનાના નિચોડ રૂપ લખી આપી.

રાણકપુરથી અનેક તીર્થોની યાત્રા કરતાં, પંન્યાસજી મહારાજે પિંડવાડા તરફ વિહાર કર્યો.

૨૦૧૭ નું ચાતુર્માસ પૂ. પંન્યાસજી મહારાજે, પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાથે પિંડવાડામાં કર્યું.

નવ દિવસની નવકારની આરાધનામાં પ્રાણ પૂર્યો. પોતે વ્યાખ્યાનો આપતા. બાકીના ચાર માસમાં બૃહત્કલ્પભાષ્યનું વાંચન કર્યું.

પંન્યાસજી મહારાજ પૂજ્ય આચાર્ય ભગવંતના વાત્સલ્ય વિશે કહેતા,

"વાત્સલ્ય તો પૂ. આચાર્ય દેવેશનું! ખોળામાં ખોવાઈ જવાનું મન થાય એવું! ગમે તેવું પાપ પ્રગટ કરવાની વૃત્તિ જગાડે એવું...!"

આ પાંચમા આરામાં બધે સારું હોવાની શકયતા નથી, પણ બધેથી સારું ગ્રહણ કરવાની શકયતા છે જ. એ નિયમ અનુસાર જીવન જીવનારા મહાપુરુષોમાં પૂ. પંન્યાસજી મહારાજ પણ હતા. તેઓશ્રીમાં પ્રગટ ક્ષમાવંતનાં, પ્રગટ દર્શન થતાં.

"સામો ખોટો છે એ વાત નહિ, આપણી આરાધના કાચી છે, તેને વારંવાર દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદન અને ચતુઃશરણ ગમન કરીને પકવો. શુદ્ધ સ્વભાવના સાધક બનીને, સાધુતાને દીપાવો." આવી સમ્યગ્ સમજ સહુને આપતા. પૂજ્યશ્રીનું પડખું સેવે તે પાવન થાય જ. ધર્મનો ભેજ તેને લાગે જ લાગે.

પિંડવાડાની પવિત્ર ભૂમિમાં વીતરાગ પરમાત્મની વાણીનાં વહેણ વહાવીને પૂ પંન્યાસજી મહારાજે શિષ્ય પરિવાર સાથે પાટણ પ્રતિ પ્રયાણ કર્યું. પૂ. આચાર્યદેવેશે તેઓશ્રીને અમી ભરી આંખે આશીર્વાદ આપ્યા.

૧૪ અજાતશત્રુ અણગાર

'जयन्ति मुनिराजस्य शमसाम्राज्य संपदः।' મુનિરાજ મહાત્માની સમતારૂપ સામ્રાજ્યની સંપત્તિ જયવંત વર્તે છે.

અને

'प्रत्यक्षं प्रशमं सुखम्।' પ્રત્યક્ષ એવા પ્રશમ-સુખને, શાન્તિના સુખને અનુભવે છે, આવા મહાપુરુષની 'कार्यस्य साधनी प्रज्ञा-' કાર્યને સાધનારી પ્રજ્ઞાને નમસ્કાર હો.

૨૦૦૦ થી ૨૦૧૦ નો કાળ વિષમ રહ્યો. શાસનના અનેક પ્રશ્નોએ ઉગ્ર ચર્ચા પકડી હતી. મતભેદો હતા. સાઠમારી ખૂબ ચાલતી હતી. તે સમયે પણ સકલ સંઘને-સહુ કોઇને પંન્યાસજી મહારાજ પ્રત્યે ખૂબ માન હતું. તે એક આશ્ચર્યની વાત છે. તે એમની જીવન પવિત્રતાનું પરિણામ હતું. અમુક પ્રશ્નોના કારણે જ્યારે પક્ષભેદ મજબુત બની રહ્યો હતો, તે કાળે પણ તેઓશ્રી ઔચિત્યાદિ સુંદર રીતે સાચવી શકયા હતા, જેના પ્રભાવે આપણે આજે એમને '**અજાત શત્રુ**' કહીએ છીએ.

શત્રુ-સાથે પણ પૂજ્યશ્રીએ પ્રસન્નતાથી જીવવાની શક્તિ મેળવી હતી. કેળવી હતી. શત્રુને પણ રાજી કરવાની શક્તિ અજોડ હતી. આ તો એમના જીવનનું એક ભૂષણ-આભૂષણ બની હતી. જીવનના છેડા સુધી જે સાધના કરી શકયા, તેમાં મૈત્રી, પરોપકાર કૃતજ્ઞતા, સમતા, પ્રભુભક્તિ વિગેરે તત્ત્વો એમના આત્મામાં આત્મસાત્ થઈ ગયેલાં. કસોટીના કાળે એ ઝળહળતાં, પરીક્ષાની પણ પરીક્ષા કરતાં.

સમ્યગ્દર્શન પામેલાને કોઇની પ્રત્યે શત્રુભાવ ન હોય. એ એમના ચારિત્રમાં સાક્ષાત્ જોવા મળતું.

સમ્યગ્દર્શન પામ્યા પછી કેટલાં વિઘ્નો આવે છે અને એ વિઘ્નો સામે ટકવાની કેવી શક્તિ પ્રાપ્ત થાય છે, એ શક્તિનું સાકાર દર્શન પૂજ્યશ્રીમાં થતું. કદી એમને કોઇના જીવન પ્રત્યે રોષ આવ્યો જ નથી. એમના જીવનની ખરી મૂડી આ જ હતી.

જેમ અતિ શીતળતામાંથી અગ્નિ ઊઠે તેમ જીવો પ્રત્યે અતિ કરુણા, અતિ પરોપકાર વૃત્તિના પરિણામે કોઈવાર શિષ્યોને કઠોર શબ્દો પણ કહેતા. પણ શીતળતા એટલે શીતળતા. એ શબ્દો સાંભળનાર તેમના પ્રત્યે અતિ ભક્તિ ભાવવાળો બનતો. એના પરિણામે એમના શિષ્યો કે આશ્રિતોમાંથી કોઈ પણ સાધુ છેલ્લે સુધી એમના પ્રત્યે પૂર્ણ પૂજ્યભાવ અને બહુમાન ધરાવતો રહ્યો છે.

એ જ રીતે શ્રમણસંઘમાં કે શ્રાવકોમાં પણ આજે એમના પ્રત્યે પૂજ્યભાવ સર્વાધિક જોઈ શકીએ છીએ, તેમાં પણ પૂજ્યશ્રીની કરુણા અને પરોપકાર વૃત્તિ વિગેરે કારણભૂત ગણાય.

'મિત્ર છું સર્વ ભૂતોનો
વેર મારે ન કોઇથી'

मैत्री पवित्रपात्राय मुदितामोदशालिने ।
कृपोपेक्षा प्रतीक्षाय तुभ्यं योगात्मने नमः ।।

(શ્રી વીતરાગસ્તોત્ર. પ્ર.૩. ૧૫)

મૈત્રીના પવિત્ર ભાજન, મુદિતાથી પ્રાપ્ત થયેલ પરમાનંદ વડે શોભતા, કરુણા અને માધ્યસ્થ વડે જગત્ પૂજ્ય બનેલા અને યોગ સ્વરૂપ એવા હે વીતરાગ ! આપને ત્રિકરણ શુદ્ધ નમસ્કાર હો.

ભગવાને ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. દાન–શીલ–તપ અને ભાવ. તેમાં ભાવની પ્રધાનતા છે. દાન–શીલ–તપ, મોક્ષના કારણ ત્યારે જ બને, જ્યારે તેનાં ભાવ ભળે. ભાવ વગરનાં દાન–શીલ અને તપ સંસાર સુખનાં કારણ બની શકે. આત્માની પૂર્ણતા, અવ્યાબાધ

સુખ; શાશ્વતપદ એ બધાની પ્રાપ્તિનું કારણ ભાવધર્મ જ છે. દાનાદિ ધર્મનું વર્ણન પણ ભાવધર્મની પુષ્ટિ માટે જ છે, જેમ બાહ્ય તપ, અભ્યંતર તપની પુષ્ટિ માટે છે.

તત્ત્વાર્થ સૂત્રે આત્માનું લક્ષણ ઉપયોગ કહ્યો છે. ઉપયોગ એટલે અધ્યવસાય. અધ્યવસાય એટલે ચિત્તનો પરિણામ–મનનું પરિણામ. દરેક જીવને મન હોય છે. એકેન્દ્રિયથી સંજ્ઞી સુધીના જીવોને દ્રવ્ય મન ન હોવા છતાં, ભાવ મન તો છે.

મન સતત અધ્યવસાયમાં રત હોય છે. કાયાની પ્રવૃત્તિ મર્યાદિત છે. મન સતત ગતિશીલ છે. વિચારશીલ છે. ભ્રમણશીલ છે.

મનના વિચારોને બે ભાગમાં વહેંચી શકાય.

(૧) શુભ અધ્યવસાય.

(૨) અશુભ અધ્યવસાય.

અનાદિ કાળની મોહની આધીનતા એટલે સ્વાર્થ પ્રધાનતાના કારણે, બધાં સુખો મને મળો, બધી અનુકૂળતાઓ મને પ્રાપ્ત થાઓ, તે મેળવવા પાછળ, પારકા દુઃખી થતા હોય તેમની ઉપેક્ષા, આવા પ્રકારની તુચ્છ વૃત્તિના કારણે મન સતત અશુભ અધ્યવસાયમાં રમ્યા કરતું હોય છે. મનની એ મલિનતાને દૂર કરવા માટે, અધ્યવસાયને વિશુદ્ધ કરવા માટે, જિનેશ્વર ભગવંતોએ ભાવધર્મ બતાવ્યો છે.

સ્વાર્થના અધ્યવસાયને તોડવા માટે, ભાવને વિશુદ્ધ કરવા માટે મૈત્ર્યાદિ ભાવો રસાયણ તુલ્ય છે.

ધર્મધ્યાનં ઉપસ્કર્તું તત્ હિ તસ્ય રસાયણમ્। યોગશાસ્ત્ર.

મૈત્રીપ્રમોદકારુણ્યમાધ્યસ્થ્યાનિ નિયોજયેત્।
ધર્મધ્યાનમુપસ્કર્તું તદ્વિ તસ્ય રસાયનમ્॥

– યોગશાસ્ત્ર.

ધર્મકલ્પદ્રુમસ્યેતા મૂલમ્ મૈત્ર્યાદિ ભાવના।
યેન જ્ઞાતા ન ચાભ્યસ્તાસ્તેષામ્ અતિ દુર્લભઃ॥

– યોગસાર.

મૈત્ર્યાદિ ભાવ વિના ધર્મ દુર્લભ છે.

— આવા પાઠો દ્વારા પૂજ્યશ્રીના મનમાં એ વાત જચી ગયેલી કે મૈત્ર્યાદિ ભાવો વિના ધર્મ હોઇ શકે નહિ.

શાસ્ત્રપ્રેમ અને તત્ત્વનું માન. તે પર તેઓશ્રીએ જીવનની ઇમારત ચણી હતી. અંત સુધી શાસ્ત્રના આધારો રહ્યા. પોતે શાસ્ત્રભીરુ ખૂબ હતા. શાસ્ત્ર વિરુદ્ધ કૈં પણ કહેવાઈ ન જાય, લખાઈ ન જાય તે ખાસ જોતા...તેમજ શાસ્ત્રમાં પડેલું–ઢંકાયેલું ન રહે, તેની પણ પૂરતી તકેદારી રાખતા.

परहित चिन्ता मैत्री पर दुःखविनाशिनी करुणा ।
परसुख तुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥

નમસ્કારભાવ–મૈત્રીભાવ એના ઉપર ચિંતન કરતાં શાસ્ત્રમાંથી એને સમર્થન કરનારા જે પાઠો મળ્યા, તેને ખૂબ દૃઢતાથી તેમણે વિચાર્યા.

એક તો સહજ એમનું જીવન પરોપકારમય હતું અને તેમાં આવી શાસ્ત્રની સંમતિ મળી જવાથી પરોપકારભાવ, વાત્સલ્યભાવ, કૃતજ્ઞતાભાવ, મૈત્રીભાવ વિગેરે વિગેરે તત્ત્વો એવાં સિદ્ધ કર્યાં કે તે કાળે જૈન સંઘમાં આ તત્ત્વો તરફ બહુ ઓછાનું ધ્યાન ગયેલું. ક્રિયા પ્રત્યે રુચિ રાખનાર વર્ગ સામે આવાં તત્ત્વો મૂકવામાં આવે તો શું થાય.....?

મૈત્ર્યાદિ ભાવો વિના પણ ધર્મ હોઈ શકે એવું માનનારો પણ એક વર્ગ હતો. તે નિમિત્તે શાસ્ત્રપાઠોની ચર્ચા ચાલતી હતી. તે ચર્ચામાં કોઈ મહાત્માઓ કોઈવાર ઉગ્રતા પણ બતાવી દેતા...

તે કાળે જે તત્ત્વો જૈન સંઘમાં ખૂટતાં હતાં, જે તત્ત્વો તરફ જૈન સંઘનું ધ્યાન ઓછું હતું તે કાળે, તેઓશ્રીએ આ તત્ત્વોને પોતાના જીવનમાં સિદ્ધ કર્યાં હતાં અને પછી તેનો વિનિયોગ એટલે સંઘને એનું દાન કરવાની શરૂઆત કરી હતી.

અને ઉગ્રતા કે વિરોધ વચ્ચે પણ તેમનામાં પોતાનામાં રહેલા મૈત્ર્યાદિ ભાવોનું સાક્ષાત્ દર્શન થતું. ગમે તેટલાં વિઘ્નો કે વિરોધ વચ્ચે પણ પોતે અંદરથી અણનમ હતા અને બહારથી એ હૈયા સભર મધુરતા, સામે પડનારને પણ આપતા.

સામી સુયોગ્ય વ્યક્તિને તેમની વાત જચી જતી. પણ કોઈ કોઇને એ વાત ખટકતી પણ હતી.

આવા પ્રત્યે પણ તેમનો મૈત્રીભાવ આદર્શરૂપ હતો.

આનો નિકાલ કરવા માટે કલોલમાં શાસ્ત્રપાઠોની વિચારણા માટે સમુદાયના મોવડીઓનું સંમેલન યોજાયું. ખૂબ લાંબી ચર્ચા ચાલી. તે સમયે પણ તેમની મનઃસ્થિતિ પ્રશાંત હતી. મૈત્રી અને સહનશીલતાનું અજોડ દૃષ્ટાન્ત પોતે પૂરું પાડ્યું.

છેવટે આ અંગેનો નિર્ણય પૂજ્ય આ. ભ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને સોંપવામાં આવ્યો. તેમના તરફથી જે નિર્ણય આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો...

ત્યારબાદ પોતાની રીતે જીવનના અંત સુધી ભગવાનનાં જે તત્ત્વોને હૈયામાં ઠાંસી ઠાંસીને ભર્યાં હતાં, જીવનમાં જેનો અમલ હતો, તેની સામે ગમે તેટલાં વિઘ્નો આવવા છતાં, પોતે ટક્કર ઝીલી શક્યા હતા; જેના પરિણામે પરોપકાર, મૈત્રીભાવ, કૃતજ્ઞતા, પ્રભુભક્તિ, નવકારની વાતો જૈન સંઘમાં આજે આપણે સહુ કરતા થયા છીએ, જે આપણું કર્તવ્ય છે.

જગતના સર્વ જીવો સાથે આપણો સંબંધ છે. આંતરિક આરાધના આત્માની શોધ માટે છે.

પરોપકાર જીવન છે. દયા ધર્મ છે. ક્ષમા ધર્મ છે. સમતા ધર્મ છે. વિગેરે તત્ત્વો તરફ સંઘનું લક્ષ દોરાયું છે. આ તત્ત્વનો મહિમા જે જાહેર થયો છે, વિચારો જે વ્યાપક બન્યા છે, તેનો જે કૈં અણસાર થવા પામ્યો હોય, તેનું મૂળ કોઇ હોય તો, તેનો ખરો યશ...

પૂજ્ય પંન્યાસજી મહારાજને આપી શકાય.

સિંહ પર બાણ આવે, ત્યારે સિંહ બાણને જોતો નથી. તેનું લક્ષબિંદુ બાણ પર કેન્દ્રિત થતું નથી. પણ બાણ કોણે માર્યું? તેનો પ્રક્ષેપક કોણ? તે આવ્યું કઇ દિશામાંથી? તે તરફ નજર નાખીને તરત જ ગર્જના સાથે બાણાવળી પર સીધી છલાંગ મારે છે.

તેમ આ મહાપુરુષે પણ પોતાના જીવનમાં આવતી નાનાં-મોટાં-માનસિક અસમાધિકારક નિમિત્તોની પાછળ કદી નજર કરી નથી.

પણ માનસિક-અસમાધિનું કારણ-ચિત્તમાં રહેલા અનાદિકાલીન અમૈત્રી-દ્વેષાદિની લાગણીને જ દોષિત ઠેરવી, તેનું મૂળ માની, તેને નિર્મૂળ કરવા, સઘળી અશાંતિના મૂળને શમાવી દેવા જ, મૈત્રી-પ્રમોદ-કારુણ્ય અને માધ્યસ્થ એ ચારે ભાવનાઓને આત્મસાત્ બનાવી. સંઘમાં-સમાજમાં તે ભાવનાઓ દ્વારા નવચૈતન્ય પ્રગટાવ્યું.

જ્યારે કોઈ મૂંઝવણનો પ્રશ્ન બને, બંને બાજુ નિર્ણય ન થઈ શકતો હોય ત્યારે, સરળ આત્માઓ જે હોય, તેના મુખમાંથી જવાબ મેળવીને અમલ કરે, સમાધાન મેળવી લે.

હંમેશાં પોતાની જવાબદારી સામે જોતા, એને મુખ્ય ભાર આપતા. સામો માણસ ગમે તે કરે, પણ પોતાની જવાબદારી શું છે? હંમેશાં એ રીતની ખતવણી કરતા.

કોઈ પણ પ્રસંગે પોતાનું કર્તવ્ય શું તે તરફ લક્ષ આપતા. એટલે કદી પણ પોતે કર્તવ્યભ્રષ્ટ થયા નહિ. ગમે તેવા વિપરીત પ્રસંગોમાં, સંજોગોમાં પણ પોતે કર્તવ્યનિષ્ઠ રહી શકયા.

પોતાને જે તત્ત્વ સૂઝયું. શાસ્ત્રમાંથી, જીવનમાંથી, અનુભવમાંથી મળ્યું તે સમજાવવામાં સફળ થયા અને સહુને આરાધનાનું અમૃત આપી શકયા.

પૂજ્યશ્રીની વાતો નય સાપેક્ષ છે. જે કંઇ કહેતા તે નય સાથે રજૂ કરતા.

નૈગમનયથી તેઓશ્રી વિશેષ જોતા.

સામાને દ્રવ્યથી જોતા, પોતાને પર્યાયથી. સામો આત્મા દ્રવ્ય–જ્ઞાન–દર્શન–ચારિત્રમય છે. તેવા આત્માનું માન તે રત્નત્રયીનું બહુમાન છે.

એકનો આદર તે અનંત અરિહંતોનો આદર છે. એક જીવનો અનાદર તે અનંતા જીવોનો અનાદર છે. આ તેઓશ્રીના હૈયામાં વસી ગયું હતું, તેથી તે સૌને પ્રેમ અને માનથી–જોતા–બોલાવતા.

પોતાની પર્યાય અવસ્થા વિશે કહેતા,

"મારું છે શું?"

"સંપત્તિ, દેહ, ઘર, કુટુંબ, કૈં પણ મારું નથી."

આ રીતે સામાને દ્રવ્ય–આત્મભાવે જોવાથી, શાસ્ત્ર આજ્ઞા પ્રગટે છે. બહુમાન પ્રગટે છે અને પોતાને પર્યાયભાવથી જોવાથી અભિમાન થતું નથી.

જે વાતોમાં આત્માની વાત ન હોય,

શ્રી જિનાજ્ઞાનું સંગીત ન હોય,

ભવ દુઃખનું વર્ણન ન હોય,

સચ્ચારિત્રનું તેજ ન હોય,

ત્યાગને માણવાની રજૂઆત ન હોય, તે વાતો સાંભળવાથી મનનો થાક મટતો નથી, પણ વધે છે.

પૂ. પંન્યાસજી મહારાજ તત્ત્વજ્ઞવી હતા. તેઓશ્રી સાથેની વાતચીતમાંથી મનનો થાક ઉતરતો. શરીરનો રાગ ઘટતો. રાગ–દ્વેષનાં મૂળ હચમચી ઉઠતાં. પ્રભુ ભક્તિ પાંગરતી, તપનું તેજ પ્રસરતું. સંયમ જીવનની સુવાસ ફેલાતી. જીવો પ્રત્યેની મૈત્રી, મોકળાશ અનુભવાતી.

પૂજ્યશ્રી જ્યાં વિચરતા, ત્યાં ધર્મ આરાધનાની ભૂખ જગાડનારું વાતાવરણ ઊભું થઈ જતું. અનેક ભાવિક આત્માઓ મૈત્ર્યાદિ

ભાવોથી પોતાના ચિત્તને વાસિત કરીને શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોની ભક્તિમાં તરબોળ બની જતા. સદ્ભક્તિના સંસ્કારથી વાતાવરણ પ્રસન્નતા પામતું. સદાચારની સુવાસ ફેલાતી. મનની મીઠાશ તત્ત્વ ગંભીર વ્યાખ્યાનથી મહોરી ઊઠતી. જીવની યોગ્યતાને, યોગ્ય માર્ગદર્શન મળતું. જગતના જીવો ઉપર શ્રી જિનેશ્વર દેવના અમાપ ઉપકારોની જાણ થતી. જીવનદૃષ્ટિ પરિવર્તન પામતી, આવી પડતા અનેક ઝંઝાવાતો સામે ઝઝૂમતા વિહાર કરતા પૂજ્યશ્રી પાટણ પધાર્યા.

પાટણને પૂ. પંન્યાસજી મહારાજ પ્રત્યે રાગ છે. અનુરાગ છે. અંતરની સ્નેહ ભક્તિ છે, તેમાં જૈનો સાથે અનેક સજ્જનો અને ગુણાનુરાગી માનવો પણ છે.

પાટણમાં સેંકડો જિનાલયો છે, તેમાં પંચાસરા પાર્શ્વનાથ દાદાનું જિનાલય મુખ્ય છે. પંચાસરજી સામે નગીનભાઈ હોલ છે. તે ત્યાંના શ્રેષ્ઠ શ્રાવક શ્રી નગીનદાસ કરમચંદભાઈ સંઘવીની યાદ આપે છે.

ચોમાસું બેઠું એટલે પાટણમાં ધર્મની મોસમ પૂર બહારમાં શરૂ થઈ.

સં. ૨૦૧૮ ના પાટણ ફોફલિયાવાડાના શ્રી સંઘમાં અનેરી ભક્તિ હતી. પૂ. પંન્યાસજી મહારાજની તારક નિશ્રા મળતાં, ચંદ્રદર્શને સાગરમાં આવતી ભરતી સમાન શ્રી સંઘનો ઉમંગ–ઉલ્લાસ છલકાયો. અંતર્મુખતાના સ્પર્શને પામ્યો.

હિમાલયને પણ હાર્દિક પ્રણામ કરવાનું મન થાય એટલી પૂજ્યશ્રીની શીતળતા હતી. વિષય–કષાયથી દાઝેલા જીવોને તેઓશ્રીની વાણી સાંભળતાં તે શીતળતાનો અપૂર્વ અનુભવ થતો. વંદન કરનાર પાસે બેસનાર જીવ ન્યાલ થઈ જતો.

પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વમાં તો પાટણ ધર્મનગરી બની ગયું. દાન–શીલ–તપ અને ભાવરૂપી ધર્મની આરાધના વડે મહેકવા લાગ્યું.

ચોમાસું પૂરું થાય તે પહેલાં હાલારના મોટામાંઢા વગેરે ગામના વંદન કરવા આવેલા શ્રી સંઘના ભાઇઓએ પૂ. પંન્યાસજી મહારાજને વિનંતી કરી :

"અમારે ત્યાં નૂતન મંદિરમાં શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારો અને અમને ધર્મનો એકડો ઘૂંટાવો."

ભાવભરી આ વિનંતીને સ્વીકારી, ચોમાસું પૂરું કરી, પૂ. પંન્યાસજી મહારાજે સ્વશિષ્યો સાથે હાલારની ધરતી તરફ પુનિત પગલાં માંડ્યાં.

હાલારની ધરતીપર

ગામો ગામ વિચરતા, ધર્મ બોધ પમાડતા, નિષ્પાપ જીવનનો મંગલ ઉપદેશ આપતા, અરસ–પરસની કટુતાનું નિવારણ કરતા, સિદ્ધાતાં ક્ષેત્રોને પગભર કરતા–કરાવતા, મંગલમય શ્રી નવકારનો મહિમા સમજાવતા પૂ. પંન્યાસજી મહારાજ પોતાના શિષ્યો સાથે મોટામાંઢા આવી પહોંચ્યા—

મોટામાંઢા પૂ. શ્રી કુન્દકુન્દવિજયજી મહારાજની જન્મભૂમિ. એને આંગણે આજે આનંદનો પાર નથી. હર્ષનો સાગર હૈયે–હૈયામાં હિલોળા લે છે. દરેક ઘર શણગારેલું છે. બારણે મંગલ તોરણો શોભે છે.

– વાજિંત્રોના સૂર વાતાવરણમાં પ્રાણપૂરે છે, સૌના હૈયે હોંશ છે. પૂજ્યશ્રીનું અપૂર્વ સામૈયું કરવાની.....

ભાલમાં ભવ્યતા,
નયનોમાં દિવ્યતા,
હૈયામાં કોમળતા,
પગલામાં પવિત્રતા,
વ્યવહારમાં સમતા ધરાવતા

આ દિવ્ય આત્માનાનું આગમન અનેરું આકર્ષણ જમાવી રહ્યું.....છે !

પૂ. પંન્યાસજી મહારાજ તથા પૂ. કુન્દકુન્દવિજયજી મહારાજ આદિ મુનિવરોનું સં. ૨૦૧૯ ના ચૈત્ર-વદ-૧૦ ને શુક્રવારે શ્રીસંઘે વાજતે ગાજતે, અપૂર્વ ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે, ભવ્ય સામૈયું કર્યું. ધર્મનિષ્ઠ શ્રી પૂંજાભાઇનાં કુટુંબીજનોએ આજના દિવસની શ્રેષ્ઠ ભક્તિ કરવામાં કોઇ કચાશ રાખી નહિ.

પૂજ્યશ્રીનાં રોજ વ્યાખ્યાન થાય. શ્રી જિનપ્રતિષ્ઠાનું અપૂર્વ રહસ્ય છતું થાય. તેના પ્રભાવે અનેક આત્માઓના હૃદયમાં જિનભક્તિના સંસ્કાર દૃઢ થયા.

આ શુભ પ્રસંગે કજુરડાના વતની, મુમુક્ષુ ભાઇ શ્રી કેશવજીનો દીક્ષા પ્રસંગ ઉજવાયો.

પૂ. પંન્યાસજી મહારાજનું ૨૦૧૯ નું ચાતુર્માસ મોટા-માંઢામાં થતાં શ્રી સંઘમાં ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસનું વાતાવરણ વ્યાપી ગયું.

વાતાવરણ વ્યક્તિને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. મનમાં રહેલા સાંસારિક વિષયો અને વાસનાઓને નાબૂદ કરવામાં ધર્મનાં અનુષ્ઠાનો, મહોત્સવો, પૂજાઓ ખૂબ જ સહાયક બને છે. પૂજ્યશ્રીએ ધર્મનો મહિમા સમજાવ્યો.

ધર્મ એ સર્વસુખનું મૂળ છે. તે જાણવાનું સાધન વીતરાગનું વચન છે. વીતરાગ-સર્વજ્ઞ સિવાય આ ધર્મને સાક્ષાત્ કરાવવાની તાકાત કોઈની નથી. ચાર જ્ઞાનના ધણીને પણ વિશ્વાસ એમનાં ઉપર રાખવો પડે છે. જેમ પોતાના પિતાને ઓળખવામાં, માતા સિવાય બીજા કોઈનો આધાર નથી, તેમ વીતરાગના વચન ઉપર શ્રદ્ધા ધારણ કર્યા વિના કોઈ કાળે ધર્મ સમજાય તેમ નથી.

જેટલું સુખ છે, તે ધર્મનું છે. જેટલી મંગલમય વસ્તુ છે તેના મૂળમાં ધર્મ છે. યાવત્ તીર્થંકર સુધીની પદવી પણ ધર્મથી જ મળે છે.

ધર્મ મોક્ષ માટે છે. મોક્ષમાર્ગના આદ્ય પ્રકાશક અરિહંત પરમાત્મા છે. પરમાત્મા પરોપકારી છે. તેમની ભક્તિનો મહિમા અપાર છે. પૂજન એ અરિહંત પરમાત્માની ભક્તિ માટેનું એક વિશિષ્ટ અનુષ્ઠાન છે. વિધિ વિધાનપૂર્વક તે પૂજનનું સ્વરૂપ એટલું બધું ભવ્ય આહ્લાદક અને ભક્તિરસથી ભરપૂર હોય છે કે તેને શબ્દોથી સમજાવી શકાય નહિ. તેનો ખરો ખ્યાલ તો નજરે જોવાથી જ આવી શકે. તે પૂજનને જોવા માત્રથી ભવ્ય જીવોના હૃદયમાં મેઘઘટાને જોઇને મયૂરની જેમ, આનંદના મહાસાગર ઉછળવા લાગે છે. શ્રી અરિહંત પરમાત્માનું પૂજન અને તે પૂજનમાં થતી ભક્તિ જોઇને પણ જેને આનંદ થાય છે, તે ભવ્ય આત્મા કર્મની મહાન નિર્જરા કરીને, અલ્પ સમયમાં જ મોક્ષ સુખને પામનારો બને છે. આટલું બધું સામર્થ્ય અરિહંત ભક્તિમાં છે.

ભક્તિનાં આવાં પૂજ્યશ્રીનાં વેણ સાંભળીને, સ્વભાવે ભલી, ભોળી અને નિખાલસ એવી હાલારી પ્રજા, ગુરુ ઉપદેશથી ધર્મ અને ભક્તિના રંગે રંગાઈ ગઈ.

પૂ. શ્રી મહાસેનવિજયજી મહારાજે, પધારેલા પૂજ્યવરોના સદુપદેશનો લાભ સમસ્ત હાલારી જૈનોને મળે તે માટે શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા. પરિણામે હાલારમાં ધર્મના માર્ગે ઉત્થાન થયું. અવસર ઓળખીને એકવાર પંન્યાસજી મહારાજે, શ્રી કુંદકુંદવિજયજી મહારાજને કહ્યું,

"જીવો ભાવિક છે. ખપી છે, શ્રદ્ધાળુ છે. ગુણગ્રાહી છે. માટે તેમને ધર્મ પમાડવાનો શ્રી મહાસેનવિજયજીનો ઉમળકો પ્રશસ્ત છે, તેમાં આપણો શ્રેષ્ઠ સહયોગ ચાલુ રાખવો જોઈએ."

કરુણાવંત ગુરુનાં કરુણાર્દ્ર હૃદયના બોલ શ્રી કુંદકુંદવિજયજીએ 'તહત્તિ' કહીને ઝીલી લીધા. પછી આ ક્ષેત્રના જૈનોને ધર્મ તરફ વાળવા તેઓ વધુ સક્રિય બન્યા.

પૂ. પંન્યાસજી મહારાજ તાત્ત્વિક વ્યાખ્યાન આપતા. પૂ. કુંદકુંદવિજયજી મહારાજ ક્રિયા માર્ગ સમજાવતા અને પૂ. મહાસેનવિજયજી મહારાજ બધાને લાભ લેવાની પ્રેરણા કરતા. પરિણામે મોટામાંઢાનું પ્રત્યેક જૈન ઘર સાધર્મિકભક્તિ, જિનભક્તિ અને જીવદયાના રંગે રંગાઈ ગયું. શ્રી નવકારમંત્રના મંગલસૂરો વડે ગૂંજતું થયું. સુંદર આરાધનામય વાતાવરણની જડ નાખીને, પૂજ્યોએ, ચાતુર્માસને દીપાવ્યું.

હાલાર પ્રદેશમાં પૂ. પંન્યાસજી મહારાજનાં પુનિત પગલાં થયાં ત્યારથી પ્રદેશ–ધર્મ આરાધનાની, આબોહવાથી પુલકિત બન્યો. વિધિપૂર્વક નમસ્કાર મહામંત્રની એટલે ઉપધાન તપની આરાધનાનો શુભ આરંભ થયો. ૪૦૦ વર્ષના ઇતિહાસમાં, અહીં આ અનુષ્ઠાન સર્વ પ્રથમ થઇ રહ્યું હતું. ૪૫ દિવસના આ અનુષ્ઠાનમાં હજારો માણસોએ આવીને, તેની અનુમોદના કરી હતી.

ઉપધાનની માળના વરઘોડાનું વર્ણન થઇ શકે તેમ નથી.

બહારના ગામડાંઓમાંથી ગાડામાં બેસીને હજારોની સંખ્યામાં અજૈનો આવેલા. વરઘોડો પસાર થઇ રહ્યો હતો ત્યાં, જામનગર જીલ્લાના કલેકટર કોઇ કામ અંગે અહીંથી નીકળ્યા. આટલા બધા લોકોને જોઇને તપાસ કરાવી કે આ શું છે?

આગેવાનો દોડી આવ્યા. સાહેબનો સત્કાર કર્યો તેમને નાસ્તો કરાવ્યો. પછી પંન્યાસજી મહારાજ પાસે લઈ આવ્યા. સાહેબજીને જોતાં જ કલેકટર સાહેબ મુગ્ધ બની ગયા. થોડીવાર વાતચીત કરીને બહાર આવ્યા.

બહાર આવતાં જ સાથેના માણસોની આગળ એમના હૈયામાંથી ભાવોદ્‌ગાર નીકળી ગયા. "આવા યોગીપુરુષ મેં આજ પહેલ વહેલી વાર જોયા.....કે જેની રગેરગમાં ભગવાન છે."

ઉપધાન પ્રસંગ હરીપુર ગામે પૂરો કર્યો.

નવાગામ ચૈત્રમાસની શાશ્વતી ઓળી કરાવી.

પૂજ્યશ્રી મુનિમંડળ સાથે નવાગામથી વિહાર કરી જામનગર પ્લોટમાં પધાર્યા.

૨૦૨૦ નું ચોમાસું પૂજ્યશ્રીએ જામનગર પ્લોટમાં કર્યું. આ ચાતુર્માસમાં ધર્મનિષ્ઠ શ્રી જીવનલાલ પ્રતાપસીભાઈ તથા તત્ત્વજિજ્ઞાસુ શ્રી અમૃતલાલ કાલિદાસભાઇ પૂ. પંન્યાસજી મહારાજ પાસે બહુમાનપૂર્વક આવતા, બેસતા, મૂંઝવતા પ્રશ્નોના ખુલાસા મેળવતા. તાત્ત્વિક સાહિત્યના સંશોધન માટેની વિચારણા કરતા.

ચાતુર્માસ બાદ ગામડાંઓમાં પૂ. પંન્યાસજી મહારાજે સરળ અને અલ્પધર્મવાળા જીવનમાં ધર્મનાં બીજ વાવવાનું કાર્ય કર્યું.

મુંબઈ નવપદ આરાધક સમાજ વતી સંઘવી મણિલાલ ધરમશીને પૂજ્યશ્રીની નિશ્રામાં ઓળી કરાવવાની ભાવના જાગી. તે ઓળી વસઈ ગામે થઇ. તેમાં પૂ. શ્રી મહાસેનવિજયજીએ ઉપદેશ દઇને ૮૦૦ જેટલા આરાધકો ઓળીમાં જોડ્યા. વાતાવરણ નવ દિવસનું ચોથા આરા જેવું થઈ ગયું. દરરોજ પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનો થતાં. સુશ્રાવક બાબુભાઈ કડીવાળાએ શ્રી પાળ–મયણાના રાસદ્વારા અનેક ભાવિકોનાં દિલને કરુણા રસથી ભરી દીધાં.

આ ઓળીમાં નવાગામના શ્રીસંઘે પૂ. પંન્યાસજી મહારાજને ચાતુર્માસ પધારવા વિનંતી કરી. તેમની વિનંતીને માન્ય કરી. પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરી નવાગામ પધાર્યા.

સં. ૨૦૨૧નું ચાતુર્માસ નવાગામ (હાલાર)માં થયું. હાલારી જૈનોને ધર્મ પમાડવાની પૂ. મહાસેનવિજયજી મહારાજની પ્રબળ ઉત્કંઠા પાર પડી.

પૂ. પંન્યાસજી મહારાજની પ્રેરણાથી નવકારનો જાપ વધ્યો. જીવદયાનાં કાર્યો વધ્યાં. ઉપાશ્રય ભરચક રહેવા માંડ્યો. ઘણાએ નિત્ય-પૂજા, પ્રતિક્રમણ અને સામાયિકના નિયમ ઉત્સાહથી લીધા. ચોમાસાની ઋતુ જાણે ધર્મ આરાધનાની ઋતુ બની ગઇ.

લાગલગાટ ત્રણ વરસ સુધી, હાલારદેશ પર હિત અને હેતની હેલીઓ વરસાવી, ફરી પાછા પૂ. પંન્યાસજી મહારાજ તથા અન્ય મુનિ ભગવંતોએ નવાગામથી વિહાર કર્યો, જામનગર આવ્યા. ત્યાં થોડા દિવસ સ્થિરતા કરી.

આ સમયમાં બેડાથી હિંમતલાલ રૂગનાથજી પૂજ્યશ્રી પાસે આવ્યા. અને પોતાની સુપુત્રી પાર્વતીબેનને દીક્ષા આપવા માટે આજીજી ભરી વિનંતી કરી.

કચાં હાલાર અને કચાં મારવાડ...! ૫૦૦થી વધુ કિલોમીટરનો વિહાર....છતાં વડીલ ગુરુ ભગવંતની આજ્ઞા અને સુશ્રાવક હિંમતભાઈની વિનંતીને પૂજ્યશ્રી ના ન પાડી શકચા.

ધીરે ધીરે જામનગરથી વિહાર શરૂ કર્યો. જામવણથલી મુકામે પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનો આજ્ઞા પત્ર આવ્યો. "તમારા પ્રથમ શિષ્યરત્નને ભગવતીજીના યોગમાં દાખલ કરો."

બીજા કોઈ વિકલ્પ વિના પૂજ્ય મુનિરાજશ્રી હર્ષવિજયજીને યોગમાં દાખલ કર્યા. રાજકોટ પહોંચ્યા, ત્યાં દોઢ મહિનો રહેવાનું થતાં, બીજા મહાત્માઓના પણ જોગ થયા.

તેમાં એક દિવસ, એક બટુક નામના માણસને રાજકોટમાં ફાંસીની સજા થયાના સમાચાર સાહેબજીએ વાંચ્યા. ફાંસીના સમયે, બધા સાધુઓને બેસાડીને તેઓશ્રીએ ફરમાવ્યું કે હમણાં એક વ્યક્તિને ફાંસીની સજા થયેલી છે, તેનો અત્યારે સમય છે. આપણી ગોચરી આવી ગઇ છે. તેને ગૌણ કરીને ફાંસીની સજા પામેલ વ્યક્તિને સમાધિ મળે અને તેની સદ્ગતિ થાય તે નિમિત્તે બધા તેના આત્માના શ્રેયાર્થે નવકાર ગણો. માંડલીમાં બધા સાધુ સાથે ૨૦ મિનિટ સુધી પૂજ્યશ્રીએ, આ રીતે પોતાના સાન્નિધ્યમાં, ફાંસી પામેલ બટુક નામના યુવાનને નવકારમંત્રનું યોગદાન કરાવ્યું. કેવી ભાવકરુણા.....!

જીવંત કરુણા. પૂજ્યશ્રીના જીવનમાં રોમે રોમમાં વ્યાપ્ત હતી. નિસર્ગના મહાશાસનમાં પ્રવર્તતા અણિશુદ્ધ ન્યાયમાં તેઓશ્રીની અનુપમ નિષ્ઠા ઠરી હતી. ભાવ-દયાના ભંડાર પંચ પરમેષ્ઠિઓ એ જ જીવનનો સાર બની હૈયામાં રમતા હતા...અને સર્વને આત્મ કલ્યાણનું દાન કરતા હતા.

એક દિવસ વ્યાખ્યાનનો સમય વીતી ગયો, છતાં એક બેન બેસી રહ્યા હતાં...થોડી ક્ષણો બાદ ઉભાં થઇ સાહેબજી પાસે આવ્યાં. વંદન કર્યા, સુખશાતા પૂછી. સાહેબજીએ ધર્મલાભ આપ્યા.

જવાને બદલે તે ત્યાં ઊભા રહ્યાં.

પૂજ્યશ્રીએ પૂછ્યું; 'બેન શું કામ છે?'

ત્યારે તે બેને જણાવ્યું, "સાહેબજી! મારો એક પુત્ર છે. ખૂબ ભણેલો છે. સમજુ છે. પણ ઋષિકેશવાળા સ્વામી શિવાનંદજીની વિચારધારામાં ગોઠવાઇ ગયો છે. તો આપ કૃપા કરીને એનો ઉદ્ધાર કરો તો સારું."

પૂજ્શ્રીએ કહ્યું, "મોકલજો, વંદન માટે."

પૂજ્યશ્રીએ કહ્યું, " મોકલજો, વંદન માટે. "

બીજા દિવસે એ દેખાવડો યુવાન ઉપાશ્રયમાં આવ્યો, સાહેબજીને વંદન કર્યાં અને બેઠો. તેણે ખૂબ જ સ્પષ્ટ મીઠી ભાષામાં નિખાલસતાથી વાતો શરૂ કરી. સાહેબજીએ સાંભળ્યા કર્યું. યુવાને બોલ્યા કર્યું, બોલ્યા જ કર્યું, જે તે જાણતો હતો તે બધું કહી દેવાની તૈયારી દાખવી અને સાહેબજી પણ બધું સાંભળવા તૈયાર જ હતા. આમ બે-ત્રણ દિવસ આ પ્રમાણે ચાલ્યું. છેવટે તે યુવાન થાકયો અને પૂજ્યશ્રીને કહ્યું, " સાહેબજી તમો તો કાંઇ બોલતા જ નથી...આપ તો કંઈક બોલો..."

ત્યારે પૂજ્યશ્રીએ વિચાર્યું, હવે બધું ખાલી થઇ ગયું છે. તેથી યુવાને કરેલી સાધનાની વાતો, તાત્ત્વિક ચિંતનો તથા તે વાતોની જ્યાં જ્યાં ખૂબીઓ હતી, ત્યાં ત્યાં પ્રાણ પૂર્યો. જે આપણાં શાસ્ત્રો યોગશાસ્ત્રો આદિમાં તે મળતી હતી, તેની પુષ્ટિ કરતાં વાત કરી.

આખું તત્ત્વ પોઝિટિવમાં લઇને, એવી રીતે સમજાવ્યું કે તે યુવાનના હૃદયમાં બેસી ગયું. તેના અંતરમાં સ્પર્શી ગયું. પછી તો પૂરો રસ જાગ્યો.....આવી અપૂર્વ જાગૃતિનું જીવન પામનાર યુવાન તે શ્રી શશીકાંતભાઈ મહેતા.

સાહેબજી સાથે ૨૧ દિવસની સ્થિરતા કરી. એ સ્થિરતામાં એવું મેળવ્યું કે જે કાયમ માટે હૈયે વસી ગયું. જીવનમાં એક Turning Point મળ્યો. પોતે ગમે તે વાંચન કરે તેને આપણા દર્શન પ્રમાણે સમાવતાર કરી દે. આજે દેશ-વિદેશમાં પૂ. પંન્યાસજી મહારાજની ભાવનાઓનો પ્રસાર અને પ્રચાર કરીને તેઓ ગુરુભક્તિ કરી રહ્યા છે.

રાજકોટથી પૂ. પંન્યાસજી મહારાજે વિહાર લંબાવ્યો. નાના નાના ક્ષેત્રોમાં ધર્મની પ્રભાવના થાય, તેમજ નવા જિનાલયોમાં શ્રી જિનેશ્વર ભગવાનનાં દર્શન થાય, પરિણામે દર્શનશુદ્ધિમાં વૃદ્ધિ

થાય તે હેતુથી તેઓશ્રી રાજકોટથી વાંકાનેર, વાંકાનેરથી મોરબી, હળવદ, ધ્રાંગધ્રા, ઝીંઝુવાડા આદિ થઇને પરમપવિત્ર તીર્થધામ શ્રી શંખેશ્વરજી પધાર્યા. જગદાનંદ, જીવિતેશ્વર ભગવાન પાર્શ્વનાથનાં દર્શન કરતાં,

'મેરો મન તુમ સાથે લીનો
અલિ જિમ કમલ ભણી...'

– હ�ૃદયના ઉદ્‌ગાર સાથે મનભરીને દાદાને ભેટ્યા.

અહીં પોતાના ઉપકારી દાદાગુરુદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની અસ્વસ્થ તબિયતના સમાચાર મળ્યા. તરત જ અમદાવાદ તરફ વિહાર આદર્યો. અમદાવાદ આવી, પોતાના દાદાગુરુદેવના ખોળામાં માથું મૂક્યું. સુખ શાતા પૂછી. એકદમ ગળગળા થઈ ગયા.

આ બાજુ બેડા દીક્ષાનો પ્રસંગ ઊભો હતો. પંન્યાસજી મહારાજની તબિયત પણ થોડી ઢીલી હતી. એક રાત્રે તેઓશ્રીએ પૂ. દાદા ગુરુદેવને વિનંતીપૂર્વક કહ્યું, "પૂજ્ય ગુરુદેવ! આપની આવી તબિયત છે, મને પણ થોડી અસ્વસ્થતા છે, તો જો આપ કૃપા કરો અને બીજા મહાત્માઓની બેડા જવા માટે વ્યવસ્થા કરો તો મને આનંદ થશે."

ત્યારે દાદા ગુરુદેવે કહ્યું, "આપણે વચન આપેલું છે. તથા સુશ્રાવક હિંમતભાઈ તમારી નિશ્રા જ ઇચ્છે છે. તેથી જવું જરૂરી છે."

દુઃખિત હૃદયે, ભારે પગલે...પૂજ્યશ્રીએ, પૂજ્ય ગુરુદેવની આજ્ઞા અને વચન ખાતર જ મારવાડ તરફ વિહાર કર્યો.[૧]

અહીં આ તકે એક ખુલાસો કરવો જરૂરી લાગતાં લખું છું... કે અમુક મહાત્માઓ જેઓ બીજા વડીલ મહાત્માઓને ઉતારી પાડવાના અશુભ આશયથી આ મહાત્માને માટે લખે છે અને બોલે છે કે પૂજ્ય પંન્યાસજી મહારાજ તો સમુદાયના પ્રશ્નોથી કંટાળીને મારવાડમાં જઈને સંન્યાસ લઈ લીધો. પરંતુ સત્ય હકીકત તો ઉપર મુજબની છે, જે પૂજ્યશ્રીના શિષ્યો તરફથી મને જાણવા મળી છે.

મારવાડના માર્ગે....!

વિહાર કરીને પૂજ્યશ્રી બેડા પહોંચ્યા. ભવ્ય સામૈયું થયું. શુભ દિવસે પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં દીક્ષા પ્રસંગ ઉજવાયેા. જે બેડા માટે એક અવિસ્મરણીય પ્રસંગ હતેા.

૨૦૨૨નું ચાતુર્માસ પૂજ્યેાની આજ્ઞાથી બેડામાં જ કર્યું અને ઉપધાનની પણ ભવ્ય આરાધના થઈ. તે સમય દરમ્યાન સાણંદ મુકામેથી પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનેા પંન્યાસજી મહારાજ ઉપર આચાર્યપદ ગ્રહણ કરવા માટેનેા આજ્ઞા પત્ર આવ્યેા.

"આ દિવસે તમારે સાણંદ આવી જવાનું છે, તમારી તથા અન્ય મહાત્માઓની આચાર્ય પદવી નક્કી થઈ છે."

ત્યારે

આ વિશિષ્ટપદના ભારને વહન કરવાની અશકચતા બતાવતાં પૂજ્યશ્રીએ લખેલ પત્ર અહીં રજૂ કરેા છે.

પંન્યાસજી મહારાજના પદ અંગેના અભિપ્રાયેા

પરમ પૂજ્ય સિદ્ધાંતમહેાદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે, પૂજ્યશ્રીને પદવી આપવા અંગેનેા આખરી નિર્ણય લઈને જણાવ્યું. ત્યારે પંન્યાસજી મહારાજે પૂજ્ય આચાર્ય ભગવંત ઉપર પદ–પદવી અંગે પૂર્ણ નમ્રતા પ્રગટ કરતેા પત્ર, પેાતાના હસ્તાક્ષરેામાં પાઠવ્યેા.

બેડા

પેાષ સુદ–૪–શનિવાર.

પરમારાધ્યપાદ પ્રાતઃસ્મરણીય ભવેાદધિત્રાતા પરમ ગુરુદેવશ્રીના પાદપદ્મમાં સેવક ભદ્રંકર આદિ ઠાણા ૧૪ની કેાટિશઃ વન્દનાવલી અવધારવા અનુગ્રહ કરશેાજી—

આપશ્રી તરફથી પં. હિમાંશુવિજયજી ગણીનેા લખેલેા પેાષ સુદ ૧ નેા પત્ર અહિ સુદ–૨ ની બપેારે મળ્યેા છે, પત્રમાં લખેલી

બીના જાણી છે. આવા ગંભીર વિષયમાં મારો અભિપ્રાય શું કામ આવે? છતાં આપશ્રી પૂછાવો જ છો તો મારી અલ્પમતિ મુજબ બે દિવસ વિચાર કરતાં જે લાગ્યું તે જણાવું છું.

અન્ય સમુદાયોમાં સામાન્ય સાધુઓ પણ પદસ્થ બને છે. તેથી સમાજમાં તેમનું સ્થાન બીજા યોગ્ય મુનિઓ કરતાં પણ ઊંચું આવે છે, તેવો એકાંત નથી. ઘણીવાર તેથી ઊલટું બને છે. યોગ્યતા કરતાં વધારે ઊંચી પદવી આજે કોઈ પણ શાણા અને સમજુ માણસને આકર્ષતી નથી, શ્રદ્ધાનો યુગ હવે રહ્યો નથી. બુદ્ધિવાદ સર્વત્ર પ્રસરતો જાય છે. તેથી પદ કે પદવી કરતાં યોગ્યતાની વધુ કદર થાય છે. વિશેષણો પણ જેમ ઓછાં લગાડવામાં આવે છે, તેમ લોકોને વધુ ગમે છે. અને કેવળ 'મુનિ' શબ્દ વધારે પસંદ પડે છે. જેટલી કૃત્રિમતા અને અતિશયોક્તિ વધી છે કે વધે છે તેટલી આંતરિક ભાવના તૂટતી જાય છે. ચારિત્રપાત્ર છે અને આરાધનાના ખપી છે તેઓનું ગૌરવ પદ–પદવી વિના જ વધ્યું છે અને વધતું રહે છે, તે પ્રત્યક્ષ છે. બીજા સમુદાયની હરિફાઈમાં પદ–પદવી તરફ દોરાઈ જવાથી તે ગૌરવ વધવાનું તો નથી જ, પરંતુ ઘટવા સંભવ પુરેપુરો છે. સંયમ જીવનની રક્ષા માટે જેટલો વધુ પ્રયાસ રહેશે તેટલી વસ્તુની જ સાચી કદર હવે પછીના સમયમાં થવાની છે. વળી યોગ્યને પદવીઓ આપે આપી જ છે અને આપ આપની ફરજમાંથી મુક્ત થયા છો. આથી વધારે મહાન અને ઉચ્ચપદ મેળવવા માટે સાધુઓએ જ પોતે યોગ્યતાને વિકસાવવા પ્રયત્ન કરવાનો છે અને શાસ્ત્ર નિરુપિત ગુણો કેળવીને અધિકારી બનવાનું રહે છે. "पात्र-मायान्ति संपदः" પાત્રતા વધવાની સાથે જ બાહ્ય સંપત્તિઓ તો આનુષંગિક રીતે આપોઆપ ખેંચાઈ આવે છે. આપે આપના તરફથી થાય તેટલો પ્રયત્ન કરી લીધો છે. હવે કૃતજ્ઞ અને વિનીત મુનિવરોએ પોતાનો ભાગ ભજવવાનો રહે છે. આપશ્રીની વિદ્યમાનતામાં તે કાર્ય પણ સિદ્ધ થશે જ. તે માટે આટલો સમય જેમ ધૈર્ય ધર્યું તેમ

થોડા વધુ સમય માટે ધૈર્ય ધરવામાં આવશે તો કાર્ય વધુ સારું થશે અને આપશ્રીના અંતરાત્માને પૂર્ણ શાંતિ થશે.

રાજકીય પરિસ્થિતિ પણ અત્યારે છેલ્લી કક્ષાએ જઈ રહી છે. લોક માનસ પણ અશાંત છે. તેવા સમયે બીજાની હરિફાઈમાં ઉતરીને ઉતાવળે કામ કરી લેવું તે વ્યાજબી કે અનુકૂળ નથી. યોગ્ય સમય સુધી રાહ જોવી તે વ્યાજબી છે તે આપ વધુ જાણી શકો છો. દરમ્યાન ચતુર્વિધ સંઘમાં હિત થાય તેવું રચનાત્મક કાર્ય તો આપશ્રી કરી રહ્યા જ છો અને હજુ પણ તે દિશામાં કાર્ય અધિક થાય તેવી યોજના આપ કરી શકો છો.

મુનિઓ પરસ્પર વાત્સલ્ય–સ્નેહવાળા બને ઉપબૃંહણાદિ આચારોની સાથે મહાવ્રત સમિતિ–ગુપ્તિ આદિના પાલનમાં વધુ સુસ્થિર બને, એ કાર્ય જેટલું સંગીન બનશે, તેટલું પ્રવચન ગૌરવ અધિક વધશે અને એ જ આજના સમયની સાચી માગ છે. તે આપશ્રી દ્વારા પૂરી પડે છે અને પૂરી પડશે. એવી શાણો સમાજ પુરેપુરી આશા રાખે છે.

પત્રનો ઉત્તર તુરત જ આપવો જોઈતો હતો. પરંતુ આપશ્રીનો પત્ર મળ્યા બાદ અનેક વિચારો એક પછી એક ઉત્પન્ન થવા લાગ્યા, તેમાંથી શું લખવું અને શું ન લખવું તેનો કોઈ નિર્ણય થઈ શકયો નહિ. અંતે આપશ્રીની સંઘ પ્રત્યે તથા સમુદાય પ્રત્યે વાત્સલ્યભરી દૃષ્ટિનો વિચાર કરતાં આજે પ્રાતઃકાળે પંચપરમેષ્ટિ ભગવંતોનું સ્મરણ કરીને જે શુભ વિચારો આવ્યા, તે આ પત્રમાં લખી જણાવ્યા છે.

પુણ્યમાં પૂરા અને પ્રભાવ–પ્રતિભામાંય નહિ અધૂરા એવા પંન્યાસજી મહારાજનો નિઃસ્પૃહતા અને વિનમ્રતા ભલભલાનાં મસ્તક નમાવી જાય તેવી હતી.

ફરીને પાછી જ્યારે–પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા દ્વારા એમની આગળ આચાર્યપદને સ્વીકારવા માટેની વાત

મૂકાઈ, ત્યારે તેનો જવાબ વાળતાં, "આપ પૂજ્યોની કૃપાથી પ્રાપ્ત આ મુનિપદ અને ગણિ પંન્યાસ પદ એવાં મહાન છે કે એના પરિપાલનદ્વારા સ્વપરના જીવનને ધન્ય-કૃતાર્થ બનાવવા હું સતત પ્રયત્નશીલ રહું-એવા અંતરના આશીર્વાદ સદા મારા પર વરસાવતા રહો. આપશ્રી જે કોઇનેય આ પદ આપવા ઇચ્છતા હો એને આપવા મારા તરફથી હું ખુશી વ્યક્ત કરું છું."

આ પત્ર વાંચતાં પૂજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજે તે વખતે તે નિર્ણય પડતો મુકેલ કે આવી-યોગ્ય વ્યક્તિને છોડીને પદવીબીજાની ન કરાય.

છેલ્લે જ્યારે પોતાના પરમ ગુરુદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ તરફથી આચાર્યપદને સ્વીકારવા અંગે વાત મૂકાઈ, ત્યારે પણ પંન્યાસજી મહારાજે એવી નિઃસ્પૃહતા અને નમ્રતા દાખવી અને પોતાનાથી નાના-મોટા જે કોઇ પૂજ્યોને આચાર્ય પદવી અપાઇ, એમના પ્રત્યે બહુમાનનો ભાવ દર્શાવવામાં જરાય કચાશ રાખી નહિ.

આચાર્ય પદવીના સ્વીકાર માટે ચોતરફથી ભક્તવર્ગ પ્રાર્થના કરતો રહ્યો, પરંતુ નિસ્પૃહમૂર્તિ પૂજ્યશ્રી સસ્મિત વદને સદા આ પ્રાર્થનાને નકારતા રહ્યા અને આયુષ્યની અંતિમ ક્ષણ સુધી...

'પંન્યાસજી મહારાજ' ના પૂજ્ય નામથી જ જન-મનમાં સ્થાપિત રહ્યા.

સં. ૨૦૨૩

સં. ૨૦૨૩નું ચાતુર્માસ લુણાવા શ્રીસંઘના આગ્રહથી પૂજ્ય પંન્યાસજી મહારાજે લુણાવા ખાતે કર્યું. આ ચાતુર્માસ એક વિશિષ્ટ આરાધનામય પસાર થયું. ચોમાસા બાદ શ્રી કસ્તુરચંદજી ભીખાજી તરફથી ઉપધાન નક્કી થયાં. પરંતુ તે દરમ્યાન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનો અંગત પત્ર આવ્યોઃ "મારી તબિયત નરમ છે તેથી અને મારી અંગત સમાધિ માટે તમારે તરત આવી જવું."

ઉપધાન મુલતવી રાખીને બીજો કોઈ વિકલ્પ કર્યા વિના તરત જ પૂજ્યશ્રીએ પોતાના શિષ્ય પરિવાર સાથે ખંભાત તરફ વિહાર કર્યો. સરૂપગંજ સુધી પહોંચ્યા ત્યાં તો એકદમ પૂજ્યશ્રીને પગમાં સોજા આવી ગયા. ચાલવું મુશ્કેલ ભર્યું બન્યું.

ખંભાત આ સમાચાર પૂજ્ય પરમ દાદાગુરુને મળ્યા. તરતજ પત્ર આવી ગયો. "તમારી આવી તબિયત તથા પરિસ્થિતિ છે, તેથી ખેંચાઈને આવશો નહિ."

ધીરે ધીરે સુધારો થતાં પૂજ્યશ્રી સિરોહી મુકામે પહોંચ્યા અને આરામ કર્યો. ત્યાં સ્વસ્થ થતાં, 'શ્રી નવપદ આરાધક સમાજ' ની વિનંતીથી, પૂજ્ય ગુરુદેવની આજ્ઞા મુજબ નાકોડા તરફ વિહાર કર્યો. અહીં ઓળીની સુંદર આરાધના કરાવી. તન નાકોડામાં હતું, પણ મન તો ઉપકારી ગુરુદેવમાં હતું.

અહીં પરમ પૂજ્ય ગુરુદેવનો આજ્ઞા પત્ર લઈને ગઢસિવાનાનો શ્રીસંઘ આવ્યો અને ચાતુર્માસ માટે જય બોલાવી. પૂજ્યશ્રી ગઢ-સિવાના પધાર્યા. સ્થિરતા હતી તેથી ખૂબ જ આરાધનામાં મગ્ન હતા. દિવસો આરાધનામય પસાર થતા હતા. ત્યાં એકાએક વૈશાખ વદ ૧૧ ની રાત્રે ઊંઘમાં પૂજ્ય પંન્યાસજી મહારાજના મુખથી, કચારેય પણ ન નીકળી હોય, તેવી જોરદાર ચીસ નીકળી. બધા મહાત્માઓ જાગી ગયા અને પૂછ્યું, "શું છે?"

પૂજ્યશ્રી બોલ્યા, "એક ભયંકર આકૃતિવાળો રાક્ષસ દેખાયો. અને તે કંઈક ઉપાડીને દોડતો ચાલ્યો ગયો. તે જોઈ ચીસ પડી ગઈ.

બધા મહાત્માઓ આશ્ચર્યમાં પડી ગયા 'કે શું હશે?' તેનો નિર્ણય ત્યારે કોઈ કરી શક્યું નહિ. પણ 'મુંબઈ સમાચાર' માં સમાચાર વાંચ્યા કે પરમ ઉપકારી વાત્સલ્યના સાગર પરમ પૂજ્ય દાદાગુરુદેવ બરોબર વૈશાખ વદ ૧૧ ની રાત્રે જ કાળધર્મ પામ્યા છે. આ સમાચાર જાણતાં જ તત્ત્વના જાણકાર પંન્યાસજી મહારાજ

પણ બે મિનિટ માટે એકદમ ઉદાસ થઇ ગયા. (આ પ્રસંગ એ દર્શાવી જાય છે કે પૂજ્યશ્રીના હૃદયમાં ગુરુદેવનું કેવું સ્થાન હતું અને ગુરુદેવના હૃદયમાં પૂજ્યશ્રીનું કેવું સ્થાન હતું)

સં. ૨૦૨૪ નું ચાતુર્માસ પૂજ્યશ્રીનું ગઢસિવાનામાં થયું.

પૂજ્ય પંન્યાસજી મહારાજ ગઢસિવાનામાં બિરાજમાન હતા, ત્યારે તેઓશ્રી પાસે લુણાવાનિવાસી શ્રી કસ્તુરચંદ ભીખાજી પરિવારની ઉપધાન કરાવવાની ભાવના થતાં, લુણાવા શ્રી સંઘ સાથે ગઢસિવાના વિનંતી કરવા આવ્યા. તે સાથે શ્રી જયંતિભાઈ, હાલારના ધાર્મિક શિક્ષણ માટે સતત પ્રયત્નશીલ રહેનાર, ૧૦૦ વર્ધમાન તપની ઓળી પૂર્ણ કરનાર એવા ઉચ્ચ આત્માની દીક્ષા લુણાવા થાય, તેવી વિનંતી કરી. એ વિનંતીનો સ્વીકાર કરી, ચાતુર્માસ પૂર્ણ થતાં પૂજ્યશ્રી તરત જ વિહાર કરી લુણાવા પધાર્યા.

શ્રી જયંતિભાઈને ભાગવતી દીક્ષા આપીને, પૂ. તપસ્વી મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી જયંતભદ્રવિજયજી નામે જાહેર કર્યા.

પૂજ્યશ્રી શિષ્ય કરવા બાબત ખૂબ નિઃસ્પૃહી હતા.

કોઈ પણ શિષ્ય પૂજ્યશ્રી પાસે દીક્ષા લેવા આવે તો પોતાનું ચાલે ત્યાં સુધી, તેઓ બીજી યોગ્ય વ્યક્તિ પાસે જ દીક્ષા લેવાની ભલામણ કરતા. તે રીતે એમની પાસે આવેલા કેટલાય મુમુક્ષુઓ તેઓશ્રીની સૂચના મુજબ યોગ્ય સ્થળે દીક્ષા લઇને આરાધના કરતા.

મહારાષ્ટ્રમાં કલ્યાણ પાસે આવેલા મુરબાડ ગામના વતની એક મુમુક્ષુભાઈ ૨૦૧૫ માં પૂજ્યશ્રી પાસે દીક્ષા લેવા માટે આવ્યા. સાહેબજીએ તેમને કહ્યું, "દીક્ષા મારી પાસે લેવા કરતાં, જો જંબૂવિજયજી મહારાજ પાસે લો તો તમને વધુ લાભ થશે."

જંબૂવિજય મહારાજના ગુરુ મહારાજ કાળધર્મ પામ્યા હોવાથી તેઓ એકલા હતા. મુમુક્ષુભાઇએ સાહેબજીની વાત સ્વીકારી, ત્યાં

પહોંચી ગયા અને દીક્ષા લીધી. તેઓશ્રી દેવભદ્રવિજયજી મહારાજ તરીકે સુંદર સંયમ પાળીને આત્મકલ્યાણ સાધી ગયા.

કડી પાસે રાજપુર ગામ છે, ત્યાંના વતની નાથાભાઈ પૂજ્ય આ. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ તથા પૂજ્ય સુમિત્રવિજયજી (બાપજી મહારાજના) મહારાજના સંપર્કથી ધર્મ પામ્યા હતા. પાછળથી સુમિત્રવિજયજી મહારાજના કહેવાથી પંન્યાસજી મહારાજના પરિચયમાં આવ્યા.

નાથાભાઇને દીક્ષા લેવાની ભાવના તો વર્ષોથી હતી જ. પણ સંયોગવશાત્ લઈ શકતા નહિ. છેવટે તેમણે નિર્ણય કર્યો અને પંન્યાસજી મહારાજના શિષ્ય થવાની ઇચ્છા દર્શાવી.

નાથાભાઇ ઉપર મુખ્ય ઉપકાર પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજનો હતો. તેથી સાહેબજીએ ત્યાં જ દીક્ષા લેવા માટે પ્રેરણા કરી.

નાથાભાઈએ ઘણી આનાકાની કરી. છેવટે પરિવારમાંથી ગમે તે વ્યક્તિના શિષ્ય બનવાની તૈયારી બતાવી, જેથી દાદાગુરુ તરીકે સાહેબજીના ઉપકારની યાદ રહી શકે. પરંતુ સાહેબજીએ જરાપણ મચક ન આપી. અને પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ પાસે જ દીક્ષા લેવાની ભલામણ કરી. આખરે સાહેબજીની તેમણે આજ્ઞા સ્વીકારી અને ત્યાં જ દીક્ષા લીધી.

જે જે વ્યક્તિને જેનો જેનો ઉપકાર હોય, જેનો જેનો પરિચય હોય, સંબંધ હોય, તેમની પાસે જ દીક્ષા લેવાનો આગ્રહ રાખતા. પોતાનો શિષ્ય બનાવવાની વૃત્તિ, તેઓ જરાપણ સેવતા નહિ. કદાચ પોતાની પાસે જે દીક્ષા લે અથવા પોતાને દીક્ષા આપવી પડે તે વ્યક્તિને પણ પોતાના પરિવારમાંથી યોગ્ય વ્યક્તિના શિષ્ય બનાવતા, પણ પોતાનો શિષ્ય બનાવવાની ઇચ્છા ન રાખતા.

ત્યાર બાદ ઉપધાન શરૂ થયાં, તેમાં ૪૫૦ આરાધકો જોડાયા.

આ પ્રસંગે પંન્યાસપ્રવર સિંહ ગર્જનાના સ્વામી શ્રી મુક્તિ-વિજયજી ગણિવર્ય સપરિવાર પધાર્યા, તેથી પૂજ્ય પંન્યાસજી મહારાજને ખૂબ આનંદ થયો. જ્ઞાન ગોષ્ઠિમાં કલાકોના કલાકો નીકળી જતા. આનંદ-આનંદમય વાતાવરણ બની ગયું.

આ ઉપધાન દરમ્યાન રોજ...એક મુનિ જ્યારે સાહેબજીને વંદન કરવા જાય ત્યારે દસ મિનિટ પાસે બેસે. એકવાર સાહેબજીએ તેમને પૂછ્યું, "હાલમાં શું ગોખે છે?"

"જ્ઞાનસાર પાકું કરું છું." મુનિશ્રીએ જવાબ આપ્યો.

"યોગશાસ્ત્ર મોંઢે ચાલે છે?" સાહેબજીએ પૂછ્યું.

મુનિશ્રીએ જવાબમાં કહ્યું, "સાહેબ! યોગશાસ્ત્ર કર્યું જ નથી, ત્યાં ચાલવાની વાત ક્યાં?"

એ જ વખતે સાહેબજીએ સ્મિત સાથે પૂર્ણ મીઠાશથી કહ્યું, "ગાંડા! જ્ઞાનસાર ગોખી લીધું ને યોગશાસ્ત્ર બાકી છે? જ્ઞાનસાર તો ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ જીવન આખું જીવીને એનો સાર ઠાલવવા રચેલો છેલ્લો ગ્રંથ છે. સાધુજીવનનો ચ્છકો ને બારાખડી તો યોગશાસ્ત્રમાં છે. આચાર શું? સમિતિ શું? ગુપ્તિ શું? આ બધું યોગશાસ્ત્રમાં છે. છેલ્લો ગ્રંથ તારા હાથમાં પહેલો આવી ગયો. તું ભાગ્યાશાળી તો ખરો...."

પેલા મુનિશ્રીને આ સાંભળતાં એવી ચાનક લાગી કે તે જ દિવસે એ ગ્રંથ મેળવી લીધો. બીજા દિવસે સવારે પૂજ્યશ્રી પાસે ગયા. ગાથા લીધી અને યોગશાસ્ત્ર કંઠસ્થ કરવાની શરુઆત કરી દીધી.

પોતે મહાન હતા. છતાં નાનાને તુચ્છ ગણી હૈયું કે હોઠ ન આપવાની એમની પાસે તો વાત જ ન હતી. સામો માણસ જિજ્ઞાસુ અને પાત્ર હોય તો એમનો અનુભવજ્ઞાનનો અને શાસ્ત્રજ્ઞાનનો પાતાળ કૂવો સદાય ખુલ્લો રહેતો...

આ ઉપધાનની આરાધના દરમ્યાન એક જ નવપદના આરાધક-ભાઇએ નવપદજીની ઓળી નિમિત્તે પૂજ્યશ્રીની પ્રેરણા મુજબ, મુંબઈની પાઠશાળાઓના શિક્ષકોના પ્રોત્સાહન માટે રૂપિયા દશહજાર રોકડા આપ્યા. ત્યારે તે નિઃસ્પૃહ ગુરુના નિઃસ્પૃહ ભક્તે પોતાનું નામ ગુપ્ત રાખવાનો આગ્રહ રાખ્યો.

આ દરમ્યાન વિસલપુરના શ્રી સાકરજી ઉમાજી પરિવારની ઉપધાન માટે વિનંતી થઈ. લુણાવા ઉપધાન તપની પૂર્ણાહુતિ કરી, પૂજ્ય પંન્યાસજી મહારાજ વિસલપુર પધાર્યા. અઠવાડિયાના ટૂંકા ગાળામાં પણ પૂજ્યશ્રીના પ્રભાવને કારણે ૫૫૦ આરાધકો જોડાયા.

અહીં પૂજ્યશ્રીની તબિયત બગડી. શિવગંજ શ્રી સંઘની વિનંતી થતાં તેઓશ્રી શિવગંજ પધાર્યા.

ભાવિકોએ ઘણા ઉપચારના પ્રયત્નો કર્યા, પણ કોઈ સફળ થયા નહિ. પંદર દિવસ સુધી હેડકી સતત ચાલુ રહી.

આટલી ઉંમર સુધી ઇન્જેક્શન, આદિ ઉપચારો લીધેલા નહિ અને ન લેવાની તીવ્ર ઇચ્છા, પણ ડોકટરના અતિ આગ્રહથી ન છૂટકે પ્રથમવાર સેવવા પડ્યા. દવા શરૂ કરી. પછી તબિયતમાં સુધારો જોવા મળ્યો.

શિવગંજના સંઘની વિનંતીથી છોગમલ છોગાજી પરિવાર તરફથી પૂજ્યશ્રીનું સં ૨૦૨૫નું ચાતુર્માસ શિવગંજ નક્કી થયું. ભવ્ય સામૈયું થયું. સામૈયું પૂર્ણ થતાં, માંગલિક કરતાં પૂજ્ય પંન્યાસજી મહારાજે શિવગંજ શબ્દને વિષય બનાવીને વ્યાખ્યાન આપ્યું.

'શિવગંજ' એટલે 'શિવંકર ભાવનાનો ગંજ–પૂંજ' તેનો બીજો અર્થ છે. 'શિવનો ગંજ, શિવનું બજાર.' શિવના બજારમાં શું મળે? શિવસુખ અને શિવસુખ આપનારી વસ્તુઓ.

તમે શેના ખપી છો? શિવના જ ને? તો અશિવંકર રાગ–દ્વેષ–ઘૃણા આદિના ગ્રાહક ન હો, તે સ્વાભાવિક છે.

શિવ શું છે? જીવનું શુદ્ધ સ્વરૂપ. તેનો જેને ખપ છે, તે જીવ અશુદ્ધ કરનારા વિચાર–વાણી અને વર્તનનો ખપી ન જ હોય, રાગી ન જ હોય, ચાહક ન જ હોય.

આ વ્યાખ્યાન સાંભળીને શિવગંજમાં રહેનારા દિંગ થઈ ગયા. આરાધનાથી ભરપૂર અહીંનું ચાતુર્માસ પૂર્ણ થયું. આસપાસના તીર્થોની યાત્રા કરી.

પછી પૂજ્યશ્રીની તબિયત નરમ પડી. તે બિમારી કાયમી અસર મૂકીને ગઇ. અનાજ લેવાનું બંધ થયું તે બંધ જ રહ્યું.

શિવગંજના ચાતુર્માસ પછી પણ અવારનવાર રોગોના હુમલાઓ આવતા જ રહ્યા. પૂ. પંન્યાસજી મહારાજ એને હસતા હસતા સમતાભાવે સહતા જ રહ્યા.

પગે ચાલીને થોડો વિહાર થતો, ત્યાં સાદડી શ્રીસંઘની વિનંતીથી સં. ૨૦૨૬નું ચાતુર્માસ સાદડીમાં કર્યું.

ફાલના સ્ટેશનથી રાણકપુર જતાં રસ્તામાં સાદડી આવે છે. આ ગામમાં પુણ્યવંતા ઘણા ભાઈઓ જૈનત્વની ખુમારીને જીવાડીને જીવે છે. ગામમાં આવેલાં ભવ્ય કલામય મનોહર જિનાલયો જોતાં-વેંત ગામના શ્રીસંઘની શક્તિ, ભક્તિ અને ઉદારતાનો ખ્યાલ આવે છે. ઉપાશ્રયો સારા છે. 'બડા ઉપાશ્રય' માં પૂજ્યશ્રી પધાર્યા તબિયત વધુ નરમ થઇ. સારવાર માટે ડૉકટરોએ ઉદયપુર કે અમદાવાદ જવાની સલાહ આપી. અતિ આગ્રહ કર્યો. છતાં સાદડીમાં જ રહ્યા. ચાતુર્માસ પ્રવેશ થઈ ચૂકયો હતો. પૂજ્યશ્રીની ભાવના હતી કે ડોળીનો ઉપયોગ ન કરવો પડે તો સારું. એને સફળ બનાવવા જ તેઓશ્રી રાજસ્થાનને છોડવા માગતા ન હતા.

આ ચાતુર્માસમાં પૂ. પંન્યાસજી મહારાજ તથા પૂ. કુન્દકુન્દ-વિજયજી મહારાજે સાદડીને ધર્મસ્નેહથી તરબોળ કરી દીધું.

લુણાવામાં ચંદનમલજીને ઉપધાન કરાવવાની ભાવના થઈ. તે સમયે સાહેબજી સાદડી હતા. લુણાવાથી ચાર માઈલ કોટ ગામે

આચાર્ય શ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજ હતા. શ્રાવકો પંન્યાસજી મહારાજને ઉપધાન પ્રસંગે પધારવા માટે વિનંતી કરવા આવ્યા. સાહેબજીએ કહ્યું, "હું તો આવીશ પણ તમારે બાજુમાં બિરાજમાન પૂ. આ. શ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજને વિનંતી કરવા જવાનું છે."

શ્રાવકોએ જણાવ્યું, "અમારી ભાવના તો આપની નિશ્રામાં ઉપધાન કરાવવાની છે, તો આપ મુખ્ય જ રહો તો અમને વધુ આનંદ થશે."

સાહેબજીએ કહ્યું, "એક જ સમુદાયના વડીલ આચાર્ય બાજુમાં હોય અને વિનંતી ન કરીએ તો ઉચિત ન ગણાય અને ઔચિત્યના પાલન વિનાનાં કોઇ પણ ધર્મ કાર્યો સફળ ન બને. માટે તમારે વિનંતી કરવી જ જોઈએ." શ્રાવકોને આ વાત જચી નહિ. ફરી પાછા વિનંતી કર્યા વિના આવ્યા અને અગાઉની વાત કરી. ત્યારે પણ સાહેબજીએ એ જ જણાવ્યું. શ્રાવકો સ્વીકાર કરતાં ખચકાયા, ત્યારે તેમને સ્પષ્ટ કહી દીધું, "તો હું આ પ્રસંગે નહિ આવું. તમો તમારી રીતે બીજા પાસે ઉપધાન કરાવી શકો છો."

શ્રાવકોને તો પંન્યાસજી મહારાજ સિવાય ઉપધાન કરાવવાં હતાં જ નહિ, તેથી તેઓશ્રીની આજ્ઞાને શિરોમાન્ય કરી. પૂ. આચાર્ય શ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજને પણ પધારવા વિનંતી કરી. બંને પૂજ્યોની નિશ્રામાં લુણાવામાં ૩૦૦ આરાધકોનાં ઉપધાન તપ થયાં.

આજુબાજુમાં કોઇ પણ વડીલ કે યોગ્ય વ્યક્તિ હાજર હોય તો ધાર્મિક પ્રસંગે શ્રાવકો દ્વારા સાહેબજી વિનંતી કરાવીને પ્રસંગોને શોભાવતા.

જ્યારે કોઈ પણ પ્રસંગે શ્રાવકો વિનંતી કરવા આવે ત્યારે પોતાના સિવાય, બીજા યોગ્ય સાધુને લાવવા ભલામણ તો કરતા અને છેવટે પોતે જતા તો પણ સાથે સાથે બીજી યોગ્ય વ્યક્તિઓને પણ અમુક તે પ્રસંગે બોલાવતા અને સંપૂર્ણ પણે તેઓ દ્વારા આરાધના–વ્યાખ્યાન આદિ કરાવતા.

વિ. સં. ૨૦૨૭

૨૦૨૭ની સાલે પિંડવાડામાં સોનાનો સૂરજ ઉગ્યો. કર્મસિદ્ધાંત મહોદધિ સ્વ. પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પિંડવાડામાં અને અજારીમાં ભાવન જિનાલયની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ, પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉજવાયો. તે કારણે પોતાના ગુરુના દર્શનનો લાભ પંન્યાસજી મહારાજ મેળવી શકયા.

અજારી પ્રતિષ્ઠા વખતે પટ્ટક બાબત સમુદાયમાં મડાગાંઠ હતી, તે એક દિવસમાં બંને પક્ષે સમાધાન રહે તેવી ભૂમિકા સર્જી.

આ સાલનું ચાતુર્માસ પિંડવાડામાં થયું. તેમાં જૈન-અજૈન પ્રજા વચ્ચે જોરદાર સંઘર્ષ જાગ્યો. છતાં પૂજ્યશ્રીની કૃપાથી કોઈને વિશેષ તકલીફ ન પડી અને પૂજ્યશ્રી પ્રત્યે અજૈનોને પણ આદર-ભાવ જાગ્યો. અંતે સાહેબજીની સમતા ભાવનાથી સંઘર્ષ ટળી ગયો.

પૂજ્યશ્રીના પુણ્યદેહે અવાર નવાર તકલીફો ઊભી થવા લાગી.

સં ૨૦૨૮ અને ૨૦૨૯નાં બે વર્ષ લુણાવા.

નરમ તબિયતના કારણે લુણાવામાં રહેવાનું થયું. ડૉ. ગંગાસિંહજી પરિચયમાં આવ્યા. ઉપરાંત મુંબઈના ડૉકટર કીર્તિભાઈ, ભણશાળી, શરદ શાહ, અમદાવાદના ડૉકટર મનુભાઇ શાહ, રસિકભાઈ પરીખ આદિ પૂજ્યશ્રીની સેવામાં ખડે પગે હાજર રહેતા, શરીર તપાસતા, નાડી જોતા, મોંમાં આંગળાં નાખી દેતા, આ પ્રશાંત પુરુષનું દર્શન કરતાં.

સં. ૨૦૨૮.

સાહેબજીને પ્રથમ પ્રોસ્ટેટની તકલીફ લુણાવામાં ૨૦૨૮ ના ધનતેરસે થઈ. તબિયત એકાએક ઘણી ગંભીર બની. ડૉકટરોએ

તપાસ્યું તો B. P. ૪૦ હતું. છતાં તેઓ સંપૂર્ણ ભાનમાં હતા. ડૉકટરને આથી આશ્ચર્ય થયું. ત્રણ વખત જુદા જુદા સાધનોથી તપાસ્યા. પછી ડૉકટરે બહાર આવીને જણાવ્યું.

"દશ મિનિટનો ખેલ છે, છતાં પ્રયત્ન કરીએ." ડૉકટરે પ્રયત્નો ચાલુ કર્યા. છતાં પોતે સંપૂર્ણ સજાગ હતા. સાધુઓ આરાધનાનાં સૂત્રો સંભળાવતા હતા. તેમાં કોઈ ભૂલ જણાય તો પોતે તરત જ ધ્યાન દોરતા, સુધારતા. તે જોઈને ડૉકટરને ઘણું આશ્ચર્ય થતું.

સાહેબજીમાં થોડી સ્વસ્થતા આવી તે જોતાં ડૉકટર પૂછતા "આ પ્રકારની સ્થિતિમાં તમો સ્વસ્થ કઈ રીતે રહો છો... આવી શાંતિ કઈ રીતે હોઈ શકે?"

સાહેબજી જવાબ વાળતા, "શરીર અને આત્મા અલગ છે. તેનો મને સતત અનુભવ થતો હતો. હું આત્મામાં સ્થિર હતો. તમો તમારું કામ કરો છો, હું મારું કામ કરું છું."

આ પ્રસંગ બન્યા પછી ડૉકટરો, સાહેબજી જ્યાં હોય ત્યાં આવતા મળતા–અડધો પોણો કલાક સાહેબ પાસે બેસતા. ધર્મ સાંભળીને જતા.

ભવ રોગ વૈદ્ય એવા પૂજ્યશ્રીના ભક્ત બની જતા.

ઘણા ડૉકટરોને થતું કે આ મહાત્મા તેમના તપથી જીવે છે, બાકી આવી સ્થિતિમાં આટલું જીવાય નહિ.

પૂજ્યશ્રીના પુણ્ય દેહે અવારનવાર તકલીફો ઊભી થતી. 'રોગ એ પણ એક પરિષહ છે.' તેમ કહેતા આ સમર્થ પુરુષ અશાતા–વેદનીય કર્મને–રોગને સહન કરતા, નિજ આત્મામાં રમતા.

ડૉ. ભણસાલી.

ડૉ. ભણસાલી ખૂબ જ જાણીતા હતા.

મુંબઈમાં તેઓને મળવા માટે એક મહિના અગાઉ એપોઈન્ટ-મેન્ટ લેવી પડે.

પૂજ્ય પંન્યાસજી મહારાજથી તેઓ ખૂબ જ પ્રભાવિત હતા. કોઇએ તેમને કહ્યું, 'સાહેબજી તમને યાદ કરે છે.' તો બીજા દિવસે પોતે એકલા જ વિમાનમાં નીકળ્યા.

સાદડી આવી ગયા.

મુંબઇના કાર્યમાં સતત વ્યસ્ત રહેતા ડૉકટર પૂજ્યશ્રીના સાત્ત્વિક વચનથી ગુરુભક્ત બન્યા. દશ-બાંધી નવકારવાળી રોજ ગણતા રહ્યા.

૨૦૨૮ ના બેસતા વર્ષે તેઓ લુણાવા આવેલા અને સાહેબજીને સારી રીતે જોઈ તપાસી યોગ્ય સારવાર આપીને જણાવેલું કે પંદર દિવસ પછી તે રોગના નિષ્ણાતને સાથે લઇને આવીશ.

તેઓ મુંબઈ ગયા. ભવિતવ્યતા એવી કે મુંબઈ કોઈ હાર્ટના દર્દીને ટાટા હૉસ્પિટલમાં જોવા જતાં જ, પોતે ધરતી પરથી કાયમ માટે વિદાય થયા...! ૨૦૨૮. કારતક સુદ ૧૪.

લુણાવાથી પંન્યાસજી મહારાજ સેવાડી પધાર્યા. અહીં એક મહિનો સ્થિરતા કરી.

એક દિવસ પૂજ્યપાદશ્રી સાધુ સાથે બહાર સ્થંડિલ જઇ રહ્યા હતા. આકાશ ખુલ્લું હતું. હવા પ્રસન્ન હતી. શાંતિ ચોમેર હતી. મંદગતિથી પૂજ્યશ્રીનાં પગલાં આગળ વધી રહ્યા હતાં. ત્યાં એકાએક નજર થંભી ગઈ. જોયું તો બે ગધેડાં મસ્તીમાં ચરી રહ્યાં હતાં. તે બંનેને બતાવતાં સાથેના સાધુને તત્કાળ કહ્યું,

"કેટલી મજૂરી કરાવે છે આમને... એમનો માલિક. સતત ભારનું વહન કરવા છતાં જુઓ, તેઓ કેવાં મસ્તીથી ચરી રહ્યાં છે.

अविश्रामं वहेद्भारं,
शीतोष्णं च न विन्दति ।
ससंतोषस्तथा नित्यं
त्रीणि शिक्षेत् गर्दभात् ॥

ઠંડી કે ગરમીની કૈં પડી છે ! સદા સંતોષમાં જીવે છે.” અને પછી ઉમેર્યું,

“આપણને કેટલી અનુકૂળતાઓ મળે છે, તો પણ કંઇકને કંઈક ઊણપ સાલે છે. ઓછું ને ઓછું લાગે છે ! સંતોષ જ જીવન છે, માણસ જો આમનામાંથી કંઈક શીખે તો પણ ઘણું છે.”

સેવાડી દાદા શાંતિનાથ પરમાત્મા પાસે લગાતાર એક મહિના સુધી ભક્તિ અમીરસનાં પાન કર્યાં.

પાછા તબિયત અસ્વસ્થ થતાં, તેઓશ્રી લુણાવા પધાર્યા.

લુણાવામાં પંન્યાસજી મહારાજ સાહેબને ઠીક ઠીક રહેવાનું થયું. લુણાવાથી રાણકપુર–તીર્થ નજીક જ છે. શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ઘણીવાર રાણકપુર જતા. જતી વખતે લુણાવા ઉતરતા. પૂજ્યશ્રીનાં દર્શન માટે રોકાતા. વાત તો બહુ ન થતી, પણ પૂજ્યશ્રીનું મૌન જ એમને વારંવાર લુણાવા ઉતરવા પ્રેરતું. કોઈક વાર પૂજ્યશ્રી બહાર ગયા હોય તો શ્રી કસ્તુરભાઇ ૧૫–૨૦ મિનિટ રોકાઈને ય દર્શન કરીને જ પછી રાણકપુર જતા.

એકવારની મુલાકાતમાં શ્રી કસ્તુરભાઈએ જૈન સંઘની વર્તમાન–પરિસ્થિતિ અંગે હૃદયનું ઊંડું દુઃખ વ્યક્ત કરીને પૂ. પંન્યાસજી મહારાજને કહ્યું, “આપનું પુણ્ય સમગ્ર–સંઘમાં ઘણું છે. આપ આ વિષયમાં મહેનત કરો તો જરૂર સોનાનો સૂરજ ઊગે...!”

પૂ. આચાર્યદેવશ્રીનું નામ નિર્દેશીને તેમણે કહ્યું,

“આપ આ વિષયમાં એમની સાથે વિચાર–વિનિમય ન કરી શકો ?”

જવાબમાં પૂજ્યશ્રીએ જણાવ્યું, “સમાજમાં જેમ આજે તમારું એક જાતનું વિશિષ્ટ પુણ્ય છે, તેમ પૂ. આચાર્યદેવશ્રીનું ય છે. માટે તમે એમની નજીક જવાનો પ્રયાસ કરો. તમે બંને જેટલા વિષયમાં એક, એટલો જ જૈન સંઘ એક...! તમારા બંને વચ્ચે જેટલું અંતર,

એટલું જ સંઘમાં અંદરો અંદર અંતર...! આ વાત કસ્તુરભાઈને સચોટ બેસી ગઇ.

૨૦૨૯નું ચાતુર્માસ પૂર્ણ કરી મૂછાળા મહાવીર તીર્થમાં નવપદ આરાધક સમાજના ઉપક્રમે લુણાવાનિવાસી શા. કસ્તુરચંદ ભીખાજી તરફથી શાશ્વતી ચૈત્રમાસની ઓળી માટે પૂ. પંન્યાસજી મહારાજ પધાર્યા. તે સમયે ચાર મહાત્માઓની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિની ઉજવણી કરવાનું નક્કી થયું. પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી. મ. (બાપજી. મ. ના સમુદાયના) પ. પૂજ્ય મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી. મ., પ. પૂજ્ય મુનિરાજશ્રી કલ્યાણપ્રભવિજયજી મ. તથા પ. પૂજ્ય મુનિરાજશ્રી જયમંગલવિજયજી મ. ની ૧૦૦મી ઓળીનું પારણું થયું અને ૫૧ છોડયુક્ત ભવ્ય ઓળીની આરાધના સેંકડો આરાધકોએ કરી. અહીં મુંડારા શ્રી સંઘની આગ્રહભરી વિનંતી ચાતુર્માસ માટે થતાં, પૂજ્યશ્રીએ અનુમતિ આપી.

ઓળી બાદ પૂ. પંન્યાસજી મહારાજની તબિયત વધુ અસ્વસ્થ બની, તેમાં તેમના સમતા–સમાધિ–વિશ્વપ્રેમ–ગુણાનુરાગ આદિ ગુણો વધુ ઝળકયા. સોનાને જેમ વધારે ગરમ કરીએ તેમ વધુ ચમકે, તેમ પૂજ્યશ્રીની આરાધનામાં વેગ આવ્યો, આસપાસના દરેક ગામના ડૉકટરો વગર બોલાવે આવવા લાગ્યા અને આવા જંગલ પ્રદેશમાં પણ શુશ્રુષા કરવા લાગ્યા. તે એક આશ્ચર્યકારક ઘટના કહી શકાય. ત્યાંથી વિહાર કરીને પંન્યાસજી મહારાજ મુંડારા પધાર્યા.

સં. ૨૦૩૦નું ચાતુર્માસ મુંડારા કર્યું.

મુંડારામાં પૂજ્યશ્રીના આરોગ્યમાં ચઢ-ઉતર ચાલુ હતી. સમય સમયનું કામ કરે છે, તેમ શરીર, શરીરનું કામ કરે છે. પણ આપ-સ્વભાવમાં ઓતપ્રોત એવા આ અવધૂત મહાત્મા, આત્મરૂપે જીવતા હતા. ભક્તિથી ભાવદેહને પુષ્ટ કરતા હતા.

એક દિવસ એક મુમુક્ષુભાઈ પંન્યાસજી મહારાજ પાસે જઇને બેઠા. પૂજ્યશ્રીના દર્શનથી ખૂબ પ્રસન્ન થયા અને પોતાની વધેલી

વૈરાગ્યભાવના વિશે વાત કરી. દીક્ષા માટે મા–બાપ અનુમતિ આપી શકે તેવી કોઈ શકયતા નથી તે પણ પૂજ્યશ્રીને જણાવ્યું.

દીક્ષાને ઝંખતા એ મુમુક્ષુભાઈને સાહેબજીએ કહ્યું : "જરા ધીરજ ધરો. નવકાર મંત્રની સાધના વધારો. તેથી વિઘ્નોનાં વાદળ દૂર થશે.

દીક્ષા માટે મા–બાપની મંજુરી મેળવવી જરૂરી છે. લૌકિક ઉપકારી જે છે, તેનો તિરસ્કાર કરીને અહીં આવે છે તો તે ચારિત્ર-ધર્મની સફળતા પ્રાપ્ત કરી શકતા નથી." અને થોડીવાર શાંત રહીને જણાવ્યું :

"બે સગા ભાઈઓ હોય છે, છતાં બેમાં સંપ–પ્રેમ જોવા નહિ મળે. અહીં તો એક ગુજરાતી, એક મારવાડી–એક સાજો એક માંદો–એમ ભિન્ન ભિન્ન પ્રદેશમાંથી આવેલા, ભિન્ન ભિન્ન સ્વભાવ-વાળા સાધુઓ હોય છે. તેમની સાથે તમારામાં સમન્વય વૃત્તિ–સમાધાન–વૃત્તિ ન હોય તો શાંતિ કઇ રીતે ટકી શકે ?

સૌએ સંપથી રહેવા માટે પ્રેમ કેળવવો જોઈએ. મૈત્રી–આત્મીય-ભાવ કેળવવો જોઈ એ. તો જ લીધેલું સાધુપણું દીપે અને સાધનામાં સફળતા સાંપડે."

*

આ પછી જ્યાં અનુમતિની કોઇ શકયતા હતી નહિ તે મુમુક્ષુ-ભાઈને, પૂજ્યશ્રીની કૃપા પ્રભાવથી–સંયમ સ્વીકારની તેમના મા–બાપે સંમતિ આપી.

ચાતુર્માસ પૂર્ણ થતાં પૂજ્ય પંન્યાસજી મહારાજના ઉપદેશથી મુંડારાથી રાણકપુરની પંચતીર્થીનો સંઘ નીકળ્યો. જેમાં પૂજ્યશ્રી સંઘનું પ્રયાણ કરાવી, લુણાવા શ્રી ભીખમચંદજી હંસાજી પરિવાર તરફથી ઉપધાન માટે પધાર્યા.

પૂ. પ્રદ્યોતનવિજયજી મહારાજ અને પૂ. કુંદકુંદવિજયજી

મહારાજને સંઘમાં મોકલ્યા. સંઘ પૂર્ણ થતાં બધા મુનિ ભગવંતો લુણાવા આવ્યા અને પૂજ્યશ્રીની નિશ્રામાં આરાધના કરવા લાગ્યા.

સં. ૨૦૩૧માં શ્રી રાતામહાવીરજી તીર્થમાં 'શ્રીનવપદ આરાધક સમાજ' ના ઉપક્રમે પૂજ્યશ્રીની નિશ્રામાં ઓળી થઇ. તે સમયે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી પધાર્યા.

બંને પૂજ્યોએ ચાતુર્માસ બેડામાં કર્યું. આસો માસમાં ઉપધાન તપની આરાધના થઇ. તેમાં પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરિજી વ્યાખ્યાનો આપતા.

એક દિવસ એવું બન્યું કે...

બેડા દહેરાસર સામે ઉપાશ્રય છે. ઉપાશ્રયની મેડી ઉપર સાંજના ચાર વાગે બહારગામથી એક ભાઇ સાહેબજી પાસે આવ્યા. બેઠા અને અલકમલકની વાતો કરી. પોતે ખૂબ જાણકાર છે એવો દેખાવ કરવા લાગ્યા. વાતોમાં અભિમાન તરી આવતું.

પરમ તારક ગુરુદેવે તેમને સાંભળ્યા. પછી પાસે એક બીજા ભાઇ બેઠા હતા, તેમને આકાશ તરફ નજર કરી કહ્યું,

"કહો, સામે દહેરાસર ઉપર જે વાદળ છે, તે કેટલીવારમાં વિખરાઇ જશે."

માહિતીજ્ઞાનના ભંડાર સમા પેલા વાતો કરનારા ભાઈ તરત જ સમજી ગયા. ઘમંડ ઘટી ગયો. અહંકાર ઓગળી ગયો અને સાહેબજીના પગમાં પડ્યા.

જાણવા જેવા જ્ઞાન માટેની સાહેબજી પાસે તેઓએ માગણી કરી.

ચાતુર્માસ અનેક આરાધનાઓથી પૂર્ણ થયું.

સં. ૨૦૩૨માં પૂજ્ય પંન્યાસજી મહારાજની પાવનકારી નિશ્રામાં શ્રી રાતામહાવીરજી તીર્થમાં ઉપધાન થયાં.

શ્રી રાણકપુરજી તીર્થમાં 'શ્રી નવપદ આરાધક સમાજ' ની શ્રી ફૂલચંદજી ભીકમચંદજી પરિવાર તરફથી ભવ્ય ઓળી થઈ.

અને જુદા જુદા ભાવિકો તરફથી ૨૦ દિવસનું ભવ્યરીતિએ અનુષ્ઠાન થયું.

જીવનની સમગ્રતા દ્વારા મેળવેલી સમગ્ર આંતરમૂડીનું દાન પૂજ્યશ્રીએ યોગ્ય વ્યક્તિઓ સમક્ષ આ દિવસનાં વ્યાખ્યાનોમાં કર્યું. વ્યાખ્યાનો એક એકથી ચઢિયાતાં કર્યાં, જેમાં ધ્યાનપાત્ર છે, ધ્યાન માતા ત્રિપદી.

ચાર પ્રકારની માતા :

(૧) વર્ણમાતા, (૨) પુણ્યમાતા, (૩) પ્રવચનમાતા, (૪) ત્રિપદીમાતા.

આ ચારેય માતાઓ પ્રત્યે કૃતજ્ઞતાભાવ જોઈએ.

(૧) વર્ણમાતા જ્ઞાન સ્વરૂપ છે. એ જ્ઞાનમાતા છે. જ્ઞાનમાતા બાવન અક્ષરની છે. તે જ્ઞાન ઉત્પન્ન કરે છે. જ્ઞાનની વૃદ્ધિ કરે છે. કાર્યસિદ્ધિ, પુરુષાર્થ, ગમે તેમાં વર્ણમાતાની જરૂર પડે જ છે.

શ્રુતજ્ઞાનના બાવન અક્ષરો છે. બાવન અક્ષરોમાં સર્વ તીર્થંકરો, સર્વ ગણધરો, ચૌદ પૂર્વ સમાઈ જાય છે. 'ૐ નમઃ સિદ્ધમ્ ।' એટલે અનાદિ સિદ્ધ વર્ણમાલા. તેની નવકારવાળી ગણવાથી શ્રુતજ્ઞાનનું બહુમાન થાય છે. બધા જ જ્ઞાન શ્રુતજ્ઞાનથી મળે છે. કેવળજ્ઞાન શ્રુતજ્ઞાનથી જ આવી મળે છે. શ્રુતજ્ઞાન એ તારનારું છે. આત્માનો ગુણ વર્ણમાતાને નમસ્કાર કરવાથી પ્રગટે છે.

(૨) નમસ્કાર એટલે પુણ્યમાતા. તે નવકાર છે. તેના ૬૮ અક્ષરો છે. નવપદ છે. આઠ સંપદા છે સાત જોડાક્ષર છે. એક એક અક્ષર અનંત ઉપકાર કરે છે.

નવકાર એ અક્ષર નથી પણ અક્ષરાત્મક–મંત્રાત્મક ભગવાન છે.

નવકાર એ પંચ મંગલ મહાશ્રુતસ્કંધ કહેવાય છે.

નવકાર એ મનની માતા છે. નમો એ વિનય છે. 'નમો અરિહંતાણં' માં અનંતા તીર્થંકરોનો વિનય છે. નમો અરિહંતાણં

બોલવાથી સર્વ પાપનો નાશ થાય છે. બે હાથ જોડી અરિહંત ભગવંતને કહેવું જોઇએ કે હું અને તમે એક જ છીએ. તમે મને તમારું સ્વરૂપ બતાવ્યું છે, પરંતુ હું એવો મૂર્ખ છું, તે જાણી શકતો નથી.

'નમો' એ આપણો આત્મા અને પરમાત્માનો સંબંધ કરાવનાર છે. નમો એ આત્માને દ્રવિત કરે છે, તેથી પંચપરમેષ્ઠિ સાથે મળી શકે. આપણે દીન બનવું જોઇએ, ભગવાનને દીનાનાથ બનાવવા જોઇએ.

પંચપરમેષ્ઠિ માતા બધાનું રક્ષણ કરે છે.

(૩) ધર્મ એટલે પ્રવચનમાતા. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ તે અષ્ટપ્રવચનમાતા. તે ૮૬ અક્ષરની છે.

પ્રવચન એટલે ધર્મ.

જ્યાં ધર્મ છે, ત્યાં વિશ્વ છે, ધર્મ એ વિશ્વવ્યાપી છે. સુખ ધર્મથી છે. धर्मात् सुखम् ।

કર્મ તે રોગ છે, ધર્મ તે દવા છે. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ, આઠ પ્રકારનાં કર્મનો નાશ કરે છે.

નવપદનું આરાધન ભાવ ધર્મ માટે છે. ભાવ વિનાનાં દાન, શીલ, તપ અનંતાં કર્યાં, છતાં સંસાર ઊભો રાખ્યો છે. ભાવ ભળે તો જીવ તરે. ભગવાનના આત્માની સાથે એકતા લાવવાની છે. નવપદમાં પોતાનો આત્મા જોવો જોઇએ.

'જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે.' નવપદ ગુણોનો પુંજ છે. પરમતત્ત્વ છે, પરમ રહસ્ય છે, પરમ પદાર્થ છે, પરમમંત્ર છે. સર્વ સારી વસ્તુઓનો સંગ્રહ નવપદમાં આવી જાય છે.

અહિંસા સંયમ અને તપ ધર્મ છે. અહિંસા પાળવાથી દીર્ઘ આયુષ્ય મળે. સંયમ પાળવાથી પાંચ ઇન્દ્રિયો પૂર્ણ મળે. તપથી મન-વચન-કાયાનું બળ મળે.

ધર્મ બે પ્રકારનો છે. શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. રોટલી ગમે તો લોટ ગમવો જોઈએ. સાધના ગમે તો જ સાધ્ય થઈ શકે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પાળવાથી ધર્મમાતા બને છે. આત્માની માતા સમિતિ-ગુપ્તિ છે.

(૪) ધ્યાન એટલે ત્રિપદી માતા. તેના ૧૪ અક્ષરો છે.

ઉપન્નેઇ વા વિગમેઈ વા ધુવેઇ વા-ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ એ તત્ત્વાર્થ સૂત્ર છે. આ ધ્યાનમાતાથી નિર્વિકલ્પ દશા આવે છે. તેનાથી રાગ-દ્વેષ-મોહ ક્ષણમાં નષ્ટ થઈ જાય છે.

પહેલી વર્ણમાતા બારાખડી છે. બીજી પુણ્યમાતા નવકાર છે. ત્રીજી પ્રવચનમાતા ધર્મ છે ચોથી ત્રિપદીમાતા ધ્યાન છે.

પહેલી વર્ણમાતા ૫૨ અક્ષરની જ્ઞાન સ્વરૂપ છે.
બીજી પુણ્યમાતા ૬૮ અક્ષરની દર્શન સ્વરૂપ છે.
ત્રીજી પ્રવચનમાતા ૮૬ અક્ષરની ચારિત્ર સ્વરૂપ છે.
ચોથી ત્રિપદીમાતા ૧૪ અક્ષરની તપ સ્વરૂપ છે.
તપ એટલે શાસન.
તપ એટલે તીર્થનું ધ્યાન.

બધા મળીને ૨૨૦ અક્ષરો છે.

નવકારમાં સંપૂર્ણ ચારે માતાનું ધ્યાન થઈ શકે છે. અર્હંમાં ચાર ધ્યાન આવી જાય છે. નવે પદોની ઉત્પત્તિ અર્હં માં છે. તેના ધ્યાનથી આઠપદો સિદ્ધ થાય છે.

અર્હં એટલે આત્મા. તે અરિહંતના આત્માનું નામ છે. નિશ્ચયથી તે અને આપણે એક જ છીએ.

અર્હં બોલવાથી નાદ ઉત્પન્ન થાય છે. તે નાદ ચૌદ રાજલોકમાં પહોંચે છે. નાદ થવાથી અશુભ વિચારો ટકતા નથી.

ૐ એ બિન્દુ છે, રણકો છે. તેનાથી લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રગટે છે.

ધ્યાન કરવા બેસતાં પહેલાં ધારણા કરવી, ભાવના ભાવવી. અરિહંત મારા છે. હું અરિહંતનો છું.

અરિહંત અને હું એક છીએ. અરિહંતનું ધ્યાન એ આત્માનું ધ્યાન છે. તે સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવનાર છે. સિદ્ધિપદ દાતાર છે.

મંત્રાક્ષર અર્હં એ પરમાત્માનું સ્વરૂપ છે. તે શબ્દનો જાપ થતાં, ધ્યાન થતાં, અંદર ડૂબકી મારતાં, શબ્દ છૂટી જાય છે. પછી જે હોય છે, તે રહે છે

ત્યાર બાદ લુણાવામાં શ્રી હિંમતમલજી રૂપાજીનાં ઓળીનાં પારણાં નિમિત્તે સો છોડનું ઉજમણું થયું. તે સમયે શ્રી મોહનલાલ અને શ્રી તારાચંદજી બંધુ બેલડીની અતિ આગ્રહ ભરી વિનંતીથી ૨૦૩૨નું ચાતુર્માસ લુણાવામાં થયું. તે સ્વ-પર આરાધનામય પસાર થયું.

શ્રી તારાચંદજીએ પૂ. મુનિરાજ શ્રી પ્રદ્યોતનવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી જિનપ્રભવિજયજી મહારાજની પદવી પ્રદાનનો ઉજમણાપૂર્વક મહોત્સવ કરીને લાભ લીધો.

શ્રી કનકરાજજી, શ્રી સાવંતરાજજી, તેજરાજજીએ ઘણા વખતથી ઉપધાન કરાવવા માટે જોરદાર વિનંતીઓ સાહેબજીને કરેલી પણ અનુકૂળતાના અભાવે તે ઉપધાન શકય બનતું ન હતું. છેવટે આ ચાતુર્માસમાં કૃપા ઉતરતાં પૂજ્યશ્રીએ શિષ્યો મોકલવાનું નક્કી કર્યું અને ચોમાસા બાદ ઉપધાન શરૂ થયાં.

પરમ ગુરુભક્ત શ્રી કનકરાજજીને પોતાના ગુરુની ગેરહાજરીથી અસંતોષ હતો. તેથી વારંવાર તેઓ પૂજ્યશ્રી પાસે વિનંતી કરવા આવતા : 'પૂજ્યશ્રી પધારો, મારા જેવા સેવકનાં આંગણાં પાવન કરો." દર વખતે દર્દભરી, આગ્રહભરી વિનંતી કરતા. ના કહેવાની પણ હિંમત પૂજ્યશ્રીમાં ના રહી ત્યારે, અસ્વસ્થ તબિયતે પણ હા પાડી, અને જવાનું નક્કી કર્યું.

ગુરુભક્તિ કનકરાજજીએ એવી બતાવી કે સાદડીથી ધાનેરાવ સુધી એક એક માઈલના અંતરે તંબુ ઊભા કરી દીધા, જેથી પૂજ્યશ્રી આરામ કરી શકે. પણ સાહેબજીએ તો તેનો ઉપયોગ કર્યો નહિ, પણ કનકરાજજીની ભક્તિ અજબ હતી. પૂજ્ય ગુરુદેવ પધાર્યા, એમનો પ્રવેશ મહોત્સવ એક અદ્ભુત પ્રવેશ મહોત્સવ બની ગયો. હજારો મેદની ચકિત નયને જોઈ જ રહી. આવી વ્યક્તિના ગુરુ કોણ ?

જે જુવે તે ઠરી જતા. આજાનબાહુ, લાંબી કાયા, સૌમ્ય મુખાકૃતિ, સહુને પ્રસન્ન કરતી.

ઉપધાન પૂર્ણાહુતિનો સમય નજીક આવ્યો. માળનો વરઘોડો તે સમયના વર્ષોમાં એક અજબ કોટિનો ગણી શકાય તેવો હતો. આ બે દિવસની જે વ્યવસ્થા હતી, તે જોતાં બધાનાં મુખમાં આંગળાં નંખાઈ જતાં. એક ફર્લાંગ લાંબો મંડપ પંદર હજારની મેદની. સાધર્મિક ભક્તિ પણ કેવી ! બહુમાનપૂર્વક બે કલાક સુધી જેમણે ભક્તિ કરેલી. તેમાં ૫૦૦ તો પીરસનારા ભાવિકો હતા. ૨૫૦૦ માણસની એક પંગત ૨૦ મિનિટમાં જમીને ઊભી થઈ જતી.

આ દૃશ્ય તો જેણે નજરે નિહાળ્યું તે ન્હાલ થઈ ગયા. એની અનુમોદના કરતાં કરતાં પોતે સંયમવિશુદ્ધિ દર્શનશુદ્ધિ પણ પામ્યા હોય તો તેમાં નવાઈ નથી. આ પ્રસંગનું વર્ણન સાંભળતાં, લખતાં મારાં પણ રોમાંચ ખડાં થઈ ગયાં હતાં.

ત્યારબાદ 'શ્રી નવપદ આરાધક સમાજ'ની ચૈત્ર માસની ઓળી શ્રી બામણવાડજી તીર્થમાં ભવ્ય રીતે થઈ. પૂજ્ય આ. શ્રી સુશીલ સૂરિજીની, નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને પાર પડ્યા પછી, તેઓશ્રીએ શિષ્યો સાથે પિંડવાડા તરફ વિહાર કર્યો.

માર્ગમાં તબિયત વધુ બગડી. શિષ્યો ખડે પગે સેવા કરવા લાગ્યા.

સં. ૨૦૩૩નું ચાતુર્માસ પિંડવાડા નક્કી થયું. સંવત્સરી સુધી સામાન્ય રીતે ઠીક રહ્યું. ૨૦૩૨ સુધીની સંવત્સરીમાં ઉપવાસ

કદી છોડેલો નહિ. આ વખતની સંવત્સરીમાં તેઓશ્રી ઉપવાસ કરી શકયા નહિ, તેનો માનસિક આઘાત ઘણો થયો. તબિયત નબળી હોવાના કારણે, બેચેની વધી ગઇ....

જીવનની માર્ગદર્શક ભૂડી :-

દેહની અત્યંત અસ્થિરતા અને પારાવાર શારીરિક વેદના વચ્ચે પૂ. પંન્યાસજી મહારાજે તા. ૧૯-૧૦-૧૯૭૭ના સવારે ૧૧ વાગે પરોપકારી શ્રી જિનેશ્વર ભગવંતની વાણીને પ્રકાશિત કરી. તે પૂજ્ય શ્રીના પ્રાણાધારની સંપત્તિનું દર્શન કરાવે છે.

(૧) સકલ શ્રી સંઘ જેના વડે જીવે છે, તે મહામંત્રનવકાર અને નવપદ છે.

(૨) આ મહામંત્ર સકલ સંઘને સહાયક છે, પુણ્યનો ઉત્પાદક છે. આત્મ-ગુણો પ્રગટાવનાર છે. આ મહામંત્રના આધારે જ બધા જીવે છે.

(૩) ત્રણ લોકના આધારભૂત આ મહામંત્રનો મહિમા સર્વત્ર ફેલાયેલો છે, તેના વડે જ આ વિશ્વ ટકી રહ્યું છે.

(૪) શ્રી નવકાર મહામંત્ર વિજયવંત છે. સકલ સંઘમાં શ્રી નવકાર પરમ આધાર છે.

(૫) શ્રી નવકારનો વિરાધક આત્મા, તીર્થનો વિરાધક છે. મહાન પાપી છે. આપણાં તીર્થો તારનારાં છે.

(૬) મૈત્રી આદિ ચાર ભાવનાઓ મહાન છે.

(૭) શ્રી નવકાર મંત્રના આધારે તીર્થ ટકી રહેલ છે. જે શ્રી નવકારનો વિરોધી છે, તે નાસ્તિક અને તીર્થનો પણ વિરોધી છે.

(૮) સમગ્ર સંઘને સંઘરૂપે શ્રી નવકાર જ સાચવે છે. નવકાર સિવાય જગતમાં બીજું કશુંય મહત્ત્વનું નથી.

આપણા હૃદયમાં આ ભાવો જીવંત બને. વધુ બોલવાથી શું ?

જીવનની આવી માર્ગદર્શકમૂડીમાં મન રમતું, પણ તન તો એનું કામ કરતું. માંદગી ધીમે ધીમે ગંભીર થતી ગઇ.

આ સમાચાર વાયુ વેગે પ્રસરી રહ્યા. સાંભળતાં દૂર દૂરથી સેંકડો ભાઇ-બહેનો, ભાવિકો, ભક્તો, દર્શન માટે દોડી આવ્યાં.

સિરોહીથી સિવિલ સર્જન આવ્યા. મોટા વૈદ્યો આવ્યા. પણ ચોક્કસ રોગ કયો છે તે નક્કી કરી શકયા નહિ.

મારવાડ બાતે ડૉ. ગંગાસિંહ સાહેબજીની સારવારમાં મુખ્ય ભાગ ભજવતા, તે પોતાનાં બધાં કામ છોડીને દોડી આવ્યા. ઉપચાર કર્યા પણ તબિયત સુધરી નહિ.

ઘણા રોગ એક સાથે ઉભર્યા અને....એક એવી અવસ્થા આવી ગઇ...! સંઘને એમ થઇ ગયું કે પંન્યાસજી મહારાજ હવે વધુ સમય નહિ કાઢે. તેથી બાનગીમાં તૈયારી કરી લીધી. ટ્રક ભરીને ચંદનનાં લાકડાં મંગાવી લીધાં.

પૂજ્યશ્રીને સ્વસ્થતાનો ફરી લાભ થાય, તથા તેમની શાંતિ નિમિત્તે દરેક ગામમાં, સંઘમાં, ક્ષેત્રોમાં, નવકારનો જાપ, આયંબિલનો તપ તથા જિનભક્તિનાં કેટલાંય વિશિષ્ઠ અનુષ્ઠાનો ચોજાયાં.

સંઘની આ બધી આરાધનાના પ્રભાવે અને પોતાના પુણ્ય બળે પૂ. પંન્યાસજી મહારાજ બચી ગયા. સહુના જીવમાં જીવ આવ્યો, સર્વત્ર આનંદની લાગણી ફેલાઈ ગઇ.

ગમે તેવું મોટું મોજું આખા સાગરને ઢાંકી શકતું નથી. ગમે તેવું મોટું વાદળ આખા આકાશને ઢાંકી શકતું નથી; તેમ નિકાચિત કર્મના ઉદયે આવેલો ગમે તેવો મોટો રોગ પણ આત્માની અચિન્ત્ય શક્તિને આંબી શકતો નથી.

વૈશાખ મહિનો હતો. ગરમી અસહ્ય હતી. પૂજ્યશ્રી કેટલાંય વર્ષોથી ખોરાક તો લઇ શકતા ન હતા આ દિવસોમાં પ્રવાહી કે પાણી પણ ખૂબ જ ઓછું લઈ શકાતું. શરીરમાં દાહ થતો ગળું સૂકાતું. તેથી પાણીનાં પોતાં મૂકવાથી, કાંઇક રાહત અનુભવાતી.

પાણીનો ઘૂંટડો ભરે, તો ય પેટ ભારે થઇ જતું. પોતાં પણ પાણીનાં ન છૂટકે મૂકવા દેતા.

સં. ૨૦૩૩ની આખી સાલ દરમ્યાન માંદગીએ ઘણા ઘણા રંગ કર્યા, છતાં ઉગ્ર વ્યાધિની પારાવાર વેદનામાં પણ પોતે મુખની પ્રસન્નતા, ચિત્તની અપૂર્વ સમાધિ, ગજબ સહનશીલતા, મહામંત્રની અદ્ભુત આરાધકતા અને અપૂર્વ આત્મજાગૃતિ જાળવી શકયા. દેહની માંદગીમાં, આત્માને સાજો રાખી શકયા, ઉચ્ચ કક્ષાના ધર્મ ધ્યાનમાં રહી શકયા અને દુનિયાને આત્માના સામર્થ્યનો પ્રગટ બોધ આપી શકયા.

વિવિધ ઉપચારો કરવા છતાં માંદગી ન ઘટી. તેથી તે સંબંધી અનેક તર્ક–વિતર્કો શરૂ થયા....

તેને કાને ન ધરતાં પૂજ્યશ્રીએ એટલું જ કહ્યું, "રોગ એ બાવીશ પ્રકારના પરિષહો પૈકી એક પરિષહ છે, તેને સહવો તે સાધુનો ધર્મ છે."

આ અરસામાં પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ રામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજનો પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વજ્રસેનવિજયજી ઉપર પત્ર આવ્યો.

"પત્ર મળ્યો, તબિયતના સમાચારથી ચિંતા થાય એવું છે. પણ કર્મસત્તા સામે કશું જ ચાલે તેમ નથી. પરંતુ ધર્મસત્તામાં સ્થિર થયેલા તમારા ગુરુજી જરાય નમતું તોલે એવા નથી અને એથી શરીરની અસ્વસ્થતાથી મનને જરાય અસ્વસ્થ બનવા દીધા સિવાય શકય આરાધના દ્વારા કર્મ સત્તાને નિષ્ફળ બનાવશે એવા વિશ્વાસથી હું શાન્તિ અનુભવું છું.

શ્રી નવકાર મંત્રની આરાધનાનું એમની પાસે મોટામાં મોટું શસ્ત્ર છે. એ શસ્ત્રના બળે તેઓ સમાધિને આત્મસાત્ બનાવીને, ધાર્યા મુજબની કર્મ–નિર્જરા સાધી શકે, એવા બળવાન છે, તમે બધા એમની સેવામાં સજ્જ રહીને ખૂબ ખૂબ નિર્જરા સાધો એ જ એકની એક શુભાભિલાષા."

*

⑮ સમાધિના સંદેશવાહક પત્રાંશો

પૂ. પંન્યાસજી મહારાજના માંદગી-કાળ દરમિયાન, એઓશ્રીના પરમ ગુરુદેવશ્રીએ સમાધિના સંદેશવાહક જે પત્રો પૂજ્યશ્રી પર અને એમના શિષ્ય-વર્ગ પર પાઠવેલા, એ ખૂબ જ પ્રેરક હોવાથી પૂજ્યશ્રીનો સમાધિભાવ વૃદ્ધિગંત કરવામાં ઠીક ઠીક ફાળો આપી ગયા. સ્વહસ્તે લખાયેલ એ બધા પત્રો આમ તો અક્ષરશઃ વાંચવા-વિચારવા જેવા છે. પરંતુ અહીં એના જે અંશો રજૂ કરવામાં આવ્યા છે, એ પણ કંઇ સમાધિના ઓછા સંદેશવાહક નથી ! ગુરુને હૈયે વસાવવા સહેલા છે, પણ ગુરુના હૈયે જઇ વસવું અઘરામાં અઘરું છે. છતાં પૂ. પંન્યાસજી મહારાજે સમર્પણની સાધના દ્વારા એ આસાન બનાવ્યું હતું-આ વિરલ વિશેષતાનો પડઘો આ પત્રાંશોમાંથીય ઝીલી શકાય એમ છે. પૂ. પરમ ગુરુદેવશ્રીના હૈયે પૂ. પંન્યાસજી મહારાજનું કેવું સુંદર સ્થાન હતું અને એથી એમની સમાધિને વધુ ને વધુ જાગૃત રાખનારી કંઇ હિતશિક્ષા વાત્સલ્યભાવે એઓશ્રી દેતા રહ્યા !

(૧)

તમારા હસ્તાક્ષરોથી લખાયેલો પત્ર મળ્યો. ધર્મના મહોત્સવોમાં પરિશ્રમ થવાથી ખૂબ ખૂબ નિર્જરા થાય છે, એ વાત ધ્યાનમાં લેશો તો અપૂર્વ આનંદ અનુભવાશે. શરીરની જાત જ એવી છે, એટલે શરીર બગડે એમાં નવાઈ નથી. પણ ત્યારે આત્મા જો સાવધ રહે તો કશો જ ભય રાખવાની જરૂર નથી. શરીર દ્વારા આરાધનાનું કામ લેવા માટે, આપણે જ બાંધેલા કર્મના પ્રભાવે એ બગડે ત્યારે કષ્ટકારક ઉપાયો સેવવા પડે, એનો ભય તમારા જેવાને થવો જ ન જોઈએ. અરિહંતની આજ્ઞાનું પાલન કરવાના જ હેતુથી બગડેલા શરીરને કામમાં લેવા માટે કડક ઉપાયોનું સેવન કરવામાં પણ પરમ-નિર્જરા છે. કારણ કે એમ કરવું એ પણ પરમાત્માની અપવાદ સ્વરૂપ આજ્ઞાનું પાલન જ ગણાય છે.

શરીરને કષ્ટમાં મૂકીને પણ આરાધના કરવાના ધ્યેયવાળા મહાત્માઓ, રોગની હાજરીમાં પણ આજ્ઞાનું પાલન બરાબર થતું હોય, તો ઔષધોપચારની અપવાદ સ્વરૂપ આજ્ઞાનું આલંબન નથી લેતા, પરંતુ રોગની હાજરી આરાધનામાં બાધક બનતી હોય, તો ઔષધોપચારની અપવાદ સ્વરૂપ આજ્ઞાનું પાલન પણ અપૂર્વ નિર્જરાનું જ કારણ બને છે. એ ભૂલવા જેવું નથી. અત્યાર સુધી કરેલી રત્નત્રયીની નિર્મળ આરાધનાના બળથી, તમે એવી રીતે સમતામાં નિમગ્ન બનો કે—અપૂર્વ આનંદ અનુભવાય અને રોગનું અસ્તિત્વ જ ભૂલાઈ જાય.

શરીર આત્માનું અનાદિકાલીન શત્રુ છે. એથી એના ઉપરનું કષ્ટ આત્માને આનંદ આપનારૂં નીવડવું જોઇએ. શ્રી અરિહંત પરમાત્મા આદિ સઘળાય મહાપુરૂષોએ શરીરની કષ્ટાવસ્થામાં આત્મિક–આનંદ અનુભવીને જ સાચા અને સંપૂર્ણ કલ્યાણની સાધના કરી છે. બિમારીમાં સુંદર–આરાધનાને શકય બનાવવાના હેતુથી સેવાયેલા આપવાદિક દોષોની આલોચના માટે તમારે હવે આવી અવસ્થામાં તમારાથી શકય જે જે આરાધના હોય, તે તે આરાધનામાં જ એકતાન રહેવું, એ જ તમારા માટે આલોચના છે. સુંદર જીવન જીવનાર માટે અંતસમય સુંદર જ હોય એવો સામાન્ય રીતે અટલ નિયમ છે. આ નિયમનો તમે સાક્ષાત્કાર કરનારા બનો, એ જ એક મારી ઝંખના છે.

(૨)

તમારા ગુરુજીની તબિયતના સમાચાર જાણ્યા. હવે તેઓ ધારેલી શકય આરાધનાઓ એવી રીતે કરે કે જેથી મન ખૂબ જ પ્રસન્ન બન્યું રહે. એમ થવાથી પાછું એમનું શરીર પણ આપોઆપ સ્વસ્થ બની શકશે. આ શરીરના સ્વભાવને તો એઓ સારી રીતે જાણે છે, એથી જ ભારે પીડામાંય મનથી સ્વસ્થ રહી શકે છે, તો હવે અશક્તિ આદિમાં તેઓ આરાધના દ્વારા એવી અપૂર્વ કોટિની

પ્રસન્નતા કેળવે કે જેથી શરીર પણ બીજા બાહ્ય ઉપચારના નિમિત્ત-માત્રથી સ્વસ્થતા પામી શકે. અને એથી સ્વહિતની સાથે શક્તિ મુજબ પરહિત પણ સારી રીતે સાધી શકાય.

અશાતામાં તેઓ જે શાંતિ સમાધિ જાળવી શકે છે, એ જીવન-ભર દેહાધ્યાસને છોડવાનો જે પુરૂષાર્થ એમણે કર્યો છે, એનું જ ફળ છે. પોતાની અશાતા પોતાને જ ભોગવવાની છે. આનંદપૂર્વક એનો ભોગવટો થાય, તો જ આત્માને સુંદરમાં સુંદર લાભ થઇ શકે છે, એ અશાતા સહન ન કરવી હોય, તો ય સહન કર્યા વિના ચાલે એમ જ નથી, આ બધું તમારા ગુરુદેવ સમજે જ છે. એથી મારે ઝાઝી ચિંતા રહેતી નથી.

(૩)

શરીરની શિથિલ અવસ્થામાં એક મનની જાગૃતિ જ આરા-ધનામાં અતિશય જરૂરી છે. માટે એને બરાબર જાળવી રાખવી, એ જ હિતકર છે. તમે હાલ 'જીંદગીમાં થયેલ આરાધનાની તૃપ્તિ' અને 'આરાધનાનો અખંડભાવ' જાળવી રહ્યા છો, એ જાણીને ખૂબ ખૂબ સંતોષ થયો. એ તૃપ્તિ અને આરાધનાના અખંડભાવ દ્વારા એવી અપૂર્વ નિર્જરા અને અનુપમ પુણ્ય બાંધો કે–જેના પ્રતાપે પરમપદ વહેલામાં વહેલું મેળવી શકો. સાચી આરાધનાનું ફળ જ સમાધિ છે. સમાધિમય જીવન જ આરાધનાનું સર્વસ્વ છે. સાચી આરાધના, શરીર આત્મા વચ્ચેના ભેદ જ્ઞાનના પ્રતાપે જ થાય છે. શરીરને સહવું પડતું કષ્ટ આત્મા માટે કલ્યાણકારી જ છે. આ વાત અસ્થિમજ્જા બની જાય, પછી તો કોઈ ભૂતકાલીન નિકાચિત–કર્મ હેરાન કરે તોય સમાધિ સદા જીવંત રહી શકે.

(૪)

અશાતાનો ઉદય જોર કરી રહ્યો છે, ત્યારે તમે એવો નિર્ણય કરી લો કે–આ ભવમાં શરીરની અશાતાને એવી રીતે વેદવી છે કે,

જ્યાં સુધી આ સંસારમાં કર્મયોગે રહેવું પડે, ત્યાં સુધી જન્મ-જન્માંતરોમાં પણ આવનારી અશાતા આત્માનું અહિત ન કરી શકે–એવી શક્તિ મળે! અને જ્યારે જ્યારે શાતાનો કાળ હોય, ત્યારે જાગૃતિ ટકવા સાથે પ્રભુની આજ્ઞાના પાલનનું જ એક લક્ષ્ય જીવંત રહે–એવું સામર્થ્ય મળે! આવા નિર્ણય દ્વારા આ જીવન તો સફળ બની જ જાય, પરંતુ આખું ભવિષ્ય પણ સુધરી જાય અને મોક્ષ વહેલામાં વહેલો મળે.

(૫)

કર્મને કોઈની પણ શરમ નડતી નથી. ભયંકર-કર્મના ઉદય-કાળમાં આપણું આત્મબળ જ કામ આવે છે. તમે આવું બળ મેળવવાનો જ જીવનભર પ્રયત્ન કર્યો છે. એના બળે હવે ધાર્યું ધ્યેય સિદ્ધ કરવાનું છે. ચૌદ પૂર્વના સાર સ્વરૂપ શ્રી નવકારમંત્ર જેવા મહામંત્રની આરાધના તમે સમજપૂર્વક અપનાવી છે આ મહામંત્રમાં જે પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવે છે, એ સઘળા જ પરમેષ્ઠિ ભગવંતોએ શરીરને પોતાનું માન્યું નથી. આત્મ-સાધના માટે એ તારકોએ શરીર પાસે કામ જ લીધું છે. કષ્ટની જરાય દરકાર કે ચિંતા કર્યા વિના એ તારકોએ શરીર પાસેથી એવું કામ લીધું કે-અંતે શરીર એમનો ત્યાગ જ કરી ગયું અને એના પ્રતાપે એઓ અશરીરી બની અનંત-સુખ સ્વરૂપ આત્મરમણતામાં રમી રહ્યા છે અને અનંત-કાળ સુધી રમ્યા જ કરશે. વર્તમાન-કાળમાં પણ શરીર સાથે આવું વર્તન કરવા મથનારા જ સાચા પરમેષ્ઠિઓ છે. પંચપરમેષ્ઠિઓની અનુપમ આરાધના કરનારા તમે આવી જ દશાના ભોક્તા બનો, એમ હું ઝંખું છું.

(૬)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ અશાતાના ઉદયકાળમાં જે જે અનુપમ ભાવનાઓ ભાવવાની ફરમાવી છે, તે તે ભાવનાઓથી આત્માને ભાવિત કરવાથી તમે જરૂર સારામાં સારી

શાંતિ મેળવી શકશો. અનંત ઉપકારી શ્રી અરિહંતદેવોનો આપણી ઉપર અનંત ઉપકાર છે. એને જો આપણે બરાબર ઝીલીએ તો અશાતા તો આપણા માટે ઉપકારી જ બને અને શાતા અપકાર કરતી મટી જાય. તમારા જેવા આરાધક આત્માને, અશાતાના ઉદયને પરમ–નિર્જરાનું કારણ બનાવવાનું જણાવવાનું હું જરૂરી નથી માનતો. કારણ કે તમે પોતે જ તેમ કરવામાં સતત પ્રયત્નશીલ છો. સમાધિ સિવાય તમારી બીજી કોઈ ઝંખના નથી. આ મારી માન્યતાને પોષક જ સમાચારો ત્યાંથી મળતા રહે છે. એથી આનંદ અનુભવાય છે. શરીર તો માત્ર સાધનાનું સાધન છે. એથી એને પડતા કષ્ટને આત્માના મહાસુખનું કારણ બનાવી શકાય છે. એવી દશા પામવા તમે જીવનભર પુરૂષાર્થ કર્યો છે. તમારો એ પુરૂષાર્થ સફળતાને પામો, એ જ એકની એક શુભાભિલાષા.

(૭)

શરીર દ્વારા વધુ આજ્ઞાપાલન સ્વરૂપ પ્રવૃત્તિ કરાવવા માટે થોડા દિવસ આરામ કરવાપૂર્વક આરાધના કરવાની જરૂર પડે તો તેમ પણ કરવું હિતકર છે. આરાધના જે શરીર દ્વારા કરવાની છે, એને સશક્ત રાખવાની જરૂર છે. મનને આરાધનાની મસ્તીમાં રાખીને, શરીરને ડૉકટરોના કહેવા મુજબ આરામ આપવામાં પણ લાભ જ છે. શરીરને સ્વસ્થ રાખવું એ કર્મના હાથની વાત છે. પણ આપણા મનને સ્વસ્થ રાખવું એ તો આપણા હાથની વાત છે. અને આ માટે તમે આજ સુધી પ્રયત્નશીલ છો. એટલે આવા અભ્યાસ દ્વારા ખૂબ-ખૂબ સમાધિમગ્ન રહી, આત્માને મુક્તિની ખૂબ જ નજીક લઈ જવાનું સામર્થ્ય કેળવો એ જ શુભાભિલાષા.

(૮)

પત્ર મળ્યો. તમારૂં દિલ વાંચીને આનંદ થયો. 'મુખ્ય આધાર તો અશાતાનો ઉદય પૂરો ભોગવાઈ જાય, ત્યાર બાદ જ શાંતિ

અનુભવાય.' તમે લખેલી આ વાત તદ્દન સાચી છે. આથી બહારના ઉપચાર તો આપણને અસમાધિ ન થાય અને આરાધના સારી કરી શકાય, એ હેતુથી કરવાના છે. પણ અશાતા જો ભોગવાયા બાદ જ છૂટવાની હોય તો તેને ભોગવ્યા સિવાય છૂટકારો થવાનો નથી. માટે દેહનું કષ્ટ જો આનંદથી ભોગવાય તો મહા કલ્યાણ કરનારૂં છે—આ વાત આપણા ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા આદિ મહાપુરૂષોએ સ્વયં અનુભવીને કહી છે. એ જો બરાબર સ્મરણમાં રહેશે, તો ભેદ-જ્ઞાનનો બહુ જ સહેલાઇથી અનુભવ કરી શકાશે. સ્વ—દુષ્કૃતની ગર્હા, સર્વસુકૃતની અનુમોદના અને બંનેપૂર્વક અરિહંતાદિ ચારનું શરણ—આ સાધનાને હૃદયસ્થ કરી સમાધિમગ્ન બની વહેલામાં વહેલી તકે શ્રી સિદ્ધિપદને પામવાની તમારી મનઃકામના ફલવતી બનો, એ જ એકની એક શુભાભિલાષા.

(૬)

તમારા ગુરુદેવ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરને અનુ-વંદના જણાવી ખૂબ ખૂબ સુખશાતા પૂછશો અને જણાવશો કે—શરીરની અસ્વસ્થતાને કારણે નિયમિત ગણવાનું ન બને, એની થોડી પણ ચિંતા ન કરતા, મન સ્વસ્થ બન્યું રહે, એવી માનસિક આરાધ-નામાં એવા લીન બનો કે—જેથી આત્મસાત્ થયેલી સમાધિ આત્મસાત્ બની રહે. જો કે તમારા મોટા ગુરુજીને આવું જણાવવાની જરૂર નથી છતાં જણાવાઈ જાય છે. વૈયાવચ્ચમાં જેવા લીન છો, એવા બની રહો, એ જ હાલમાં હિતશિક્ષા.

પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવના આવા તો અનેક સમાધિપ્રદ, પ્રેરણાદાયી, પત્રો આવતા રહેતા. તેથી પૂજ્યોની પ્રેરણા બળે તથા પોતાની આરાધનાના બળે આવી ભયંકર બિમારીમાં પણ પોતે શાંતિ-સમાધિ જાળવી શકયા હતા.

આવી દુઃખપ્રદ—પીડાપ્રદ બિમારીમાં પણ પૂજ્યશ્રીની પરમાત્મ ભક્તિ જોવા જેવી હતી....!

નબળી તબિયત, છતાં દર્શન કર્યા વિના વાપરવાની જરા પણ તૈયારી નહિ. લથડતા પગે–ધીરે ધીરે ચાલતાં ચાલતાં પણ એઓશ્રી દેરાસર જતા–દર્શન કરતા, પ્રભુને મનથી મળતા, એકદમ આનંદિત થઈ જતા, થાક ઉતરી જતો, રોગ નીકળી જતો, પરમાત્મા સાથે એકમેક બની જતા. અનુસંધાન આત્માનું એવું લગાડતા કે બે–પાંચ મિનિટ તો પરમાત્મમય બની જતા. સમગ્ર પ્રકૃતિ પ્રસન્ન અને પુલકિત બનતી. અણુ – પરમાણુને અરિહંત ભક્તિથી ભરી દેતી...

આ દૃશ્ય તો નજરે નિહાળનારને જ ખ્યાલ આવે.

ઘણી વખત સવારના ઉઠતા ત્યારે કહેતા, "આજે દર્શન નહિ થાય." પણ દર્શનનો સમય થતાં, તો તરત તૈયાર થવા લાગતા.

જ્યારે એકદમ અશક્તિ આવી જતી ત્યારે શિષ્યો પૂજ્ય ગુરુદેવને ઉચકીને લઈ જતા. ત્યારે પોતે દુઃખ વ્યક્ત કરતા, "મારે બધાને હેરાન કરવા પડે છે." પણ પરમાત્મા પાસે પહોંચ્યા નથી કે આનંદ આવ્યો નથી.

પિંડવાડાના શ્રી સંઘે પૂજ્ય ગુરુદેવની ભક્તિ જોઈ. વિચાર્યું કે પૂજ્ય ગુરુદેવને પરમાત્મા વિના ચાલે તેમ નથી, તબિયત સાથ આપતી નથી, તો શું કરવું ?

ઉપાશ્રયના એક રૂમમાં ગૃહમંદિર રૂપે પરમાત્મા બિરાજમાન કર્યા. પૂજ્યશ્રી દર્શન કરીને શાંતિ અનુભવતા. આવી હતી પૂજ્યશ્રીની દર્શનશુદ્ધિની પરાકાષ્ઠા...!

સંયમશુદ્ધિમાં પણ સદા જાગ્રત... જોનારનું હૈયું હચમચી જાય, તેવી આ બિમારીમાં અમુક વસ્તુ દોષિત વાપરવી પડે તેનું પૂજ્યશ્રી, મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી પાસે હંમેશાં દુઃખ વ્યક્ત કરતા.

"આ દોષિત કયાં સુધી .. ?"

જાગૃતિ એવી કે પાંચ તિથિ ફળ તથા લીલોતરીનો સદંતર ત્યાગ રાખતા.

જ્ઞાનશુદ્ધિ પણ તેવી જ. આવી માંદગીમાં પણ જ્ઞાનચર્ચા આવે તો જાણે એકદમ સ્વસ્થ હોય તેમ ઉલ્લાસમાં આવી જતા. આમ ત્રિવેણી શુદ્ધિનો ત્રિવેણી સંગમ પૂજ્યશ્રીમાં દેખા દેતો.

શરીર હવે લાંબુ ચાલે તેમ નથી, એવું લાગતાં પોતાની જવાબદારી સમજી, શિષ્યોને અંતિમ પણ હિતશિક્ષા આપવા ભેગા કર્યા. પોતે ખૂબજ સ્વસ્થતાથી બોલ્યા, "મને વિશ્વાસ છે કે મારા શિષ્યો જ્ઞાનદાન છે, સંયમના ખપી છે, મારી ભાવેલી મૈત્र्यાદિ ભાવનાઓના અર્કને સમજી શકયા છે. જીવનમાં પચાવી શકયા છે અને તે જોઈને હું આનંદ અનુભવું છું. મને કોઈ ચિંતા નથી. મારી સમાધિની ફિકર નથી. સમાધિ મળવાની જ છે. તમો આરાધનામાં આગળ વધવાના જ છો, છતાં મારી ફરજ રૂપે મારે જણાવવું જોઈએ."

આપણા સાધુઓએ પરમ પૂજ્ય મારા ગુરુદેવ પરમોપકારી આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞામાંરહેવું.

આ સમુદાયમાં મહાત્માઓની સાર સંભાળ માટે પંન્યાસ શ્રી હર્ષવિજયજી, પં. પ્રદ્યોતનવિજયજી તથા મુનિ કુન્દકુન્દવિજયજીએ, બધા મહાત્માઓને સાચવી લેવા. મારા સાહિત્ય અંગે મુનિ કુંદકુંદ-વિજયજીએ સંભાળી લેવું. મુનિ મનમોહનવિજયજી તથા મુનિ-જયંતભદ્રવિજયજી આદિ મહાત્માઓને ખાસ સાચવી લેવા. બધાને સમાધિ મળે તેની કાળજી રાખવી. વૃદ્ધોને વિશેષ સાચવવા તથા મુનિ વજ્રસેનવિજયજીએ વિશેષ ભોગ આપ્યો હોવાથી તથા કોમળ હોવાથી તેના હૃદયને જરા પણ દુઃખ ન થાય તે રીતે રહેજો.

પૂજ્ય ગુરુદેવના મુખમાંથી આ ઉદ્ગારો નીકળતા હતા, ત્યારે પોતે જાણે સાક્ષાત્ શાંતિનો અનુભવ કરતા હોય તેમ લાગતું. આ વાતને હાજર રહેલા મહાત્માઓએ ખૂબ જ આદરભાવપૂર્વક સ્વીકારી, તેનો સંતોષ પૂજ્યશ્રીની મુખાકૃતિ ઉપર તરવરતો હતો.

એકાએક તેઓશ્રીને યાદ આવ્યું અને ૨૦૨૮ની સાલમાં પોતાના હાથે જ લખેલ,

"નિશ્રાવર્તી મુનિઓને હિતશિક્ષા–" એ વંચાવીને સંભળાવી. બધાને તેની એક એક નકલ (Copy) પહોંચાડવાની ભલામણ કરી. તે નકલ આ પ્રમાણે હતી.

નિશ્રાવર્તી સાધુઓને હિતશિક્ષા

સં. ૨૦૨૮, અક્ષય તૃતીયા.

૧ આ વિષમકાળમાં પણ પૂર્વજન્મની આરાધનાના કારણે ઉત્તમ જાતિ–કુળમાં જન્મ તથા દુર્લભ એવું શ્રી જિનેશ્વર ભગવંતનું કહેલું ચારિત્રરત્ન મળ્યું છે, અને તેને વિધિપૂર્વક ગ્રહણ કરીને ગુરૂકુળવાસમાં રહીને આરાધવા ભાગ્યશાળી બન્યા છો, તો ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય છે, એમ માનીને તેનું ખૂબ ખૂબ અનુમોદન કરજો અને અવશેષ રહેલ જીવનમાં આથી પણ અધિક ઉલ્લાસપૂર્વક તેનું અણીશુદ્ધ આરાધન કરીને મનુષ્યજન્મને સફળ કરશો.

૨ મોક્ષનું મૂળ ચારિત્ર છે. અને ચારિત્રનું મૂળ સમકિત છે તે સમ્યગ્દર્શનગુણની આરાધના માટે શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, સુસાધુઓની પર્યુપાસના, તીર્થોની યાત્રા, ચતુર્વિધ સંઘને ધર્મમાં સહાય વગેરેની સાથે સાધુઓમાં પરસ્પર વાત્સલ્ય, સ્નેહ, સ્થિરીકરણ, ઉપબૃંહણા વગેરે સમ્યગ્દર્શન ગુણના આચારોના પાલનમાં અધિક અધિક અપ્રમત્ત બનશો એથી બોધિ સુલભ બનશે, જન્માંતરમાં જૈન ધર્મની પ્રાપ્તિ સુલભ થશે, અપ્રતિપાતી એવા વૈયાવચ્ચ ગુણની આરાધના દ્વારા યાવત્ તીર્થંકરગોત્રની પ્રાપ્તિના અધિકારી થવાશે.

૩ ધર્મનું મૂળ વિનય છે. વિનય વડે વિદ્યા અને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે, અરિહંતનો વિનય, સિદ્ધનો વિનય, સાધુનો

વિનય, રત્નાધિકનો વિનય, જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોનો વિનય એ આઠે કર્મોનો નાશ કરનાર છે, એમ માનીને ગુણાધિકનો વિનય કેળવવામાં અપ્રમત્ત રહેશો. દરિદ્રને નિધાન મળ્યું એમ માનીને, વિનયાદિ ગુણરત્નોને એકઠા કરવામાં વધારેને વધારે ઉત્સાહી બનશો.

૪ ધર્મનું મૂળ દયા છે–જયણા છે. છ જીવનિકાયની રક્ષા એ ચારિત્રનો પ્રાણ છે. બધા જીવો આત્મ સમાન છે એમ માનીને એકેંદ્રિયથી પંચેંદ્રિય પર્યંતના જીવોના ભેદ જાણીને તેમની રક્ષામાં અપ્રમત્ત રહેશો. દીર્ઘ આયુષ્ય, પંચેન્દ્રિય પૂર્ણ આરોગ્યાદિ જે ધર્મનાં સાધનો મળ્યાં છે, તે પૂર્વે આરાધેલી જીવદયારૂપી કલ્પવેલડીનાં કુસુમો છે. તેને પ્રત્યક્ષ અનુભવીને તે જીવદયા અને જીવયતનારૂપી ધર્મનું આરાધન કરવા માટે વધુ ઉત્સાહી બનશો.

૫ દર્શનજ્ઞાનચારિત્રરૂપી રત્નત્રયીના આરાધનામાં પ્રાણ પૂરનાર તપગુણ છે. તેના ૧૨ પ્રકાર છે. આયંબિલ–ઉપવાસાદિ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત્ત–વિનયાદિ અભ્યંતર તપ છે. બાહ્યતપમાં યથાશક્તિ ઉદ્યમ કરી રહ્યા છો, તેમ અભ્યંતર તપના આરાધનમાં પણ ઉદ્યમી બનશો. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચાદિની જેમ સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગાદિ ઉત્તરોત્તર અધિક–અધિક કર્મક્ષયનાં પ્રબળ સાધનો છે. તેને પણ દરેક પોતાની શક્તિ મુજબ આરાધવામાં આગળ વધશો અને પરમાત્માએ બતાવેલો આત્મકલ્યાણનો અમોઘ રસ્તો પોતાના દૃષ્ટાંત વડે જગત સમક્ષ અખંડ રાખશો.

૬ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની સાથે વીર્યાચારનું પણ અખંડપાલન કરવા માટે ઉત્સાહી બનશો. મન, વચન, કાયાનું જે બળ મળ્યું છે, તેને જરાપણ ગોપવ્યા વિના મોક્ષમાર્ગની સાધનામાં ઉપયોગ કરશો. એથી ઉત્તરોત્તર અધિક ધર્મ બળ

મળવા સાથે સર્વ કર્મક્ષય કરવાનું અનંતબળ ચરમ ભવમાં મેળવી શકશો.

૭ આ બધી આરાધના એક સાથે કરવા માટેની સામગ્રીવાળો ભવ મળ્યો છે. તેનું મૂલ્ય સમજી અને આ માર્ગે ચઢાવનાર ઉપકારીઓના ઉપકારને સદા લક્ષ્યમાં રાખી તે ઉપકારનું ઋણ ઉતારવા માટે અનેકાનેક યોગ્ય આત્માઓને આ માર્ગે ચઢવામાં સહાયક થશો અને સહાયપણું ધરતા સાધુજી એ શાસ્ત્ર વચનને સાર્થક કરી સાચા સાધુ બનવાનું ધ્યેય રાખશો.

૮ ભવચક્રમાં ભ્રમણ કરતાં અનંત કાળે મનુષ્યભવ મળે છે. તેમાં પણ ધર્મ સામગ્રીવાળો ભવ કવચિત્ મળે છે. આયુષ્ય ક્ષણભંગુર છે. તેમાં પણ અજ્ઞાન અશાંતિ અધિક કાળ નિદ્રા–વિકથામાં, સંજ્ઞાઓને પોષવામાં, બાલ્યાવસ્થાની અજ્ઞાન દશામાં, વૃદ્ધાવસ્થાની અસહાય અવસ્થામાં, રોગ–શોક અને ઉપદ્રવો અને તેથી નિપજતા આર્ત–રૌદ્ર ધ્યાનોમાં પસાર થઈ જાય છે. થોડો જ વખત ધર્મ સાધનામાં જાય છે. તે પણ અવિધિ આશાતનાથી ભરપુર હોય છે. મહાપુરૂષો પણ કહે છે કે અમારા જેવા પ્રમાદગ્રસ્ત અને ચરણ–કરણહીન જીવોને તરવાનો એક જ ઉપાય છે અને તે પ્રવચન ઉપરનો શુભ રાગ છે. પ્રવચન, દ્વાદશાંગી, જિનમૂર્તિ, જિનાગમ અને તેને આરાધનારા તથા શિરસાવંદ્ય કરનારા પુણ્ય પુરૂષો ઉપર ભક્તિ રાગ, એ જ આપણા જેવા પામર જીવોનો, ભવસાગર તરવાનો એકનો એક ઉપાય છે. તેથી પ્રવચન રાગ ખૂબ કેળવવો અને સમાન ધર્મીની, ધર્મમાં પરસ્પર સહાયક થનારની ખૂબ ભાવથી સેવા કરવી–સમાન ધર્મી ઉપર થોડી પણ અરૂચિ, કષાય કે સંકલેશ એ અનંતાનુબંધી કષાય બની જાય અને બોધિબીજને બાળી નાંખે, તેથી કાંઈપણ મનમાં ક્લેશ થાય તો પરસ્પર ખમાવી લેવું અને પરસ્પર સમાધિ ઉપજાવવા પ્રયત્ન કરવો. પરલોક

પ્રધાન બનવું. આ લોકના સુખના ભોગે પણ પરલોક સુધારવા પ્રયત્ન કરવો તે માટે શ્રી નમસ્કાર મહામંત્રનો આશ્રય વારંવાર લેવો. આપણાં દુષ્કૃત્યોની ગર્હા કરવી. સર્વનાં સુકૃતોની અનુમોદના કરવી અને સંસારમાં કેવળ અરિહંત અને અરિહંતે ભાખેલો ધર્મ એજ એક શરણભૂત છે, એવી શ્રદ્ધા દૃઢ કરવી. જ્ઞાનવૃદ્ધ, ગુણવૃદ્ધ અને વયોવૃદ્ધની યથાયોગ્ય સેવા–શુશ્રૂષા કરવી. પૂર્વના ઋણાનુબંધથી મારો પણ તમારી સાથે જે સંબંધ થયો છે, તેમાં જેટલા પરસ્પર સહાયક બનાયું છે, તેની અનુમોદના અને જાણતાં–અજાણતાં પણ છદ્મસ્થતાના કારણે સહેજ પણ કોઇને સંક્લેશમાં નિમિત્ત બનાયું હોય તેનો ત્રિવિધ–ત્રિવિધ મિચ્છામિ દુક્કડં. પૂર્વ પુરૂષોના અને સદ્ગુરુઓના ઉપકારતળે આવીને ધર્મ પ્રાપ્તિની અલ્પ પણ યોગ્યતા પ્રાપ્ત થઈ હોય તે વડે ભવોભવ તેમની સેવા પ્રાપ્ત થાઓ, એજ પ્રાર્થના.

સમયના સકંજામાં એક દિવસ બિમારીએ ઉગ્રરૂપ ધારણ કર્યું. પંન્યાસજી મહારાજ હમણાં હતા ન હતા થઈ જશે. શિષ્ય વર્ગ શરૂઆતથી જ ખડે પગે સેવામાં હાજર હતો. પૂજ્યશ્રીને કેમ સારું થાય, તેની જ ચિંતાઓ અને તેની જ લગની હતી. શ્રાવકો અને ભક્તોને આ સમાચાર મળતાં જ બધા આવી ગયા.

પરમગુરુ ભક્ત કહી શકાય તેવા શ્રી સી. કે. મહેતાને સમાચાર મળ્યા–કે પૂજ્યશ્રીની તબિયત ગંભીર છે. પોતે અત્યંત દયાળુ તેથી કોઇના દુઃખને જોઈ ના શકે તો પછી. મારા ગુરુ મહારાજને આવી તકલીફ છતાં હું કંઇ ના કરી શકું ? ના....ના. મારા ગુરુ મહારાજને તો હું જરૂર બચાવીશ. તે માટે મારી જેટલી સંપત્તિ ખર્ચાય તે ખર્ચીશ. પણ મારા ગુરુજીને હું હેરાન તો નહિ જ થવા દઉં... એવો અફર નિર્ણય કરીને દિલ્હી ફોન કર્યો. પ્લેન માટે ત્યાં પોતાના મિત્રને કહ્યું, 'હું પિંડવાડા જાઉં છું. ત્યાંથી તમને જણાવું તે

પ્રમાણે તેટલા વાગ્યે હેલિકોપ્ટર પિંડવાડા રવાના કરવું અને તેનો ચાર્જ ભરી દેવો.

પોતે પ્લેનમાં જયપુર આવ્યા. ત્યાંથી પિંડવાડા આવ્યા. સીધા ગુરુદેવના રૂમમાં ગયા. પૂજ્યશ્રી આરામમાં હતા. પણ ભક્ત હૃદયના તારોએ પૂજ્યશ્રીને જગાડી દીધા. સી. કે. મહેતા પૂજ્યશ્રીના પગે પડ્યા. કંઈ બોલી ન શકયા તરત બહાર આવી ગયા.

પૂજ્ય મુનિ શ્રી વજ્રસેનવિજયજીને કહ્યું, "હવે મારે મારા ગુરુ મહારાજને આવી હાલતમાં રાખવા નથી. આવા મહાન પુરુષ આ દુનિયામાં જેટલું વધારે જીવશે, તેટલું બધાનું હિત થશે. એમનો એક એક શ્વાસોચ્છ્વાસ ઉપયોગી છે. એટલે મારે મારા ગુરુદેવને મુંબઈ લઈ જવા છે. કારણ કે ત્યાં બધી વ્યવસ્થા અને સારવાર (Treatment ટ્રીટમેન્ટ) થઈ શકે."

મુનિશ્રીએ કહ્યું, "પૂજ્યશ્રીને હમણાં ડોલીમાં તો બેસેડાય તેમ નથી."

સી. કે. તરત બોલ્યા, "ના સાહેબ. ડોલીમાં નહિ, હું પ્લેનનું નક્કી કરીને આવ્યો છું. બસ ટાઇમ નક્કી થાય એટલે ફોન કરીને બોલાવવાના છે અને તરત મુંબઈ લઈ જવાના છે."

પૂજ્ય ગુરુ પ્રત્યેની ભક્તિથી પરવશ બનેલા આ ભક્ત શ્રાવકને ગુરુને કેમ રાહત આપવી, અને બચાવી લેવા, તેની જ એક રટણા લાગેલી. તેથી પોતે બીજો કોઈ વિચાર કરવા પણ તૈયાર ન હતા.

મુનિ વજ્રસેનવિજયજીએ એમને બેસાડ્યા. શાંતિથી બધી વાત કરી. તમારી ભાવના જાણી. બરાબર છે, પણ પૂજ્યશ્રી તો ડોલીમાં બેસવાની વાત આવતાં પણ દુઃખી થઈ જાય છે, તો પ્લેનનું સાંભળશે ત્યારે શું થશે...?

સર્વજીવ હિતાશયના રણકારથી રણકતા પૂજ્યશ્રીના હૃદયથી આ સહન નહિ થાય. આ વાત ભક્ત શ્રાવક સમજી ગયા. તેથી

પિંડવાડામાં રહીને પણ એવી સારવાર માટે વ્યવસ્થા કરાવી કે જેનો અમલ થતાં પૂજ્યશ્રીની તબિયતમાં સુધારો થવા લાગ્યો. રાહત પણ થઈ.

આવા વિરલા ગુરુભક્તોએ ગુરુભક્તિના અવસરને સાધીને જીવનમાં અણમોલ ગુરુભક્તિના તત્ત્વને આત્મસાત્ કર્યું કહેવાય.

પૂજ્યશ્રીની નાદુરસ્ત તબિયતમાં આવી રીતે છોડીને કેમ જવાય...? ફાલનાના ડોકટર ગંગાસિંહજીને બોલાવ્યા. ગંગાસિંહજીને પણ સાહેબજી પ્રત્યે અત્યંત અહોભાવ જાગેલો, તે તરત જ આવી ગયા, અને પંદર દિવસ લગાતાર ત્યાં રહીને જ સારવાર કરી, તેથી પૂજ્યશ્રીને ફરી ધીરે ધીરે સ્વસ્થતા આવતી ગઈ.

પણ... શરીરનો બાંધો એવો નબળો કે ફરી સં. ૨૦૩૪માં રોગ વકર્યો. વારંવાર હીચકી આવે. કળ વળવા ન દે. એક આસને જંપવા ન દે.

પિંડવાડાના શ્રીસંઘે જોધપુરના એક સમર્થ વૈદ્યરાજને તેડાવ્યા. વૈદ્યરાજ આવ્યા. પ્રણામ કરીને નાડી જોઇ. પછી પોતે જાતે તૈયાર કરેલ દવા શરૂ કરાવી. કંઈક સુધારો જણાયો. બધાનો ઉચાટ ઓછો થયો. પણ... થોડા દિવસ બાદ દર્દે ઊથલો માર્યો.

'પંન્યાસજી મહારાજ' રોગ મુક્ત કેમ થાય તેની વિચારણામાં સકલ સંઘ વ્યથિત છે. શિષ્ય પરિવાર ચિંતિત છે.

૨૦૩૪નું ચાતુર્માસ પિંડવાડામાં થયું. બેડા દાદાજીમાં ઓળીનું ભવ્ય અનુષ્ઠાન અને પિંડવાડામાં અંજન પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાયો ત્યારે તેઓશ્રીની જીવનનૌકા ઝોલાં ખાતી હતી. છતાં બંને પ્રસંગો પૂજ્યશ્રીની કૃપા બળે અદ્ભુત રીતે ઉજવાઇ ગયા.

૨૦૩૪ના ચાતુર્માસમાં પૂજ્ય. આ. શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરિ મહારાજ સાહેબ સાથે રહ્યા. કુલ ત્રણ ચોમાસા સાથે રહીને ઉપકારી

પંન્યાસજી મહારાજ પાસેથી મેળવેલી આરાધના–સાધનાનું ઋણ ચૂકવવા માટે સતત પ્રયત્ન કરતા. અને પૂજ્યશ્રીને સમાધિ રહે તે માટે તેઓ યોગ્ય જ્ઞાન–ધ્યાનની ચર્ચા કરતા. આવી ચર્ચા સમયે પૂજ્યશ્રી પણ ખૂબ જ સ્વસ્થ થઈ જતા અને બિમારી જાણે દૂર ખસી જતી.

સાહેબજીની બિમારી સાંભળીને અનેક મહાત્માઓ, સાધ્વીજી મહારાજો આવતાં. પૂજ્યશ્રી એમને કંઈ ન આપી શકવાનું દુઃખ વ્યક્ત કરતા. જેણે આખી જીન્દગી આપ્યું જ છે, તેનાથી આપ્યા વિના રહેવાય જ નહિ. ન આપી શકે તો દુઃખ થાય એવી પરિસ્થિતિ હતી. ત્યારે પૂજ્યશ્રીના સંતોષ ખાતર તેઓશ્રીની સૂચના મુજબ મુનિશ્રી વજ્રસેનવિજયજી બધાને સમાચાર આપતા અને યોગ્ય સંતોષ આપતા.

મારવાડથી ગુજરાતમાં પૂજ્ય પંન્યાસજી મહારાજને પધારવા માટે ઘણા પ્રયત્નો થતા, પરંતુ શારીરિક અસ્વસ્થતાને કારણે મારવાડથી નીકળવાનું બનતું નહિ.

પૂજ્યશ્રીએ મારવાડની પવિત્ર ધરા ઉપર જે જોયું, જે જાણ્યું, જે માણ્યું, જે વિકાસ સાધ્યો તેનો સરવાળો કઈંક આમ હતો...

❀

૧૬ રાજસ્થાનની પવિત્ર ભૂમિમાં પદાર્પણ

સમતાના જતન માટેનો પ્રદેશ.

જન–મનના પાપ–તાપ અને સંતાપ હરનારાં તીર્થોથી ભર્યો ભાદર્યો રાજસ્થાનનો પ્રદેશ, કુદરતી સૌન્દર્યથી મઢેલો છે. જે કલાત્મક અને ભાવાત્મક મંદિરોથી શોભે છે.

તીર્થંકર પરમાત્મા, આચાર્ય ભગવંતો, મુનિપુંગવો, જૈન રાજા મહારાજાઓ અને શ્રેષ્ઠિઓની યાદ આપનારાં ભારતનાં તીર્થો ઇતિહાસની પ્રામાણિકતાની સાક્ષી પૂરે છે. આત્મસાધના માટેની અનુકૂળ સામગ્રી પૂરી પાડે છે. અંતરાત્માની અશુદ્ધિઓનાં આવરણો દૂર કરી, શુદ્ધિદાયક બળ આપે છે.

જેનાથી તરાય તે તીર્થ. માનવ જન્મના વિષય કષાયના બે પ્રચંડ પ્રવાહને પાર કરવા તીર્થ સ્થાન છે, જ્યાં જવાથી આત્માનું ઉત્થાન થાય, જીવનનું ઊર્ધ્વગમન થાય, પરમાત્માની ઓળખાણ થાય, મનનાં પરિણામ નિર્મળ થાય, અલૌકિક શાંતિ અને આનંદનો અનુભવ થાય, મળેલું જીવન સફળ થાય, એવાં તીર્થોને કોટિ કોટિ પ્રણામ.

જ્યાં અનંત ભવ્ય આત્માઓએ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, જેના કાંકરે કાંકરે અનંતા સિધ્યા, એ તીર્થરાજનો મહિમા કેવો હશે ! જ્યાં પહોંચતાં આત્મા અપૂર્વ પુણ્ય સંચય કરે, જેના પવિત્ર પરમાણુઓથી ભાવ નિર્મળ બને, જીવ શિવ બનવાની શક્તિને વરે, એવાં તારક તીર્થો ભારતના ભવ્ય ભાલ ઉપર તિલક સમાન શોભે છે.

ઘડિયાળના કાંટાની જેમ ઘૂમતા એોને, સ્થિર શુભ ભાવ લાવવામાં, આલંબનરૂપ થતાં આ તીર્થ સ્થળો...!

આજના વૈજ્ઞાનિક યુગમાં ધાર્મિક ભાવના જાગૃત કરવામાં,

ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરવામાં,

ધર્મનું ગૌરવ અનુભવવામાં,

ધર્મ પ્રતિ શ્રદ્ધા અને પ્રભુ પ્રતિ પ્રીતિ–ભક્તિ વધારવામાં પ્રાણ પૂરે છે.

આવા પ્રાચીન અને પ્રાકૃતિક દૃશ્યેાથી એાતપ્રેાત રાજસ્થાનની પવિત્ર ભૂમિમાં પૂજ્ય પંન્યાસજી મહારાજનેા પ્રવેશ થયેા. અને આરાધનામય જીવનના ઉત્તરાર્ધનેા મેાટેા ભાગ અહીં વીત્યેા.

વાતચીત દરમિયાન એક વાર પૂજ્યશ્રીએ કહેલું : "શ્રી દેલવાડાજીથી શ્રી રાણકપુર સુધીનેા પ્રદેશ ધર્મના સાધક માટે જનેતાના ખેાળા જેવેા છે. આ આખા પ્રદેશનું વાયુ મંડળ ઘણું સારું છે. આ પ્રદેશમાં મહા આરંભ નહિવત્ છે. પાંચે ઇન્દ્રિયેાના વિષયેાને ઉત્તેજનારાં પરિબળેા પ્રમાણમાં ઘણાં એાછાં છે. બહિર્મુખ જીવને માફક આવે તેવેા ખેારાક પણ અતિ અલ્પ છે અને અલ્પ પણ જે અશુદ્ધિએા છે, તેની સામે શુદ્ધિદાયક બળ ઘણું મેાટું છે.

તીર્થંકરેાનાં મહા પ્રભાવક બિંબેા અને અનેક મહાન પ્રભાવક તીર્થો આ પ્રદેશમાં વિશેષ પ્રમાણમાં છે. તેમાં કેટલાંક તેા જીવિતસ્વામી તરીકેની પ્રસિદ્ધિવાળાં છે. જીવિતસ્વામી એટલે ભગવાન મહાવીરસ્વામીના જીવંત વિદ્યમાન કાળમાં જ પ્રતિષ્ઠિત થયેલાં બિંબેા અને તીર્થો. આવાં પ્રભાવક બિંબેા અને તીર્થોનાં આલંબન સાધનામાં ખૂબ જ અનુકૂળ સામગ્રી ગણાય અને બીજાં પણ પ્રશસ્ત કારણેા આ ભૂમિની રજકણેામાં વિદ્યમાન હેાવાથી, સાધકને અલ્પ પ્રયત્ને અંતર્મુખતા પ્રાપ્ત થાય છે. પાંચ–મહાવ્રતેાના અખિશુદ્ધ પાલનમાં અધિક સુગમતા રહે છે. અમારી મતા (મૂડી) સમતા છે

અને તેનું જતન કરવું તે અમારો ધર્મ છે. આ પ્રદેશ તેની જોગવાઇ પૂરી પાડે છે. એટલે માત્ર ક્ષેત્ર પ્રત્યેની મમતાના કારણે નહિ પરંતુ સમતા ધર્મના જતનના કારણે આજ પૂર્વે પણ અનેક મહર્ષિઓએ આ પ્રદેશમાં રહીને આત્મસાધના કરી છે."

દેલવાડાનાં દેહરાં :

વિશ્વ વિખ્યાત દેલવાડાનું મુખ્ય દહેરાસર વિમલ વસહીનાં દર્શન કરી બહાર નીકળ્યા બાદ પૂજ્યશ્રીએ કહ્યું, "આ કોતરણી વિમળશાહના હૃદયમાં શાસન કેવું કોતરાયું હશે, તેનો ખ્યાલ આપે છે. શાસન એટલે રાજ્ય. શાસન કરવું એટલે રાજ્ય કરવું. જગત ઉપર શ્રી અરિહંતનું શાસન ચાલે છે. શ્રી અરિહંતની શક્તિ એ શાસન ચલાવે છે. એ શક્તિને આંબનારી કોઈ શક્તિ, કયારેય જગતમાં હોતી નથી. ઉત્પન્ન થતી નથી. એ જય જયકારનું એક પ્રકરણ તે દેલવાડાનાં દહેરાં છે."

વલ્લભ લાયબ્રેરીમાં પૂજ્યશ્રીએ સ્થિરતા કરી હતી. તેની ઓસરીમાં ઊભા રહી ચોતરફ નજર નાખી છવાયેલી વનરાજી જોઈ, તે તરફ આંગળી ચીંધી કહ્યું, " જુઓ, કોઇ કયાંય લેવાની વાત કરે છે ? આપીને રાજી થવું, એવું તે ધર્મનું શિક્ષણ આપે છે. સકામ ત્યાગ, અમાપ ઉપકાર કરે છે, તે આપોઆપ નષ્ટી થઈ જાય છે. માટે જયાં વણિક બુદ્ધિ હોય છે, ત્યાં ધર્મ નથી હોતો.

ધર્મમાં લેવાની વાત છે જ નહિ. માત્ર આપવાની વાત જ છે. આપતાં આપતાં બધું આપીને આત્મા પરમાત્મા બને છે. એટલે બધા જીવોના પરમ સ્નેહી બને છે. અને સિદ્ધશિલા પર બિરાજીને બધા જીવોને આકર્ષે છે, અભય આપે છે. "

રાજસ્થાનના તીર્થોમાં તથા ગામોમાં વિચરતા પૂજ્યશ્રીએ વિશિષ્ટ સાધના-આરાધના કરી. જાતને જિનેશ્વરમાં ખોઈ નાખવાની-અરિહંત સાથે એકાકાર થવા અનોખી અને આગવી કલા પ્રાપ્ત કરી.

આ પ્રદેશના શાંત-પ્રશાંત વાતાવરણમાં પૂજ્યશ્રીનું ચિંતન પરિપક્વ બન્યું. પ્રજ્ઞાને પરમાત્માનો પ્રકાશ મળ્યો. તે પ્રકાશમાં પૂજ્યશ્રીની પરાવાણીના ઓલ પ્રવચનમાં ઝડપાયા....અને..... એ અરિહંત ભક્તિના, પ્રભુ શાસનના, નમસ્કાર મહામંત્રના, નવપદજીના અને સમતાના સંવાદી સૂરો સર્વત્ર ગૂંજતા થયા. આત્માને પરમાત્મા બનાવવા માટે ઉદ્યમશીલ બનાવતા એ સૂર સાધુ તેમ જ સાધક માટે માર્ગદર્શન પૂરું પાડનારા બન્યા.

સંસારની વેદનાથી મુક્ત થવા અને આત્માને પરમાત્માથી યુક્ત થવા અનેક આત્માઓ પૂજ્યશ્રીના દર્શન – વંદનાર્થે આવતા. આવનારની જિજ્ઞાસા જોઇ, નમસ્કારની છૂટે હાથે લ્હાણ કરતાં, તેઓશ્રી કહેતા,

"પ્રભુ પાસે દીનભાવે હૈયાને ખુલ્લું કરવું જોઇએ. મનથી માનવું જોઇએ કે મારા સ્વામી પરમ સામર્થ્યવાન છે. હું તેમનો દાસ છું. આવો ખ્યાલ ન આવે ત્યાં સુધી, માનવીના દુઃખનો ભાર જરા પણ ઓછો થતો નથી.

નમસ્કાર એટલે દાસત્વ – નમસ્કાર એટલે આત્મદાન – આત્મસમર્પણ.

નમસ્કાર એ શ્રેષ્ઠ પ્રકારની શરણાગતિ છે. સાગરમાં સરિતાને મળી જવાની અમૃતક્રિયા છે. ભગવદ્‌ભાવમાં આત્માનું વિસર્જન છે."

અને પછી તો એ સન્મુખ બેઠેલાં જિજ્ઞાસુ આત્માઓ સમક્ષ નમસ્કારની અપાર શક્તિનું વર્ણન કરતાં જણાવતા.

"નમસ્કાર એ ઉપાસ્યની અભિમુખતા છે.

અનુકૂળતાનો સંકલ્પ છે.

પ્રતિકૂળતાઓનું વિસર્જન છે.

અસહાયતાનું પ્રગટન છે.

સંરક્ષણનો સચોટ વિશ્વાસ છે.

આત્મરક્ષણ માટે એકાંતમાં પ્રાર્થના છે.

સમજદાર માણસ પોતાની પૂર્ણતા શ્રી નવકારમાં જ શોધે છે.

શ્રી નવકાર એ રત્નની પોટલી છે.

સંસાર સાગરની દીવાદાંડી છે.

ભવાટવીનો ભોમિયો છે.

શ્રીતીર્થંકરદેવોનું અમૂલ્ય ભેટણું છે.

સહેજમાં મળેલા આવા મહા મૂલ્યવાન મંત્રનું મૂલ્ય પારખતાં આવડવું જોઈએ. શ્રી નવકારમાં બધું જ આપવાની તાકાત છે." આવાં અમૃતમય પૂજ્યશ્રીનાં વચનો સાંભળતાં આવનારનું હૈયું ભીંજાતું, આત્મા સતેજ થતો; મંત્રમુગ્ધ બનતો. હૃદયથી નમી પડતો અને પૂજ્યશ્રી પાસેથી સાધના-આરાધના પામી કૃતાર્થ થતો.

મારવાડ આજુબાજુના પાવનકારી તીર્થસ્થાનોમાં પૂજ્ય પંન્યાસજી મહારાજ એકાંત અને શાંત વાતાવરણમાં દિવસો સુધી રહેતા. આત્મામાં ડૂબકી લગાવતા. તત્ત્વચિંતનમાં મસ્ત રહેતા. એની સાખ પૂરતો શ્રી રાતામહાવીરજીનો પ્રસંગ તો ભૂલ્યો ભૂલાય તેમ નથી.

ચિંતનની ફલશ્રુતિ :

સં. ૨૦૨૩ ના મહા મહિને બીજાપુર નજીકમાં આવેલા શ્રી રાતામહાવીર તીર્થમાં તેઓશ્રી દશ દિવસ રહ્યા હતા અને 'અનુપ્રેક્ષા' કિરણ પહેલું તૈયાર કર્યું હતું.

સાથે બે સાધુઓ હતા. બીજાપુરથી સવાર-સાંજ જે ગોચરી લાવતા તે જ વાપરતા. આહાર શુદ્ધિના તેઓશ્રી આટલા જ આગ્રહી હતા. સંયમ જીવન દોષિત ન બને એની ખૂબ જ કાળજી રાખતા.

ત્યારબાદ દિયાણામાં દશ દિવસ રહ્યા, ત્યાં 'અનુપ્રેક્ષા' કિરણ બીજું તૈયાર કર્યું.

પછી ચાતુર્માસ લુણાવામાં થયું. અહીં કિરણ ત્રીજું 'અનુપ્રેક્ષા'નું તૈયાર થયું.

શ્રી નવકારની અગાધ શક્તિનું દર્શન પોતે કર્યું, અક્ષર દેહે અન્યને કરાવ્યું.

શ્રી નવકારની આરાધનાનો પરિપાક 'નમસ્કાર મીમાંસા' અને 'નમસ્કાર દોહન'માં પૂર્ણપણે પ્રતીત થાય છે.

અહંકાર અને આસક્તિ એ માનવમનના બે મહાન દોષ છે. બધા જ પાપના પોષક છે. તેમને નિર્મૂળ કરવા માટે નમસ્કાર અમોઘ ઉપાય છે.

પાકેલા ગુમડામાંથી રસી દૂર કરવા 'ખામેમિ સવ્વજીવે'ની ભાવના છે. રસી દૂર થયા બાદ મલમ પટ્ટી લગાડવા 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની બીજી ભાવના છે. બંને આત્માને ભાવ તંદુરસ્તી બક્ષે છે.

ખરી રીતે આપણા પોતાના દુષ્ટ મન સિવાય આપણો બીજો કોઇ દુશ્મન નથી. મહામંત્ર મનની દુષ્ટતા દૂર કરે છે. બીજા જીવોને આત્મ તુલ્ય ન માનવા એ મનની મોટામાં મોટી દુષ્ટતા છે. શ્રી નવકારની આરાધનાથી તે દૂર થાય છે.

આત્મદૃષ્ટિએ આપણા કરતાં કોઈ નાનું નથી, એમ હૈયાને લાગે ત્યારે નમસ્કાર લાગુ પડયો ગણાય. એ ભાવનમસ્કારને પામીને જ સર્વ જીવો મોક્ષે જાય છે. ભાવમાં આપવાનું છે અલ્પ અને મળે છે અનંત.

નમસ્કાર એટલે સ્વાર્થને નમાવવો અને પરમાર્થને નમવું. 'હું'ને સાથે લઇને કોઇ મોક્ષમાં ગયું નથી, જવાનું નથી.

કેવળ સ્વાર્થના વિચારો પ્રાણોને દૂષિત કરે છે, દૂષિત થયેલા તે પ્રાણો 'ભાવદયા' અને 'ભાવ-દાન' માટેની પાત્રતા ગુમાવી દે છે. શ્રી નવકારની આરાધના સ્વાર્થ ઘટાડે છે, પરમાર્થને પોષે છે અને તથાભવ્યત્વને વિકસાવે છે.

શ્રી નવકાર કૃતજ્ઞતા અને પરોપકારનો મહામંત્ર છે. કૃતજ્ઞતા વિનાનો પરોપકાર એ અહંકાર છે. અને પરોપકાર વિનાની કૃતજ્ઞતા એ માયાચાર છે. પરોપકારથી કૃતજ્ઞતા ચરિતાર્થ થાય છે અને કૃતજ્ઞતાથી પરોપકાર ધર્મરૂપ બને છે. ઉપકાર માનવાથી કૃતજ્ઞતા અને ઉપકાર કરવાથી પરોપકાર થાય છે. કૃતજ્ઞતા ગુણથી સહજમળ (રાગ-દ્વેષ-મોહ)નો હ્રાસ થાય છે. પરોપકાર ગુણથી તથાભવ્યત્વનો પરિપાક થાય છે. ઉદારતા જાતને ભૂલવામાં છે, નમ્રતા પરને યાદ રાખવામાં છે. સહજમળનો નાશ કરવા માટે નમ્રતા અને ભવ્યત્વનો પરિપાક કરવા માટે ઉદારતા અનિવાર્ય છે. આ બંને ગુણોનું સેવન એક સાથે શ્રી નવકારના પ્રથમપદની આરાધનાથી થાય છે. 'નમો' **એ કૃતજ્ઞતાનું પ્રતીક છે,** 'અરિહંતાણં' એ **ઉદારતાનું** પ્રતીક છે.

શ્રી નવકારની આરાધના :

શ્રી નવકારની આરાધના એટલે આત્મભાવની આરાધના. આત્મભાવ આવે એટલે સર્વાત્મભાવ આવે જ.

શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞામાં તેઓશ્રીનો સર્વાત્મભાવ ઝળહળે છે. તેઓશ્રીએ પ્રકાશેલાં નાનાં મોટાં પચ્ચક્ખાણો અને અનુષ્ઠાનોમાં સર્વાત્મભાવ ભરેલો છે.

વિશ્વના ગૂઢતમ રહસ્યોની ચાવી શ્રી નવકારમાં છે. સર્વ જીવો ઉપરના સમત્વભાવ વિના સાચો નમસ્કાર ન હોઇ શકે. સમત્વવાન શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે આત્મભાવ ન પ્રગટે.

સર્વ જીવોના હિતની આત્મસમભાવ મૂલક હિતની ચિંતામાંથી જ સર્વેશ્વરપણું પ્રગટે છે. તે **સર્વેશ્વરતા પ્રગટ** કરવાની અગાધશક્તિ શ્રી નવકારમાં છે.

શ્રી નવકારમાં ત્રણ યોગ :

શ્રી નવકારમાં ત્રણ યોગ છે; કર્મ-જ્ઞાન અને ભક્તિ. સર્વાત્મ-ભાવની આરાધના એ કર્મયોગ છે. તેથી ચિત્તના મળ-દોષ દૂર થાય છે.

પરમાત્મભાવની આરાધના એ ભક્તિયોગ છે, તેથી ચિત્તના વિક્ષેપ-દોષ દૂર થાય છે.

બ્રહ્માત્મૈકયની આરાધના એ જ્ઞાનયોગ છે. તેથી આત્મા ઉપરના આવરણ-દોષ દૂર થાય છે.

મળ, વિક્ષેપ અને આવરણ એ ત્રણે દોષ દૂર થતાં સહજ યોગ્યતા વિકસે છે. એ વિકાસની પરાકાષ્ઠા એ જ સકલ કર્મ મુક્તિ-રૂપી 'મોક્ષ' નામનો પદાર્થ છે.

શ્રી રાણકપુરજી મહાતીર્થ :

અરવલ્લી ગિરિમાળામાં નાની ટેકરીઓમાં શાંત, એકાંત તથા નિર્જન અરણ્ય પ્રકૃતિના સૌન્દર્ય વચ્ચે શોભતું, સર્વાંગસુંદર શ્રી રાણકપુરજી મહાતીર્થ જૈન ધર્મના ગૌરવની યશોગાથા ગાય છે.

નલિનીગુલ્મ દેવ વિમાન તુલ્ય 'ધરણવિહાર' મંદિરનું ચિત્તા-કર્ષક અપૂર્વ દૃશ્ય ભારતીય ચિત્રકલાનો અદ્વિતીય નમૂનો પૂરો પાડે છે. સૌન્દર્ય, કલા અને ભક્તિનું આ સંગમસ્થાન જાત્રાળુઓને મંત્ર મુગ્ધ કરે છે.

કુલ ૮૪ દેવકુલિકાઓ જાણે સંસારી જીવોને ૮૪ લાખ યોનિ વાળા ભવસાગરને પાર કરીને મુક્ત થવાની પ્રેરણા આપે છે. ૧૪૪૪ સ્તંભો કહેવાય છે, પણ ગણવા મુશ્કેલ છે. જાણે સ્તંભોનું નગર હોય એવું લાગે છે. 'આબુની કોતરણી અને રાણકપુરની માંડણી' જગ જાહેર બની છે.

આ મહાતીર્થમાં મૂળ નાયક ભગવાન શ્રી આદીનાથ દાદાની ચૌમુખ પ્રતિમા છે. આ પ્રતિમાજીના પરમ મંગલકારી સ્વરૂપના સુંદર ઉઠાવને સમજાવતાં પૂજ્યશ્રી બોલ્યા;

"મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર પૈકી એક એક ભાવ એક એક શ્રી જિનપ્રતિમાજીના મંગલકારી મુખારવિંદ પર સજીવ છે."

શ્રી રાણકપુરના ઉચ્ચ સ્તરીય વાયુમંડળ ઉપર પૂજ્યશ્રીએ ખૂબ જ ભાર મૂકયો છે અને કહ્યું છે, "શક્તિ હોય ત્યાં સુધી, વર્ષમાં એકવાર અવશ્ય યાત્રા કરવી.....શ્રી રાણકપુરજીમાં આવીને કશું પણ નહિ કરનાર ભાગ્યશાળીને પણ લાભ થાય તેવું ઊંચું આ મહાતીર્થનું વાતાવરણ છે, તો પછી અહીં આવીને પરમાત્માની ભક્તિ કરનારને થનારા અપૂર્વ ધર્મલાભનું તો પૂછવું જ શું ?"

પૂજ્યશ્રીએ કહેલું; "શ્રી રાણકપુર, શ્રી બામણવાડા, શ્રી રાતા મહાવીર, શ્રી નાંદિયા વિગેરે તીર્થોમાં વિચરતાં અનુપમ આનંદની અનુભૂતિ થાય છે. અહીંની ભૂમિ તો તીર્થ ભૂમિ છે. એક એક તીર્થમાં જે જિનાલયો છે, પરમાત્મા છે, તે અલૌકિક છે. જેનું દર્શન કરતાં, આપણને આપણા આત્માનો પરિચય થાય છે. અંદરની ઓળખાણ થાય છે. અપૂર્વ શાંતિ મળે છે. ભાવથી ભગવાનને ભેટાય છે. પરમાત્મા સાથે એકરૂપ થવાનો અમૂલ્ય અવસર મળે છે. જીવન ધન્ય બને છે."

૧૭ "ભક્તિ તો એકની જ થાય"

સાદડીમાં પૂજ્યશ્રી બિરાજમાન હતા. દૂરથી એક સાધકભાઈ સાહેબજી પાસે આવ્યા. દર્શન માત્રથી તેમની ભૂખ ભાંગી ગઈ. આત્મા તૃપ્ત થયો. વંદન કર્યાં. સામે બેઠા. પોતાની સાધનાની વાત શરૂ કરી. સાહેબજીએ તે સાંભળે રાખી. લગભગ પોણા કલાક સુધી પેલા ભાઇએ દુનિયાના સંત-પંથ અને ગ્રંથની વાતો કરી. જ્યારે તે બોલતા અટકયા, ત્યારે સાહેબજીએ માત્ર આટલું જ કહ્યું; "ભક્તિ તો એકની જ થાય." સાંભળતાં પેલા ભાઈ તો સ્તબ્ધ થઈ ગયા અને 'આ એક તે કોણ ?' એમ પૂછવા જાય ત્યાં તો તેમના અંતર આત્મામાં પડઘો પડ્યો.

'તે એકની એટલે શુદ્ધાત્માની પરમાત્માની.' પેલા ભાઈ તો રાજીના રેડ થઈ ગયા. એમની આંખ પરમાત્માના અનુભવ માટે તૃષાતુર બની.

સંત પુરુષનાં હૃદય કરુણા ભાવથી ભરેલાં હોય છે. યોગ્ય ખપી જીવ મળતાં, તેને આપતાં પાછુ વાળીને જોતા નથી. નાદુરસ્ત તબિયતની પણ પરવા કરતા નથી. પાત્ર મળતાં જ વરસી જાય છે. બે દિવસ બાદ સાધકભાઇએ પૂજ્યશ્રીને પૂછયું; 'આત્મા પરમાત્મા કેવી રીતે બને ?'

વિકટ એવા આ પ્રશ્નને મુખ પરની અવર્ણનીય પ્રસન્નતાથી પૂજ્યશ્રીએ આ સાધના માર્ગ સમજાવ્યો.

"આત્માને પરમાત્મા બનાવવા માટેની અદ્ભુત કલા શ્રી નવકાર મંત્રમાં છે. સ્મરણ, જાપ અને ધ્યાન એ મંત્રની ત્રણ ભૂમિકાઓ છે.

સ્મરણમાં મન જોડવાનું, જાપ માટે આસન જોઇએ. સ્વચ્છ વસ્ત્ર જોઇએ. પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ જોઇએ.

શ્રી અરિહંતના બાર ગુણો છે. હૃદયમાં બાર વખત આ શબ્દો જરૂરથી વાંચવા, અક્ષરો સફેદ અને તેજસ્વી વાંચવા. હૃદયમાં તે લખેલા છે તેમ કલ્પવું.

હૃદય કમળની કલ્પના કરી, તેમાં શ્રી નવકાર સ્થાપવો. શ્રી અરિહંત પરમાત્માએ સર્વ જીવો સાથે અભેદ ભાવ સાધ્યો હતો. જ્યાં સુધી જગતના જીવો આપણા છે, અને હું તેઓનો છું. તેવો ભાવ ન આવે ત્યાં સુધી કોઈ સાધના વેગવતી બનતી નથી. માત્ર શ્રી અરિહંત સાથે નહિ પણ શ્રી અરિહંત જેના સંબંધમાં છે, તે સર્વ જીવોની સાથે સંબંધ થાય છે, તેનો આનંદ અવર્ણનીય છે.

અક્ષર ચિંતનનો અભ્યાસ કરવો. અભ્યાસ કરતાં કરતાં પાંચે પરમેષ્ઠિ ભગવંતોનું વર્ણ પ્રમાણે ધ્યાન ધરવું. તેમાં ચિત્તવૃત્તિઓને તદાકાર બનાવી દેવી. તે તે મૂર્તિઓના દર્શન સિવાય બીજો વિચાર કે વિકલ્પ મનમાં ઉઠવા ન દેવો.

ધ્યાનની શરૂઆતમાં 'અરિહંત અને હું,' 'સિદ્ધ અને હું,' આચાર્ય અને હું, 'ઉપાધ્યાય અને હું,' તથા 'સાધુ અને હું,' એવો દ્વૈત ભાવ હશે.

ધ્યાનની પ્રગતિ સધાતાં દ્વૈતભાવ ભૂંસાઈ જશે, અને 'મારો આત્મા જ અરિહંત છે,' 'મારો આત્મા જ સિદ્ધ છે,' 'મારો આત્મા જ આચાર્ય છે,' 'મારો આત્મા જ ઉપાધ્યાય છે,' 'મારો આત્મા જ સાધુ છે.'

આ પાંચેય આત્માની અવસ્થાઓ છે એવો અદ્વૈતભાવ ઉત્પન્ન થઈ, આત્મતત્ત્વનો સંપૂર્ણ સાક્ષાત્કાર થશે. જે ધર્મનું અંતિમ ધ્યેય છે. યોગનો અંતિમ આદર્શ છે. સાધનાનું અંતિમ ફળ છે.

સાધકે બધું શ્રી નવકાર ઉપર છોડી દેવું જોઇએ, શ્રી નવકાર પાપનો અજ્ઞાનનો અને મોહનો નાશ કરે છે. તેથી આત્મા પરમાત્મા બને છે.

પરમાત્માના અત્યંત શુભમાં આપણું અતિ અલ્પ પણ શુભ મેળવી લેવું એનું જ નામ 'નમો અરિહંતાણં' 'નમો સિદ્ધાણં' ઇત્યાદિ છે.

'નમો અરિહંતાણં' પદના સાત અક્ષરો જે જપે તે જલ્દીથી ભવરૂપી દાવાનળનો ઉચ્છેદ કરે છે, કારણ કે તેમાં આત્મા પરમાત્મા છે એવી ભાવના સતત થયા કરે છે. એટલું જ નહિ પરંતુ આવી ઉચ્ચ કોટિનું જ્ઞાન જેમના તરફથી આપણને મળ્યું છે, તેમના પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ સતત કેળવાય છે. કૃતજ્ઞતા વડે જીવ પાત્રતાનો વિકાસ કરી અનંત સંપત્તિનો અધિકારી બને છે.

પ્રભુમાં ચિત્ત લાગવું એ જ મોટું ફળ છે. પછીનું કાર્ય આપણે કરવાનું નથી. તેના સ્વભાવથી જ તે થાય છે.

"जन्मवानस्मि धन्योस्मि कृतकृत्योस्मि यन्मुहुः ।
जातोऽस्मि त्वद्गुणग्राम रामणीयकलम्पटः ॥"

મારો જન્મ સફળ છે. હું પુણ્યવાન છું. હું કૃતાર્થ છું; કારણકે મારું મન જ પ્રભુના અગણિત ગુણ સમૂહની મનોહરતામાં વારંવાર લંપટ (તન્મય) લાલચું બન્યું છે.

આપણો પુરુષાર્થ તો પરમાત્માના નામના અક્ષરોમાં અને અર્થમાં આપણા ચિત્તને પરોવવામાં છે. એક વખત ચિત્ત જો શ્રી નવકારના અક્ષરોના સ્મરણમાં અને ધ્યાનમાં લીન થયું તો પછી જન્મ કૃતાર્થ થઈ ગયો. આ જન્મમાં મેળવવા લાયક મળી ગયું. શ્રી અરિહંત પરમાત્માના નમસ્કારમાં ચિત્તનો પ્રવેશ થવો એ જ અરિહંત બનવાની ઉત્તમ પ્રક્રિયા છે."

નમો પદનો પ્રભાવ :

ત્યાર પછીના દિવસોના રોકાણમાં તે સાધકભાઈ, સાહેબજી પાસે આવે, બેસે અને અદ્ભુત શાંતિનો અનુભવ કરે.

એકવાર તે બોલી ઊઠ્યાઃ

"સાહેબજી ! નવકારના પંચ પરમેષ્ઠિ આગળ 'નમો' પદ આવે છે, તેનું મહત્ત્વ શું ?

'નમો' પદનો પ્રભાવ દર્શાવતાં, પૂજ્યશ્રી બોલ્યા; "શ્રી નવકારના પંચ પરમેષ્ઠિ આગળ 'નમો' પદ છે. નમો એ મનને ઉલટાવવાની ક્રિયા છે. જે મન વડે જીવ ઇન્દ્રિયાભિમુખ થઈને કર્મ બાંધતો હતો, તે જ મન વડે આત્માભિમુખ બની જીવ કર્મ નિર્જરે છે. એ પ્રભાવ 'નમો' પદનો છે. તેથી 'નમો' પદ એકલું પણ મહામંત્ર સ્વરૂપ છે.

'નમો' પરમાત્મા સાથે જીવાત્માને તન્મય થવાની ગુહ્ય મંત્રણા કરાવે છે. 'નમો' એ સર્વ પ્રકારના શ્રેષ્ઠ પુરુષાર્થોને આમંત્રણ આપે છે.

'નમો' એ મોક્ષસુખનું આમંત્રણ છે.

ઇન્દ્રિયો અને તેના વિષયો સાથે, દેહ અને તેના ધર્મો સાથે જોડાયેલું મન, આત્મા અને તેના ધર્મો સાથે, પરમેષ્ઠિઓ અને તેમના ગુણો સાથે 'નમો' પદ વડે જોડાઈ શકે છે. તેથી 'નમો' એ મહાયોગ સ્વરૂપ છે.

'નમો' પદનો પુનઃ પુનઃ જાપ જીવને ભોગી મટાડીને 'યોગી' બનાવે છે. સંસારી મટાડીને સિદ્ધ બનાવે છે, જીવ મટાડીને શિવ બનાવે છે.

બે અક્ષરનું 'મન' એ અક્ષરના 'નમ' વડે વશ થાય છે. મનને આત્મામાં વિલીન કરવાની ક્રિયાનું નામ 'નમો' છે, આત્મામાં મન વિલીન થતાં નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિનો અનુભવ થાય છે.

'મો' રૂપી મન 'ન' રૂપી આત્મામાં વિલીન થવાથી 'ૐ' રૂપી પરમાત્મા પ્રગટ થાય છે."

ખૂબ જ એકાગ્રતાથી સાંભળી રહેલા એ સાધકભાઇનું મન અને મસ્તક, પૂજ્યશ્રીના ખોળામાં ઝૂકી પડ્યાં. પૂજ્યશ્રીના હાથનો

માથે સ્પર્શ થતાં, કોઈ અલૌકિક અજવાળાં અંતરમાં પ્રવેશી ગયાં, સાધનાને વેગ મળ્યો, સમરથ સદ્‌ગુરુ મળ્યા. આનંદનો પાર ન રહ્યો.

અજોડ ધર્મ પ્રભાવના :

સં. ૨૦૨૩ માં પૂજ્ય પંન્યાસજી મહારાજ રાજસ્થાનના ગોલવડ પ્રદેશમાં પધાર્યા. અહીંનું ગ્રામ્ય વાતાવરણ સંયમ શુદ્ધિ માટે પૂજ્યશ્રીને ખૂબ ગમી ગયું. છેલ્લાં વર્ષોમાં આ જ પ્રદેશમાં વિચર્યા. પરંતુ આ થોડા વર્ષોમાં તેઓશ્રી ગોલવડ આસપાસના પ્રદેશોમાં એટલા બધા પૂજનીય બની ગયા કે ત્યાં આરાધનાની હેલીઓ વરસી ગઈ.

પૂજ્ય પંન્યાસજી મહારાજનો મારવાડના ગોલવડ પ્રદેશ પર જે ઉપકાર છે એને યાદ કરતાં, અંતરમાં અનુમોદનાનું એક જબ્બર આંદોલન શરૂ થઈ જાય છે.

પૂજ્યશ્રી મારવાડ પધાર્યા ત્યારથી લગભગ તેર વર્ષ સુધી આ પ્રદેશમાં વિચર્યા. એમાંય લુણાવામાં તબિયત આદિની દૃષ્ટિએ સવિશેષ રહ્યા. લુણાવા જોડે તેઓશ્રીની તબિયતને જાણે કોઈ સુસંબંધ હશે ! લુણાવાનું વાતાવરણ એમની તબિયતની સ્વસ્થતામાં સુંદર નિમિત્ત બની જતું.

લગભગ ચાર ચોમાસાં કરીને પૂજ્યશ્રીએ લુણાવા પર ઉપકારની જે હેલી વરસાવી, તેના પરિણામે ધર્મનું મધુર સુંદર વાતાવરણ વિકસ્યું. એમાં અનેક ઉપધાન–તપો, ઉજમણાં, પ્રતિષ્ઠાદિ પ્રસંગો અને શાસનની પ્રભાવનાનાં કાર્યો થયાં.

મારવાડની સ્થિરતા દરમિયાનનાં વર્ષોમાં પૂજ્ય પંન્યાસજી મહારાજની પાવનકારી દૃષ્ટિ, અનુપમ વાત્સલ્ય, મહામંત્રની સાધના, સહુના હૈયામાં ગજબનો પ્રભાવ પાડતાં, સ્થાન જમાવતાં, જૈન શાસનનો જય જયકાર કરતાં હતાં. અહીંના સંઘને એમના વિશિષ્ટ ગુણોના વારંવાર દર્શન કરવાનો લાભ મળ્યો. એ બધાનું એક મહાન પુણ્ય કહી શકાય. ત્યાંના સહુને એ જોવા–જાણવા મળ્યું કે

પૂજ્યશ્રીના પ્રભાવથી મોટા મોટા વિદ્રોહ વિખેરાઈ જતા. આરાધનામાં કોઈ અનેરો રંગ જામતો. ખરેખર મારવાડના બાર–તેર વર્ષના વિહાર દરમિયાન પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં જે શાસન પ્રભાવનાઓ અને ધર્મ શ્રદ્ધાને મજબૂત બનાવતાં જે કાર્યો થયાં એ અજોડ કહી શકાય એમ છે.

આ વર્ષો દરમિયાન દર વર્ષે ચૌદથી પંદર ક્ષેત્રોની ચાતુર્માસ માટે વિનંતીઓ આવતી, એમાં લગભગ સાત–આઠ સ્થાને તેઓશ્રી સાધુ પહોંચાડતા. આમ કરીને રાજસ્થાનના એ પ્રદેશને ધર્મના રંગે રંગવાનો પરોપકાર કરતા.

પોતાની નિશ્રામાં કોઈ મહાનમાં મહાન પ્રસંગ ઉજવાતો હોય તોય, પોતાના નામની આગળ એકાદ વિશેષણ મૂકાય, એ એમને ગમતું નહિ.

તેઓશ્રી કહેતા "આ 'મુનિ' ના વિશેષણમાં બધું જ આવી જાય છે." નામ અને નામનાના મોહથી પૂજ્યશ્રી પર રહેવા માગતા હતા.

પોતાની નિશ્રામાં ઉજવાતા નાનાં, મોટાં અનુષ્ઠાનોમાં તેઓશ્રી અનુકંપા, જીવદયા આદિની પ્રેરણા પણ પૂરતી કરતા, તેનો અમલ પણ થાય તે જોતા. ઉપરાંત દેવ–દ્રવ્ય–આદિની થતી ઉપજનો, ઉપધાન આદિ ઉપજોનો યોગ્ય સ્થાને સદુપયોગ થાય, તેની ખૂબ તકેદારી રાખતા.

કોઈ પણ અનુષ્ઠાન કોઈ દિવસ પ્રેરણા કરીને ન કરાવે, પણ કરાવનારની પૂરતી ચકાસણી પછી કરાવે, તેથી જે અનુષ્ઠાનો થાય, તે પૂર્ણ ઉદારતાથી, ઉલ્લાસથી ભવ્ય રીતે થતાં.

આમ પિંડવાડાથી માંડીને રાણકપુર સુધીની ધરતી પર તેઓશ્રીએ સ્વ–પર સાધનાની જે ભીષ્મ વેદી જણાવી, એના લિસોટા હજી આજેય પ્રકાશ પાથરી શકે તેટલા જ્વલંત છે; કારણકે તેના પાયામાં નવપદ અને નવકારની આરાધનાનું લોખંડી બળ પૂરાયેલું છે.

૧૮ પરોપકારાય સતાં વિભૂતયઃ

પરમાત્મ પ્રેમી પ્રાતઃસ્મરણીય મહાપુરુષોનાં જીવન અત્યંત આકર્ષક અને પ્રેરક હોય છે. જુદી જુદી જાતના જીવન ઉપયોગી પ્રેરણાદાયી પ્રસંગોથી તે ભરેલાં હોય છે, નિર્મળતામાં એમને ગંગાના નિર્મળ નીર સાથે સરખાવી શકાય. પુષ્પની પ્રત્યેક પાંખડીએ પરિમલનો પ્રસાર હોય છે તેમ, એમના આદર્શ વ્યક્તિત્વનાં વિવિધ પાસાં એકસરખાં આકર્ષક, આનંદમય, અદ્‌ભુત અને કળાત્મક હોય છે. નદીના નિર્મળ નીરની જેમ રસમય હોય છે.

'પંન્યાસજી મહારાજે' પોતાના જિનાજ્ઞામય અને જ્યોતિર્મય જીવન દ્વારા અસંખ્ય સાધકો અને જિજ્ઞાસુઓના પ્રાણમાં પ્રેરણા પાથરીને અરિહંતની આરાધના આપી, નવપદની સાધના આપી, નવકાર, સામાયિક–મૈત્રીના મહિમાને ગાયો; પરમ જ્ઞાન, ભક્તિ તથા શ્રદ્ધાની જ્યોતિ જગાવી, એ તો ખરું જ, પરંતુ તે સાથે સાથે જૈન ધર્મનાં આધ્યાત્મિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાનો પ્રખર પુરુષાર્થ કરીને જૈન શાસનની મહાન પ્રભાવના કરી.

સાહેબજીના આત્મિક અનુભવના ભંડારનો પરિપૂર્ણ તાગ કોણ મેળવી શકે? એ વિષય તો વ્યક્તિગત હોવાથી, બીજાએ તો એનું અનુમાન કરીને જ સંતોષ મેળવવો રહ્યો. છતાં એટલું તો સ્પષ્ટ હતું કે ગૃહત્યાગ પછીનો સઘળો સમય પૂજ્યશ્રીએ સાધનામાં વિતાવેલો, એને લીધે એમની મુખકાંતિ અને શાંતિ વધેલી. પોતાના ધાર્યા ધ્યેય માર્ગે એ ક્રમે ક્રમે આગળ વધી રહેલા. અંદરનાં કે બહારનાં કોઇ પણ પ્રકારનાં પ્રલોભનોને વશ થયા વગર અવિરામ રીતે આગળ વધવા એમણે સાધના સફર ચાલુ રાખેલી તેના

પરિણામે સમાગમમાં આવનાર સહુ પર પ્રભાવ પડતો–આવનારની પ્રકૃતિ પ્રસન્ન અને પુલકિત બનતી.

પરમાત્માને સમર્પિત થનારા સંતનો મહિમા અપરંપાર છે.

સંત એ જંગમ તીર્થ છે.
ભાવ દયાના ભંડાર છે.
પરોપકારની પરબ છે.
વાત્સલ્યનું વહેતું ઝરણું છે.
મૈત્રીનો મહાસાગર છે.
પ્રેમની જીવતી જાગતી પ્રતિમા છે.

આંખમાંથી અમૃત અને હૈયામાંથી હેત સદા સર્વ જીવો પર વરસાવતા જ રહે છે. કહેવાયું પણ છે;

"સરવર તરવર સંતજન
ચોથા બરસત મેહ
પરમારથ કે કારણે
ચારેં ધરિયા દેહ-"

પરમારથ એટલે સ્વાભાવિક પરોપકાર.

પૂરા ખીલેલા પુષ્પમાં સુગંધ હોય છે, તેમ સંત પુરુષોના હૃદયમાં પરોપકારનો પરિમલ મ્હેંકતો જ રહે છે.

પરોપકાર એ પૂ. પંન્યાસજી મહારાજની પ્રાણ–પ્રવૃત્તિ હતી. કોઈ પણ જીવને ધર્મ સમજાવવો–પમાડવો અને હૈયામાં જચાવવો એ વિષયમાં એમની કુશળતા અદ્‌ભુત હતી. એમની પાસે આવેલ કોઈ પણ પરિચિત કે અપરિચિત માણસ વૈરાગ્ય–સમતા–ભક્તિ અને અધ્યાત્મદૃષ્ટિ લઇને જ જતો. બગીચામાં જનારને સહેજે સુવાસનો અનુભવ તો થાય ને...?

પાસે જનાર ખૂબ જ પ્રસન્ન થતો. એ પ્રસન્નતા અને પવિત્રતાની ગંગામાં પાવન થઇને કહેતો :

"સાહેબજી ! આપનો કેટલો પ્રભાવ છે !"

ત્યારે પૂજ્યશ્રી લઘુતા દર્શાવતાં કહેતાઃ "આમાં મારો પ્રભાવ કે ઉપકાર નથી. આ બધી તો પરમોપકારી શ્રી અરિહંત ભગવંતોની જ કરુણા છે. એ તારકના જ પ્રભાવથી આ થયું છે. આપણે કાંઈ કરી શકતા નથી."

પાસે કોઈ જિજ્ઞાસાથી આવે. તબિયત નબળી હોય તો પણ જિજ્ઞાસુની જિજ્ઞાસા સંતોષાય નહિ ત્યાં સુધી સતત ઉપદેશ આપે. શિષ્ય સમુદાય કહેઃ "સાહેબજી ! હાલમાં તબિયત અનુકૂળ નથી, છતાં શા માટે આટલો શ્રમ ?"

તો તેઓશ્રી કહેઃ "અમો સંસારીપણામાં કોઈ પણ સાધુ મહારાજ પાસે જતા, ત્યારે તેઓ પોતાનું બધું કાર્ય મૂકીને, અમને ધર્મ સંભળાવતા. તે ઋણ ચૂકવવાનો અવસર હોય તે વખતે કેમ ઢીલા પડાય ?"

તેઓશ્રીની સમજ પ્રમાણે ભગવાન જિનેશ્વરદેવના શાસનમાં અનાદિકાળનું આત્માની ઉપર ઋણ છે માટે તેને ચૂકવવા આ શાસનની આરાધના કહો કે સેવા, જેટલી બને તેટલી વધુ કરીને આ શાસન જગતમાં પ્રચારવું. આ દીક્ષાની આરાધનાનું લક્ષ હતું, તે કારણે તેઓશ્રી ગમે તેવા શાસનનાં મહાન કાર્યો કરવા છતાં, કદી પણ અહંકારને સ્પર્શ્યા ન હતા. નમસ્કારમય બની ગયા હતા. સંઘમાં સહુના હૈયામાં સર્વમાન્ય બન્યા હતા. એવા આ મહાપુરુષે પોતાનું પુણ્ય પોતે ભોગવ્યું નથી. અનેકના ઉપકારક અને તારક બન્યા છતાં, પદ, પ્રતિષ્ઠા, પદવી, માન કે મોભો કશાયની પરવા કરી નથી.

કોઈ પણ પાસે આવે તો તેનું પૂર્ણ ઔચિત્ય કરતા. યોગ્યતા પ્રમાણે તત્ત્વદાન કરવામાં શરીરની ચિંતાનું ભાન પણ ભૂલી જતા. આવનારને પૂરો સંતોષ પેદા કરવા પોતે ખૂબ તત્પર રહેતા. અન્યને ઉપકાર કરવાની પાછળ પોતાની બરાબર સ્વસ્થતાનો વિચાર કરવાનું ભૂલી જતા.

અત્યંત બિમાર અવસ્થામાં પણ કોઈ જિજ્ઞાસુ પાછો જાય, તો, તે અસહ્ય બનતું.

જૈન શાસનમાં રહેલી દરેકે દરેક વ્યક્તિ કેવી રીતે ઉપયોગી છે તે બતાવીને શિષ્ય વર્ગનો તે વ્યક્તિ તરફનો અણગમો દૂર કરાવી દેતા.

પાસે જે કોઈ આવે તેની જિજ્ઞાસા સંતોષાતી. મૂંઝવણ હોય તે દૂર થતી. બધાંને સાંત્વના મળતી. કોઈની પણ માનસિક વિહ્વળતા દૂર કરવામાં પૂજ્યશ્રી અજોડ હતા.

પોતે સંપૂર્ણ નિખાલસપણે રહેતા. કોઈ પણ વ્યક્તિ નિઃસંકોચ પણે પાસે આવી શકતી. યોગ્ય માર્ગદર્શન મેળવતી. કોઈ પણ વ્યક્તિ પાસે આવે તો તેથી બિલકુલ ઉપેક્ષાવૃત્તિ રાખ્યા વિના, એના પોતાના બની જઈ એવો રસ દાખવતા, એવું સુંદર માર્ગદર્શન આપતા કે આવનાર, જીવનભર એમને ભૂલી જ ન શકતો. મૈત્રી અને પ્રેમભર્યા વ્યવહારથી પાસે આવનારને નવડાવી દેતા, પણ પોતે તો નિર્મલ ભાવે રહેતા. નિર્લેપ રહેતા.

પોતાના તરફથી દરેક વ્યક્તિને ધર્મમાં સહાયક થવાની હૈયે સતત તમન્ના રહેતી. નાનામાં નાની વ્યક્તિને આગળ વધવાની પ્રેરણા પૂરી પાડતા. જે જીવ જે ભૂમિકા પર હોય, ત્યાંથી તેને આગળ કઈ રીતે વધારવો તેની અદ્‌ભુત આવડત પૂજ્યશ્રી પાસે હતી.

ભૂલ બતાવી કોઇને નિરાશ કે નિરુત્સાહી કરવાની કે ભાંગી પાડવાની તો વાત જ નહિ. નાનામાં નાનો તેનો ગુણ શોધી, તે ગુણદ્વારા તેનો વિકાસ આગળ વધારવા પ્રયત્ન કરતા. કૈં વિશેષતા દેખાય તો પ્રોત્સાહન આપતા.

વ્યાખ્યાનમાં છેલ્લે સુધી 'નથી' શબ્દ બોલે નહિ. પત્રમાં પણ 'નથી' લખે નહિ. એટલી બધી પૂજ્યશ્રીની Positive દૃષ્ટિ હતી.

એમનું ચિંતન પણ હંમેશાં Positive રહેતું. એમની માન્યતામાં એક એવી વાત અસ્થિમજ્જાવત્ થઈ ગઇ હતી–કે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી છદ્મસ્થ જીવોમાં દોષ તો રહેવાના જ. માત્ર દોષોને જો જોવા જઇશું તો કદી પણ ધ્યેય પ્રતિ પ્રયાણ અસ્ખલિત નહિ રહે.

ચિત્તની પ્રસન્નતા માટે અને ધ્યેય પ્રતિ સતત પ્રયાણ માટે Positive Side ની વિચાર ધારા અત્યંત ઉપયોગી છે. તે આત્માને વિશુદ્ધ બનાવનાર છે.

એક ગુરુના બે શિષ્યો હતા. બાર વર્ષ સુધી તેઓ ગુરુ નિશ્રામાં શિક્ષણ પામ્યા શિક્ષણ પૂરું થતાં ગુરુએ પરીક્ષા લીધી. પ્રથમ શિષ્યને પૂછયું, 'તને જગત કેવું દેખાય છે?"

શિષ્યે જવાબ આપ્યો. "આખું જગત અંધકારમય છે. જુઓ અત્યારે રાત્રી છે. પછી નાનકડો દિવસ આવશે. પછી મોટી રાત પડશે. આમ બે રાત્રી વચ્ચે એક દિવસ! અંધકાર ઘણો અને પ્રકાશ થોડો. અહીં કયાં જીવવા જેવું છે.!"

બીજા શિષ્યને પૂછતાં જવાબ મળ્યો, "ગુરુજી જગત પ્રકાશમય છે. અત્યારે મોટો દિવસ વચમાં નાની રાત્રી. ફરી પાછો મોટો દિવસ– બે દિવસ વચ્ચે એકરાત્રી. પ્રકાશ વધારે અને અંધારું થોડું. આખું જગત પ્રકાશમય છે."

બંનેના જવાબો સાચા હતા. પરંતુ કયાં કયો નય અપનાવવાથી ચિત્તની પ્રસન્નતા વધે? કઈ અપેક્ષાએ જોવાથી આપણી દૃષ્ટિની નિર્મળતા વધે? તે દૃષ્ટિ અપનાવવી.

વચનમાં 'ના' (Negative) શબ્દ તો મળે જ નહિ. 'ના' પાડવી પડે તો પણ મૌન રહે – 'ના' શબ્દ બોલે નહિ.

જિજ્ઞાસુને આરાધનામાં વેગ આપતા. તે ફરી વાર આવે તો જે આરાધના ચાલુ હોય, તેથી આગળની આરાધના બતાવતા.

ઘણીવાર તો જિજ્ઞાસુ જે પ્રશ્ન પૂછવા માગતો હોય તે પ્રશ્ન પૂછતાં જ વાર્તાલાપમાંથી તેને જવાબ મળી જતો.

ગમે તેવા બુદ્ધિશાળી માણસની શંકા નિર્મૂળ થઈ જતી. પ્રશ્નકારના હાર્દને તેઓશ્રી થોડી જ વારમાં પામી જતા અને એક જ જવાબમાં એટલા બધા પ્રશ્નોત્તર સમાવી દેતા કે સામેની વ્યક્તિને બીજા કોઈ પ્રશ્નો કરવાની જરૂર જ ન રહેતી.

દરેક પ્રસંગમાં સમતા રાખવાની, પૂજ્યશ્રીની સતત શિખામણ રહેતી. મોટે ભાગે કોઈની વાતનું ખંડન માટે, ખંડન કરતા નહિ. કરવું પડે તો મંડન માટે કરતા. સામાની વાત સાંભળીને, તેમાં ખૂટતું તત્ત્વ પૂર્ણ કરતા.

ઉત્સર્ગ–અપવાદ, વ્યવહાર–નિશ્ચય, દ્રવ્ય–ભાવ, રાગ–વૈરાગ્ય, ત્યાગ–ભોગ વગેરે દ્વન્દ્વોનો સમન્વય એ રીતે કરતા કે વિરોધ શમી જતો અને સત્યની સિદ્ધિ થતી.

એકવાર એક જિજ્ઞાસુ ભાઈએ પૂછ્યું; "સાહેબજી ! દરરોજ પ્રભુની પૂજા કરનાર, દુકાને જઈને અનીતિ કરે છે, જૂઠ બોલે છે, તેનાથી ધર્મ વગોવાય છે. તો તે પૂજા ન કરે તો શું ખોટું છે ?

પૂજ્યશ્રીએ સહજ સ્મિત સાથે કહ્યું, 'ધર્મપ્રેમી સજ્જનોએ પોતાના નીતિમય આચરણ દ્વારા સમાજમાં નીતિની પ્રતિષ્ઠા જમાવવાનું અને જાળવી રાખવાનું કાર્ય અવશ્ય કરવું જોઈએ. પરંતુ દેરાસર જવાની વાતનું તથા પૂજાનું ખંડન કદી પણ કરવું ન જોઈએ. એ એક એવું અદ્ભુત સ્થાન છે કે જ્યાં જનારને મોડી પણ સદ્બુદ્ધિ આવવાની આવશ્યકતા છે. પણ જો તેનાથી અલગ થઈ જાય છે તો બુદ્ધિ વધુ બગડે છે. તેમજ આખો માનવભવ લગભગ એળે જાય છે. પૂજા છોડી દેવી એ અનીતિથી છૂટવાનો ઉપાય નથી. પૂજા છોડવાથી અનીતિ છૂટવાની યોગ્યતા પણ નાશ પામે છે. માટે પૂજા કરવાની સલાહ જ હિતાવહ છે.'

કેટલાક ભાઇઓએ બીજા એક પ્રસંગે પૂછયું, "આ દેશની પ્રજાના ઉદ્ધારનો સચોટ અને સરળ માર્ગ કયો ?"

જવાબમાં પૂજયશ્રીએ જણાવ્યું, "જે પ્રજાને પ્રભુ ઉપર, પરલોક ઉપર, પાપ અને પુણ્ય ઉપર શ્રદ્ધા છે, અહિંસામાં આદર છે, પરધન અને પરસ્ત્રી જયાં સલામત છે, તે દેશની પ્રજાનો વર્તમાનકાળ પણ સુખાકારી છે અને ભવિષ્ય પણ ઉજજવળ છે."

પ્રભાવક પ્રતિભાથી પૂજય પંન્યાસજી મહારાજે આજના શ્રમણ જગતમાં ખૂબ જ માનનીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શ્રી નમસ્કાર મહામંત્રના મનન ચિંતન, પરિશીલન અને પ્રચાર પાછળ સમગ્ર જીવન સમર્પિત કરી નૂતન યુગના પ્રવાહને ધર્મની સમજૂતિ દ્વારા શ્રી જિનશાસનના પાવન પ્રવાહમાં ખેંચ્યો છે.

એમની ચિંતન શક્તિ અનોખી હતી. તર્કશુદ્ધ શૈલીથી પોતાના વિચારને એવી રીતે રજૂ કરતા કે સાંભળનારની શ્રદ્ધાના પાયા ખૂબજ મજબૂત બનતા.

એક જિજ્ઞાસુએ એક વાર પ્રશ્ન કર્યો, "ધર્મની આરાધના માટે દીક્ષા શું જરૂરી છે ?" પૂજયશ્રીએ જવાબમાં જણાવ્યું, "વિજ્ઞાનના પ્રયોગો જેમ પ્રયોગશાળામાં (લેબોરેટરીમાં) જ થાય, રસ્તામાં નહિ. તેમ સાધના માટે દીક્ષા જરૂરી છે. સંપૂર્ણ ધર્મની સાધના, સર્વવિરતિ વિના શકય જ નથી."

પૂજય પંન્યાસજી મહારાજે જીવનમાં લખ્યું, વાંચ્યું, શિષ્યોનું સર્જન કર્યું, શાસન પ્રભાવનાનાં કાર્યોને નિશ્રા આપી, વિહારો કર્યા, ચાતુર્માસો કર્યા, કર્તવ્ય બુદ્ધિથી ઉચિત એવું બધું કર્યું. કરવા છતાં, પોતે કમળની જેમ નિર્મળ રહ્યા. તેથી જ અનેક સાધક ભ્રમરો માટે પરમાત્મ જીવનની પ્રેરણાની પરાગ પૂરી પાડનારા બની રહ્યા.

પોતાના પરિચયમાં આવનાર સહુ કોઈને પૂજ્યશ્રીએ આપ્યું છે. પણ કોને શું આપ્યું છે, તે કોઈ જાણતું નથી. જેને જે મળ્યું છે, તે તેની રીતે સાધના – આરાધના કરી રહ્યા છે.

આમ સંઘ અને સમુદાય પ્રત્યે,

સાધક અને ભક્ત – આરાધક પ્રત્યે,

જૈન અને અજૈન પ્રત્યે, અરે પાસે આવનાર જીવ માત્ર પ્રત્યે, પૂ. પંન્યાસજી મહારાજ કરુણાળીની વાત્સલ્યદૃષ્ટિની જે વૃષ્ટિ વરસાવતા રહ્યા, તેથી તો ઘણાનાં જીવન, વિકાસની ઊંચી કક્ષા સર કરી શકયાં. વ્યક્તિના અદ્ભુત ગુણોની અનુમોદના—ઉપબૃંહણા કરીને પછી એના દોષ પ્રત્યે વાત્સલ્યભરી ટકોર કરવાની એમની સ્યાદ્વાદી દૃષ્ટિ જ કોઈ અનોખી અને અનુપમ હતી કે જેના પ્રભાવે કોઈ ભૂલ્યા ભટકયા રાહીઓ, માર્ગ પામીને વિકાસના શિખર સુધી પહોંચી શકયા હતા.

૧૯ દિવ્યતાનું દર્શન

સાગર સમા ગંભીર મહાપુરુષો કયારેય પોતાના મુખથી, પોતાનો પરિચય આપતા નથી. પરંતુ તેમની પવિત્ર મુખમુદ્રા, વિશુદ્ધ દિનચર્યા, પરિમિત બોલવા-ચાલવાની આગવી ઢબ, અદ્‌ભુત ચિંતન, લખવાની અનોખી રીત, સારા-નરસા, અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગોમાં ચિત્તની સમતુલા, અખંડ-પ્રસન્નતા-શાંતિ, પ્રત્યેક વ્યક્તિ સાથે મૈત્રી ભાવનું ઉન્મીલન ઉચિત વ્યવહારનું પાલન આદિ, જીવનનું આ અપૂર્વ વૈવિધ્ય જ તેમના વિશાળ ગુણવૈભવનો આછો પરિચય કરાવે છે. તેની મધુર સ્મૃતિ ભૂલી ભૂલાતી નથી.

'પૂજ્ય પંન્યાસજી મહારાજ'ને મનથી યાદ કરીએ એટલે તરત જ યાદમાં આવી જાય... એ...

– શુદ્ધિ-ભક્તિ અને મૈત્રીની મંગલમય મૂર્તિ... પ્રશમરસ નિમગ્ન ધ્યાનસ્થ નીચાં ઢળતાં નયનો, સદાયે સ્મિતથી ભરેલું છતાં ગંભીર મુખડું, પદ્માસન વિશાળ પલાંઠી, વાત્સલ્યની વહેતી ગંગોત્રી સમું હૈયું અને આજાનુ લાંબા-હાથ; સૌમ્ય, પ્રસન્ન, આત્મસ્પર્શી આકૃતિ, જોનારના મનમાં અનહદ આકર્ષણ જમાવતી.

નિસર્ગના મહાશાસનમાં પ્રવર્તતા અણિશુદ્ધ ન્યાયમાં ઠરેલી અનુપમ નિષ્ઠાને કારણે સ્વવિષયક કોઈ ફરિયાદથી, તેઓશ્રીના ઓષ્ઠ-દ્વય કયારેય કલંકિત થયા નહોતા.

સૂર્યમાં જેમ અંધકાર નથી હોતો, તેમ પરમાત્માના ધ્યાનમાં મગ્ન એવા તેમના આત્મામાંથી દેહભાવ નિવૃત્ત થઈ ચૂકયો હતો.

સાગરમાં પાણી જ પાણી તેમ પૂજ્યશ્રીના હૈયામાં પંચ પરમેષ્ઠિની, પ્રભુની પ્રીત સમાણી હતી અને એ જ સાચી કમાણી હતી.

ગમે ત્યાંથી કાપવા છતાં, સુખડ સુવાસ જ આપે છે, તેમ હર હાલતમાં સાહેબજીનો ઉપયોગ 'નમસ્કાર'માં રહેતો. જિન-ભક્તિ-જન્ય શક્તિ જ જીવનને અલંકૃત કરતી.

નામ તેવા જ ગુણના પાલક અને ધારક એવા એ દિવ્ય-સંત હતા. સંત જીવનને રજૂ કરવા માટે મહર્ષિ શ્રી અરવિંદ ઘોષે લખેલ 'સાવિત્રી' મહાકાવ્યની નીચેની પંક્તિઓ યાદ આવે છે :

" દેહ કેવળ આત્મતત્ત્વથી ભર્યો ભાદર્યો છે. શાશ્વત જ્યોતિનો વાહક છે. આવા વ્યક્તિત્વનું સમસ્ત આચરણ, આત્મપ્રકાશની અભિવૃદ્ધિમાં સંલગ્ન છે. આવું જીવન પ્રભુ-પૂજામાં નિરંતર સમર્પિત છે. સંયમ અને ત્યાગથી સુશોભિત જીવન આનંદ લીન છે."

જીવ જીવનો સાચો સગો છે. પર્યાયની ભિન્નતા યા ભેદના કારણે, પાયાના આ સગપણમાં કશો ફેર પડતો નથી. 'જિનોપદિષ્ટ' આ સત્યનો-સમભાવનો તેઓશ્રીએ જીવનમાં સાક્ષાત્કાર કર્યો હતો.

તેથી સ્તો જે જીવ એમની પાસે બેસતો, તે ઠરતો. અપાર કરુણાના ઉછળતા આ સાગરને કાંઠે એને વસવાનું મન થતું.

તેઓશ્રીમાં ન જાણે એવું કયું સાધનાનું ચુંબકીય તત્ત્વ હતું, કે ભલભલા સાધકો-આરાધકો દૂર દૂરથી ખેંચાઈને આવતા. એઓશ્રીના પ્રથમ દર્શને જ અદ્‌ભુત શાંતિનો આહ્‌લાદ અનુભવતા.

પૂજ્યશ્રીના ચરણોમાં બે ચાર મિનિટની પણ સ્થિરતામાં જીવન-સાફલ્યનો અદ્‌ભુત બોધ પ્રાપ્ત થતો. સાધનાને વેગવતી બનાવતા દિવ્ય-શબ્દો સાંભળવા મળતા.

ચારિત્ર એટલે....?

" ચારિત્ર એટલે વૈરાગ્ય.
ચારિત્ર એટલે મૈત્રીભાવ.
ચારિત્ર એટલે જગતના જીવો પ્રત્યેનો કૃતજ્ઞભાવ.

ચારિત્ર લઈને આ તત્ત્વોની આરાધના સાધુ જીવનમાં કરવાની છે. ચારિત્ર એ તત્ત્વ છે. તે બતાવનાર મને પૂજ્ય પંન્યાસજી મહારાજ હતા."

– આ શબ્દો, પરમ પૂજ્ય આચાર્ય ભ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના છે. આગળ તેઓશ્રી કહે છે: "હું અને પંન્યાસજી મહારાજ ઈડર ભેગા મળ્યા.... ત્યારે શાંતિનાથ દહેરાસર... ત્યાં ગુફા છે, ત્યાં થયેલી વાતમાં પંન્યાસજી મહારાજે મને ચારિત્રતત્ત્વ સમજાવ્યું.."

"હું ધીણોજનો. એ પાટણના. બંનેની દીક્ષા લગભગ સરખા સમયે. એમની કારતકમાં, મારી વૈશાખમાં. સમુદાયથી અલગ પડી ગયા, છતાં મળવાનું બનતું. 'સાચું સાધુપણું હું તેમની પાસેથી પામ્યો."

વાત કે વર્તનથી કોઈને અપ્રીતિ ન થાય, કર્મબંધ ન થાય, તે માટે તેઓ સજાગ હતા. સામી વ્યક્તિને ઓળખી લેતા. પછી પણ બોલવા જેટલું જ હિતકર બોલતા.

એક પ્રસંગે એક મુનિ (શિષ્ય) વાત કરવા આવ્યા. પોતે તેમનો ભાવ કળી ગયા. તેથી થોડી વાર પછી આવવા કહ્યું.

થોડો સમય વીત્યા બાદ તે મુનિ આવ્યા ત્યારે તેમને એવા મધુર શબ્દોથી સમજાવ્યા કે ઉગ્ર બનીને આવેલા તે મુનિ પોતાની ભૂલનો એકરાર કરીને, પગમાં પડીને રડ્યા.

ગોચરીનો સમય હતો, કોઈ એક મહાત્માએ સાહેબજીના પાત્રામાં કેળું મૂક્યું. તે જોઈને બાજુવાળા મુનિએ જણાવ્યું, "સાહેબજી! આ અડધું ખરાબ છે. આપ કાઢી નાખો."

પ્રત્યુત્તર આપતાં પૂજ્યશ્રીએ જણાવ્યું, "ભાઈ! આપણે સાધુ થયા છીએ. આપણા મુખમાંથી 'ખરાબ' શબ્દ ન નીકળવો જોઈએ. 'અડધું સારું છે.' એમ તું કહે તો તારી વાત આવી જાય છે."

વિવેક વાણીમાં વણાઈ જવો જોઈએ.

દોષદૃષ્ટિ તો પ્રાયઃ પૂજ્યશ્રીમાં લુપ્ત થઈ ગઈ હતી. અસારમાં પણ સારનું દર્શન તેઓશ્રી કરતા અને કરાવતા હતા.

સાચા સાર્થવાહ

સંયમના કષ્ટોથી મેઘકુમાર મુનિ ગભરાઈ ગયા અને ભગવાન મહાવીરને સંયમનો વેશ અર્પણ કરવા માટે જઈ પહોંચ્યા.

ત્યારે ભગવાન મહાવીરે સન્માર્ગની દેશના આપીને મેઘકુમારને સંયમમાં સ્થિર કર્યા. અને પોતે સાચા સાર્થવાહનું સુંદર ઉદાહરણ પૂરું પાડયું.

બસ એજ રીતે પૂજ્ય પંન્યાસજી મહારાજે પણ સંયમમાં અસ્થિર બનેલ અનેક મુનિવરોને સંયમની મહત્તા વિગેરે સમજાવીને તેઓને પુનઃ સંયમમાં સ્થિર કર્યા હતા.

આ શાસનમાં જેઓ શાસ્ત્ર નિરપેક્ષ કઈંક નવું કરવાના વિચારને વશ થાય છે, તેઓ સ્વ – તેમજ પરના હિતમાં સહાયક થવાને બદલે અવરોધક બને છે. પૂજ્ય પંન્યાસજી મહારાજનાં આ હિતકર વચનો સદા ધ્યાનમાં રાખવા જેવાં છે.

શ્રી તીર્થંકર પરમાત્મા જે કરી શકયા, તે કરવાનું આપણું ગજું નથી.

ચૌદ પૂર્વધર ભગવંતો જે કરી શકયા, તે કરવાનું આપણું ગજું નથી.

તાર્કિકશિરોમણી સ્યાદ્વાદ મતિમાન આગમશાસ્ત્રમર્મજ્ઞ પૂ. શ્રી. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાને શ્રી જિનોક્ત પ્રત્યેક વચન એટલું તાજું, નવું, પ્રફુલ્લ અને આત્મ-પ્રીતિકર લાગ્યું કે તેઓશ્રીએ પોતાના મનમાં કઈંક નવું કરવાના અહંને આસન જ ન આપ્યું.

કલિકાલસર્વજ્ઞ ભગવંતે પણ તેમનું જ અનુકરણ કર્યું. સામાયિકમાં રહેલા શ્રમણ-ભગવંતની કક્ષાને જરાપણ ડાઘ ન લાગે,

એવું અનુપમ બંધારણ શ્રીજિનેશ્વરદેવે આપ્યું છે; તેને વફાદાર રહેવામાં જ શ્રી જિનની આજ્ઞાની આરાધના છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજે આ અતિ મહત્ત્વની વાતનો જાતે અમલ કરીને, પોતાના વિનીત શિષ્યોને તેનો ઉપદેશ આપ્યો હતો.

એક મુનિને વર્ધમાન તપની મોટી ઓળી ચાલતી હતી. તેથી ગોચરીમાં કાંઈ વધ્યું હોય તો બીજા સાધુઓને ભળાવીને તેઓ આયંબિલ પૂર્ણ કરી દેતા. લગભગ રોજનો આ ક્રમ થઈ પડ્યો.

બધા સાધુઓ કાંઈ સરખા ન હોય....! એક દિવસ સહુએ નક્કી કર્યું કે વધેલું કાંઈ લેવું નહિ. તો જ તે માપસર ગોચરી લાવશે. એ દિવસે આયંબિલના આહારનો વધેલો ભાગ એમને એમ પડયો રહ્યો.

પૂજ્યશ્રીના કાને આ વાતની ખબર પડી ગઈ. સાંજના તેઓ એકલા જ વાપરનાર હતા. પ્રાયઃ સાંજે તેઓ હલકો અને થોડોજ ખોરાક લેતા.

સાંજે એક મુનિ ગોચરી માટે પૂછવા ગયા, ત્યારે તેમણે કહ્યું, "આજે કાંઇ લાવવું નથી. આયંબિલનું પેલું વધ્યું છે ને...? આજે હું એ વાપરી લઈશ."

લાંબી ઓળી કરનાર મુનિ ત્યાં હાજર હતા. તેમણે કહ્યું, "આપ નરમ તબિયતમાં આવું વાપરશો?"

પૂજ્યશ્રીએ જવાબમાં કહ્યું, "બીજા સાધુઓ તો રોજ આવું વાપરે છે." આયંબિલનો આહાર વાપરવાનો યોગ મને વળી ફરી ક્યારે મળવાનો હતો? પૂજ્યશ્રી વધેલું એ વાપરી ગયા. પેલા મુનિને બહુ જ દુઃખ થયું અને બીજા દિવસથી જ એમણે પોતાની ભૂલ સુધારી લીધી.

– આવી હતી ખમી ખાઈને, સામાને સમજાવવાની, સામાની ભૂલ સુધારવાની અદ્‌ભુત શક્તિ....!

ગાગરમાં ભાવ દયાનો સાગર.

ભાવ દયાના ભેખધારી પંન્યાસજી મહારાજ લુણાવામાં હતા. ત્યાં એક બાળમુનિને ટાઇફોઇડની સખત બિમારી થયેલી. ચૈત્ર માસનો એ સમય હતો. પૂજ્યશ્રીને શ્રી નવપદજીની ઓળી કરાવવા માટે શ્રી રાતામહાવીરજી જવાનું હતું. પેલા બાળમુનિથી વિહાર થાય એવી સ્થિતિ ન હતી. પૂજ્યશ્રીનું સુખદ સાન્નિધ્ય, એમના શ્રીમુખેથી થતું શાસ્ત્રબોધનું અમૃતપાન, તેઓ જતું કરવા તૈયાર ન હતા. તેથી તેમણે જીદ પકડી: "સાહેબજી! હું પણ આપની સાથે જ રાતામહાવીરજી આવીશ." પૂજ્યશ્રીએ કહ્યું: "ભાઈ! તારી તબિયત સારી નથી. તું વિહાર કરી શકે એવી બિલકુલ તારી સ્થિતિ નથી. માટે તું અહીં જ રહે."

બાળમુનિ કહે: "પણ....સાહેબજી મને શાસ્ત્રના અમૃતનું પાન કોણ કરાવશે...? હું તો આપની સાથે જ આવીશ. આપની વાણીમાં મને એવો તો અપૂર્વ આનંદ આવે છે કે મારું દુઃખ અને દર્દ બધું ભૂલાઈ જાય છે.!"

બાળ મુનિની જ્ઞાન પિપાસાની જીદ પૂજ્યશ્રી પરખી ગયા. તેઓશ્રીએ કહ્યું: "જો ભાઈ! તારી તબિયત બિલકુલ સારી નથી. તારાથી લગીરે ચલાય એમ નથી. તને સખત ટાઇફોઇડ છે. તારે તત્ત્વ સાંભળવું છે ને....? તો હું જતાં પહેલાં તને એક સાથે બધું આપતો જઇશ, કે જેથી તું નવ દિવસ સુધી એનું પાન કરતો રહે બરાબર વિચારતો રહે..... અને હું પાછો આવું ત્યારે મને બરાબર સંભળાવજે...બસ...."

વ્હાલની વેણુમાંથી સમજાવટનું સંગીત નીકળ્યું. તે મુનિને સ્પર્શી ગયું. મુનિ માની ગયા. બિમાર બાલમુનિના કાન પાસે મુખ રાખી આ વાત્સલ્યમૂર્તિએ નિજની નાજુક તબિયતની અવગણના કરીને પૂરા દોઢ કલાક સુધી "નવ પ્રકારના પુણ્ય" ઇત્યાદિ શાસ્ત્રપીયૂષ મુનિને પાયું, પછી જ પોતે વિહાર કર્યો.

વિશ્વમાં બધું વ્યવસ્થિત છે:

કોઈવાર સંકલેશ થઈ જાય કે ઉદ્વિગ્ન બની જાય કે મન આર્તધ્યાનમાં ચઢી જાય ત્યારે પંન્યાસજી મહારાજ એ બધાનું સમાધાન બહુ જ સરલ અને સચોટ રીતે કરતા.

તેઓશ્રીનું આ સમાધાન માટે મુખ્ય સૂત્ર હતું :

"Every thing is in order in this Universe"

આ વિશ્વમાં બધું જ વ્યવસ્થિત છે. જગતમાં થનારી ઘટનાઓનું કે થઈ ગયેલી ઘટનાને પરિવર્તન કરવાનું આપણું શું સામર્થ્ય છે? થઈ ગયેલી ઘટનાઓમાં, થતી ઘટનાઓથી જે કાંઇ આપણને ખેદ કે ઉદ્વેગ થાય છે, તેમાં આપણું અજ્ઞાન જ કારણ છે. કેમકે કોઈ પણ ઘટનાની પાછળ માત્ર વ્યક્તિનો પુરુષાર્થ જ કામ કરે છે એવું નથી, પરંતુ ભવિતવ્યતા, કાલ, સ્વભાવ વિગેરે તત્ત્વો પણ પોતાનો ભાગ ભજવી રહ્યાં છે. માટે આપણું તો કર્તવ્ય છે, સત્પુરુષાર્થમાં રત રહેવાનું. અનિત્યાદિ ભાવનાઓ એ સમાધાન માટેની મોટામાં મોટી ચાવીઓ છે અને એ રીતે જો સમાધાન લેતાં આવડે તો આર્તધ્યાનનો ભાર અવશ્ય હળવો થઈ જાય.

સમાધાન માટેની બીજી ચાવી પૂજ્યશ્રી ઘણીવાર બતાવતા હતા કે દરેક પ્રસંગ આપણને કાંઇક શીખવાડે છે. જીવનમાં અનેક પ્રસંગો બને છે. જો આપણે બરાબર વિચારીએ તો દરેક પ્રસંગમાંથી આપણે કાંઇક ને કાંઇક મેળવી શકીએ છીએ. કોઇપણ પ્રસંગને આપણે એ રીતે જોતા રહીશું તો આપણને કાંઇકને કાંઇક અવશ્ય હિતકારી જાણવા મળશે અને એ રીતે શોધ કરવાની વૃત્તિથી આપણે દરેક પ્રસંગમાંથી નવું નવું જ્ઞાન મેળવી શકીશું.

પદ અને પ્રમાદથી પર રહેવામાં માનતા પૂજ્યશ્રી પૂરી નમ્રતાથી કહેતા : 'પદ જેટલું ઊંચું તેટલી જવાબદારી વધુ.'

'પ્રમાદની પળ તે પાપની પળ,
અપ્રમાદની પળ તે ધર્મની પળ.'

" શરીર સંબંધી વિચાર, સંસાર સુખની લાલસા, કીર્તિની કામના, કેવળ પોતાના જ સ્વાર્થનો વિચાર, હું પણાનું ઊછાળા મારતું મિથ્યાભિમાન– આ બધી અશુભવૃત્તિઓ પ્રમાદનાં જ સ્વરૂપ છે.

અપ્રમત્ત આત્માનું આસન આત્માના જ ઘરમાં હોય. શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાપાલનના પરિણામમાં જ હોય. સમયનો પણ પ્રમાદ ન કરવા સ્વયં તીર્થપતિ ભગવાન શ્રી મહાવીરદેવે ફરમાવ્યું છે."

પૂજ્યશ્રી જે બોલતા, તે પાળતા, જે પાળતા, તે બોલતા. તેની ધારી અસર સાંભળનાર પર થતી.

પૂજ્યશ્રીની પ્રશાંત મુદ્રા જિજ્ઞાસુ–ભાવિકના સંશયને છેદનાર બનતી– સમાધાન સાધતી– જીવનભરની સ્મૃતિ બની જતી.

મૌન પણ આ મહાપુરુષનું મહાશક્તિ ધરાવતું. જીવનનાં છેલ્લાં વર્ષોમાં લગભગ મૌન ભાળવતી પૂ. પંન્યાસજી મહારાજની મુખમુદ્રા કેટલાયની મોહનિદ્રાને ઉડાડવા સમર્થ નીવડી હતી, એનો તો તાગ નીકળી શકે તેમ નથી.

૨૦ પાટણ પ્રતિ પ્રસ્થાન

વર્ષોથી મારવાડની મરુભૂમિને પરોપકાર અને પરમાર્થથી, પ્રેમ અને પ્રસન્નતાથી, સહિષ્ણુતા અને સમતાથી, કૃપા અને કરુણાથી પૂજ્ય પંન્યાસજી મહારાજ પાવન કરી રહ્યા હતા. પાસે આવનાર સહુ કોઇના જીવનમાં શ્રી વીતરાગ પરમાત્માના શાસનની, શ્રી જિનેશ્વર ભગવંતના ઉપકારોની, ગુણોની, નામની અને આજ્ઞાની પ્રભાવના કરી રહ્યા હતા. દેહની અસ્વસ્થતામાં પણ આત્મબળ અને આત્માના અનંત વૈભવનું દર્શન કરાવતા હતા. લાંબા સમયથી તેમના હૃદયમાં પોતાના ગુરુદેવનાં દર્શન કરવાની તીવ્ર ભાવના હતી, એ ભાવનાને સાકાર કરવા માગતો પ્રસંગ પિંડવાડાના આંગણે આવી પહોંચ્યો.

પિંડવાડામાં શ્રી સમરથમલજી રાયચંદજી પરિવાર નિર્મિત શ્રી જિનમંદિરની પ્રતિષ્ઠાનો પ્રસંગ આવ્યો. આ પ્રસંગ પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં ઉજવવાનો હતો. પરંતુ પૂજ્યશ્રીએ શ્રી સંઘને કહ્યું, "આ પ્રસંગે મારા ગુરુ મહારાજને વિનંતી કરો, તેઓશ્રી પધારે તો સારું."

પિંડવાડાનો શ્રીસંઘ સુવિશાલગચ્છાધિપતિ વ્યાખ્યાનવાચસ્પતિ પરમશાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને પ્રતિષ્ઠા પ્રસંગે પધારવા વિનંતી કરવા ગયો. પરંતુ પૂજ્યપાદશ્રીએ આવવાની અશકચતા દર્શાવી. શ્રીસંઘ નિરાશ વદને પાછો ફર્યો. શ્રીસંઘને નિરાશ આવેલો જોઈને પૂજ્ય પંન્યાસજી મહારાજ પણ નિરાશ થઈ ગયા. છેવટે પોતે પોતાના પરમ ઉપકારી ગુરુદેવ ઉપર પત્ર લખાવ્યો; "પૂજ્યપાદશ્રી આપનો

સેવક આપનાં દર્શનને ઇચ્છે છે. આપ પધારશો તો મને સમાધિમાં વેગ મળશે અને પ્રતિષ્ઠાનું કાર્ય પણ આપ પૂજ્યપાદશ્રીની નિશ્રામાં થઈ જશે.”

આવા ભાવનો પત્ર પૂજ્ય ગુરુદેવે વાંચ્યો. શિષ્ય પ્રત્યે કરુણાવંત બનેલા, પૂજ્યપાદશ્રીએ એક મહાત્માને બોલાવી, સમાધિ–પ્રતિષ્ઠાના પ્રસંગે પધારવાની અનુમતિ આપી. પિંડવાડા શ્રીસંઘના હર્ષનો પાર ન રહ્યો. જય જયકાર બોલાવ્યો. બધા ઉલ્લસિત વદને પિંડવાડા આવીને પૂજ્ય પંન્યાસજી મહારાજને વાત કરી. ગુરુદેવના આવવાના સમાચારથી પૂજ્યશ્રી ખુશ ખુશ થઈ ગયા.

પિંડવાડામાં પરમ પૂજ્ય ગચ્છાધિપતિશ્રીના પ્રવેશની તૈયારીઓ થવા લાગી અને પૂજ્યપાદશ્રી પધારતાં, પંન્યાસજી મહારાજે એમના ચરણકમલમાં માથું મૂકીને, પેટ ભરી ભરીને પૂજ્ય ગુરુદેવના વાત્સલ્ય સ્પર્શનાં અમીપાન કર્યાં. આત્મા ધન્ય બન્યો.

ગુરુ આજ્ઞા હિ કેવલમ્ !

સર્વ સિદ્ધિનું મૂળ ગુરુની પ્રસન્નતા છે. જૈનશાસનમાં દેવ–ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વનું નિદાન છે; જેમાં દેવતત્ત્વની સેવાથી મિથ્યાત્વ ટળે છે, બુદ્ધિ નિર્મળ થાય છે. ગુરુતત્ત્વની સેવાથી અજ્ઞાન ટળે છે, જેના પ્રભાવે વીતરાગની આજ્ઞા અનુસાર પ્રવૃત્તિ કરી શકાય છે. એ જ વ્યવહારધર્મ છે. ધર્મના પ્રભાવે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી શકાય છે.

પૂજ્યશ્રી એમ માનતા કે આપણે જેને દેવ બનાવીએ તે આપણા દેવ બની શકે. આપણે જ આપણા ગુરુ બનાવવાના છે અને તેમની ઉપાસના કરવાની છે, અર્થાત્ દેવની આજ્ઞાને જેટલું મહત્ત્વ આપીએ તેટલું તેટલા આપણે દેવના આરાધક બની શકીએ છીએ અને કૃતજ્ઞભાવે ગુરુને જેટલા સમર્પિત થઈએ તેટલા તે આપણા માટે ગુરુ બને છે. અર્થાત્ આપણું સર્જન આપણું હિત કરે છે.

ગુરુ એટલે આપણા ઉપકારી. આવી વરિષ્ઠ ભાવનાને વરેલા પૂજ્યશ્રીની શિષ્ય તરીકેની દૃષ્ટિ નિરાળી હતી.

તેઓશ્રી કહેતા, " મેં ગુરુતત્ત્વની આરાધના માટે ગુરુને સ્વીકાર્યા છે, માટે મારે શિષ્ય બન્યા રહેવું એ જ મારું કર્તવ્ય છે. 'ગુરુ નિષ્ઠા પરં તપઃ ' મારામાં શિષ્યત્વ જેટલું નિર્મળ અને અધિક તેટલી આરાધના ઊંચી." આ દૃષ્ટિથી પૂજ્યો પ્રત્યે લેશપણ અવિનય, અવર્ણવાદ કે અબહુમાન ન થઈ જાય તે માટે તેઓશ્રી સતત સજાગ રહેતા. આવા શિષ્યધર્મનું અખંડ સુંદર આરાધન કરવાના ફળરૂપે અંતે... પોતે શું પામી શકયા...?

પિંડવાડામાં મહોત્સવનાં મંડાણ થયાં. પ્રતિષ્ઠા તથા અનેક દીક્ષાનાં... ધર્મની મોસમ મંડાઇ. સેંકડો સાધુ – સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં મહોત્સવ પૂર્ણ થયો.

પૂજ્ય પંન્યાસજી મહારાજ દરરોજ ગુરુદેવના સાન્નિધ્ય દ્વારા અનેરી હિતશિક્ષા મેળવીને, સમાધિનાં સોપાનો સર કરતા રહ્યા. અવસરે અવસરે પૂજ્ય ગુરુદેવ પંન્યાસજી મહારાજને કહેતા, " એક ચોમાસુ મારી સાથે કરો અને ગુજરાતમાં આવો." ત્યારે એકદમ Nervous થઇને પૂજ્યશ્રી કહેતા, " ગુરુદેવ! હવે મારાથી ચલાશે નહિ " ત્યારે ગુરુદેવે કહ્યું, " ડોળીનો ઉપયોગ કરીને પણ તમારે આ ચોમાસું પાટણમાં, મારી સાથે કરવાનું છે."

" ગુરુ આજ્ઞા અવિચારણીયા– " ગુરુ આજ્ઞા આગળ કંઈ બોલી ન શકયા.

આ વાતની પિંડવાડા સંઘને ખબર પડી. તરત જ શ્રીસંઘ દોડી આવ્યો. પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીને વિનંતી કરી, " અમારા પ્રાણ સમાન પૂજ્ય પંન્યાસજી મહારાજને અમે નહિ જવા દઈએ."

પૂજ્યપાદશ્રીએ સમજાવ્યા. છતાં ગુરુ પ્રત્યેના ભક્ત એવા શ્રી સંઘે પોતાનું ધાર્યું ચાલુ રાખ્યું.

સં – ૨૦૩૩ અને ૨૦૩૪ માં પૂજ્ય પંન્યાસજી મહારાજની માંદગી વખતે પિંડવાડાના શ્રી સંઘે, ઠેર ઠેરથી પધારેલા પૂજ્યવરોની પૂ. સાધ્વીજી મહારાજની, શ્રાવકોની, શ્રાવિકાઓની, ભાવિકોની, શ્રદ્ધાળુઓની, ગુણાનુરાગીઓની, રાત દિવસ જોયા વગર ખડે પગે અખંડ ઉત્સાહથી જે ભક્તિ કરી હતી તે આ કાળની ચિર–સ્મરણીય ઘટના હતી.

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી વિહાર કરી ગયા. શ્રીસંઘે પંન્યાસજી મહારાજને રોકાઈ જવા માટે દબાણ કર્યું. પૂજ્યશ્રી તે સહન ન કરી શકયા. તેઓશ્રીએ કહ્યું 'મારા ગુરુ મહારાજની રજા લઈ આવો.'

શ્રી પિંડવાડા સંઘના ભાવિકો, પૂજ્ય ગચ્છાધિપતિશ્રી પાસે ફરી પાસેના ગામમાં ગયા અને જણાવ્યું, કે પંન્યાસજી મહારાજ પોતાના ગુરુ છે. ખૂબ દાવાપૂર્વક અને અત્યંત ઉલ્લાસપૂર્વક વાત કરી. 'પંન્યાસજી મહારાજને નહિ જવા દઈએ. પંન્યાસજી મહારાજ અમારા છે.'

આ સાંભળતાં શિષ્યના હિતચિંતક એવા પરમ પૂજ્ય ગુરુદેવ ગચ્છાધિપતિશ્રીએ પોતાના કૃત્રિમ જુસ્સાથી પિંડવાડાના શ્રી સંઘને કહ્યું; "જેમ તમારા ગુરુ છે, તમારા મહારાજ છે, તેથી તમારે ભક્તિ કરવાની ફરજ છે, તેમ તેઓ મારા શિષ્ય છે; મારી પણ ફરજ છે કે મારા શિષ્યને સમાધિ કેમ રહે?"

અનેક પ્રકારની વાતોથી, વાત્સલ્યભાવથી આવનાર સહુને સમજાવ્યા. પીઢ આગેવાનો તો સમજી ગયા, હવે આપણું કંઈ ચાલવાનું નથી. વીલા મોંઢે પાછા આવ્યા. ત્યાં તો ત્યાંના યુવાન વર્ગે નક્કી કર્યું, "આવતી કાલે પૂજ્ય પંન્યાસજી મહારાજનો થનાર વિહાર બંધ જ રહેશે. એમના રસ્તા પર સૂઈ જઈશું. પણ અમારા ઉપકારી ગુરુ ભગવંતને તો જવા નહિ જ દઈએ. જેવી રીતે ચાલતા આવ્યા હતા તે રીતે જ મોકલશું. આ રીતે નહિ..."

ગુરુ ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચેલા આ યુવાનોને સમજાવવાનું કામ ખૂબ મુશ્કેલ હતું. મહાત્માઓ મૂંઝાયા – શું કરવું તેની ચિંતામાં પડ્યા. એક બાજુ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા – પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય – અને બીજી બાજુ ભક્તિપૂર્વકની ખેંચ...!

આમાંથી માર્ગ કાઢવાના વિચારોમાં ડૂબેલા મહાત્માઓમાંથી ગુરુભક્ત પૂજ્ય મુનિરાજશ્રી કુંદકુંદવિજયજીએ આ નવ લોહિયા ગુરુભક્ત યુવાનોને સમજાવવાની જવાબદારી લીધી. રાત્રે પ્રતિક્રમણ બાદ આખા ગામના પુરુષો–યુવાનો આવ્યા. ૧૨ નવકાર ગણીને પૂજ્ય મુનિશ્રીએ માંગલિક કર્યું. ગુરુની મહત્તા સમજાવી. છેવટે જણાવ્યું, " આવી પરિસ્થિતિમાં તો તમારી ફરજ છે કે ગુરુ મહારાજને રાજીખુશીથી રજા આપવી જોઈએ."

બસ. આટલું બોલ્યા ત્યાં તો ભાઈઓ બોલી ઊઠ્યા : " એ બિલકુલ નહિ બને. અમારા પ્રાણ જાય તો જાય પણ પંન્યાસજી મહારાજ તો નહિ જ જાય."

વાતાવરણ તંગ હતું. ભાવભક્તિ ભર્યો ઉશ્કેરાટ હતો. કોના ઉપર ગુસ્સો કરવો ? યુવાનોની જીદ ગુરુ ભક્તિભાવપૂર્વકની હતી. કેટલાક યુવાનોની આંખમાં આંસુ હતાં. એમની આંખમાંથી ઉદ્ગાર સરી પડતા દેખાતા–" શું અમો એવા છીએ કે પૂજ્યશ્રીને નહિ સાચવી શકીએ....? શું અમારી ભક્તિમાં ઉણપ આવી કે જેથી આપને આવું વિચારવું પડ્યું...?"

જોશીલા યુવાનો કોઇ રીતે સમજવા તૈયાર નથી. ગુરુ પ્રત્યેની અત્યંત લાગણીથી ભીંજાયેલા મુનિશ્રી કુંદકુંદવિજયજીએ ખૂબ જ દર્દીલી વાણીમાં વાત શરૂ કરી;

જેમ તમારા ગુરુદેવ છે, તેમ અમારા પણ છે. આપણે બધા ઇચ્છીએ છીએ કે ગુરુદેવને કેમ જલદી સારું થાય ડૉકટરોનું – વૈદ્યોનું કહેવું છે કે હવાફેર થશે તો જ પૂજ્યશ્રીના સ્વાસ્થ્યને સુધરવાના

સંયોગો શક્ય છે, બાકી નહિ. મારી ખાતર, અમારી ખાતર, અમારા ગુરુદેવને નવજીવન આપવા ખાતર પણ તમો તમારી પરમ ગુરુ-ભક્તિની ભાવનાને થોડી દૂર કરીને જરૂરથી આ જીદ છોડી દો, એવી મારી તમને સહુને વિનંતી છે."

આ શબ્દોનો એક એક અક્ષર દિલના દર્દને એવો પ્રગટ કરતો હતો કે પિંડવાડાના યુવાનો પાસે, હવે કોઈ જવાબ આપવાનો ચાન્સ ન હતો. બધા મૌન જ રહ્યા.

આ નિર્ણય થતાં રાત્રિના બાર વાગ્યા. સવારે વિહાર કરવાનું નક્કી થયું. બધા મોડી રાત્રે સૂતા. પણ પિંડવાડા શ્રીસંઘના ભાવિકોને નિદ્રા નજર આવતી નહોતી.

સવારના પાંચ વાગ્યા. ઉપાશ્રયની બહાર માનવ મહેરામણ ઉમટ્યો હતો. સહુના મુખ પર ઉદાસી છવાઈ હતી. સર્વત્ર ગમગીની વરતાતી હતી.

છ વાગ્યા. પૂજ્યશ્રી તથા મુનિ ભગવંતો ઉપાશ્રયમાંથી બાર નવકાર ગણીને મૌનપૂર્વક નીકળ્યા. જિનમંદિરમાં ગયા. ભક્તિભાવ-પૂર્વક ચૈત્યવંદન કર્યું. સ્તવન બોલ્યા.

વાતાવરણ વધુ ને વધુ ગમગીન બનતું જતું. પિંડવાડા જૈન-સંઘના ભાવિકો આવી ચૂકયા હતા. પૂજ્યશ્રીને મુનિ ભગવંતો બહેલે ઉપાડીને બહાર લાવ્યા. ડોળીમાં બેસાડ્યા...

પ...ણ... ડોળી ઉપાડનારાઓને જગા જ નથી મળતી. આગળ આવી શકાય તેમ હતું નહિ. બહેનોની આંખોમાંથી અશ્રુગંગાનો પ્રવાહ અવિરતપણે વહેતો હતો. વિદાય વસમી હતી. મોટી ઉંમરના શ્રાવકોના ધ્રૂસકાંઓના અવાજોથી વાતાવરણ દર્દભર્યું બની રહ્યું. યુવાનોનો ગુસ્સો અને અરમાનો જમીનમાં દટાઈ ગયાં હતાં. પૂજ્ય પંન્યાસજી મહારાજ હવે જઈ રહ્યા છે. જેમના આગમનથી જહોજલાલી સર્જાઈ હતી, તે હવે તેમના જવાથી એકદમ શૂન્યમાં

પરિણમી હતી... સમય થઈ રહ્યો છે... કોઈ કંઈ બોલતા નથી. એક મુનિ ભગવંત આગળ આવ્યા અને કહ્યું, "હવે જવા દો, સમય બહુ થઈ ગયો છે..." પણ કોઇ સાંભળવા તૈયાર નથી.

બીજી વાર કહ્યું. ત્રીજી વાર જરા આગળ આવીને ડોળીનો છેડો ઉપાડયો અને ડોળીવાળા આવ્યા.

પૂજ્યશ્રીને જીવનમાં સૌ પ્રથમ ડોળીમાં બેસવાનો પ્રસંગ હતો. એમનું મન પણ ભારે હતું. ડોળી ઉપડી... પ...ણ કોઇ જય બોલવા તૈયાર નહોતું. આગળ ડોળી ચાલી. પાછળ મુનિ ભગવંતો અને ચતુર્વિધ સંઘ ચાલ્યો.

"ગુરુજી પાછા પધારો આપ...
અમ આંગણિયાં સૂનાં... સૂનાં..."

પણ એ અવાજો... એ રુદનકારો સાંભળનાર કોઈ ન હતું.

ગુરુજી પણ ગુરુ આજ્ઞાને આધીન હતા. ગામ બહાર ડોળી ઊભી રખાઈ. વિશાળ માનવમેદની જોવા મળતી. સાધુ – સાધ્વીજી ભગવંતો પૂજ્ય પંન્યાસજી મહારાજની સામે બે હાથ જોડીને ઊભા છે. વદન પર વેદના વંચાય છે. બધાંએ સાહેબજીને વંદના કરી, "સાહેબ શાતામાં છો જી, ભાત પાણીનો લાભ દેજો જી" આ શબ્દો બોલતાં બોલતાં આગળ ઊભેલા ભાવિકોની આંખો આંસુઓને રોકી ન શકી. ત્યારે પૂજ્યશ્રી ફક્ત ૧ નવકાર જ સંભળાવી શકયા. વધુ આગળ ન બોલી શકયા. આખી જિંદગી જેમણે બીજાને સમાધિ, સંતોષ, શાંતિ જ આપી હોય તે બીજાને આવા દુઃખ કરનાર કેમ બની શકે...? કોઈનું પણ દુઃખ જોઈને જેનું હૃદય દ્રવી ઊઠતું, તે મહાત્માની સામે સેંકડોના હૃદયને દુઃખ પહોંચાડવાનું કેમ પાલવે...? પણ મજબૂરી હતી.

માંગલિક પૂ. પંન્યાસજીશ્રી પ્રદ્યોતનવિજયજીએ કર્યું. પિંડવાડા શ્રી સંઘની અતૃપ્તિને દૂર કરવા પોતાના પ્રિય શિષ્યરત્ન પૂજ્ય મુનિશ્રી કુંદકુંદવિજયજીને ત્યાં રહેવાની અને ચાતુર્માસ કરવાની

પૂજ્યશ્રીએ આજ્ઞા કરી; જેથી શ્રીસંઘમાં પડેલી ઊંડી વેદનાને ધીરે ધીરે દૂર કરી શકાય.

કોઈનું મન ઘરે પાછું જવા માગતું ન હતું, પણ ઘેર જવા સિવાય છૂટકો ન હતો.

આ વિહારમાં મુખ્ય રીતે શ્રી ચન્દ્રકાન્તભાઈ કાંતિલાલ અમદાવાદવાળા તથા શ્રી સી. કે. મહેતાએ લાભ લઈને અનેરી ગુરુભક્તિ બતાવી હતી.

પિંડવાડાથી પેશવા આવ્યા. આ વિહારમાં પૂજ્યશ્રીને ખૂબ જ વેદના થઈ. એકદમ અશક્ત શરીર, કોઈ પણ રીતે બેસાય નહિ, તેમાં પણ પાંચ-સાત કિલોમીટર સુધી બેસવાનું, તેથી ખૂબ જ તકલીફ થતી હતી. દર્દને જોનાર પણ સહન ન કરી શકે, ત્યારે પૂજ્યશ્રીની શી હાલત થતી હશે...? અહીં આવીને તરત ગ્લુકોઝના બાટલા ચડાવવા પડ્યા હતા.

ધીરે ધીરે વિહાર કરવાનો હતો. વચમાં આવતાં ગામોના સંઘમાં વ્યાખ્યાનાદિ પૂ. પંન્યાસજી શ્રી મિત્રાનંદવિજયજી આપતા. તેથી સંઘને સંતોષ થતો.

પેશવાથી સરૂપગંજ પધાર્યા. વિહારમાં શ્રમથી શ્રમિત થયેલા પૂજ્યશ્રીના મનમાં હતી ગુરુઆજ્ઞા.

સરૂપગંજથી ભીમાડા આવ્યા. અહીં પાટણનો શ્રીસંઘ આવ્યો. પૂજ્યશ્રીને વંદન કરી ભક્તિ દર્શાવી, "સાહેબ જલ્દી પધારો. અમારા લાયક કોઈ સેવાકાર્ય હોય તો ફરમાવો."

વિહાર ચાલુ હતો. બધું ગોઠવાયેલું હતું. તેથી કંઈ જરૂરત હતી નહિ પૂજ્યશ્રીએ માંગલિક સંભળાવ્યું. અહીં તબિયતના કારણે બે દિવસ રોકાવું પડ્યું.

ભીમાડાથી ભારની આવ્યા. ભાવિકોએ ખૂબ જ ભક્તિ કરી. બીજા દિવસે કીવરલી આવ્યા. અહીં પૂજ્યશ્રીની તબિયત ખૂબ જ અસ્વસ્થ બની તેથી બે દિવસ રોકાવાનું બન્યું. આવા વિહારમાં પણ

પૂજ્યશ્રીની આરાધનાનો ક્રમ જે ચાલુ હતો, તે તો ચાલુ જ રહ્યો હતો. તેમાં પોતે જરાપણ પ્રમાદ કરતા નહિ. બે દિવસના રોકાણ બાદ આબુરોડ આવ્યા. અહીં તબિયતની અસ્વસ્થતાના કારણે ત્રણ દિવસ રોકાવું પડયું. જ્યારે થોડું ઠીક લાગ્યું ત્યારે ચોથા દિવસે અમીરગઢ તરફ વિહાર કર્યો.

અમીરગઢથી ઈકબાલગઢ આવ્યા. ત્યાં તબિયતે એકદમ વળાંક લીધો. બી.પી. ઘણું જ ઘટી ગયું. એમ થઇ ગયું કે હવે આગળ તો નહિ જ જવાય. અહીં રોકાવું પડશે. પણ હજી પાટણની પવિત્ર ધરા પાટણના પનોતા પુત્ર અને પવિત્ર સંતનાં પગલાંથી પુનિત થવાની રાહ જોતી હતી; તેથી સ્વસ્થતા આવી ગઈ. ત્રીજા દિવસે વિહાર કરીને ચિત્રાસણી આવ્યા.

આજ સુધી ડોળીથી એકદમ અજાણ એવા પૂજ્યશ્રીની હાલત ખૂબ જ કફોડી હતી, પણ શું કરવું? કોઈ પણ રીતે પાટણ પહોંચવાનું જ હતું.

ડીસાથી યુવાનો આવી ગયા. તેમણે ડોળી દૂર કરાવી અને સ્ટ્રેચર ઉપાડવાની જવાબદારી લઈ લીધી. દરરોજ સવારના ચાર વાગ્યે તેઓ આવી જાય અને આગલા મુકામે સ્ટ્રેચર ઉપર મૂકીને પાછા ડીસા પહોંચી જાય.

પાલનપુર આવતાં ડીસાના આગેવાન કાર્યકરોએ કહ્યું, "હવે સાહેબનું અમે બધું સાચવી લેશું" તેથી પાલનપુરથી બધા સર-સામાનની વ્યવસ્થાને પાછી મોકલી દીધી.

અહીંથી ચંડીસર આવ્યા. ત્યાં સામૈયું હતું. સાથેના મુનિ ભગવંતોએ પૂજ્યશ્રીને વિનંતી કરી; "સાહેબજી! આપ સામૈયાનો શ્રમ ન લ્યો. આપની તબિયત ખૂબ નાજુક છે."

પૂજ્યશ્રીએ જણાવ્યું; "બધાની આટલી ભાવના હોય તો ના ન પડાય." પછી તો ગામો ગામનાં સામૈયાં થયાં. પોતે દરેક સામૈયામાં રહેતા.

આમ ભાવિક આત્માઓને–શ્રીસંઘને દર્શનથી પાવન કરતા, આંખને આનંદિત કરતા પૂજ્ય પંન્યાસજી મહારાજ ડીસા પધાર્યા. અહીંના ભાવિકોએ પૂજ્યશ્રીની પધરામણીથી ખુશ થઈને ભવ્ય સામૈયું કર્યું. ચાર દિવસ રોકાયા.

પછી રાજપુર, જૂનાડીસા, આબેડા, કોયટી, જગરાણુ, દરેક સ્થળે એક એક દિવસનું રોકાણુ કરતાં કરતાં સાલેબજી ચારૂપ પધાર્યા. શ્રી જયકુમારભાઈ તથા શ્રી અરવિંદભાઈ વિગેરે તરફથી પૂજ્યશ્રીનું સામૈયું થયું. અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. અનેરી પરમાત્મ ભક્તિનો લાભ લેવાયો...ત્યાં પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ પણ પધાર્યા. ગુરુ–શિષ્યનું સંવેદનશીલ ઉષ્માભર્યું મિલન થયું.

ચારૂપથી પાટણ પધારી શ્રી પ્રદીપભાઈ ભોગીલાલના બંગલે ઉતર્યા.

બીજા દિવસે પોતાના ગુરુવર્યની સાથે પંન્યાસજી મહારાજનો ૨૦૩૫ના ચાતુર્માસ માટે પાટણમાં પ્રવેશ થયો. જે ચિરસ્મરણીય બની રહ્યો...

વિ. સં. ૨૦૩૫ : અંતિમ ચાતુર્માસ :–

અંતિમ ચાતુર્માસ, પાટણ નગીનદાસ મંડપમાં, પોતાના મહાન ગુરુવર્ય સાથે થયું. પૂજ્ય પંન્યાસજી મહારાજનો પોતાના ગુરુદેવ પ્રત્યેનો સદ્ભાવ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.

શારીરિક તકલીફો વધતી જતી, છતાં પોતે સમાધિરસમાં ઝીલતા જ જોવા મળતા. જોનારને અદ્ભુત અનેરું દર્શન થતું.

દિવસે દિવસે ખૂબ જ નંખાઈ ગયેલા હોય, શરીરની અશક્તિના કારણે સંથારાવશ હોય, પણ રોજ સવારે સૂર્યોદય થાય, ત્યારે તેઓશ્રી પોતાના ગુરુદેવને વંદન કરવા ઝડપભેર બાજુના ખંડમાં પહોંચી જાય – ખૂબ જ ભાવથી પોતાના ગુરુદેવને વંદન કરતા.

ગુરુ–શિષ્યનું આવું સુંદર મિલન જોઈને ભલભલાની આંખમાં હર્ષનાં આંસુ આવી જતાં.

કેટકેટલી લઘુતા....! કેટકેટલી આત્મજાગૃતિ તેમના સમાધિસ્થ અંતરમાં વસેલી હતી. તેનો અનુમોદનીય સાક્ષાત્કાર, તે સમયે ભલભલાના અંતરને હર્ષાશ્રુઓથી ભીંજવી દે, તેવો હતો.

હિતશિક્ષા :–

નિયમિત તેઓશ્રી પોતાના પરમ ઉપકારી ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં રહીને, પોતાની આરાધના માટે પ્રેરણા પ્રાપ્ત કરતા. ગુરુચરણે બેસીને, હૈયું ખોલવાપૂર્વક જે વાતો કરતા અને જવાબમાં પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંતશ્રી વાત્સલ્ય ભરેલી જે હિતશિક્ષા આપતા તે ગુરુ–શિષ્ય વચ્ચેના વાત્સલ્યભાવ પર અને સાથે સાથે ગુરુદેવની કલ્યાણ કામના પર પણ ઠીક ઠીક પ્રકાશ પાથરી જાય છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજ કહેતા, "હવે તો આયુષ્ય ત્રણ–ચાર દિવસ જ હોય, એમ લાગે છે."

પૂજ્ય ગચ્છાધિપતિ જવાબ આપતા, "એમાં ચિંતા શી છે? મરશું તો ઝટ ભગવાનને મળવાનું થશે. અહીં આપણે આરાધના સારામાં સારી જ કરી છે. તેથી જે દેવલોક આપણને મળવાનો છે, તે દેવલોક આપણને મૂંઝવે તેમ નથી. દેવલોકમાંથી તો આપણે ઝટ શ્રીસીમંધરસ્વામીને ભેટવા જઈ શકીશું. ત્યાંથી અમને શંકાનાં સમાધાનો, આ કરવા જેવું છે, આ કરવા જેવું નથી, વગેરે–વગેરે અહીં આવીને અમને કહેજો. આવશો ને...? તમારા જેવા મહાત્મા–આરાધકને વળી ચિંતા શી?

આપણે તો અહીં રહીએ તો પણ ભગવાનની આજ્ઞા મુજબ જ જીવવાનું. જીવીએ તો પણ સમાધિમાં અને મરણ આવે તો પણ સમાધિમાં જ મરવું છે. તે માટે તો ભગવાન પાસે 'સમાધિ–વર' માગીએ છીએ."

પૂજ્ય પંન્યાસજી મહારાજ આ સાંભળી પૂ. ગુરુભગવંતને જણાવતા, "આ શરીરનો મોહ ન રહે, તે માટે આપની પાસે હિત-શિક્ષા ઇચ્છું છું...."

પ. પૂ. ગચ્છાધિપતિ પ્રેમાળ નજરથી કહેતા, "આપણે શરીરનો મોહ રાખવાનો જ નથી. આપણે તો જીવીએ તો પણ શરીરનો મોહ ઉતારવા માટે પ્રયત્ન કરવાનો છે. અને મરીએ તો પણ શરીરનો મોહ ઉતારીને જ મરવાનું છે કે – જેથી ઝટ મોક્ષે જવાય. કેમ બરાબરને ? તમે દેવલોકમાં જશો, તો ત્યાં બેસવાના નથી. ઝટ ભગવાન પાસે જ દોડી જવાના છો. અહીં આરાધના પણ એવી જ કરી છે ને ! શરીર છે, કષ્ટ આવે, પણ તે કષ્ટ આપણને કશું નુકસાન કરનાર નથી. આપણે તો સુખમાં કે દુઃખમાં હોઈએ તોય સમાધિમાં જ રહેવું છે. કષ્ટ તો ઊલટાનું સારું છે, કે જેમાં ભગવાનને વધારે યાદ કરીશું. "દેહ દુઃખં મહાફલમ્" કેમ બરાબર છે ને ?"

"આપની વાત તો બરાબર છે."

"બસ તો પછી સતત નમસ્કાર મહામંત્રનું ધ્યાન વધારવા માંડો. આમેય તમે તો નવકારને આત્મસાત્ બનાવેલો જ છે. આપણે તો સદા સમાધિમાં રહેવાનું છે."

પાટણ પંચાસરા પાર્શ્વનાથ ભગવાનના દર્શને રોજ સવારના લથડતી-કથળતી તબિયતે પણ પંન્યાસજી મહારાજ જતા. અપ્રતીમ પ્રભુભક્તિ તેમના આત્માને સ્પર્શી ગયેલો અલૌકિક ગુણ હતો. દેહની દશા દિન પ્રતિદિન ઓસરતી જતી, છતાં કદીયે તેઓએ 'ઉહ' કે 'ઓહ' કરેલ નથી. માનસિક સ્વસ્થતા કે પ્રસન્નતા કદી ખોયાં નથી. મહામના આ પ્રશાંત પુરુષની મુખમુદ્રા અરિહંત ભક્તિના પ્રકાશમાં વધુ જાજવલ્યમાન થતી, અલૌકિક આભા પાથરતી.

આરાધના–સાધનાનું પુણ્યબળ ફરી પાછું જાણે ઉદયમાં આવ્યું હોય તેમ, ૨૦૩૫નું ચાતુર્માસ પૂરું કરી વિહાર કરી ગયેલા, ગુરુદેવ ૨૦૩૬ના ફાગણ મહિને પાટણ પાછા ફર્યા, ત્યારે ત્રણ દિવસ માટે ગુરુનિશ્રા પામવા તેઓશ્રી બડભાગી બન્યા. આ નિશ્રાની ગોદમાં

સમાધિને વારંવાર તેઓશ્રી ગુરુ પાસે એક જ માગણી લાગણીપૂર્વક વ્યક્ત કરતા કે, "આપ મને એવો ઉપાય બતાવો કે, હું અનશન જેવી સ્થિતિની સાધના કરી જઈને સમાધિ મરણ પામી શકું."

ભાવના તો ભવનાશિની છે. ઈષ્ટ ફલદાયિની છે. જીવનભર સંયમની સાધના કરી, શુદ્ધિ અને વૃદ્ધિ કરી... અંતે ગુરુનિશ્રાની સમાધિ વેરતી છત્રછાયા મળી... પછી પૂજ્યશ્રીની ભાવના અફળ કેમ રહે....?

'જસ્સમણે નવકારો....'

પૂજ્ય પંન્યાસજી મહારાજના નાજુક દેહે ઘણા ઘણા રોગના, ઉપદ્રવોના હુમલાઓ ચાલુ રહ્યા. પ્રવાહી પણ લેવાનું અશકય બન્યું ત્યારે....

મુંબઈના જાણીતા ડૉ. શરદ શાહ વગેરેની દેખરેખ નીચે તેઓશ્રીને નળી નાખવામાં આવી. નળી દ્વારા જ પ્રવાહી ખોરાક અને દવા આપવાનું શરુ કર્યું. આ પ્રમાણે છ માસ સુધી ચાલ્યું. દર અઠવાડિયે નળી બદલવામાં આવતી. નાકના છિદ્રવાટે એ નળીને, અન્ન્નળીમાં દાખલ કરાતી. કયારેક એવી ભૂલ થઈ જતી કે, તે અન્ન્નળીમાં જવાને બદલે, શ્વાસ નળીમાં કે મુખમાં આવી જાય. એના પરિણામે દર્દીને અસહ્ય પીડા થાય. જ્યારે પણ આવી પરિસ્થિતિ થતી, ત્યારે બીજી નળી નાખતા પહેલાં, તેઓશ્રી બાર નવકાર ગણી, તે નાખવાનો પ્રયત્ન કરતા અને ખૂબ જ સરળતાથી નળી યથાસ્થાને ગોઠવાઈ જતી.

પાટણની બિમારી દરમ્યાન ડૉકટર તરીકે મુખ્ય સેવા કરવા ડૉ. જીવણલાલભાઈ આવતા. સાહેબજીની સમાધિ જોતાં તેમના મનમાં ધર્મભાવ વધતો. પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવ જાગતો. અહીં પણ નળી દર વખતે જીવણલાલભાઈ નાખતા. ડૉકટર પોતે બાર નવકાર ગણી નળી નાખે, એટલે તે નળી તરત બરોબર બેસી જતી.

નવકાર સાથે કેટલી આત્મીયતા હતી...!

*

૨૧ ગુરુના ગુણનો નહિ પાર

પરમ પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના સ્તવનમાં સ્તવે છે,

"અક્ષર થોડા, ગુણ ઘણા,
સજ્જનના તે ન લિખાય રે..."

થોડા શબ્દોમાં, ઘણા ગુણોવાળા વ્યક્તિત્વને કઇ રીતે ગૂંથી શકાય? જેના પર અપાર પ્રીતિ હોય છે, તેની વાત કરતાં, શબ્દો હારી જાય છે. છતાં પૂજ્ય ગુરુદેવના ગુણોને શબ્દોમાં ગોઠવવાનું મન, રોકયું રોકાય તેમ નથી. પૂજ્ય ગુરુદેવના ગુણ ગાવા તે સ્વાધ્યાય છે.

કેતકીનું ફૂલ ચારે બાજુ સુવાસ ફેલાવે છે. ભમરાને આકર્ષે છે. મહાપુરુષોનું જીવન એ ગુણોનું નંદનવન છે. એમના સામીપ્યમાં ગુણોની અનુમોદના અને અનુકરણની અનોખી સુવાસ મળે છે. પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસે અનેક આત્માઓ આવતા અને નવકારનો પરામર્શ પામતા.

શ્રી નવકાર વડે જાણવાની વસ્તુ આત્મા છે અને જાણનાર આત્મા જ છે. આત્મા જ ઉપાદેય છે, જ્ઞેય છે અને ધ્યેય છે. જાણવા લાયક પણ આત્મા જ છે અને આદર આપવા લાયક પણ એક આત્મતત્ત્વ જ છે. તે ચિન્મય અને આનંદમય છે, નિત્ય છે. સ્વાધીન અને સર્વાધિક છે.

આવા આત્મદર્શી, આત્મનિષ્ઠ અને આત્મરામ મહાત્માઓના મહિમાને સાચા અને સંપૂર્ણ સ્વરૂપમાં કોણ સમજી શકે તેમ છે! આકાશના ઊંડાણને માપવાનું મુશ્કેલ હોય છે, તેમ પરમાત્માની પરમ કૃપાને પાત્ર ઋષિઓ, મુનિઓ, ભક્તો, જ્ઞાનીઓ યોગીઓ કે

સંતોને સંપૂર્ણ પણે સમજવાનું કામ ઘણું કપરું હોય છે. જુદા જુદા જિજ્ઞાસુઓ, ભક્તો, શિષ્યો, પ્રશંસકો અને પ્રેમીઓ એમને જુદી-જુદી દૃષ્ટિથી જોતા હોય છે. જેવી અને જેટલી એમની દૃષ્ટિ, વૃત્તિ, શક્તિ અને ભક્તિ, તેવા ને તેટલા પ્રમાણના પ્રત્યાઘાતો એમની ઉપર પડતા હોય છે. માણસ એમને જે સ્વરૂપમાં જુએ છે, જાણે છે અથવા મૂલવે છે, તે સ્વરૂપમાં એમની પ્રશસ્તિ કરવા પ્રેરાય છે. અનુરાગથી, ભક્તિભાવથી કે શ્રદ્ધાથી એમના ગુણ ગાય છે.

સંસારનો ત્યાગ કરનારાને માટે પણ આત્મપ્રશંસાના મોહમાંથી મુક્તિ મેળવવાનું મુશ્કેલ હોય છે, જ્યારે અહંકારનો અંત આણીને, નમસ્કાર રૂપ બની જવાની સર્વોત્તમ સાધના પદ્ધતિનો જીવનમાં સાક્ષાત્કાર કરનાર પૂજ્ય પંન્યાસજી મહારાજ

વચનમાં કોમળ,
દૃષ્ટિમાં શીતળ,
પ્રકૃતિમાં પ્રસન્ન,
સ્વભાવમાં શાંત,
આત્મામાં એક,
વીતરાગતામાં વિશ્વવત્સલ અને
વ્યવહારમાં નમ્રાતિનમ્ર સંતપુરુષ હતા.

સંસાર સાગરને તારનારા આવા વિરલ સંતપુરુષનો સમાગમ કોઈ મહાપુણ્યે થાય છે.

'सतां सद्भिः सङ्गः कथमपि हि पुण्येन भवति।' આવા પુણ્ય શ્લોક પુરુષોની યશઃ કાયા ખરેખર જન્મ મરણના ભયથી મુક્ત હોય છે.

આકૃતિથી અનોખા, પ્રકૃતિથી પ્રભાવશાળી, કૃતિથી કામણગારા આ પુણ્યશ્લોક પુરુષની ગંભીરતા, મધુરતા અને કોમળતાની સમાગમમાં આવનારને જબરી અસર થતી.

જીવનમાં 'સવિ જીવ કરું શાસન રસી'ની ભાવના હૈયે રમતી. પરમાત્મ પ્રત્યેનો અવિહડ પ્રેમ, વિશિષ્ટ જાપ, ધ્યાન, સર્વસત્ત્વહિતાશય ભાવ, પરાર્થવ્યસનિયતા, સંઘ શાસનની ઊંડી હિતચિંતા, સમગ્ર

ચતુર્વિધસંઘ પ્રત્યે નિઃસ્વાર્થ વાત્સલ્યભાવ, અનેરી કરુણા, અદ્ભુત પ્રશાંતિ, મૌન પણ ભાવનાઓનું વિશુદ્ધિકરણ કરનારું, અપૂર્વ વ્યક્તિત્વ વિગેરેનાં અમૂલ્ય દર્શન પૂજ્યશ્રીના અલ્પ પણ પરિચયથી થઈ જતાં.

અંગેઅંગમાંથી સૌમ્યતા નીતરતી – મુખ પર માધુર્યની મીઠાશ જોવા મળતી. વાત્સલ્યના તેજથી વિશાળ ભાલ ઝગમગતું. નયનોમાં નિર્વિકારતા રમતી. હૈયે અપાર હેત જોવા મળતું. હૃદય ભારોભાર કરુણા અને પ્રભુ ભક્તિથી છલકાતું, પાસે બેસનારને અપૂર્વ શાંતિ આપતું.

સૂર્યની હાજરીથી લોકોને પ્રકાશ, સૂઝ અને સ્ફૂર્તિ મળે છે, તેમ તેઓશ્રીની માત્ર હાજરીથી જ્ઞાનનો પ્રકાશ, શુદ્ધિની સૂઝ અને આરાધનાની સ્ફૂર્તિ મળતાં. સદા પ્રસન્ન મુખવાળા, અશરણના શરણ-રૂપ, નિરાધારના આધાર, પૂજ્યશ્રી અનેકોની આરાધનાનું આલંબન હતા. દુઃખથી અને રોષથી બળતો આત્મા એમની પાસે આવે, તો તે ઠરીને જતો. બોલે કંઈ નહિ, છતાં સામે જોઈને બેસી રહેવાનું મન થાય તેવું ચુંબકીય તેમનું વ્યક્તિત્વ હતું. ન બોલે તો પણ તેમની આકૃતિ જોનારના હૃદયમાં અંકિત થતી. અસરકારક શાંતિ આપતી. આકૃતિમાંય જાણે મહાયોગીનું દર્શન થતું. 'પ્રશાન્તમૂર્તિ' 'નિઃસ્પૃહશિરોમણી' બિરુદ સાર્થક થતાં.

બોલવામાંય મુદ્દાસરની વાત. એક એક વાકય એવું બોલે કે સાંભળનારના હૃદયમાં એ જીવંત બને. બોલવામાં સામાનું હિત લક્ષમાં રહેતું. કદી ઊંચા સ્વરે બોલે નહિ. મનની સ્વસ્થતા, ચિત્તની શાંતિ, હૃદયની પ્રસન્નતા સદા જોવા મળે.

પહેલેથી જ બોલવાનું પરિમિત હતું. જરૂરી અને સ્વ–પરનું કલ્યાણ દેખાય ત્યારે જ બોલવાનું રાખતા. તે પણ ખૂબ જ ઓછું બોલતા. જ્યારે બોલતા, ત્યારે અસરકારક બોલતા. સૂત્રાત્મક બોલતા. એ વાણીને, એ બોલને, ટપકાવી લેવાનું મન થાય તેવું બોલતા.

હૈયું હર્ષથી વિભોર બની જાય તેવું બોલતા. શબ્દે શબ્દ સંયમનો શણગાર સજીને બહાર નીકળતો. સાંભળનારના અંતરાત્માને સ્પર્શતો ત્યારે અંદર અજવાળાં પથરાતાં.

મૌનમાં પણ ભલભલાને મહાત કરે તેવી વાણી વહેતી.

પર સમુદાયના કોઇક સાધુ કે સાધ્વીજી મહારાજ આવે તે દરેકને સમાનભાવથી નિહાળતા. વાત્સલ્યભાવે વાતો કરતા, દરેકને માર્ગદર્શન આપતા, આત્મસાધનામાં આગળ વધારવા ઉત્સુક રહેતા.

બાળકની સાથે બાળકની જેમ અને તત્ત્વજ્ઞાનીની સાથે ગહન અને ગંભીર વાતો કરતા.

અંતરની અનુભૂતિ અને ધર્મ સાધનાની પરમ મંગલમય કેડીના પથદર્શક ગુરુદેવ અનેક બાળજીવોને સ્નેહસભર, વાત્સલ્યપૂર્ણ વાણી સુધાનું પાન કરાવતા, આત્મશુદ્ધિ અને પરમાત્મસિદ્ધિનો મહાન પ્રયોગ શીખવતા. નમસ્કાર મહામંત્રની આ મહામના પુરુષ છૂટે હાથે લ્હાણ કરતા.

આત્મતત્ત્વ અને અધ્યાત્મતત્ત્વની ઠેકડી ઉડાવનારી વ્યક્તિઓ પણ પૂજ્યશ્રીના પરિચયે, કેટલાક તો માત્ર દર્શને જ આત્મતત્ત્વ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતી થઇ ગઈ હતી. એટલું જ નહિ પણ આત્મતત્ત્વની પરમ ઉપાસનામાં સંલગ્ન બની ગઈ હતી.

ગુણાનુરાગવૃત્તિ એટલી અજબની કેળવી હતી કે ગમે તેવા દોષવાળાને એમની સમક્ષ લઈને ઊભો રાખો તો એનામાંથીય, એકાદ ગુણ શોધી કાઢી એ અદ્‌ભુત ગુણની અનુમોદના દ્વારા, તેઓ તે દોષવાળી વ્યક્તિને નિર્દોષ, નિખાલસ અને નિરહંકારી બનાવી દેતા.

સામાન્ય માણસો માટે તિરસ્કાર કે દ્વેષવૃત્તિનું પાત્ર બનતા જીવો તેઓશ્રી માટે કારુણ્ય કે માધ્યસ્થનાં પાત્રો બનતાં.

પૂજ્યશ્રી ઘણી વાર કહેતા;–

"સહન કરે તે સાધુ,
સહાય કરે તે સાધુ,
સાધના કરે તે સાધુ."

ભૌતિક સ્વાર્થની મેલી રમતોમાંથી બચાવી લેતી, સાવધાનીનો સૂર સંભળાવતી, આત્માને પરાર્થની પર્ણકુટિ પ્રતિ પગલાં પાડવા પ્રેરતી, આ શીખામણ સદા યાદ રહી જાય તેવી છે. પૂજ્યશ્રી મુમુક્ષુ આત્માઓનાં અજોડ માર્ગદર્શક હતા. તેમના વૈરાગ્યને દૃઢ કરતા– કોઇ પ્રત્યે તિરસ્કાર વૃત્તિ ન જન્માવતા, તેઓશ્રી આત્મામાં સહિષ્ણુતાનો ભાવ પેદા કરવા, સર્વ આત્માઓના અસલ સિદ્ધ સ્વરૂપને આંખ સામે રાખવાનું કહેતા. જે કંઈ દોષ દેખાય છે, અપરાધ જણાય છે, તે તો કર્મકૃત છે. એવો ભાવ મનમાં આણી તેની પ્રત્યે તમામ વ્યવહાર અને વર્તન કરવાનું જણાવતા.

કોઇને સંભળાવ્યા કરતાં, બીજાનું સાંભળવામાં તેઓશ્રીને ખૂબ જ રસ હતો. બોલનાર નાનો હોય કે મોટો, પણ ખૂબ જ ધ્યાનથી સાંભળતા અને યોગ્ય સમાધાન આપતા. જિજ્ઞાસુઓ નિઃસંકોચપણે પોતાના દિલની વાતો કરતા. સાહેબજી સહુ સાથે એવા ઓતપ્રોત થઇ જતા, સહુને એવો અંદરથી મારાપણાનો ભાવ આપતા કે આવનાર સહુ કોઇને લાગતું કે "સાહેબજી તો અમારા છે." પૂજ્યશ્રીના ફોટાના દર્શનથીય કાંઈ લોકો પામી જતા.

પૂજ્યશ્રી ખૂબ જ નમ્ર અને નિખાલસ હતા. તેમની ઉદારતા કોઇ અજબ કોટિની હતી. સામી વ્યક્તિના વિચારોને સ્વસ્થતાપૂર્વક શાંતિથી સાંભળી, સમજી અને તેનો તર્કશુદ્ધ, યોગ્ય, સંતોષકારક, સચોટ શાસ્ત્રીય જવાબ આપવાની તેમનામાં નૈસર્ગિક શક્તિ હતી.

"જડનો રાગ છોડો,
જીવમાત્રને પ્રેમ કરો." એ એમનો સંદેશ હતો.
"જિન ભક્તિ અને
જીવમૈત્રી" વિના સમ્યક્ત્વ શોભતું નથી એ એમની ચોટ હતી.

"નવકારનો જપ
આયંબિલનો તપ અને
સંયમનો ખપ" – એ તેમનો અંતરનાદ હતો.

"ભાવનાઓ ચાર છે.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ.
પાંચમી કોઇ ધિક્કાર નામની ભાવના નથી.
માટે કોઇનેય ધિક્કારતાં પહેલાં ખૂબ વિચાર કરજો."

આવા ભાવ અને ભાવનાથી ભરેલા પૂજ્યશ્રીના મોહક મુખમંડળના દર્શનથી હૈયામાં ભક્તિ છલકાતી. એ પુણ્યમૂર્તિના નિર્વ્યાજ સ્નેહ વરસાવતું વ્યક્તિત્વ, સહુ કોઈને ભીંજવતું, 'સ્વ'ના કોચલામાંથી બહાર નીકળી 'સર્વ'ના બનાવી દેવાની પ્રેરણાની બંસરી વગાડતું.

પૂજ્યશ્રી દેહમાં રહેવા છતાં, દેહાતીત,
પંચમકાળમાં રહેવા છતાં કાલાતીત,
ક્ષેત્રમાં રહેવા છતાં ક્ષેત્રાતીત હતા.

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા પરમજ્યોતિ પંચવિંશતિકામાં લખે છે,

"પરકીય પ્રવૃત્તૌ યે મૂકાંધબધિરોપમાઃ ।
સ્વગુણાર્જને – સજ્જાસ્તૈઃ પરમં જ્યોતિરાપ્યતે ॥ ૧૮ ॥

સાહેબજી પર પ્રવૃત્તિઓને સાંભળવાને માટે બધીર, જોવા માટે અંધ અને બોલવા માટે ખરેખર મૂક હતા. તેઓશ્રી સદા આત્મકલ્યાણકર મંગલમય પ્રવૃત્તિઓમાં જાગ્રત રહેતા. નિરંતર સત્–ચિત્ના નિરવધિ આનંદ સ્વરૂપ પરમપદના ઉપયોગમાં રમનાર, સમતાના સ્વયંભૂ સાગરમાં મહાલનાર, અદ્વૈત અધ્યાતમ સુખમાં જ સદા મગ્ન રહેતા.

વ્યાધિની ફૂંકાતી આંધીમાં સમાધિની જ્યોતને ઝળહળતી રાખનારી એમની જ્વલંત જાગૃતિનું દર્શન, સમ્યગ્ દર્શનને સતેજ કરનારું હતું.

ગમે તેવા કટોકટીના પ્રસંગોમાં અડગ, અવિચળ, મનોબળ ટકાવી રાખવાનું સામર્થ્ય અજબ હતું. સહનશક્તિ ગજબ હતી.

છેલ્લી માંદગીમાં તેઓશ્રીની બોલવાની શક્તિ ઘણી ઓછી થઇ ગઇ હતી, છતાં આવનાર વ્યક્તિ નિરાશ ન થાય તે માટે પોતાને પડતા પરિશ્રમને ગણકાર્યા વિના, આવનારને એવી રીતે સમજાવતા કે પૂજ્ય શ્રી વધારે 'સ્વસ્થ' છે.

અસ્વસ્થ અવસ્થામાં પણ એવી રીતે બેસતા કે જોનારને એમ જ લાગે કે 'મહારાજ સાહેબ સ્વસ્થ છે.' અસ્વસ્થ અવસ્થામાં પણ પોતે તત્ત્વચિંતનમાં રહેતા.

પૃથ્વી પરથી વિદાય લેવાના ત્રણ દિવસ પહેલાં જ તેઓશ્રીએ શ્રી નવપદ આરાધનાનું પુસ્તક મંગાવી, તેના શ્લોકો મુનિશ્રી જિનસેનવિજયજી પાસે વંચાવી, પછી પોતે કડકડાટ બોલી ગયા હતા.

તેઓશ્રીને તપાસવા આવતા ભલભલા ડૉકટરો, તેમની યોગ-શક્તિ અને આત્મશક્તિ જોઇને મોંઢામાં આંગળી નાખી દેતા અને કહેતા કે "અમે જીવનમાં આવા મહાત્મા જોયા નથી. આ મહાત્મા શરીરની શક્તિથી નહિ પણ આત્મશક્તિથી જ જીવી શકતા હોય એમ લાગે છે."

સંપૂર્ણ સ્વાસ્થ્યના દિવસોમાં, નાની મોટી માંદગીના દિવસોમાં અને અતિ ગંભીર પરિસ્થિતિના દિવસોમાં દેહ પોતાનું પડખું બદલતો, આત્મા અણનમ રહેતો. સદાય સ્મિત વેરતી પ્રસન્ન મુખ-મુદ્રા જોવા મળતી. ગમે તેવી વિકટ પળો વચ્ચે, માંદગીના બિછાનામાં પણ પંચપરમેષ્ઠિઓની પરોપકારિતા, ઉપયોગિતા, અને અગ્રિમતા અંગેની અનુપ્રેક્ષા સતત ચાલુ જ રહેતી. તેમના અખૂટ આંતર વૈભવને છતી કરતી.

કામ હોય કે ન હોય, દિવસ–રાત, આંગળીના વેઢે પંચપરમે-ષ્ઠિમય નમસ્કાર મહામંત્ર ગણાતો જ રહેતો.

જપ, તપ, ત્યાગ, સ્વાધ્યાય, પ્રત્યેક આવશ્યક ક્રિયાઓ પ્રત્યે અખંડ બહુમાન અને અખંડ પાલન દ્વારા વ્યવહારશુદ્ધિ થતી રહેતી.

મૈત્ર્યાદિ ભાવનાઓથી ભાવિત તેમના અંતરમાં કદીયે કોઈની નિંદા, વિકથા, સ્પર્શી શકી ન હતી. કોઇના દોષ જોવાતા નહોતા. અવર્ણવાદ મળતો નથી. ખરાબ કરનાર કે બોલનાર પ્રત્યે પણ આ દરિયાવ દિલમાં કદીયે અશુભ ચિંતવન પણ સ્પર્શી શકયું નહોતું.

સ્વદેહ પ્રત્યે પણ સંપૂર્ણ નિસ્પૃહી હતા.

શરીરે પરસેવો પણ લૂછવા ન હોતા દેતા. અને કહેતા કે "એ તો ફરીથી થવાનો જ છે. આપણે સાધુઓ છીએ." હથેળીમાં મેલ જામ્યો હોય અને સાફ કરવા કોઇ સાધુ જાય, ત્યારે કહેતા કે "બહારનો મેલ શું દૂર કરો છો! અંદરનો મેલ દૂર કરો."

છેલ્લે 'વંદન' લેવું પણ ભારરૂપ લાગતું. તેઓશ્રી કહેતા કે, "આટલા બધા મને વંદન કરે છે, અને હું કોઇને બે શબ્દો પણ નથી કહી શકતો તેનું મને દુઃખ છે."

स्वशरीरेऽपि न रज्यति
शत्रावपि न प्रद्वेषमुपयाति ।
रोगजरामरणभयैरव्यथितौ
यः स नित्यसुखी ॥

"પોતાના શરીર ઉપરનો રાગ, શત્રુ પરનો દ્વેષ તેમજ રોગ, ઘડપણ અને મરણનો ભય માણસને દુઃખી કરે છે. જેનામાં આ ત્રણે નથી, તે નિત્ય સુખી છે.

પૂજ્ય ગુરુદેવમાં આ હકીકતો સાકાર વર્તાતી હતી. લોકોત્તર ચારિત્રથી પ્રતિષ્ઠા પામેલા, સાધુતાની સંયમભરી સુવાસ વડે અનેક આત્માઓ સહિત વાયુમંડળને સુવાસિત કરનાર પૂજ્ય પંન્યાસજી મહારાજ નામથી અને કામથી જગતને અલંકૃત કરી જગમંડન બની રહ્યા.

સમગ્રતા સાથે સંબંધ બાંધનાર, સંવાદિતામાં સૂર પૂરનાર, સર્વ જગતના કલ્યાણનો કિમિયો બતાવનાર, એ પવિત્ર પુરુષના ગુણો આજેય ગગનના ગુંબજમાં ગૂંજી રહ્યા છે. એ અણમોલ બજનામાંથી એકાદ રત્ન મળી જાય તો પણ આપણો ઉદ્ધાર નિશ્ચિત છે.

ભૂત ભવિષ્ય અને વર્તમાનની સર્વ ચિંતાઓ છોડીને, શ્રી અરિહંત પરમાત્માને સદા સર્વદા જીવનને સમર્પિત કરવા હાકલ કરતા પૂજ્ય પંન્યાસજી મહારાજ, એક અંગ્રેજ કવિના શબ્દોની ખુમારી ભરી યાદ આપે છે,

"Trust- no future
however pleasant,
Let the dead past
bury into dead.
Act Act in the living present
Heart- within
and God o'er head."

૨૨ સમાધિ મૃત્યુ સ્વાગતં તે...।

'દોરી તૂટી જ્યાં આયુષ્યની
ત્યાં સાંધનારો કોણ છે?'

નામ તેનો નાશ. ઉદય તેનો અસ્ત. આરંભ તેનો અંત. જન્મ તેનું મરણ. કુદરતના આ સનાતન નિયમને કોણ ઓળંગી શકયું છે...?

કહેવાયું છે કે, 'जातस्य हि ध्रुवो मृत्युः।' જન્મ પામેલા માટે મૃત્યુ નિશ્ચિત જ છે. આખરે તો એક દિવસ આ ભર્યા ભાદર્યા જીવનની લીલા સંકેલીને આ વિરાટ વિશ્વના મંચ પરથી વિદાય થવું પડે છે.

'બગાસું બસ એક ચરખો જ થંભી જતો.' કાળની કેવી કારમી કાર્યવાહી....! જીવનયાત્રા એક જ ક્ષણમાં થંભી જતાં કેવી અસહ્ય બની જાય છે!

પાછળનાં સહુને ચોટ આવી જાય છે.

જન્મ પછી મરણ અને મરણ પછી જન્મ! જન્મ પછી મરણ એ આ સંસારનો અનાદિકાળનો નિયમ છે. આજ સુધી કોઈ જીવ મૃત્યુના શિકારમાંથી બચ્યો નથી.

મૃત્યુ અવશ્યં ભાવિ છે. એટલું જ નહિ પણ એ અનિશ્ચિત પણ છે, કયારે આવી જાય તે કહેવાય નહિ.

જ્ઞાનીઓ તો ફરમાવે છે કે જન્મની પળની સાથે જ આપણા મૃત્યુનો પ્રારંભ થઇ ચૂકયો હોય છે.

ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્મા જીવને ભયંકર જન્મ-મરણની દારુણ પીડામાંથી મુક્ત કરવા માટે જ ધર્મતીર્થની સ્થાપના કરે છે. જ્યાં સુધી આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી જન્મ-મરણની આ પરંપરાનો અંત કોઇ પણ કાળે શકય જ નથી.

આત્માના શુદ્ધ સ્વરૂપને પામેલા સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર પરમાત્મા, જન્મ-મરણની કેદમાં જકડાયેલા જીવોને મુક્ત કરવા સાચો રાહ બતાવે છે: ભવચક્રમાં ભમતા જીવે, આત્માની મલીનતા રોકવી અને શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે તેવી ક્રિયા સેવવી. આશ્રવનો ત્યાગ અને સંવરનું સેવન આ જન્મ મરણ તોડવાનો સીધો અને સરળ ઉપાય છે, પરમાત્માની આજ્ઞાનો આજ સાર છે. એની આરાધના એ મુક્તિનો માર્ગ છે.

'आज्ञाऽऽराद्धा विराद्धा च शिवाय च- भवाय च।' આજ્ઞાની વિરાધના તે ભવભ્રમણનો માર્ગ છે.

માનવભવમાં જન્મ મરણની અનંત પરંપરાને તોડવાની તાકાત છે. પરંતુ એ તાકાત આવે ક્યારે?

જીવનમાં સમાધિ અને પ્રશમભાવ આવે ત્યારે. જ્ઞાની પુરુષોએ જીવનમાં સમાધિની ઘણી ઘણી મહત્તા આંકી છે. જીવનમાં સાધના હોય તો જ મરણ વખતે સમાધિ ટકી શકે છે અને મરણ સમાધિથી યુક્ત હોય તો જ ભવની પરંપરાનો નાશ થઈ શકે છે.

સમાધિ એટલે આત્મસ્વભાવની જાગૃત અવસ્થા. હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? કરવા જેવું શું છે? આદિ બાબતોનો ખ્યાલ રાખવો અને સ્વભાવદશાથી વિચલિત ન થવું, એ જ સમાધિની અવસ્થા છે.

જીવનના પ્રત્યેક પ્રસંગમાં કાળજી રાખીને આત્મસ્વભાવને પ્રકટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અનાદિના અભ્યાસને લીધે પ્રશમ-ભાવ કે સમાધિભાવ એકદમ આવી જાય, એ શક્ય નથી. પરંતુ નિયમિત આત્મનિરીક્ષણ કરવાથી અને પોતાની ભૂલનો સ્વીકાર કરવાથી એ અવશ્ય શક્ય બની શકે છે.

જ્ઞાની પુરુષોએ સમાધિમરણને મહોત્સવરૂપ માન્યું છે. સમાધિ-મરણ મોક્ષનો પાયો છે. જેની પ્રાપ્તિ થયા બાદ આત્મા અલ્પભવોમાં જ આ ભવચક્રમાંથી છૂટી જાય છે.

સમાધિ એ બોધિનું કારણ છે. જ્યારે અનંતાનુબંધી કષાયોનું શમન થાય, સાચા દેવ–ગુરુ અને ધર્મતત્ત્વની ઓળખાણ થાય, પછી જ બોધિની પ્રાપ્તિ થઈ શકે છે.

બોધિ એ સમ્યક્‌દર્શન છે અને સમાધિ એ સમ્યક્‌જ્ઞાનના ફળરૂપ સમ્યક્‌ચારિત્ર છે. બોધિ અને સમાધિનો જીવનમાં સુમેળ થઈ જાય પછી આ સંસાર ચક્રમાંથી અલ્પકાળમાં જ મુક્તિ અવશ્ય થાય.

સમાધિ જીવનનો મહાન આનંદ છે. અંતર્મુખ બની આત્માના સ્વરૂપને જેમ જેમ ઓળખીએ, જેમ જેમ તેને જાણવાનો અભ્યાસ કરીએ, તેમ તેમ એક મહાન આનંદની અનુભૂતિ અવશ્ય થાય છે.

પોતાના સ્વરૂપને ઓળખવા માટે નિત્યપૂર્ણ અને શુદ્ધ સ્વરૂપને પામેલા અરિહંતાદિ પંચપરમેષ્ઠિનું સ્મરણ, કીર્તન, પૂજન આદિ કરવું પડશે. જીવનને સંયમિત બનાવ્યું હશે તો જ જીવનમાં શાન્તિ અને સમાધિની પ્રાપ્તિ થશે. જેના જીવનમાં સમાધિ હોય તો મરણ વખતે પણ અવશ્ય સમાધિ રહી શકે.

જીવનભરની સાધનાનું ફળ સમાધિમરણ છે. જે ભાવિના અનંત મરણોનો નાશ કરીને, અલ્પ ભવોમાં આત્માને શાશ્વત શિવસુખ અર્પણ કરે છે.

આયુષ્યના મર્યાદિત આકારમાં ગોઠવાયેલા જીવનને જો જીવી જતાં આવડે તો તે જીવન શાશ્વત જીવનનું, દિવ્યજીવનનું સ્મારક બની જાય. સહુના માટે પ્રેરણાદાયી સંભારણું બની જાય. અનેકોના કલ્યાણમાર્ગનું દર્શક બની જાય.

માનવદેહની પ્રાપ્તિ એ કર્મકૃત જન્મ છે. વ્યવહારિક શિક્ષણ, લગ્ન, પુત્રપ્રાપ્તિ, ધન માટે, પદ માટે, પ્રતિષ્ઠા માટે, પુરુષાર્થ વિગેરે કર્મકૃત જીવન છે. અને આયુષ્યની સમાપ્તિ વખતે હાય–હાય કરતા મરી જવું એ કર્મકૃત મરણ છે. આવા કર્મકૃત જન્મ–જીવન અને મરણ પામનારા અનંતા જીવો છે. દરેક ભવમાં આ ત્રણેય ઘટનાઓ ઘટે છે; પણ એની કશી જ કિંમત નથી. કિંમત છે–તે જન્મ–

જીવન અને મરણની કે જે નવા જન્મ – જીવન અને મરણનો અંત કરી નાંખે.

– જન્મ તે છે કે જેમાં સંયમની પ્રાપ્તિ હોય, અરિહંતની આરાધના હોય.

– જીવન તે છે જેમાં સંયમની સાધના હોય, પ્રભુ આજ્ઞાનું પાલન હોય.

– મરણ તે છે જેમાં બોધિ અને સમાધિ હોય.
ભાવિનાં અનંત જન્મોનો નાશ હોય.
અલ્પ ભવમાં મુક્તિ હોય.

જૈનશાસનની આ અનોખી કળાને પૂજ્ય પંન્યાસજી મહારાજ વર્યા હતા. પૂજ્યશ્રીએ સંયમ સ્વીકારી, સાધના કરી. સિદ્ધિ મેળવી, પરાર્થકરણ દ્વારા સંપ્રદાન કર્યું.

પ્રભુભક્તિ–નવકારનો જાપ, ગુણાનુરાગ, વિનય, વાત્સલ્ય, દાક્ષિણ્ય, દયા, પરોપકાર, સમતા પરહિતચિંતન, સકલસત્ત્વહિતાશય, કરુણા, ઔચિત્યપાલન આવું આવું તો કેટ કેટલું જૈનશાસનનું ઝવેરાત આ પ્રાજ્ઞપુરુષે સાધના દ્વારા, જીવનમાં સિદ્ધ કર્યું. સાધકોના જીવનમાં સંપ્રદાન કર્યું. અનેકોના પથપ્રદર્શક બન્યા.

એમની જીવન જ્યોતિનો ઝળહળતો પ્રકાશ, સાધના માર્ગે, સંયમ માર્ગે, પરમાત્માના પરમાનંદના માર્ગે, પથરાતો, અનેકોનાં અંતરોને અજવાળતો પ્રેરણારૂપ બની રહ્યો.

આયુષ્યની અવધ પૂરી થઇ.

કાળ પણ આ મહાપુરુષનો સત્કાર કરવા તત્પર બન્યો.
મૃત્યુ પણ આ સંતને ગોદમાં લેવા તલપાપડ બન્યું.
... અને આવ્યો વૈશાખ માસ...સં. ૨૦૩૬.

ૐ મહાપ્રયાણના પંથે

વસમી વિદાય...

વૈશાખ સુદ– ૧૦.

તબિયતમાં પલ્ટો આવ્યો.

સાહેબજી સાવધાન બન્યા...

વૈશાખ સુદ– ૧૨. રવિવાર.

તબિયતે વળાંક લીધો. કફ વધ્યો. તે સાથે શ્વાસની તકલીફ પણ વધી.

હેડકી શરૂ થઈ.

યોગ્ય ઉપચાર ચાલુ થયા.

પોતે ખૂબ સજાગ બન્યા.

અંગૂઠો આંગળિયો પર ફરતો.

નવકાર રટતો, હૈયે એનો ગુંજારવ અડતો.

આત્મભાવને ઘૂંટતો.

ભલભલાને ચકિત કરે તેવી પ્રસન્નતા, સ્વસ્થતા અને સમતા, કોઈ અપૂર્વ કોટિનાં ચહેરા પર જોવા મળતાં.

ડૉકટર જીવણભાઈ વગેરે ખડે પગે સેવામાં તત્પર હતા.

ડૉકટરી સારવારમાં મુનિશ્રી વજ્રસેનવિજયજી ખૂબ જ કાળજી રાખતા.

ત્યાં ડૉકટર જીવણભાઈ તરફથી સૂચન મળ્યું;

'હવે સાવધાન રહેવા જેવું છે.'

સૂચન મળતાં પૂજ્ય પં. શ્રી પ્રદ્યોતનવિજયજી, પૂજ્ય મુનિરાજ શ્રી કુન્દકુન્દવિજયજી આદિ મુનિભગવંતો, નવકારમંત્ર, ચત્તારિ મંગલમ્

આદિ આરાધનાનાં યથાયોગ્ય પ્રેરકસૂત્રો અપ્રમત્તભાવે સાહેબજીને સંભળાવી રહ્યા.

મુનિશ્રી વજ્રસેનવિજયજી, મુનિશ્રી જિનસેનવિજયજી તથા મુનિશ્રી જયમંગલવિજયજી આદિ મહાત્માઓ ખડે પગે સાહેબજીની સેવામાં હાજર હતા.

વૈશાખ સુદ– ૧૩ સોમવાર.

મુમુક્ષુ શ્રી વેલજીભાઈની દીક્ષા હતી. તે નિમિત્તે પૂજ્યશ્રીએ વેલજીભાઈ પર વાસક્ષેપ નાંખી, આશીર્વાદ પણ આપ્યા.

અજવાળી ચઉદશનો દિવસ ઊગ્યો.

પઢમં હવઈ મંગલમ્ – મંગળવાર.

અશક્તિ ખૂબ જ જોવા મળી.

વાપરવાની લેશ પણ ઈચ્છા નહિ.

છતાં મુનિવર્યોના આગ્રહથી થોડું વાપર્યું.

બપોરના સમય બાદ પડિલેહણ વિગેરે ક્રિયા કરી.

પડિલેહણના આદેશ માગ્યા.

તબિયત અતિ નબળી પડી. અશક્તિ વધી.

અસ્વસ્થતાનાં એંધાણ વધુ દેખાવા લાગ્યાં.

સમય– ઘડિયાળના ટક...ટક...ટક.... સાથે વહેવા માંડ્યો.

કલાક ઉપર કલાક વીતવા માંડ્યા....

શ્વાસની તકલીફ ખૂબ વધી ગઈ.

છતાં પૂજ્યશ્રી ખૂબ જ જાગૃત અને સમાધિદશામાં દેખાયા.

શિષ્યગણ 'નવકાર', 'ચત્તારિ મંગલમ્' 'ખામેમિ સવ્વ જીવે' આદિ અવસર ઉચિત આરાધનાનાં સૂત્રો સંભળાવવામાં અપ્રમત્ત બન્યા.

દિવસ ઢળ્યો. સાંજ પડી.

છ વાગે મુનિશ્રી કુન્દકુન્દવિજયજી, મુનિશ્રી વજ્રસેનવિજયજી, મુનિશ્રી જિનસેનવિજયજી, મુનિશ્રી ચારિત્રભૂષણવિજયજી અને

મુનિશ્રી રત્નસેનવિજયજીએ પાંચ મુનિ ભગવંતોએ પૂજ્યશ્રી સાથે પક્ખિ પ્રતિક્રમણ શરૂ કર્યું.

પ્રતિક્રમણની બધી ક્રિયાઓ કરી. બધા કાઉસ્સગ્ગ કર્યા.

દરેક કાઉસ્સગ્ગ પૂજ્યશ્રી સ્વસ્થતાપૂર્વક પારતા.

'સકલ સંઘને મિચ્છામિ દુક્કડમ્' દીધા.

પછી માત્રુ કરવાની શંકા થઈ.

પાટ પરથી જાળવીને નીચે બેસાડવામાં આવ્યા.

સ્વસ્થતાપૂર્વક માત્રુ કર્યું. પછી પાછા પાટ પર બેઠા. તે સમયે મુનિ ભગવંતોએ પૂજ્યશ્રીને પ્રાર્થના કરી,

"જો આપ બે મિનિટ પાટ પર બેસો તો ગળામાં જે કફ અટકયો છે તે છૂટો થાય..." ત્યારે પૂજ્યશ્રી બોલ્યા,

"હવે બેસી શકાય તેવી સ્થિતિ નથી.

હવે આ છેલ્લો... સમય છે."

આટલું કહીને પૂજ્યશ્રી પાટ પર પગ લાંબા કરી બેસી ગયા. સજાગ અને સાવધાન બની ગયા.

સહુ સાથે ક્ષમાપના કરી. તેમાં જે કફનો અવાજ આવતો હતો, તે ધીરે-ધીરે મંદ પડવા લાગ્યો. બધા મહાત્માઓ ખુશ થયા કે હાશ ! આપણા ગુરુજીને રાહત થઈ... પણ એ રાહત ઠગારી નીકળી કારણ કે, પૂજ્ય મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી મહારાજે પૂજ્યશ્રીની નાડી તપાસી અને અને એક મિનિટમાં તો એમની ચીસ નીકળી કે... ગુરુમહારાજ ! નાડી જાય છે...! પોતાનાં પ્રાણ પ્યારા પરમ ગુરુદેવની છેલ્લા પંદર-પંદર વર્ષથી ખડે પગે - અપ્રમત્તભાવે સેવા કરીને પોતાને ગુરુજીમાં વિલીન કરી દીધા હતા. તે ગુરુજીની નાડી મંદ પડે, વિયોગની વેળા નજર સમક્ષ આવે અને એ ભક્ત શિષ્યની ચીસ નીકળે તેમાં નવાઈ ન હતી. તરત જ મુનિશ્રી કુન્દકુન્દવિજયજીએ સાહેબજીના કાન પાસે મુખ રાખી શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવવાનું ચાલુ કર્યું.

સૌએ નવકાર મહામંત્રની ધૂન ચાલુ કરી અને પૂજ્ય મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી મહારાજ પોતાના પ્રાણ પ્યારા ગુરુમહારાજને બચાવવા બહાર જઇને તુરત ઈંજેક્શન તૈયાર કરી પાછા આવ્યા. એમનાં પગમાં જોર આવ્યું. હૈયામાં ધ્યાન એક જ હતું કે મારા ગુરુમહારાજ ને બચાવી લઉં...બચાવી લઉં...ઈંજેક્શન આપ્યું. છતાં પણ નાડી ધીમી થતી જતી હતી અને શરીર પર પરસેવો થયો.

શ્વાસ મંદ પડતો ગયો.

આઠના ટકોરા થયા....

ત્યાં એકાએક પૂજ્યશ્રીની બંને આંખો ખૂલી... ગઈ.

તે ખૂલ્લી સૌમ્ય આંખો જોતાં તૃપ્તિ જ ન થાય.

પરમ તેજનો પ્રકાશ પાથરતી...

આરાધનાનું અમૃત વરસાવતી...

અંતિમ સમયે એજ અમૃતનું સર્વને દાન કરતી...

... સજાગ બની...

સર્વ જીવોને ખમાવતાં ખમાવતાં

નમસ્કાર મહામંત્રનું રટણ-શ્રવણ કરતાં કરતાં...

ધૂન સાંભળતાં... સાંભળતાં...

ખૂબ જ સમાધિપૂર્વક

રાતના આઠ કલાક દશ મિનિટે...

... તે સજાગ આંખો...

સદાયને માટે મીંચાઈ ગઈ...! તે ખંડમાંથી ચારેબાજુ સુગંધની મહેંક પ્રસરી રહી.

મૃત્યુ મંગલમય બન્યું.

'સમાધિ વર' ને વર્યું....!

ડૉ. જીવણલાલ વી. શાહે જાહેર કર્યું : 'તેમણે દેહ છોડ્યો છે.' સાંભળતાં શિષ્ય સમુદાય અવાક બન્યો, અશ્રુભીની આંખે નિહાળી રહ્યો. વ્યથિત મને હાથ જોડી ઊભો રહ્યો. પળ ભર માટે સ્તબ્ધતા

જીવંત બની. ઉપાશ્રયમાં ઉદાસીનતા ફરી વળી. સકલ સંઘ ડઘાઈ ગયો. પાટણ પર શોક ફરી વળ્યો.

સૂર્યને વિરામ લેવો પડે, તેમ પૂજ્યશ્રીએ વિરામ લીધો. તેની ખબર, અંતરવ્યથા અંતરમાં સમાવીને પૂ. મુનિશ્રી વજ્રસેનવિજયજીએ તરત જ ઠેર ઠેર તાર, ફોન, પત્રો અને સંદેશા દ્વારા પહોંચાડવા વ્યવસ્થા કરી.

સમાચાર બધે પ્રસરી ગયા. સાંભળતાં ભાવિકો હેબતાઈ ગયા. કેટલાક અવાક્ બની ગયા. કેટલાક ક્ષણભર માટે મૂર્છિત પણ થઈ ગયા.

રાત વૈશાખ ચઉદશની ગમગીન હતી. હૈયે પ્રગાઢ વ્યથા લઇને પડી હતી. પલળતા પોપચે પૂજ્યશ્રીના પાર્થિવ દેહને પ્રણામ કરી, પગલાં ભરતી હતી.

પૂ. શ્રી પ્રદ્યોતનવિ. મહારાજ તથા પૂ. શ્રી કુન્દકુન્દ વિ. મહારાજ વગેરે મુનિ ભગવંતોએ પોતાના અસીમ ઉપકારી ગુરુદેવનો પાર્થિવદેહ શ્રીસંઘને વિધિપૂર્વક સોંપ્યો. શ્રી સંઘના આગેવાનોએ, દરેકના દર્શન માટે પૂજ્યશ્રીના દેહને શ્રી નગીનભાઈ હૉલમાં આસનસ્થ કર્યો.

આંસુભરી આંખે સહુ આવતા. ડૂસકાં ભરતા. વંદન કરતા, વાસક્ષેપ કરતા અને ભારે હૈયે આઘા ખસતા.

શુભ ભાવનાના લોકોત્તર વિજ્ઞાનને આચારગત બનાવવાનો અપ્રતિમ પુરુષાર્થ ખેડનાર, સૌના હૈયે વસનાર પૂજ્યશ્રીના વિદાયની વસમી વ્યથા હૉલમાં પડાવ નાખીને પડી હતી...!

વૈશાખ સુદ પુનમ... અંતિમ–સંસ્કાર–યાત્રા.

બુધવારની સવારના આછા પ્રકાશમાં આ આધ્યાત્મિક મૂર્તિ, જાણે સુવર્ણમય બની ગઈ હતી. આછા અજવાળામાં આછું સ્મિત મરક મરક થઈ રહ્યું હતું. જોતાં લાગે કે પૂજ્યશ્રી હમણાં જ હિતની વાત કરશે.

મુંબઈ, અમદાવાદ, સૂરત આદિ ગુજરાતના શહેરોમાંથી, મહારાષ્ટ્ર –સૌરાષ્ટ્ર–મારવાડ–જામનગર–આદિ પ્રદેશોમાંથી અનેક ભાવિક આત્માઓ પૂજ્યશ્રીની અંતિમ સંસ્કાર યાત્રામાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા.

પાટણ જિન–ભક્તોથી–ગુરુ ભક્તોથી ઉભરાઈ ગયું હતું. જેવા હેતભાવથી પાટણે પોતાના પુત્રરત્નને આવકાર્યો હતો, તેવા જ આદર-ભાવથી તેને વિદાય આપવા તત્પર બન્યું.

કોઈના પણ દબાણ વિના પાટણનાં બજારો બંધ રહ્યાં. ધંધા બંધ રહ્યા, દુકાનો બંધ રહી.

સુશોભિત જરિયાન પાલખી તૈયાર થઈ, ધર્મ–રત્નને ધારણ કરનાર પૂજ્યશ્રીના પાર્થિવ દેહને, ખભા ઉપર ધારણ કરવા માટે, ઉલ્લાસી, શક્તિસંપન્ન ભાઇઓએ ચઢાવા લીધા.

વાજિંત્રોએ શોક–સંગીત શરૂ કર્યું, વિશાળ માનવમેદની વચ્ચે ભવ્ય પાલખીને પુણ્યશાળીઓએ ખભા પર લીધી અને–

'જય જય નંદા' 'જય જય ભદ્દા' ના જયઘોષની સાથે બપોરના બારના ટકોરે પાલખી નીકળી. દૃશ્ય–નજરે નિહાળનારનું હૃદય હચમચી ઊઠતું. ઊભા રસ્તે અનુકંપાદાન ચાલુ હતું. રસ્તો ગુલાલથી રંગાઈ ગયો હતો. મારગમાં ઊભેલા સહુ કોઈ, પૂજ્યશ્રીના પરોપકારમય જીવનને પ્રેમથી પ્રણામ કરતાં હતાં.

તડકો કહે મારું કામ...! ગરમીએ માઝા મૂકી...! છતાં વાજતે –ગાજતે પાલખી સાથે, સંસ્કાર યાત્રામાં સામેલ સહુ કોઈ બપોરના ૨ અને ૨૦ મિનિટે, શહેર બહારના બગીચામાં આવી પહોંચ્યા. સુખડની શય્યા તૈયાર થઈ. છેવટની વિદાય આપતાં સૌના હોઠ અને હૈયાં પૂજ્યશ્રી પ્રતિના ભક્તિભાવથી ભીંજાઈ ગયાં.

'શ્રી જૈનશાસન અમર તપો' 'પૂ. પંન્યાસજી મહારાજ અમર તપો' ના ગગનભેદી નાદ સાથે તેઓશ્રીના સંસારી પુત્ર શ્રી

જિતુભાઈએ, ધ્રૂજતા હાથે, રડતા હૈયે, ભક્તિભરી આંખે, પોતાના પિતાને પ્રથમ અગ્નિ સંસ્કાર કર્યો. પછી અનેક ભાવિક જનોએ પૂજ્યશ્રીને છેલ્લા પ્રણામ કરીને અગ્નિને સ્વધર્મ બજાવવામાં સહાય કરી. વેદના વાતાવરણમાં વ્યાપી ગઈ. હજારો હૈયાંને રડતાં મૂકીને પૂ. પંન્યાસજી મહારાજનો પાર્થિવ દેહ અગ્નિમાં અદૃશ્ય થયો.

અનેક ધર્મપ્રેમી આત્માઓને શોક સાગરમાં ડૂબાડીને જૈન સંઘનો, આધ્યાત્મિક પ્રકાશ–પુંજ અસ્ત પામ્યો... એક મહાન શાસન–દીપક બૂઝાઈ ગયો...

પ. પૂ. 'પંન્યાસજી મહારાજ' વિશ્વમાંથી વિદાય થયા. પ...ણ જિન ભક્તિના શ્વાસે અને

જીવ મૈત્રીના ઉચ્છવાસે પૂજ્ય ગુરુદેવ એક દેહ નહિ, પણ હજાર દેહોમાં, હજારો ભક્તોમાં, હજારો સાધકોના હૃદયમાં...રમતા રહ્યા.

જન્મથી માતાને ધન્ય બનાવ્યાં.

દીક્ષા સ્વીકારથી ગુરુને ધન્ય બનાવ્યા.

દીક્ષાના પાલનથી શાસનને ધન્ય બનાવ્યું.

દીક્ષાઓ આપીને શિષ્યોને ધન્ય બનાવ્યા.

સાધનામય જીવન જીવીને આત્માને ધન્ય બનાવ્યો.

અને આરાધના આપીને અનેકને ધન્ય બનાવ્યા.

ધન્ય હો... ધન્ય હો... આપને...

આપ અજાતશત્રુ ઠર્યા અરિહંતભાવની પરિણતિથી... સમતા-મૂર્તિ ઠર્યા, સિદ્ધપદની સાધનાથી.... અધ્યાત્મમૂર્તિ કહેવાયા, આત્માના સતત અનુસંધાનથી. આપની વિદાયથી શ્રી ચતુર્વિધ સંઘમાં, સમુદાયમાં અને શાસનમાં ન પૂરાય તેવી ખોટ પડી.

આપે પચાસ વરસ સુધી સંયમનું સામ્રાજ્ય ભોગવ્યું, ભવ્ય જીવોના યોગક્ષેમને કરતા...

આપ ચાલ્યા...ગયા....

છતાં...આપ નથી...એમ તો કેમ કહેવાય...?...

પ્રાણ થકી પ્યારા હે ગુરુદેવ...!

આપ જન્મ્યા પાટણમાં, જીવ્યા જગતમાં. આપનો જન્મ પાટણમાં, દીક્ષાનું પ્રથમ ચાતુર્માસ પાટણમાં, દીક્ષાનું અંતિમ ચાતુર્માસ પાટણમાં, દેહવિલય પાટણમાં અને અંતિમ અગ્નિ સંસ્કાર પણ પાટણમાં...!

તીર્થભૂમિ પાટણે આપની આખરી વિદાયનું એક પવિત્ર આલંબન પામી, પોતાની પવિત્રતામાં વધારો કર્યો અને ભાવિક આત્માઓને પવિત્ર થવા માટેનું એક વધુ આલંબન પૂરું પાડ્યું.

આજે પણ મુંબઈ તથા દેશ પરદેશથી અનેક ભાવિક યાત્રાળુઓ આપની સમાધિ ભૂમિનાં દર્શન કરી તેનું સ્પર્શન કરી, મહાન પવિત્રતાની પ્રેરણા મેળવે છે.

જન્મ્યા પછી દરેકને જીવવું પડતું હોય છે, તે સાચું, પણ સાચું જીવન તેને કહેવાય કે–

–જેમાં આત્મા જીવતો હોય છે.

–પરમાર્થ પ્રકાશતો હોય છે.

–ત્યાગ મઘમઘતો હોય છે અને

–સ્નેહ સર્વજીવો પર એક સરખો વરસતો હોય છે.

જીવન–યાત્રા તો સૌની એક–દિ પૂરી થવાની પરંતુ શું લઇને? આ એક સવાલ છે. આ સવાલના જવાબરૂપે પરમ પૂજ્ય–

'પંન્યાસજી મહારાજ'નું આ જીવન છે. આપણા સહુના માટે એ મંગલમય અને કલ્યાણમય કેડી ચીંધે છે...

મરણં મંગલં યસ્ય–
સફલં તસ્ય જીવનમ્ ।

અનંત અનંત નમસ્કાર હો...

જિનાજ્ઞાના પરમ ધારક અને પાલકને...

શ્રી નમસ્કાર મહામંત્રના અનન્ય આરાધકને...
સમતા ભરી સાધુતાના સાધકને...
મૈત્રીના મહાસાગરને...
પરાવાણીના સમાવતારને...
પ્રથમ રસના પયોનિધિને...
સમત્વ યોગના મહાન ઉપાસકને...
અંતઃ સાધનાના આદર્શ સાધકને...
આત્મપરિણતિની આદર્શમૂર્તિને...
આત્મઅનુભવના માર્ગદર્શકને...
પરમ નિઃસ્પૃહી સંતને...
અસીમ ઉપકારી અધ્યાત્મયોગીને...
સત્યના સખાને...
વૈરાગ્યના વીરને...
વાત્સલ્ય મૂર્તિ–ત્યાગી–તપસ્વી મહાત્માને...
પવિત્રતા અને પ્રસન્નતાની પ્રશાંતમૂર્તિને...
સ્વ–પર ઉપકારી પરમકૃપાળુ...
પરમ પૂજ્ય ગુરુવર્ય પંન્યાસ પ્રવર
શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને....!

॥ शिवमस्तु सर्व जगतः ॥

૨૪ પરિવાર-પરિચય

હીરા મુખસે ના કહે.....

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના શિષ્ય પરિવારનો પરિચય

જીવન એના જંગમાં અને રંગમાં હાથ તાળી દઈને પસાર થઈ રહ્યું છે. જંગ છે મોહ સામેનો અને રંગ છે સંયમનો જેના જીવનમાં એવા મહાપુરુષો સદા વંદનીય છે, પૂજનીય છે, સેવનીય છે.

આવા મહાપુરુષોના જપ-તપ-ત્યાગ-સંયમ-સ્વાધ્યાય-સેવા-વિનય-વૈયાવચ્ચ-જ્ઞાન-ધ્યાન-આરાધના જોતાં માથું નમે, દિલ એમાં રમે, એવું જીવન જીવવાનું મન થાય, તો દીવે દીવો પ્રગટે તેમ આત્માની રોશની પ્રગટ થતાં વાર ન લાગે. ત્યાગની આગ પણ હૈયે અડે તો અનાદિના રાગાદિ મેલ બળે અને હૈયામાં પડેલું કાયમનું આત્મતત્ત્વ જડે, અરિહંત આવી મળે. એવાં જીવતર જીવવાના કોડ જેના હૈયે જાગે, તે વિષય-કષાયરૂપ સંસારથી ભાગે. સહુને તે ગમે, સહુ તેને નમે. નમનનું આ ક્રાન્તિકારી પરિવર્તન જ આત્માને, પરમાત્મપદનો ભોક્તા બનાવે, મન ભીતર ભગવાનનો ભેટો કરાવે. તે માટે કરવું રહ્યું જાતનું સદંતર રૂપાંતર. (Transformation) તેમાં ધર્મ સહાયક બને, ગુરુ માર્ગદર્શક બને અને દેવ દીવાદાંડી બને તો, આ જીવન નૌકાને સંસાર સાગરથી પાર કરવાનું સુલભ બને.

આત્મા જ્યાં નવકારના જાપ જપે છે,
આંતર – બાહ્ય તપ તપે છે,
કરુણાનો ધોધ વહેવડાવે છે,
આનંદની છોળો ઉછાળે છે,
સમતાનું સંગીત બજાવે છે,
માધ્યસ્થ્યનું મધુરતાન છેડે છે, ત્યાં અસાર એવા

આ સંસારમાં સારદર્શન કરે છે. મસ્તી અને શાંતિનો સુમેળ સાધી પરમશાંતિ અનુભવે છે. જ્યાં આત્મા અને વિરતિ એકરસ બને છે, ત્યાં પ્રશમરસ પ્રભુરૂપે પ્રગટે છે. સંસારની ત્યાં તથા, કથા કે વ્યથાને સ્થાન જ નથી. છે માત્ર ચિદાનંદની મસ્તી.

સૂર્યના કિરણે અંધારું જાય તેમ ગુરુના સમાગમે રાગ–રોષ અને દોષનો દરિયો શોષાય, અરિહંતને ઓળખવા પ્રકાશના પંથે પ્રયાણ થાય. આત્મા અમરતાનો અધિકારી બનવા, સાધ્યને સિદ્ધ કરવા, અક્ષય આનંદ અને શાશ્વત સુખને વરવા ચાલી નીકળે. વિરતિ તેનો હાથ પકડે, મુક્તિ માટે માથું મૂકે.

સંસારના સંગનો ત્યાગ કરી, જંગે ચઢેલા અને રંગે રમેલા આવા ત્યાગી–વિરાગી મહાત્માઓનાં જીવન, ગુરુ ભગવંતના સાન્નિધ્યમાં કેવાં મૂલ્યવાન નીવડે, તેનું અનોખું દર્શન, પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજનો શિષ્ય–પરિવાર કરાવે છે.

પરમતારક, સદૈવ સ્મરણીય, પરમકૃપાળુ, વાત્સલ્યવારિધિ, અધ્યાત્મયોગી, નમસ્કાર મહામંત્રના અનુપમ આરાધક, નિઃસ્પૃહ-શિરોમણી પરમ ગુરુદેવ પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રી અનેકોનું એક અનોખું આધ્યાત્મિક આકર્ષણ હતા. આરાધના–સાધનાના કેન્દ્ર હતા. પોતે પણ અજોડ આરાધક હતા, તે આપણે તેમના વિશિષ્ટ જીવન સમાગમ તથા જીવન ચરિત્ર દ્વારા જાણી શકયા છીએ.

પૂજ્યશ્રીની ચૈતન્યમયી આભા, મૌનપણે કાર્ય કરતી,
પ્રત્યેકના જીવનમાં પરિવર્તન આણતી,
પ્રભુદર્શિત માર્ગે જવા પ્રેરણા કરતી
આશ્રવ રોકતી, સંવર સેવતી,
સહુને ઉપકારક બનતી.

આવા સમર્થ ગુરુ ભગવંતના શિષ્ય પરિવારનાં જીવન એવાં ઉજ્જવળ છે કે પ્રત્યેક શિષ્યે લીધેલું ચારિત્ર દીપાવ્યું છે. સંયમને

અજવાળ્યું છે. સાધુતાના સ્વાદથી ભર્યું ભાદર્યું રાખ્યું છે. વીરનો માર્ગ છે. વીતરાગનો ધર્મ છે. એનાં કપરાં અને કઠણ ચઢાણ ચઢવા કલ્યાણની કેડી પર જ લક્ષ રાખીને પગરણ માંડ્યાં છે અને ગુરુ-દેવના ગૌરવને વધાર્યું છે.

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ જીવન નૈયાના અનુભવી ખેવૈયા હતા, તેની પ્રતીતિ એ પૂજ્યવરે પોતાના શિષ્યો-પ્રશિષ્યો-આશ્રિતોના સંયમ જીવનમાં, એ જીવની યોગ્યતા અનુસાર જે પ્રાણ પૂર્યા હતા, તેનાથી જ જણાઇ આવશે. જોકે આ ગ્રંથમાં પૂજ્યશ્રીનું જ જીવનચરિત્ર ઘણું ઘણું કહી જાય છે; પણ સાથો સાથ તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્ય અને આશ્રિતોનું ટૂંક જીવન લખવા પાછળનો આશય એ છે કે આવી આત્મિક-વિશિષ્ટ આરાધના-સાધનામાં તત્પર, પૂજ્યવરના પોતાના શિષ્યોમાં સેવા, વૈયાવચ્ચ, આરાધના, સંયમ-પાલનની તત્પરતા, સ્વાધ્યાય, ધ્યાન, જાપ, પરમાત્મ ભક્તિ, સમયનો સદુપયોગ, વડીલ પ્રત્યે વિનયભાવ, ઔચિત્ય પાલન, શાસન પ્રભાવના, નિઃસ્પૃહતા, અપ્રમત્તતા, ક્રિયામાં નિશ્ચલતા, સંયમ પ્રત્યે એકતાનતા, પરોપકાર પરાયણતા, સ્વ-જાગૃતિપૂર્વક મૈત્રી આદિ ભાવોની વિદ્યમાનતા, નમસ્કાર મહામંત્રમાં નિષ્ઠા, વિશિષ્ટ તપમાં તત્પરતા, વિગેરે અલૌકિક ગુણો પ્રેકટીકલ રૂપે પરિણમ્યા હતા. એમના ગ્રુપની વિશેષતા છે કે આજે પૂજ્યશ્રી ઉપરત હોવા છતાં પણ એમની હયાતીમાં સિંચેલા ગુણોનું યથાશકય પાલન કરી રહ્યા છે.

આવો ત્યારે આપણે પણ ગુણોની ગરિમાના-
એ સાદ અને નાદને સાંભળીએ,
અને ઉછળતા સુખના સાગરને પામવા,
આત્માના સ્વરૂપની શુદ્ધિને માણવા,
સંયમના માર્ગને જીવનમાં આવકારીએ....અને
તે તરફ ગતિ-પ્રગતિ કરવા તત્પર બનીએ.!











વિવિધ લાક્ષણિક મુદ્રાઓમાં પૂજ્યશ્રી





ધ્યાન આરાધનામાં મગ્ન પૂજ્યશ્રી

સંજીવ ૨૦૧૩માં શ્રી હિમતભાઈ તરફથી યોજાયેલ ઉપધાન
તપની માળ પ્રસંગે પરમ ગુરુદેવ પૂ. આ. શ્રી [illegible]ીશ્વરજી
મહારાજ જમણી બાજુ પૂ.આ.શ્રી [illegible]ીશ્વરજી
મહારાજ ડાબી બાજુ પૂ.ઉ.શ્રી કેવલચંદ્રજી ગણિવર,
પૂ.પં.શ્રી [illegible] પૂજ્ય પંન્યાસજી
મહારાજ

સંવત ૨૦૨૨ બેડા (રાજસ્થાન) હિંમતભાઈના સુપુત્રી પાર્વતીબેનને દીક્ષા આપીને વાસક્ષેપ કરતા
પૂજ્યશ્રી તથા પૂ. મુનિરાજશ્રી મહાનંદવિજયજી મહારાજ.



પૂજ્યશ્રી સાથે વાતચીત કરતા શ્રી હિંમતભાઈ બેડાવાલા.



સંવત ૨૦૩૦માં લુણાવા મુકામે પૂજ્યશ્રી સાથે વ્યાખ્યાન
આપતા પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ તથા
જમણી બાજુ તપસ્વી પૂ. મુનિ શ્રી ભાવવિજયજી
મહારાજ. નીચે કાઉસ્સગ્ગમાં પૂજ્યશ્રી.

સંવત ૨૦૩૦માં લુણાવા ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે...પૂજ્યશ્રી સાથે પૂ.આ.શ્રી. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ પાછળ જમણેથી પૂ. મુનિશ્રી ચંદ્રયશવિજયજી મહારાજ, પૂ. મુનિશ્રી જિનપ્રભવિજયજી મહારાજ, પૂ. મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજ તથા પૂ. મુનિશ્રી વજસેનવિજયજી મહારાજ.

સંવત ૨૦૩૦ના ચાતુર્માસ બાદ લુણાવામાં શ્રી મોહનલાલ ઝવેરચંદજીના ઉજમણાના વરઘોડામાં સકલ પરિવાર સાથે પૂજ્યશ્રી તથા પૂ.આ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ.

પૂજ્ય મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજ તથા પૂ. મુનિશ્રી જિનપ્રભવિજયજી
મહારાજની પંન્યાસપદવીમાં પધારતા પૂજ્યશ્રી તથા ગુરુપૂજન કરતો ભક્તજન.



સંવત ૨૦૩૦માં લુણાવા-ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે પૂજ્યશ્રીની નિશ્રામાં
વ્યાખ્યાન આપતાં પૂજ્ય આ.શ્રી. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ.





સાદડી ચાતુર્માસ પ્રવેશ કરતા સપરિવાર પૂજ્યશ્રી.





શ્રી હરખચંદજીના પરિવાર તરફથી થયેલ ચાતુર્માસ પરિવર્તન સમયે ગુરુપૂજન કરતા ભક્તજનોને વાસક્ષેપ કરતા પૂજ્યશ્રી.



લુણાવા પ્રતિષ્ઠા પ્રસંગે પૂ.આ.શ્રી. સુશીલસૂરીશ્વરજી મહારાજ સાથે પૂજ્યશ્રી.



બાલાણવાડાજી પ્રતિષ્ઠા પ્રસંગે પૂ.આ.શ્રી. સુશીલસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.શ્રી. રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાથે વ્યાખ્યાન ફરમાવતા પૂજ્યશ્રી.



પૂજ્યશ્રી સાથે પક્ષધર પ્રશિષ્યરત્ન
પૂ.પં.શ્રી પ્રદ્યોતનવિજયજી ગણિવર
(હાલ આચાર્ય) નીચે વિધિવિધાન
કરાવતા પૂજ્યશ્રી.





સંવત ૨૦૩૩માં ધાણેરાવમાં કનકરાજજી તરફથી થયેલ ઉપધાનતપમાં માળના વરઘોડામાં તથા પૂજનમાં સપરિવાર પૂજ્યશ્રી.



પૂજ્યશ્રીની અંતિમ ક્ષણો સુધી અખંડ ભક્તિભાવે વૈયાવચ્ચ કરનાર મુનિયુગલ પૂ. મુનિ શ્રી વજસેનવિજયજી મહારાજ (હાલ પંન્યાસ) તથાપૂજ્ય મુનિશ્રી જિનસેનવિજયજી મહારાજ.

પરિવારની નામાવલી

+૧ પૂ.મુ. શ્રી ભાવવિજયજી મ.
+૨ પૂ.મુ. શ્રી પદ્મપ્રભવિજયજી મ.
+૩ પૂ.પં. શ્રી રોહિતવિજયજી ગણિ.
+૪ પૂ.પં. શ્રી હર્ષવિજયજી ગણિ.
+૫ પૂ.મુ. શ્રી ચરણવિજયજી મ.
+૬ પૂ.મુ. શ્રી મહાનંદવિજયજી મ.
+૭ પૂ.મુ. શ્રી ચંદ્રાનનવિજયજી મ.
+૮ પૂ.મુ. શ્રી મહાભદ્રવિજયજી મ.
૯ પૂ.આ. શ્રી પ્રદ્યોતનસૂરિજી મ.
+૧૦ પૂ.આ. શ્રી કુદંકુંદસૂરિજી મ.
+૧૧ પૂ મુ. શ્રી વિભાકરવિજયજી મ.
+૧૨ પૂ.મુ. શ્રી કનકપ્રભવિજયજી મ.
૧૩ પૂ.મુ. શ્રી ચન્દ્રયશવિજયજી મ.
+૧૪ પૂ.મુ. શ્રી કૈલાસપ્રભવિજયજી મ.
+૧૫ પૂમુ. શ્રી કલ્યાણપ્રભવિજયજી મ.
+૧૬ પૂ.મુ. શ્રી ધર્મરત્નવિજયજી મ.
+૧૭ પૂ.મુ. શ્રી હિરવિજયજી મ.
+૧૮ પૂ.આ. શ્રી જિનપ્રભસૂરિજી મ.
+૧૯ પૂ.મુ. શ્રી ખાંતિવિજયજી મ.
૨૦ પૂ.પં. શ્રી પુંડરીકવિ. ગણિ.
૨૧ પૂ.પં. શ્રી મહાયશવિ. ગણિ મ.
૨૨ પૂ.મુ. શ્રી કીર્તિકાન્તવિજયજી મ.
૨૩ પૂ.મુ. શ્રી ધુરંધરવિજયજી મ.
૨૪ પૂ.મુ. શ્રી ચંદ્રાંશુવિજયજી મ.
૨૫ પૂ.મુ. શ્રી મિત્રવિજયજી મ.
+૨૬ પૂ.મુ. શ્રી ભદ્રવિજયજી મ.
૨૭ પૂ.પં. શ્રી વજ્રસેનવિ. ગણી
+૨૮ પૂ.મુ. શ્રી તત્ત્વજ્ઞવિજયજી મ.
૨૯ પૂ.મુ. શ્રી વારિષેણવિજયજી મ.
+૩૦ પૂ.મુ. શ્રી મહાસેનવિજયજી મ.
૩૧ પૂ.મુ. શ્રી જિનસેનવિજયજી મ.
૩૨ પૂ.મુ. શ્રી મલ્લિસેનવિજયજી મ.
૩૩ પૂ.મુ. શ્રી કમલસેનવિજયજી મ.
૩૪ પૂ.મુ.શ્રી અજિતસેનવિજયજી મ.
+૩૫ પૂ મુ. શ્રી કલાભૂષણવિજયજી મ.
+૩૬ પૂ મુ. શ્રી જયંતભદ્રવિજયજી મ.
૩૭ પૂ મુ. શ્રી જયમંગલવિજયજી મ.
૩૮ પૂ.મુ. શ્રી સોમપ્રભવિજયજી મ.
૩૯પૂ.મુ.શ્રી ચારિત્રપ્રભવિજયજી મ.
૪૦ પૂ.મુ.શ્રી મનમોહનવિજયજી મ.

૪૧ પૂ.મુ શ્રી વિનયંધરવિજયજી મ.
૪૨ પૂ.મુ. શ્રી પ્રેમપ્રભવિજયજી મ.
૪૩ પૂ.મુ.શ્રી ચારિત્રભૂષણવિજયજીમ.
૪૪ પૂ મુ. શ્રી રત્નસેનવિજયજી મ.
+૪૫ પૂ મુ. શ્રી મેરુપ્રભવિજયજી મ.
૪૬ પૂ.મુ. શ્રી વીરસેનવિજયજી મ.
૪૭ પૂ.મુ. શ્રી હેમપ્રભવિજયજી મ.
૪૮ પૂ મુ શ્રી યુગપ્રભવિજયજી મ
૪૯ પૂ મુ. શ્રી નયભદ્રવિજયજી મ.

૫૦ પૂ.મુ.શ્રી હ્રીંકારપ્રભવિજયજી મ.
૫૧ પૂ.મુ. શ્રી ઇંદ્રરક્ષિતવિજયજી મ.
૫૨ પૂ મુ. શ્રી જયધર્મવિજયજી મ.
૫૩ પૂ.મુ. શ્રી પૂણ્યસેનવિજયજી મ.
૫૪ પૂ મુ. શ્રી તત્ત્વપ્રભવિજયજી મ.
૫૫ પૂ મુ.શ્રી અમીતપ્રભવિજયજી મ.
૫૬ પૂ.મુ. શ્રી અર્હંપ્રભવિજયજી મ.
૫૭ પૂ.મુ શ્રી સંયમપ્રભવિજયજી મ.

+આ નિશાનીવાળા મહાત્માઓ કાળધર્મ પામેલા છે.

વયોવૃદ્ધ વર્ધમાન તપના આરાધક પૂજ્ય મુનિરાજ શ્રી ભાવવિજયજી મહારાજ.

વિ. સં. ૧૯૫૫માં નાનાખેડા (રાજસ્થાન)માં માતા જશાદેવીની કુક્ષીએ, અમાજીભાઈને ઘરે પુત્રરત્નનો જન્મ થયો. નામ પડ્યું ઓટરમલ. પૂર્વના પુણ્યોદય અને સંસ્કારોના કારણે ૨૮ વર્ષની યુવાન વયે સં. ૧૯૮૩–ના માગસર સુદ ૫ ના દિવસે પોતાના જ ગામમાં, પં. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયક્ષમાભદ્રસૂરિજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી અમીવિજયજી મ. નું શિષ્યપણું સ્વીકારીને સંયમની આરાધના શરૂ કરી.

તપની રુચિ જોરદાર હતી, તેથી આયંબિલની ઓળીઓ શરૂ કરી સ્વભાવ ભદ્રિક હતો, તેથી બધાને પ્રિય થતા. રોજ એકાસણાનું તપ કરતા. કોઈએ જરા પણ સહાય કરી હોય તો તેને હંમેશાં યાદ કરાવી, ઉપકાર માનતા.

વિ.સં. ૨૦૧૩માં પ.પૂ. સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શંખેશ્વર મુકામે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ૧૦૦ ઓળી પૂર્ણ કરી હતી, તે સમયે એમના કુટુંબીજનોએ ભવ્ય મહોત્સવ પ્રસંગ ઉજવ્યો હતો.

ઉપકારી ગુરુદેવના કાળધર્મ પછી પૂજ્યપાદ વિજય પ્રેમસૂરીશ્વરજી-મ.ની આજ્ઞાથી, ચાતુર્માસ આદિ માટે જ્યાં મોકલે ત્યાં જતા. સં. ૨૦૩૦માં પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની નિશ્રામાં જ રહેવાની આજ્ઞા મેળવી લીધી. મનમાં સંપૂર્ણ વિશ્વાસ કે આ મહાપુરુષ મને સાચવી લેશે અને પૂ. પંન્યાસજી મહારાજે આ મહાત્માને સમાધિ આપવા માટે જવાબદારી લઈ લીધી. પોતે કાળધર્મ પામતા પહેલાં પણ પોતાના પરિવારને એ જવાબદારી ભળાવતા ગયા.

જીવનના અંત સુધી તેમણે એકાસણાનો તપ ટકાવી રાખ્યો. હૈયે, નાના મોટાની સેવા કરવાની તમન્ના રહ્યા કરતી. આજ્ઞા પાલન-વૃત્તિ સારી રીતે કેળવેલી. ૮૮ વર્ષે સં. ૨૦૪૩ના પોષ વદ તેરસે નમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક સમાધિમય કાળધર્મ પામ્યા.

ધન્ય છે એ વયોવૃદ્ધ તપસ્વી મહાત્માને!

પરમ પૂજ્ય વૈયાવચ્ચી મુનિરાજ શ્રી પદ્મપ્રભવિજયજી મહારાજ.

પ. પૂ. પંન્યાસજી મહારાજની અંતરેચ્છા રહેતી કે, "કોઈ પણ સાધુ...સીદાવો ન જોઈએ...એને સમાધિ મળવી જોઈએ." એમની આ ભાવના એમના આ શિષ્યરત્ને જીવનના અંત સુધી ટકાવી રાખી.

સૌ પ્રથમ પૂ. સાગરજી મહારાજ પાસે દીક્ષિત થયા, પછી પં. પૂ. પ્રેમસૂરીશ્વરજી પાસે આવ્યા, ત્યારે પૂ.પાદ આચાર્યશ્રીએ તેમનું પૂ. પંન્યાસજી મહારાજના નામથી દિક્ષ્રબંધન કર્યું. અને દીક્ષા પર્યાય ચાલુ રાખ્યો. નામ રાખ્યું પૂ. મુનિશ્રી પદ્મપ્રભવિજયજી મહારાજ. એમનામાં એક વિશિષ્ટ લબ્ધિ કહો કે ક્ષયોપશમ કહો, અજાણ્યાં, જૈનોના ઘર વિનાનાં ગામ હોય તો પણ ત્યાંથી નિર્દોષ તથા વિશુદ્ધ ગોચરી લાવીને ભક્તિ કરતા.

વૈયાવચ્ચ ગુણમાં સદા મોખરે રહેતા. પહેલેથી છેલ્લે સુધી કોઈને કોઈ મહાત્માની સેવામાં જ રહ્યા. એક યાદગાર પ્રસંગ બની ગયો. એક સાથે બે મહાત્માઓની સેવાનો અવસર મળ્યો. બંને મહાત્માઓ અંધ હતા. બંનેના સ્વભાવ થોડા જુદા પડે તેવા હતા. અને તેથી તેમને સાચવવા પણ થોડું કપરું કાર્ય હતું પણ આ મહાત્માએ ખૂબ જ સમતાપૂર્વક તે બંનેને એવા વશ કર્યા કે અંતે તે બંનેનો સ્વભાવ બદલાઈ ગયો અને અંતે બંને સમાધિ પામતા ગયા

પછી તો જ્યાં સેવા–વૈયાવચ્ચની જરૂર પડે તો મુનિશ્રી પદ્મપ્રભવિજયજીનું નામ આવતું થઈ ગયું. આવા તપસ્વી મહાત્મા સારી આરાધના કરીને આત્મકલ્યાણ કરતા ગયા.

ધન્ય છે એ મહાત્માને !

વ્યાખ્યાનો દ્વારા તપાનુષ્ઠાનોમાં સેંકડોને જોડનાર પ્રભાવક પંન્યાસજી શ્રી રોહિતવિજયજી મહારાજ.

"જૈનપુરી" તરીકે જાણીતી, જ્યાંથી ૪૦૦ ઉપરાંત મુમુક્ષુઓએ સંયમ સ્વીકાર્યો છે, એ નગરીમાં માતા મોતીબેન અને પિતા ચંદુલાલના પુત્રરત્ન રસિકકુમાર તરીકે વિ. સં. ૧૯૭૧માં મહા–વદ–૧ ના એમનો જન્મ થયો હતો.

દહેરાસરોથી શોભતી ધર્મનગરીની પોળોમાં આવાગમન કરતા, તેઓશ્રી સંયમની ભાવનામાં રમવા લાગ્યા. સં ૧૯૮૮ની ચૈત્રી પૂનમે શ્રી ભોંયણીજી તીર્થમાં પરમ પૂજ્યપાદ શ્રી દાનસૂરીશ્વરજી મહારાજના હસ્તે દીક્ષા લઈને પરમ પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય બન્યા.

નિત્ય એકાસણાનો તપ કરતા, અભ્યાસમાં આગળ વધ્યા. નાનપણથી દીક્ષિત, અભ્યાસ સારો, તેથી વ્યાખ્યાનમાં સારી જમાવટ કરતા. એમને પૂજ્યપાદ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ સં. ૨૦૧૫માં પૂ. મુનિશ્રી તત્ત્વજ્ઞવિજયજીને શિષ્ય કરી આપીને પંન્યાસ પદ ઉપર આરૂઢ કર્યા હતા.

પૂર્વના કોઈ ઋણાનુબંધથી ખેંચાઈને, તેઓ પૂ. પંન્યાસજી મ.ની નિશ્રામાં, વડીલોની આજ્ઞા લઈ રહેવા લાગ્યા. તેઓશ્રીનું ચોમાસું યાદગાર બનતું. ચાર મહિનાનું વાતાવરણ જાણે મહોત્સવ-મય બની જતું. નાનાં બાળકોને પણ ધર્મમાં જોડી શકતા. હજારથી

વધુ મહાનુભાવોને, તેમણે વર્ધમાન તપના પાયા નંખાવ્યા હશે. એકાસણા આદિ અનુષ્ઠાનો પણ કરાવતા.

વ્યાખ્યાનોમાં વ્યવહારુ વાત કરતા. જે શ્રાવકોને યાદ રહી જતી. નાના મહાત્માઓને તૈયાર કરવાની કલા ધરાવતા, જેથી સાધુ ગોચરી, ઉપધિ આદિમાં ઉપયોગ રાખી શકતા.

અનેક ગુણોના ભંડાર સમા આ પંન્યાસજી ભગવંત સં. ૨૦૧૬માં કાળધર્મ પામ્યા.

ધન્ય છે પ્રભાવક પંન્યાસપદ ધારક શ્રી રોહિતવિજયજી મ.ને!

પ. પૂ. તપસ્વી પંન્યાસપ્રવર શ્રી હર્ષવિજયજી મહારાજ.

પૂજ્યશ્રીના પ્રથમ શિષ્યરત્ન થવાનું સદ્ભાગ્ય જેને સાંપડ્યું, તે હતા પરમ પૂજ્ય તપસ્વી પંન્યાસ શ્રી હર્ષવિજયજી મહારાજ.

સુરતમાં ૧૯૫૯માં માતા નેનકોરબેનની કુક્ષીએ, પિતા સાંકળચંદના ઘેર પુત્રરત્નનો જન્મ થયો. નામ પડ્યું હીરાલાલ. નાનપણથી જ ધાર્મિક સંસ્કારોથી જીવન સંચિત હતું.

પૂ. પં. મહારાજે નવપદ સમાજની સ્થાપના કરી, તેમાં કાર્યકર્તા તરીકે સંસારીપણાથી જ સેવકની અદાથી જ રહેતા.

૨૯મા વર્ષે અમદાવાદમાં પૂ. સકલાગમ રહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજના હસ્તે ૧૯૮૮ના જેઠ સુદ ૬ના ભાગવતી દીક્ષા સ્વીકારી, પૂ. પંન્યાસજી ભગવંતના પ્રથમ શિષ્ય બન્યા.

ગુરુનિશ્રામાં રહીને સ્વાધ્યાય–તપ–ત્યાગમાં આગળ વધતા ગયા. વૈયાવચ્ચગુણમાં એમનું નામ મુખ્ય હતું. પ. પૂ. દાનસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મ, તથા પ. પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની અમીદૃષ્ટિ પ્રાપ્ત, આ મહાત્માએ ઘણા વૃદ્ધ મહાત્માઓની

સેવા કરીને સમાધિ આપેલી. પ્રવર્તક કાન્તિવિજય મ. ની સેવા ખડે પગે કરીને અપૂર્વ વીર્યોલ્લાસ ફોરવ્યું. પૂ. નયવિજયજી મહારાજનો સ્વભાવ તબિયતના કારણે કડક હતો, તેમને પણ આ મહાત્માએ પ્રેમથી–સેવાથી જીતી લીધા.

તપ ગુણમાં આગળ હતા. વર્તમાનમાં હાજર સાધુ ભગવંતોમાં સૌ પ્રથમ સો ઓળી પૂરી કરનારમાં પણ તેમનો નંબર પ્રથમ હતો. સં. ૨૦૦૭ માં શ્રાવણ સુદ પુનમે ગુરુ ભગવંતની નિશ્રામાં તેમણે સો ઓળી પૂર્ણ કરી હતી.

ક્ષયોપશમની મંદતાને કારણે અભ્યાસમાં જિજ્ઞાસા હોવા છતાં આગળ વધી શકતા નહિ. પણ ઉપકારી ગુરુ ભગવંતોની કૃપાથી યોગાદ્વિની ક્રિયામાં એમણે નિપુણતા મેળવેલી.

ઉપધાનની ક્રિયા કે યોગની ક્રિયાનાં બધાં જ સૂત્રો–નિયમો મોંઢે, જુદા જુદા ઉત્તરાધ્યયન, આચારાંગ, કલ્પસૂત્ર, મહાનિશીથ, સુયગડાંગ કે ઠાણાંગ– સમવાયાંગ, –જે હોય તે બધાના પાઠો, ઉદ્દેશા વિગેરે મોંઢે રાખતા અને એકી સાથે ૨૫–૫૦ સાધુ–સાધ્વીજી ભગવંતોને વ્યવસ્થિત શુદ્ધ ક્રિયા કરાવતા.

આખા સમુદાયમાં એમનું સ્થાન હતું. નાના કે મોટા મહાત્મા બિમાર પડે તો જરાપણ સંકોચ વિના સેવામાં લાગી જતા. પ્રારંભથી અંત સુધી સંયમ જીવનમાં કે ગુરુભક્તિમાં કચાંય ખામી આવવા દીધી ન હતી, તે તેમની સિદ્ધિ હતી.

પૂજ્યોની કૃપાથી વિ. સં. ૨૦૨૨ના વૈશાખ સુદ ૭ના બેડા મુકામે, તેમને પંન્યાસપદ ઉપર આરૂઢ કરવામાં આવ્યા હતા.

છેલ્લે સુધી પાંચ તિથિ ઉપવાસ કરતા. દવા કદી લીધી ન હતી. કંઈ થાય તો ઉપવાસ–આયંબિલ કરી લેતા.

છેલ્લે પરમ ગુરુદેવ પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તથા પ. પૂ. ગુરુદેવશ્રી પંન્યાસ

પ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના પરમ પાવનીય સાન્નિધ્યમાં વિ.સં. ૨૦૩૫માં ચાતુર્માસ સાથે હતા. સુંદર આરાધના કરી–કરાવી રહ્યા હતા. ત્યાં એકાએક આસો વદ ૮ ની રાત્રે હૃદયનો હુમલો આવ્યો. પોતે તો નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં જ લીન રહ્યા. નવકારની ધૂન ચાલુ હતી, તેમાં લયલીન બની, એમનો આત્મા અનંત આકાશમાં વિલીન થઈ ગયો.

આ સમાચાર પૂ. પંન્યાસજી મહારાજને જણાવવામાં આવ્યા ત્યારે ગુરુના હૃદયમાં સ્થાન પ્રાપ્ત પોતાના પ્રથમ શિષ્યરત્ન માટે ગુરુના ઉદ્‌ગારો હતા, "એ મહાત્મા ગયા... સમાધિ સાધી ગયા...બસ!"

પરમ તપસ્વી પૂજ્ય મુનિરાજ શ્રી ચરણવિજયજી મહારાજ.

ધન્ના અણગારની યાદ કરાવે તેવું શરીર અને તપ... ગુરુ ભક્તિ અને ગુર્વાજ્ઞાપૂર્વકનું જેમનું જીવન હતું, એવા મહાત્માનું નામ યાદ કરતાં ચરણવિજયજી મહારાજની પ્રતિકૃતિ નજર સામે તરવરે છે.

સુરતીલાલા તરીકે પ્રસિદ્ધ, સંસારના અતિ શોખીન તેમણે સંસારની પ્રવૃત્તિ બદલી, ૩૪ વર્ષની વયે પૂજ્યપાદ પંન્યાસજી ભગવંતના ચરણોમાં પોતાનું સર્વસ્વ જીવન સમર્પિત કરી દીધું.

મારું કાંઈ નહિ... હું મારો નહિ,
મારા ગુરુજી...હું ગુરુજીનો.

આ મંત્રને જીવનમાં ગોઠવી દીધો.

દીક્ષા લઇને કોઈ દિવસ એક સાથે વાપર્યું નથી. ઉપવાસને પારણે આયંબિલ જ હોય. ઉપવાસ બધા ચોવિહારા. આયંબિલમાં પણ છેલ્લે વહોરવા જાય ને મળે તેમાંથી પૂરું કરે. જરા પણ ઉત્સુકતા નહિ. અટ્ઠાઇઓ કરવી એમને મન રમતવાત; તે પણ ચૌવિહારી.

ઉપકારી ગુરુ મહારાજની માંડલીનું કાર્ય ભક્તિપૂર્વક પતાવી બાર–બાર વાગ્યા–સુધી તો પરમાત્મભક્તિમાં તલ્લીન બની જતા.

જાતને પણ ભૂલી જતા. સાચા ગુરુભક્ત શિષ્ય તરીકે ગૌતમસ્વામીની યાદ અપાવે કે, "પૂજ્ય પંન્યાસજી મ. સૂવે પછી સૂતા અને પૂ. પંન્યાસજી મ. ઊઠે ત્યાર પહેલાં ઊઠી જતા. ગુરુજી સાથે એકયતા એટલી સાધેલી કે એમને શું જોઈએ છે, શાનો ખપ છે, તે ખ્યાલ આવી જતો અને એ રીતે ઉપયોગપૂર્વક નિર્દોષ વસ્તુ લાવીને ભક્તિ કરતા.

પરમ પૂજ્ય સકલાગમ રહસ્યવેદી દાનસૂરીશ્વરજી મહારાજની ભાવના પ્રમાણે તેઓ પોતાનું બધું કામ પોતે જ કરી લેવું, તે હિસાબે બધું શીખેલા. ઓઘા ટાંકવા, ઠવણી બાંધવી, પાતરાં રંગવાં વિગેરે. કયારેક તબિયત ઢીલી પડે, તો તેની દવારૂપે ઉપવાસ કરી લેતા. નવ વર્ષના ટૂંકા પર્યાયમાં પણ તેમણે જે સિદ્ધ કરેલું તે અનુપમ કોટિનું કહેવાય.

૧. નમસ્કાર મહામંત્ર.

૨. પરમાત્મ ભક્તિ.

૩. આયંબિલ તપ.

૪. ગુરુ-વડીલોની ભક્તિ.

૫. ગુરુ સમર્પણનો અદ્‌ભુત ભાવ.

૬. નાના મહાત્માઓ પ્રત્યે વાત્સલ્ય.

એમને પૂજ્ય ગુરુદેવે એક શિષ્ય કરી આપેલા,

તે...આ. શ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજા. છેલ્લે અંતરીક્ષ યાત્રાર્થે ત્રણ મહાત્મા પધારી રહ્યા હતા. ૮૨ મી ઓળીના છેલ્લા દિવસો હતા, તેથી અટ્ઠાઈ કરેલી, તબિયત બગડી પણ આત્મા સજાગ હતો. તરત જ આત્મા સાથે સમાધાન કર્યું. સાથેના મહાત્મા પૂ. હર્ષવિજયજી મ. સા. તથા ચંદ્રાનન વિ. મ. સાહેબે તૈયાર કર્યા. "સાહેબ! શરીર શું કહે છે?" ત્યાં આ મહાત્મા બોલ્યા, "મારે શરીર જ કયાં છે? મારૂં તો મારા હાથમાં છે." અને બસ લાગી

ગયા આરાધનામાં.... અને એવી અદ્ભુત સમાધિ સાધી કે જે જોતાં થયું કે મૃત્યુ મળે તો આવું મળજો.

આ સમાચાર જ્યારે પૂ. પંન્યાસજી મ. ને મળ્યા ત્યારે...એક મિનિટ શાંત-પ્રશાંત બનેલા પૂજ્યશ્રીને થયું કે, "એક આત્મા મારા શરણે આવ્યો, જે મને પણ સજાગ કરતો ગયો."

ખરેખર ધન્ય ગયો....

સંયમ જીવન જીવી ગયા...

મનુષ્ય જન્મ જીતી ગયા....

સાધુ જીવનનો એક આદર્શ મૂકતા ગયા....

શાંતમૂર્તિ પૂ. મુનિરાજ શ્રી મહાનંદવિજયજી મહારાજ.

મોરબી મુકામે વિ. સં. ૧૯૬૧ ના આસો વદ ૧૧ ના દિવસે માતા જીવતીબેનની કુક્ષીએ, લક્ષ્મીચંદભાઇને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો, તેનું નામ પાડયું મગન.

મગનભાઇ મોટા થયા. લગ્નગ્રંથીથી જોડાયા. લાલબાગમાં આરાધકોને ક્રિયા કરાવવામાં સહાયક થતા હોવાથી, બધા એમને 'પંડિતજી' કહીને બોલાવતા.

થોડા વર્ષોમાં જ એમનો આત્મા જાગ્યો. વૈરાગ્ય વાસીત બન્યો. ૩૫ વર્ષની ભરયુવાન વયે વિ. સં. ૧૯૯૬ ના કારતક વદ ૧૦ ના મુંબઇ મુકામે સંયમ પંથે પ્રયાણ કર્યું. પૂજ્યશ્રીના શિષ્યરત્ન બની આરાધનાને આગળ વધારી.

તપને મુખ્યતા આપવાથી 'તપસી' તરીકે ઓળખાયા. વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂરી કરી અને ફરી પાછી એક ઓળીથી ચાલુ કરી ૫૦ ઓળી સુધી કરી.

સ્વભાવથી શાંત એવા આ મહાત્માના તપની આરાધનાનો કસોટીનો કાળ આવ્યો.... કેન્સરનો ભયંકર અને દુઃખદાયી રોગ.

કેન્સર જેવો જીવલેણ રોગ લાગુ પડવા છતાં, તેને અદ્‌ભુત સમતાપૂર્વક સહન કરી, 'સમાધિપણું' સાધી રાખ્યું.

પોતાની કયારેય પણ કંઈ ભૂલ થઈ હોય તો 'મિચ્છામિ દુક્કડં' લેવામાં જરાપણ સંકોચ નહિ. ક્રિયામાં ભૂલ પડે તો એમને સમજાવીને ભૂલ–પ્રમાદથી બચાવતા. તેની કાળજી પણ ખૂબ રાખતા.

પોતાની સંસારી પુત્રીને વારંવાર આ અસાર સંસારથી વિરક્ત બનવા પ્રેરણા આપતા. પરિણામે તે દીક્ષા પામી આજે સાધ્વીશ્રી સૂર્યાંશુયશાશ્રીજીના શુભ નામથી સુંદર આરાધના કરી રહ્યાં છે.

ગળામાં કેન્સરની તકલીફ વધતાં, તેઓ પૂ. ક્ષાંતિવિજયજી મ. સા. તથા પૂ. કીર્તિકાંતવિજયજી મ. સા. સાથે અમદાવાદ રહ્યા. દર્દ વધી ચૂકયું હતું. છેલ્લી દવા આરાધના જ છે, એમ સમજી તેમાં લાગી ગયા. શાંત બન્યા અને ભયંકર વેદનાને સમભાવે સહતાં કાળધર્મ પામ્યા....

કર્મોના ભૂક્કા બોલાવીને ઊર્ધ્વગતિ-ગમન કરી ગયા.

ભીષ્મ તપસ્વી પૂજ્ય મુનિરાજ શ્રી ચંદ્રાનનવિજયજી મહારાજ.

અમદાવાદમાં ઝવેરીવાડમાં રહેતા, ઝવેરી કુટુંબના મગનભાઈને ત્યાં સંધારબેનની કુક્ષીએ વિ. સં. ૧૯૪૪ના મહા સુદ ૧૨ના પુત્ર-રત્નનો જન્મ થયો, તેનું નામ પાડયું ચિમન.

સુખી કુટુંબ હોવા છતાં, વડીલોના સંસ્કાર એવા કે દર્શન, ગુરુવંદન વિના નવકારશી નહિ. પાઠશાળામાં નંબર આવે. સમય થતાં લગ્ન થયાં પણ વિરક્તિ હોવાથી, સંસારનો રંગ લાગ્યો નહિ. ઝવેરાતની દુકાનમાં ચિત્ત ચોંટે નહિ.

બે પુત્રો થયા. પત્ની પણ ધર્મપત્ની હતી. એમને વૈરાગ્યનું કારણ મળી ગયું. પત્નીને લાગ્યું કે તેમનું મન સંસારમાં નથી તો ત્યાગ માટે અનુકૂળતા કરી આપવી જોઈએ.

મુંબઇમાં રહેતા છતાં આરાધક રહેતા. પોતે આયંબિલ ખાતાના કાર્યકર પણ હતા. ઝવેરી હોવાથી સાચા ઝવેરાત જેવા ગુરુને એમણે શોધી લીધા અને ૫૨ વર્ષની ઉંમરે અંધેરી મુકામે વિ.સં. ૧૯૯૬ માં મહા સુદ ૬ ના ખૂબ જ ઉલ્લાસપૂર્વક કુટુંબીઓના સહકાર સહિત, દીક્ષિત થયા અને પૂજ્યશ્રીના શિષ્યરત્ન થવા બડભાગી બન્યા.

સંયમ સ્વીકારી, ભવસમુદ્રમાંથી તરવાનું શરુ કર્યું. 'ગુરુ આજ્ઞા તહત્તિ' એ સૂત્રને જીવંત બનાવી કાયા ઉપરની માયા તોડવાનું શરુ કર્યું. એમાં એમના તપનો સરવાળો સાંભળીશું ત્યારે થશે કે,

'ધન્ય છે એ ભીષ્મ તપસ્વીને!'

થોડાં વર્ષો સુધી દર મહિને બે અટ્ઠાઇ ત્યારબાદ ૪ ઉપવાસ ને પારણે ૪ ઉપવાસ પારણામાં આયંબિલ-

ચોમાસામાં અટ્ઠમને પારણે અટ્ઠમ.

શિયાળામાં છટ્ઠને પારણે છટ્ઠ.

ઉનાળામાં ઉપવાસને પારણે ઉપવાસ.

બધા જ ઉપવાસ ચોવિહારા.

વર્ધમાન તપની ઓળી લગભગ ૭૦ કરી. તેમાં પણ એકાંતરે તો ઉપવાસ કે છટ્ઠ હોય અથવા અટ્ઠમ હોય તે ચાલુ જ.

પરિગ્રહ તરીકે જો ગણીએ તો ફક્ત ૧ પ્રકરણમાલાની ચોપડી, નાની પેન્સીલ, ૧ નાની નોટબુક. વીંટિયામાં વડીલોનો ઉતરેલ ૧ કપડો, ચોરપટો. શિયાળામાં એક જ કામળી, ઠંડી જો વધુ લાગે તો કામળી ઓઢીને બેસી જાય અને નવકારવાળી ગણ્યા કરે. પૂ. ગુરુદેવ એમને કોઇની સાથે ચાતુર્માસ મોકલે તો વડીલ તરીકે બધાંને સાચવી અને સહાયક થાય. ચારિત્રનું પાલન કરવા છતાં અભિમાન જરા પણ મળે નહિ.

વચ્ચે એક વખત એકદમ જીવલેણ બિમારી આવી ત્યારે અટ્ઠાઈ કરી લીધી અને નવકારમાં મન પરોવી દીધું. મંગલિક વધી ગયું. બચી ગયા, પણ હાય વોય નહિ.

છેલ્લે ૭૩ વર્ષની ઉંમરે ૨૧ વર્ષના દીક્ષાપર્યાયે લાસગામનું ચોમાસું પૂર્ણ કરીને પૂજ્ય ગુરુદેવની પાસે બધા મહાત્માઓ આવી રહ્યા હતા ત્યારે જાવાલમાં એકાએક તેમની તબિયત બગડી. અંત સુધી તેઓ ખૂબ જ સાવધાન રહ્યા અને અંતિમ દિવસે ઉપવાસનો તપ પણ ચૌવિહારો કરી, નવકારવાળી ગણતાં ગણતાં જ સાંજના પાંચે એમનો હંસલો ઊડી ગયો. બધા મહાત્માઓ જોઈ જ રહ્યા. નવકારની ધૂન શરુ કરી, પણ ત્યાં સુધીમાં તો એ મહાત્મા દિવ્યલોકની દિવ્યયાત્રા કરવા પહોંચી ચૂકયા હતા.

ધન્ય છે એ ભીષ્મ તપસ્વી મુનિરાજને!

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી મહારાજ.

પૂ. પાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજાના હૃદયમાં જેમનું સ્થાન એક વિશિષ્ટ મહાત્મા તરીકે સ્થાપિત હતું, તથા પોતાના ગુરુદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ જેમને 'મહાત્મા' કહીને સંબોધતા, ઉપાશ્રયમાં શાંત–પ્રશાંત બેઠેલા, સ્વાધ્યાયમાં મગ્ન અને નવકારવાળી ગણતાં, કોણ આવ્યું અને કોણ ગયું, તેનું જેમને લક્ષ્ય પણ ન્હોતું રહેતું, તેવા તપસ્વી મહાત્મા પ. પૂ. મુનિરાજ શ્રી મહાભદ્ર-વિજયજી હતા.

ધર્મનગરી ચાણસ્મામાં, લલ્લુભાઈને ત્યાં માતા મેનાબાઈની કુક્ષીએ વિ. સં. ૧૯૫૪ માં એમનો જન્મ થયો હતો. નામ પાડયું મોહન. નાનપણથી ધર્મના દૃઢ સંસ્કારો તથા પૂર્વ ભવની સુંદર આરાધનાના પ્રભાવે, ધર્મ પ્રત્યે આકર્ષણ થયું. ધંધાર્થે મહારાષ્ટ્રમાં રહેવાનું થયું. એ સમયે ગાંધીવાદનો જોરદાર પ્રચાર હતો. એ વાતા-વરણનો સંસર્ગ પામવાથી પોતે ગાંધીવાદી બની ગયા. ગાંધીજીને

મળવા જાય ત્યારે ફળ–ફૂલ ચઢાવે અને સાષ્ટાંગ પ્રણામ કરે. એવો અહોભાવ !

પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા જ્યારે લાલબાગ પધાર્યા, ત્યારે પૂજ્યશ્રીની વૈરાગ્ય વાણીથી મોહનભાઈ ભીંજાયા અને દીક્ષા લેવા માટે તત્પર બન્યા. ઘરની જવાબદારી અંગે વ્યવસ્થા કરી, મુહૂર્ત ઠઢાવ્યું. વિ. સં ૧૯૯૮ ના માગસર સુદ ૯ ના, ૪૫ વર્ષની વયે ચાણસ્મામાં સુંદર શાસનપ્રભાવનાપૂર્વક આચાર્યદેવ શ્રીમદ્ મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં, પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ના શિષ્ય તરીકે દીક્ષિત થઇ મુનિશ્રી મહાભદ્રવિજયજી બન્યા.

દીક્ષાની શરૂઆતથી જ એકાસણાનો તપ ચાલુ કર્યો. દોઢ વર્ષ સુધી તપનું પ્રમાણ રહ્યું. કર્મોને જલ્દી ખપાવવાની તાલાવેલી જાગી અને છટ્ઠને પારણે (એકાસણું કરીને) છટ્ઠ ચાલુ કર્યા. છ માસ આ પ્રમાણે ગયા. પછી લાંબુ નહિ ટકી શકે એમ લાગવાથી ઉપવાસને પારણે ઉપવાસ રાખ્યો, તે જીવનના અંતિમ દિવસ સુધી ચાલુ રહ્યો. વચ્ચે આયંબિલ કરે તો પણ બીજા દિવસે ઉપવાસ. અટ્ઠાઇનું પારણું હોય તો પણ એકાસણું કરે. એકવાર બિમાર પડ્યા. વૈદ્યરાજે ઉકાળો આપ્યો તો તે પણ એકાંતરે લેતા. એકાસણા વખતે ઉકાળો લેતા પણ એકાસણું છોડ્યું નહિ. આરાધક ભાવ ગજબ કોટિનો હતો.

જ્યારે તેઓ વિદ્યાર્થી અવસ્થામાં હતા, ત્યારે પાટણ બોર્ડિંગમાં રહેતા અને પૂ. પંન્યાસજી મ. (સંસારીપણામાં) સાથે ભણેલા અને પરિચય થયેલો. આથી તેમણે ગુરુમહારાજની આજ્ઞા લઈ સં. ૨૦૦૩થી આરાધનાની દૃષ્ટિએ પૂ. પંન્યાસજી મ. સાથે રહેવાનું પસંદ કર્યું. 'ગુરુવત્ સમર્પણ-ભાવ' હોવાથી સમુદાય સાથે એકમેક થઈ ગયા.

તપ પ્રત્યે પ્રેમ ગજબનો આત્મસાત્ કરેલ. છટ્ઠ હોય કે અટ્ઠમ મુખ ઉપર જણાય જ નહિ. ત્યાગમાં મોખરે, ફળ–મેવાનો

સદંતર ત્યાગ–મીઠાઇ આદિ પણ અમુક જ, બાકીનો ત્યાગ. પરમાત્મ ભક્તિમાં સતત ત્રણ–ત્રણ કલાક સુધી તેઓ સળંગ પરમાત્મા પાસે બેઠા હોય. સ્તવન બોલે, સ્તુતિ બોલે અને આનંદ પામે.

તેઓ મહાત્માઓ પ્રત્યે ખૂબજ વાત્સલ્યભાવ રાખતા. નવકારશી કરવાવાળા મહાત્માઓ પ્રત્યે બહુમાન ધરાવતા. નાના–મોટા કોઇપણ મહાત્માની સેવા કરવામાં જરા પણ નાનપ નહિ. પોતે સેવા કરે તેની ખબર પણ ન પડવા દે. છેલ્લે સુધી ક્રિયામાં અપ્રમત્તતા. પ્રતિક્રમણ, પડિલેહણ, ખમાસમણાં આદિ વિધિપૂર્વક કરતા. દ્રવ્યાનુયોગનું ઊંડું જ્ઞાન ધરાવતા. બધા પદાર્થો મોંઢે. લોક પ્રકાશ જેવા મહાન ગ્રંથને એમણે જીભમાં રમતાં રાખેલો. મહાત્માઓને ૫–૬ કલાક વાંચન કરાવે, છતાં કંટાળાનું નામ નહિ.

નવપદજીની આરાધના દર વર્ષે બંને વખત કરતા, તેમાં પણ એકાંતરે ઉપવાસ અને આયંબિલ.

પૂ. પંન્યાસજી મહારાજે મુનિશ્રી જયંતભદ્રવિજયજી તથા મુનિશ્રી જયમંગલવિજયજી મ. ને એમના શિષ્યો બનાવ્યા, ત્યારે એકાએક તેઓ ચોંકી ઊઠ્યા. એમના ઉદ્‌ગારો હતા, "અરે સાહેબજી! મારામાં યોગ્યતા નથી..." આટલું બોલ્યા પણ પૂ. પંન્યાસજી ભગવંતે તો જાહેર કરી દીધેલું. તેથી ગુરુવચન આગળ શાંત રહ્યા. અને નવા નાના મહાત્માઓને સંયમમાં તૈયાર કરવામાં પરિશ્રમ કરવા લાગ્યા. આમાં સફળ થયા, તેનું એક દૃષ્ટાન્ત છે. 'પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. સા.' જેઓ સળંગ ૧૦ વર્ષ સુધી એમની સાથે રહ્યા અને એવી રીતે તૈયાર થયા કે આજે તેઓ અનેકને સહાયભૂત થઇ રહ્યા છે.

વિ. સં. ૨૦૧૧ માં જામરો થયો. તેથી તેમની એક આંખ ચાલી ગઇ. બીજી આંખમાં પણ ખૂબ જ ઝાંખપ આવી તો પણ એમણે 'પંચસૂત્ર' સ્લેટ પર મોટા અક્ષરે લખાવીને યાદ કરેલું.

નવકારનો જાપ ખૂબ કરતા. રાતના અઢી વાગે ઊભા ઊભા કાયોત્સર્ગ ધ્યાનમાં રહેતા. એમનું જીવન અનેક મહાત્માઓ તથા સંઘોને ખૂબ જ પ્રેરક બનતું.

સમય જતાં બંને આંખે દેખાતું બંધ થયું. આવી અવસ્થામાં પણ પોતાનું કાર્ય બીજા પાસે કરાવવાની વૃત્તિ નહિ.

લુણાવામાં બે વર્ષનો સ્થિરવાસ થયો. એ દરમ્યાન સં. ૨૦૦૮ ના કારતક વદ ૧૩ ની સાંજે નવકારના ધ્યાનમાં ખૂબ જ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

જીવનના અંત સુધી તપ–ત્યાગ–વૈરાગ્ય આદિ વૃદ્ધિ પામતા પરિણામને તેઓશ્રીએ સાચવી રાખ્યાં. ધન્ય છે એ મહાત્માવરને!

નિઃસ્પૃહમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ.

ગુરુકૃપાથી શું ન બને?

ગુરુકૃપા વ્યક્તિને વિરાટ વ્યક્તિત્વ અપાવે. તેનું જીવતુંજાગતું દૃષ્ટાંત એટલે પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ.

ચુસ્ત ગાંધીવાદી. ધર્મમાં જોડાયાં તો પૂ. આ. શ્રી. વલ્લભસૂરિજીના ચુસ્ત ભગત બન્યા. ત્યારબાદ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકચંદ્રસૂરીશ્વરજી મ. ના પરિચયમાં આવ્યા, જ્યાં તેમને વિકાસ દિશાનું વાતાવરણ મળ્યું અને આરાધકો સાથે સુમેળ સધાયો.

કુટુંબીઓએ સંસારના બંધનોમાં બાંધી દીધા અને દુનિયાદારીમાં પડ્યા, તેમાં નિર્લેપ રહ્યા. ધર્મપત્ની પણ ધર્મમાં સંપૂર્ણ સાથ આપે તેવાં મળ્યાં. થોડાં વર્ષોમાં જ સંસારના બંધનોની પીડાથી છૂટવા છટપટાવા લાગ્યા. પણ કુટુંબીજનો તો કોઈ રીતે

નીકળવા દે તેમ ન હતાં. ભાઈઓ મક્કમ હતા. પોતે સંસારથી વિરક્ત હતા. ધર્મપત્ની તથા નાના બહેનને પણ વિરક્ત બનાવ્યાં. કોઈ રીતે દીક્ષા માટે અનુમતિ મળતી ન હતી. હવે કરવું શું? નણંદ-ભોજાઈ તો પૂ. સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી મ. નાં પરિચયથી વૈરાગ્ય રંગે રંગાઈ ચૂકયાં હતાં.

છેવટે જયારે લાગ્યું કે હવે કોઇ રીતે રજા મળી શકે તેમ નથી, ત્યારે તેઓ તેમનાં ધર્મપત્ની અને તેમનાં બેન એ ત્રણેય સાવરકુંડલા આવ્યાં. ત્યાં પોતાનાથી શકય તેટલું અનુષ્ઠાન કરાવીને દીક્ષા અપાવી. પોતે એકલા પડી ગયા, શું કરવું? તે વિચારવા લાગ્યા. જો કે પૂ. પંન્યાસજી મહારાજના પરિચયમાં ખૂબ આવેલા, પોતાના સંયમ લેવાના વિચાર બાબત વાત પણ થયેલી, એટલે બીજો કોઈ પણ વિચાર કર્યા વિના, સીધા ઉપડચા પૂ. પંન્યાસજી ભગવંત પાસે, મહારાષ્ટ્રના વણી ગામે. ત્યાં યોગાનુયોગ એ જ સમયે હાલાર નિવાસી શ્રી કેશુભાઇની દીક્ષાનો કાર્યક્રમ ચાલતો હતો. પ્રેમચંદભાઇને આવેલા જોઇ પૂ. પંન્યાસજી મહારાજે કહ્યું, 'હવે શું વાર છે?' તેજીને ટકોરાની જરૂર ન હોય. આ સાંભળી પ્રેમચંદભાઇ જાગી ગયા અને સંયમ લેવા તૈયાર થઈ ગયા.

વિ. સં. ૧૯૯૮ ના વૈશાખ સુદ ૫ ના દિવસે શુભ મુહૂર્તે તેઓ દીક્ષિત થયા. નામ પડયું 'પ્રદ્યોતનવિજયજી મ.' અને પૂ. પંન્યાસજી મહારાજના અનન્ય ભક્ત તથા પરમ તપસ્વી શિષ્યરત્ન એવા પ. પૂ. શ્રી ચરણવિજયજી મહારાજના ચરણસેવક બન્યા. તેમની સાથે તપ, જપ, વિનય, વૈયાવચ્ચ આદિમાં જોડાઈ ગયા.

દીક્ષાના બીજા દિવસે જયારે વડીલ સાધુ ભગવંતોએ એમને પૂછયું "નવા મહારાજ, શું વાપરશો? ત્યારે આ મહાત્મા બોલ્યા, 'જે ગુરુમહારાજ આપે તે જ લેવાનું. હવે તો બીજો કોઈ વિકલ્પ હોય જ નહિ ને?" આવી એમની સરળતા હતી.

વર્ધમાન તપની ૧૦૦ ઓળી એમણે પૂરી કરી છે. નિઃસ્પૃહતા, પ્રેમ, વાત્સલ્યભાવ આદિ ગુણોથી સ્વભાવ શોભે છે. બધા મહાત્માઓને અનુકૂળ રહે છે.

પૂ. પંન્યાસજી મહારાજની તબિયત નરમ પડી ત્યારે આ મહાત્મા ઉપર એમણે જવાબદારી સોંપી "મારા પછી આપણા ગ્રુપના સાધુઓને તમારે સાચવવાના છે."

પોતે વિચાર કરે છે, "મારામાં કોઈ શક્તિ નથી, તેમજ નથી કોઈ એવો વિશેષ જ્ઞાનનો ક્ષયોપશમ. તો આ જવાબદારી કેમ પૂરી થઈ શકશે?" પણ પરમ ઉપકારી ગુરુ ભગવંતની ભાવના પૂર્ણ કરવા તરત 'તહત્તિ' બોલી ગયા. અને પૂજ્યશ્રી પ્રસન્ન થઈ ગયા. એજ કૃપાના બળે આજે તપ-જપ – મહાત્માઓના સમૂહ (ગ્રુપ)ને એવા પ્રેમપૂર્વક સાચવી રહ્યા છે કે બધા જ મહાત્માઓ ખૂબ જ પ્રસન્નતાપૂર્વક પોતે પોતાની આરાધનામાં મગ્ન છે.

પૂજ્ય પંન્યાસજી ભગવંતની અંતરેચ્છા એ હતી કે, "મારા નિશ્રિત મહાત્માઓની આરાધના જીવનના અંત સમય સુધી સમાધિમય રહે એ માટે શકય એવા બધા જ પ્રયત્ન કરજો."

આ ભાવનાને પૂર્ણ કરીને આ પૂજ્ય પુરુષ અનેરું પુણ્ય ઉપાર્જન કરી રહ્યા છે...

એવા પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજને કોડો વંદના.

પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજા.

પૂ પંન્યાસજી મહારાજના કૃપાપાત્ર, ૨૨ વર્ષની યુવાન વયે, હસતા મુખે ગુરુશરણ સ્વીકારી સ્વ-પર કલ્યાણ કરનાર મહાત્મા પૂજ્ય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ હતા.

હાલારની પવિત્ર ધરાના મોટામાંઢા ગામના વતનીઓને ખબર પણ ન્હોતી કે આપણું ગામ આટલું પુણ્યશાળી હશે! આ ગામ સંતભૂમિ બન્યું.

વિ. સં. ૧૯૦૫ના ફાગણ વદ ૧૧ના દિવસે માકાબેનની કુક્ષીએ પૂંજાભાઈના ઘરે પાંચમા પુત્રરત્નનો જન્મ થયો. પૂર્વની પુણ્યાઈ અને વિશિષ્ટ ક્ષયોપશમથી તેજસ્વી એવા આ બાળકનું નામ 'કેશવજી' રાખવામાં આવ્યું.

કેશવજીને ૨૧ વર્ષની ઉંમરે પોતાના વડીલબંધુ માણેકભાઈ (પૂ. મુનિશ્રી મહાસેનવિજયજી મ.)ની પ્રેરણાથી ઉપકારી ગુરુદેવ પૂજ્ય પંન્યાસજી મહારાજના દર્શન કરવાના મનોરથ થયા. અને પ્રથમ દર્શને જ ચમત્કાર સર્જાયો. કેશવજી પૂ. પંન્યાસજી મહારાજના બની ગયા.

૪૦૦ વરસના ઈતિહાસમાં હાલારમાં પ્રાયઃ તપાગચ્છમાં કોઈ પણ વ્યક્તિએ દીક્ષા લીધી ન હતી, ત્યારે આ નવ લોહિયા યુવાને ઝંપલાવ્યું. હાલારમાં વસતી જૈન કોમ ફક્ત નામથી જ 'જૈન' હતી. તેમને ધર્મનું વિશેષ કાંઈ શિક્ષણ ન હતું. તેથી આ સાંભળતાં તેમને આંચકો લાગ્યો, 'કે આ શું?'

પણ સાચે જ નવો વિક્રમ સ્થપાયો. પૂ. પંન્યાસજી મહારાજે હાલારના હીરલાને સં ૧૯૯૭ના વૈશાખ સુદ ૫ના દિવસે દીક્ષા આપી. દીક્ષા માટે પણ છ-છ વિગઈઓનો સર્વથા ત્યાગ કરી સફળ મનોરથવાળા મુનિશ્રી કુંદકુંદવિજયજી બન્યા.

અભ્યાસ માટે પૂજ્ય ગુરુ મહારાજની પ્રેરણા તથા સાથેના વડીલ મહાત્માઓનો સહકાર મળતાં, ખૂબ જ આગળ વધવા લાગ્યા. વ્યાકરણ ગ્રંથ આદિ અનેક વિષયોનો અભ્યાસ ટૂંક સમયમાં જ સમાપ્ત કર્યો. પ્રથમનાં પાંચ વર્ષોમાં, ફક્ત બે દ્રવ્યોથી જ એકાસણાં કર્યાં. ઉપકારી ગુરુ મહારાજના કૃપાપાત્ર પૂજ્યશ્રીએ તેમના વડીલ-બંધુ તથા ભત્રીજા સાથે સાત શિષ્યોને દીક્ષિત કર્યા. ૬૦ ઉપરાંત

પુસ્તકોનું સંપાદન કર્યું. પૂજ્યોની કૃપાથી પંન્યાસ પદ તથા આચાર્ય પદ પર પણ આરૂઢ થયા.

દેશ-વિદેશમાં વસતી હાલારી પ્રજાને ધર્મ માર્ગે જોડવામાં એમનો અમૂલ્ય ફાળો હતો, જે ત્યાંની પ્રજા ભૂલી શકે તેમ નથી.

છેલ્લે છેલ્લે હાલાર તરફ ઉપધાન માટે પધાર્યા ત્યારે, સૂર્ય મધ્યાહ્ને તપતો હોય તેમ પુણ્ય પ્રકોપ ચાલ્યો. હાલારના બાવન ગામોમાં તો જાણે હાલારનો હીરલો પોતાના દેશમાં પાછો આવતો હતો, તે કારણે ઉલ્લાસ માતો ન્હોતો. મહોત્સવ મંડાયો. છેવટે ઉપધાન સ્થળ ખંભાળિયા ગામે પહોંચ્યા. બાર દિવસ થયા ને તબિયત એકાએક બગડી, પણ સમાધિ ગજબ. સવારે સાડા નવ વાગે બધા ભક્તો તથા શિષ્યો હાજર હતા, ત્યારે તેઓશ્રીએ ફરમાવ્યું, "કષ્ટ વેઠીને પણ હાલારની પ્રજાને ધર્મ પમાડજો."

તેઓશ્રીના સંસારીભાઈ પૂ. મહાસેનવિજયજી મહારાજે તેમને પૂછ્યું, 'તમને કેમ છે?'

જવાબમાં તેઓશ્રીએ જણાવ્યું,

"પ્રેમસૂરીશ્વરજી મહારાજે પ્રેમ આપ્યો છે,

પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે વૈરાગ્યવાસિત કર્યો છે,

પૂ. ગુરુ મહારાજે ભાવોથી ભરી દીધા છે,

તમે બધાંએ શુભ ભાવનાઓ આપી છે, – હવે મને શી ચિંતા?" અને...

ફાગણ સુદ ૪ ના દિવસે દશ કલાક અને ત્રણ મિનિટે, પોતાની મેળે જ પદ્માસન મુદ્રામાં બેસી ગયા. પરમાત્મા પ્રભુ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ધ્યાનમાં તથા ઉપકારી ગુરુદેવ પૂ. પંન્યાસજી મહારાજના ધ્યાનમાં મગ્ન બની સદાને માટે વિદાય થઈ ગયા.

ધન્ય છે એ મહાત્માને!

તપોમૂર્તિ પૂજ્ય મુનિરાજશ્રી વિભાકરવિજયજી મહારાજ:

સંગનો રંગ અનેરો હોય છે. મહાતપસ્વી તથા અનુભવી એવા પૂ. મુનિરાજશ્રી મહાભદ્રવિજયજી મ.ના સંયમ સંગે, આ જોડી ઘણાં વર્ષો સુધી અખંડ રહી. પૂ. ઉપા.શ્રી ચારિત્રવિજયજી ગણિવર્યના શિષ્ય આ મુનિવરનું નામ હતું પૂ. મુનિરાજશ્રી વિભાકરવિજયજી મ. ભૂજપુર (કચ્છ)ના લીલાધરભાઈને ત્યાં જેઉબાઈની કુક્ષીએ વિ. સં. ૧૯૭૧માં એમનો જન્મ થયો હતો. ૨૮ વર્ષની યુવાન વયે, તેઓશ્રી પાલીતાણા મુકામે દીક્ષિત થયા.

દીક્ષા લીધી અને લાગી ગયા કર્મો સાથે મુકાબલો કરવા. સુંદર આરાધનામાં જોડાયા. પૂ. મુનિરાજશ્રી મહાભદ્રવિજયજી મ. સાથે જ પૂ. પંન્યાસજી મ.ની નિશ્રામાં આરાધના કરવા આવી ગયા. બંનેની જોડી એવી કે ચાતુર્માસ સાથે જ. આરાધના સિવાય કોઈની સાથે કાંઈ પણ માથાકૂટ જ નહિ, તેથી જ્યાં જતા, ત્યાં સારી છાપ પાડતા. પ્રકૃતિ અત્યંત શાંત હતી.'

કર્મોના અશુભ ઉદયે એમને ટી.બી.નો જીવલેણ રોગ લાગુ પડયો. અંતરની ઇચ્છા હંમેશાં એ હતી કે અનશન કરીને, સમાધિ સાધું. ગુરુ આજ્ઞાપૂર્વક રોજ–એક–એક ઉપવાસનાં પચ્ચક્ખાણ લઈ અનશનનો પ્રારંભ કર્યો.

સં. ૨૦૧૪માં વાવ (બનાસકાંઠા) મુકામે ૨૮ મા ઉપવાસે ખૂબ જ સમતા–સમાધિપૂર્વક ધર્મરંગ રેલાવતા આ મહાત્મા સદાયને માટે આ સંસારમાંથી ચાલ્યા ગયા. એમની આવી ઉત્કૃષ્ટ આરાધનામાં જાણે વાવની અઢારે કોમ જોડાઈ. આંખોમાં આંસુ સારતી, અંતરમાં વલોપાત કરતી.

"ખરેખર આપણા આંગણેથી એક વિરલ આત્મા ચાલ્યો ગયો. એમને આપણે ઓળખી પણ ન શકયા!"

ધન્ય છે એ શાંતિના સંતાન સમા શાંત-પ્રશાંત આત્મા વિભાકરવિજયજી મહારાજને...!

પરમ પૂજ્ય સહનશીલ સ્વ. મુનિરાજ શ્રી કનકપ્રભવિજયજી મહારાજ.

કોઈ પૂછે, 'સાહેબ શાતામાં? કેમ છો?' તરત જ જવાબ મળે, 'અવધૂ સદા મગનમેં રહેતા.' ખરેખર અંતરમાં મગ્ન રહેતા આ મહાત્મા વેરાવળના વતની હતા. મુંબઈ આયંબિલ ખાતામાં દેખરેખ રાખતા મુનીમજી કલ્યાણજીભાઈ, પૂ. પંન્યાસજી મહારાજના સંસારીપણાના પૂર્વ પરિચિત હતા. વિ.સં. ૧૯૯૯માં ૫૭ વર્ષની વયે એમના શિષ્ય, મુનિરાજશ્રી કનકપ્રભવિજયજી બન્યા.

જે કોઈ પૂ. પંન્યાસજી મહારાજના શિષ્ય હોય, તેને તપસ્વી બનતાં વાર ન લાગે. પૂજ્યશ્રીનું શિષ્યપણું મળતાં, આ મહાત્માને જાણે લબ્ધિ મળી. અઠ્ઠમને પારણે અઠ્ઠમની તપસ્યાનો પ્રારંભ કર્યો અને ઘણાં વર્ષો સુધી અવિરતપણે એ પ્રમાણે ચાલ્યું.

આવી તપસ્યામાં પણ તેમની ગુરુભક્તિ અજોડ હતી. જ્યારે પૂ. પંન્યાસજી મહારાજ વિશિષ્ટ આરાધનાર્થે પાટણથી ૩ કિલોમીટર દૂર આવેલા ખોરસદ ગામે હતા, ત્યારે તેમની સેવામાં આ મુનિ ભગવંત હતા. તેઓ દરરોજ પૂજ્યશ્રી માટે પાટણથી ગોચરી લાવતા. પોતાના પારણાને દિવસે પણ એજ રીતે પાટણ જતા, તેમાં પોતે આનંદ માનતા અને કહેતા, "અહો! આવો લાભ મને ક્યાંથી?"

જે કોઈ મહાત્મા પાસે કોઈપણ વસ્તુ નવી કે જૂની વધારાની હોય તે પોતે લઇ લેતા અને તેમાંથી બીજા કોઈ પણ મહાત્માને જોઇએ તો તે જૂની સામગ્રીને વ્યવસ્થિત કરીને આપતા, જેથી મહાત્માઓ રાજી થઈને તેનો ઉપયોગ કરતા.

ટૂંકા દીક્ષા પર્યાયમાં આરાધના કરીને એમણે શરીરને કસી લીધું. સં. ૨૦૦૪ના જામનગર મુકામે પૂ. મુનિશ્રી મહાભદ્રવિજયજી

મહારાજ સાથે હતા, એ અરસામાં એમને આખા શરીરે રસી વ્યાપી ગઈ અને ભયંકર પીડા થવા લાગી. છતાં પણ એ અવધૂ સદા મગનમેં રહેતા અને નવકાર ગણુતા. ડૉકટરોએ શરીરમાંથી રસી કાઢવા માટે પ્રયત્નો કર્યા તે માટે શરીરમાં ઠેક-ઠેકાણે સોયો પરોવીને રસી ખેંચવી પડતી. આવી અપાર વેદનામાં પણ નવકાર હૈયે રમી રહેતો.

છેલ્લે સંગ્રહણીનો રોગ થયો, છતાં મુખ પર જરા પણ વિષાદ નહિ. મન પર પૂરેપૂરી પ્રસન્નતા હતી. શરીર જ્યારે દર્દ ખમી ન શકયું ત્યારે એક એવો દિવસ આવીને ઊભો રહ્યો કે આ તપસ્વી મહાત્મા માટે દીક્ષા પર્યાયનો છેલ્લો દિવસ બની ગયો. 'નમો અરિહંતાણું' બોલતાં બોલતાં આ મહાત્મા દિવ્ય પર્યાયને પામવા, વિદાય થઈ ગયા.

ધન્ય છે તપસ્વી મુનિરાજશ્રી કનકપ્રભવિજયજી મહારાજને!

તપસ્વીરત્ન પૂ. મુનિરાજશ્રી ચંદ્રયશવિજયજી મહારાજ.

પ્રાયઃ સર્વપ્રથમ સળંગ ૧૦૦૮ આયંબિલ કરનાર મહાત્માઓનું નામ આવે તો, તેમાં સૌ પ્રથમ પ. પૂ. મુનિરાજશ્રી ચંદ્રયશવિજયજી મહારાજનું નામ આવે છે.

વિ. સં. ૧૯૮૦ માં શ્રાવણ સુદ ૫ ના માતા ભીખીબાઈની કુક્ષીએ, પિતા પ્રતાપજીના કુળમાં વિસલપુર મુકામે તેમનો જન્મ થયો.

પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજીના તે વખતના મતભેદોના માહિતગાર એવા સુધારક વિચારના આ યુવાને સત્ય હકીકતને સમજી દિશા બદલાવી અને પ. પૂ. ગુરુદેવશ્રી પંન્યાસજી મહારાજના સાન્નિધ્યમાં આવીને યુવાન વયમાં બ્રહ્મચર્યના વ્રતનો સ્વીકાર કર્યો. ૨૦ વર્ષની વયે, સં. ૨૦૦૦ ના જેઠ સુદ ૪ ના અમલનેર નજીક

આવેલ શીરશાલા ગામમાં ભવ્ય મહોત્સવપૂર્વક દીક્ષા લીધી. નામ પડ્યું મુનિરાજશ્રી ચંદ્રયશવિજયજી મહારાજ.

તેઓશ્રી સ્વાધ્યાય સાથે તપમાં આગળ વધ્યા. આજ સુધીનો આ મહાત્માના તપનો સરવાળો કરીએ તો ખરેખર મસ્તક નમી જાય.

૧૦૦ ઓળી વર્ધમાન તપની. ૧૦૦૮ સળંગ આયંબિલ. ૫૦૦ આયંબિલ સળંગ. ૧૬ ઉપવાસ દશ વખત. ૩ માસક્ષમણ. નવકાર-મંત્રના ઉપવાસ બધાં પદોનાં. ૪૦ અઠ્ઠાઇઓ. ૧૭ ઉપવાસ-૧૨ ઉપવાસ. ૫ વખત દશ ઉપવાસ. ૫ વર્ષીતપ. ૧ છઠ્ઠને પારણે છઠ્ઠથી વર્ષીતપ. ૧૧ નવાણું યાત્રા.

છઠ્ઠ, અઠ્ઠમ વિગેરેનો કોઈ હિસાબ નહિ. પહેલાં મોટી તિથિમાં પ્રાયઃ કોઇને કોઈ તપ કરતા. ગુરુભક્તિની બાબતમાં વિહાર વખતે પૂ. પંન્યાસજી મહારાજની બધી ઉપધિ ઉપાડી લેતા. મહાત્માઓની ભક્તિ પણ ગોચરી-પાણી દ્વારા ખૂબ કરે. વળી જે જોઇએ તે આપવાની પણ તેટલી જ ઉદારતા. ઓછામાં ઓછા પાણીથી કાપ કાઢવાની તેમની પદ્ધતિ. દર્શનશુદ્ધિ માટે પણ જાગ્રત. જેમ બને તેમ વધુ દહેરાસરોમાં જાય, દેવવંદન પણ કરે. કંઠે એવો સૂરીલો કે સ્તવન સજ્ઝાય બોલે ત્યારે લોકો મંત્રમુગ્ધ બનીને સાંભળ્યા કરે.

છ-છ કલાક સુધી એકધારો સ્વાધ્યાય કરે. હમણાં શારીરિક તકલીફ હોવા છતાં, રમણુતા રાખે છે અને તપ કરવાની ઈચ્છા રાખે જ છે. આયંબિલની વસ્તુ વાપરતા કહે, "હું પાછો આયંબિલ કયારે કરીશ?" હમણાં તો સ્વભાવથી પણ એકદમ નરમ છે તો પણ નાનાઓની લાગણીપૂર્વક ખબર રાખે છે.

આ પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રી વર્તમાનમાં પૂ. પંન્યાસજી મહારાજના સર્વ શિષ્યોમાં પર્યાયથી મોટા છે. એમને શાંતિ-સમાધિ સમતામાં સુંદર આરાધના કરી રહેલા જોઇને, ઘણાંને એમ જ થાય કે ખરેખર, પૂ. ચંદ્રયશવિજયજી મહારાજ આત્મરમણુતામાં કેટલા લીન છે!

ધન્ય છે મુનિરાજશ્રી ચંદ્રયશવિજયજી મહારાજને!

મૌની મુનિશ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજ.

પ. પૂ. પંન્યાસજી મહારાજના ચરણમાં વિ. સં. ૨૦૦૧ ના માગસર સુદ ૧૦ ના મુંબઈમાં ૫૪ વર્ષની પીઢ ઉંમરે પોતાનું જીવન સમર્પિત કરીને ભાઈ, છોટાલાલમાંથી બન્યા મુનિશ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજ.

તેઓ ગર્ભશ્રીમંત હતા. ચોકસાઈ, પ્રામાણિકતા આદિ ગુણો તરી આવતા. મોટા વેપારી હોવાના કારણે સુપ્રસિદ્ધ હોવાથી, એમની દીક્ષાની વિગત તે સમયે (Times of India) પેપરના મુખપૃષ્ઠ પર આવેલી. સ્વાધ્યાય–તપ–આરાધનામાં જાણે પાછળ રહ્યા હોય એમ એકદમ દોટ મૂકવા ૧૮–૧૮ કલાકના મૌનમાં સ્વાધ્યાય કરવા માટે ઝંપલાવી દીધું.

ક્ષયોપશમ ઓછો છતાં મહેનત સતત ચાલુ અને પ્રમાદ જરા પણ નહિ. સમય બાબત ખૂબ જ વ્યવસ્થિત. જે સમયે જે કામ કરવાનું નક્કી કરેલું હોય તે વખતે એ રીતે જ તૈયાર હોય. સંસારી પણામાં પણ એટલા ચોક્કસ હતા કે રેલ્વેના સમય મુજબ પોતે પ્લેટફોર્મ પર પહોંચે.

સેવાભાવ એમનો પ્રશંસનીય હતો. પૂ. મુનિરાજ શ્રી કનકપ્રભવિજયજી મહારાજને સંગ્રહણીનો રોગ થયેલો, તે સમયે એમની સેવામાં તેઓશ્રી રોકાયેલા અને જરા પણ જુગુપ્સા વિના સેવા કરેલી અને તે પણ પોતાનો એકાસણાનો તપ ચાલુ રાખીને.

એકવાર પૂ. પંન્યાસજી મહારાજે એમને જામનગર ચાતુર્માસ કરવા માટે પૂ. મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મહારાજ સાથે મોકલ્યા. બન્યું એવું કે ચાર ચાર મહિના બંને મહાત્માઓ જોડે રહેવા છતાં એકબીજા સાથે વાતચીતનો પ્રસંગ જ ન બન્યો. કારણ સવારના ચારથી રાતના દશ સુધી તેમને મૌન હોય. જ્યારે પૂ. મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મહારાજ તો રાત્રે દશ વાગે સંથારે અને સવારે ચાર વાગે ઊઠે.

જાપ મનમાં ખૂબ કરતા. આત્માઓ સાથે એકમેક થવાય તે રીતે વાત્સલ્ય પણ ભારોભાર. વાત પણ પ્રેમથી કરે, જાણે અમૃતનો ધોધ છૂટ્યો.

છેલ્લે પૂ. પંન્યાસજી મહારાજે લુણાવામાં તેમની સાથે મહાત્માઓને રાખી સ્થિરના કરાવેલી. ફક્ત જાપમાં રહેતા આ મહાત્મા સં. ૨૦૩૧માં અપૂર્વ આરાધનામાં મગ્ન બની સમાધિપૂર્વક કાળધર્મ પામી આત્મકલ્યાણ સાધી ગયા.

સ્વાધ્યાય-મગ્ન પૂજ્ય મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ.

અમદાવાદ (રાજનગર) ના જાણીતા કડિયા કુટુંબમાં વિ. સં. ૧૯૬૫ના દ્વિતીય શ્રાવણ વદ ૩ ના કેશવલાલભાઈને ત્યાં માતા સમરતબેનની કુક્ષીએ બાળકનો જન્મ થયો, નામ પાડ્યું કાંતિલાલ. ધર્મનગરીમાં જન્મેલા તેથી સંસ્કારો તો ધર્મના ખરા જ પણ જમાનાવાદની હવા સ્પર્શી હતી. એ વખતનો ઈન્ટર સુધીનો અભ્યાસ. જૈન સંઘના અગ્રગણ્ય ચિમનલાલ કડિયાના નાના ભાઈ. બુદ્ધિમાં બંને અજોડ. રાજકારણમાં પણ સારો રસ લેતા. તેમણે ગૃહ સંસાર માંડ્યો, પત્ની સાચાં ધર્મપત્ની મળ્યાં. લગ્ન કર્યા બાદ લગભગ ૧૧ વર્ષે બે બાળકો થયાં એક આઠ વર્ષનો અને બીજો દશ વર્ષનો. તે બેઉને, પોતાના લઘુબંધુને સોંપી, માયા મમતા છોડી, પતિ-પત્નીએ સં. ૨૦૦૧ ના માગશીર્ષ સુદ ૧૪ ના અમદાવાદમાં જ ખૂબ જ ઉલ્લાસ તેમજ શાસનપ્રભાવનાપૂર્વક દીક્ષા લીધી.

પૂ. પંન્યાસજી મહારાજના તેઓ શિષ્ય બન્યા, 'મુનિશ્રી કલ્યાણપ્રભ વિજયજી મહારાજ.' તેમનાં ધર્મપત્નીએ પ. પૂ. બાપજી મહારાજના સમુદાયમાં દીક્ષા લીધી, તેમનું નામ પડ્યું 'સાધ્વીજી શ્રી હિરણ્યલતાશ્રીજી મહારાજ.'

મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજીને સંયમનો રંગ ગાઢ થતો ગયો. તત્ત્વજિજ્ઞાસા તો હતી. સ્વાધ્યાયમાં એકાગ્ર બન્યા પછી કોમળ-કાયાને કસી, ૧૦૦ ઓળી સુધી પહોંચ્યા. તત્ત્વજિજ્ઞાસાના કારણે પૂ. ગુરુદેવશ્રી પંન્યાસજી મહારાજ સાહેબ પાસે કલાકો સુધી બેસી તત્ત્વચર્ચા કરતા, તેથી પૂજ્યશ્રીને અનુપમ આનંદ થતો. અંગ્રેજી ભાષા પર કાબૂ સારો, તેથી પૂ. ગુરુદેવને અંગ્રેજી વાંચનમાં સહાય-ભૂત થતા.

તેઓશ્રી રોજનીશી લખતા. સવારથી સાંજ સુધીમાં જે કાંઈ બન્યું હોય તે વિગતથી લખવા જેવું વિગતવાર અને ટૂંકમાં લખવા જેવું ટૂંકમાં લખી લેતા. તેથી એમની દીક્ષા પછીના સમયની બનેલી બધી ઘટનાઓ જાણવા મળે છે.

એમને શિષ્ય પણ પૂ. તપસ્વી મુનિરાજશ્રી જિનસેનવિજયજી મહારાજ જેવા મળ્યા હતા. પૂજ્યશ્રીને હાર્ટની તકલીફ છતાં શરીર પર મમત્વ નહિ, એટલે આયંબિલ આદિ તપશ્ચર્યામાં પણ પ્રમાદ નહિ. આ રીતે ગુરુકૃપા પાત્ર આ મહાત્માની ૧૦૦મી ઓળી ચાલુ હતી, લુણાવા મુકામે સં. ૨૦૩૦ ના પોષ વદ ૫ના જરા તબિયત બગડી અને પૂ. ગુરુદેવની નિશ્રામાં જ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં-કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

ધન્ય છે જ્ઞાન-તપ-સંયમના સમર્થ સાધક મહાત્મા પૂ. કલ્યાણપ્રભવિજયજી મહારાજને.

પરમાત્મ-ભક્તિ તત્પર સ્વ. મુનિરાજ શ્રી ધર્મરત્ન વિજયજી મહારાજ.

પૂ. પંન્યાસજી ભગવંત એ એક એવી ચૂંબકીય શક્તિ હતી, કે ભલભલા આરાધક ભાવિકોને ખેંચી લાવતી. ભાવનગરનિવાસી ધરમચંદભાઇને એ રીતે ૫૧ વર્ષની પ્રૌઢ વયે ખેંચી લાવ્યા. તેમના

પિતા નરસીદાસ અને માતા જડાવબેન હતાં. સં. ૨૦૦૩ ના મહા વદ ૬ ના પાલીતાણા મુકામે તેમની દીક્ષા થઈ. તે મુનિશ્રી ધર્મરત્નવિજયજી બન્યા.

તેઓ પરમ તારક પરમાત્માના દરબારમાં હોય ત્યારે, અપૂર્વ ભક્તિપૂર્વક સ્તવન ઝીલાવે અને અનેક ભાવિકોને મંત્રમુગ્ધ બનાવી દે. કલાક નીકળી જાય તો પણ કોઇને ખબર ન પડે. તપશ્ચર્યામાં લક્ષ સારું હતું. એકાસણાં કાયમ કરતા વર્ધમાન. તપની ૬૯ ઓળીઓ કરી હતી.

આરાધક ભાવ એવો કે જે કોઇ એમના પરિચયમાં આવે તેમને વર્ધમાન તપ તથા નવપદની આરાધનામાં જોડવાની સુંદર પ્રેરણા આપતા. એમની આરાધના પણ એવી અનુમોદનીય કે રાત્રે વહેલા ઊઠીને શકય આરાધનામાં લાગી જાય, જરા પણ પ્રમાદ નહિ.

એવા આ મહાત્મા ૮૪ વર્ષની પાકટ ઉંમરે સં. ૨૦૩૪ ની સાલમાં પાટણ મુકામે સમાધિપૂર્વક નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા કાળધર્મ પામ્યા.

ધન્ય છે એ મહાત્માને ! એમના ગુણોને !

તપસ્વી સ્વ. મુનિરાજ શ્રી હીરવિજયજી મહારાજ.

હાલારની ભદ્રિક પ્રજામાં જ્યારથી પૂ. પંન્યાસજી મહારાજે ધર્મબીજની વાવણી કરી અને હાલારના હીરલા એવા પૂ. કુંદકુંદ-વિજયજીને દીક્ષા આપી, ત્યારથી તેમનામાં દીક્ષાનો દરવાજો ખૂલ્યો.

નવાગામના વતની પિતા પૂંજાભાઈ અને માતા પાનીબેનના સુપુત્ર–રત્ન હંસરાજભાઈએ સૌ પ્રથમ પોતાની પુત્રીને દીક્ષા આપી, તે સાધ્વીજી પદ્મયશાશ્રી. પછી પોતે સં. ૨૦૦૫ માં વૈશાખ વદ–૬ના ૪૦ વર્ષની વયે ભાણવડ મુકામે દીક્ષા લીધી અને પૂ. ગુરુદેવ કુંદકુંદ વિજયજી મહારાજના શિષ્યરત્ન બન્યા, તે હીરવિજયજી મહારાજ.

આરાધનાના ઇચ્છુક, આરાધનાના ચાહક અને આરાધક એવા આ મુનિરાજ તો ગુરુ આજ્ઞાપૂર્વક મૌનપણે આરાધનામાં વેગ લાવ્યા અને વર્ધમાન તપની આયંબિલની ઓળીઓમાં આગળ વધવા લાગ્યા. સ્વાધ્યાય–જપ–વૈયાવચ્ચમાં મગ્ન આ મુનિભગવંતે આજ્ઞાપાલનમાં તત્પર રહી ૮૧ ઓળીઓ કરી.

સં. ૨૦૧૨માં વરતેજ મુકામે વડીલોની આજ્ઞાથી પૂ. મુનિરાજ શ્રી રૂચકવિજયજી મહારાજની સેવામાં ગયેલા અને ત્યાં તબિયત નરમ થતાં ખૂબજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પોતાના ગુણોની સુવાસ મૂકતા ગયા. ટૂંક સમયમાં સંયમ પાલન કરી, સુંદર આરાધના કરી ગયા.

ધન્ય મહાત્મા શ્રી હીરવિજયજી મહારાજને!

શાસન પ્રભાવક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયજિનપ્રભસૂરીશ્વરજી મહારાજ.

ઉપધાન તપની આરાધના કરાવવા માટે જેમનો રેકોર્ડ છે અને જેઓશ્રી અનેરી શાસનપ્રભાવના કરી રહ્યા છે, તે મહાત્મા એટલે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયજિનપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

ડીસા મુકામે માતા કેસરબાઈની કુક્ષીએ ચિમનભાઈને ત્યાં વિ.સં. ૧૯૮૫ના મહાવદ–૫ ના દિવસે આ પુત્રરત્નનો જન્મ થયો. નામ પડયું 'જેશીંગભાઈ.' પૂર્વભવની ધર્મકરણી, આ ભવમાં જલ્દી ઉદયમાં આવી. નાનપણથી જ પૌષધ, તપ, પૂજા, સામાયિક આદિમાં રુચિ; તેથી ઉપાશ્રયમાં પૂ. સાધુ ભગવંતો પાસે પહોંચી જાય.

૧૬ વર્ષની કિશોર વયે પૌષધ પાળતા પહેલાં, "મને દીક્ષા લેવાની રજા આપો તો જ પૌષધ પાળું" એમ કહેતા. આથી બધાંને એ દીક્ષા લેશે એવો ભય લાગતો. પણ તેની મક્કમતા સામે માતા-પિતા પીગળ્યા અને દીક્ષા આપવા તૈયાર થયા. પૂ. પંન્યાસજી મહારાજનો એમને સંયોગ સાંપડયો. સં. ૨૦૦૬ના વૈશાખ વદ–૬ના

ડીસા મુકામે એમની દીક્ષા થઈ, તેઓ પં.ન્યાસજી મહારાજના શિષ્ય બન્યા. સંયમનો રંગ દિન-પ્રતિદિન મજબૂત થતો ગયો. સ્વાધ્યાય-અભ્યાસમાં ઊંડાણ આવ્યું. સાથે એકાસણાનો તપ તો ખરો જ.

છેલ્લાં બે વર્ષનો સમય બાદ કરતાં ૩૫-૩૫ વર્ષો સુધી એક પણ દિવસના ભંગ વગર એકાસણાનો તપ ચાલુ રાખ્યો. વિલાયતી દવાનો ત્યાગ રાખ્યો એ અનુમોદનીય છે. ક્રિયા કરાવવામાં કયારેય પ્રમાદ નહિ. કયારેક-કયારેક તો ઉપધાનમાં એમને દશ-દશ વખત ક્રિયા કરાવવી પડે પણ કંટાળે નહિ. પ્રેમ એવો બતાવે કે નવા આરાધકો તરત જ જોડાઈ જાય.

વ્યાખ્યાન કળા એમની અસરકારક હતી. લોકોને આકર્ષણ રહેતું. નવા તથા જીવન ઉપયોગી પદાર્થોનું નિરૂપણ કરતા. ક્રિયાની વિધિઓ 'પ્રેકટીકલ' કરી બતાવતા, તેથી માર્ગદર્શન મળતું- અને મગજમાં ખ્યાલ આવી જતો. છ'રી પાળતા સંઘો પણ એમની નિશ્રામાં ઘણા નીકળ્યા છે. એમાં સૌથી મોટો સંઘ રાજસ્થાનથી સમ્મેતશિખરજીનો હતો.

એમના ઉપકારી પિતાશ્રી પણ દીક્ષિત થયેલા છે. એમનું નામ છે, પૂ. મુનિશ્રી વારિષેણવિજયજી મહારાજ સાહેબ, પૂ. પં.ન્યાસજી મહારાજના સાધુઓના મંડળમાં થયેલા ત્રણ આચાર્યોમાં આમનો નંબર ત્રીજો છે.

સામુદાયિક આયંબિલની ઓળીઓની આરાધના કરાવવામાં પણ એટલો જ રસ દાખવે છે. અનેક શિષ્યોના સમુદાયના વડીલ સમા આ મહાત્માનો મહત્ત્વનો ગુણ કહીએ તો તે છે 'સમતા.' ગમે તેવા પ્રસંગો બન્યા હશે, પણ કદી કોઈએ એમને ગુસ્સે થતાં જોયા નહિ હોય. એકવાર કટોકટીનો પ્રસંગ બની ગયો. એમના વ્યાખ્યાનના વિષયથી પ્રબળ અસર પામીને એક બહેને એજ વખતે ચોથા વ્રતની બાધા લઈ લીધી. પોતાના સ્વજનોને પૂછવા જેટલો પણ વિલંબ તે કરી શકી નહિ. જયારે તેના માતા-પિતાને આ

વાતની જાણ થઇ ત્યારે તેના પિતા–ભાઈ વગેરે ઉપાશ્રયે આવ્યા ને ધૂમાધૂમ કરી મૂકી. મહારાજ સાથે ઝઘડવા લાગ્યા. અને કહ્યું, "મહારાજ! અમે તમારા દાઢીના વાળ ખેંચી કાઢશું."

ત્યારે આ મહાત્માએ ધીરેથી, પ્રેમપૂર્વક જવાબ આપ્યો, "ભઇલા, મારે લોચ તો કરાવવાનો જ છે. હમણાં જ ખેંચી નાંખ એટલે એક કામ પતી જાય."

એટલામાં ત્યાં જૈન ભાઈ–બ્હેનો જમા થઇ ગયાં. એમના વ્યાખ્યાન સમયે હાજર ભાઇઓએ જણાવ્યું, "મહારાજે એમને બાધા લેવા માટે કહ્યું નહોતું. એ બ્હેને સ્વયં પોતાને નિયમ દેવા માટે માગણી કરેલી."

મામલો શાંત પડી ગયો. પેલા ઝગડવા આવેલા, સાહેબના પગમાં પડી ગયા. પણ આ મહાત્માની 'સમતા' તે સમતા જ રહી.

એક વખત પૂજ્યશ્રીએ પોતે જ કહેલું કે, મને ગુરુમહારાજે જણાવેલું કે, "જિનપ્રભવિજય! સાધુપણાનું સાચું સુખ સમતા છે." બસ એ વચનથી મેં સદાને માટે તે ગુણ આત્મસાત્ કરી લીધો. આવા વચન સિદ્ધ ગુરુના શિષ્ય તેઓ મહાન રત્ન– શાસન પ્રભાવક બન્યા.

ધન્ય છે એ મહાત્મા – આચાર્યદેવ
શ્રીમદ્ વિજયજિનપ્રભસૂરીશ્વરજી મહારાજ ને!

તા. ક. પૂજ્ય આચાર્યશ્રી ૨૦૪૫ના ચૈત્રસુદ-૫ ના સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે.

પરમ પૂજ્ય આજ્ઞાના ચાહક, વયોવૃદ્ધ મુનિરાજ શ્રી ખાંતિવિજયજી મહારાજ.

પ. પૂ. પંન્યાસજી ભગવંતની પ્રથમ કરુણામય દૃષ્ટિથી જેમણે પોતાનું જીવન પૂજ્યશ્રીના ચરણોમાં સોંપી દીધું, તે ગોધરાના વતની

ખેરાજભાઇનો જન્મ વિ. સં. ૧૯૬૨ના કારતક સુદ ૯ ના દિવસે વેલબાઇની કુક્ષીએ, ઉમરશીભાઇને ઘેર થયો હતો.

એ એમની પૂર્વની પુણ્યાઇ કે જન્મથી જ એમણે પોતાના આત્માને ધર્મના સંસ્કારો તરફ વાળી દીધો. પણ વડીલોના કહેવાથી એમને સંસારમાં રહેવું પડયું. તે દરમ્યાન તેમણે લાલવાડી આયંબિલ ખાતાની શરૂઆત કરાવી, તેમજ ગોધરા આદિ બે ત્રણ ઠેકાણે આયંબિલ ખાતાં ખોલાવેલાં અને લોકોને આયંબિલની આરાધનામાં જોડતા.

તેમને અનુકૂળ સંયોગ મળતાં સં. ૨૦૦૬ના વૈશાખ વદ-૬ ના દિવસે ૪૪ વર્ષની પ્રૌઢ વયે અસાર સંસારનો ત્યાગ કરી પાલીતાણા મુકામે પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજના હસ્તે દીક્ષિત થઇ પૂ. મુનિરાજશ્રી કુંદકુંદ વિજયજીના શિષ્ય બન્યા... 'મુનિશ્રી ખાંતિ-વિજયજી મહારાજ.'

દીક્ષા લીધી ત્યારથી અખંડ એકાસણાં કરતા. વર્ધમાન તપની ૮૧ ઓળીઓ તેમણે કરી. અઠ્ઠાઇ તો લગભગ દર વર્ષે નક્કી જ. નવપદજીની બંને ઓળીઓ છેલ્લે સુધી કરી. તિથિના દિવસે ઉપવાસ, બે વર્ષ સુધી લુખી નીવી આદિ પર્વતિથિઓની નિત્ય જાગૃતિપૂર્વક વિવિધ તપસ્યાઓ તેમણે કરી. ત્યાગની વૃત્તિ પણ તેમની ઉચ્ચ હતી. તે સાથે 'ગુરુઆજ્ઞા તહત્તિ' નો ભાવ પૂરેપૂરો. ગમે તે કાર્ય હોય, વિહાર હોય, તો એટલું જ કહેવું પડે કે,

"ખાંતિ વિજયજી, તમારે આમ કરવાનું છે." બસ, કોઈ વિકલ્પ નહિ.

ભણવાની ભાવના ખૂબ હતી. પણ ક્ષયોપશમ નહિ હોવાના કારણે યાદ કરવાનું બની શકતું નહિ. પણ સ્તવનો, સજ્ઝાયો અને સ્તુતિઓ ખૂબ કરેલાં, તેથી તે જ તત્ત્વોમાં રમણતા કરવા લાગ્યા.

સહુ પ્રથમ સ્વતંત્ર ચોમાસું કરવાનો અવસર એમને ચાણસ્મામાં પ્રાપ્ત થયો અને વ્યાખ્યાનની જવાબદારી એમના ઉપર

આવી પડી, ત્યારે ચારે મહિના 'નમસ્કાર મહામંત્ર' ઉપર એવાં રહસ્યમય વ્યાખ્યાનો આપ્યાં કે લોકોમાં તેઓશ્રી 'નમો મહારાજ' તરીકે પ્રખ્યાત થઇ ગયા.

ભક્તિની રુચિ એટલી કે પરમાત્માની ભક્તિમાં ભાન ભૂલી જાય. દરરોજ દહેરાસરમાં બે કલાક તો એમને બેસવાનું હોય જ. તેમાં સ્તવનો બોલે, ભગવાન સામે એકદમ ભક્તિમાં મગ્ન બની જાય. આજુબાજુ કોણ છે, તેનું ધ્યાન નહિ બસ હું અને મારા ભગવાન.

કચારેક વિહાર કરીને આવ્યા હોય, કાપ આદિનો શ્રમ હોય અને મહાત્માઓ કહે,

"સાહેબ! આજે તો થાક લાગ્યો હશે." ત્યારે આ વૃદ્ધ પણ યુવાનને શરમાવે તેવી અદાથી બોલે, "ભાગ્યશાળી, થાક લાગ્યો કે થાક ઉતર્યો. અરે, આ શરીરથી તો સો-સો ગુણી ખટારા-માંથી ઉતારી ત્યારે કાંઈ ના થયું અને હવે થાક લાગે! ભાગ્યશાળી, થાક ઉતર્યો."

કચારેય પણ દીનતાનું નામ નહિ ભણનાર મહાત્માને ખૂબ જ સહાયક થાય.

પૂ. પંન્યાસજી મહારાજની કૃપાદૃષ્ટિથી તેઓ ચાર વર્ષ સુધી અડીખમ આરાધનામાં મગ્ન રહ્યા. છેલ્લા દિવસે પણ બધાં દહેરા-સરોનાં દર્શન કરીને આવ્યા અને કોઇને પણ તકલીફ આપ્યા વિના નવકારના સ્મરણમાં જ અત્યંત નિર્મળ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

ધન્ય છે, એ મહાત્મા પૂજ્ય ખાંતિવિજયજી મહારાજને!

પરમ પૂજ્ય સદ્ગતનંદી પંન્યાસ શ્રી પુંડરીકવિજયજી મહારાજ.

વાતાવરણમાં આનંદની લહેરી લાવવી હોય કે કોઈ પણ વાતમાં દૃષ્ટાન્ત આપવું હોય અને જ્યાં સાધુ ભગવંતોની માંડલીમાં આનંદી વાતાવરણ હોય તો ત્યાં, પ્રાયઃ પહેલી નજરે પંન્યાસ પુંડરીકવિજયજી મહારાજ હશે એમ અનુમાન થાય.

ન્યાય અને માન–મર્યાદાના ચાહક સુરેન્દ્રનગરના (ઝાલાવાડ) પોપટલાલભાઈને ત્યાં માતા રંભાબેનની કુક્ષીએ તેજસ્વી પુત્રરત્નનો જન્મ થયો. નામ પડયું પન્નાલાલ. તે સમયે કોઇને કલ્પના પણ ન હતી કે આ બાળક શાસનનો રત્ન થશે અને પંન્યાસ પદથી વિભૂષિત બનશે.

ભર યુવાન વયમાં તો એક શૂરવીર ક્ષત્રિય લાગે. એમને માટે કોઈ કલ્પના પણ ન કરે કે આ દેખાવડો યુવાન દીક્ષા લેશે. આર. એસ.એસ.ના અખાડા ભરનાર, કોઇને અન્યાય થતો હોય તો વચ્ચે કૂદીને પણ ન્યાયનો પક્ષ લેનાર અને અનેક વીરતા–પરાક્રમોનાં કાર્યો કરનાર પન્નાલાલનાં લગ્ન પણ થયાં ત્યાં સુધી તો દીક્ષાનો કોઈ અણસાર નહિઃ છતાં પરમકૃપાળુ સિદ્ધાંતમહોદધિ પ્રેમસૂરીશ્વરજી મ. ની દૃષ્ટિ પડી અને બે વર્ષના ટૂંક સમયમાં બંને પતિ–પત્ની વૈરાગ્ય વાસિત બન્યાં.

સુરેન્દ્રનગરમાં પિતાની આબરૂ જોરદાર તથા આ રીતે લગ્ન પછી તરત જ વૈરાગી બની દીક્ષિત થનાર આ યુવાનની વાત જે સાંભળે તે આશ્ચર્ય પામતા. એમની ભાવના પોતાનું જીવન પૂજ્ય પંન્યાસજી મહારાજના ચરણે સમર્પિત કરવાની હતી. તેથી સુરેન્દ્રનગરમાં મહાન તપસ્વી પૂ. મુનિશ્રી મહાભદ્રવિજયજી મ. ના હસ્તે તેમની દીક્ષા સં. ૨૦૦૭ના મહા સુદ ૧૨ના મહાન ઉલ્લાસપૂર્વક થઈ. વરઘોડામાં હજારોની મેદની હતી. દીક્ષામાં તો લોકનાં ટોળે ટોળાં ઉમટ્યાં હતાં. નામ પાડયું મુનિરાજ શ્રી પુંડરીકવિજયજી

મહારાજ. એમનાં શ્રાવિકા પૂ.બાપજી મ. ના સમુદાયના સાધ્વીજી વિજયાશ્રીજીનાં શિષ્યા બન્યાં, સાધ્વીજી કમલપ્રભાશ્રીજી.

તેઓ જ્ઞાન – ધ્યાન – ક્રિયા– આરાધનામાં મગ્ન બન્યા. પૂ. પ્રેમસૂરીશ્વરજી મ. પાસે રહીને અભ્યાસમાં આગળ વધ્યા. આયંબિલની ઓળીઓ પ્રાયઃ ૬૯ કરી છે. ઉપરાંત કાયમી એકાસણું, તિથિએ ઉપવાસ આદિ તો હોય જ. જ્યાં જ્યાં ચાતુર્માસ ગયા ત્યાં સારી શાસનપ્રભાવનાપૂર્વક આરાધના કરાવી.

પૂજ્યોએ સં. ૨૦૩૭માં ભૂજમાં ગણિપદાર્પણ કર્યું અને સં. ૨૦૩૯માં નડિયાદમાં પંન્યાસ પદવી પામ્યા. આજે આ મસ્ત મહારાજ આરાધના–સાધનામાં મગ્ન છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના શિષ્ય બનવા બડભાગી બનેલા આ મહાત્માને ધન્ય છે !

પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી મહાયશવિજયજી મહારાજ.

નવકારના સંગે વધીને, સંયમનો રંગ લાગ્યો, એવા મોતીલાલભાઈને જ્યારથી સાચી વસ્તુ સમજાઈ ગઈ ત્યારથી બસ સંયમની ધૂનમાં લગની લગાવી દીધી. સૌ પ્રથમ પોતાની બ્હેનને દીક્ષા આપવી, પછી માતાને. પોતે પૂ.ગુરુદેવ પંન્યાસજી મહારાજ જ્યાં ચાતુર્માસ હોય, ત્યાં સહ કુટુંબ રહે, ભક્તિ કરે, આરાધના કરે અને કયારે સંસારમાંથી નીકળાય તેની રાહ જુએ.

અવસરે અવસરે ગુરુમહારાજને વાત પણ કરે, "સાહેબ, હવે કૃપા કરો, આ સંસારમાંથી ઉગારો." તેમના કુટુંબીઓનો આગ્રહ કે ભલે તેઓ દીક્ષા લે, પણ તેમના નાના પુત્ર ધીરજને દીક્ષા નહિ લેવા દઈએ. પણ મોતીલાલભાઈની ભાવના એવી હતી કે અમે ત્રણેય સાથે દીક્ષા લઈએ. જ્યારે એમને ખાત્રી થઈ કે કુટુંબીજનો

ધીરજને દીક્ષા નહિ જ લેવા દે, ત્યારે પોતાની બધી જવાબદારીઓ પૂરી કરીને, ઝગડિયા મુકામે સં. ૨૦૦૮ના મહા સુદ ૮ ના ત્રણે જણાએ દીક્ષા લઈ લીધી.

મોતીલાલભાઇનું નામ પડ્યું મુનિશ્રી મહાયશવિજયજી અને આઠ વર્ષના ધીરજનું નામ મુનિશ્રી ધુરંધરવિજયજી. મહામંત્ર નવકાર પર એટલી શ્રદ્ધા કે જેથી આરાધના-સાધનામાં આગળ વધતા આ મુનિરાજે ઘણાને સમાધિ આપી છે. જ્યાં ચાતુર્માસ કરે ત્યાં ઘર-ઘર હજાર નવકાર ગણવાના કહી દે. પોતે પણ નવરાશ મળે કે તરત જ નવકાર ગણવા લાગી જાય. ચિંતન કરી એમણે નવકારના મહિમાને વર્ણવતાં નમસ્કાર-સ્વાધ્યાયમાંથી અનેક સુંદર શ્લોકોનું ઉદાહરણ કરીને પુસ્તક પ્રકાશિત કર્યું છે અને અનેકોને શ્રી નવકારના ધ્યાનમાં જોડ્યા છે.

શ્રી નવપદજીના ધ્યાનમાં કમળના ચિત્રમાં ચિત્તને કેવી રીતે પરોવવું તે ખાસ સમજાવે. ચિત્રિત કમળ આપે અને સાથે સમજણ પણ આપે. તેમને ચાર વર્ષ પહેલાં પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા છે. આરાધનામાં અનેકોને સહાયક થઈ, સ્વયં આરાધના કરી રહ્યા છે. પોતાની બે બહેનોને પણ પ્રેરણા કરીને દીક્ષિત બનાવ્યાં છે.

ધન્ય છે, 'શ્રી નમસ્કાર મહામંત્ર' ને ઘર-ઘરમાં પ્રસરાવવા પ્રયત્ન કરનાર આ મહાત્મા શ્રી મહાયશવિજયજી મહારાજને!

પ. પૂ. ત્યાગી મુનિરાજ શ્રી કીર્તિકાંતવિજયજી મહારાજ.

બનાસકાંઠાના આસેડા ગામમાં શેઠ કાલિદાસભાઇને ત્યાં મીરાબેનની કુક્ષીએ વિ. સં. ૧૯૮૧ના આસો સુદ. ૭ના એક બાળ-રત્નનો જન્મ થયો. નામ પડ્યું કાંતિલાલ.

કુટુંબ સંસ્કારી હતું. તેથી ધર્મના સંસ્કારો જેવા કે રોજ દર્શન, પૂજા, વ્યાખ્યાન આદિમાં તૈયાર. એકવાર તબિયતમાં નરમાશ આવી, ત્યાં કોઇની પ્રેરણા થઈ કે સંયમ લેવાથી તબિયત સુધરી જશે. આવી પ્રેરણા અને પૂર્વના સંસ્કારોએ સાથ આપ્યો, તેથી તેઓ પૂ.પંન્યાસજી મહારાજના શિષ્ય બનવા તૈયાર થયા અને પૂજ્યશ્રીની નિશ્રા સેવવા લાગ્યા. અનુકૂળ સમય થતાં, પૂ. આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની અનુમતિ મળતાં, સં. ૨૦૦૮ના મહા સુદ ૧૦ના તેમના આસેડા ગામમાં જ ખૂબ ઉત્સાહ અને મહોત્સવપૂર્વક દીક્ષા થઇ, નામ પડયું, 'મુનિરાજશ્રી કાંતિવિજયજી મહારાજ.'

દીક્ષાના દિવસથી જ મનુષ્ય ભવ અને સંયમને સાર્થક કરવા માટે લાગી ગયા, સ્વાધ્યાય, તપ અને જપની આરાધનામાં. સંયમની આવશ્યક ક્રિયાઓમાં સમય મળે કે તરત ભણવા બેસી જાય. તપમાં પણ ઓછામાં ઓછું એકાસણું તો હોય જ. આયંબિલની ઓળીમાં લગભગ ૭૫ સુધી પહોંચ્યા છે. ગોચરી બાબત ઉપયોગપૂર્વક શુદ્ધ ગવેષણા કરે.

એમનો મુખ્ય વિષય 'ભવ આલોચના અપાવવાનો' છે. અંતરમાં એક પરોપકારનો જ ભાવ રમે, "હું બધાંને કઇ રીતે પાપથી અટકાવું અને તેમનાથી થયેલાં પાપોનું પ્રાયશ્ચિત કરાવી દઉં." આવી ભાવનાપૂર્વક પ્રયત્નશીલ રહે છે.

ઉંમર થયેલી હોઇ તબિયતની નરમાશ છતાં આરાધના અને સ્વાધ્યાયમાં જરા પણ ઢીલાશ નહિ, એવા આ મુનિવર ચાતુર્માસમાં ખાખી તથા નિઃસ્પૃહી શાંત તરીકે છાપ પાડે છે.

ધન્ય છે એ શિષ્યરત્ન મુનિવરને !

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજઃ-

પૂ. પંન્યાસજી મહારાજના ગ્રુપમાં સૌથી નાની વયના દીક્ષિત મહાત્મા છે, પ. પૂ. મુનિશ્રી ધુરંધરવિજયજી મહારાજ.

પૂ. પંન્યાસજી મહારાજની દૃષ્ટિ આ બાળક ઉપર પડી અને તેને દીક્ષા આપી, ખૂબજ જહેમત ઉઠાવી તેમને અભ્યાસમાં તૈયાર કર્યા. કહેવાય છે કે પૂ. પંન્યાસજી મહારાજે સૌથી વધુ મહેનત આ મહાત્મા પાછળ લીધેલી. નાની વયમાં તેઓશ્રીએ સારું વાંચન કરેલું. તપમાં પણ વીરતા દાખવી. થોડા જ વર્ષોમાં ૪૦ ઓળીઓ કરી. બાર-બાર કલાક સુધી પદ્માસનમાં બેસી જાપ કરી શકે તેવા શક્તિશાળી છે. વળી પ્રાકૃત વ્યાકરણ કરેલું નહિ, છતાં પ્રાકૃત ગ્રંથોનું વાંચન એવું સરસ કરે કે આપણને આશ્ચર્ય ચકિત બનાવે.

વ્યાખ્યાનમાં તેઓશ્રી પ્રભાવક છે. સૌને આકર્ષી શકે છે. લખવામાં તેમજ કાવ્ય બનાવવામાં કવિત્વની છાપ પાડે. બુદ્ધિનો તો અદ્ભુત વારસો મળેલો છે, છતાં લઘુતા તો જોયા જેવી. એમના જ શબ્દોમાં,

"મારી પાછળ પૂજ્ય ગુરુમહારાજે ખૂબ જ સહન કર્યું છે. મને તૈયાર કરવામાં, મારી શક્તિઓને ખીલવવા માટે કાંઈ બાકી નથી રાખ્યું આપણા ગ્રુપમાં કદાચ મારા સિવાય કોઈની પાછળ આટલો ભોગ પૂજ્ય ગુરુદેવે નહિ આપ્યો હોય. પરંતુ બુદ્ધિમાં મગરૂર એવો હું સદાય ગુરુદેવ સાથે દલીલ કરતો. તરત કોઈ વાત સ્વીકારતો નહિ. વિરોધમાં પણ પડતો. પૂ ગુરુદેવ ફરમાવતા, "ધુરંધરવિજય આમ ન કર." પણ ત્યારે આ ક્ષમાસાગર પૂ. ગુરુદેવની વાત મને સમજવામાં મોડી આવતી. હું તો એમનાથી ઊંધો જ ચાલતો ગયો અને પરિણામે ખૂબ ગુમાવ્યું. હવે પસ્તાઉં છું કે તેમનું કહેવું ઉચિત હતું. આમ જ્યારે સમજાયું, ત્યારે ગુરુ મહારાજની હાજરી નથી.

ખરેખર હું આવા મહાત્માને ઓળખી ન શક્યો અને તેથી મેં ઘણું જ નુકશાન કર્યું, જો તેમની આજ્ઞા મુજબ વર્ત્યો હોત તો, આજે મારા આત્મા માટે સ્વ–પર કલ્યાણ માટે કેટલું ઉપકારી થાત. !

આવા આ મહાત્મા હાલ હસ્તલિખિત પ્રતોનું સંશોધન વિગેરે કાર્યોમાં વ્યસ્ત છે.

પરમ પૂજ્ય તપસ્વી મુનિરાજ શ્રી ચંદ્રાંશુવિજયજી મહારાજ.

પિતા હંસરાજજી તથા માતા ફૂલીબાઇના સુપુત્ર લુણાવા નિવાસી ચુનીલાલજી ૪૫ વર્ષની પ્રૌઢ વયે, પૂ. પંન્યાસજી મહારાજની વૈરાગ્યમય વાણીથી પ્રેરાઈ, સં. ૨૦૦૯ ના મહા સુદ ૧૧ ના મુંબઇમાં દીક્ષા લઈ. પ. પૂ. મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજના પ્રથમ શિષ્યરત્ન બન્યા મુનિરાજ શ્રી ચંદ્રાંશુવિજયજી મહારાજ.

દીક્ષા બાદ ચાર વસ્તુ મુખ્ય બનાવી; શક્ય સ્વાધ્યાય, પરમાત્મભક્તિ, નવકારમંત્રનું સ્મરણ અને તપ તથા સાથો સાથ શક્તિ પ્રમાણે મહાત્માઓની ભક્તિ. તેમણે ગુરુ સમર્પણભાવ સૌથી આગળ રાખ્યો. પ્રકરણ આદિ તથા સંસ્કૃતની બે બુકનો અભ્યાસ કર્યો. તપમાં ૧૦૦ વર્ધમાન તપની ઓળીઓ પૂર્ણ કરી. છેલ્લા પંદર વર્ષથી તેઓ પારણા પછી સળંગ વર્ષીતપ જ કરે છે.

આરાધનામાં દહેરાસરમાં પ્રભુ ભક્તિ. બાકીના સમયે કામ હોય તે પૂર્ણ કરીને, હાથમાં નવકારવાળી લઇ બેસી જાય. વ્યાખ્યાન આપવાનો ભાવ પૂરો પણ આગ્રહ નહિ. ચાતુર્માસ કોઈ નાના કે મોટા સાથે મોકલ્યા હોય તો નાનાને બરોબર સાચવી લે અને મોટાઓની પૂરી આમન્યા રાખે. હાલ મારવાડમાં જ આરાધના કરે છે.

૮૧ વર્ષની ઉંમરે પણ પોતાનું પડિલેહણ આદિ સ્વયં કરવાની ભાવના રાખે છે. ઉપરાંત પોતાના વડીલનું પણ કાંઈક કરું, કંઈક સહાયક થાઉં એ જ એમની તમન્ના રહે છે. પોતાના ગુરુજી પ્રત્યે ખૂબ જ સ્નેહભાવ રાખે. પૂ આચાર્યદેવશ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજને જ્યારે બે વર્ષ સુધી ગુજરાતમાં રહેવાનું થયું, ત્યારે ખૂબ કાલાવાલા ભર્યા પત્રો લખીને તેમને મારવાડ બોલાવ્યા અને એમને મળ્યા ત્યારે એકદમ હર્ષમાં આવીને તેમને ભેટી પડ્યા.

ધન્ય છે તપસ્વી વયોવૃદ્ધ મુનિરાજ

શ્રી ચંદ્રાંશુવિજયજી મહારાજ ને....!

વૈયાવચ્ચી તપસ્વી મુનિરાજ શ્રી મિત્રવિજયજી મહારાજ.

કોઇ પણ મહાત્માની સેવા કરવાનો પ્રસંગ આવે આ મહાત્મા હાજર જ હોય. 'હું તૈયાર છું, મને કહો.' એમ તરત જ બોલે. બસ આ જ એમની ઉત્કંઠા રહેતી. એવા આ મુનિરાજનો જન્મ આહોરમાં માતા સમુદેબેનની કુક્ષીએ, પિતા જુઠાજીને ઘેર વિ. સં. ૧૯૮૨ ના ભાદરવા વદ ૧૪ ના દિવસે થયો હતો. નામ પાડ્યું મિશ્રીમલ. માતા-પિતાના સારા સંસ્કારોને કારણે તરત જ ધર્મ-આરાધનામાં આગળ વધવા લાગ્યા. ૨૮ વર્ષની ભર યુવા વયે, દીક્ષા અંગીકાર કરી, પૂ મુનિરાજશ્રી સૌભાગ્યવિજયજીના શિષ્યરત્ન બન્યા.

દીક્ષા પછી તપ-સ્વાધ્યાયમાં આગળ વધ્યા. અભ્યાસ માટે તેમજ વિશેષ ભક્તિના હેતુથી, તેઓશ્રી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસે આવ્યા. અહીં ખૂબ જ વિનય તથા ભક્તિપૂર્વક આરાધના કરતા રહ્યા. જ્યાં-ત્યાં કોઇ મહાત્માની સેવાનો પ્રસંગ આવતો ત્યારે આ મુનિરાજનો નંબર લાગતો અને પોતે ખુશ થઇને વૈયાવચ્ચ કરી લાભ લેતા.

પૂ. આચાર્યદેવના સ્વર્ગવાસ પછી પૂ. પંન્યાસજી ભગવંતની નિશ્રામાં આવતાં, તેમના ગુણો વિશેષ વિકાસ પામવા લાગ્યા. તેમણે ૧૦૮ અઠ્ઠમ કર્યા. સં. ૨૦૩૦ માં વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂરી કરી અને આગળ ૧૦૧ થી ચાલુ રાખી તે ૧૧૦ ઓળી સુધી પહોંચ્યા. વચ્ચે-વચ્ચે અટ્ઠમ-અટ્ઠાઇ-સિદ્ધિતપ-શ્રેણીતપ આદિ પણ કર્યાં અને તે દરમ્યાય ભક્તિનું કાર્ય પૂર્વવત્ ઉત્સાહપૂર્વક ચાલુ રાખ્યું.

કોઇપણ મહાત્માને પોતે કઇ રીતે સહાયક થાય તે તેમનું ખાસ ધ્યેય રહેતું. વડીલોની આજ્ઞા પ્રમાણે જ વર્તતા. "મારે વડીલોની નિશ્રામાં જ રહેવું છે, એમના ચરણના સેવક થઇને રહેવું છે." એમ તેઓ હંમેશાં કહેતા. બીજાની ભક્તિ ખૂબ નિઃસ્પૃહ ભાવથી કરતા. કૃતજ્ઞતા ગુણ એટલો કે કોઇ એમનું જરા પણ કરે તો તે ઉપકાર વારંવાર યાદ કરે.

એવા આ મહાત્મા પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રવિજયજી મહારાજ સાહેબ હાલ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં આરાધના કરી રહ્યા છે.

પ. પૂ. ભદ્રિક મહાત્મા મુનિરાજ શ્રી ભદ્રવિજયજી મહારાજ.

સંયમીઓની ગંગોત્રી સમાન રાધનપુરનગરીમાંથી અનેક મહાપુરુષોએ પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરેલ છે. તેમાં શ્રી ભોગીલાલ હરજીવનદાસનો નંબર પણ છે. બાલ્યકાળથી જ એમનું સુસંસ્કારી જીવન હતું. જ્યાં દહેરાસર-ઉપાશ્રયોમાં સતત અવર જવર ચાલુ જ હોય ત્યાં ધર્મ અને ધર્મીઓનું પ્રમાણ વધુ હોય તેમાં નવાઈ નથી.

ભોગીલાલભાઇને થવા લાગ્યું કે આ સંસારની ક્રિયામાંથી છૂટાય તો સારું. પુણ્યયોગે એક દિવસ પૂ. પંન્યાસજી મહારાજના ચરણોનું આલંબન મળી ગયું. એ ઉપકારીએ હાથ પકડ્યો અને

બાવન વર્ષની ઉંમરે સં. ૨૦૧૦ ના કારતક વદ ૧૦ના મુંબઇમાં દીક્ષિત થયા. નામ પામ્યા મુનિશ્રી ભદ્રવિજયજી મહારાજ અને પૂ. પંન્યાસજી મહારાજના શિષ્ય બન્યા.

દીક્ષાના દિવસથી જ આરાધનામાં ઝૂકાવી દીધું. નામ પ્રમાણે ભદ્રિકતાનો ગુણ હતો. વળી સરળતા, પરોપકારીપણું, મહાત્માઓની ભક્તિ આદિ ગુણોથી અલંકૃત આ મુનિરાજ કાયાનો કસ કાઢવા લાગ્યા.

મુંબઇમાં દીક્ષા થઇ અને ત્યાં જ પૂ. ગુરુદેવ સાથે વિચરતાં, એક દિવસ એમના માટે અંતિમ દિવસ બની ગયો, જે બધાને માટે બનવાનો છે. છેલ્લે નમો અરિહંતાણું બોલતાં, કાયાની માયા મૂકીને અનંતની વાટે વિદાય થઇ ગયા.

પ. પૂ. પંન્યાસજી શ્રી વજ્રસેનવિજયજી મહારાજ.

હાલાર વિસ્તારના જૈન જગતના ઇતિહાસમાં આંદોલન ઊભું કરી, પરમાત્માની નવકારમંત્રની આલબેલ વગાડનાર પ. પૂ. મુનિરાજ શ્રી મહાસેનવિજયજી મહારાજના સંસારી સુપુત્રરત્ન છે પ. પૂ. પંન્યાસજી શ્રી વજ્રસેનવિજયજી મહારાજ.

વિ.સં. ૧૯૯૮ના જેઠ સુદ ૨ ના આંબલા (હાલાર) મુકામે માતા જીવીબેનની કુક્ષીએ એક મહારત્નનો જન્મ થયો. પવિત્ર માતા હોય, મહાન પિતા હોય, એમનું સંતાન પણ મહાન જ બને તેમાં નવાઈ નથી. નામ પડ્યું વર્ધમાન કુમાર. હુલામણું નામ 'કેશુ' હતું.

બે વર્ષની ઉંમરથી જેણે કદી રાત્રિ ભોજન કર્યું નથી, અભક્ષ્ય જેમના પેટમાં ગયું નથી, ગાળ જેવા અપશબ્દો દ્વારા જેમની જિહ્વા ભ્રષ્ટ થઈ નથી, તેવા આ કેશુ પર પૂજ્યપાદ શ્રી પંન્યાસજી મહારાજની દૃષ્ટિ પડી ગઈ. અને તેને તેર વર્ષની નાની ઉંમરે જ સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ના લોણાવાલા (મહારાષ્ટ્ર)માં સેંકડો હાલારીઓ તથા

અન્ય જૈનોની હાજરીમાં દીક્ષા અપાઈ. નામ પડયું મુનિશ્રી વજ્રસેન-વિજયજી મહારાજ અને તેમને પ.પૂ. મુનિરાજશ્રી કુંદકુંદ વિજયજી મહારાજના શિષ્ય બનાવ્યા.

ક્ષયોપશમ એકદમ તીવ્ર હોવાથી, ગાથાઓ ગોખવી તેમને મન રમત વાત હતી. પંદર ગાથા એક કલાકમાં સહેલાઈથી બોલી જતા. સંયમ જીવનના ઘડતર માટે એમને સફળ ઘડવૈયા એવા તપસ્વી વયોવૃદ્ધ મુનિરાજશ્રી મહાભદ્રવિજયજી મહારાજની સંભાળ નીચે રાખવામાં આવ્યા. તેમની સાથે દશ વર્ષ સુધી રહેવાથી, સંયમની તાલીમ મળી. સાથોસાથ વ્યાકરણ, છ હજારી, કાવ્ય કોષ, ન્યાય, લોકપ્રકાશ ચાર ભાગ, વિશેષાવશ્યક-ભાષ્ય બે ભાગ, ધર્મસંગ્રહ, ઉપમિતિ ભવપ્રપંચકથા, ત્રિષષ્ઠિ-દશપર્વ, કુમારપાલચરિત્ર, સંવેગ-રંગશાલા, સમરાઈચ્ચકહા, પાર્શ્વનાથ ચરિત્ર આદિ ગ્રંથો કર્યા. તથા ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્ સંગ્રહણી, લઘુક્ષેત્ર-સમાસ, તત્ત્વાર્થ, વીતરાગ સ્તોત્ર, યોગશાસ્ત્ર, જ્ઞાનસાર, હારિભદ્રિય અષ્ટક, ષોડશક, સિન્દુર પ્રકરણ, કુલકો, અભિધાન ચિંતામણી સંપૂર્ણ, અધ્યાત્મકલ્પદ્રુમ, પ્રશમરતિ, શાંત સુધારસ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સમવાયાંગ આદિનો અભ્યાસ કર્યો.

આવું વિશાળ વાંચન ધરાવવા છતાં, દેખાવમાં સાવ સરળ, અને અભિમાન રહિત. છેલ્લા પંદર વર્ષો સુધી પૂ. પંન્યાસજી મહારાજની આંતર-બાહ્ય સેવાભક્તિ-વૈયાવચ્ચ સળંગ રીતે એકમેક થઈને કરી. તેમનું આ કર્મ લોકોના જોવામાં આવતું, તેથી તેઓશ્રી બહુ ભણ્યા નથી અને સેવા કરે છે એવી ધારણા થતી. પરંતુ હવે વિદ્વત્તાના ક્ષેત્રમાં જવાબદારી સંભાળવાનો અવસર આવી પડતાં તેમના વિશાળ જ્ઞાનનો પરિચય થતો જાય છે.

દરેક સૂત્ર સ્પષ્ટ બોલે છે અને તે પણ અનેરી છટાથી. ગુરુ-કૃપાથી અનેકોને સહાયક થઈ શકયા છે. પૂ. પંન્યાસજી ભગવંતના તથા પૂ. કુંદકુંદસૂરીશ્વરજી મહારાજનાં વ્યાખ્યાનો, ચિંતનો, લેખોનું

સંપાદન કરી, પ્રકાશન કરાવવાનો પુરુષાર્થ કરી સક્રિય કાર્ય કરી રહ્યા છે. વળી અનેક ગ્રંથોનું સંપાદન કરેલ છે. આ રીતે સ્વપર કલ્યાણમાં મગ્ન છે.

પૂજ્યશ્રીએ સંપાદન કરેલ ગ્રંથો.

વિશેષાવશ્યકભાષ્ય ૨ ભાગ.

વ્યાકરણ અષ્ટમ અધ્યાય.

સિદ્ધહેમ શબ્દાનુશાસન, બૃહદ્વૃત્તિ લઘુન્યાસ સહિત લોકપ્રકાશ પાંચ ભાગ.

તદુપરાંત પૂજ્યશ્રીઓના ૪૦ પુસ્તકોનું પ્રકાશન કરાવરાવ્યું છે. આ રીતે જ્ઞાન, ભક્તિ, સાધુ-સાધ્વીજી ભગવંતોની જરૂરત પ્રમાણે ભક્તિ તથા જીવદયા અનુકંપા આદિનાં કાર્યો ઉપદેશદ્વારા કરાવ્યાં છે. કયારેક જાતને અનુલક્ષીને પૂજ્યશ્રી જણાવે છે;

'હું નાનો બાળક ધૂળમાં રમનારો, મને કલ્પના પણ ન હતી કે હું દીક્ષા લઈશ. આજે પૂજ્યોએ મને જે પદે સ્થાપિત કરેલ છે તેવી યોગ્યતા મારામાં નથી. પૂ. ઉપકારી ગુરુભગવંતોની કૃપાનું ફળ છે અને એ કૃપાના બળે જ એ પદનું હું પાલન કરી શકીશ.'

પૂજ્યશ્રીના વ્યાખ્યાનોમાં પૂ. ગુરુદેવ પંન્યાસજી ભગવંતના વ્યાખ્યાનોની ઝલક આવે છે. તેમના વિચારો પચાવેલા છે. મૈત્ર્યાદિક ભાવો, નમસ્કાર મહામંત્ર ચિંતન, ગુણાનુરાગ, દયા, દાન, પરોપકાર આદિ વિસ્તૃત રીતે સમજાવે છે. સ્વભાવે શાંત છે. સાથે વસનારાઓને પ્રિય છે. વડીલોના કૃપાપાત્ર છે. ઉપકારી પૂજ્યોના પગલે અનેરી શાસન પ્રભાવના કરી રહ્યા છે. હાલાર પ્રદેશમાં એમના પૂ. પિતા મુનિશ્રીએ સોંપેલી જવાબદારી બરોબર અદા કરી શાસનની અને સંઘની ભક્તિ કરી અનેકોને ધર્મમાર્ગમાં આગળ વધારી રહ્યા છે.

ધન્ય છે આવા પંન્યાસજી મહારાજને!

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી તત્ત્વજ્ઞવિજયજી મહારાજ.

ધ્રાંગધ્રાના રહીશ લાલચંદભાઇને ત્યાં પાર્વતીબેનની કુક્ષીએ પુત્રરત્નનો જન્મ થયેા. નામ પડયું તલકચંદ. નાની ઉંમરથી જ તેમનામાં ધર્મપરિણતિ હતી. પણ તે સંસારી સંબંધીઓના મોહપાશને લીધે તાત્કાલિક ફળીભૂત થઈ શકી નહિ, લગ્ન કરવાં પડ્યાં અને પુત્ર તેમજ પુત્રીનેા પરિવાર થયેા.

એકવાર સિદ્ધાંતમહોદધિ પ. પૂ પ્રેમસૂરીશ્વરજી મહારાજની દૃષ્ટિમાં તેઓ આવી ગયા. ત્યારબાદ ધંધેા બંધ કર્યો. એક પુત્ર પણ ધર્મમાર્ગે જોડાયેા, પણ તેને સંસારની માયા લાગવાથી આગળ વધી શકયો નહિ. આથી તલકચંદભાઇએ સં ૨૦૧૧ ના જેઠ સુદ ૧૦ ના ખડકી (પૂના) મુકામે પૂજ્યપાદશ્રીના વરદ હસ્તે દીક્ષિત થઈ, પૂ. પંન્યાસશ્રી રોહિતવિજયજીના શિષ્ય બન્યા.

સ્વાધ્યાય-તપ-જપમાં ધૂન મચાવી દીધી અને આરાધનામાં આગળ વધવા લાગ્યા. પરમાત્માની ભક્તિમાં એકાકાર બની ગયા. પેાતાની હાજરી હેાય ત્યાં હહેરાસરની ખૂબ સંભાળ લે. કેાઈ પ્રસંગ હેાય તેા શુદ્ધ આયંબિલ દ્વારા માંગલિક કરે. ૬૦ ઉપર ઓળીઓ કરેલી છે. છેલ્લા ૮ વર્ષ પૂ. મુનિશ્રી મહાસેનવિજયજી મહારાજ સાથે રહીને ખૂબ ઉપયેાગી થયા.

કામની ચોકખાઇ તથા ચોકસાઇ બંને વખાણવા જેવી. તેમણે ઘણી સજ્ઝાયેા કંઠસ્થ કરેલી. રાગ પણ મધુર. ચેામાસામાં જ્યાં જાય, ત્યાં તેઓશ્રી સજ્ઝાયવાળા મહારાજ તરીકે પ્રસિદ્ધ થઈ જાય.

આજે ૮૦ વર્ષની વયે જરા પણ વૃદ્ધાવસ્થાની અસર નથી. બધી જ આરાધના-ક્રિયામાં અપ્રમત્તતા, શકય તપશ્ચર્યા. આ બધું ચાલુ જ છે. કેાઇ ધર્મ પાળે તે માટે સમયનેા ભેાગ આપીને પણ પ્રયત્નશીલ રહે છે.

એવા આ મુનિભગવંત પોતાના ગુરુજી સાથે પૂ. પંન્યાસજી મહારાજના સાન્નિધ્યમાં રહ્યા હતા. પૂજ્યશ્રીને ગતવર્ષે કેન્સર થવાથી ભયંકર દર્દમાં પણ અનેરી સમતા સાધીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

પરમ પૂજ્ય મુનિરાજશ્રી વારિષેણવિજયજી મહારાજ.

શાસનપ્રભાવક પુત્રરત્ન આચાર્યદેવ શ્રીમદ્ વિજયજિનપ્રભસૂરીશ્વરજીના પિતા તથા પૂ. પંન્યાસજી મ. ના શિષ્યરત્ન વયોવૃદ્ધ મુનિરાજશ્રી વારિષેણવિજયજી મહારાજનું સંયમજીવન એટલે ખરેખરું સંયમજીવન.

સંસારીપણામાં હતા ત્યારથી જ જીવરક્ષાના સૂક્ષ્મ પાલનપૂર્વક જ રહેતા. મુંબઈ જેવા શહેરમાં પરઠવવાની અગવડ હોય ત્યાં પણ તેઓ ખૂબ ઉપયોગ રાખતા. તેમના, પુત્રને દીક્ષા આપ્યા બાદ, તેમને વૈરાગ્યમાં વિશેષ દૃઢતા થતાં ૪૬ વર્ષની પ્રૌઢ વયે વૈશાખ સુદ ૧૧ ના ડીસા મુકામે ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. શુદ્ધ આહારની ગવેષણા એ તેમનું ખાસ લક્ષ્ય છે અને આજસુધી એજ રીતે મક્કમતાપૂર્વક આરાધના કરી રહ્યા છે.

દરરોજ નવસ્મરણ, પંચસૂત્રનો ભાવનાપૂર્વક પાઠ કરે, તેમજ નમસ્કાર મહામંત્રનો જાપ કરે.

શ્રાવકોને ધર્મ પમાડવો, ક્રિયામાં જોડવા માટે પોતે પ્રમાદ ન કરે. સંસારની અસારતા સમજાવે પોતાને મળેલા આ અમૂલ્ય ચારિત્રની ખૂબ ખૂબ અનુમોદના કરે.

આજે પણ આ મહાત્માના ૭૮ વર્ષની વયમાં પણ ચાલુ એકાસણાના તપમાં વીરતા જોવા મળતાં, મસ્તક ઝૂકી જાય છે અને 'ખરેખરો સંયમનો રંગ તો આવા મહાત્માઓને જ લાગ્યો છે' એવું ભાન થયા વિના રહેતું નથી.

ધન્ય છે એ મહાત્મા વારિષેણવિજયજી મહારાજને!

પરમ પૂજ્ય મુનિરાજશ્રી મહાસેનવિજયજી મહારાજ.

હાલારના ઇતિહાસમાં નવું સર્જન કરી, અનેકોને ધર્મમાર્ગમાં જોડનારા માણેકલાલભાઈમાંથી મહાસેનવિજયજી બનનાર, આ મહાત્માનો જન્મ મોટામાંઢા (હાલાર) મુકામે પિતા પુંજાભાઇને ઘેર માતા માકા બેનની કુક્ષીએ વિ. સં. ૧૯૭૧ ના બેસતા વર્ષે કારતક સુદ ૧ ના રોજ થયો હતો. સંપૂર્ણ બત્રીશ દાંતોથી યુક્ત એવા આ બાળકનું જીવન કંઈક જુદું જ તરી આવતું. પરોપકાર-વૃત્તિથી પરિપૂર્ણ તેઓ આત્મારાધનામાં તન્મય રહેતા.

પૂજ્ય પંન્યાસજી મહારાજનો સં. ૧૯૯૬ ની સાલમાં એમને ભેટો થયો અને ધર્મના રંગે રંગાવા લાગ્યા. સૌ પ્રથમ ભરયુવાન વયે પતિ-પત્નીએ ચતુર્થવ્રત ગ્રહણ કર્યું. પૂ. પંન્યાસજી મહારાજની ભક્તિ માટે ચાતુર્માસમાં એમની સાથે જ રહેતા અને આરાધના કરતા. સ્વભાવ સંતોષી, ધર્મ સમજ્યા પછી, અમુક મૂડી કાયમી કરીને ધંધો છોડી દીધો અને પોતે ધર્મમાં આગળ વધતા ગયા, તે સાથે પોતાના જ્ઞાતિજનો આગળ કેમ વધે તે માટે સક્રિય પ્રયત્નો કરતા રહ્યા.

પૂ. પંન્યાસજી મહારાજની પાસે દર્શન-વંદન કરાવવા ભાવિકોને પોતાનાં ખર્ચે સાથે તેડી જતા. એકવાર પૂજ્યશ્રીની નિશ્રામાં માંડવગઢ તીર્થનો સંઘ નીકળેલો, તેમાં પોતે પણ યાત્રિક તરીકે જોડાયા હતા. સંઘ ત્યાં પહોંચ્યો એટલે તેમણે યાત્રિકોનું સોનાની ગીનીથી સંઘપૂજન કરી લ્હાવો લીધો. પાટણમાં જ્યારે પૂજ્યશ્રીની નિશ્રામાં સહકુટુંબ ચાતુર્માસની આરાધના કરતા હતા, ત્યારે પાટણમાં રહેતા સર્વ ચતુર્થવ્રતધારી ભાવિકોને સોનાની ગીનીની પ્રભાવના કરી હતી આમ સાધર્મિક ભક્તિ માટે તેમને અનહદ પ્રેમ હતો.

દુઃખી જીવો પ્રત્યે તેમને તરતજ કરુણા આવી જતી. તેઓ પોતાના ગામમાં રહેતા ત્યારે એકવાર એવું બન્યું કે વરસાદના કારણે

બાજુનાં ગામનાં લોકોને તેમને ગામ આવી જવું પડયું, ત્યારે ત્રણ દિવસ સુધી તેમણે લોકોને જમાડયા અને તેમનાં ઢોરોને પણ સાચવ્યાં.

સંસારચક્રના આવા ચકરાવામાં વધતા તેમને ત્યાં પૂર્વભવના સંસ્કારોથી સંસ્કૃત એવા એક બાળકનો જન્મ થયો. ધર્મ માટે તૈયાર થાય એવી દેખરેખથી ઉછેરાયેલા આ એકના એક બાળકને ૧૩ વર્ષની ઉંમરે દીક્ષા અપાવી, પોતે પણ ૪૨ વર્ષની પ્રૌઢ વયે, પોતાના સંસારી લઘુબંધુ અને વડીલ ગુરુબંધુની પ્રેરણાથી સં. ૨૦૧૩ ના વૈશાખ સુદ ૩ના દીક્ષિત થયા અને શિષ્ય બન્યા પૂ. પંન્યાસજી મહારાજના.

'શ્રી નમસ્કાર મહામંત્રનો એવો જોરદાર પ્રચાર આરંભ્યો કે અનેકોને નવકારના કરોડપતિ બનાવી દીધા. દાદા શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ફોટાઓનો પણ દર્શન માટે પ્રચાર કર્યો. છેલ્લે ગુરુ-આજ્ઞાથી આઠ વર્ષ સુધી હાલારમાં જે જાગૃતિ લાવ્યા, તે ખરેખર અવર્ણનીય છે. હજારો ભાવિકોને આયંબિલ ઉપધાન, અટ્ઠમ એકાસણાં વિગેરેને સામુદાયિક આરાધના કરાવી છે.

આવા મહાન આરાધક તથા પરોપકારી મુનિરાજશ્રી સં. ૨૦૪૪ ના જેઠ વદ ૬ ના આરાધના ધામમાં વડાલિયાસિંહણ મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અનહદ ભક્તિવાળા આ મુનિરાજે, તેઓશ્રીના ચિંતનોને વિશ્વવિખ્યાત કરવા ખૂબ જ મહેનત કરી છે. 'શિવમસ્તુ સર્વ જગતઃ' ની ભાવનાને તેઓશ્રીએ ચોતરફ પ્રસરાવી હતી.

તપસ્વી વૈયાવચ્ચી મુનિરાજ શ્રી જિનસેનવિજયજી મહારાજ.

રાજસ્થાનના ઉથમણ ગામે વિ. સં. ૧૯૮૫ ના વૈશાખ સુદ ૬ ના પોમચંદજીના કુળદીપક તરીકે માતા ટીપુબાઈની કુક્ષીએ, એક બાળરત્નનો જન્મ થયો. નામ પડયું જેઠમલજી. ત્યારે કોઈને પણ

કલ્પના ન હતી કે આ બાળક આવો તપસ્વી તથા પરમ ગુરુભક્ત વૈયાવચ્ચી બનશે પણ પૂર્વજન્મની આરાધનાના યોગે બધું જ શકય બન્યું.

પોતાનાં ભાઈ-બહેનોની જવાબદારી વહન કર્યા બાદ મદ્રાસમાં જ ધંધાર્થે રહેતા હતા. તેમાં કલ્યાણમિત્ર જેવા રિખવદાસજી સાથે સંગ થયો. સાચા મિત્રે સાચો રાહ બતાવ્યો અને પરમગુરુનાં દર્શન કરાવ્યાં બસ, દર્શન માત્રથી જ નક્કી કર્યું, "આ સંસારમાં રહીને સંપૂર્ણ બ્રહ્મચર્ય આદિનું પાલન કરવું ખૂબ કઠિન છે, જ્યારે આવા ગુરુના સાન્નિધ્યથી કંઈ અશકય નથી."

એમ વિચારી ઘરનાં વડીલો-સ્વજનોની રજા મેળવી, દીક્ષા લેવા તૈયાર થયા. સં. ૨૦૧૪ ના મહા સુદ ૧૩ ના કચ્છમાં જ્યારે પૂ. પંન્યાસજી મહારાજ વિચરી રહ્યા હતા ત્યારે ત્યાં પહોંચ્યા અને ૨૯ વર્ષની ભરયુવાન વયે સંપૂર્ણ ગુરુ-સમર્પણપૂર્વક ખૂબ જ ઉમંગ-ભેર ભુજપુર મુકામે દીક્ષા લીધી.

પૂ. ગુરુદેવ પંન્યાસજી મહારાજે એમને પ. પૂ. મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજના શિષ્ય બનાવ્યા. નામ પડયું મુનિરાજ શ્રી જિનસેનવિજયજી મહારાજ.

તેઓ ખૂબ સજાગ હતા, તેથી દરેક ક્ષેત્રોમાં આગળ વધ્યા. અભ્યાસની સારી લગની હતી, કોઇ કાર્યથી નિવૃત્ત થતાં તુરત જ સ્વાધ્યાયમાં લાગી જતા.

નાના મોટા મહાત્માની સેવાનો અવસર મળે તો ચૂકે જ નહિ. સૌથી મહત્ત્વનો મંત્ર 'ગુરુ-સમર્પણ ભાવ' એ તેમણે ટકાવી રાખ્યો છે. એજ ગુરુદેવની કૃપાના બળે ૧૦૦ ઓળી પૂર્ણ કરી અને પાછી શરૂ કરી ૫૯ કરી અને હજી એ ક્રમ ચાલુ છે. તપ સાથે ત્યાગ પણ એવો જ છે. લગભગ એકાસણાં કરે. એકાસ-ણામાં ફળ-મેવો મિઠાઇ આદિનો લગભગ ત્યાગ અને આયંબિલ

સાથે જાણે દોસ્તી હોય તેમ મોટા ભાગના દિવસોમાં આયંબિલ જ હોય. પૂ. મુનિરાજ (હાલ પંન્યાસપ્રવર) શ્રી વજ્રસેનવિજયજી મ. ના હાથ નીચે રહીને તેઓએ પ. પૂ. ગુરુદેવ શ્રી પંન્યાસજી મહારાજની સેવા એક સેવકની અદાથી, સંપૂર્ણ ભક્તિભાવપૂર્વક, જરા પણ અરુચિ કે કંટાળો બતાવ્યા વિના, લાગલાગટ ૧૫ વર્ષ સુધી કરી.

પોતે વ્યવસ્થિત કામના હિમાયતી. પાત્રાં રંગવામાં નવા મહાત્માઓને તૈયાર કરવામાં, વૈયાવચ્ચમાં સમાધિભાવ આપવામાં નિપુણ તેઓશ્રીને પૂ. પંન્યાસજી મહારાજ પ્રત્યે એવો ભાવ હતો કે જ્યારે પૂ. પંન્યાસજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે એકદમ બોલી ઊઠ્યા,

"મારા ગુરુ ગયા!" ને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. ગુરુ પ્રત્યે એમને એવી અવિહડ ભક્તિ હતી.

પૂ. પંન્યાસજી મહારાજના કાળધર્મ પછી એમના સંસારી સંબંધી પૂ. મુનિરાજ શ્રી પુણ્યોદયવિજયજી અને જ્યોતિષના જાણકાર એવા પૂ. મુનિરાજ શ્રી વિમલપ્રભવિજયજી મહારાજની સેવામાં રહ્યા. તેમાં પૂ. શ્રી વિમલપ્રભવિજયજી મહારાજની સેવામાં પાંચ વર્ષ રહ્યા અને છેલ્લે સમાધિ આપવામાં સહાયક થયા.

સતત આરાધનામાં મસ્ત, સહાયક ભાવનાપૂર્વક વિચરતા આ મુનિ ભગવંતને ક્રોડો વંદના.

કાર્યદક્ષ મુનિરાજ શ્રી મક્ષિસેનવિજયજી મહારાજ.

ધર્મના સંસ્કારોથી સિંચિત ભીખમચંદજીના ઘેર ઉજમબેનની કુક્ષીએ વિ. સં. ૧૯૯૦ ના અષાઢ વદ ૧૧ ના આ સેવાભાવી પુત્રરત્નનો જન્મ થયો. નામ પડ્યું મગનલાલ,

જે બાળકને માતા-પિતા ધર્મના સંસ્કારો આપે અને પુણ્યનું જોર મળી જાય, તે આ સંસારમાં રહે જ નહિ. નાની ઉંમરમાં તેઓ હિંમતભાઈની દુકાનમાં જોડાયા.

કાર્યદક્ષતા એવી કે હિંમતભાઇએ શંખેશ્વરજી તીર્થમાં પૂ. પંન્યાસજી મહારાજની નિશ્રામાં ઉપધાન હતાં, ત્યાં ચારસો આરાધકોની સંપૂર્ણ દેખરેખ તથા જવાબદારી માટે મોકલેલા અને તેમણે ત્યાં સફળ સંચાલન કર્યું. ત્યારથી જ તેમને પૂ. પંન્યાસજી મહારાજના ચરણોમાં જીવન સમર્પિત કરવાની ભાવના થઈ અને તેમણે સં. ૨૦૧૬ ના મહા સુદ ૧૦ ના લાસ મુકામે ખૂબ જ ઉલ્લાસપૂર્વક દીક્ષા લીધી. તેમનું નામ પડ્યું મુનિરાજશ્રી મલ્લિસેનવિજયજી મહારાજ. તેઓ પૂ. પંન્યાસપ્રવર શ્રી હર્ષવિજયજી મહારાજના શિષ્ય બન્યા. સંયમની નાવ પર આરૂઢ થયા.

દીક્ષા લીધા બાદ સૌ પ્રથમ તો શિખાઉ ગણાય એટલે સ્વાધ્યાય, તપ, આરાધનામાં જોડાઈ ગયા. પછી એકાસણાના તપપૂર્વક પ્રકરણ, કર્મગ્રંથ, સંસ્કૃત બુકસના અભ્યાસમાં આગળ વધ્યા. સાથોસાથ કાર્યદક્ષતા તથા વ્યવહાર કુશળતાને કારણે, માંડલી આદિના કાર્યમાં મહાત્માઓને ખૂબ સહાયક થયા.

પૂ. પંન્યાસજી મહારાજ પ્રત્યે સમર્પણ ભાવ એટલો કે જ્યારે તેઓશ્રી જે કાંઈ કહે તેના જવાબમાં તરત 'તહત્તિ' કહે, બીજો વિકલ્પ નહિ. વૃદ્ધ મહાત્માઓની સેવા-વૈયાવચ્ચ માટે ખડે પગે તૈયાર રહે. ઉદારતા પણ એવી કે કોઈ પણ મહાત્માને ગોચરી-વસ્ત્ર-પાત્ર આદિની જરૂરત હોય તે પોતાની પાસે હોય તો તરત આપી દે. ભલે પોતા માટે રહે કે ન રહે તેની ચિંતા નહિ.

પ્રાયઃ છેલ્લાં દશ વર્ષો સુધી વયોવૃદ્ધ પૂ. ભાવવિજયજી મ. ની એવી સેવા કરી કે તેથી ગુરુના વડીલોના આશીર્વાદ પામી ગયા. તેમને પોતાને હૃદયની તકલીફ હોવા છતાં પોતાની વાત ગૌણ કરી

બીજાની સેવાને પ્રધાનતા આપતા. ઉપરાંત સંઘનાં કાર્યમાં શકય સહાયક થતા.

આવા અનેક ગુણોથી સભર, પૂ. પંન્યાસજી મહારાજના ગ્રુપમાં રત્ન સમાન વૈયાવચ્ચી કાર્યદક્ષ મહાત્મા મલ્લિસેનવિજયજી મહારાજને કોટિ કોટિ વંદના.

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી કમલસેનવિજયજી મહારાજ.

તેમનું અસલ નામ કેશુભાઇ. હાલાર જિલ્લાના કંજુરડા ગામના રહીશ. તેમના પિતાનું નામ જેશિંગભાઈ અને માતાનું નામ જવીબાઇ. પૂ. પંન્યાસજી મહારાજના ચરણુસેવક બનેલા, જામનગરના આ ત્રીજા માસ્તર હતા. બાલ્યકાળમાં જ તેમને માતાપિતાનો વિયોગ થયો હતો. વડીલોના સહકારથી તેઓ ભણ્યા. બુદ્ધિશાળી હોવાથી ટૂંક સમયમાં સારી પ્રગતિ સાધી અને એક દિવસ હાલારના ગામોના ધાર્મિક પરીક્ષક તરીકે તેમની નિમણુંક થઇ. તેઓ નિષ્ઠાવાન અને પાપભીરુ હતા. કોઇના પર ખોટી રીતે દબાણ ન લાવવું અને બીજાને સહાયક થવું એવી મનોવૃત્તિ ધરાવતા હતા.

ડીસા મુકામે પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં ૨૧ દિવસ ના શ્રી નમસ્કાર મહામંત્રના સામૂહિક જાપ રાખવામાં આવ્યા હતા. તે માટે તેઓ આવ્યા હતા. પૂજ્યશ્રીમાં એવી અલૌકિક ચુંબકીય શક્તિ હતી કે જેથી નવકારનો ચાહક તો એમની પાસે એકદમ ખેંચાઇને આવી જતો.

આ નમસ્કાર મહામંત્રની આરાધના દરમ્યાન શ્રી કેશુભાઇને એવી પ્રેરણા ઉદ્ભવી કે કાદવ જેવા આ સંસારમાં પડવું નહિ અને નમસ્કાર મહામંત્રનું પાંચમું પદ જે 'સાધુ' છે તે પ્રાપ્ત કરવું. અર્થાત્ દીક્ષા લેવી. તેઓ જામનગર પાછા ફર્યા. ત્યાં બિરાજમાન પૂ. ગુરુદેવ

શ્રી કુંદકુંદવિજયજી મહારાજના સંપર્કમાં આવતા રહ્યા. એક દિવસ એવો સોનેરી ઉગ્યો કે પૂ. પંન્યાસજી મહારાજની અમીદૃષ્ટિથી તૃપ્ત થયા અને દીક્ષાનું શુભ મુહૂર્ત આવી ગયું.

૩૩ વર્ષની વયે વૈશાખ સુદ ૩ ના જામનગર પાસે આવેલા મોટામાંઢા ગામે દહેરાસરની પ્રતિષ્ઠાના દિવસે જ એમનો ભવ્ય મહોત્સવ તથા હજારો ભાવિકોની હાજરીમાં પૂ. પંન્યાસજી મહારાજના હસ્તે જ તેઓ દીક્ષિત થયા અને શિષ્ય બન્યા પ. પૂ. કુંદકુંદવિજયજી મહારાજના. નામ પડ્યું મુનિરાજ શ્રી કમલસેનવિજયજી મહારાજ.

ખરેખર કમળ જેવા સુગંધવાળા આ મહાત્મા જ્યાં જાય ત્યાં સેવાની–સહાયની સુવાસ ફેલાવતા. સંયમ પછી પ્રથમ ગુણ–ગુરુભક્તિભાવને આત્મસાત્ કરવા પ્રયત્ન કર્યો. બસ ગુરુ મહારાજ! ગુરુ મહારાજ! ઇંગિતજ્ઞ એવા બની ગયા કે ગુરુ મહારાજને કયારે શું જોઇએ તે એમને ખબર પડી જતી.

અભ્યાસમાં પણ સારી પ્રગતિ સાધી. પણ કહેવાય છે ને! કોઈ પૂર્વના કર્મોદયે માથાનો દુઃખાવો એમને ચાલુ થઈ ગયો. છતાં એક ગજબની વિશેષતા એ રહી કે એ દુઃખાવામાં દુર્ધ્યાનમાં ન પડતાં, જાપમાં પડી ગયા અને કરોડો નવકાર ગણીને આત્માને અરિહંત–અરિહંત સાથે એકાકાર બનાવી દીધો.

સરળ ભદ્રિક પ્રકૃતિ, બાળક જેવા ખુશખુશાલ, વડીલોને પણ સલાહ સૂચન આપી શકે એવા સુજ્ઞ આ મહાત્મા દરેક કાર્ય જાતમહેનતથી કરે છે અને બીજાને તરત સહાયક થનારા છે.

પૂ. પંન્યાસજી મહારાજના ગ્રુપમાં હીરા સમાન પૂ. મુનિરાજ શ્રી કમલસેનવિજયજી મહારાજને વંદના.

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી અજિતસેનવિજયજી મહારાજ.

માંડવલાના વતની (રાજસ્થાન) ભાઈ શ્રી સાંકળચંદજી ત્રિકમચંદજી, પ. પૂ. મુનિરાજ શ્રી જિનપ્રભવિજયજી મહારાજના તપત્યાગમય જીવનદ્વારા આકર્ષાઈ પૂર્વના વૈરાગ્યભાવને દૃઢ કરીને ૫૭ વર્ષની ઉંમરે નવાડીસા મુકામે સં. ૨૦૨૧ ના ફાગણ સુદ ૭ ના ખૂબ જ ઉલ્લાસપૂર્વક દીક્ષા લઈને પ. પૂ. મુનિરાજ શ્રી જિનપ્રભ-વિજયજી મહારાજના પ્રથમ શિષ્યરત્ન બન્યા, તેમનું નામ મુનિરાજ શ્રી અજિતસેનવિજયજી મહારાજ.

ક્ષયોપશમ પ્રમાણે સ્વાધ્યાયાદિમાં આગળ વધતાં, તેઓ પૂ. ગુરુદેવ પ્રત્યે અત્યંત ભક્તિભાવવાળા તથા તપમાં પણ સક્રિય બન્યા. તથા વર્ધમાન તપની આયંબિલની ઓળીઓ વગેરે આરાધનામાં પણ આગળ વધી રહ્યા છે. પૂ. ગુરુમહારાજની આજ્ઞાથી કોઈની પણ સાથે ચાતુર્માસ જવાનું થાય તો તે તરત તૈયાર થઈ જાય. નવકારમંત્રનું સ્મરણ હૈયે ચાલુ જ હોય અને સાથેના મહાત્માને સહાયક થવા સદા તત્પર રહે.

આજે ૮૦ વર્ષની વયે પણ આ મુનિવર્ય પોતાની આરાધના ક્રિયા આદિમાં અપ્રમત્ત રહે છે. કોઈ કાર્યમાં ઢીલાશ કરતા નથી. શક્યતા પ્રમાણે પોતાનું બધું જ કામ જાતે કરી લે છે. પરંતુ હાલ વૃદ્ધાવસ્થાને કારણે ચાર મહાત્માઓ સાથે રહીને વિહારાદિની ક્ષમતા ન હોવાથી પાસે પાસેના ગામોમાં ચાતુર્માસ કરીને, પોતાની આરા-ધનામાં મગ્ન રહે છે.

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી કલાભૂષણવિજયજી મહારાજ.

તેમનું સંસારી નામ કપૂરચંદજી અને તેઓ ગોહીલી (રાજ-સ્થાન) ના મૂળ વતની. પૂ. પંન્યાસજી ભગવંતનાં વ્યાખ્યાનો તેમજ

વાત્સલ્યથી ખેંચાઇને સંયમના અનુરાગી બન્યા. ઘરની બધી વ્યવસ્થા તથા જવાબદારી ગોઠવીને ૬૦ વર્ષની વૃદ્ધ વયે પણ યુવાની જેવા જોશમાં સં. ૨૦૨૨ ના જેઠ વદ–૨ ના પાલીતાણા મુકામે પ. પૂ. મુનિરાજ શ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજના પ્રથમ શિષ્યરત્ન બન્યા. તેમનું નામ મુનિરાજ શ્રી કલાભૂષણવિજયજી મહારાજ રાખ્યું.

વ્યાવહારિક અભ્યાસ સારો. નામ પ્રમાણે ગુણ હતા, તેઓ કલાના જાણકાર હતા. સાત જુદી જુદી ભાષાઓ પર કાબૂ ધરાવતા હતા. વ્યવહારનું અને ધર્મની સૂક્ષ્મતાનું સારું જ્ઞાન હતું. તપ પણ તપસ્વી તરીકે બિરૂદ અપાવે તેવો ચાલુ રહેતો.

દરેક વિષયમાં આગળ વધવાની ભાવનાવાળા આ મહાત્માની ઉંમર તો મોટી હતી જ. તેમાં વળી ઝાડા–ઊલટી થયાં અને કોઈપણ દુર્ધ્યાન વિના એકદમ સમતાપૂર્વક મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં ચતુર્વિધ સંઘની હાજરીમાં સાદડી મુકામે કાળધર્મ પામ્યા.

આ મહાત્માને પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજે નિર્યામણાં કરાવ્યાં હતાં.

સાધુતાના આદર્શ સમા વિશુદ્ધ સંયમી મુનિરાજ શ્રી જયંતભદ્રવિજયજી મહારાજ.

મૂળ રાધનપુરના વતની. રાધનપુર એટલે આરાધન–પુર. દીક્ષાની ખાણ. જ્યાં દરેક કુટુંબમાંથી કોઈને કોઇએ તો અવશ્ય દીક્ષા સ્વીકારેલી જ હોય.

વિ. સં. ૧૯૭૫ ના કારતક વદ–૪ ના એમનો જન્મ થયો હતો. માતા–પિતા ખૂબ જ સંસ્કારી અને ધર્મના રંગે રંગાયેલાં હતાં. એમનું નામ પાડેલ જયંતિભાઈ. નાનપણથી જ તેમને માતા–પિતા પાસેથી સુંદર સંસ્કારો મળ્યા હતા. સ્વભાવે ખૂબ જ નમ્ર સરળ અને કોમળ હતા. કોઈના પણ દુઃખને જોઇને તેમનું હૈયું કંપી ઊઠે. સદ્ગુરુઓનો સમાગમ મળવાથી એમણે નાની વયમાં જ સુંદર ધાર્મિક અભ્યાસ કર્યો હતો.

પોતાના વતનના અનેક ત્યાગી અને સંયમી મહાત્માઓના સંસર્ગથી એમના હૈયામાં સંયમ ગ્રહણ કરવાની ભાવના જાગી. પોતાના પિતાશ્રીની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી અને એમનાં માતુશ્રી તથા બહેનને સંયમ લેવાની બધી અનુકૂળતા કરી આપી. પછી પોતે સં. ૨૦૧૪ માં દીક્ષા સ્વીકારી લીધી.

વ્યવસાયને કારણે તેમને મુંબઈ રહેવું પડ્યું હતું. પરંતુ ત્યાં પણ શ્રાવકને ઉચિત આરાધનાને બરાબર સાચવી રાખી. બંને સમયનું પ્રતિક્રમણ, પૂજા, સામાયિક, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ પ્રવચન-શ્રવણ, પર્વતિથિ આદિ અનેક નિયમોનું પાલન તેઓ ખૂબ જ મક્કમતાથી કરતા હતા.

અચાનક તેમના પુણ્યોદયે પરમ પૂજ્ય અધ્યાત્મયોગી, પરમ નિઃસ્પૃહી, પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનો ભેટો થઈ ગયો. પૂજ્યશ્રીના બાહ્ય અને અંતરંગ વિરાટ વ્યક્તિત્વની એમનાં મન પર ભારે અસર થઈ. એ યોગી પુરુષને જોતાં જ એમનું મસ્તક નમી પડ્યું અને જયંતિભાઇએ મનોમન સંકલ્પ કરી લીધો.

'ગુરુ તો આ મહાપુરુષને જ કરવાના. આવા મહાન યોગી જો મારો હાથ ઝીલી લે, તો મારો બેડો પાર થઈ જાય.' ધીમે ધીમે પૂજ્યપાદ શ્રી પંન્યાસજી ભગવંતના સાન્નિધ્યમાં રહેવાનું નક્કી કર્યું. જે જે ક્ષેત્રમાં પૂજ્યપાદ પંન્યાસજી ભગવંત ચાતુર્માસાદિ કરતા, તે તે ક્ષેત્રોમાં જયંતિભાઈ પૂજ્યશ્રી સાથે રહેતા અને ત્યાં શ્રી સંઘમાં ધાર્મિક પાઠશાળા ચલાવતા. અનેકોના જીવનમાં તેમણે ધાર્મિક અધ્યાપનદ્વારા ધર્મ-સંસ્કારોનું સિંચન કરેલ છે. હાલાર, ગુજરાત, રાજસ્થાન આદિ જે જે પ્રદેશમાં પૂ. પંન્યાસજી ભગવંત વિચરેલા, તે તે પ્રદેશના અનેક ગામોમાં અનેક ભાવિકોને અભ્યાસ કરાવેલ.

સદ્‌ગુરુના સાન્નિધ્યમાં રહી એમણે સં. ૧૯૯૬માં વર્ધમાન તપની ઓળીનો પાયો નાખેલ. ત્યારબાદ મોટો સમય ઓળીમાં જ પસાર કરેલ છે. સં. ૨૦૨૩ માં પ. પૂ. પંન્યાસશ્રી મુક્તિવિજયજી

મહારાજ (પછીથી પૂ. આચાર્ય શ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ)ના સાન્નિધ્યમાં રાધનપુર મુકામે ભવ્ય મહોત્સવપૂર્વક વર્ધમાન તપની સો ઓળીઓ પૂર્ણ કરી.

ત્યારબાદ થોડા દિવસે એમના પિતાશ્રી સમાધિપૂર્વક કાળ કરી ગયા. હવે તો હૈયે એક જ તમન્ના હતી, 'હું કયારે સંયમ સ્વીકારું ?' પોતાની આ ભાવના પ. પૂ. પંન્યાસજી ભગવંતની આગળ રજૂ કરી. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ એમની ભાવના તથા યોગ્યતા જાણી દીક્ષા ગ્રહણ કરવા માટે આશીર્વાદ આપ્યા. સં ૨૦૨૫ ના માગસર સુદ ૬ ના લુણાવા મુકામે દીક્ષા થઈ. તેમને મુનિશ્રી મહાભદ્રવિજયજી મહારાજના શિષ્ય બનાવ્યા. જયંતિભાઈ સંસારી મટી સાધુ બન્યા અને એમનું નામ.

'મુનિશ્રી જયંતભદ્રવિજયજી' રાખવામાં આવ્યું.

સંયમ જીવનની એમની આગવી વિશેષતાઓ હતી. અદ્‌ભુત ગુરુ–સમર્પણ તથા વૈયાવચ્ચ અને સેવાની વૃત્તિ. લુણાવા મુકામે પૂ. મુનિશ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજની એમણે પાંચ વરસ સુધી લાગટ સેવા કરેલી. પૂ. પં. શ્રી હર્ષવિજયજી મહારાજ, પૂ. મુનિશ્રી ધર્મરત્નવિજયજી મહારાજ આદિ અનેક મહાત્માઓની એમણે છેલ્લે સુધી સેવા કરેલી.

તેઓશ્રી મહાન તપસ્વી હતા. એમનું જીવન તપોમય હતું. આયંબિલ એમનો તપ હતો. વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કર્યા બાદ બીજી ૮૨ ઓળીઓ ખૂબ જ ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક કરી. લગભગ ૯૫૦૦ આયંબિલ કરેલાં, આયંબિલમાં પણ લગભગ બે જ દ્રવ્યોનો ઉપયોગ કરતા દાળ અને રોટલી.

એમના જીવનમાં પ્રમાદનું કયાંય નામ નહિ. શ્રમણ જીવનની અન્ય ક્રિયાઓથી નિવૃત્ત થતાંની સાથે જ તેઓ નવકારવાળી ગણવાનું ચાલુ કરી દેતા. રોજ રાત્રે વહેલા ઊઠી કાયોત્સર્ગ જાપ આદિની સુંદર આરાધના કરતા.

દીક્ષા પૂર્વેથી જ એમનું જીવન ત્યાગપ્રધાન હતું. મેવા-ફળ આદિનો ત્યાગ હતો. બેઆસણાથી ઓછું પચ્ચક્ખાણ તો તેઓ કરતા જ નહિ. ઉપધિ-વસ્ત્ર-પાત્ર વગેરેમાં ખૂબ જ નિઃસ્પૃહી હતા. સાધુ જીવન માટે ઉપયોગી ઉપકરણ સિવાય બીજી કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરતા નહિ. વળી અત્યંત પ્રશાંત સ્વભાવથી તેઓ દરેકને પ્રિય બની રહેતા.

પરમાત્મ ભક્તિના તેઓ ખૂબ જ રસિયા હતા. કોઈ પણ ગામ, શહેર, તીર્થમાં વિહાર કરીને પહોંચે કે તરત ત્યાંના બધાં સ્થાનોની માહિતી મેળવી, બધાં જ ચૈત્યોનાં દર્શન તેઓ અવશ્ય કરતા. ભાવથી રોજ તીર્થયાત્રા કરતા. અદ્‌ભુત ગુણાનુરાગી વૃત્તિને કારણે, બીજાના દોષ જોવા, સાંભળવા કે બોલવાની બાબતમાં અંધ, બધિર અને મુક જેવા હતા. નાના કે મોટા કોઈ પણ મહાત્માના ત્યાગ-તપ-સ્વાધ્યાય-વૈયાવચ્ચ આદિની ખૂબ ખૂબ અનુમોદના કરતા. તેમના સ્વભાવમાં ઈર્ષ્યા-દ્વેષ લેશમાત્ર પણ ન્હોતાં.

રોજ ભગવાન મહાવીરસ્વામીની પાટ-પરંપરાને યાદ કરી ભૂતકાળ અને વર્તમાનકાળના બધા જ સંયમી, આરાધક, આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય, પંન્યાસ અને મુનિ ભગવંતોને યાદ કરી, એમના પવિત્ર જીવનની અચૂક અનુમોદના કરતા.

એમનું જીવન ખૂબ જ સમાધિમય હતું. એના ફળ સ્વરૂપે જ તેઓ અદ્‌ભુત સમાધિ મરણને પામી શકયા. અનેક ગુણોના સ્વામી સ્વ. મહાત્મા અદ્‌ભુત સમાધિને સાધી પોતાના જીવનને તો ધન્ય બનાવી ગયા, સાથે સાથે સમાજમાં એક સુંદર આદર્શ પણ મૂકતા ગયા.

પરમ પૂજ્ય તપસ્વી મુનિરાજ શ્રી જયમંગલવિજયજી મહારાજ.

જૂનાગઢના વતની મોહનલાલભાઈ અમરશી, એમનું જીવન બ્રહ્મચારી હતું. માતા-પિતાની સારી સેવા ભક્તિ કરી તથા પોતાની

જવાબદારી અદા કરી, ૫૩ વર્ષની ઉંમરે સં. ૨૦૨૬ ના વૈશાખ સુદ ૬ ના બેડા મુકામે પૂ પંન્યાસજી મહારાજે દીક્ષા આપી અને વયોવૃદ્ધ તપસ્વી મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી મહારાજના શિષ્ય બનાવ્યા અને નામ પાડયું.

'મુનિરાજ શ્રી જયમંગલવિજયજી મહારાજ.'

પોતે પીઢ અને ગંભીર હોવાથી તથા સેવા કરવાની કળાની અનેરી આવડતના કારણે, બિમાર અને અશક્ત મહાત્માઓને સંતોષ આપી શક્યા. પોતાના ગુરુદેવની છેક છેલ્લે સુધી એમણે સેવા કરી. ત્યારબાદ પૂ. પંન્યાસજી મહારાજ સાહેબની સેવાનો અવસર મેળવ્યો. ભક્તિકાર્ય પૂરું થાય કે નવકારવાળી લઇને બેસી જવાનું. કોઈ જિજ્ઞાસુ આવે તો એનામાં વૈરાગ્ય એવો તો દૃઢ કરે કે એને એક વખત તો સંસાર પર વૈરાગ્ય લાવી દે.

અમદાવાદ જ્ઞાન મંદિરમાં મુનિરાજ શ્રી પ્રકાશવિજયજી મહારાજની એક હાથ તથા પગની આંગળીઓ ગળેલી. તેમની બે વર્ષ સેવા કરી. આજે પણ તેઓ યાદ કરે છે અને કહે છે કે જયમંગલજીએ મને ખૂબ સંતોષ આપ્યો છે. પૂજય ગુરુદેવોની કૃપાથી તેઓશ્રીએ વર્ધમાન તપની ૧૦૦ ઓળીઓ પૂર્ણ કરેલ છે અને ત્યારબાદ પણ ચોમાસાના ચાર મહિના લગભગ આયંબિલ જ કરે છે અને તે પણ નિયમિતતાપૂર્વક.

છેલ્લા ચાર વર્ષથી મારવાડ છે. એકાએક લકવાનો હુમલો આવ્યો પણ આરાધનાના બળે બચી ગયા. થોડી તકલીફ રહી પણ એકંદરે સારું છે અને તેમાં પણ પૂરી સમતા જાળવી રાખે છે. સાથેના મહાત્માઓને સહાય કરવાની વૃત્તિ હંમેશાં તેમને રહ્યા કરે. આવી પરિસ્થિતિમાં પણ નવકારવાળી તો લગભગ ચાલુ જ રાખેલ છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના સાન્નિધ્યમાં જે આવ્યા તે કાંઈ ને કાંઈ પામી ગયા. તે આ બધા મહાત્માઓના જીવનથી જોતાં આનંદ આનંદ થાય છે.

———

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી સોમપ્રભવિજયજી મહારાજ.

મોળધરના વતની ગગલદાસભાઇના સુપુત્રરત્ન પ્રૌઢ એવા શાંતિલાલભાઈ, પ. પૂ. મુનિરાજ શ્રી જિનપ્રભવિજયજીની વૈરાગ્યવાણીથી વૈરાગ્યવાસિત બની, ઘરની જવાબદારી વડીલોને સોંપી ૪૪ વર્ષની ઉંમરે સં. ૨૦૨૯ ના વૈશાખ વદ ૬ ના પાલડી મુકામે ભવ્ય મહોત્સવપૂર્વક દીક્ષા લઇને પૂ. મુનિશ્રી જિનપ્રભવિજયજી મહારાજના શિષ્ય બન્યા અને મુનિરાજશ્રી સોમપ્રભવિજયજી મહારાજ તરીકે જાહેર થયા.

જેવું નામ તેવા જ ગુણો. સોમ એટલે ચંદ્ર. અને ખરેખર ચંદ્ર જેવા જ શીતળ અને સૌમ્ય આ મહાત્મા છે. ગુરુભક્તિ તપ અને સ્વાધ્યાયમાં પ્રવૃત્ત રહે છે. આ સિવાય કોઈ બીજી બાબતમાં તેઓ રસ લેતા નથી. પર પંચાતથી દૂર રહે છે. એમને તો બધાંના ગુણો જ દેખાય છે. કોઇનાથી એમના પર જરા પણ ઉપકાર થઈ ગયો હોય તો તે વારંવાર યાદ કરે અને ઉપકાર માને, આવો કૃતજ્ઞતાનો ગુણ એમનામાં છે.

ઓળીઓ ઉપર ઓળીઓ કરવા છતાં કોઈ દેખાવ નહિ, પણ નમ્રતા જણાય. આવા ઉત્તમ મુનિઓથી ભરપૂર આ શાસન ખરેખર વંદનીય છે. પૂજનીય છે.

વૈયાવચ્ચી પૂજ્ય મુનિરાજશ્રી ચારિત્રપ્રભવિજયજી મહારાજ.

ઉદયપુર (રાજસ્થાન)ના રહીશ ચોસરલાલજીએ ૫૪ વર્ષની વયે કુટુંબ પરિવારની યથાશકય વ્યવસ્થા કરીને સં. ૨૦૩૦ ના જેઠ સુદ ૧૦ ના દેલંદર મુકામે પ. પૂ. મુનિરાજ શ્રી જિનપ્રભવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી ચારિત્રપ્રભવિજયજી તરીકે દીક્ષા ગ્રહણ કરી.

સંસારના અનુભવથી પરિપકવ બનેલા અને વિશેષ અભ્યાસના અભાવે મુખ્ય ત્રણ ગુણોમાં તેઓ વૃદ્ધિ કરવા લાગ્યા.

(૧) સાધુ ભગવંતોની મૂંગે મોંઢે સેવા-વૈયાવચ્ચ.

(૨) શકય આરાધના તથા સ્વાધ્યાય.

(૩) તપ-જપ.

બે વર્ષ બાદ પોતાના પુત્રને પણ આજ માર્ગે વાળ્યો અને તેને દીક્ષા અપાવી.

શાંત પ્રકૃતિ અને પોતાના કાયમી કામથી નિવૃત્ત થતાં, બાકીનો સમય નવકારવાળી ગણવામાં અને સ્વાધ્યાય કરવામાં ગાળે. કોઈની સાથે કોઇ વિષયમાં કાંઈ માથાકૂટ કરવી ગમે નહિ. ગુરુમહારાજની આજ્ઞા અને ઇચ્છા પ્રમાણે વર્તવાની એમની ટેવ છે.

આ મુનિરાજશ્રી હાલ પૂ. મુનિરાજ શ્રી અજિતસેનવિજયજી મહારાજની સેવામાં રહે છે અને આરાધના કરે છે.

પ. પૂ. પરમ શાંત મહાત્મા મનમોહનવિજયજી મહારાજ.

પૂજ્ય પંન્યાસજી મહારાજના ગ્રુપમાં ગંભીર, શાંત મહાત્મામાં વર્તમાન ગ્રુપમાં પ્રથમ નંબર કહું તો અતિશયોક્તિ નહિ ગણાય એવા આ મહાત્માનો જન્મ લાસ મુકામે માતા મીઠીબેન, પિતા વીરચંદભાઇને ત્યાં વિ. સં. ૨૦૦૩ ના ચૈત્ર સુદ ૧૧ ના થયો હતો. તેમનું નામ પડયું મગનલાલ.

સ્વપ્ને પણ ખ્યાલ નહિ કે મગનલાલ એ મનમોહનવિજયજી મહારાજ બનશે પણ હાં! એટલું નક્કી હતું કે પ્રકૃતિ એટલી શાંત કે બાલપણથી તેમનામાં એક મહાત્માનાં દર્શન થતાં. જ્યારે તેમને પૂ. પંન્યાસજી મહારાજનાં દર્શન થયાં ત્યારે એમના પૂર્વના સંસ્કારો જાગી ઊઠ્યા.

'હવે આ સંસારમાં નથી રહેવું' એવું એમનું અંતર પોકારી રહ્યું. દીક્ષા માટે વારંવાર વડીલોને વિનંતી કરી. એવામાં તબિયત એવી બગડી કે આ સ્થિતિમાં દીક્ષા લઈ શકાય એવું રહ્યું નહિ. છતાં અંતરનો પોકાર સંયમ-સંયમ કરી રહ્યો હતો. બે વર્ષ બાદ તબિયતમાં સુધારો આવ્યો.

પ. પૂ. પંન્યાસજી મહારાજના હૃદયમાં સ્થાન પામી ચૂકેલા મગનભાઇનો પુણ્યોદય થયો અને એક સોનેરી દિવસે સં. ૨૦૩૧ ના વૈશાખ સુદ-૧૩ ના લાસમાં પૂ. પ્રદ્યોતનવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી મનમોહનવિજયજી તરીકે જાહેર કરાયા. પોતાના અંતરની ઇચ્છા આજે પૂરી થઇ. તેનો આનંદ તેમના ચહેરા ઉપરથી જાણી શકાતો હતો. ગંભીર મુદ્રામાં પણ અંતર તો હાસ્ય જ વેરતું હતું.

હવે તેઓ સ્વાધ્યાય-તપ-ભક્તિમાં મગ્ન બનવા લાગ્યા. એકાગ્રતા ખૂબ તેથી જે કાંઇ ભણવાનું કરતાં તે ટૂંક સમયમાં પૂર્ણ કરી શકતા. તપમાં પણ આગળ વધવા પ્રયત્નો કરતા પણ જાણે દીક્ષા અપાવવા માટે જ તબિયત સુધરી હોય તેમ ફરી બે વરસે ઊથલો આવ્યો અને નબળાઇ આવી ગઇ. છતાં સમતાના સાગર ગુરુદેવ પંન્યાસજી મહારાજના પરમ કૃપાપાત્ર શિષ્યના જીવનમાં પણ સમતા હોય તેમાં નવાઈ નથી. ગમે તેવી પરિસ્થિતિમાં એકદમ શાંતિ રાખવી અને બીજાને સહાયક થવું એ જ નિર્ણય.

પૂ. પંન્યાસજી મહારાજના હૃદયમાં એમનું કેવું સ્થાન હતું તે પૂ. પંન્યાસજી મહારાજના જ શબ્દોમાં જોઇએ. જ્યારે પૂ. પંન્યાસજી મહારાજની પિંડવાડામાં એકાએક તબિયત બગડી અને કોઈ સુધારો થવાની શકયતા ન્હોતી ત્યારે મહાત્માઓની વ્યવસ્થા જણાવતાં સૌ પ્રથમ કહેલું, 'મુનિ મનમોહનવિજયજીને બરોબર સાચવી લેજો.'

અને પૂજ્યોની કૃપાથી જ આજે નરમ-ગરમ તબિયતમાં પણ દશ વર્ષ સુધી પૂ. મલ્લિસેનવિજયજી મહારાજ સાથે પૂ. ભાવવિજયજી

મહારાજની સેવા કરી અને હાલ પૂ. મલ્લિસેનવિજયજી મહારાજ સાથે જ રહી આરાધના કરી રહ્યા છે.

ધન્ય છે શાંત-પ્રશાંત-ગંભીર મહાત્મા,
મુનિરાજ શ્રી મનમોહનવિજયજી મહારાજને !

પ. પૂ. તપસ્વી મુનિરાજ શ્રી વિનયંધરવિજયજી મહારાજ.

પ. પૂ. આગમવિશારદ પર્યાયવૃદ્ધ મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજના શિષ્યરત્ન આ મુનિરાજ શ્રી વિનયંધરવિજયજી મહારાજ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયજિનપ્રભસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં રહીને અપ્રમત્ત આરાધના કરી રહ્યા છે.

શાંત પ્રકૃતિ, સંયમ પાલનની તીવ્ર ભાવના, તપમયજીવન તથા સ્થિરતા પણ અનેરી. વિહાર પણ બરોબર સમયે કરે અને ગરમીમાં કયારેક ૧૨-૧૨ વાગે ૨-૨ વાગે પહોંચે, છતાં જરાય ઉદ્વેગ કે હાયવોય નહિ. ખૂબ શાંતિ રાખે. અટ્ઠમતપ કર્યા જ કરે. પારણા માટે ઉતાવળ કરે નહિ. બધાને સહાયક થઇ કંઇક કરીને, પોતે પારણું કરવા બેસે. વડીલોની આજ્ઞા સિવાય ડગલું પણ ભરે નહિ.

ખરેખર આવા મહાત્માઓને જોતાં આપણે નમી પડીએ. બધાના ગુણો જ જુએ. બીજી કાંઇ માથાકૂટ નહિ. દહેરાસરમાં પણ તેમના કલાક-બે-કલાક નીકળી જાય. ભગવાન પાસે એકદમ બાળક બનીને કાલાવાલા કરે, જાણે પોતાનામાં કાંઇ જ નથી.

ધન્ય છે આવા મુનિ ભગવંતોને !

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી પ્રેમપ્રભવિજયજી મહારાજ.

પ. પૂ. મુનિરાજ શ્રી ચારિત્રપ્રભવિજયજી મહારાજના સંસારી સુપુત્રરત્ન પ્રમોદકુમાર, તેમના પિતાની વારંવારની વૈરાગ્યમય વાતો

તથા સદુપદેશથી પ્રભાવિત થયા. વળી પૂર્વના એવા સંસ્કારો, જેને કારણે ધર્મ, સાધુ ભગવંત વિગેરે ગમે. તપ કરવાની રુચિ થાય. એ રીતે આત્મવિકાસ કરતાં ચૌદ વર્ષની બાળ વયે સં. ૨૦૩૨ ના પોષ વદ ૧૩ ના બરલૂટ મુકામે દીક્ષા લીધી. સંસારમાં ઉપકારી પિતા પૂ. મુનિરાજ શ્રી ચારિત્રપ્રભવિજયજી મહારાજના શિષ્ય બન્યા અને નામ પામ્યા મુનિરાજ શ્રી પ્રેમપ્રભવિજયજી મહારાજ.

દીક્ષા બાદ તપમાં વિશેષ જોડાયા. ઓળીઓ કરીને કાયા કસી. શકય સ્વાધ્યાયાદિ કરીને, સંયમમાં આગળ વધી રહ્યા છે.

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ચારિત્રભૂષણવિજયજી મહારાજ.

સોનગઢ પાસેના જીથરી ગામના વતની, તેમના પૂર્વજો હતા. હાલ પૂના રહે છે. તેમના પિતાશ્રીનું નામ રણછોડદાસ અને માતુશ્રીનું નામ જીવીબેન. વસંતભાઇ તેમના સૌથી નાના સુપુત્ર. પૂર્વના સંસ્કારોને કારણે, નાનપણથી જ તેમને ધર્મપ્રત્યે રુચિ હતી. આથી મહેસાણા ધાર્મિક પાઠશાળામાં અભ્યાસ માટે આવ્યા.

આ પાઠશાળાનું વાતાવરણ વૈરાગ્યમય છે. અહીં અભ્યાસ કરીને ઘણા પંડિતો થયા છે, જે ઠેર ઠેર ભણાવી રહ્યા છે, ઘણા વૈરાગ્ય પામી મહાત્માઓ બન્યા છે, જે જગહ જગહ વિચરી રહ્યા છે. આવી આ પાઠશાળામાં અભ્યાસ કરતા એમને સંયમની ભાવના જાગી.

ભણાવનાર પંડિતજીને જ્યારે તેમણે આત્મકલ્યાણ સાધવા, કોઇ ગુરુ ભગવંત બાબત સલાહ આપવા જણાવ્યું ત્યારે તેમણે પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજનું નામ આપ્યું અવસર મેળવી તેઓ પૂજ્યશ્રી પાસે મારવાડ પહોંચ્યા. પૂજ્યશ્રીનાં દર્શન વંદન કરતાં જ મનમાં એવો નિર્ણય કર્યો કે હવે ચરણસેવક તો આ ઉપકારીના જ બનવું.

એક વર્ષ સુધી સાથે રહી, સંયમની તાલીમ લીધી. જ્યારે તેમણે અને તેમનાં કુટુંબીજનોએ દીક્ષા માટે વિનંતી કરી, ત્યારે પૂજ્યશ્રીએ તેમને પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીની પાસે મોકલ્યા. એમનાં કુટુંબીજનોની ઈચ્છા, તેમની દીક્ષા પુના મુકામે ઘરઆંગણે થાય તેવી હતી અને પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીનો કુદરતી રીતે જ તેમના ગામે સંયોગ હતો. વળી ત્યાં બીજી દીક્ષાઓ પણ હતી, તેથી ત્યાં દીક્ષા સુલભ થઇ. સં. ૨૦૩૩ ના કારતક વદ ૫ ના ૩૧ વર્ષની ભરયૌવન વયે પૂજ્યપાદશ્રીના હસ્તે દીક્ષિત થઇ પૂ. પંન્યાસજી મહારાજના શિષ્યરત્ન, 'મુનિરાજ શ્રી ચારિત્રભૂષણવિજયજી મહારાજ' બન્યા.

દીક્ષા બાદ એક વર્ષ સુધી તેઓ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીની સાથે રહ્યા. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં આવ્યા અને અભ્યાસમાં તેઓ જોડાયા. સેવાવૃત્તિ અને જયણાનો વિશેષ ખ્યાલ રાખે છે. કોઇ જીવ મરે નહિ તે માટે પૂરેપૂરી સાવચેતી રાખે. મહાત્માઓને સહાય કરવા માટે તૈયાર, આ મહાત્મા વડીલોની આજ્ઞા પ્રમાણે ચોમાસામાં જાય છે. આરાધનામાં મગ્ન રહે છે. હાલ. પ. પૂ. કીર્તિકાંતવિજયજી સાથે એમની વૈયાવચ્ચ, ભક્તિપૂર્વક આરાધના કરી રહ્યા છે. અન્યને સહાયક થવાની વૃત્તિ, જયણા માટેની તકેદારી, તથા વડીલોની આજ્ઞા પ્રમાણે વર્તવું આદિ ગુણો તેમના પ્રશંસનીય છે.

પ. પૂ. સમર્થ વક્તા મુનિરાજ શ્રી રત્નસેનવિજયજી મહારાજ.

બાલી ગામમાં (રાજસ્થાન) ચંપાબેનની કુક્ષીએ છગનરાજજીને ત્યાં અત્યંત તેજસ્વી બાળકનો વિ. સં. ૨૦૧૫ ના ભાદરવા સુદ ૩ ના જન્મ થયો. નામ પડયું રાજમલ. લાડલું નામ 'રાજુ.' ત્યારે કોઇને કલ્પના પણ ન હતી કે આ બાળક શાસનનો રત્ન બનશે.

બાળપણમાં ભણવામાં ખૂબ જ હોંશિયાર. સ્કૂલમાં તો નંબર આવે જ, પણ ધાર્મિક સૂત્રોમાં પણ પ્રથમ નંબરે પાસ થાય. અંતરથી સંયમ માટેની ભાવના. પ. પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ, પ. પૂ. કીર્તિકાંતવિજયજી મહારાજ તથા પ.પૂ. મહાસેનવિજયજી મહારાજનું ચાતુર્માસ ત્યારે થયેલું. એમણે જ્યારે જાણ્યું કે પ. પૂ. પંન્યાસજી મહારાજ એક અધ્યાત્મયોગી મહાપુરુષ છે, ત્યારે તેઓશ્રીનાં દર્શન કરવા માટે તીવ્ર ઇચ્છા થઇ.

માતાપિતાના અત્યંત મોહના કારણે તેમને કંઇ વાત કહેવી યોગ્ય ન લાગતાં, તેમને જણાવ્યા વગર પૂજ્યશ્રી પાસે જઈ વંદન કરી, પોતાની દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરી, ઘરે પાછા ફર્યા. અનેક પ્રયત્નો પછી ન છૂટકે માતાપિતાએ રજા આપી અને સં. ૨૦૩૩ ના મહા સુદ ૧૩ ના ૧૮ વર્ષની ઉંમરે બાલી મુકામે ભવ્ય મહોત્સવપૂર્વક તેમની દીક્ષા થઇ. પ. પૂ. પંન્યાસજી મહારાજના શિષ્ય બન્યા અને નામ પડ્યું મુનિરાજ શ્રી રત્નસેનવિજયજી મહારાજ.

અભ્યાસ કરવાની તમન્ના સાથે સંયમની આરાધનામાં એકતાન બન્યા. વડીલોની કૃપા ઉતરી અને પ. પૂ. પંન્યાસજી શ્રી હર્ષવિજયજી મહારાજ સાથે પાટણ આવ્યા. સતત ચાર વર્ષ ત્યાં રહીને સંસ્કૃત-વ્યાકરણ-પ્રકરણ-કર્મગ્રંથાદિનો સારો અભ્યાસ કરી, સારી પ્રગતિ સાધી. વ્યાખ્યાનમાં પણ ઉત્સાહ હોવાથી રસપૂર્વક પ્રયત્નો કર્યા અને આજે એક સમર્થ વક્તા તરીકે શાસન પ્રભાવના કરી રહ્યા છે.

નિયમિત એકાસણાનો તપ તથા નિયમિતતાપૂર્વક કાર્ય કરવાની એમની ધગશ એ એમની વિશિષ્ટતાઓ છે. બાર વર્ષના દીક્ષા પર્યાયમાં આજ સુધીમાં તેમણે બાર જેટલાં વિશિષ્ટ તથા ઉપયોગી થાય એવાં હિન્દી પ્રકાશનો બહાર પાડેલાં છે. ઉપરાંત પૂ. પંન્યાસજી મહારાજના ગુજરાતી સાહિત્યનો હિન્દી અનુવાદ કરી બાર પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. આ રીતે જ્ઞાનભક્તિ તેમજ શાસનપ્રભાવનાનાં

કાર્ય સાથે સુંદર સંયમ જીવનમાં આગળ વધી રહેલા આ મુનિરાજશ્રી ભવિષ્યમાં શાસનના એક અનુપમ પ્રભાવક મુનિ બનશે એવી આશા શ્રી સંઘ આ મુનિરાજ પાસે રાખે છે.

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મેરુપ્રભવિજયજી મહારાજ.

જાલોર–રાજસ્થાનના વતની પણ આરાધના માટે તથા ધંધાર્થે ડીસા કેમ્પમાં રહેતા, પોતે આરાધના કરતા અને બીજાઓને પણ કરાવતા, ધાર્મિક પ્રવૃત્તિઓમાં આગેવાન જેવા આ માંગીલાલભાઈમાં ધીરે ધીરે અનેક મહાત્માઓના પરિચયથી વૈરાગ્યભાવના દૃઢ થતી ગઈ.

કૌટુમ્બિક જવાબદારીઓ પૂર્ણ કરી, શકચ વ્યવસ્થા કરી, ૬૮ વર્ષની ઉંમરે સં. ૨૦૩૩ ના માગસર સુદ ૬ ના ડીસા કેમ્પમાં ઉત્સાહમય વાતાવરણમાં દીક્ષિત થઈ, પૂ. પંન્યાસજી જિનપ્રભવિજયજી મહારાજના શિષ્યરત્ન બન્યા, તેમનું નામ 'મુનિરાજ શ્રી મેરુપ્રભવિજયજી મહારાજ' પાડયું.

ત્યારબાદ થોડા દિવસોમાં જ એકાએક પડી જવાથી તેમને પગમાં ફ્રેકચર થયું અને કાયમની ખોડ રહી ગઈ, પણ સમતા ધારણ કરી. જરાય હાય વોય નહિ. સાત વર્ષના ટૂંકા ગાળાના સંયમપાલન બાદ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

પરમ પૂજ્ય પીઢ અને અનુભવી મુનિરાજ શ્રી વીરસેનવિજયજી મહારાજ.

હાલારના સમુદ્રકિનારે રહેલ સિંગચ ગામના મૂળ રહીશ, પણ ઘણાં વર્ષોથી મુંબઈમાં ભાયખલામાં રહેતા. તેમનું અસલ નામ વેલજીભાઈ. હાલાર વિસ્તારના ગામોમાં ધર્મના પ્રચાર–પ્રસાર માટે

તેમણે સારી મહેનત–જહેમત ઉપાડેલી. એટલે સંસારીપણામાં એમનાં સગાં–સ્નેહી–સંબંધીઓ મહાત્મા તરીકે ઓળખતાં.

૨૫–૨૫ વર્ષોથી સંયમની ભાવનામાં રમતા તેમનો પુણ્યોદય જાગ્યો અને ઘરના કુટુમ્બીઓએ તેમને દીક્ષા લેવાની રજા આપી. તેમણે બંને પુત્રો તથા પુત્રીના લગ્નની જવાબદારી પતાવી. પછી પૂ. પંન્યાસજી મહારાજ પાસે આવ્યા. પૂજ્યશ્રી આ પીઢ અને સ્થિર વેલજીભાઇને ઘણાં વરસોથી જાણતા હતા, તેથી તેમની વિનંતી સ્વીકારી મુહૂર્ત કાઢી આપ્યું. પાટણ મુકામે ત્રણસો હાલારી ભાઈ બ્હેનો તથા શ્રી પાટણ જૈન સંઘની હાજરીમાં સં. ૨૦૩૬ ના વૈશાખ સુદ ૧૩ ના ૫૮ વર્ષની વયે તેમની દીક્ષા થઈ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજીના શિષ્ય બન્યા અને 'મુનિરાજ શ્રી વીરસેનવિજયજી' નામ પાડયું.

પૂ. પંન્યાસજી મહારાજના હસ્તે છેલ્લો વાસક્ષેપ પામવાને પુણ્યશાળી તેઓ બન્યા.

ઉંમર મોટી હોવા છતાં દીક્ષા પછી સ્વાધ્યાય–તપ–આરાધનાની એવી લગની છે કે પ્રકરણ–ભાષ્ય–તત્ત્વાર્થ વિગેરે ગોખ્યાં. તદુપરાંત સંસ્કૃત બુક કરી, પ્રાકૃત કર્યું અને ઓળી ઉપર ઓળી કરતા જ જાય છે. ૭૬ ઓળીઓ થઈ ગઈ અને આગળ હજુ ચાલુ જ છે.

ગુરુ આજ્ઞાથી જે મહાત્મા સાથે ચાતુર્માસ માટે કે કોઈ બીજા પ્રસંગ પર જવું પડે તો તેમને અનુકૂળ રહે અને ઉપયોગી પણ થાય. દરેક વિષયમાં અનુભવી તથા જાણકાર એવા આ મહાત્માની આરાધના–સ્થિરતા સ્વાધ્યાય તથા તપની લગની જોઇને પ્રેરણા મળે તેવી છે.

ધન્ય છે આવા શાંત–પીઢ–રત્નોને !

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી હેમપ્રભવિજયજી મહારાજ.

કચ્છ–વાંકી ગામે માતા તેજીબાઈની કુક્ષીએ, પ્રેમજીભાઈના પુત્ર તરીકે જન્મ થયેા. પહેલેથી જ તેમની કુશાગ્ર બુદ્ધિ હતી. તેમનેા સ્થાનકવાસી ધર્મ હતેા તેથી સ્થાનકમાં જઈ આરાધના કરતા.

પ્રેમજીભાઇનેા પૂ. કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સાથે જૂનેા સંપર્ક પણ વચ્ચે પેાતે કાનપુર રહેવા જતાં એ સંપર્ક તૂટી જવા પામ્યેા હતેા. પછી સં. ૨૦૩૨ ની સાલમાં ફરીથી સંપર્ક સધાયેા અને ભાવના વધવા લાગી. દીક્ષાની ભાવના થઈ પણ જવાબદારીઓના કારણે પેાતે તાત્કાલિક સંસાર છેાડી શકે તેમ હતું નહિ, પણ પેાતાના પરિવારમાંથી કેાઈ દીક્ષા લે, તેવી ઈચ્છા હતી. તેમાં નાના પુત્ર અશેાકને તેમણે આ માટે સમજાવ્યું.

પૂ. પિતાશ્રીની આજ્ઞા શિરેાધાર્ય કરી, પૂ. કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ સાથે રહીને તાલીમ મેળવી અને યેાગ્ય સમયે એ બહેનેા સાથે દીક્ષા લીધી.

દીક્ષાની શરૂઆતથી જ જ્ઞાન–ધ્યાન–તપ-વૈયાવચ્ચમાં લાગી ગયા. ભણવા સાથે રેાજના એકાસણાપૂર્વક વડીલેાની સેવામાં ખૂબ રસ લે. આવડત પણ ઘણી તેથી બધાના મનને પ્રસન્ન કરી દે. તેમણે પૂ. ગુરુમહારાજની બે વર્ષ ખૂબ સેવા કરી, પછી પૂ. મહાસેનવિજયજી મહારાજની સેવા ગુરુમહારાજની આજ્ઞા મુજબ કરી. હાલમાં પણ મંડળના બધા વડીલેાની સેવા ખૂબ સમાધિ આપવાપૂર્વક કરી રહ્યા છે અને પૂ. પંન્યાસજી વજ્રસેનવિજયજી મહારાજને સંપૂર્ણ સહાયક બનીને શાસ્ત્ર પ્રકાશનેામાં ખૂબ રસ લઈ રહ્યા છે.

આગળ ઉપર તેઓશ્રી ખૂબ પ્રગતિ સાધી પૂ. પંન્યાસજી મહારાજના મૈત્રી–કરુણા–વાત્સલ્ય–વૈયાવચ્ચનેા વારસેા જાળવે અને સ્વ–પર ઉપકારક બને તેવી અંતરની શુભ ભાવના...!

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી નયભદ્રવિજયજી મહારાજ.

અમદાવાદમાં મંગલપારેખના આંચામાં રહેતા, રમણુભાઇના સુપુત્ર રાજેશકુમાર, માતાના ધાર્મિક સંસ્કારોથી સિંચિત થઇ ધર્મમાં જોડાયા અને ધીરે ધીરે મહાત્માઓના પરિચયથી વૈરાગ્ય વાસિત બનતા ગયા. તેમાં પ. પૂ. આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજના પરિચયમાં આવ્યા અને દીક્ષા લેવા તૈયાર થયા. એકના એક પુત્રને માતા-પિતાએ શાસનને સમર્પિત કર્યો.

બાવીશ વર્ષની યુવાન વયમાં સં. ૨૦૩૮ ના વૈશાખ સુદ ૧૩ ના અમદાવાદમાં શાહપુરમાં તેમની દીક્ષા થઈ. નામ પાડયું મુનિરાજ શ્રી 'નયભદ્રવિજયજી મહારાજ.' સ્વાધ્યાય-તપમાં આગળ વધ્યા, સંયમની લગની સારી તથા વર્ધમાન તપ આયંબિલની ઓળીઓ ચાલુ રાખીને આજે ૫૦ ઉપરની ઓળીઓ થઈ છે.

અભ્યાસ માટે પણ આગળ વધી રહ્યા છે, વડીલોની સેવા ભક્તિ તથા આજ્ઞાપાલન દ્વારા સંયમ જીવનને સફળ કરવા પ્રયત્નશીલ છે. પોતાની બે બહેનોને પણ વૈરાગ્યવાસિત બનાવી દીક્ષા અપાવી છે.

તીર્થયાત્રા દ્વારા સમ્યગ્દર્શનને નિર્મળ કરતા આ મુનિરાજ આરાધનામાં મગ્ન છે.

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી હૂંકારપ્રભવિજયજી મહારાજ.

જૂના ડીસામાં માતા શારદાબેનની કુક્ષીએ પિતા બાબુલાલને ત્યાં સં. ૨૦૧૬ ના મહા સુદ ૧૩ ના એક પુત્રરત્નનો જન્મ થયો. નામ પાડયું કમલેશ.

નાનપણથી જ ધર્મના રંગે રંગાયેલા કમલેશના જીવનમાં પૂર્વ જીવનના સંસ્કારના યોગે ત્યાગ પરિણામ પામ્યો અને સં. ૨૦૪૦ના

પોષ વદ ૬ ના આસેડા (તા. ડીસા. જી. બનાસકાંઠા) મુકામે તેમની દીક્ષા થઈ. તેઓ પંન્યાસ શ્રી જિનપ્રભવિજયજી મહારાજ (હાલ આચાર્ય જિનપ્રભસૂરિ) ના શિષ્ય બન્યા. તેમનું નામ પડયું મુનિરાજ શ્રી હૂંકારપ્રભવિજયજી મહારાજ.

દીક્ષા બાદ આરાધનામાં લાગી ગયા. ગુરુઆજ્ઞાને હૈયામાં ધારણ કરી. સ્વભાવ સારો તેથી સહુના સ્નેહી બન્યા. સ્વાધ્યાય રસિક, વળી વૈયાવચ્ચ પ્રિય આરાધક ભાવ પણ ઉત્તમ, તપ–ત્યાગ આદિમાં તત્પરતા સાથે ક્રિયામાં અપ્રમત્તભાવ જોવા મળે છે.

ધન્ય છે પરમાત્માના શાસનના આરાધક
આ મહાત્માને!

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી જયધર્મવિજયજી મહારાજ.

હાલાર જિલ્લાના વડાલિયા–સિંહણ ગામના રહીશ, દયાળુ શ્રેષ્ઠિ ખેતશીભાઈને ઘેર માતા અમૃતબેનની કુક્ષીએ વિ. સં. ૨૦૧૭ ના માગશીર્ષ–વદ–૬ ના તેમના પાંચમા પુત્રરત્ન સુભાષનો જન્મ થયો. પૂર્વના પુણ્યોદયે હાલારના ઉપકારીઓ પ. પૂ. કુંદકુંદવિજયજી મહારાજ તથા પ. પૂ. મુનિરાજ શ્રી મહાસેનવિજયજી મહારાજનાં દર્શન થયાં અને એમની કરુણાભરી કૃપા મળી. તેમાં મુનિશ્રી હેમપ્રભવિજયજી મહારાજની દીક્ષા, એમના સંયમ માટે નિમિત્ત બની ગઇ અને તે જ દિવસથી જોડાઇ ગયા.

ગુરુ ભગવંતની સાથે બે વર્ષ રહીને તાલીમ લીધી. પૂ. ગુરુદેવ કુંદકુંદવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા પણ પૂજયશ્રીએ જ પોતાના વડીલ ગુરુબંધુને કરેલી સૂચના મુજબ, બે વર્ષ બાદ કુટુંબીઓની અનુમતિ મળતાં વડાલિયાસિંહણ મુકામે ઐતિહાસિક દીક્ષા મહોત્સવ ઉજવીને પૂ. મહાસેનવિજયજી મહારાજની નિશ્રામાં સં. ૨૦૪૧ ના વૈશાખ સુદ ૧૨ ના દીક્ષા અપાવી અને મુનિરાજ શ્રી

હેમપ્રભવિજયજી મહારાજના શિષ્ય બન્યા. નામ પાડયું, 'મુનિરાજ શ્રી જયધર્મવિજયજી મહારાજ.'

દીક્ષા પછી સ્વાધ્યાય-તપ-વૈયાવચ્ચ આદિ ગુણોમાં આગળ વધતા આ મુનિરાજ વડીલોની આજ્ઞાથી સુંદર સંયમ આરાધના કરી રહ્યા છે.

પ. પૂ. વયોવૃદ્ધ મુનિરાજ શ્રી પુણ્યસેનવિજયજી મહારાજ.

કચ્છના વાંકી ગામના વતની પ્રેમજીભાઈ પ. પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજથી ધર્મ પામ્યા અને સૌ પ્રથમ પોતાના પુત્રને તથા બે પુત્રીઓ અને એક દોહિત્રીને સંયમ માર્ગે ચઢાવ્યાં. પછી પોતાને પણ સંયમ લેવાની ઉત્સુકતા વધી તે માટે પૂ. ગુરુ મહારાજને વારંવાર વિનંતી કરતા.

એકવાર એમનાં ધર્મપત્ની ઉપધાન તપની આરાધનામાં જોડાયાં અને ઉપધાન કરતાં કરતાં ખૂબ જ સુંદર સમાધિપૂર્વક તે સ્વર્ગગામી બન્યાં.

આ ઘટનાથી ફરી એમનું મન સંયમ માટે ઉલ્લસિત થવા લાગ્યું. આ માટે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-રામચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આચાર્યશ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજે અનુજ્ઞા આપી અને દીક્ષા માટે તૈયાર થયા. ૬૯ વર્ષની ઉંમરે સં. ૨૦૪૩ ના જેઠ સુદ ૨ ના જામનગર પાસેના વડાલિયા સિંહણ ગામે ખૂબ ઉલ્લાસપૂર્વક તેમની દીક્ષા થઈ.

તેમનું નામ પડયું મુનિરાજ શ્રી પુણ્યસેનવિજયજી મહારાજ અને શિષ્ય બન્યા પ. પૂ. મુનિરાજ શ્રી વજ્રસેનવિજયજી મહારાજના.

ખૂબ જ શાંત તેઓ આરાધનામાં મગ્ન બન્યા. ઉંમર મોટી હોવા છતાં, એકાસણાનો તપ, આરાધના, છ-છ કલાક સ્વાધ્યાય-જાપ તથા આત્મચિંતનમાં મગ્ન રહે છે.

ધન્ય છે આ વયોવૃદ્ધ મુનિરાજશ્રીની આરાધનાને...

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી તત્ત્વપ્રભવિજયજી મહારાજ.

રમેશકુમાર ચિમનલાલ વારૈયા, વતન પાલડી (ખાણોદર) (તા. દીઓદર) (જી. બનાસકાંઠા)ના રહીશ હતા. પિતા ચિમનલાલ તથા માતા તારાબેનના આ સુપુત્રને ચાર ભાઈ અને પાંચ બહેનો હતી. જેમાં એક બહેને સં. ૨૦૩૮ ના માગરસ વદ ૫ ની દીક્ષા લીધી હતી. બહેનની આ દીક્ષા, રમેશકુમાર માટે પ્રેરણારૂપ બની અને તેમનામાં થોડી સંયમની ભાવના જાગૃત થઇ. વ્યવહારિક અભ્યાસ ચાલુ હતો. પણ સંજોગાનુસાર સાત ચોપડી સુધી ભણ્યા, પછી ધંધાકીય પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું. ધંધો પાંચ વરસ સુધી કર્યો.

સં. ૨૦૪૧ માં પાલડીમાં પૂ. આ. ભગવંતશ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ થયું. તે ઉપકારક બન્યું. સાહેબજીના પરિચયમાં આવ્યા. પૂર્વનાં પુણ્ય જાગ્યાં. વૈરાગ્યના રંગ લાગ્યા અને સંયમની ભાવના થઇ.

સં. ૨૦૪૩ ના જેઠ સુદ ૧૦ ના ભીલડિયાજી તીર્થમાં એક બહેન સાથે પોતે એટલે કે ભાઈ બહેને સાથે દીક્ષા અંગીકાર કરી. પોતે પૂ. આ. ભ. શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજના હસ્તે દીક્ષિત બન્યા અને મુનિરાજ શ્રી તત્ત્વપ્રભવિજયજી મહારાજ નામ પામ્યા. પૂજ્ય ગુરુદેવના અંતિમ શિષ્ય બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું.

ધન્ય છે તપ–જપ–ત્યાગ–સેવા સ્વાધ્યાય આદિ આરાધનામાં મગ્ન રહેતા આ મહાત્માને.

પૂજ્ય મુનિરાજશ્રી યુગપ્રભવિજયજી મ. સા.
ગુરુ–પ. પૂ. આ. શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મ. સા.

પૂ. મુનિરાજશ્રી ઇન્દ્રરક્ષિતવિજયજી મ. સા.
ગુરુ–પૂજ્ય પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા.

પૂ. મુનિરાજશ્રી અમીતપ્રભવિજયજી મ. સા.
ગુરુ–પૂ. મુનિરાજશ્રી યુગપ્રભવિજયજી મ. સા.

પૂ. મુનિરાજશ્રી અર્હંપ્રભવિજયજી મ. સા.
ગુરુ–પૂ. મુનિરાજશ્રી યુગપ્રભવિજયજી મ. સા.

પૂ. મુનિરાજશ્રી સંયમપ્રભવિજયજી મ. સા.
ગુરુ–પૂ. મુનિરાજશ્રી યુગપ્રભવિજયજી મ. સા.

ઉપરોક્ત પૂજ્યોના જીવનચરિત્રની માહિતી ન મળી શકવાના કારણે ફક્ત નામોલ્લેખ કરેલ છે.

સંયમના પાયા પર શોભતી આ સાધુતાની ઇમારતનો આધાર હતા, **પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી પંન્યાસજી મહારાજ.**

અનંતશઃ વંદન હો એ વિરલ વિભૂતિને !
વંદન હો એ સંયમશૂરા સાધુઓને !
વંદન હો એ દેવ–ગુરુની આજ્ઞાના ધારક–પાલક મુનિવરોને !
વંદન હો એ જિનશાસનના આરાધક પ્રભાવક મહાત્માઓને !

॥ शिवमस्तु सर्व जगतः ॥
॥ जैनं जयति शासनम् ॥

૨૫ અક્ષરના ઓથે..... અક્ષરની આરાધના...

આપ બળે એકલ ધૂણે, ધૂપ બધે પસરંત,
એવાં જગમાં જનમિયાં, અગરબત્તી ને સંત.

જિન્દગીની યાત્રા અજબ છે. યાત્રા છે અનંતની. આત્માની પરમાત્મા સુધીની. ભક્તની ભગવાન સુધીની. સાધકની સિદ્ધ સુધીની. સાધક સહુની યાત્રા, આંતર સાધના માટે હોય છે. આ આંતર-સાધનાનું લક્ષ સમાન હોય છે.

સ્વરૂપને સિદ્ધ કરવું તે સાધના છે. સાધના શુદ્ધ સ્વરૂપની છે. સિદ્ધિ શુદ્ધ સ્વરૂપ જ છે. સાધનામાં ચાલવા માંડવાનું, સિદ્ધિમાં પહોંચી જવાનું. ત્યાં પહોંચવા માટેની પહોંચ જેની પાસે હોય તેવા અનુભવી – સિદ્ધ સંતની કૃપા સાધકને એના આખરી મુકામ સુધી પહોંચાડવામાં સહાય કરે છે.

ધર્મ આરાધના એટલે શુદ્ધ આત્મ-સ્વભાવની આરાધના. મૂળથી બિછડેલો જીવ, પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલીને ભટકે છે. શરીર અને શરીરના સંબંધીઓને પોતાના માને છે. પ્રપંચમાં રાચે છે. કર્મમાં નાચે છે. જડ – ચેતનની ગ્રન્થિ બાંધે છે. આ બંધન એ જ સંસારની અવસ્થા છે, એમાં આત્મ સ્વરૂપની વિસ્મૃતિ છે. આ વિસ્મૃતિના નાશનો પ્રયત્ન તે સાધના છે.

સદ્‌ગુરુ ગ્રન્થિ તોડે છે, કારણ કે તે નિર્ગ્રન્થ છે. સ્વરૂપની સ્મૃતિ કરાવે છે. સાધકના આત્માને જગાડે છે. જાગૃતિની આ પળ, સિદ્ધ સ્વરૂપને સાધ્ય કરવા, માર્ગ પમાડે છે. માર્ગે જતો આત્મા સદૈવ સ્મૃતિના યોગે, શાશ્વત પદનો ભોક્તા, અવ્યાબાધ સુખનો સ્વામી બને છે.

આત્મવિમર્શ, તપશ્ચર્યા અને સાધનાથી અંતરનો અનાદિ કાળનો રાગ-દ્વેષ–મોહનો મળ સાફ થાય છે. અહંકાર દૂર થાય છે. નમસ્કાર

પ્રગટે છે. પરમાત્માની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારાય છે. આ સમજ મેળવવા માટે ગુરુ એજ ઉપાય છે.

પરમાત્માની અપાર કરુણાથી સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે. સદ્‌ગુરુની કૃપાથી અંતરમાં બોધ થાય છે. આ બોધ પોતાની અંદર રહેલા પરમ તત્ત્વની ઝાંખી કરાવે છે. અંતરાત્મામાં – 'ચિદાનંદકી મૌજ મચી હૈં, સમતા રસકે પાનમેં.' એવું લાગે છે. આ સ્થિતિની પ્રાપ્તિનું નામ છે સિદ્ધિ. સાધનાની નિષ્પત્તિરૂપ સિદ્ધિ. શાસ્ત્રમાં તેને નિરામય, ચિદાનંદ, જ્ઞાનરૂપ કહીને વર્ણવી છે. એનો પરાકાષ્ઠાનો અનુભવ થતાં 'જિનઃ સર્વમ્ ઇદમ્ જગત્' અને 'યો જિનઃ સોઽહમેવ ચ ।' આખા જગતને જિનમય અને જે જિન છે, તે પોતાનો આત્મા છે એવો સર્વાત્મસમતાનો અનુભવ કરાવે છે. ભેદમાં થતો અભેદનો અનુભવ, નિજમાં જિન બતાવી, જીવને શિવ બનાવી સર્વત્ર ચિદ્રૂપ પરમાત્માનું દર્શન કરાવે છે. આ અનુભવ અને દર્શન એ જ સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ દર્શન સ્વરૂપ છે, તેથી સ્તો તે આત્મ સ્વરૂપમાં રમણુતા કરવારૂપ સમ્યગ્ ચારિત્ર બક્ષે છે.

પરમાર્થ માર્ગના આવા જ્ઞાતા, ધ્યાતા, ઉદ્‌ગાતા અને દાતા, આત્મસ્વરૂપના આંતરદૃષ્ટા, સ્વનામ ધન્ય **પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ હતા.** પૂજ્યશ્રીની વાત કરતાં શબ્દો પણ હારી જાય છે. પરિચયમાં આવનાર સહુ કોઈને તેઓશ્રીએ આપ્યું છે. **સાહેબજીએ** કોને શું શું આપ્યું છે, તેની ખબર ન પડે. પણ લેનારને બરાબર ખબર હોય કે સાહેબજી પાસેથી પોતાને શું મળ્યું છે.

અનુભૂતિના એ અમૃતને,

પૂજ્યશ્રીએ મૌનદ્વારા સમજાવ્યું છે,
પ્રવચનોમાં પાઠવ્યું છે,
પ્રસંગોમાં વહેતું કર્યું છે,
કૃતિઓના કલેવરમાં મઢયું છે,
પત્રોદ્વારા પહોંચાડયું છે.

સાધકના હૃદયમાં સાધના–આરાધનાનું બીજ વાવવામાં તેને અંકુરિત, પલ્લવિત, પુષ્પિત કરવામાં પૂજ્યશ્રીના પત્રો, ઉપયોગી અને ઉપકારક છે. પૂજ્યશ્રીના જીવનનું, સ્વભાવનું, સાધનાના મહિમાનું, જીવન સંદેશનું ચિત્રણ કરનારા આ પત્રો પ્રબળ પ્રેમનું પ્રતિબિંબ પાડનારા છે. એ પંચપરમેષ્ઠિમય, આત્માભિમુખ સમર્થ સત્પુરુષના વ્યક્તિત્વનું અમુલખ અવિભાજ્ય અંગ બનીને તેઓશ્રીની શક્તિનો આછો પાતળો પડઘો પાડે છે.

સાધુ એ સાધક આત્મા છે. એની સાધનામાં માર્ગદર્શક બને તે હેતુથી પૂજ્યશ્રી પોતાના શિષ્યો તથા ચતુર્વિધ સંઘને અવસરે અવસરે હિતકારી હિતવચનો પત્ર દ્વારા જણાવતા. પત્રના માધ્યમથી યત્ર–તત્ર–સર્વત્ર તત્ત્વચિંતનની લ્હાણ કરતા અને પોતાનું જે કાંઈ હતું તે સર્વનું બનાવી દેતા. હિતશિક્ષા આપતા આ પત્રો પ્રેરણાનું પાથેય પૂરું પાડે છે. જિનકથિત માર્ગે જવા જણાવે છે. અંદરની આંખ ઉઘાડે છે. અરિહંત થવાની યોગ્યતા આપે છે. સિદ્ધ થવા ફરમાવે છે. પરભાવ ટાળે છે. સ્વભાવમાં વાળે છે. તેથી વાત્સલ્યથી ભરપૂર તથા આત્મહિત ચિંતાકારક આ પત્રોનો પરિચય કરાવવાનું કાર્ય આવશ્યક અને ઉપયોગી લાગતાં, મળ્યા તે પત્રોમાંથી અમુક ચૂંટીને અહીં લીધા છે. ચાલો ત્યારે આપણે, આત્માના શુદ્ધ સ્વભાવની આરાધના માટે આશીર્વાદરૂપ થઈ પડે તેવા આ પત્રોની વાણીને વાંચીએ, જીવનમાં ઉતારીએ, આત્માને જાણીએ.... અને અક્ષરના એ અમૃતને મન ભરી માણીએ—

ધ્યાનયોગી, અનુપ્રેક્ષારસિક આદર્શ સાધક પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના પરમપદની પ્રાપ્તિ માટેની જ્ઞાન-ધ્યાનની સાધન સામગ્રી પૂરી પાડતા પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબ પરના પત્રોના પ્રવાહમાંથી.....

ધ્યાન વિશે વિચાર...!

મુંડારા. વિ. સં. ૨૦૩૦, આસો વદી ૧/૨.

જ્ઞાનાદિ ગુણ સંપન્ન શ્રી કલાપૂર્ણસૂરિજી સપરિવાર વન્દનાદિ.

સુદ ૧૧ નો પત્ર સમયસર મળ્યો છે. ધ્યાન વિચાર ગ્રન્થના પરિશીલનથી આનંદનો અનુભવ થયો તે જાણીને સંતોષ થયો.

'સુન્નકલજોઇ' એ ગાથા પૂર્વગત શ્રુતની હોવી જોઇએ. તેનું મૂળ હજુ મળ્યું નથી. આ ગ્રન્થમાં, ધ્યાનશતકની ગાથાના પ્રમાણ આપ્યાં છે તેથી ધ્યાનશતકના કર્તા ભાષ્યકારથી પણ આ કૃતિ પ્રાચીન છે, એમ સાબિત થાય છે.

ટીકાની રચના પણ આગમિક પદાર્થોથી ગુંફિત છે તેથી ટીકાકાર પણ કોઈ આગમધર મહાપુરુષ છે, એમ સિદ્ધ થાય છે.

દરેકની સાથે પરમ શબ્દ લગાડીને વ્યવહાર-નિશ્ચય ઉભયનો સમન્વય સાધ્યો છે. માત્રા અને પરમમાત્રા એ બે પ્રકારોમાં પ્રથમ પ્રકાર માત્રાનો છે, તેમાં

'તીર્થંકરમિવ આત્માનં પશ્યતિ।' છે અને પરમ માત્રામાં ચતુર્વિંશતિ વલય પરિવેષ્ટિત આત્માનું ધ્યાન છે. એ કૈવલ્ય અવસ્થા બાદ સપરિકર પરમાત્મદશાનું ધ્યાન સંભવે છે. તેને ફરી વાર જોશો તો વધુ સ્પષ્ટ થશે. શ્રી ઉપદેશ પદ મહાગ્રન્થની ગા. ૮૯૦થી ૮૯૮ સુધીની ટીકામાં એક રાજાની રાણીના ધ્યાનાભ્યાસનું વિસ્તારથી વર્ણન છે, તે પણ જો ન જોયું હોય તો જોશો. તેમાં રાણીનો સંશય છેદવા માટે આચાર્ય મહારાજે જે ધ્યાન બતાવ્યું છે તેની પ્રથમ ગાથા નીચે મુજબ છે.

संपुन्नचंद वयणो सिंहासन संठिओ सपरिवारो।
झायव्वो य जिणिंदो केवलवरनाणुज्जलोधवलो ॥

ત્યાર પછીની ધ્યાનવિષયક બધી ગાથાઓ જોવા યોગ્ય છે. તે ઉપરથી 'પરમમાત્રા' ના ધ્યાનની પ્રતીતિ થાય છે. ઉપદેશ પદનો અનુવાદવાળો ગ્રન્થ હોય તો પૃ. ૫૨૬ થી ૫૩૦ સુધી જોઈ જશો.

અંતિમ પદ પરમપદ અને સિદ્ધિ. પરમ સિદ્ધિ એ બે ધ્યાન બધા ધ્યેયોમાં સર્વોત્કૃષ્ટ છે. નમસ્કાર મહામંત્રનું ધ્યાન વ્યવહાર અને નિશ્ચય ઉભયથી કરવાનું સ્પષ્ટ વિધાન તેમાંથી પ્રાપ્ત થાય છે.

ધ્યાનના પ્રારંભમાં (૭) ચિન્તા (૪) ભાવના અને ધ્યાનના અંતમાં (૧૨) અનુપ્રેક્ષા એ પણ શાસ્ત્રીય પ્રક્રિયા છે. ભાવના અને અનુપ્રેક્ષા શબ્દમાં જે તફાવત છે, તે સ્પષ્ટ થાય છે.

अनुः पश्चात् प्रेक्षणम् ।

ધ્યાન થયા બાદ અનુપ્રેક્ષા વડે જે સંસારનું સ્વરૂપ વિચારાય તેના સંસ્કાર વધુ ઊંડા જાય અને એ રીતે વૈરાગ્ય પુષ્ટ થાય. (૧૨) ભાવનામાં પ્રથમની છ સંસારની નિઃસારતા ભાવવા માટે અને પછીની છ ધર્મની સારભૂતતા લાવવા માટે વિચારી શકાય. તે કેવી રીતે એ ગ્રન્થમાં સ્પષ્ટ કરેલ નથી તો પણ નિર્મળ પ્રજ્ઞા વડે શાસ્ત્રથી અવિરુદ્ધપણે વિચારી શકાય છે, તે હવે પછી.

ગ્રન્થમાં બળનયોના કરણયોગમાં પહેલાં કરણોનું સ્વરૂપ વીર્ય જ્ઞાન ગુણ વિકાસની રીતને સૂચવે છે. અને પછી ૧૨ કરણ તે વિચાર જ્ઞાનગુણના પ્રકર્ષની પ્રક્રિયાને સૂચવે છે.

'ज्ञानक्रियाभ्यां मोक्षः ।' એ સૂત્ર એ બે ગાથા વડે સૂચિત છે. ભવન તથા કરણ શબ્દ વડે નિસર્ગ અને અધિગમ બે પ્રકારની પ્રાપ્તિના ઉપાયને સંગ્રહી લે છે.

આજ્ઞાવિચયાદિ ચાર પ્રકારના ધ્યાનની વિચારણા માટે એકલખાણ પ્રાપ્ત થયું છે, તે જોવા માટે હવે પછી મોકલશું.

નવકારના ૬૮ અક્ષર દ્વારા પરમપદનું ધ્યાન
એ જ સમગ્ર જિનશાસનનો સાર.
તત્ત્વથી પંચ પરમેષ્ઠિ દ્વારા થતું આત્મતત્ત્વનું ધ્યાન.

સં. ૨૦૩૩ માગસર વદ – ૧૪
લુણાવા

જ્ઞાનાદિ ગુણસંપન્ન શ્રી કલાપૂર્ણસૂરિજી સપરિવાર વન્દનાદિ

અત્રે દેવગુરુ કૃપાએ શાતા છે. આપશ્રીનો પત્ર મળ્યો છે. વિહાર સુખરૂપ થતો હશે? પૂ. સાહેબજીની તબિયત ઠીક છે. વન્દના લખાવી છે.

છેલ્લો આસેડાથી વ. ૧૦નો લખેલો મુનિશ્રી કલ્પતરૂવિજયનો તથા રાજપુરથી વ. ૭નો લખેલો આપનો પત્ર મળ્યો છે.

અહં અર્થાત્ માન કષાયને દૂર કરવાનો ઉપાય મૈત્र्यાદિ-ભાવોનો અભ્યાસ છે. મળ અર્થાત્ લોભકષાયને નિવારવાનો ઉપાય અનિત્યાદિ ભાવનાઓનો અભ્યાસ છે. આ ભાવનાઓ એ સંયમ જીવનને વિકસિત કરવા માટે રસાયણ તુલ્ય છે. તેમાં અનિત્યત્વાદિ ભાવનાઓ પણ મૈત્र्યાદિ ભાવનાઓ મૂળમાં હોય તો જ સ્થિર બને છે.

જીવમાં અનંતકાળથી બે દોષ પુષ્ટ થયેલા છે. એક તો દોષદૃષ્ટિ અને બીજો દૃષ્ટિદોષ. દોષદૃષ્ટિ સ્વદુષ્કૃત ગર્હામાં પ્રતિબંધક છે અને દૃષ્ટિદોષ મુખ્યત્વે, સુકૃતાનુમોદનામાં પ્રતિબંધક બને છે. દોષદૃષ્ટિ અહંત્વપોષક છે, દૃષ્ટિદોષ મમત્વપોષક છે. તે બંનેને દૂર કરવા માટે અનુક્રમે ગુણદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિ કેળવવી જરૂરી બને છે. એ માટે જ સ્વદુષ્કૃત ગર્હા અને સ્વસુકૃતાનુમોદના પુનઃ પુનઃ કર્તવ્ય છે.

શરણાગમન વડે તે બંનેને બળ મળે છે. કેમકે જેમનું શરણ સ્વીકારવાનું છે, તે સર્વ દોષરહિત અને સર્વગુણસંપન્ન છે.

આ ત્રણે પ્રકારની આરાધનાઓને જીવનમાં સક્રિય બનાવવા માટે જ પ્રભુની ઉપાસના નામ – આકૃતિ – દ્રવ્ય – ભાવ વડે નિરન્તર કરવાનું ફરમાન છે. પ્રભુના નામ વડે પાપ પ્રણાશ થાય છે અને રૂપ વડે પુણ્ય પ્રકાશ મળે છે. પ્રભુના દ્રવ્ય અને ભાવનું સેવન–પૂજન આત્મજ્ઞાન અને આત્મધ્યાનમાં મદદગાર બને છે. પ્રભુના દ્રવ્ય–ગુણ–પર્યાય સદૃશ આપણા આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય હોવાથી, પ્રભુના જ્ઞાન–ધ્યાન દ્વારા નિજઆત્મ દ્રવ્યનું જ જ્ઞાન–ધ્યાન નિશ્ચયથી થાય છે. ઉપાસનાનો આ વિચાર ઉભેરવાથી પણ સાધનામાં વેગ ઉત્પન્ન થશે.

પૂજ્યપાદ વિજયભદ્રસૂરિજીમહારાજનાં દર્શનાદિથી સંતોષ થયો તે જાણીને આનંદ થયો છે. તમારા ગુરૂજીના હસ્તાક્ષરનો કાગળ વાંચીને પણ આનંદ થયો છે. શ્રી જંબૂવિજયજીનો ચારૂપ તીર્થમાં અચાનક ભેટો થયો એમ તેઓ જણાવે છે. પાટણમાં બિરાજમાન મુનિવરોનો પણ સમાગમ થયો હશે. માર્ગમાં આવતાં તીર્થોના દર્શનથી આનંદ થયાના અને સમ્યગ્ દર્શનની વિશુદ્ધિમાં ઉપકારક થવાના સમાચારથી આનંદ. ધ્યાન વિચારનું કાર્ય આગળ ચાલુ હશે.

નમસ્કાર ચક્ર (પાઠ)નો પરમ રહસ્યાર્થ

પાંચગુરૂઓનો સાર અર્હં અને તેનો પરમાર્થ બીજ–બિન્દુ, તેના અનુભવથી અભેદ પ્રણિધાનરૂપ પરમપદના ધ્યાનનો પ્રારંભ અને તે વડે પરમપદમાં પ્રતિષ્ઠિત પરમેષ્ઠિઓનું દર્શન–મિલન વગેરે વિગત લખી તે યથાર્થ છે, નવકારના ૬૮ અક્ષર દ્વારા પદ અને પરમપદનું ધ્યાન થતું હોઇ તે સમગ્ર જિનશાસનનો સાર છે, એ વાત સુનિશ્ચિત થાય છે. તત્ત્વથી આત્મતત્ત્વનું જ ધ્યાન પરમેષ્ઠિ ભગવંતો દ્વારા થતું હોવાથી 'ગુહ્યાતિગુહ્ય-ગોપ્તાત્વં'–ઇત્યાદિ રૂપે સ્તુતિ પૂર્વમહર્ષિઓ કરે છે. આરાધનાદિમાં યાદ કરશો,

---

સમતા સામાયિક વિશે વિચારણા

આસો. સુદ ૫.

લુણાવા.

જ્ઞાનાદિગુણસંપન્ન, શ્રી કલાપૂર્ણસૂરિજી સપરિવાર વન્દનાદિ.

અત્રે દેવ-ગુરૂ કૃપાએ સુખ શાતા છે.

આપનો વદ ૧૨ નો પત્ર મળ્યો છે. યોગશતકની પાંચ નકલો મોકલી તે મળી છે. ભાદરવા સુદ-૬નો લખેલો ક્ષમાપના પત્ર ગેરવલ્લે ગયો છે એટલે મળ્યો નથી, તે જાણશો. અમારા તરફથી ક્ષમાપના જાણશો.

પ્રાતઃકાળે મુનિઓને ઉપયોગ અંગે જે કાઉસ્સગ્ગ કરવાનો કહ્યો છે તેનો વિધિ યતિદિનચર્યા ગાથા ૯૧ થી ૯૭ નો આધાર ટાંકીને શ્રી ધર્મસંગ્રહ ભાગ બીજાની ટીકામાં આપેલ છે. ધર્મસંગ્રહ ભાગ ૨ નું ભાષાંતર ત્યાં હશે તેના પૃ. ૭૯ પર જોશો.

ઉપયોગના લખાણમાં ઉપયોગ ધર્મ અને પરિણામે બંધ તથા ક્રિયા એ કર્મ આ સુપ્રસિદ્ધ વાક્યમાં આવેલ 'ઉપયોગ' શબ્દ ધર્મની સાથે સંબંધ રાખે છે. એટલે ધર્મના પ્રત્યેક અંગ 'ઉપયોગ' થી જોડાયેલ છે.

ઉપયોગ જીવનું લક્ષણ છે. અશુદ્ધ ઉપયોગે જીવ ભવમાં ભમે છે. અશુદ્ધ ઉપયોગને શુદ્ધ કરવાની જેટલી પ્રક્રિયા તે બધી ધર્મમાં આવે. શુભોપયોગથી અશુભને ટાળી શકાય છે અને શુદ્ધમાં પહોંચી શકાય છે તેથી શુભોપયોગ એ સેતુ તુલ્ય છે.

'समता सर्वभूतेषु
संयमः शुभ भावना ।
आर्तरौद्र परित्याग-
स्तद्धि सामायिकं व्रतम् ॥ १ ॥

સામાયિકના આ ચારે અંગ અશુભને નિવારી શુભ વડે શુદ્ધિમાં લઈ જાય છે. સમતા પરિણામ શુભ ધ્યાનરૂપ છે. જીવો

પ્રત્યે મૈત્રીરૂપ, કર્મ વિપાક પ્રત્યે કારૂણ્ય–માધ્યસ્થરૂપ અને ધર્મ–ધર્મી અને ધર્મનાં સાધન પ્રત્યે પ્રમોદરૂપ છે.

ઈતરો જીવ, જગત અને ઈશ્વરના વિચારથી સમત્વની પ્રાપ્તિનો ઉપાય વર્ણવે છે તે ઉપર્યુક્ત વિચારણામાં સમાવેશ પામી જાય છે. વિશેષ સામાયિકનું તૈયાર કરેલું લખાણ જોયા બાદ.

'યોગદૃષ્ટિ સમુચ્ચય' સિવાય હવે બીજું કોઇ લખાણ અહીં રહેતું હોય તો જણાવશો.

જીવ = જીવત્વરૂપ પારિણામિક ભાવ.
(જગત) કર્મ = ઔદયિકભાવથી જગતની વિચિત્રતા.
(જગદીશ્વર) ધર્મ = ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક આદિ ભાવ.

એમ વિશ્વને ત્રણ વિભાગમાં વહેંચી સમત્વભાવ માટે અનુક્રમે મૈત્રી, માધ્યસ્થ, કારૂણ્ય અને પ્રમોદભાવ ધારણ કરી શકાય અને તેને જ સામાયિકના સામ, સમ અને સમ્મ પરિણામમાં સાપેક્ષપણે ઘટાવી શકાય.

અરિહંતાદિનું સ્મરણ એ શુદ્ધાત્માનું શરણ છે.

ચૈ. વદ ૪.
બામણવાડા.

મુનિશ્રી કલ્પતરૂવિજય જોગ. અનુવન્દનાદિ.

અત્રે દેવ-ગુરુ–કૃપાએ શાતા છે. તમારો પત્ર ચૈ. સુ. ૧૪નો લખેલ આજે મળ્યો. વિગતવાર હકીકત જાણી, આનંદ થયો છે.

દુઃખ વખતે દુષ્કૃતગર્હા અને સુખ વખતે સુકૃતાનુમોદના અનુક્રમે આર્ત–રૌદ્ર ધ્યાનથી આત્માને બચાવી લે છે. એ વડે થયેલી ચિત્ત-શુદ્ધિ શરણગમનને લાયક બનાવે છે. શરણ એટલે ઘર, અરિહંતાદિનું સ્મરણ શુદ્ધાત્માનું શરણ છે, તે વડે ધર્મધ્યાન, શુક્લધ્યાનમાં

પ્રવેશ પામી આત્મા પરમ શાંતિ અને સ્થિરતાને અનુભવે છે. ઉપદેશ રહસ્યના આધારે થયેલી સમ્યગ્–દર્શન ગુણની સ્પષ્ટતાને અનુકૂળતાએ શબ્દાકાર આપવા પ્રયત્ન કરશો. સ્નેહ પરિણામ એ સર્વ શુભ ભાવોનો સાર છે. નવકારનો સાર પણ તે જ છે.

ધર્મનું મૂળ મૈત્ર્યાદિ ભાવો છે.

મુનિ શ્રી કલ્પતરૂવિજયજી જોગ. અનુવંદના.

અત્રે દેવગુરુ કૃપાએ શાતા છે. તમારા બે પત્રો મળ્યા. ડીસા અહીંથી લખેલ પત્ર મળ્યો હશે.

જિનભક્તિ અને જીવમૈત્રીની એકરૂપતા સંબંધીનો ભાવ સ્પર્શવા માટે ધર્મનું મૂળ મૈત્ર્યાદિ ભાવો છે એ પૂ હરિભદ્રસૂરિજીનાં વચનોને સ્પર્શીવવાં જોઈએ. ધર્મબિન્દુ, યોગબિન્દુ, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ, ધર્મસંગ્રહ તથા તત્ત્વાર્થ સિદ્ધસેની યાદિ ગ્રન્થોમાં તેને લગતા જે સ્પષ્ટ ઉલ્લેખો છે, તે વારંવાર વાંચવા અને વિચારવાથી વધારે ને વધારે સ્પષ્ટ થશે. શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં મૈત્ર્યાદિ-ભાવોથી શૂન્ય વૈરાગ્યાદિ ભાવોને પણ મોહગર્ભિત વૈરાગ્યમાં ગણાવ્યા છે. અધ્યાત્મસારના વૈરાગ્ય પ્રકરમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યના લક્ષણોમાં પણ મૈત્ર્યાદિ ભાવોનો સંગ્રહ કરેલ છે. એ દૃષ્ટિએ ગ્રન્થોનું પરિશીલન જેમ જેમ વધતું જશે, તેમ તેમ તે ભાવો સહજ બનતા જશે.

વળી દુષ્કૃતગર્હાદિ ભવ્યત્વ પકાવવાનાં સાધનોને પણ વારંવાર ચિંતવવાથી આંતરિક દોષો પર વિજય મેળવવાનું કાર્ય સરળ બનશે. દીર્ઘકાળ, નિરન્તર, સત્કારાદિપૂર્વકનો અભ્યાસ મનોકામનાને અવશ્ય સિદ્ધ કરશે. વિહારમાં આવતાં ચૈત્યોના દર્શનાદિમાં યાદ કરો છો, તેની અનુમોદના કરીએ છીએ. વળી પાટણ અમદાવાદિ સ્થળોએ ચૈત્યોની સાથે મુનિવરોનો પણ સંયોગ હોય તો તેમની સાથે તાત્ત્વિક વિચારોની આપલે થાય તેના સમાચાર પણ જણાવતા રહેશો. મોટેભાગે સાંભળવાનું રાખશો. તમારા ગુરુજી તથા અન્ય સહવર્તિ મુનિઓને વન્દનાનુવન્દનાદિ.

દુષ્કૃતગર્હા, સુકૃત – અનુમોદના અને અરિહંતાદિનું સતત શરણ એ જ આપણા હિતનો પરમ ઉપાય છે.

બામણવાડા.
વૈ. સુ. ૨.

પ. પૂ. આ. મ. શ્રી કલાપૂર્ણ સૂ. મ.ની સેવામાં લી વજ્રસેનની વન્દના.

અત્રે દેવગુરુ કૃપાએ શાતા છે.

આપશ્રીનો પત્ર મળ્યો. પૂ. પંન્યાસજી મ. પત્રની પહોંચ સાથે વન્દના લખાવે છે.

પ્રતિમાપૂજન મળી ગયું છે.

ઉપદેશ રહસ્યની ગાથા, ગૌતમીય કાવ્યનો શ્લોક તેની ટીકા તથા તાત્પર્ય વગેરે વાંચી આનંદ થયો. અહીં અંજનશલાકા – પ્રતિષ્ઠા મહોત્સવની પત્રિકા જોવા માટે આ સાથે મોકલી છે. શ્રી જંબૂવિજયજી મ. પણ પ્રતિષ્ઠા સુધી પ્રાયઃ અહીં રોકાશે. લોકોની અવરજવર વિશેષ રહેવાથી ચિંતન મનન માટે પુરો અવકાશ રહેતો નથી.

દોષ દર્શન જનિત વૈરાગ્ય તો જ સ્થિર રહે કે પ્રતિપક્ષમાં ગુણદર્શન થાય. મૃત્યુના વિચારથી વૈરાગ્ય મિથ્યાદૃષ્ટિને પણ સુલભ છે. મૈત્રી એ મોક્ષનો વિચાર માગે છે અને તે પરોક્ષ હોવાથી જિનવચનમાં આસ્તિક્યની જરૂર પડે છે, તે માટે વિનયગુણ અપેક્ષિત છે. વિનય માટે એક મરણનો નહિ પણ અનંત મરણનો વિચાર અપેક્ષિત છે. ભવભય વગેરે ઉપાયોથી ભવ્યત્વ પરિપક્વ થાય અને તો જ મુક્તિગમન યોગ્યતા આવિર્ભાવ પામે. એ માટે પુનઃ પુનઃ દુષ્કૃત ગર્હા, સુકૃતાનુમોદનાદિ સાધનોનું સેવન અનેક ભવો સુધી સતત ચાલુ રહે, ત્યારે જ વૈરાગ્ય સુસ્થિર બને. દુષ્કૃતગર્હાથી સહજમળનો હ્રાસ, સુકૃતાનુમોદનાથી ભવ્યત્વ ભાવનો વિકાસ અને અરિહંતાદિના સતત શરણગમનાદિ વડે જીવરાશિ પ્રત્યે સ્નેહ પરિણામનો

વિકાસ અનુભવાય. સતત તે ત્રણે ઉપાયોની સાધનામાં નિમગ્ન બની જવું એ જ આપણા હિતનો પરમ ઉપાય છે.

પૂ. આચાર્ય મહારાજનો હસ્તલિખિત પત્ર મળ્યો. ધ્યાન વિચાર અંગેની અનુપ્રેક્ષા જાણી આનંદ થયો. લખાણ પુરૂં થવા આવ્યું છે, તે પણ જાણ્યું. યોગ અને કરણોનો વિષય અતિગહન હોવા છતાં તેનું પણ સાદી રીતે સ્પષ્ટીકરણ થઈ રહ્યું છે. તે અભ્યાસીઓને ઘણું ઉપયોગી નિવડશે. મારી શારીરિક સ્થિતિ પાટા પર ચઢતાં હજુ થોડો વિલંબ થાય તેમ લાગે છે. ઉપચાર ચાલુ છે, અશાતાનો ઉદય પુરો થયે બધું શાંત થઈ જશે.

विपत्तौ किं विषादेन
संपत्तौ हर्षणेण किं ।
भवितव्यं भवत्येव
कर्मणो गहना गतिः ॥

આ શ્લોકમાં કહેલી હકીકત સમત્વ સ્થિર કરવા માટે સારૂં આલંબન પુરૂં પાડે છે. કર્મની ગહનતા ઉપર તમે પણ પ્રકાશ પાડતા રહેશો. રોગને પરીષહ માની સમતાભાવે સહવાનું બળ દેવ-ગુરુ કૃપાએ વધતું રહે એવી ભાવના ભાવીએ છીએ. સર્વત્ર સંઘમાં તપશ્ચર્યાની આરાધનાના માંગલિક સમાચાર સાંભળીને અતિ આનંદ અને અનુમોદના.

ધર્મરત્નને ધારણ કરનાર, ગુરુ આજ્ઞાના ધારક અને પાલક, તપ-જપમાં મગ્ન રહેનાર આત્માર્થી પૂજ્ય મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજ સાહેબ (વર્તમાનમાં આચાર્યશ્રી) પર અવાર નવાર, મુમુક્ષુ માત્રને માર્ગદર્શન મળે તેવા પત્રો લખતા, તે પરથી એ વાત ફલિત થાય છે કે પૂજ્યશ્રી પોતાના આશ્રિત પ્રત્યે કેટલા કાળજીવાળા હતા–

આજ્ઞાનું આરાધન એજ સાચો–અભ્યાસ છે.

કરજણ.

મા–વ–૧.

વિનયાદિગુણયુત મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી આદિ યોગ્ય અનુવંદનાદિ.

લુણાવાથી લખેલ પત્ર આમોદ થઈને આજરોજ અહીં મળ્યો. અમો આમોદની પ્રતિષ્ઠાનું કાર્ય પતાવીને અહીં નૂતન જિનાલયના શિલારોપણ મહોત્સવ નિમિત્તે આજરોજ અહીં આવ્યા છીએ. આવતી કાલે શિલારોપણ પ્રાતઃકાળે છે. ત્યારબાદ હાલ થોડો વખત અહીં રોકાઈ પાલેજ જવાનું થશે. પત્ર અહીં લખવાથી મળશે.

તમારી તપશ્ચર્યા તથા અભ્યાસાદિના સમાચાર જાણ્યા છે. મુનિવર શ્રી માનતુંગવિજયજીનો સહવાસ રહે ત્યાં સુધી કર્મગ્રન્થ આદિ જે વિષયો તેઓ સમજાવે તે ગ્રહણ કરવા ઉદ્યમશીલ રહેશો. અમારા વિહારની દિશાનો હજુ કોઈ નિર્ણય નથી. મહામાસ સુધી પ્રાયઃ આટલામાં જ રહેવાનું થાય તેમ લાગે છે. ત્યાં સુધી તમો પણ ત્યાં જ રહો તો હરકત નથી.

શ્રી ધર્મરત્નને સંસ્કૃત ભણવા માટે પંડિતની આવશ્યકતા છે, તે અમારા ધ્યાનમાં જ છે. પરન્તુ તે માટે અતિ ઉત્સુકતા વ્યાજબી નથી. યોગ્ય સમયે બધું થઈ રહેશે. દરમ્યાન બીજો અભ્યાસ કરવાનો ઘણો છે, તેમાં શક્તિ ફોરવવી. સાધુપણામાં જે સમયે જે સ્થિતિમાં હોઈએ, તે સ્થિતિમાં જે વસ્તુ સુલભ હોય તેનો લાભ લેતાં શીખવું

જોઈએ, તો જ આગળ વધી શકાય. નહિ તો કેવળ આર્તધ્યાન થાય. આપણી અપૂર્વ યાત્રાઓ વગેરે થાય છે અને પ્રકરણ આદિનો અભ્યાસ થઈ રહ્યો છે તથા પુણ્યોદયે મુનિશ્રી માનતુંગવિજયજી જેવાનો સહવાસ પણ મળ્યો છે, પછી ખોટી ઉત્સુકતા શા માટે કરવી? ગુજરાતમાં આવતાંની સાથે જ બધો યોગ મળી જશે એ પણ ખોટી કલ્પના છે. માટે જ્યાં જે લાભ હોય ત્યાં તે લાભ લેતાં શીખવું જોઈએ.

આજ્ઞાનું આરાધન એ જ સાચો અભ્યાસ છે. વિચારો તથા ભાવનાઓ જણાવવાની છૂટ છે, પણ કરવાનું તો આજ્ઞાનું આરાધન જ છે. એથી જ તપ સંયમ અને દીક્ષાની સાર્થકતા થાય છે. માટે કોઈ પણ જાતના વિકલ્પ કર્યા વિના હાલ મહા મહિના સુધી તે દેશમાં જ વિચરવું. પછી જેમ યોગ્ય હશે તેમ જણાવીશું.

નીચેના સમાચાર **શ્રી** ધર્મરત્નવિજયને વંચાવશો.

અનુવંદનાદિપૂર્વક લખવાનું કે અત્રે **શ્રી** દેવ-ગુરુ કૃપાએ કુશળતા છે. તમારો વિસ્તૃત પત્ર મળ્યો. સંસ્કૃતનો અભ્યાસ કરવા માટેની જોગવાઈ તમને તુરત જ મળે એ માટેની તમારી ઉત્કંઠા ખ્યાલમાં જ છે અને એ માટે પ્રયાસ પણ ચાલુ જ છે. નારાયણ પંડિતને પાટણ મંડપવાલા કાયમી રાખી લેવા માગે છે. તે માટે પંડિતજી રૂબરૂ પાટણ જવાના છે. ત્યાં શું ગોઠવણ થાય છે, તે જાણ્યા બાદ તમારે શું કરવું તે લખી જણાવીશું. **શ્રી** કૈલાસપ્રભવિજય પણ પંડિતજીને ઈચ્છી રહ્યા છે. તે તથા શ્રી પુંડરીકવિજયજી વગેરે આમોદથી વિહાર કરી, સુરત જાય છે. સુરત થોડો વખત રોકાશે. પંડિતજી માટે છેવટનો નિર્ણય થયા બાદ તેમને માટે પણ વિહારની દિશા નક્કી થશે. અમે હાલ અહીંની આજુબાજુ ભરૂચ વગેરે સ્થળોએ વિચરવા ભાવના રાખીએ છીએ.

કોઈ પણ કાર્યની અતિ ઉત્સુકતા ધારણ કરવાથી, તે કાર્ય સિદ્ધ થતું નથી. ઉદ્દેગ લંબાય છે. માટે આ વિષયમાં તમારે વિકલ્પ જાળ

છોડીને અમે જેમ લખીએ તેમ કરશો. મહા મહિના સુધી મારવાડ રોકાવાનું છે. અમે પણ મહા મહિના સુધી આટલામાં જ છીએ. હાલમાં શ્રી માનતુંગવિજયજીનો સહવાસ છે, તેથી લાભ લેશો : સંસ્કૃત વખતે સંસ્કૃત, પ્રકરણ વખતે પ્રકરણ અને યાત્રા વખતે યાત્રા, જે વખતે પુણ્યના ઉદયથી જે વસ્તુનો સંયોગ મળે, તે વખતે તેનો લાભ ઉઠાવતાં શીખવું જોઈએ.

હું સાથે હોઉં તો મારી ભક્તિ અને બીજા સાથે હોય, ત્યારે જે વડીલ હોય તેની ભક્તિ, તે ગુરુની જ ભક્તિ છે, એમ સમજી કરવી જોઈએ. તો જ સમાધાન રહે અને આત્માને આગળ વધવાનું બને. શ્રી પ્રદ્યોતનવિજયજી સાથે જ્યાં સુધી છો, ત્યાં સુધી તમારે તે કહે તેમ વર્તવાનું છે. એમાં જ તમારી આરાધના છે. સુશ્રાવક સાંકળચંદજીનું ઉજમણું મહામાસમાં થવાનું હોય અને તે ઉપર શ્રી માનતુંગવિજયજી જવાના હોય તો તે કાર્ય પતાવીને પછી જ વિહાર કરવાનો છે. શ્રી નવપદ આરાધક સમાજની રકમ પણ તમારી હાજરીમાં પતી જશે. સાંકળચંદજી માટે મણીયારનો જે અભિપ્રાય છે તે બરાબર છે, છતાં એવા માણસોના પૈસા પણ જેટલા સુમાર્ગે જાય તેટલો લાભ જ છે, એમ સમજીને કામ કરવાનું છે. રાણકપુરજીની પ્રતિષ્ઠા થવાની હોય તો પણ મોટો લાભ છે, એમ સમજીને નજીક હોઈએ તો તે લાભ મળે તો પણ સારૂં એવી ભાવના રાખવી જોઈએ; પણ ખોટી દોડાદોડ ન કરવી જોઈએ. પુણ્યાનુબંધી પુણ્યની વૃદ્ધિના કોઈ પણ ઉપાયની અવગણના કરીને, ધારેલી ધારણાઓ બર આવી શકે એવો કોઈ માર્ગ સંસારમાં છે નહિ. માટે સમતાથી બધાં જ શુભ આલંબનો ઉપર એક સરખો આદરભાવ રાખીને વર્તવું જોઈએ. આટલી હિતશિક્ષા તમારા માટે છે.

તપ અને જિનભક્તિ, એ બે જ જડીબુટ્ટીઓ સંયમીઓ માટે અત્યંત ફાયદાકારક છે.

અહમદનગર ૧૯૯૮
વદી– ૩.

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી તથા કુન્દકુન્દ-વિજયજી યોગ્ય અનુવંદનાદિ.

પત્ર મળ્યો. પારણું સુખપૂર્વક થયાના સમાચાર જાણી આનંદ. અધિક તપ કરવાની ભાવના જાણીને પણ આનંદ.

ચિત્તની પ્રસન્નતા વધતી હોય તો અધિક તપ કરવામાં કોઈ જાતની હરકત નથી. તપ અને જિનભક્તિ, એ બે જ જડીબુટ્ટીઓ સંયમીઓ માટે અત્યંત ફાયદાકારક છે. જ્ઞાન તો બીજાનું પણ મેળવીને ચલાવી શકીએ છીએ, પણ તપ સંયમ અને ભક્તિ આત્માની સ્વતંત્ર ચીજો છે. એ ત્રણેમાં તમે બધા ખૂબ જ આગળ વધો અને આદર્શરૂપ બનો એજ એક અભિલાષા.

અત્રે પણ શ્રી દેવ–ગુરુ કૃપાએ આરાધના સારી રીતિએ થઈ રહી છે. શ્રી સંઘને પણ ઓળીની આરાધના બહુ ઉમંગભેર થઈ છે.

એ જ પાલીતાણાનો પત્ર બીડી આપ્યો છે.

સહજ સિદ્ધ સ્વભાવ જીવની સાથે કાયમ જ રહે છે.

સં. ૧૯૯૮, વદી–૯
અહમદનગર.

પરમ સુવિનીત પ્રદ્યોતન!

પત્ર મળ્યો. અઠ્ઠાઈની તપશ્ચર્યાના સમાચાર જાણી અતિ આનંદ. સાથે મોકલેલા પત્રોનો ઉત્તર પણ યથાવસરે લખી દઈશું.

તમારી ભાવનાવાહી પરિણતિથી તમારી દીક્ષા થયા પહેલાં જ, હું પરિચિત થયેલો છું. તેથી અત્યારે તમે જે ભાવનાઓમાં

ઝીલી રહ્યા છો, આથી પણ કેઈ ગુણી સુંદર ભાવનાઓમાં ઝીલનારા બનો, તો પણ મને આશ્ચર્ય થવાનું નથી. સહજ સિદ્ધ સ્વભાવ જીવની સાથે કાયમ જ રહે છે. તમારી જે પરીક્ષા કરવાની હતી, તે દીક્ષા પહેલાં જ અમારાથી થઈ ગયેલી છે, તેથી તમારા માટે અમે સર્વથા નિશ્ચિત છીએ અને ભવિષ્યમાં રહેવાના છીએ. તમારા જેવી પરિણતિવાળાને ઊંચે ચઢાવવા માટે અમારે બીજું કાંઈ કરવા જેવું રહેતું જ નથી, માત્ર સુયેાગ્ય આલંબનો જ શકય હોય તેટલાં પૂરાં પાડવાનાં રહે છે. પરિણતિવાન આત્મા છૂપા રહી શકતા જ નથી અને તમે પણ સંસર્ગમાં આવ્યા ત્યારથી જ છૂપા રહી શકયા નથી. તો પણ જ્યાં સુધી શાસ્ત્રોનો યથાતથ્ય બોધ થયેા નથી, ત્યાં સુધી તમારા જેવાને પણ ઘણું ઘણું સમજવાનું રહે છે અને ભૂલોથી બચવા માટે વારંવાર સાવધ રહેવાનું રહે છે. અન્યથા અજ્ઞાનાદિ કારણોએ વારંવાર અને નિરર્થક બંધાઈ જવાનો પ્રસંગ ઊભો થાય છે.

શાસ્ત્રકારોએ ત્રણ પ્રકારના આત્માઓ જણાવ્યા છે. એક અપરિણત, બીજા પરિણત અને ત્રીજા અતિપરિણત. તેમાં અપરિણત અને અતિપરિણતને આરાધના દુષ્કર જણાવી છે.

વ્યવહાર અને નિશ્ચય, ઉભયને પોત પોતાના સ્થાને ઘટાવી શકનાર અને યેાજી શકનારને **પરિણત** કહ્યો છે.

કેવળ વ્યવહારને પકડી, નિશ્ચયની સર્વથા અવગણના કરનાર **અપરિણત** છે અને કેવળ નિશ્ચયને પકડી વ્યવહારની સર્વથા અવગણના કરનાર **અતિપરિણત** છે. આપણાથી અપરિણત પણ ન બની જવાય, અને અતિપરિણત પણ ન બની જવાય, એના ઉપર ખૂબ જ લક્ષ્ય રાખવાની જરૂર રહે છે. જો એ લક્ષ્યમાં નથી રહેતું તો ઘણીવાર ઉત્તમ આરાધક આત્માઓ પણ પરનિન્દાદિકમાં પડી અધોગતિમાં ચાલ્યા જાય છે. અત્યારે આટલી સૂચના જ તમારે માટે બસ છે.

તમારા પૂછેલા પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં નીચે મુજબ છે.

(૧) તમારા લખેલા અક્ષરો સારી રીતે વાંચી શકાય છે. લખવામાં હ્રસ્વ દીર્ઘની ભૂલો પણ હવે પહેલાંથી કમી થાય છે, પણ લખવા માટે તમે કાગળોના ટૂકડા ઘણા નાના વાપરો છો, તે જો મોટા વાપરવામાં આવે તો વાંચવામાં વધુ અનુકૂળતા રહે.

(૨) અનંત અનંત ઉપકારીઓની આરાધના સીધી રીતે થઈ શકતી નથી. સીધી રીતે એટલે બધા ઉપકારીઓના સાક્ષાત્ સમાગમમાં આવીને થઈ શકતી નથી. તો પણ જ્ઞાનીઓનું કથન છે કે.

'जो मां पाडिवन्नत्ति से गुरुत्ति।' ઇત્યાદિ. જે મને (અર્થાત્ જિનેશ્વરદેવને) પ્રતિપન્ન થયેલો છે, તે ગુરુને (અર્થાત્ નિર્ગ્રંથ મહર્ષિઓને) પણ પ્રતિપન્ન થયેલો છે, અને જે (ઉપકારી) ગુરુને પ્રતિપન્ન થયેલો છે, તે મને પણ પ્રતિપન્ન થયેલો છે. તાત્પર્ય એ છે કે અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવને સાક્ષાત્ જ્યાં સુધી મેળવી શકતા નથી, ત્યાં સુધી તેમને મેળવવાનું એક જ દ્વાર સાક્ષાત્ ગુરૂઓ છે, સાક્ષાત્ ગુરૂઓની ભક્તિથી જ પરોક્ષ એવા શ્રી જિનેશ્વરદેવ અને બીજા અનંતાનંત જ્ઞાનીઓની પ્રતિપત્તિ ભક્તિ આદિનો લાભ મેળવી શકાય છે.

(૩) 'આ તો એમ જ ચાલે' ઇત્યાદિ અસત્ આલંબનો છે. પોતાની નબળાઈ છૂપાવવા માટે અગર આગળ વધતા આત્માઓને હલકા પાડવા માટે નિર્ધ્વંસ પરિણામી આત્માઓએ ઉપજાવી કાઢેલાં હોય છે. એનો વારંવાર ઉપયોગ કરવાથી આત્મા આરાધક ભાવમાંથી ખસી વિરાધક ભાવમાં ચાલ્યો જાય છે.

(૪) શ્રી જિનેશ્વરદેવના શાસનની ભાવથી પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. એની પ્રાપ્તિ આગળ ત્રણલોકની ઋદ્ધિ પણ તુચ્છ છે.

(૫) પરમ પુણ્યોદયથી પ્રાપ્ત થયેલી માનવજીવનની અને તેમાં સંયમજીવનની ક્ષણોની કિંમત માપી શકાય તેમ નથી. સદુપયોગ

કરાયેલી આ માનવજીવનની ક્ષણોની કિંમત કલ્પતરુ અને ચિંતામણિથી પણ અધિક ફળદાયી છે અને દુરૂપયોગ કરાયેલી તે જ ક્ષણો અનંતા ભવોનો વિનાશ કરનારી થાય છે. કારણ કે આ ભવોમાં પાડેલા સારા યા નરસા સંસ્કારોની અસર ભવોભવ ચાલે છે.

(૬) પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓને જેમ તેમ કરવાથી અને ઉપયોગ શૂન્ય પણ કરવાથી જન્માતરમાં આ ઉત્તમ ક્રિયાઓની પ્રાપ્તિ ન થાય, એવું અંતરાય કર્મ ઉપાર્જન થાય છે.

(૭) તમારા માટે કાગળ લખવામાં બહુ ટાઈમ જતો હોય તો ખાસ હૃદયમાં ઊર્મિ ઊઠે ત્યારે જ પત્ર લખવાનું રાખવું જોઇએ. જેથી તે વખતે પત્ર લખવામાં ઘણો જ ઓછો વિલંબ લાગશે. ખાસ પ્રયોજન ઊભું થયું ન હોય ત્યારે પત્ર લખવાનો પ્રયાસ કરતી વખતે ઘણું કરીને વધારે ટાઈમ લાગે છે.

(૮) અભ્યાસમાં આગળ વધી શકાતું નથી, તેની વધારે પડતી ચિન્તા થવી ન જોઇએ. અભ્યાસ તો હંમેશાં શક્તિ અને સામગ્રી અનુસારે થવાનો છે. બધાને સરખી શક્તિ કે સામગ્રી મળી શકતી નથી. તેથી તેમાં તરતમભાવ રહેવાનો છે. આપણે તો માત્ર એક ક્ષણ પણ એળે ન ગુમાવવી, એ જ ધ્યેય રાખવું જોઇએ પછી ફળ થોડું મળે યા વધારે તે તરફ જોવાની જરૂર નથી. આપણી ક્ષણોનો આપણે આપણી શક્તિ મુજબ સદુપયોગ કર્યો છે, એજ આપણા માટે ખરેખરૂં ફળ સમજવાનું છે અને એ રીતે સદુપયોગ કરનાર માષતુષ મુનિ જેવા તીવ્ર જ્ઞાનાવરણીયકર્મના ઉદયવાળા મહામુનિ યાવત્ કેવળજ્ઞાનને પણ પામી શકયા હતા. ખોટી ચિંતા એ આર્તધ્યાન સ્વરૂપ છે અને ખોટી ચિન્તા છોડીને સંયોગાનુસાર ઉદ્યમી રહેવું, એ ધર્મધ્યાન સ્વરૂપ છે. મુખ્ય ફળ શ્રુતજ્ઞાન નથી, પણ કેવળજ્ઞાન છે. પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરનાર શ્રુતજ્ઞાન ઓછું વધતું મળે તો પણ કેવળજ્ઞાન તો મળવાનું જ છે, એમાં સંશય નથી.

(૯) ઉત્કૃષ્ટ ભાવ આવે નહિ, મન વિષય કષાય તરફ ખેંચાય, કરણીય કાર્ય થાય નહિ, તેમાં પૂર્વની વિરાધના જરૂર કાર્ય કરે છે; પણ તેટલા માત્રથી વર્તમાનમાં વિરાધક ભાવ સેવે છે એમ કહેવાય નહિ. કિન્તુ અતિચાર સ્વરૂપ છે અને એ અતિચાર આલોચના પશ્ચાત્તાપાદિથી નિવારી શકાય છે.

(૧૦) સ્વપ્નની વિગત જાણી આનંદ થયો છે. શુભ સ્વપ્નો આવેલાં નિષ્ફળ જતાં નથી. અજીર્ણાદિ વિકારના અભાવે આવેલાં સારાં નરસાં ફળો ભાવિ શુભાશુભના સૂચક શાસ્ત્રે પણ સ્વીકાર્યા છે. માટે તે સ્વપ્નોને ભૂલી નહિ જતાં, ફળ પ્રાપ્તિ પર્યંત પ્રશસ્ત ભાવે તે તે ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે ઉદ્યમવંત રહેવું જોઇએ. અંતે થઇને બધો આધાર આપણા ઉદ્યમીપણા ઉપર જ રહેવાનો છે.

ગૃહસ્થપણામાં આવેલું સ્વપ્ન પણ શુભ જ છે અને તેનું ફળ સંયમ પ્રાપ્તિ થવાથી તથા સાનુકૂળ સામગ્રીઓ મળવાથી, તમને મળી ચૂકયું ગણાય. વિશેષ ફળ તો જ્ઞાની મહારાજ જ જાણી શકે. આપણી આરાધના કે વિરાધનાઓનું આ ભવમાં જે ફળ મળે છે, તે તો યત્કિંચિત છે. અનેક ભવોની પરંપરાની તેને માટે જરૂર છે. અથવા ઉત્કૃષ્ટ આરાધનાવાળાને મુક્તિમાં જ તેનું સંપૂર્ણ ફળ અનુભવાય છે.

(૧૧) વૈરાગ્ય ભાવના વધારવા માટે જ્ઞાન અને ગુરુસેવા સિવાય બીજો માર્ગ છે જ નહિ. તન મન વચનથી તે ઉભયની સેવાના અંતે જ જ્ઞાનગર્ભિત અને સ્થિર દીપકના પ્રકાશ જેવો શુભ વૈરાગ્ય અંતરાત્મામાં જાજ્વલ્યમાન થાય છે. શ્રી જિનાગમનું વિધિપૂર્વક અધ્યયન એ જ તેના માટે આ કાળમાં છેલ્લામાં છેલ્લું સાધન છે. તેને લક્ષ્યમાં રાખીને જ જીવન ઘડાવું જોઇએ. સાધુના ત્રણ મનોરથોમાં પહેલો જ મનોરથ એ છે કે, 'કયારે હું મારી શક્તિ મુજબ થોડું યા ઘણું શ્રુતજ્ઞાન ગુરુસેવા વડે ગુરૂકુળ વાસમાં વસી ઉપાર્જન કરીશ?' એ જ્ઞાન ઉપાર્જન થયા પછી જ 'કયારે હું

એકલમલ પ્રતિમા અર્થાત્ એકાકીપણે મારા આત્માને નિર્મળ કરવા માટે કાયોત્સર્ગ ધ્યાને જ જીવન ગાળીશ ?' એ બીજો મનોરથ છે અને ત્રીજો મનોરથ 'અંત સમયે કયારે હું સર્વ પાપને વોસિરાવી આરાધનાપૂર્વક મરીશ ?' એ છે. ત્રણ મનોરથો આપણા હૃદયમાં પણ સદા થયા કરવા જોઇએ એ જ વૈરાગ્યને સતત જાગ્રત રાખવાનોઉપાય છે.

(૧૨) આજ્ઞાપૂર્વકનું પ્રવર્તન એ જ વાસ્તવિક સેવા છે અને એ સેવા તમે મૂકી નથી પણ કરી રહ્યા છો, એટલે દુઃખ માનવાની જરૂર નથી.

(૧૩) અકુાઈ પહેલી હશે તેથી કદાચ કઠિન પણ થાય, તો પણ તપશ્ચર્યા માટેનો સદભ્યાસ માટે નિરુત્સાહી બનવાની જરૂર નથી. મુક્તિ પામવા માટે છેવટનો માર્ગ તે જ છે તેથી તેને વહેલો યા મોડો સિદ્ધ કરવો જ પડવાનો છે.

(૧૪) ચોવીસીના ૧૬ સ્તવનો થઇ ગયા, તે જાણ્યું, બાકીના આઠ પણ અવસરે થઇ જવા જોઇએ. એ ચોવીસ સ્તવનો અદ્‌ભુત છે. પ્રભુની સાથે આત્માને એકમેક બનાવવા માટે એ ૨૪ સ્તવનો કરતાં બીજી કોઇ ચીજ વધારે સહેલી હજુ સુધી મારા અનુભવવામાં આવી નથી. એ નાનકડા સ્તવનોનો એક એક અક્ષર અર્થગાંભીર્યથી ભરેલો છે. શાસ્ત્રોનો અધિક બોધ થયા પછી જ તેની અર્થગંભીરતાનો ખરો ખ્યાલ આવે છે. બીજાં સ્તવનો મોંઢે થાય કે ન થાય, તેની ફિકર નહિ પણ આ ચોવીસને તો કદી ભૂલાય નહિ, એવી મારી ફરી ફરીને ભલામણ છે. એમાં જે છે તે પ્રાયઃ ભાષામાં બીજે મળવાનું નથી. એનું એકેક પદ સેંકડોવાર બોલશો તો પણ નવો નવો ભાવ ઝર્યા જ કરશે. એવું પ્રાયઃ બીજી કૃતિઓમાં ઓછું જ બને છે; માટે તેને હૈયાનો હાર બનાવી દેશો.*

---

* **નોંધ:** પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના સાહિત્ય પ્રત્યે આદર બહુમાન અને રસ ધરાવતા પૂ. ગુરૂદેવશ્રીએ શ્રી યશોવિજયજી મહારાજની ચોવીસીની ઉપરના પત્રમાં વિશિષ્ટતા દર્શાવી છે.

(૧૫) ચોલપટ્ટા સાપણી તથા પરઠવવાના કાગળો મોકલ્યા છે. રાત્રિદિવસનો કાર્યક્રમ જણાવ્યો તેમાં રાત્રે અડધી કલાક વહેલું સૂઈને સવારે અડધી કલાક વહેલું ઉઠાય, તેવી પ્રેકટીસ પાડવી વધારે સારી છે. વિશેષ તો દશવિધ ચક્રવાલ સામાચારીનું વર્ણન સાંભળ્યા બાદ સમજી શકાશે. જરૂર પડયે પત્ર લખવામાં આળસ રાખવી નહિ.

મનની સંકલ્પ-વિકલ્પ રહિત અવસ્થા માટે અનન્ય સાધનભૂત સદ્‌ગુરુની ઉપાસના.

ચૈત્ર સુદ ૧૨,
જૈન દેરાસર, થાણા.

વિનયાદિગુણગણયુત મુનિ શ્રી પ્રદ્યોતન વિજયજી જોગ, અનુવંદનાદિ.

ગઈ કાલે તમારી ચીઠી મલી હતી. તેનો ઉત્તર નીચે મુજબ.

सत्येतस्मिन्नरतिरतिदंगृह्यते वस्तु दूराद-
प्यासन्नेऽप्यसति तु मनस्याप्यते नैव किंचित् ।
पुंसामित्यप्यवगतामुन्मनीभावहेता—
विच्छा बाढं न भवति कथं सद्‌गुरुपासनायाम् ॥

અર્થ—અરતિને આપનાર વ્યાઘ્ર સર્પાદિ, રતિને આપનાર વનિતા પુષ્પમાલાદિ, દૂર હોય તો પણ જો મન હોય તો ગ્રહણ થાય છે અને જો મન ન હોય તો નજીક રહેલી પણ તે ગ્રહણ થતી નથી; એમ જાણનારા પુરૂષોને પણ ઉન્મની ભાવના હેતુરૂપ સદ્‌ગુરૂની ઉપાસનાને વિષે તીવ્ર ઇચ્છા રુચિ કેમ થતી નથી. ?

આ શ્લોકમાં ઉન્મની ભાવોનો મહિમા ગાયો છે અને તેના અનન્યઉપાયભૂત સદ્‌ગુરૂની ઉપાસનાને વિષે તીવ્ર અભિલાષ ઉત્પન્ન કરવા માટે પ્રેરણા કરી છે.

ઉન્મની ભાવ એટલે મનની સંકલ્પ-વિકલ્પરહિત અવસ્થા. તેનો ઉપાય ભાવશુદ્ધિ છે અને ભાવશુદ્ધિનો ઉપાય આજ્ઞા પારતંત્ર્ય છે. તે વિના ભાવશુદ્ધિના વિરોધી ઉત્કટ રાગદ્વેષ શમતા નથી. ભાવશુદ્ધિ અષ્ટકમાં આ વાત વિસ્તારથી કહી છે.

ગોચરી સમયે ધર્મોપદેશ નહિ આપવા માટે મુનિએ ખાસ કાળજી રાખવી. એ પ્રવૃત્તિ શાસ્ત્રબાધિત છે અને પરંપરાએ અનેક અનર્થોને જન્મ આપનારી છે. માટે તે સંબંધી આગ્રહ રાખવો વ્યાજબી નથી.

એજ અત્રે શ્રી દેવ ગુરુકૃપાએ કુશળ છે. બધા મુનિઓ વતી વન્દનાદિ વાંચશો.

નૂતન વર્ષની અભિલાષા—સર્વ વિકલ્પોનું શમન, રત્નત્રયીની આરાધનામાં એકતાનતા.

આસો વદ ૧૩
ભુજપુર.

વિનયાદિ ગુણયુત મુનિવર શ્રી પ્રદ્યોતનવિજયજી જોગ અનુવંદનાદિ. સાધુઓની તથા સંઘની આરાધનાદિના સમાચાર જાણી આનંદ થયો.

(૧) 'उपकारी स्वजनेतर सामान्यगता मैत्रीति!' એ વિષય ષોડશક મૂળમાં છે.

(૨) ભવિતવ્યતાના આલંબનથી સમાધિ રાખવાનો ઉપદેશ આપી શકાય, કારણ કે પાંચ કારણોમાં તે પણ એક કારણ છે. તેથી જે વખતે જે કારણને આગળ કરવાથી સમાધિ ઉપજતી દેખાય, તે વખતે તે કારણને આગળ કરી શકાય.

નૂતન વર્ષમાં સર્વ વિકલ્પો શમીને રત્નત્રયીની આરાધનામાં એકતાનતા પ્રગટો એજ એક અભિલાષા.

શ્રી કૈલાસપ્રભ વિ. જોગ અનુવંદનાદિ. પત્ર મળ્યો. નવ તત્ત્વની વાંચના ચાલુ રાખશો. મુંબઈવાળા શ્રાવકને ધર્મલાભ જણાવ્યા છે. જાપ વગેરે ચાલુ છે, તે ચાલુ રાખશો અને સંકલ્પ મુજબની સંખ્યા પૂર્ણ કરશો. વિહાર માટે ખુલાસો હવે પછી લખી જણાવીશું.

એ જ.

જે પોતાના આત્માને જેવો છે, તેવો જ દેખતાં શીખ્યો તેજ તેની આરાધક દશાની પરાકાષ્ઠા છે.

સુદ ૧૧

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી હર્ષવિજયજી, પ્રદ્યોતનવિજયજી, કુન્દકુન્દવિજયજી યોગ્ય અનુવન્દનાદિપૂર્વક વદ ૧૩ નો ત્રણેનો લખેલો પત્ર મળ્યો છે. લુણાવાનો કાગળ લુણાવા સુશ્રાવક જીવરાજ ખીમાજીના સીરનામે બીડી આપ્યો છે. અત્રેથી વદી ૧૨ ના દિવસે લખેલો પત્ર મળ્યો હશે.

શુદ્ધ આરાધક દશામાં આત્માનું પ્રતિબિંબ જેવું હોય તેવું દેખાઈ આવે છે. જે પોતાના આત્માને જેવો છે, તેવો જ દેખતાં શીખ્યો, તે જ (તેની) આરાધક દશાની પરાકાષ્ઠા છે.

મોટે ભાગે જીવ પોતાની અજ્ઞાન દશાથી પોતાની જાતને છે, તેના કરતાં અધિક જ માને છે. પરન્તુ તેથી આગળ વધી શકતો નથી અને ઘણીવાર ભયંકર ઠોકરો ખાય છે. એ માટે પોતાની જાતને શુદ્ધ સ્વરૂપમાં છે તેવી જ જોતાં શીખવું જોઇએ અને તેવી શક્તિ ન આવે, ત્યાં સુધી પોતાથી આગળ વધેલાઓને અનુસરીને ચાલવું જોઇએ. શાસ્ત્રકારોની આજ્ઞામુજબ મન વચન કાયાથી જ્ઞાનાદિગુણથી અધિકને સદાકાળ સમર્પિત બની રહેવું, એ જ સંસાર સાગર તરવાનો સરળમાં સરળ માર્ગ છે. તમારા ત્રણેમાં

તે વૃત્તિ ખૂબ જ વિકસિત થાએા. પરસ્પર દોષોથી બચવાની સાથે પરસ્પરના ગુણોના ચોર બનો, એ જ ભલામણ છે.

અત્રે બધાને તપ સુખપૂર્વક ચાલે છે. બધાએ છટ્ઠ કર્યા હતા. તમારે પણ ચારવાળાને અને છટ્ઠ વાળાને સુખપૂર્વક પારણાં થયાં હશે. મુંબઈથી સુશ્રાવક કાનજીભાઇ તથા મેઘજી વિગેરે આવ્યા હોય તો તેમને ધર્મલાભપૂર્વક કહેશેા કે તમારો પત્ર મળ્યો છે અને પર્વાધિરાજની આરાધના સારી રીતે કરો એ જ ભલામણ છે. એ જ.

શરીરને ભૂલવા વિશેષ પ્રયત્ન કરવો.

શ્રી પ્રદ્યોતનવિજયજી જોગ અનુવન્દાદિ. બંને પત્રો મળ્યા.

પૂર્વ જન્મોની આરાધનાથી તમારી દૃષ્ટિ બહુ સૂક્ષ્મ તથા ઊંડી ઘણી જઈ શકે તેવી છે. તથા કોઈ પણ વસ્તુનો મર્મ અને તાત્પર્ય શોધવા માટે સદા તલસે છે. મળેલી તે શક્તિ તમને તથા બીજા અનેકોને સાધક કેમ બને, તે માટે બહુ જ કાળજી ધરાવવી અને આત્મતત્ત્વના ચિંતનમાં જેટલું ઊંડું ઉતરાય તેટલું ઉતરવું. વિનય વૈયાવચ્ચાદિમાં ખૂબ ઉજમાળ રહેવું. એથી જ શક્તિ મળી છે અને મળે છે. પ્રત્યેક ક્રિયા તથા નોકારવાળી વિગેરે ખૂબ સ્થિરતાપૂર્વક ગણવાં. તથા તે બધાનાં ઊંડાંમાં ઊંડાં રહસ્યો ખોળી કાઢવાં. અને એ રહસ્યોથી આત્માને ખૂબ ભાવિત કરવો. મળેલી શક્તિનો સદુપયોગ કરવાથી જ નવી શક્તિ મળે છે, એ શાસ્ત્ર વચન સદા સ્મરણમાં રાખવું. શક્તિ કામ આપે ત્યાં સુધી કોઈનું પણ કામ કરવામાં પાછા નહિ પડવું. જ્ઞાન ધ્યાન બધું એની પાછળ ચાલી આવશે. શરીરને ભૂલવા વિશેષ પ્રયત્ન કરવો.

સાધકના હૃદયમાં રાત દિવસ જે મનન અને મંથન ચાલતું હોય છે તેને રદિયો આપવા, અશુદ્ધિને દૂર કરવા, પોતાની સાથે અંદરથી તાલ મેળવવા માગતા સાધકને હેતભરી હિતશિક્ષા આપતા,
વ્યવહાર અને નિશ્ચયમાર્ગને એક કરતા,
અનેકાંતદૃષ્ટિએ સમજાવતા,
ગણત્રીના શબ્દોમાં વસ્તુના હાર્દને રજૂ કરતા,
જ્ઞાન અને અનુભવના નિચોડની મન મૂકીને ઉપકાર-વૃષ્ટિ કરતા, આ પત્રો પરમ ઉપકારક પૂજ્ય પંન્યાસજી મહારાજની અરિહંતાદિ પંચપરમેષ્ઠિ ભગવંતોની ભાવનાની પ્રભાવના કરે છે.
પરમ પૂજ્ય મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ સાહેબ પરના જિજ્ઞાસુ જીવને સ્નેહ નીતરતું માર્ગદર્શન આપતા પત્રોમાંથી :-

ગમે તેવી અવસ્થામાં પણ ચૈતન્ય પોતાની શુદ્ધિનું કામ અસ્ખલિતપણે કરી શકે છે.

ચૈત્ર વદી. ૧૩
ઘેટી.

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી કુંદકુંદવિજયજી જોગ અનુવંદનાદિ.

પાનસરથી વદ ૩નો લખેલો તથા મહેસાણાથી વદ ૧૦ નો લખેલો પત્ર મળ્યો છે.

વદી–૩ નો લખેલો પત્ર વાંચીને આનંદ થયો છે. સાધનામાં આવતાં વિઘ્નો એક પછી એક હઠતાં જાય છે. અંતરની શુદ્ધિથી થતી મુક્તિમાર્ગની આરાધના વિઘ્નોના પર્વતોને પણ પીગળાવી નાખવાની શક્તિ ધરાવે છે. બધી વસ્તુઓ કરતાં અંતરની શુદ્ધિ પ્રાપ્ત થવી દુર્લભ છે. જે પ્રાપ્ત કરવાની તમારી ઝંખના જ તમને આગળ વધવામાં અસાધારણ સહાયરૂપ કાર્ય કરી રહેલ છે, એમ હું માનું છું.

(૧) શારીરિક નિર્બળતાનો વિચાર મનમાંથી સર્વથા ફગાવી દેશો. કારણ કે ગમે તેમ અવસ્થામાં પણ ચૈતન્ય પોતાની શુદ્ધિનું કામ અસ્ખલિતપણે કરી શકે છે. પુદ્ગલ અને જીવને પરમાર્થથી કાંઈ

સંબંધ નથી. એ વિચારને આગળ કરીને આપણે શરીર નહિ પણ જીવ છીએ અને જીવની શક્તિ અચિન્ત્ય છે, તેને બાધ્ય કરવાની પુદ્ગલમાં જરા માત્ર શક્તિ નથી. પુદ્ગલથી નિરપેક્ષ થવાની જીવમાં શક્તિ છે પણ જીવથી નિરપેક્ષ થવાની પુદ્ગલમાં શક્તિ નથી. મન-વચન-કાયા ત્રણેના પુદ્ગલો ઉપર જીવને પ્રભુત્વ પ્રાપ્ત થયું છે. જીવની ઇચ્છા મુજબ ત્રણેને પ્રવર્તવું પડે છે, એવી સ્વાધીનતા જીવને મળી છે, પુદ્ગલને મળી નથી. એ વિચારને જોર આપીને આપણી ઇચ્છાને આધીન શરીર અને મન પ્રવર્તે પણ શરીર અને મનની ઇચ્છાને આધીન આપણે ન પ્રવર્તીએ, એવો અભ્યાસ ધીમે ધીમે કેળવશો, તો શરીર સંબંધી મુશ્કેલીઓનો અંત આવી જશે. શરીર એક સાધન છે, તેની પાસેથી કામ લેવું એ જ આપણું કર્તવ્ય છે. તે સાધન, સબળું કે નબળું જેવું હોય તેવું તેને અનુરૂપ કાર્ય તેની પાસેથી લઈ લેવાની કળા કેળવવી, પણ તે સિવાય નિર્બળતાનો બીજો કોઈ પણ વિચાર ન કરવો, કારણ કે તે આર્તધ્યાન રૂપ છે. પૌદ્ગલિક આશંસા રૂપ છે. તેથી પાપરૂપ છે અને દુર્ગતિનો હેતુ છે. માટે જેવું મળ્યું તેવું ખરૂં, તે કાંઈ આપણી ઇચ્છાને આધીન નથી પણ જેવા પ્રકારનું મળ્યું છે, તેવા પ્રકારના સાધન વડે તેવા પ્રકારનું કાર્ય કરી લેવું એજ આપણે આધીન વાત છે. માટે અસત્ વિકલ્પોને દેશવટો આપી, જે કાર્ય થઈ રહ્યું છે, તે કાંઈ ઓછું નથી, એવો સંતોષ ધારણ કરીને શરીર પાસેથી કામ લેશો, તો ફરિયાદનું કોઈ પણ કારણ હવે પછી નહિ રહે.

(૨) કલ્પનાના ભયો કે ફાલતું વિચારોને અટકાવવા માટે તમે જે ઉપાયો લ્યો છો, તે બરાબર છે. શાસ્ત્રે સ્વપ્ન વૃત્તિ કે નિદ્રા-વૃત્તિનું આલંબન લેવાનું કહ્યું છે. કારણ કે તેથી વૈરાગ્ય પોષાય છે. સ્વપ્નના પદાર્થો જાગ્રત કાળે અસત્ છે તથા જાગ્રત અવસ્થાના સુખ દુઃખો સ્વપ્નકાળે જેમ અસત છે, તેમ નિત્ય અનુભવવાના વિચારો અને સુખ દુઃખો પણ અસ્થાયી તથા કેવળ કલ્પનાજન્ય છે, એ

વિચાર ઘણી જ શાંતિ આપશે તથા આત્માનું જે સ્થાયી કાર્ય છે, તેમાં દત્તચિત્ત રહેવાનું બળ સમર્પશે.

(૩) મુનિ જીવનની આવશ્યક ક્રિયાઓ પ્રત્યે સમજપૂર્વક આદર વધતો જાય છે, તે જાણી આનંદ. મનની ગુલામીમાંથી છૂટીને મનને ગુલામ બનાવવા માટે વિવિધ પ્રકારની ચર્ચાઓ, તે તે કાળે આચરવા માટે શાસ્ત્રકારોએ નિર્દિષ્ટ કરેલી છે. તેથી તેનો પૂર્ણ લાભ લઈ લેવો, એ જ આપણું કર્તવ્ય છે. મુનિચર્યાને પાળવા માટે શારીરિક શ્રમ કે માનસિક દબાણ પરિણામે અનંત લાભમાં પરિણમનારૂં છે, એમ માનીને તે માટે શરીર અને મનને ઘસવા તત્પર થવું, એ પણ સમાધિનો રાજમાર્ગ છે. અહીં મુનિશ્રી મહાભદ્રવિજયજી તેને જીવનમાં ચરિતાર્થ કરી રહ્યા છે. તેના પરિણામે સૌ કરતાં અધિક સમાધિને ભોગવે છે.

(૪) સંપૂર્ણ ગુણી નહિ પણ સંપૂર્ણ ગુણાનુરાગી બની શકાય એનો અર્થ એ કે વીતરાગ નહિ પણ વીતરાગના સેવક, વીતરાગતાના પ્રશંસક જરૂર બની શકાય અને તેમાં જરા પણ ત્રૂટિ ન રહેવા દેવી, એવો મનોરથ કરી શકાય. જો કે તે દશાએ પહોંચવા માટે જેમ જેમ કર્મવિવર આવે, તેમ તેમ આગળ વધાય. કારણ કે કેટલીક વખત કર્મ પણ ઘન ચીક્કણ, વજ્રસાર હોય છે. તેથી થોડો વિલંબ પણ લાગે પણ તેથી હિંમત હારવાની છે નહિ કારણ કે અંતે જીવની શક્તિ જ વધે છે. કર્મ કરતાં પણ જીવની શક્તિ ઘણી વધારે છે, એ વિશ્વાસ કદી ચૂકવો નહિ.

(૫) મહાવીર પરમાત્માના બિંબના પ્રથમ દર્શન કરતી વખતે પાનસરમાં ચૈત્ર-સુદ–૧૩ની સાંજે અપૂર્વ ઉલ્લાસ અનુભવ્યો, તે ઘણું શુભસૂચક છે. સમ્યગ્દર્શનને આવારક ઘણાં કર્મો તે વખતે ખપી ગયાં સમજવાં. એવો ઉલ્લાસ વારંવાર આવે નહિ, તેનો ખેદ કરવા કરતાં એક વાર પણ એવો ઉલ્લાસ આવ્યો તેનો હર્ષ ધારણ

કરવો. એ અમૃતનો આસ્વાદ ફરી વાર તેવા ઉલ્લાસને લાવ્યા સિવાય રહેનાર નથી, તેની ખાત્રી દૃઢ રાખવી.

(૬) વીતરાગના ધ્યાનના અનુસંધાન માટે બતાવેલો સહેલો ઉપાય છે, તેને વારંવાર અનુસરવો. તે એ છે કે જે કાંઈ ક્રિયા કરીએ છીએ, તેને બતાવનાર શાસ્ત્ર છે. એ શાસ્ત્રને પ્રથમ કહેનાર વીતરાગ છે, અરિહંત છે. તેથી ક્રિયામાં મગ્નતા એ ફલતઃ વીતરાગના ધ્યાનમાં જ મગ્નતા છે અને એનું જ નામ આજ્ઞાપાલનરૂપ ભાવભક્તિ છે. એવી ભાવભક્તિ પ્રત્યેક ક્રિયાકાળે આપણને સાધ્ય છે, તે વિચારથી મુનિ જીવનમાં એક ક્ષણ પણ વીતરાગનો વિરહ પડતો નથી.

(૭) બોલવાનું ઓછું કરવું અને જરૂર પડયે નૈતિક હિંમત કેળવવી, એ બન્ને વસ્તુ જરૂરી છે. સત્યવ્રતના આંતર શ્લોકોમાં એ વાત સ્પષ્ટ રીતે બતાવી છે, તેનું મનન કરવું અને તેવું જીવન કેળવવા અભ્યાસ કરવો.

(૮) જાપમાં જે ત્રણ વસ્તુ છે, તેને અખંડ ચાલુ રાખવી. ત્રણે વસ્તુ અચિન્ત્ય પ્રભાવ સંપન્ન છે. શારદાસ્તોત્ર પણ ચૂકવું નહિ. શ્રુતસાગરનું પાર પામવું, શારદાની સહાય વિના અશકય છે, એવી ભાવના રાખવી અને હૃદયમાં શારદા પ્રત્યે ખૂબ ભક્તિ પ્રગટ કરવી. તેથી અલ્પ પરિશ્રમે સઘળા શ્રુતનો પાર પામી શકાશે.

(૯) સ્વસ્તિક આસન સિદ્ધ કરવા હાલ પ્રયાસ કરવો. તે સિદ્ધ થયા પછી બીજા આસનની પ્રાયઃ જરૂર પડશે નહિ. જે આસને બેસવાથી આપણું ચિન્તન, મનન સુખપૂર્વક થઈ શકે, તે આસન શાસ્ત્ર વિહિત સમજવું. એથી વિશેષ એ વિષયમાં શ્રી પુંડરીક-વિજયજીના રૂબરૂ મેળાપ વખતે વધી શકાશે. હાલ તે આનંદપૂર્વક યોગોદ્વહન કરી રહેલ છે. પ્રાયઃ વદી ૬ ના વડી દીક્ષા થશે અને ત્યારબાદ તુરત વિહાર થશે.

(૧૦) વધારે કાર્ય કરવાનો વિચાર કરવા કરતાં જે થાય તે સારી રીતે કરાય. એવો વિચાર દૃઢ કરવો–સ્વાધ્યાય માટે પ્રથમ

રાત્રિ કરતાં 'પાછલી રાત'નો સમય વધારે પસંદ કરવો. મિષ્ટ વસ્તુના ઉપયોગ વિના ચાલી શકે તો ચલાવવું. આજના ખોરાકથી જ આવતી કાલનું આપણું શરીર ઘડાવવાનું છે, એ કદી ભૂલવું નહિ. તેથી અયોગ્ય ખોરાકના છાંયે પણ જવાનું મન થશે નહિ.

(૧૧) અનુયોગ દ્વાર પછી આવશ્યક નિર્યુક્તિ પસંદ કરો તે બરાબર છે. પ્રતિક્રમણ પ્રબોધ ટીકાની પ્રસ્તાવના ઘેટીમાં પૂરી થઈ છે, તેમાં નિર્યુક્તિના કેટલાક પદાર્થો લીધા છે, તે પ્રસ્તાવના છપાયા બાદ તમને વાંચવા મળશે. તેમાંથી કેટલુંક માર્ગદર્શન મળશે.

વિષય-કષાયને જીતવા માટે યોગશાસ્ત્રના આંતર શ્લોકોનું ચિન્તન-મનન પ્રત્યેક અવસરે ચાલુ રાખશો. તે બહુ સહેલાઈથી વિષય-કષાયને જીતવાનો માર્ગ બતાવે છે. તેને જીવની સાથે વણી લેશો. શ્રી ખાંતિવિજયજીને અનુવન્દના સાથે ખૂબ ખૂબ શાતા પૂછશો. શ્રી જયપદ્મને આરાધનામાં આગળ વધાય તેવો માર્ગ બતાવતા રહેશો. પૂ. પંન્યાસજી મહારાજ તથા પ્રકાશવિજયજીને વન્દનાદિ જણાવશો.

આપણે શુદ્ધનો પક્ષપાત અને શકચનો આરંભ આચરીને જ આગળ વધવાનું છે.

સુદ ૧૨

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી કુંદકુંદવિજયજી જોગ અનુવન્દનાદિ. ક્ષમાપનાની પત્રિકા તથા ત્યારબાદ લખેલો પત્ર મળ્યો. એક આનો 'નોટ પેડ' થયેલ છે.

(૧) ૮૨ વ્યાખ્યાનોનો થયેલો અનુભવ જાણ્યો. તેટલી ભૂમિકા પસાર થવાની આવશ્યકતા હતી. શ્રમ, ક્ષોભ કે સંકોચ ટળ્યા નહિ એ વાત જેમ સાચી છે, તેમ અંશે ટળ્યા છે, એ વાત પણ સાચી છે. હવે જે શ્રમ અને સંકોચ કે ક્ષોભ છે, તે મનુષ્યોનો કે બીજો કોઇ તેવી લાલસાઓમાંથી જ જન્મેલો છે, એમ માનવાની

આવશ્યકતા નથી. અપૂર્ણ વિદ્યા સચેતન માણસને ખટકચા સિવાય રહેતી નથી. તેમાંથી એ જન્મેલો છે, એમ સમજવું અને તેતો જેમ જેમ વિદ્યાભ્યાસ વધશે અને પોતાને પ્રાપ્ત થયેલું તત્ત્વજ્ઞાન સંગીન છે એવી ખાત્રી થશે, થતી જશે, તેમ તેમ તેના અંશો પણ ટળવા લાગશે જૈનશાસનની આધ્યાત્મિક વિદ્યાની એક દિશા યોગ-શાસ્ત્રાદિ દ્વારા જાણવા મળી છે. કર્મગ્રન્થાદિ પ્રકરણોના અભ્યાસ દ્વારા જ્યારે બીજી દિશા જાણવા અને જોવા મળશે, ત્યારે બાકીનો ક્ષોભ આપોઆપ ઉડી જવાનો, તે અભ્યાસ માટેની જિજ્ઞાસા ઉત્પન્ન થવા માટે આટલી કસોટીની જરૂર હતી. એક વિચાર ઉપર સ્થિર રહેવાતું નથી અને વિચારોના પલટા આવ્યા કરે છે, તે પણ એ જ કારણે છે. આવી અપૂર્ણ અને અધૂરી દશામાં જો એક જ વિચાર ઉપર જીવ બંધાઇ જાય, તો તેનો વિકાસ સર્વથા રૂંધાઇ જાય એટલું જ નહિ પણ મિથ્યાભિમાનની પુષ્ટિ દ્વારા અધઃપતન થઇ જાય. વિચારો પલટાતા નથી પણ અંતરાત્મા સંગીન તત્ત્વજ્ઞાનની અને અબાધ્ય સિદ્ધાન્તોની શોધ માટે તલસાટ કરી રહ્યો છે, એમ સમજવું. એ પૂર્વ ભૂમિકામાંથી પસાર થયા વિના સત્ય અને સ્થિર તત્ત્વજ્ઞાન પૂર્વે કોઇને પણ પ્રાપ્ત થઇ શકયું હોય એમ બન્યું નથી, તો આપણને તો કયાંથી જ પ્રાપ્ત થઇ શકે ?

(૨) વ્યાખ્યાનનું કાર્ય જે લાભોને કરે છે, તેની વિગત જણાવી તે બરાબર છે. માત્ર વ્યાખ્યાતાની 'અહં વૃત્તિ' ન પોષાય, એટલી કાળજી બરાબર જળવાઇ રહે, તો બીજા બધા અનુષ્ઠાનોના લાભ કરતાં પણ એ કાર્યનો લાભ અનેક ગુણો ચઢી જાય છે. વળી માણસ થોડો પણ સચેતન હોય અથવા થોડી પણ જાગૃતિ સાચવી રાખે તો પોતાને 'અહંભાવ' થવાનું કોઇ કારણ છે જ નહિ. **ભગવાન મહાવીરનો વેશ, ગણધર સુધર્માસ્વામીની પાટ અને અનંતા તીર્થંકર ગણધરના જ્ઞાન અને ઉપદેશથી નક્કી થયેલા** શાસ્ત્ર સિદ્ધાન્તોનો અનુવાદ, સજ્જન લોકોને કે ધર્માર્થી પ્રાણીઓને આકર્ષે, એમાં અનુવાદ કરનારે પોતા ઉપર અભિમાન

લેવાનું કારણ છે જ કયાં ? એણે તો જેટલું આકર્ષણ રહે છે, તેમાં પોતાની ઉણપ કારણભૂત છે એમ માનવું જોઇએ. પોતાની ઉણપના કારણે જગતની સર્વોત્તમ અને જ્ઞાનીપુરૂષોને માન્ય એવી વસ્તુ કે જેનો પ્રભાવ સ્વયંસિદ્ધ છે, તેનો પ્રભાવ છે તેટલા પ્રમાણમાં પણ પોતે વિસ્તારી શકતો નથી, હીન પ્રભાવ થાય છે, તેના દોષનો ભાગીદાર હોવા છતાં પોતાને જશનો ભાગીદાર માનવા તૈયાર થાય, તો તેની હીન કર્મિતા અને વસ્તુ તત્ત્વ સમજી શકવા માટેની અશક્તિ અથવા બીનલાયકી પણું જ સાબિત થાય.

(૩) વ્યાખ્યાનનું કાર્ય એ ગીતાર્થો માટે જ છે, તેથી તમને જે વિચાર ઉત્પન્ન થાય છે, તે બરોબર જ છે અને એવી શ્રદ્ધાવાળો હોય તો જ ક્વચિત્ અગીતાર્થ પણ ગીતાર્થ બનવાની અભિલાષવાળો અને ગીતાર્થને સર્વસ્વ સંપૂર્ણ સમર્પિત થઇ ચૂકેલો હોય તો પણ અંશે અધિકારી અપવાદ માર્ગે ગણાય એ દૃષ્ટિ અંતર સન્મુખ રાખી ક્વચિત પ્રવૃત્તિ કરવામાં આવે તો હાનિ નથી. તથા શ્રદ્ધા-શુદ્ધ હોવાથી લાભના પણ અધિકારી થઇ શકાય. પૂ. **ઉપાધ્યાયજી** મહારાજે કહ્યું છે કે આગળ વધવાના અનુભવ સિદ્ધ બે જ માર્ગ જણાય છે. એક **શુદ્ધનો પક્ષ** અને બીજો **શક્યનો આરંભ.** આપણે પણ તેમને પગલે ચાલીને શુદ્ધનો પક્ષપાત અને શક્યનો આરંભ આચરીને જ આગળ વધવાનું છે.

(૪) આત્માની ઓળખાણ કરી લેવી એ જ આ જન્મ પામ્યાનું મુખ્ય ફળ છે. તે વાત તદ્દન સત્ય હોવા છતાં એક ફલાંગ કે છલાંગ મારીને થઈ શકતી નથી. ક્રમે ક્રમે જ થાય છે. એ માટે ખૂબ ધીરજ, મન્થન અને ઉત્સાહ જોઇએ. એ કાર્ય સહેલું એટલા માટે લાગે છે કે અનાદિથી તે કર્યું નથી. તેથી બંને પ્રકારના અનુભવો યથાર્થ છે.

(૫) જગતના તમામ કાર્યો અભિમાનથી થઈ શકે પણ આત્મ-જ્ઞાન નમ્રતા આવ્યા વગર કે સ્વચ્છંદ તજ્યા સિવાય કોઈ કાળે પણ ન થઈ શકે, એ સંપૂર્ણ સત્ય છે એ વાત જેઓના હૈયે ખરેખરી રીતે વસી છે, તેઓ જ સાચા અધિકારી પુરુષો સમજવા.

(૬) 'હું માનું છું કે બધા જ વિચારો ક્ષણિક છે. જેમાંથી વિચાર ઉત્પન્ન થાય છે, તે મન જ જ્યારે ચંચળ છે, તો તેમાંથી સ્થિર વિચાર શી રીતે ઉપજે?' આ હકીકત સર્વાંશ સત્ય નથી. સર્વજ્ઞ નિરૂપિત સિદ્ધાંતોનું સદ્‌ગુરુ નિશ્રાએ યથાર્થજ્ઞાન જેઓનું થયું છે, તેઓના મનમાં સિદ્ધાંત સંબંધી જે વિચારો ઉત્પન્ન થાય છે, તે ક્ષણિક હોતા નથી પણ સર્વકાલ માટે એકસરખા રહે છે. તેઓને પણ સરાગ અવસ્થા પર્યંત અનાદિવાસનાજન્ય રાગદ્વેષાત્મક વિકલ્પ ઉત્પન્ન થાય છે, તે જો કે ચંચળ હોય છે તો પણ તેઓનું શ્રદ્ધાન જ્ઞાન યથાર્થ હોવાથી તેના બળે તે ચંચળતાને પણ જીતી જાય છે.

(૭) 'જ્યાં સુધી મનથી પણ ઉપરની અવસ્થા આવે નહિ ત્યાં સુધી સાચી શાન્તિ મળે એ સંભવિત નથી અને એ દશા ગુરૂ-કૃપા સિવાય શકય નથી.' આ વાકયમાં પાછલો અંશ સર્વાંશ સત્ય છે. પહેલો અંશ, જો તેનું તાત્પર્ય કેવળજ્ઞાન અને તેના કારણભૂત નિર્વિકલ્પ સહજ સમાધિ અથવા શાસ્ત્રભાષામાં શ્રેણીગત શુકલધ્યાન અથવા તેની ભાવના લેવામાં આવે તો સત્ય છે અને 'મનથી પણ ઉપરની અવસ્થા' નો અર્થ એકાંતવાદીઓના કહેવા મુજબ મનઃ કલ્પિત જ્ઞાતા દૃષ્ટાભાવ લેવામાં આવે તો સત્ય નથી. ગુણસ્થાનકની પરિપાટી મુજબ નિર્વિકલ્પ શુકલધ્યાન ૮ મા ગુણસ્થાનક પહેલાં હોય નહિ. ૮ મા પહેલા વિકલ્પાત્મક જ હોય. તેને ધર્મધ્યાન કહેવાય. શુકલધ્યાનનો કાળ અંતર્મુહૂર્ત જ હોય. ત્યારબાદ તુરત જ કેવળ-જ્ઞાન ઉપજે. તેથી આપણી 'ઉપરની અવસ્થા' ધર્મધ્યાનાત્મક સમજવી એટલે વિકલ્પની હેયતારૂપ વિકલ્પ એ જ ધર્મધ્યાનની ટોચ.

ક્રોધ ઉપર ક્રોધ, દ્વેષ ઉપર દ્વેષ, વીતરાગ ઉપર રાગ, લોભ તજવાનો લોભ, માનને હટાવવાનું માન, માયાને ઠગવાની માયા, સંજ્ઞાઓને જીતવાની સંજ્ઞા, અભિલાષને દૂર હઠાવવાની અભિલાષા, કામને જ જીતવાની કામના ઇત્યાદિ શુભ વિકલ્પ રૂપ ધર્મધ્યાનનો જ અધિકાર

૭ મા સુધી છે અને તેના ઉપાય રૂપ ભાવના અને ધ્યાનનો શુભ અભ્યાસ પણ ધર્મધ્યાન સ્વરૂપ છે. જેમાં એ જાતિના શુભ વિકલ્પ નથી, એવો કોરો જ્ઞાતા દૃષ્ટાભાવ એ મૂઢભાવ અથવા મિથ્યાભિમાન જનિત કોરો પાપ ભાવ છે અને અનંતજ્ઞાનીઓની આશાતના સ્વરૂપ છે, એમ સમજવું જોઇએ અને તેથી આગળ વધીને જેઓ શુભ વિકલ્પાત્મક ધર્મધ્યાનને, બીજા શબ્દોમાં પ્રશસ્ત રાગાત્મક શુભ ધ્યાન અને ભાવનાને અધર્મ સ્વરૂપ ઠરાવે છે, તેઓ અભિનિવશ છે અને જૈનમતના સર્વથા અજાણ છે એમ નિશ્ચયપૂર્વક માનવું જોઇએ. આ છેલ્લા ફકરાને ખૂબ ધ્યાનપૂર્વક વાંચશો અને એનું તાત્પર્ય બરાબર સમજી લેશો, જેથી માર્ગચ્યુત થવાય નહિ અને કુતર્કવાદીઓની વાગ્જાળમાં ફસાવાનું થાય નહિ પ્રશસ્ત રાગને જેઓ અધર્મ ઠરાવવા માગે છે, તેઓ ભદ્રિક જીવોના ધર્મ ધનના પ્રગટ ચોર છે. એટલું જ નહિ પણ ભવસમુદ્રથી પાર ઉતરવા માટેના એકના એક આલંબનથી ચૂકાવી દઈ જીવોનું મહાન અહિત કરનારા છે.

અપ્રશસ્ત રાગની સત્તા નીચે રોમે રોમ જકડાયેલા જીવોને પ્રશસ્ત રાગ એજ બંધનમાંથી મુક્તિ આપનાર છે, અને અપ્રશસ્ત ગયા બાદ પ્રશસ્ત રાગ પછી આપોઆપ ચાલી જનારો છે, એવો જ જિનમત શ્રી જિનેશ્વરદેવોએ પ્રકાશેલો છે. એથી વિરુદ્ધ મત કે વિચાર એ પણ મિથ્યાત્વનો કારમો ઉદય સમજવો.

(૮) દશવૈકાલિક આચારાંગ અનુવાદ વાંચવા ઇચ્છા જણાવી તો ભલે પણ ટીકાકારોએ મૂળમાંથી જે ભાવો કાઢ્યા હોય તે જ સત્ય સમજવા. ભાષાન્તરકારના બધા ભાવ સત્ય માનવા નહિ તેથી મૂળકાર અને ટીકાકાર ઉપર બહુમાન ઉત્પન્ન કરવા માટે, એ ધ્યેય પુષ્ટ થાય, એ રીતે વાંચવા હરકત નહિ અને તે પણ સામગ્રીનો અભાવ છે માટે જ તેથી તેના દુઃખપૂર્વક થવું જોઈએ.

———

સાધુપણાની એ જ ખૂબી છે કે આત્મા જેવો છે તેવો તેના અસલ સ્વરૂપમાં જણાઈ આવે છે. સ્વરૂપને સાધે તે સાધુ.

આસો સુદી-૪.

અહમદનગર

મુનિવરશ્રી કુન્દકુન્દવિજયજી યોગ્ય અનુવન્દનાદિપૂર્વક લખવાનું કે પત્ર મળ્યો છે. ગૃહસ્થ ઉપર પત્ર લખવામાં શાસ્ત્રોક્ત મર્યાદાની બહાર ચાલ્યું ન જવાય એ માટે તમારી કાળજી વ્યાજબી છે. સાવદ્ય નિરવદ્ય ભાષાના ભેદને નહિ જાણનાર મુનિને શ્રી દશવૈકાલિક સૂત્રમાં બોલવાનો પણ નિષેધ કર્યો છે, તો પછી ઉપદેશ આપવાની તો વાત જ શી? એ કારણે શાસ્ત્રોક્ત ગીતાર્થપણું જલ્દી પ્રાપ્ત થાય એવી ભાવના રહેવી જોઈએ. દીક્ષા લીધા બાદ પ્રથમ કાર્ય જ એ છે કે સૂત્રાર્થમાં નિપુણ બની ગીતાર્થતા પ્રાપ્ત કરવા ઉદ્યમ કરવો જેથી ભાષા-પ્રયોગમાં પણ ભૂલ થવા ન પામે. ઈચ્છું છું કે એવું ગીતાર્થપણું તમને જલ્દી પ્રાપ્ત થાય.

છ માસનું સરવૈયું કાઢયું તે બરોબર છે. એ રીતે પોતાની પરિસ્થિતિની વારંવાર આલોચના કરનારો કર્મ સાથેના યુદ્ધમાં કદી હાર ખાતો નથી. દુશ્મન બળવાન છે. તેની સાથેના ખેલમાં જો જરા જેટલી પણ ચૂક થઈ તો ચઢી બેસે તેમ છે. કર્મ સાથેના યુદ્ધમાં વિજય પતાકા ગ્રહણ કરવી હોય, તો સૌથી પહેલી શરત પોતાના દોષની આલોચના છે પ્રથમ તો ભૂલ થવી જ ન જોઈએ. પરન્તુ જો થઈ જાય ત્યારે તેને ઓળખી લેવામાં અને તેનાથી પાછા ફરવામાં થોડી પણ ગફલતી બતાવવામાં આવે તો એક નાની દેખાતી ભૂલ ભવિષ્યમાં મોટા ઝાડરૂપ બનીને આખા સંયમ પ્રાસાદનો વિનાશ કરનારી થઈ જાય છે. પ્રમાદ કે ભૂલ કરવી, એ કર્મ રાજાની આધીનતા સ્વીકારવા બરાબર છે. તેમાં પણ પ્રમાદ કે ભૂલ કર્યા પછી તેને પ્રમાદ કે ભૂલ રૂપે નહિ સ્વીકારતાં ગુણ કે અભૂલ તરીકે સમર્થન કરવા

જતાં શત્રુભૂત એવા કર્મરાજાની તરફદારી તો અત્યંત વિનાશને માટે છે. માટે કદાચ આધીનતામાંથી ન છૂટાય તો પણ તરફદારીમાં તો ન જ પડી જવાય, એની સાવચેતી ખૂબ રાખવી જોઈએ.

સાધુપણાની એ જ ખૂબી છે કે આત્મા જેવો છે તેવો તેના નગ્ન સ્વરૂપમાં જણાઈ આવે છે. ગૃહસ્થદશામાં તો વસ્ત્રથી, આભૂષણોથી કે સંપત્તિ આદિથી આત્માના વિકૃત સ્વરૂપને આચ્છાદિત કરી શકાય છે. સાધુપણામાં તો કાંઈ નહિ રહેવાથી ખુલ્લો પ્રગટ થઈ આવે છે. પછી તેના આત્મા ઉપર લાગેલા ક્રોધાદિક કષાયો અને કામાદિક વિકારો ઢાંકવાનાં બાહ્ય સાધનો કાંઈ રહેતાં નથી. જેટલા પ્રમાણમાં જ્ઞાનદશા, વૈરાગ્યદશા કે વિનીતદશા હોય છે, તેટલા પ્રમાણમાં જ તેના દોષો ઢંકાયેલા રહે છે. વિનય વૈરાગ્ય કે જ્ઞાન દશાથી દૂર ખસ્યો એની સાથે આત્મા ઉપર અનાદિથી વળગેલ બદબો બહાર ખદબદી આવે છે, તે વખતે ક્રોધાદિ કષાયોની આધીનતા કે શબ્દાદિ વિષયોની ગુલામી બહાર ખુલ્લા સ્વરૂપમાં દેખાઈ આવે છે. સારો સાથ મળ્યો હોય તો તેવા અવસરે તેનો બચાવ થઈ જાય છે. અપરિણત સાથ મળ્યો હોય તો તેનો વિનાશ થઈ જાય છે. બહારથી મુનિવેશ ધારણ કરવા છતાં અંદરથી આપણે કેવા છીએ, તેનો રોજ યથાસ્થિત વિચાર એકાદ વાર તો કરી લેવો જ જોઈએ. તેમ કરનાર જ સાચું પ્રતિક્રમણ કરી શકે છે એમ શ્રી આવશ્યકનિર્યુક્તિમાં પરમ ઉપકારી શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ ફરમાવ્યું છે.

શાસ્ત્રોને નહિ જાણવા છતાં તમે આ રીતે શાસ્ત્રાનુસારી વિચારણા કરી શકો છો, એ નૈસર્ગિક વિચક્ષણ બુદ્ધિનો પ્રતાપ છે, એમ કહ્યા સિવાય ચાલતું નથી. એ બુદ્ધિ તમને ભવિષ્યમાં ઘણી ઉપકારક થશે. ધર્મ પામવા માટે અને તેમાં પણ નિર્મળ ધર્મ પામવા માટે વિશેષજ્ઞતા અને લબ્ધલક્ષ્યતા એ બે ગુણોની બહુ જરૂર પડે છે. બીજા ગુણો હો કે ન હો પણ એ બે ગુણો ઓછા વધુ પ્રમાણમાં તમારામાં દેખાય છે. એ વાત તમારી પ્રશંસા કરવા માટે નહિ પણ એ ગુણની

અત્યંત જરૂરીઆત છે એમ ઠસાવવા માટે જણાવી છે. જે પોતાની ભૂલને જોતાં અને કબૂલતાં શીખ્યો છે, તે કર્મરાજાના મસ્તકની ચોટલીને પોતાના હાથમાં પકડતાં શીખ્યો છે. એને પછી કર્મરાજાથી બહુ ડરવાની જરૂર રહેતી નથી. એ કળા જેના હાથમાં પૂરેપૂરી નથી આવી, તેના ઉપર કર્મરાજા તરફથી ડગલે ને પગલે આક્રમણ થતું રહે છે, તેમાં કર્મશત્રુની અત્યંત ફાવટ થતી જાય છે.

હૃદયમાં રહેલા ત્રણ શલ્યોને જીતવા માટેનો પ્રયાસ પણ અહર્નિશ કર્તવ્ય છે અને એ તમને ગમી ગયો, એ જાણી આનંદ થયો છે. સંયમના પ્રારંભમાં જ આવી કેટલીક વસ્તુઓ પ્રાપ્ત થઈ જવી અને ગમી જવી એ તમારો પૂર્ણ ભાગ્યોદય સૂચવે છે.

જે પોતાની જાતને મુક્તિ માટે નાલાયક માને છે તે જ ખરેખર મુક્તિ માટે લાયક છે. જ્ઞાની જ પોતાની જાતને ઘોર અજ્ઞાની તરીકે પિછાની શકે છે અને સાચો ધર્મી જ પોતાની જાતને ભયંકર અધર્મી તરીકે જોઈ શકે છે. તેમ જેઓ પોતાની જાતને મુક્તિમાર્ગ જેવા પરમ પથની આરાધના માટે અયોગ્ય તરીકે અત્યંત ક્ષુદ્ર અને પામર તરીકે ઓળખી શકે છે, તેઓ જ મુક્તિમાર્ગની આરાધના કરવાને વાસ્તવિક રીતે લાયક બન્યા છે. જ્યાં સુધી પોતાની જાતને યોગ્ય તરીકે આપણે માનીએ છીએ અગર જાણનાર કે સમજદાર તરીકે સમજીએ છીએ અથવા ધર્મ પામી ગયેલા તરીકે ઓળખીએ છીએ, ત્યાં સુધી સાચા ધર્મની, સાચા જ્ઞાનની કે સાચા મુક્તિમાર્ગની આપણને પિછાન જ નથી એમ સમજવું જોઈએ. અજ્ઞાની જ પોતાને જ્ઞાની સમજે અને અધર્મી જ પોતાને ધર્મી સમજે તેમ નાલાયક પોતાને લાયક સમજે એમ સમજવું.

જેમ જેમ જ્ઞાન વધે છે, તેમ તેમ જ પોતાની અજ્ઞાનતાનો ખરો ખ્યાલ આવે છે. ધર્મ નિકટ આવે છે ત્યારે જ પોતાની અધર્મતાનો સાચો ખ્યાલ આવે છે. મુક્તિમાર્ગ આરાધનાની યોગ્યતા પણ મુક્તિ-પંથ આરાધવા માટેની પોતાની નાલાયકીના પૂરા ભાન પછી જ

પ્રગટે છે. આટલા ટૂંક વખતમાં એ ભાન તમને યોગ્ય રીતે પ્રગટ થવા પામ્યું છે, એ સુભાગ્યની નિશાની છે. જ્યાં સુધી એ ભાન હૈયામાં જાગતું રહેશે ત્યાં સુધી તમારા માટે મારા જેવાને ઓછી ફિકર રહેશે અને સ્થિર જઈ જશે, પછી સર્વથા નિશ્ચિતતા રહેશે.

અયોગ્યતા ટાળવાની, નિઃશલ્ય બનવાની અને શાસનઅપભ્રાજનાદિ મહાદોષોથી બચવાની હાર્દિક કામનાઓ જે અંતરમાં વસે છે, તે અંતરવાળા આત્માઓ દેવોને પણ પૂજનીય છે. એવા ઉત્તમ આત્માઓનો સંસર્ગ અમને પ્રાપ્ત થવો, એમાં અમારો પણ શુભોદય સૂચવે છે. એવા ઉત્તમ આત્માઓના બળથી આ સંસારમાં કોઈ યોગ્ય કાર્ય એવું નથી જે સિદ્ધ થઈ શકે નહિ. કર્મશત્રુને હંફાવવા માટે તથા મુક્તિરમણીને વશ કરવા માટે ઉપરોક્ત ગુણો આવ્યા પછી બહુ વિલંબ નથી. ગુણ પ્રાપ્તિના માર્ગે એકદમ આગળ વધો એજ એક અભિલાષા.

મુનિશ્રી પ્રદ્યોતન વિજયજીને અનુવન્દનાદિ.

એકાંતવાદનું જોર ઘણું હોય છે, પણ એ સ્વ-પરનો વિનાશ કરનારું વિષ છે.

વદી ૬.

અનુવન્દનાદિ.

સુ. ૧૫ નો પત્ર મળ્યો. પત્રમાં એક સાચા સાધકને છાજે તેવી મનોદશાનો અનુભવ તરવરી આવે છે. પરમગુરુનો સમાગમ શીઘ્ર સાધી આપે, તેવી પુણ્યરાશિનો સંચય અને વિરોધી પાપરાશિનો ક્ષય જે વિચારધારાથી થાય તે વિચારધારા સદાકાળ અંતરમાં જાગતી રહો એવી આશિષ છે.

(૧) અધ્યાત્મસારનો અનુભવાધિકાર વાંચી જવાથી 'શકચાર'ભ' અને 'શુદ્ધપક્ષ'ની જેમ બીજી ઘણી વિચારધારાઓ આત્માને સ્થિર કરનારી અને શુદ્ધ માર્ગની પિછાન કરાવનારી તેમાંથી જાણવા મળી

શકશે અને 'ચેતન જ્ઞાન અજુઆળીએ.' એ અમૃતવેલની સજ્ઝાયમાં જેમ આપણા આત્મામાં આરાધક ભાવ પ્રગટાવવા માટે વિચારધારાનો ક્રમ મળે છે, તેમ તેમાંથી પણ મળી શકશે. 'અમૃતવેલની સજ્ઝાય'માં કહેલા પદાર્થો એ જેમ આપણા જીવનમાં ઉતારવા માટે આદર્શ તરીકે હરહંમેશ હૃદયની સામે રાખવા લાયક છે, તેમ અનુભવાધિકારમાં બતાવેલા પદાર્થો પણ જીવનનું ઘડતર કરવા માટે અત્યંત જરૂરી અને ઉપયોગી છે, તેથી વારંવાર જોવાલાયક છે, વિચારવા લાયક છે, ચિંતવવા લાયક છે અને તન્મય થવા લાયક છે.

(૨) એકાંતવાદનું જોર ઘણું હોય છે, પણ એ સ્વપરનો વિનાશ કરનારું ઝેર છે. આજકાલના જીવોને એ ઝેર ગમી જાય છે, પણ એની પાછળ દીર્ઘ વિચાર નથી. ક્ષણિક આવેગનો ઉભરો છે. એનાથી કોઈના જીવન ઉપર સ્થાયી લાભ કરનારી અસર થતી નથી. એકાંતમય શાંત જીવનધારાનું વહેણ જીવનનૌકાને નિર્વિઘ્નપણે ભવ-પાર કરનારું છે. તેથી સર્વ અપેક્ષાઓનો જેમાં સમન્વય થઇ શકે એવી મધ્યસ્થવૃત્તિજન્ય સર્વજીવને હિતકારી ચેષ્ટા મન વચન કાયા વડે હોવી એ જ વીતરાગ આગમનું નવનીત છે.

(૩) દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસનું વાંચન ચાલે છે, તેમાં દિગમ્બરો સાથે જ્યાં વિરોધ છે, તે વસ્તુ ખૂબ લક્ષ્યપૂર્વક વાંચવી અને આત્મા શુદ્ધ સ્વરૂપી કયી અપેક્ષાએ છે અને કયી અપેક્ષાએ અશુદ્ધ સ્વરૂપી છે, એનો, વિચાર ચેતન ઉપર દશ સ્વભાવો જણાવ્યા છે, ત્યાંથી બરાબર જોઈ લેવો. જેથી સોનગઢી સિદ્ધિની જે ભ્રમણા ફેલાય છે, તેનાથી સાવધાની રાખી શકાય.

શુદ્ધ સ્વરૂપમાં ન રહી શકાય તો શુભોપયોગમાં રહેવું એવું જે નિરૂપણ કરવામાં આવે છે, તે સાવ કલ્પિત છે. આત્મા જ્યાં સુધી ઘાતીકર્મથી મુક્ત ન બને ત્યાં સુધી શુદ્ધોપયોગવાળો હોય જ નહિ. શુદ્ધોપયોગની સન્મુખ શુદ્ધોપયોગમાં જ હોય અગર અશુભોપયોગમાં

હોય. ૭ મા અપ્રમત્તગુણસ્થાનકે પણ ૭-૮ કર્મનો બંધ હોય છે, તે શુદ્ધોપયોગીને સંભવે નહિ. માટે ત્યાં સુધી શુભોપયોગ જ હોય. વળી બીજી પણ ઘણી ભ્રમણાઓ તે મતથી ફેલાય છે. તેથી તે વાંચનમાં રસ લેવો નહિ. ભેદજ્ઞાનની જે વાત કરવામાં આવે છે, તે પણ જિનમતથી વિરુદ્ધ છે, કારણ કે જિનમતમાં દેહથી કે કર્મથી સંસારી જીવને ભિન્ન નથી કહ્યો તેમ અભિન્ન પણ નથી કહ્યો. પરન્તુ ભિન્નાભિન્ન સ્વરૂપવાળો કહ્યો છે. તેવી રીતે માનવામાં ન આવે તો કેવળ સ્વચ્છંદ પોષાય. એ વાત દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાંથી પણ મળી શકશે. છતાં એટલું સૂક્ષ્મ ચિંતન ન થઈ શકે તો હરકત નહિ, પણ જીવને દેહાદિથી સર્વથા ભિન્ન કદી માનવો નહિ.

સર્વથા ભિન્ન ૧૪ ગુણ સ્થાનકના અંતે થાય તે પહેલાં ઘાતી-અઘાતી કર્મના સંબંધરૂપ ઉપાધિથી ભિન્નાભિન્ન હોય અને તેથી કર્મબંધ કરતો જ રહે, એમ માનવાથી જ સાચો પુરુષાર્થ ઉપડે અન્યથા ભ્રાન્તિરૂપ અસત્ય ધ્યાન થાય તે માર્ગથી ભ્રષ્ટ કરનારું બને. હાલ એ જ.

સર્વને અનુવન્દનાદિ.

શક્તિ થોડી પણ ગોપવવી નહિ,
પ્રમાદને લેશ પણ સ્થાન આપવું નહિ.

આમોદ,

મા. સુ. ૪.

વિનયાદિ ગુણયુત મુનિશ્રી કુંદકુંદવિજયજી તથા શ્રી ખાંતિવિજય યોગ્ય અનુવંદનાદિ.

અત્રે શ્રી દેવગુરુ કૃપાએ કુશળતા છે. પાનસરથી વ. ૧૨ નો લખેલો પત્ર મળ્યો છે. વાંચી આનંદ થયો છે. જ્યાં સુધી ચિત્તને ઉલ્લાસ રહે ત્યાં સુધી તમારે બંનેને પાનસર રહેવામાં હરકત નથી.

તીર્થસ્થાનમાં આવી રીતે રહેવાનો યોગ્ય ભાગ્યે જ સાંપડે છે. તેથી સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે પ્રબળ પુરુષાર્થ ફોરવવો તો જ રહેવું સાર્થક છે. ખાસ કરીને નમસ્કાર મંત્રનો જાપ વધારવો અને ઉત્તમ ક્ષેત્ર તથા ઉત્તમ બિંબના પ્રભાવે મિથ્યાત્વમળનો શીઘ્ર અપગમ થઈ સમ્યક્ત્વરૂપ સૂર્ય પ્રગટ થાય, તે માટે પ્રભુભક્તિ ગર્ભિત સ્તોત્રાદિનો નિયમિત જાપ કરવો. વીતરાગ સ્તોત્ર, મહાદેવ સ્તોત્ર, અયોગ વ્યવચ્છેદ, અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકાઓ ઉપરાંત સિદ્ધસેન દિવાકર વિરચિત શ્રી વર્ધમાન દ્વાત્રિંશિકાના તેત્રીશ કાવ્યો પણ અવસર મળે તો કંઠસ્થ કરી લેવાં. ત્યાં લાયબ્રેરીમાં પ્રાયઃ ચોપડી હશે, નહિ તો અમદાવાદથી મંગાવી લેવી. તીર્થમાં નિયમ મુજબ માસ કલ્પથી અધિક રહેવું નહિ. ત્યાં સુધી જેટલું થાય તેટલું કરી લેવું.....

શક્તિ થોડી પણ ગોપવવી નહિ. પ્રમાદને લેશ પણ સ્થાન આપવું નહિ.

પુણ્ય અને પવિત્રતાના સુભગ સંગમ સમા, પ્રાતઃસ્મરણીય, સદા વંદનીય પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજની મિતાક્ષરી પત્ર પંક્તિઓ અર્થ અને પદાર્થની દૃષ્ટિએ કેટકેટલાં રહસ્યોથી ભરપૂર રહેતી; એની વાનગી ચખાડી જતી આ પત્ર પ્રસાદીમાંથી, આપણને એક સફળ જીવનનો સુરેખ નકશો મળે છે, જે આપણી જીવનમૂડી બને છે, સંસ્કૃતિની એ એક અમૂલ્ય થાપણ બને છે. આપણે એને ગાંઠે બાંધીએ તો જીવન કૃતાર્થ બને છે.

આપણા વિચારધનમાં નોંધપાત્ર ઉમેરો કરતા...સાધનાની-આરાધનાની દિલમાં ઝંખના જગાડતા.....પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મહાસેનવિજયજી મહારાજ સાહેબ પરના પત્રોમાંથી.....!

સંયમના પ્રતાપે સર્વ કાંઈ દુષ્કર, સુકર બને છે. અશકય સુશકય બને છે.

ભુજપુર,
અ. વદ. ૬.

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ અનુવંદનાદિ.

તમારા પત્રની પહોંચ ગઈ કાલે શ્રી કુંદકુંદાદિ પત્રમાં જણાવી છે. ગાથાઓ ચઢે યા ન ચઢે પણ રોજ ઓછામાં ઓછું એક કલાક ગોખવાનું રાખશો જ તેથી આગળ ઉપર ઘણો ફાયદો થશે. પ્રભુની પૂજા ભક્તિ સંઘ અને સાધર્મિકની ભક્તિ અને સેવા વગેરે દ્રવ્યસ્તવ છે; તે પણ જો આત્માને આ જ જન્મમાં ઉચ્ચસ્થિતિ મેળવી આપે છે, તો પછી પ્રવ્રજ્યાગ્રહણ અને પાલન એ તો ભાવસ્તવ છે. તેને પણ તેટલા જ ઉલ્લાસથી આરાધવામાં આવે તો કેટલો મોટો લાભ થાય? એ સમજી શકાય તેમ છે.

સંયમ જીવન સ્વીકાર્યા બાદ આત્માને અનંતાનંત લાભ પ્રતિક્ષણ થયા કરે છે, તે જ્ઞાની મહારાજ જ્ઞાનથી જુએ છે. આપણે તો માત્ર અનુમાન જ કરવાનું રહ્યું. એક એક વ્રતના અણીશુદ્ધ પાલનથી પણ જો વૈમાનિક દેવાદિની ગતિ પ્રાપ્ત થાય તો રાત્રિભોજન વિરમણ સહિત પાંચે વ્રતોના ભાવનાપૂર્વકના પાલનથી શું બાકી રહે? એક એક મહાવ્રત પણ જીવનને દિવ્ય બનાવવાની શક્તિ ધરાવે છે,

તો પાંચે મહાવ્રતોનું કાળજીપૂર્વક પાલન કરવામાં આવે તો તે ભાવ સ્તવરૂપ બનીને જીવની અનાદિ કાલીન અશુદ્ધિનો સર્વથા અંત લાવી શકે. આજ સુધી નવકાર મંત્ર ગણ્યા પણ મહાવ્રતો નહોતા. હવે મહાવ્રતોના અંગીકારપૂર્વક અને પાલનપૂર્વક જે નવકાર ગણાશે, તે જુદા જ ફળને આપનાર થશે, તેની ખાત્રી રાખશો.

વ્રતની વિશુદ્ધિ એ મુખ્ય શરત છે. તેથી પ્રાપ્ત થયેલા નિધાનની જેમ વ્રતની રક્ષા અને પાલના કરવા સાવધાન રહેશો અને તેમાં લેશ પણ અતિચાર ન આવી જાય તેની પૂરતી કાળજી રાખશો અને જે કાંઇ સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ થઇ જાય તેની નોંધ રાખશો તો આ વ્રતપાલનનો અભ્યાસ સમ્યક્ત્વની શુદ્ધિ કરવાની સાથે થોડા જ સમયમાં કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિનો હેતુ બની જશે. આ ચોમાસામાં ધર્મબિન્દુ ગ્રંથ એકવાર મનનપૂર્વક વાંચી જશો તેથી વ્રતપાલનમાં અનેરો ઉત્સાહ જાગશે. પંચસૂત્રનું પ્રથમસૂત્ર મુખપાઠ હોય તો તેનો રોજ પાઠ કરશો. મુખપાઠ ન હોય તો પુસ્તકમાં જોઈને કરશો.

અભ્યાસ તો હવે નહિ જ થઈ શકે એવો નિરાશાવાદ સેવશો નહિ. સંયમના પ્રતાપે સર્વ કાંઈ દુષ્કર સુકર બને છે. અશકય સુશકય બને છે. દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારનું આરોગ્ય પણ સંયમના પ્રભાવથી સુધરતું જાય છે અને તે બધો અનુભવ આ ચાતુર્માસમાં તમને થવો જોઇએ.

નિરાશાવાદ મનમાંથી સર્વથા કાઢી નાખો અને સંપૂર્ણ આશાવાદી બનશો કારણકે સર્વ આશાઓને પૂર્ણ કરનાર કલ્પવૃક્ષથી પણ અધિક સંયમવૃક્ષ અને મહાવ્રતોના પાલનરૂપી અપૂર્વ કલ્પવૃક્ષ પ્રાપ્ત થયેલા છે, તેને તેવા ભાવથી જોશો અને બીજાને જોવડાવવાની શક્તિ મેળવશો.

બ્રહ્મચર્યવ્રતની ઉત્તમ કોટિએ કરેલી આરાધના કલ્પવૃક્ષની જેમ ફળે છે, એમ સર્વ શાસ્ત્રો સાક્ષી પૂરે છે.

શત્રુ પણ મિત્ર અને વિષ પણ અમૃત બને છે.

બેડા,

મા. વ. ૧૧.

વિનયાદિ ગુણયુત મુનિવરશ્રી મહાસેનવિજયજી જોગ અનુવંદનાદિ.

તમારા બે કવર આજે તથા એક કવર ગઈ કાલે એમ ત્રણ કવર મળ્યાં છે. તે પહેલાંની તમારી ટપાલની પહોંચ શ્રી વજ્રસેનવિજયજીએ જણાવી છે.

તમે મન ઉપરથી બધો ભાર ઓછો કરી શ્રી નમસ્કાર મહામંત્ર અને શંખેશ્વર પરમાત્માની આરાધનામાં મગ્ન કરશો, તેના પ્રતાપે બધું સારું થઈ જશે. 'મિચ્છામિ દુક્કડં' થી બધી પાપ પ્રકૃતિઓ નિરનુબંધ થઈ જાય છે અને 'ઈચ્છામિ સુક્કડં' થી બધી શુભ પ્રકૃતિઓ શુભાનુબંધવાળી બની જાય છે. અરિહંતાદિનું શરણુગમન ભયંકર આપત્તિઓથી રક્ષણ કરે છે. એ ત્રણે વસ્તુઓ 'નમો અરિહંતાણું' ના જાપ અને સ્મરણમાં રહેલી છે તેથી તે જેને મળેલ છે, તેને સંકલ્પ વિકલ્પની જાળમાં પડવાની જરૂર રહેતી નથી. તે ત્રણેનો પરચો જીવનમાં અનુભવવા માટે દૃઢ સંકલ્પ કરશો તો થોડા જ વખતમાં તેની અનુભૂતિ થવા લાગશે.

શત્રુ પણ મિત્ર અને વિષ પણ અમૃત બને છે, એમ શાસ્ત્રકારોનો કોલ છે. કર્મ એ શત્રુ છે અને ધર્મ એ મિત્ર છે. કર્મ એ વિષ છે અને ધર્મ એ અમૃત છે. નવકારમાં ધર્મઅમૃત ભરેલું છે. તેમાં નિરન્તર નિમગ્ન થનારને પાપવિષ ટકતું નથી.

અહીં ઉપધાનતપમાં રીખવદાસજી વગેરે ઉત્તમ આરાધક આત્માઓ જોડાયેલા છે. તેથી શ્રોતાઓને ઘણો આનંદ આપે છે. ત્રણ દિવસથી શ્રી કુંદકુંદવિજયજી વ્યાખ્યાન કરે છે. અમૃતવેલની સજ્ઝાય આરાધકોને કંઠસ્થ કરવાની છે, તે માટે તેનો અર્થ અને વિવેચન સમજાવે છે. બધાને સારો રસ પડે છે. તમે અહીં હોત તો તમને પણ અમૃતવેલ ઉપર વ્યાખ્યાન સાંભળવાની અને એકાદ

વખત કરવાની પણ તક મળત. અમૃતવેલ ખરેખર અમૃતની જ વેલ છે. ત્યાં પણ તમે નિરંતર તેનો પાઠ કરતા હશો તથા પંચકલ્યાણકની ભાવના પણ રોજ કરતા હશો. આ આરાધનાથી રોજ પાપ પ્રકૃતિઓ હઠતી જાય છે અને પુણ્ય પ્રકૃતિઓ વધતી જાય છે. તીર્થ-ભૂમિમાં વિશેષ સ્થિરતા ઉત્પન્ન થાય છે તેથી રોજ તેને વિચારપૂર્વક તથા વિસ્તારપૂર્વક વિચારવાનું રાખશો. આપણું કર્તવ્ય છોડીને જેની આરાધના આપણે કરીએ છીએ તે પૂજ્ય તત્ત્વોનું કર્તૃત્વ કરશો તો એકદમ શાંતિ અને નિશ્ચિતતા આવશે.

અહીંથી બધાની વંદનાદિ.

કર્મક્ષય અને નિર્જરા એ સર્વ મંગલમાં પહેલું મંગલ છે.

લુણાવા,
મા. વદ ૪.

પૂ. સાહેબજી તરફથી

વિનયાદિ ગુણયુત મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી આદિ ઠા. ૩ જોગ અનુવંદનાદિ.

અત્રે દેવ-ગુરૂ કૃપાએ શાતા છે. તમારો પત્ર આજે મળ્યો. ગઈ કાલે તમારા બે પત્રોનો ઉત્તર પોસ્ટથી લખેલ છે તે મળ્યો હશે ?

જ્ઞાનસારનો સ્વાધ્યાય શરૂ કરવાની ભાવના જાણી આનંદ. યોગશાસ્ત્ર વીતરાગ સ્તોત્રનો સ્વાધ્યાય પણ સુખપૂર્વક થઈ શકશે. પંચસૂત્રનું ૧ લું સૂત્ર રોજ સમય મળે તો ત્રણવાર ગણી શકાય. નવસ્મરણ અને નવકારનો સ્વાધ્યાય પણ થઈ શકે. નવકારનો અર્થ ભાવનાપૂર્વક રોજ ઓછામાં ઓછી ૫ માળા ગણાય તો લાભદાયી છે. અર્થભાવનામાં ધર્મમંગળનું મૂળ અરિહંત, ફળસિદ્ધ સ્વરૂપ આચાર્ય ઉપાધ્યાય. સાધુ અર્થાત્ રત્નત્રયી. સાધુપદમાં મુખ્યતા દર્શન-ગુણની, ઉપાધ્યાય પદમાં મુખ્યતા જ્ઞાનગુણની, આચાર્યપદમાં મુખ્યતા

ચારિત્રગુણની, ત્રણે પદમાં સાધુપણું અર્થાત્ રત્નત્રયી રહેલી છે, છતાં તેમાં મુખ્યતા ગૌણતા ઘટાવી શકાય. ચૂલિકાના ચારપદમાં અનુક્રમે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ ઘટાવી શકાય.

એસો પંચ નમુક્કારો એમાં શ્રદ્ધાની રુચિની મુખ્યતા.

સવ્વપાવપ્પણાસણોમાં આજ્ઞાની મુખ્યતા પાપ હેય છે એ જ્ઞાનથી સમજી શકાય છે.

મંગલાણં ચ સવ્વેસિંમાં ચારિત્રની મુખ્યતા અને છેલ્લા પદમાં તપ અને તેના ફળ સ્વરૂપ નિર્જરા તત્ત્વની મુખ્યતા. કર્મક્ષય અને નિર્જરા એ સર્વ મંગલમાં પહેલું મંગલ છે. નવકારના સ્વાધ્યાય વડે ધર્મમાં મંગળ બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને મંગળ બુદ્ધિથી ગ્રહણ કરેલો ધર્મ જ મંગળરૂપ બને છે, તેથી પણ તેને ૧ લું મંગળ કહ્યું છે.

ધર્મનું મૂળ વિનય છે.

પોષ સુદ ૧૨,
બેડા.

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ અનુવંદનાદિ.

'નમો' અંગે તમને જે સ્ફુરણાઓ થઈ રહી છે, તે યોગ્ય જ છે. ધર્મનું મૂળ વિનય છે, કૃતજ્ઞતા છે, આત્મસમર્પણ છે, તે બધું નમસ્કાર સ્વરૂપ છે.

નમોમાં નવધા ભક્તિ રહેલી છે. નવધા ભક્તિમાં ચારે નિક્ષેપાએ થતી પરમાત્માની ઉપાસના સમાઈ જાય છે.

નવધા ભક્તિનાં નામ. (૧) શ્રવણ, (૨) કીર્તન, (૩) સ્મરણ એ ત્રણ નામનિક્ષેપને ઉદ્દેશીને છે

(૪) વંદન, (૫) પૂજન, (૬) અર્ચન એ ત્રણ સ્થાપનાનિક્ષેપને ઉદ્દેશીને છે.

(૭) સેવા, (૮) ભક્તિ એ બે દ્રવ્યનિક્ષેપને ઉદ્દેશીને છે. તથા (૯) આત્મ નિવેદન [સર્વ સમર્પણ] એ ભાવનિક્ષેપને ઉદ્દેશીને છે.

સમર્પણ એટલે આજ્ઞાપાલનનો જ એક અધ્યવસાય.

દ્રવ્યનિક્ષેપ એટલે પ્રભુની આજ્ઞાપાલન કરનાર ચતુર્વિધ સંઘ તેની સેવા અને ભક્તિ.

તમે શરીરને વધુ પડતો શ્રમ થાય ત્યારે જાપ અને પરમાત્માની શરણુગતિ દ્વારા વચ્ચે વચ્ચે સાત્વિક આરામ લેવાની કળા પણ શીખી લેશો તો કાર્ય સહજ બની જશે. **આપણી રક્ષા આપણી આરાધના કરે છે, એ વિચારને દઢ કરશો.**

આપણા ધર્મ વડે સૌ કોઇનો ઉદ્ધાર થાઓ, એવી વિશાળ ભાવના કેળવવી જોઇએ.

ચૈત્ર વદ. ૧૧,

અમદાવાદ.

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી કુંદકુંદવિજયજી, મુનિ મહાસેનવિજયજી આદિ જોગ અનુવંદનાદિ.

શ્રી નવકાર પ્રત્યે જે જે રીતે સંઘમાં ભાવ જાગૃત થાય, તે તે રીતે કરવાની આવશ્યકતા છે. માત્ર તેની પાછળ પ્રણિધાન શુદ્ધિ હોવી જોઇએ. શ્રી નવકાર વડે આપણી અંગત પ્રસિદ્ધિ કે જાહેરાત કરવાનો અતિ તુચ્છ હેતુ આપણા પર સવાર ન થઈ જાય તે ખાસ લક્ષ્યમાં રહેવું જોઈએ. આશયશુદ્ધિ માટે વળી એક ભાવ એવો ઉમેરવો જોઇએ કે આપણા ધર્મનું ફળ કેવળ આપણને જ મળે એવી સંકુચિત ભાવના છોડીને ઉદારનું ધન જેમ સર્વ કોઈના ઉપભોગમાં આવે તેમ આપણાથી થતો યત્કિંચિત્ ધર્મ જેઓ ધર્મ કરી શકતા નથી અગર અધર્મમાં ખૂંચી ગયેલા છે તેઓને પણ મળો, આપણા ધર્મ વડે તેઓનો પણ ઉદ્ધાર થાઓ, એવી વિશાળ ભાવના કેળવવી જોઇએ. જેમ પૂર્વ પુરુષો ગ્રન્થ રચનાના અંતે આનાથી ઉત્પન્ન થયેલા પુણ્ય વડે જીવો બોધિલાભને પામો ઈત્યાદિ પ્રણિધાન કરે છે, તેમ આપણા સર્વને માટે તે ભાવના ઉપાદેય તથા અત્યંત હિતકર છે.

શ્રી મહાભદ્રાદિનો શ્રી લાખાબાવલથી વદી ૮ નો લખેલો પત્ર આજ રોજ મળ્યો છે. તેમને અનુવંદનાદિ જણાવશો. સુખશાતા પૂર્વક પત્રની પહોંચ જણાવશો.

ત્યાંની પ્રતિષ્ઠાનું કાર્ય ખૂબ ઉત્સાહ તથા શકયવિધિના પાલન-પૂર્વક કરશો, પ્રભુ પ્રતિષ્ઠાના બહાને આત્મામાં નિશ્ચયનયથી રહેલી પ્રભુત્વની આત્માની અંદર રહેલી શ્રદ્ધામાં પ્રતિષ્ઠા કરશો.

અષ્ટદલકમલના અક્ષરે નવપદ ગોઠવીને જાપ કરવાથી એકાગ્રતા અને સ્ફૂર્તિ વધે છે.

ભા. સુ. ૬,
સાદડી.

વિનયાદિ ગુણગણ યુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ અનુવંદનાદિ.

સુદ ૧/૨ નો લખેલો ૧૧ પેજનો પત્ર આજરોજ મળ્યો છે. વાંચી આરાધનાની વિગત જાણી છે.

રોજ માળા ગણો છો તે પ્રમાણે ગણવાનું ચાલુ રાખશો. તે નિમિત્તે રોજ બેથી અઢી કલાક શુભધ્યાનમાં જાય છે, તે મોટામાં મોટો લાભ છે એમ સમજશો. હાથની આંગળીઓ ઉપર ગણવાથી જાપની ઝડપ વધે છે તેથી અનુકૂળતા મુજબ દિવસમાં બે–ત્રણ–વાર 'કરાંગુલિ' ઉપર પણ જાપની ટેવ પાડશો. અષ્ટદલકમલના અક્ષરે નવપદ ગોઠવીને જાપ કરવાથી પણ એકાગ્રતા તથા સ્ફૂર્તિ વધે છે, તે રીતે પણ ગણવાનો અભ્યાસ પાડશો.

અત્રે શ્રી પર્યુષણા પર્વની આરાધના ઉત્તમ રીતે થઈ છે. સંવત્સરી પ્રતિક્રમણ સમયે બધાની સાથે તમોને ખમાવ્યા છે. તપસ્વી ખાંતિવિજયજીને પણ અત્રેથી બધાની વતી ક્ષમાપનાદિ જણાવશો.

તમારી આલોચનાદિ નોંધ જીવવિરાધના તથા પ્રતિક્રમણ પડિલેહણાદિ ક્રિયા શ્રી નમસ્કાર મહામંત્રના જાપમાં વેગ લાવવા માટે સહાયક છે તેથી તેમાં પણ શ્રી નમસ્કાર મહામંત્ર જેટલું જ

મંગળ માનીને એકાગ્રતા લાવવા પ્રયાસ કરશો. ગિરિરાજની પવિત્ર છાયામાં થોડી પણ શુભ ક્રિયા અને જાપ ઘણા ફળને આપનાર થાય છે, એમ માનીને તેનો પૂરતો લાભ લેશો.

જે કાંઈ નથી થઈ શકતું તેનો હૃદયથી પશ્ચાત્તાપ અને થઇ શકે છે તેનું અંતરથી અનુમોદન એ જ આપણા માટે તરવાનો ઉપાય છે. ગર્હા અને અનુમોદના સહિત અરિહંતાદિ પરમેષ્ઠિઓનું સ્મરણ–ધ્યાન ચિત્તની નિર્મળતા કરે છે અને ચિત્તની નિર્મળતા આત્મજ્ઞાનમાં કારણ બને છે. અનેક ભવના શુભ અભ્યાસથી તે સિદ્ધ થાય છે. કોઈ લઘુકર્મી આત્માને તે જ ભવમાં અથવા સાત–આઠ ભવમાં સિદ્ધિ થાય છે. સાથે સાત્ત્વિક વાંચન પણ ચાલુ રાખશો.

વજ્રસેન તરફથી વંદના ક્ષમાપના જાણશો.

મંગળ બુદ્ધિએ મંગળનું સ્મરણ કરવાથી અંતરાયો નાશ પામે છે.

ભાદરવા વદ ૪ બુધવાર,
ખેડા.

વિનયાદિ ગુણગણયુત મુનિવરશ્રી મહાસેનવિજયજી જોગ અનુવંદનાદિ.

સંયમ જીવન વિશુદ્ધ રીતે જીવાય તે માટે તમારી ઝંખના એક દિવસ જરૂર પાર પડશે.

દુષ્કૃતગર્હાદિ ઉપાયો શાસ્ત્રે કહ્યા છે, તેનું સેવન સતત ચાલુ હોવાથી અશુભ પ્રકૃતિઓ વિલીન થઈ જશે અને શુભ પ્રકૃતિઓ ઉદયમાં આવશે, તે માટે અરિહંતાદિ ચતુઃશરણગમન, સુકૃતાનુમોદનાદિપૂર્વક શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ આદિ અમોઘ ઉપાયો છે. તેનું યથાશક્તિ સેવન ચાલુ રહેવાથી સર્વે શુભ મનોરથો પૂર્ણ થશે. મંગળ બુદ્ધિએ મંગળનું સ્મરણ કરવાથી અંતરાયો નાશ પામે છે. તેનો જ ઉદ્યમ ચાલુ રાખવો. બધાયનો તમારા પ્રત્યે સદ્ભાવ છે, એ પુણ્યની નિશાની છે. ગતજન્મની આરાધનાએ

જેમ આ જન્મમાં ઉત્તમ સામગ્રી મેળવી આપી છે, તેમ આ જન્મની અંદર પણ જે શુભ આરાધનાઓ થઈ રહી છે, તેનું ફળ પણ કાળાંતરે અવશ્ય મળવાનું જ છે. સર્વના શુભની કામના એ જ આપણું બળ છે અને તેને વિકસાવશો.

સહવર્તી મુનિઓને અનુવંદનાદિ.

અત્રેથી સર્વે તરફથી વંદનાનુવંદના

સુખશાતાદિ વાંચશો.

પ્રભુ સાથે જેટલી એકતાનતા વધારે સધાય તેટલો પ્રયત્ન કરવો જોઈએ.

આસો સુદ ૫.

પિંડવાડા.

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ અનુવંદનાદિ.

પત્ર મળ્યો, નવકાર તથા ભાવનાની સાધના સારી થાય છે જાણીને આનંદ.

આવશ્યક ક્રિયાનાં સૂત્રો તૈયાર થઈ ગયાં હશે. તે સૂત્રો મોંઢે થયા પછી તેનો પાઠ કરતાં પણ આનંદ આવશે. મોટી શાંતિનો પાઠ કરતા હશો.

આપણને જે શાંતિ મળે છે, તે વિશ્વના સર્વજીવોને મળો એવી ભાવના મોટી શાંતિથી થાય છે. તેથી રોજ એકવાર તેને યાદ કરવી જોઈએ, ખાસ કરીને જ્યારે પણ આપણને આરાધનાથી શાંતિ પ્રાપ્ત થાય ત્યારે પાઠ કરવો વધારે લાભદાયક છે.

પંચસૂત્રની ચોપડીઓ મોકલી છે. તેનું પહેલું સૂત્ર ઘણું ઉપયોગી છે. મોંઢે કરીને રોજ સવાર-બપોર-સાંજ ગણી જવાથી આરાધકભાવમાં ઘણો વિકાસ થાય છે.

નવકારમંત્રની ભાવથી પ્રાપ્તિ થવી તે ચિંતામણીરત્ન કરતાં પણ વધુ કિંમતી છે. એમ માનીને સઘળી માનસિક નિર્બળતાઓને ફગાવી દેવી જોઈએ અને પ્રભુ સાથે જેટલી એકતાનતા વધારે સધાય

તેટલો પ્રયત્ન કરવો જોઇએ ત્યાં મંદિરમાં દર્શન કરતાં યાદ કરશો અને શ્રી ગૌતમસ્વામીજીની મૂર્તિ આગળ પણ રોજ ત્રણ ખમાસમણાં દેશો. એજ.

જયણામાં ધર્મ છે.

ભાદરવા વદ–૫,

લુણાવા.

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ અનુવંદનાદિ.

સુ. ૧૩ અને વદી–૧ ના લખેલા બંને પત્રો મળ્યા છે. તમારી આલોચના જોઈ લીધી છે. જયણામાં ધર્મ છે. કોઈપણ દોષનું સેવન કરવા વખત આવે ત્યારે તે વખતે યતનાના પરિણામ જેટલા હોય તેટલો ધર્મ છે. નિઃશૂકતા ન આવે અને સેવાયેલા દોષોના પશ્ચાત્તાપના પરિણામ હોય તો આલોચનાથી શુદ્ધિ થઇ શકે છે. તમારી આલોચના પેટે ૧૨૦ ઉપવાસ સ્વાધ્યાયાદિ કરી આપશો તેમાં ત્રણ ચોમાસી તથા સંવત્સરીની આલોચના આવી જાય છે. હવેથી જે કોઈ મોટા દોષનું સેવન થાય તેની નોંધ રાખશો.

સ્વદોષગર્હા અને સુકૃતાનુમોદનાપૂર્વક યથાશક્તિ પ્રભુ આજ્ઞાનું પાલન થાય છે, તે જ આ દુષમકાળમાં તરવાનું આલંબન છે.

ઓપરેશન સુખપૂર્વક થઇ ગયું અને તકલીફ ઓછી થઇ ગઇ તે શુભોદય સમજવો. શરીર અશક્ત છે ત્યાં સુધી વાતચીત વગેરેનો શ્રમ ઓછો લેવો અને આરાધનામાં યથાશક્તિ લીન રહેવું જેથી માનવજીવનની દુર્લભક્ષણો સાર્થક થાય.

પાંચમહાવ્રતોના પાલનપૂર્વક પંચપરમેષ્ઠિ સ્મરણાદિમાં વચન–કાયાના યોગો જોડાય છે, તેનું ખૂબ અનુમોદન કરવું, જેથી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય અને એક જન્મમાં અનેક જન્મો પર્યંત ચાલે તેવી આરાધના એકત્ર થાય. તથા પરંપરાએ મુક્તિના અવ્યાબાધ, સુખોના ભાગી થવાય.

શ્રી કુંદકુંદાદિ–વજ્રસેનાદિ સર્વે તરફથી વંદનાદિ વાંચશો.

ગિરિરાજ શત્રુંજય (પાલીતાણા) માં આરાધના કરતા પૂજ્ય મુનિશ્રીને સતત જાગૃત રહેવા માટે હિતશિક્ષા રૂપ લખેલ આ પત્ર આરાધક આત્માઓને ઘણો ઉપકારક છે.

કર્મનો નિયમ અને ધર્મનો નિયમ ત્રણે કાળ અબાધ્ય છે.

લુણાવા,
ભાદરવા સુ. ૮.

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ અનુવંદનાદિ.

સુદ ૫ નો લખેલો ક્ષમાપના પત્ર આજરોજ ટપાલમાં મળ્યો છે. અમારા તરફથી પણ ક્ષમાપનાદિ વાંચશો.

ગિરિરાજની પવિત્ર ભૂમિનો યોગ મળ્યો છે, તો પ્રમાદને દૂર કરી રોજ ૨૫ બાંધી માળા નિયમિત પણે ગણવાનો અભ્યાસ પાડશો. એક બેઠકે ઓછામાં ઓછી પાંચ અને વધુમાં વધુ ૧૦ ગણવાની ટેવ પાડશો તો આગળ જતાં એક જ બેઠકે ૨૫ માળા ગણવી સહજ બની જશે.

બીજો સ્વાધ્યાય ન થઈ શકે તેને માટે રોજ ૨૫૦૦ નવકાર ગણવાની શ્રી મહાનિશીથ સૂત્રમાં આજ્ઞા કરી છે. તેનું પાલન કરવાથી મુનિ જીવનમાં 'चाउक्कालं सज्झायं' એટલે રોજ ચાર પ્રહર સ્વાધ્યાય કરવાની આજ્ઞા છે. તેનું આરાધન થઈ શકે છે. તેથી મુનિ જીવનના પાલનનો આસ્વાદ અનુભવાય છે.

પૂર્વ મુનિઓની જેમ નિરતિચારપણે સાધુ જીવનનું પાલન આજે નથી, તો પણ દેશકાળ અનુસાર યતના કરનારને આજે પણ મુનિપણું સ્વીકારેલું છે. ગુણીજનોનો વિનય, સ્વદોષથી ગર્હા અને અરિહંતાદિ ચારનું શરણ ભાવથી આજે પણ શકય છે. પંચસૂત્રનું પ્રથમ સૂત્ર તથા અમૃતવેલની સજ્ઝાયમાં વર્ણવેલ આરાધના આજે પણ સુશકય છે અને વર્ષોથી તે પ્રમાણે તમે કરી રહ્યા છો, તેનું સુમધુર ફળ અવશ્ય મળવાનું છે. કર્મનો નિયમ અને ધર્મનો નિયમ

ત્રણે કાળ અબાધ્ય છે. તેમાં લેશ પણ ચૂક થતી નથી, એવી શ્રદ્ધા અને વિશ્વાસ અખંડપણે ધારણ કરવાથી પરિણામની વિશુદ્ધિ ટકી રહે છે.

ગિરિરાજની શીતળ છાયામાં સ્વ–પરને આરાધના કરવા કરાવવાની અપૂર્વ તક મળી છે. તે પણ આજ સુધી કરેલી ગાંડી-ઘેલી આરાધનાનું જ ફળ સમજશો. અને આજે જે આરાધના શક્તિ મુજબ થઈ રહી છે, જેનું ઉત્તમ ફળ ભવિષ્યમાં અવશ્ય મળવાનું જ છે એ જ્ઞાનીઓનું વચન છે.

નવકાર મહામંત્રની આરાધનામાં એવો પ્રભાવ છે કે તે બીજી બધી આરાધનાઓ મેળવી આપે છે. અને જેના પ્રભાવે આવશ્યકાદિ બધી ક્રિયાઓમાં ઉલ્લાસ અને એકાગ્રતા ધીમે ધીમે અનુભવાય છે. જિનશાસન એ કારણે આજે પણ પ્રભાવવંતુ વિદ્યમાન છે.

તા. ક. નવકારનો સ્વાધ્યાય આલોયણામાં વાળી શકશો.



દેહાધ્યાસને દૂર કરવા, સંકલ્પ-વિકલ્પને તિલાંજલિ આપવા, આત્મ ભાવમાં જમત રહેવા, નવકારનું સંપૂર્ણ ધ્યાન ધરવા, ચિત્તની સમાધિને ટકાવવા ટકોર કરતા

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના

પૂજ્ય સાધ્વીજી શ્રી ગુણોદયાશ્રીજી મહારાજ પરના પત્રોમાંથી.....

નવકારના પ્રથમ પદનું ધ્યાન એ આત્માની નિર્મળતા અને વિઘ્નક્ષયનો પરમ ઉપાય છે.

મુંડારા,

ભા. વદી. ૧૦.

રત્નત્રયાદિ ગુણગણાલંકૃતા સાધ્વીજી શ્રી ગુણોદયાશ્રીજી આદિ સપરિવાર જોગ અનુવંદનાદિ.

તમારો સુ. ૪ નો લખેલો પત્ર ટપાલમાં મળ્યો હતો. બીજો પત્ર મનહરભાઈ સાથે મળ્યો.

આરાધનાદિના સમાચાર જાણી આનંદ થયો. દેહાધ્યાસ નિવારણનો ઉપાય નામાદિ નિક્ષેપો વડે થતી પ્રભુભક્તિ છે; એ સત્ય સમજાયું હોય તો હવે એ દિશામાં વધુ ને વધુ પ્રવૃત્ત થવું એ જ એક કર્તવ્ય છે. શ્રી ઉપદેશ પદ ટીકામાં નીચે મુજબ એક ગાથા છેઃ

" साधसत्त्रिकलोपेत
क्षीण सार्धचतुष्कलः ।
सर्वार्थ निरतः श्रीमान्
नृसुरासुर पूजितः ॥ १ ॥ "

અર્થ:-સાડાત્રણ કળાઓથી યુક્ત અને સાડાચાર કળા જેમની ક્ષીણ થયેલી છે, સર્વાર્થ નિરત અને નૃસુરાસુરપૂજ્ય એવા જિનેશ્વર ભગવંતોનું ધ્યાન કરવું. અર્થાત્ ચાર ઘાતી કર્મ અને અડધું આયુષ્ય કર્મ એ ચારે કળા ક્ષીણ થઈ છે અને નામ, ગોત્ર, વેદનીય અને અડધું આયુષ્યકર્મ એ સાડાત્રણ કળાથી જેઓ યુક્ત છે, તેવા જિનેશ્વર ભગવાનનું ધ્યાન સર્વોત્કૃષ્ટ ધ્યાન છે. પ્રભુજીને કૈવલ્યની પ્રાપ્તિ થયા બાદ નિર્વાણ અવસ્થા સુધીનું સાકાર અને નિરાકાર ઉભય સ્વરૂપ સમાઈ જાય છે.

"નમો અરિહંતાણં" પદ વડે પ્રભુજીની ભાવ અવસ્થાને મુખ્ય બનાવીને જાપ જેટલો વધુ કરવામાં આવે, તેટલો કર્મ નિર્જરા માટે અત્યંત સહાયક છે.

મરણ સમયે પૂર્વધરો પણ દ્વાદશાંગને મૂકી અરિહંત નમસ્કારમાં મનને પરોવે છે. તેથી અરિહંતનો નમસ્કાર એ દ્વાદશાંગનો પરમાર્થ છે. આ વિષયમાં પ્રથમ પદના ધ્યાન જ અને અર્થની વિચારણા કરવાના કેટલાક પ્રકારો મનહરભાઇને સમજાવ્યા છે તે તમને કહેશે.

ભાવથી પંચપરમેષ્ઠિનું ધ્યાન એ પિંડધ્યાન છે અને પરમેષ્ઠિના ધ્યાનમાં એકાગ્ર બનેલો આત્મા ઉપયોગરૂપે પરમેષ્ઠિ બને છે, એ રીતનું ચિંતન પરમપદનું ધ્યાન ગણાય છે. સંપૂર્ણ નવકારનું ધ્યાન કરતાં કરતાં શ્રમિત થવાય ત્યારે પ્રથમપદનું ધ્યાન કરવું, એ અભ્યાસ આત્માની નિર્મળતા અને વિઘ્નક્ષયનો પરમ ઉપાય છે. સર્વ મંગલોમાં તેને પ્રથમ મંગલ કહ્યું છે.

મંગલના બે અર્થ છે. એક વિઘ્નવિનાશ અને બીજો શુદ્ધ ધર્મનો લાભ.

પંચસૂત્રના સ્વાધ્યાયની સરળતા માટે એક પુસ્તિકા બહાર પડી છે, તેની એક નકલ તમારા માટે મોકલાવી છે. પંચસૂત્રના પ્રથમ સૂત્રને નવકાર મંત્રની ભાવનારૂપે ગણવાથી, મંત્ર ચૈતન્યનો લાભ થાય છે.

એક નમો પદમાં જ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને શરણુગમન ત્રણે પદાર્થોનો સંગ્રહ થઈ જાય છે. પાપનો અનુબંધ ટળે છે. પુણ્યનો અનુબંધ પડે છે અને શરણુગમન વડે આત્માને નિર્ભયતા પ્રાપ્ત થાય છે.

બહારનાં જે કાંઈ સારા–નરસા બનાવો બને છે, તે પૂર્વકૃત શુભાશુભ કર્મના વિપાકરૂપ છે, એમ સમજી તેમાં મધ્યસ્થભાવ કેળવવા પ્રયાસ કરવો જોઇએ.

મનુષ્યનો પુરુષાર્થ કેવળ ધર્મમાં જ કાર્યકારી બને છે. કર્મકૃત ભાવો ઉપર મનુષ્યનું કાંઈ ચાલતું નથી. એ જ્ઞાન સમતાભાવને અખંડ રાખે છે. એ માટે જ્ઞાનસારનું કર્મ વિપાક પુનઃ પુનઃ ચિંતવવું જરૂરી છે.

શરીર પુદ્ગલ છે અને પુદ્ગલ પૂરણ–ગલન સ્વસ્વભાવવાળું શરીર પોતાનો સ્વભાવ બજાવે તો આત્માએ પોતાનો શુદ્ધોપયોગમાં રહેવાનો સ્વભાવ શા માટે છોડવો એ વિચાર પુનઃ પુનઃ કરવાથી સમતા અખંડિત બનશે.

જિનમૂર્તિ અને જિનાગમ એ શુભધ્યાનનાં બે આલંબન.

ચૈ. સુદ. ૧૪,
રાતા મહાવીરજી.

પં. ભદ્રંકરવિજયગણી તરફથી.

વિનયાદિ ગુણયુતા સાધ્વીજીશ્રી ગુણોદયાશ્રીજી આદિ જોગ અનુવંદનાદિ.

અત્રે દેવ–ગુરુ કૃપાએ સુખશાતા છે.

અહીં નવપદ સમાજ તરફથી ઓળીનું સામૂહિક આરાધન હતું, તેથી અહીં આવ્યા છીએ. આરાધના સારી થઈ છે. અહીંથી પાછા લુણાવા જવાનું થશે. પત્ર લુણાવા લખવાથી મળશે.

તમારી તબિયતના સમાચાર પત્રથી વિગતવાર જાણ્યા. હવે ઠીક હશે! નવકારનો જાપ, ધૂન ૨૪ કલાક ચાલુ રાખવી, તે જાણી આનંદ થયો છે. તબિયતની અનુકૂળતા મુજબ સંતિકરંનો મૂળમંત્ર ગણવાનું ચાલુ રાખશો.

અશુભ ધ્યાનથી બચવા માટે શુભ ધ્યાનમાં સતત ઉદ્યમશીલ રહેવું જોઈએ. શુભ ધ્યાનનાં બે આલંબન પાંચમા આરાના છેડા સુધી રહેવાનાં છે. એક જિનમૂર્તિ અને બીજું જિનાગમ.

જિનમૂર્તિના અવલંબનથી પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાન સુલભ બને છે.

જિનાગમના આલંબનથી આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય રૂપી ધર્મધ્યાનના ચાર પાયાનું ધ્યાન નિરંતર થઈ શકે છે.

પ્રભુનું પિંડસ્થધ્યાન જન્માવસ્થા, રાજ્યાવસ્થા અને છદ્મસ્થાવસ્થા દ્વારા થઈ શકે છે. પદસ્થધ્યાન માટે પ્રભુનું નામ, મંત્ર સ્નાત્રાદિ આલંબનો છે. રૂપસ્થધ્યાન માટે સમવસરણાદિ અને પ્રાતિહાર્યાદિનું આલંબન લઇને ધ્યાન કરી શકાય. રૂપાતીતધ્યાન પ્રભુના ગુણોના ચિંતનથી થઈ શકે.

સંકલ્પ–વિકલ્પ રહિત આત્મભાવમાં રમણુતા એ જ જિનવચનો પામ્યાનો સાર છે.

ભા. વ. ૪ બુધવાર,
બેડા.

રત્નત્રયાદિ ગુણગણવિભૂષિત સાધ્વીશ્રી ગુણોદયાશ્રીજી સપરિવાર જોગ અનુવંદનાદિ.

તમારો ક્ષમાપના પત્ર મળ્યો છે. અમારા તરફથી પણ ક્ષમાપનાદિ જાણશો જ.

શારીરિક સ્વાસ્થ્ય અશાતા વેદનીયાદિના તીવ્ર ઉદયના કારણે નબળું પડતું જાય છે, તે સમાચાર જાણ્યા.

બહાર જે કાંઇ બને છે, બન્યું છે અને બનવાનું છે તે, કર્મના અબાધિત નિયમના આધારે થઈ રહ્યું હોય છે. સમ્યગ્દૃષ્ટિને એ વિચાર, ધર્મધ્યાનનું પ્રબળ નિમિત્ત બની, આર્તધ્યાનથી ઉગારી લે છે.

કર્મના નિયમની પાછળ પણ પ્રભુની આજ્ઞાની આરાધના કે વિરાધનાનું બળ હોય છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષોને એ વાતનો

પૂરેપૂરો ખ્યાલ હોવાના કારણે, સમતા અખંડ જળવાઇ રહે છે અને મનુષ્યભવાદિ દુર્લભ સામગ્રીઓને યથાશક્તિ આજ્ઞાનું આરાધન કરવા વડે સાર્થક કરે છે.

ચિત્ત સમાધિ માટે જીવોની સાથે મૈત્રી સાધવાપૂર્વક નિશ્ચય-નયની ભાવનાનું આલંબન લેવું અતિ ઉપયોગી બને છે.

"અહમીકકો ખલુ સુધો દંસણુ નાણુ જાઇઓ સદા સુખી,
નવી અથી મજ કિંચિવી, અન્નપરમાણુ મિતથા."

આ ભાવના ઘણું સમાધાન આપશે અને એ દ્વારા શ્રી જિનવચનથી જ આરાધના છે, તેથી આત્મા ઘણો પ્રસન્ન બનશે. સંકલ્પ-વિકલ્પને તિલાંજલિ આપી, આત્મભાવનામાં જાગ્રત રહેવું, એ જ શ્રી જિનવચનો પામ્યાનો સાર છે.

જ્યાં જ્યાં ગુણ અને ગુણીનો અનુરાગ બેઠેલો છે, ત્યાં ત્યાં પ્રભુશાસન રહેલું છે... રત્નત્રયીદ્વારા ગુણની આરાધના થાય છે. આ આરાધના આરાધીને જે જાય છે, તેની બલિહારી છે.

આયુષ્ય ક્ષણભંગુર છે, બોધિ દુર્લભ છે. તેથી ધર્મ–આરાધના એ જ સાર છે.

એકાગ્રચિત્તે નવકારનું સ્મરણ કરવું, નવપદનું ધ્યાન ધરવું, જીવરાશિ પ્રત્યેના સ્નેહ પરિણામનો વિકાસ કરવો, પરોપકારમાં રત રહેવું, નમ્રવૃત્તિ કેળવવી, સંયમના સાધનરૂપ શરીરનો તપ–સ્વાધ્યાયમાં ખપ રાખવો, ચિત્તને ભગવદ્‌ભાવથી ભાવિત કરવું, ઉપશમભાવે રહેવું, વિગેરે વાતોથી આત્માને સન્માર્ગ બતાવતા સુ–શ્રાવક પરના તથા પ્રકીર્ણ પત્રો પ્રેરણાની પરબ સમા છે. પૂજ્ય પંન્યાસજી મહારાજને ઓળખવામાં–અને ઓળખ્યા હોય તો વધારે સારી રીતે ઓળખવામાં સહાય કરે છે.

શક્તિ મુજબ પ્રયત્ન અને યતના જ આજના જીવોને તરવાનું પ્રધાન આલંબન છે.

શ્રા. વદી ૧૧,

જુન્નર.

રત્નત્રયારાધક પરમગુણરાગી મુનિવર્યશ્રી મહિમાવિજયજી મહારાજ આદિ યોગ–વન્દનાદિ.

તમારા ગુરુમહારાજ તથા મુનિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજ આદિને બહુમાનપૂર્વક વન્દના જણાવશો. પૂ. ઉપાધ્યાયજી મહારાજ જેવા સમર્થ પુરુષો પણ પોતાની જાતને ઓળખાવતાં એ જ કહે છે કે,

"अस्मादृशां प्रमादग्रस्तानां
चरणकरणहीनानाम् !
अब्धौ पोत इवेह,
प्रवचनरागः शुभोपायः ॥ १ ॥"

ચરણકરણથી હીન અને પ્રમાદગ્રસ્ત એવા અમારા જેવાને આ વિષમ કાળમાં, સમુદ્રમાં જહાજની જેમ 'પ્રવચનનો રાગ' એ જ એક તરવાનો શુભ ઉપાય છે.

એમનાથી અધિક ચરણકરણશીલ અને અપ્રમત્ત મુનિ હજુ કોઈ ઉત્પન્ન થયેલ નથી, કે જે એવો દાવો કરી શકે કે અમારા જેવા બીજા નથી, છતાં કોઈ કરતું હોય તો અજ્ઞાન ચેષ્ટિત કે મોહ વિલસિત સિવાય બીજું કાંઈ નથી. એવા મહાપુરુષોને પણ પ્રવચન એટલે સંઘ અગર શાસનનું બહુમાન જ તારનારું છે, તો આજના જીવોને માટે તો કહેવું જ શું ? આજે ચરણ કરણ કે અપ્રમાદ છે, એમ કહેવું એના કરતાં કેટલાક એ સંબંધી યતનાવાન્ મહાપુરુષો દેખાય છે અને એથી જ શાસન શોભી રહ્યું છે. તેમના અને પૂર્વના ચારિત્રધર મહાપુરુષોના ગુણો ઉપરના અનુરાગથી જ આજે મોટે ભાગે તરવાનું છે. આ વસ્તુ કોઈ અજ્ઞાના ખ્યાલમાં ન હોય અને પોતાની અલ્પક્રિયા કે આચરણનું મિથ્યાભિમાન દાખવે, તો તે ઉપેક્ષણીય છે અને એવો આત્મા પણ સન્માર્ગ પામે એવી ભાવદયા ચિંતવવા લાયક છે. જ્યાં જ્યાં ગુણ અને ગુણીનો અનુરાગ બેઠેલો છે, ત્યાં ત્યાં પ્રભુશાસન રહેલું છે. એમ માનવામાં લેશ પણ હરકત જણાતી નથી. શક્તિ મુજબ પ્રયત્ન અને યતના અવશ્ય હોવાં જોઈએ. એ યતના જ આજના જીવોને તરવાનું પ્રધાન આલંબન છે.

....તમારા સંસારી બંધુ નાની જિંદગીમાં આરાધી ગયા છે, તેથી તે વિશે શોક કરવાનો રહેતો જ નથી.

'जातस्य हि ध्रुवो मृत्युः ।'

જન્મ પછી મરણ કોને નથી ? પણ મરણ પહેલાં પ્રભુશાસનને પામીને કે આરાધીને જાય તેની જ બલિહારી છે.

તમારાથી તપ વિગેરેમાં વધાતું નથી, છતાં તેનો પશ્ચાત્તાપ ઘણો જ છે તો તે તપ આવ્યા સિવાય રહેવાનો પણ નથી. એ રીતે આત્મા ગુણોમાં આગળ વધે છે.

ત્યાંના તીર્થ અને તીર્થપતિની યાત્રાદિમાં યાદ કરશો. અત્રેથી સર્વે મુનિઓ તરફથી વન્દનાદિ.

ભવભ્રમણને નિવારણ કરવા માટે મળેલો અપૂર્વ અવસર સાધી લેવો જોઇએ.

બી. ભા. વદ ૦))

મુંડારા.

પં. ભદ્રંકરવિજય ગણિ તરફથી.

વિનયાદિ ગુણોપેતા સાધ્વીજીશ્રી રત્નલતાશ્રીજી આદિ જોગ અનુવન્દનાદિ.

અત્રે દેવગુરુ કૃપાએ સુખશાતા છે. તમારો પત્ર તથા દોરા વિગેરે મળેલ છે. તમારી બધાની આરાધના આદિના સમાચાર જાણી આનંદ થયો છે. મારી તબિયત હાલ દેવ-ગુરુ કૃપાએ સારી છે.

જે કાંઈ ધર્મ સામગ્રી મળી છે, તે અતિદુર્લભ છે. અનંતાનંત જીવમાંથી થોડાક જ જીવોને મળી છે. અને તેમાં આપણો પણ સમાવેશ થયો છે. તેની દુર્લભતાનો વિચાર કરીને અહોભાવ લાવવો જોઇએ. નાની પણ ધર્મક્રિયા કરતી વખતે વિસ્મય, પુલક અને પ્રમોદ થવો જોઇએ. આપણી ક્રિયા અમૃતક્રિયા કેમ થાય તે માટે નિત્ય અહોભાવ ધારણ કરીને ઉદ્યમ કરવો જોઇએ. તે માટે ભવ ભ્રમણનો ભય અને તેનું નિવારણ કરવાનો મળેલો અપૂર્વ અવસર તેને સાધી લેવો જોઇએ. દરિદ્રને નિધાન મળે અને જે હર્ષ થાય તેના કરતાં પણ ભક્તિ-વિનય-વૈયાવચ્ચ અને સંયમ પાલનની પ્રત્યેક ક્રિયા કરતી વખતે હર્ષ અનુભવવો જોઇએ, એ જ સમ્યગ્જ્ઞાનનું ફળ છે. પ્રત્યેક ક્રિયા કરતી વખતે વિચારવું કે આ શુભક્રિયાના આલંબનથી મને શુભનો આશ્રવ અશુભનો સંવર અને પૂર્વકૃત કર્મની નિર્જરા થઈ રહી છે, તથા સમ્યક્ચારિત્ર, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ દર્શન ગુણની આરાધના થઈ રહી છે, એમ વિચારવાથી સંયમના પરિણામમાં નિત્ય વધારો થતો રહેશે. આયુષ્ય ક્ષણભંગુર છે. બોધિ દુર્લભ છે. વગેરે ભાવનાઓથી ભાવિત થઈને પંચપરમેષ્ઠિ સ્મરણને ખૂબ વધારવું જોઇએ એથી આત્મા આનંદિત રહેશે.

ચિત્તપ્રસન્નતાનો ઉપાય.

અનુવંદનાદિ.

રત્નત્રયીની આરાધનામાં આગળ વધવા માટે માર્ગદર્શનની જિજ્ઞાસા જાણી આનંદ થયો. મોક્ષનાં પંદર અંગોમાં આપણને માત્ર ત્રણ અંગ જ બાકી છે બાકીનાં બાર અંગો જે અનુત્તરના દેવો પણ ઝંખે છે, પણ મળ્યાં નથી; તે આપણને મળ્યાં છે. તેનો રોજ એકવાર સ્થિર ચિત્તે વિચાર કરી જવો જોઇએ. પંદર અંગો નીચે મુજબ છે :- (૧) ત્રસપણું, (૨) પંચેન્દ્રિયપણું, (૩) મનુષ્યપણું, (૪) આર્યદેશ, (૫) ઉત્તમજાતિ (૬) ઉત્તમકુળ (૭) પંચેન્દ્રિય પૂર્ણતા (૮) નિરોગીતા (૯) દીર્ઘ આયુષ્યકતા (૧૦)-(૧૧)-(૧૨) ક્ષયોપશમ ભાવના જ્ઞાન-દર્શન અને ચારિત્ર. હવે માત્ર ત્રણ બાકી રહ્યાં અર્થાત્ ક્ષયોપશમ ભાવના જ્ઞાનાદિ છે. તેને ક્ષાયિક ભાવના કરવાનાં છે અને તે માટે જ એક ઉદ્યમ કરવાનો રહે છે. તેમાં જો પ્રમાદ કર્યો તો ફરી અનંતકાળે આ સામગ્રી મળવી દુર્લભ છે. નિત્ય સ્વાધ્યાય ગ્રંથમાં એક પુણ્યકુલક છે. તેની (૧૦) ગાથામાં પુણ્યથી મળનારી ૪૫ વસ્તુઓ કહી છે. તેનો રોજ એકવાર સ્વાધ્યાય કરી જવો અને તે ૧૦ ગાથા મુખ પાઠ કરી લેવી, એથી ચિત્ત પ્રસન્નતા રહેશે અને તમારી જે આગળ વધવાની ભાવના છે, તે અવશ્ય પૂર્ણ થશે.

મુનિ એટલે મૌન અને ધ્યાનનો સાધક.

તા. ૩-૧૦-૭૪,
મુંડારા.

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી-

અરૂણવિજયજી જોગ અનુવંદનાદિ.

નવકારના સ્મરણમાં માળા અનુકૂળ ન આવતી હોય તો કર-અંગુલી વડે જાપ કરી શકાય છે, અધિક સંખ્યામાં જાપ ન થઈ શકે તો એક બેઠકે માત્ર ૧૨ નવકાર એકાગ્રચિત્તે, દિવસમાં ત્રણ

વાર કે તેથી અધિકવાર ગણવાનો અભ્યાસ પાડવાથી તેમાં ગતિ વધી શકશે. ૧૨ નવકાર ગણતી વખતે સમવસરણની આકૃતિ ચિત્ત સન્મુખ લાવી ચારે દિશામાં એકેક નવકાર પ્રદક્ષિણા આકારે ત્રણ વખત ગણવાથી એકાગ્રતા આવશે. અને ૧૨ ની સંખ્યા પૂરી થશે. અથવા પ્રભુ પ્રતિમા ઉપર એકેક પદની ધારણા કરીને ગણવાથી પણ એકાગ્રતા લાવી શકાશે. નવકારના સ્મરણથી જીવરાશિ ઉપર સ્નેહ પરિણામ વિકસે છે અને એ સ્નેહ પરિણામમાંથી તાત્ત્વિક અહિંસા અને ક્ષમાદિ ધર્મો ઉત્પન્ન થાય છે. એ બધાનું મૂળ પરમેષ્ઠિ પ્રત્યે આદર બહુમાન ભક્તિભાવ છે. એમ વિચારવાથી નવકારમાં ચિત્ત ચોંટવા લાગશે. પછી ૧૨ ની સંખ્યાથી તૃપ્તિ નહિ થાય. અને ૧૦૮ ની સંખ્યા થઈ જશે. આગળ જતાં ૧૦૮ થી પણ તૃપ્તિ નહિ થાય અને ૧૦૦૮ સુધી પહોંચી જવાશે. નવકાર ગણતા પહેલાં મૈત્ર્યાદિ ભાવોનું ચિંતન અને ગણ્યા બાદ અનિત્યાદિ ભાવનાઓનું ચિંતન કરવાનો અભ્યાસ પાડશો. તેથી ચિત્ત નિર્મળતા વધશે અને તમારી સાચા મુનિ બનવાની ભાવના શીઘ્ર પણે સફળ થશે.

મુનિ એટલે મૌન અને ધ્યાનનો સાધક. નમો પદ મૌન સૂચક છે. 'અરિહંતાણં' પદનું ધ્યાન, સ્મરણ, જાપ, પણ રોજ ઓછામાં ઓછું ૧૦ માળા અવશ્ય નિયમબદ્ધ પણે કરવાથી જાગૃતિ આવશે.

ચૂલિકા સહિત મૂળમંત્ર એ મહાશ્રુતસ્કંધ છે. સકલ સૂત્રાભ્યંતર છે. બીજા બધાં સૂત્રો શ્રુતસ્કંધ છે. ચૂલિકા સહિત પાંચ પદો એ મહાશ્રુતસ્કંધ છે. પ્રત્યેક સૂત્રના પ્રારંભમાં તે અવશ્ય હોય છે. તો જ તે શ્રુતસ્કંધ બને છે. એવી રીતે શ્રદ્ધા સહિત પાંચ પદો કે કોઈ એક પદનો જાપ પણ સરખું જ ફળ આપે છે.

પાંચ પદોનો જાપ પણ પ્રાયશ્ચિત્તમાં વળી શકે છે. ૩૫ અક્ષરો છે તેથી તેને એક ગાથા પ્રમાણ ગણીને સ્વાધ્યાયમાં વાળી શકાશે. ચૂલિકામાં માત્ર માહાત્મ્ય વર્ણન છે. એટલું જ નથી પણ નવપદ, આઠ સંપદા અને અડસઠ અક્ષરોનું સ્વતંત્ર માહાત્મ્ય પણ રહેલું છે.

લોગસ્સ સૂત્રની અંદર પણ ૫-૬-૭ ત્રણ ગાથા માહાત્મ્ય વર્ણન અને પ્રાર્થનારૂપ છતાં તે મૂળસૂત્રથી પૃથક્ નથી. ૨૪ તીર્થંકરના નામસ્મરણની જેમજ તે ગાથાઓનું સ્મરણ આવશ્યક મનાયું છે. એટલે ચૂલિકાને મૂળસૂત્રથી અલગ ગણી શકાય નહિ.

-જેમ શિખર એ પર્વતથી જુદી વસ્તુ નથી અને મસ્તકની શિખા એ મસ્તકથી જુદી વસ્તુ નથી, તેમ ચૂલિકા એ મૂળસૂત્રથી અભિન્ન છે.

એક વખત નમસ્કાર મહામંત્રના આરાધક એક મુનિવરે ધ્યાન કેવી રીતે ધરવું? ધ્યાન ધરવાની યોગ્યતા કયારે આવે? એ વિષયમાં પૂછાવ્યું હતું. ઉત્તરમાં તેઓશ્રીએ જણાવ્યું:

"માનસિક ધ્યાન ધ્યાન માટે શારીરિક શુદ્ધિ, આહાર શુદ્ધિ અને ભાવનાની શુદ્ધિ તથા પ્રાપ્ત સઘળા ધર્મ-કર્તવ્યોને, કર્તવ્ય-બુદ્ધિથી સારામાં સારી રીતે કરવાની વૃત્તિ પરમ આવશ્યક છે. પોતાના બધા ધર્મો (ફરજો) અદા કર્યા પછી જ ધ્યાનમાં મન લાગે છે અને ધ્યાનના અધિકારી થવાય છે."

નબળા આરોગ્યની ફરિયાદ લખતા મુનિવરના ઉત્તરમાં હેતભરી હિત શિખામણ આપતા પૂજ્યશ્રી લખે છે:

"સંયમના સાધન રૂપ શરીરને માત્ર ભાડા પૂરતું આપીને તેની પાસેથી તપ-સ્વાધ્યાય આદિ કામ કઢાવી લેવાની કાળજી રાખશો, તો ચડતી જુવાનીમાં શરીર સુધરવા સાથે મન પણ સુધરી જશે અને નાની નાની વાતોમાં ફરિયાદ કરવાની ટેવ નાબૂદ થશે."

આ રીતે મન અને તન દુરસ્ત કરવાનો વ્યવહારૂ માર્ગ બતાવીને પછી તેઓ મુનિ જીવનને શાસ્ત્રકાર મહર્ષિની નજરે બતાવતા જણાવે છે કે-

"સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરી સ્વ-સ્વકર્તવ્ય-કર્મમાં અપ્રમત્ત રહેવું એ ચિત્ત સમાધિનો માર્ગ છે. શાસ્ત્રમાં સાધુઓને સંકલ્પ વિકલ્પ સહિત કહ્યા છે.

'અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે,
સાધુ સૂધા તે આત્મા, શું મુંડે શું લોચે રે.'
વગેરે વાક્યોથી ચિત્તને ભાવિત કરશો."

'નમો' પદનું રહસ્ય.

મોટામાંઢા,
શ્રા. વ. ૨.

સુશ્રાવક જોગ ધર્મલાભ.

તા. ૨૮–૭–૬૩ નો પત્ર મળ્યો છે.

નવકારનું પહેલું પદ 'નમો' છે. અને છેલ્લું પદ 'મંગલ' છે. એ બંને એકઠા કરીને 'નમો મંગલં' એટલે નમસ્કાર ભાવ એ મંગળ છે. એ રીતે પણ રોજ થોડો થોડો વખત ધ્યાન કરવાથી 'અહં' વૃત્તિ ઓછી થતી જાય છે અને નમ્ર વૃત્તિ વિકાસ પામતી જાય છે. પૌદ્ગલિક ભાવો મારા નથી એમ 'ન' કહે છે. અને આત્મિક ભાવો મારા છે એમ 'મો' કહે છે કેમકે મ્ + ઓ ને ઉલટાવવાથી 'ઓં' બને છે અને એ 'ઓં' એ આત્માનું સ્વરૂપ છે. એ રીતે 'નમો' પદના ધ્યાનથી આંતરિક વાતાવરણ મંગળમય બને છે. મૈત્રીમાં નમ્રવૃત્તિ છે, પ્રમોદમાં નમ્રવૃત્તિ છે, કરૂણામાં નમ્રવૃત્તિ છે, માધ્યસ્થમાં નમ્રવૃત્તિ છે. નમ્રવૃત્તિ ન હોય તેનામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવો પ્રગટી શકતા નથી અને એ ભાવો ન પ્રગટે ત્યાં સુધી ક્રોધ, માન, માયા અને લોભ આદિ કષાયો ઘટી શકતા નથી.' તેથી શાસ્ત્રોમાં 'નમો' ને ચૌદ પૂર્વનો સાર કહ્યો છે. સર્વ જીવોના અપરાધને વારંવાર ખમાવવાનું શાસ્ત્રકારો કહે છે, તે પણ નમ્રવૃત્તિને વિકસાવવા માટે છે. એક વિનય ગુણ આઠે કર્મોનો ક્ષય કરી શકે છે અને વિનયહીનને ધર્મ અર્થ કામ કે મોક્ષમાંથી એક પણ પદાર્થની પ્રાપ્તિ થઈ શકતી નથી. તેથી શાસ્ત્રકારોએ તેને પ્રથમ સ્થાન આપ્યું છે.

વિનય વિના જ્ઞાન ન મળે, દર્શન ન મળે, ચારિત્ર ન મળે, તપ ન મળે. તેથી બાહ્ય કે આંતર કોઈ પણ પદાર્થને મેળવવાનું વશીકરણ નમ્રવૃત્તિ છે. ધર્મની પ્રથમ શરત 'નમવું' તે છે. જે ગુણાધિકને નમી શકતો નથી કે હીન ગુણીને ખમી શકતો નથી, તેનામાં તત્ત્વજ્ઞાન પરિણમ્યું છે એમ ન માની શકાય.

શાસ્ત્રમાં એક ગાથા આવે છે કે હું નિઃશલ્યપણે મારા સર્વ અપરાધોને આજે ખમાવું છું. માતાપિતા તુલ્ય સર્વ જીવો મને ક્ષમા આપો.

સંથારા પયન્નો

આ ક્ષમાપના એ શ્રી જિનશાસનનું મૂળ છે. 'उवसमसारं खु सामन्नं।' સાધુપણાનો સાર પણ ઉપશમ છે. ખમવું અને ખમાવવું એ ધર્મનો સાર છે. એનું જ નામ નમ્રતા છે. વિનય છે. એ ગુણથી ભરેલા હોય તે જ પંચપરમેષ્ઠિમાં સ્થાન પામે છે. આપણે પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમીએ છીએ તેમાં પણ કારણ તેમની નમ્રવૃત્તિ છે. તેમનામાં નમ્રતાનો, વિનયનો ગુણ ટોચે પહોંચેલો છે, તેને ખ્યાલમાં રાખીને નમીએ તો આપણામાં તે ગુણ અવશ્ય આવે. પંચપરમેષ્ઠિમાં જેમ રત્નત્રયી છે, તેમ રત્નત્રયીનું પણ મૂળ એવા વિનય, નમ્રતા, સર્વજીવોને ખમાવવાની વૃત્તિ અને તેથી થયેલ શુદ્ધિ છે. તેથી તેમને નમવાથી તે ગુણ આપણામાં ઉતરે છે. પરંતુ તેનું પ્રણિધાન હોય તો અર્થાત્ તે ગુણ મેળવવાનો સંકલ્પ અંતરમાં હોય તો.

સિદ્ધ ભગવંતો પણ આત્મસ્વભાવમાં રમે છે. પુદ્ગલભાવમાં નહિ. એ તેમનો પૂર્ણ નમસ્કાર છે. અરિહંત ભગવંતો તીર્થને નમે છે. આચાર્ય, ઉપાધ્યાય સાધુઓ સર્વ જીવને ખમે છે અને સર્વ પરમેષ્ઠિઓને નમે છે, તેથી તેમને નમસ્કાર કરનારને જોખમ હોય તો તે ગુણ અવશ્ય મળે છે. આટલી વાત તમારી વિચારણા માટે લખી છે. કેમકે તમે અત્યારે આજ સુધીની આરાધનાના પ્રભાવે તે ભૂમિકા સહેલાઈથી પ્રાપ્ત કરી શકો એમ છો.

નવકારનો જાપ અને નવપદનું ધ્યાન બે સાથે મળે એટલે વિકાસ થાય છે.

મોટામાંઢા તા. ૧૪-૮-૬૩.
બુધવાર, શ્રાવણ વદ ૧૦.

સુશ્રાવક જોગ ધર્મલાભ.

તા. ૧૧-૮-૬૩ નો પત્ર મળ્યો છે.

માનવજન્મની પ્રાપ્તિ નમ્રતાથી છે. સાધુ ધર્મની પ્રાપ્તિ નમ્રતાથી છે. અને સિદ્ધિગતિની પ્રાપ્તિ પણ એ જ સદ્‌ગુણ એની ટોચે પહોંચવાથી થાય છે. સિદ્ધ પરમાત્મા સ્વરૂપમાં રમે છે એટલે જ શુદ્ધ આત્મસ્વભાવને પરિપૂર્ણ નમે છે.

નમસ્કાર ત્રણ પ્રકારનો છે. ઇચ્છાયોગનો, શાસ્ત્રયોગનો અને સામર્થ્યયોગનો.

'નમો' એટલે (૧) નમસ્કાર થાઓ (ઇચ્છાયોગ)
(૨) નમસ્કાર કરું છું (શાસ્ત્રયોગ)
(૩) તદ્રૂપે પરિણમું છું. (સામર્થ્યયોગ)

શ્રી લલિતવિસ્તરામાં કહ્યું છે કે નમોત્થુણંમાં 'નમોડસ્તુ' એ ઇચ્છાયોગનો નમસ્કાર છે, "નમો જિણાણં જિઅભયાણં" એ શાસ્ત્રયોગનો નમસ્કાર છે. અને "ઇક્કોવિ નમુક્કારો" એ સામર્થ્ય-યોગનો નમસ્કાર છે. પ્રમત્ત અવસ્થા પર્યંત ઇચ્છાયોગ, અપ્રમત્ત અવસ્થામાં શાસ્ત્રયોગ અને શ્રેણીમાં સામર્થ્યયોગ.

કેવળી તથા સિદ્ધ ભગવંતને નમસ્કારનું પરિપૂર્ણ ફળ "સ્વરૂપ-રમણ" પ્રાપ્ત થાય છે. આ શાસ્ત્રશૈલી પણ સર્વત્ર નમસ્કારની આવશ્યકતા સ્વીકારે છે, એટલે આપણે જેને નમીએ છીએ તે જુદા જુદા પ્રકારના નમસ્કારભાવથી ભરેલા છે એનું પ્રણિધાન કરીએ તો આપણામાં ઝટ નમસ્કારભાવ આવવા લાગે છે. સંકલ્પપૂર્વક કરેલી ક્રિયા તુરત ફળે છે. સંકલ્પહીન કર્મ ફળતું નથી, એ નિયમ સર્વત્ર લાગુ પડે છે.

આપણી નમસ્કારની ક્રિયા પાછળ નમસ્કાર્યમાં રહેલો નમસ્કાર

પામવાનો સંકલ્પ ભળે તો તે ક્રિયા રસમયી બને અને તેનું પરિણામ પણ આવે.

નમસ્કારના જાપમાં 'નમો' પદને ચૌદ પૂર્વનો સાર માનવાનો છે. નવપદના ધ્યાનમાં 'અર્હં' પદને સિદ્ધચક્રનું બીજ માનીને તેનું મહત્ત્વ સ્વીકારવાનું છે. નવકાર એ મંત્ર છે, એટલે તેનો 'જાપ' એ મુખ્ય છે. સિદ્ધચક્ર એ યંત્ર છે, એટલે તેનું ધ્યાન એ મુખ્ય છે. જાપ અને ધ્યાન બે સાથે મળે એટલે વિકાસ થાય છે. 'અર્હં'નું ધ્યાન ઘણું પ્રભાવશાળી છે. નમસ્કાર સ્વાધ્યાયનો બીજો ભાગ હમણાં અંધેરીથી બહાર પડ્યો છે, તેમાં તેનું વર્ણન વિસ્તારથી છે. તે ન મળ્યો હોય તો મેળવી લેશો.

'અર્હં' પદ પ્રથમ પરમેષ્ઠિ વાચક છે. પ્રથમ પરમેષ્ઠિ એટલે જિનનામ નિકાચિત કરીને તીર્થંકરપદને પ્રાપ્ત થનારા સર્વ શ્રેષ્ઠ આત્મા અને તેમનું 'તથાભવ્યત્વ' અન્ય મુક્તિગામી જીવોના 'તથાભવ્યત્વ' કરતાં ઘણું ચઢિયાતું માન્યું છે. કાચમણિ અને રત્નમણિ જેટલું અંતર તે બે વચ્ચે કહ્યું છે. મોક્ષમાં ગયા પછી બંને સરખા છતાં સંસાર અવસ્થામાં તીર્થંકરના આત્મા વિશ્વ ઉદ્ધાર કરનારું તીર્થ સ્થાપીને અસંખ્ય આત્માઓનો ઉદ્ધાર કરે છે. તેમનું ધ્યાન 'અર્હં' પદથી થાય છે. 'નમો' પદમાં જેમ નમ્રતાનો ભાવ છે, તેમ 'અર્હં' પદમાં પૂજ્યતાનો ભાવ છે. નમ્રતા વડે ઊંચામાં ઊંચું પદ જે પ્રાપ્ત થઇ શકે છે, તે 'અર્હં' પદ છે. એવો નિશ્ચય કરીને 'અર્હં' પદના ધ્યાનનો અભ્યાસ વધારવાથી 'નમો' પદની આરાધનામાં પણ વેગ પ્રાપ્ત થાય છે. સિદ્ધચક્ર પૂજન કર્યા બાદ થોડી વખત 'અર્હં' પદના ધ્યાનમાં ગાળવાથી ઘણો ફાયદો થવા સંભવ છે. ૧૨ (બાર) મિનિટ જાપ અને એક મિનિટ ધ્યાન એ બરાબર થાય છે, તેથી જાપ કરતાં ધ્યાનમાં સમય ઓછો લેવો જોઇએ. વધુ વખત ધ્યાન કરવાથી એટલે ધ્યાનમાં વધુ સમય લેવાથી લાભને બદલે કેટલીક વાર નુકસાન થાય છે.

પ્રમત્ત અવસ્થા છે ત્યાં સુધી ધ્યાન કરતાં જાપમાં વધુ સમય

ગાળવો અને જાપ કરતાં સ્તોત્ર–સ્તુતિ–સ્તવનમાં અને સ્તોત્રાદિ કરતાં પૂજનમાં વધારે સમય ગાળવો જોઈએ અને પૂજનના પણ અધિકારી થવા માટે ગૃહસ્થપણામાં દાનાદિ ક્રિયાઓ પણ હોવી જોઈએ એમ શાસ્ત્ર વિધાનો છે, તે યથાર્થ છે. તમે એ બધા સ્ટેજમાંથી પસાર થઈ ચૂકચા છો એટલે 'અર્હં' પદનું ધ્યાન પણ થોડો થોડો વખત રોજ નિયમિત કરવાથી ઘણો લાભ થવા સંભવ છે. ધ્યાનાદિ વિશિષ્ટ ક્રિયાના અધિકારી થવા માટે ઔચિત્ય ગુણનું પાલન ઘણું સહાયકારી બને છે.

સેવાડી વિગેરેના સમાચાર જાણ્યા છે. આ કાળમાં દેવ–દેવી વિગેરેની વાતો ઉપર વધુ વજન ન આપવામાં જ સલામતી છે. દેવો પણ જેને નમે છે એવી ધર્મની આરાધના ઉપર જ વધુ શક્તિ ખર્ચવી એ સહી સલામત માર્ગ છે.

નૂતન વર્ષનો સંદેશ

તા. ૧૪–૧૦–૬૩,
આસો વદી ૧૨,
મોટામાંઢા સોમવાર.

અનુવંદનાદિ

જૂનું વર્ષ પૂરું થયું એટલે મનુષ્ય જન્મના આયુષ્યમાંથી અમૂલ્ય એવા ૩૬૦ દિવસો ચાલ્યા ગયા. એ દિવસોમાં જેટલું સુકૃત થયું તેટલું અનુમોદનીય બન્યું અને દુષ્કૃત થયું તેટલું ગર્હણીય થયું. એ વિચાર કરીને ગયા વર્ષના સુકૃત–દુષ્કૃતને યાદ કરી જવા અને નવા વર્ષમાં પ્રવેશ એવી રીતે કરવો કે તે કેવળ સુકૃતમય બની જાય. નવા વર્ષમાં જેટલો વખત જીવવા મળે તે દુર્લભ અવસર સમજી તેમાંથી પ્રત્યેક ક્ષણ ઉપર આપણો નહિ પણ ધર્મનો જ અધિકાર છે. કેમકે મનુષ્યભવના આયુષ્યની એક એક ક્ષણ પૂર્વે સેવેલા સુકૃતનું ફળ છે. તેથી તે સુકૃત માટે જ પસાર થવી જોઈએ. તે ક્ષણોમાં દુષ્કૃત કરવાનો આપણને અધિકાર નથી, છતાં પ્રમાદાદિથી દુષ્કૃત થાય તો તેની ગર્હા કરી લેવી જોઈએ. અન્યથા તેનો બદલો ઘણો ખરાબ મળે. ધર્મ સિવાય અન્ય કાર્ય માટે તેનો ઉપયોગ એ

ચિંતામણિને કાચ માટે કે કલ્પવૃક્ષને કાષ્ઠ માટે વેચ્યું ગણાય. અનાદિથી જીવને દુષ્કૃતનો અભ્યાસ છે અને સુકૃતનો અભ્યાસ નથી.

તે અનાદિની અયોગ્ય ચાલને બદલવા માટે જ પ્રભુનો સાધુ ધર્મ છે. અને શ્રાવકધર્મ છે. તેમાં પણ સાધુ ધર્મ બળવાન છે. તે સુકૃતની આપણને તાલીમ આપે છે. તેવો દુર્લભ સાધુ ધર્મ અનંત-કોટિ પુણ્યની રાશિના ઉદયે મળ્યો છે, તેને આજ સુધી અજ્ઞાન પણે જેમ તેમ વેડફી નાખવાનું બન્યું. તેની ગર્હા-નિંદા કરી હવે જ્ઞાન-દશામાં આવીને તેની ક્ષણે ક્ષણ સાર્થક કરી લેવી જોઈએ. તે કરવા માટે જે બળ જોઈએ તે આપણી પાસે ખૂટે છે. તો તેને દેવ-ગુરુની ભક્તિ દ્વારા જ પૂરું કરી શકાય છે. એવી શાસ્ત્રવચન ઉપર શ્રદ્ધા રાખી નવા વર્ષમાં રોજ ૧૦૦૦/- નવકાર (૧૦ બાંધી માળા) એક જ આસને બેસીને ગણવાનો અભ્યાસ પાડવો અને એ દ્વારા થતી દેવ-ગુરુની ભક્તિ વડે જે બળ મળે તે બળનો ઉપયોગ સ્વ-પર ઉભયના શ્રેય કાર્યમાં કરવો. વિધિપૂર્વક લાખ નવકાર ગણવાથી તીર્થંકરનામ-કર્મ બંધાય છે. એનો અર્થ એ થયો કે નવકાર ગણવાથી 'જીવરાશિ સાથે સ્નેહનો પરિણામ' બંધાય છે. 'સવિ જીવ કરું શાસન રસી' એવી સર્વોત્કૃષ્ટ ભાવનાના અધિકારી થવાય છે. તેથી નવકારમાં સર્વ-જીવરાશિ સાથે સ્નેહનો પરિણામ બંધાવવાની શક્તિ છે. એવી શ્રદ્ધાપૂર્વક નવકારનું આરાધન કરવું. વળી નવકારથી દુષ્કૃતની ગર્હા થાય છે. સુકૃતની અનુમોદના થાય છે. દ્વાદશાંગીનો સ્વાધ્યાય કર્યાનું સંક્ષેપમાં ફળ મળે છે. આર્ત-રૌદ્ર ધ્યાનનો નાશ થાય છે. ધર્મશુક્લ ધ્યાનની યોગ્યતા આવે છે. એના પ્રભાવે પૂર્વ પાપનો નાશ થાય છે. નવીન પુણ્યની પુષ્ટિ થાય છે. અને આરાધનાની સામગ્રી ઉત્તરોત્તર અધિક મળતી રહે એવું શુભાનુબંધી પુણ્ય રોજ ઉપાર્જન થાય છે. જેની આપણને અત્યંત જરૂર છે. ઓછામાં ઓછા એક હજાર નવકાર તો રોજ ગણવા. વધારે જેટલા ગણાય તેટલા લાભમાં સમજવા. સંયમના અન્ય કાર્યો ન સીદાય, તેવી રીતે અને તેવા અવસરે ગણવાથી ઘણો લાભ થશે.

ૐ ફૂલડે-ફૂલડે ફોરમ

જેમના સુખકારક સમાગમથી, સંસ્પર્શથી કે દૃષ્ટિપાતથી, ભાત ભાતની ભ્રાન્તિઓ દૂર થાય, સંશયવૃત્તિઓ શમી જાય અને આત્માનું વાસ્તવિક સ્વરૂપ પ્રગટ થાય, એવા પરમાત્માને સમર્પિત મહાપુરુષના સાન્નિધ્યમાં જીવન ઝગમગી ઊઠે, કૃતાર્થ બને.

અંધકારના અનંત આવરણોનો અંત આણવા જેમ પ્રકાશમય પ્રભાકરનું પ્રાકટ્ય થાય છે, તેમ આરાધકના અંતરમાં ફેલાયેલા અજ્ઞાન અંધકારને દૂર કરવા શ્રી અરિહંત પરમાત્માના અનંત અનુગ્રહ રૂપે જ શાસનમાં પંન્યાસજી મહારાજ જેવા મહાપુરુષનો અવનિતલ પર આવિર્ભાવ થાય છે. જેમનાં પ્રકાશકિરણો માનવના મલિન ગ્લાન મનને પ્રકાશિત કરે છે, જીવનને શાંતિ–પ્રશાંતિથી ભરે છે અને માનવભવને સફળ અને સાર્થક કરે છે.

આધ્યાત્મિક સંસ્કૃતિના શાશ્વત સંદેશને વહેતો કરીને આત્મ-વિકાસની અદ્ભુત સાધનાના સુમેરુ શિખર પર પહોંચેલા મહામાનવોની પ્રેરણાદાયક પરંપરામાં પૂજ્ય પંન્યાસજી મહારાજનું આગવું અને અનોખું સ્થાન છે. પૂજ્યશ્રી પંચપરમેષ્ઠિની અર્થાત્ આત્માની અખંડ અનુભૂતિમાં વાસ કરનારા સંત હતા.

સાધનામાં રસ ધરાવતા પૂર્ણતાના પથના પ્રવાસીઓને ઉપયોગી બની શકે તેવું દેવદુર્લભ દર્શનીય વિરાટ વડલા જેવું વ્યક્તિત્વ ધરાવતા પૂજ્યશ્રીના સંયમ જીવનની સુવાસ માણીને કેટલાયના મન–ભ્રમર શાંત થઈ ગયા. પંન્યાસજી મહારાજે અનેક સાધકો,

ભક્તો અને જિજ્ઞાસુઓના પ્રાણમાં પ્રેરણા પાથરીને પરમજ્ઞાન, ભક્તિ અને શ્રદ્ધાની જ્યોતિ જગાવી, ધર્મનો મર્મ સમજાવ્યો, અરિહંતની આરાધના આપી, સમતા ભરી સાધુતાનો સ્વાદ ચખાડયો.

પરમાત્માનો અનુગ્રહ તો સૌના ઉપર છે જ પરંતુ એની અનુભૂતિ સૌ કોઈ નથી કરી શકતું. માનવે તન અને મનનું ધીરાણ સંસારને કર્યું છે. એમને પરમાત્મા તરફ વાળવામાં આવે તો જ પ્રભુ-કૃપા સહજ બને, ગુરુ કૃપા આવી મળે... અને ત્યારે જ જીવનના સૂત્રધારને, આત્માના નિર્વિકાર સ્વરૂપને જોવા-જાણવામાં આનંદ આવે, ત્યાં શુદ્ધિનાં સુમનો ચઢે, અનુરાગની આરતી ઉતરે અને એ આરતી **'મન વાંછિત ફળ શિવસુખ પૂરે...'**

દેહના દેવાલયમાં, મન-મંદિરમાં, આટલી જો આધ્યાત્મિક મૂલ્યોની પ્રતિષ્ઠા થઈ જાય, તો પૃથ્વી આખું ઘર બની જાય, જીવો બધા કુટુંબ-સગા બની જાય અને મુક્તિ આંગણે રમતી થઈ જાય. આત્મસ્વરૂપ સિદ્ધ થઈ જાય પછી જોઇએ શું...?

સાહેબજીનું સ્થૂળ શરીર આજે હયાત ન હોવા છતાં, એમના આ ગ્રન્થમાંથી સંત્રસ્ત સંસારને ઉપયોગી ભાથું જડશે, એનો આત્મા અલૌકિક બનશે.

પૂજ્યશ્રીની વાણી વાતાવરણમાં ગૂંજી રહી છે. એમની દિવ્ય દૃષ્ટિ આજે પણ પ્રકાશનાં પાવન રશ્મિ રેલી રહી છે. ભાન-ભૂલેલા, માર્ગ-ભૂલેલા સંક્ષુબ્ધ માનવને આજે પણ આત્મકલ્યાણના મંગલ-મય માર્ગ પર નિમંત્રી રહી છે. એનો લાભ લઇને માનવ આજે પણ કૃતાર્થ થઈ શકે છે, જીવનને સફળ કરી શકે છે.

સૃષ્ટિનું સૌભાગ્ય છે કે પૂજ્ય પંન્યાસજી મહારાજ જેવા મહાપુરુષો એમાં પ્રગટ થાય છે અને પોતાનો જીવન સંદેશ સંભળાવે છે. પરમાત્માના પ્રતિનિધિ સમા આવા મહાપુરુષોનો પ્રાદુર્ભાવ એ માનવ જાતિના મંગલ માટે હોય છે. માનવ મનને

ન–મન કરવા, જીવનને દિવ્ય અને ભવ્ય કરવા માટે હોય છે. આપણે એમાંથી પામીએ, તો પણ બસ છે.

ફૂલડે ફૂલડે ફોરમની જેમ મહેંકતા, આકર્ષક અને આનંદદાયક એવા પૂજ્યશ્રીના જીવનમાં અસંખ્ય પ્રેરક પ્રસંગો પથરાયેલા પડ્યા છે, તેમાંથી અમુક જ અહીં ટાંકચા છે અને થોડા પ્રસંગો જીવન-ચરિત્રનાં સંબંધમાં આવતા હોવાથી તે તે સ્થાને લીધા છે. બાકી ગ્રંથનું કદ વધી ન જાય તેથી ઘણા પ્રસંગો બાકી રહી ગયા છે. જોકે પૂજ્યશ્રીનું સંપૂર્ણ જીવન જ પ્રેરણા પ્રસંગમય હતું, તેથી જેટલું જાણવા મળે છે, તે અલ્પ જ લાગે છે.

ભારતના પ્રાતઃસ્મરણીય સંતોની પ્રકાશમય પરંપરાને તથા અલૌકિક અનુભવના વારસાને જીવંત રાખનારા પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબને વારંવાર વંદના કરીએ છીએ.

સંકલ્પપ્રેમી પૂજ્યપાદ શ્રી :

એક વખત સંસ્કૃત વાંચનની એક મુનિને ભાવના જાગી. તેમણે પૂજ્યશ્રીને આ માટે વિનંતી કરી. પૂજ્યશ્રીએ જણાવ્યું, "હમણાં હમણાં કુન્દકુન્દવિજયજીએ ઉપમિતિ કથા શરૂ કરી છે. તો તમો પણ તેમની સાથે વાંચો અને ભણો.

આ સાંભળીને તે મુનિ શ્રી કુન્દકુન્દવિજયજી પાસે સાયન પહોંચ્યા અને ઉપમિતિનું વાંચન ચાલુ કર્યું.

કેટલાક દિવસો બાદ કુન્દકુન્દવિજયજીએ સાયનથી પૂજ્યશ્રીને પત્ર લખ્યો, "ઉપમિતિ તો બહુ મોટો ગ્રંથ છે, ન જાણે તે કચારે પૂરો થશે.....?

આપ આજ્ઞા આપો તો નાના નાના બે–ત્રણ ગ્રંથ વાંચી લઈએ."

પૂજ્યશ્રીએ તત્કાળ જવાબ આપ્યો, "તમારે ઉપમિતિ ગ્રંથ જ ભણવાનો છે. **તમારા સંકલ્પને કદી પણ ન છોડો.**"

સહાનુભૂતિ.

એક મુનિશ્રીને અશાતાનો ભારે ઉદય હતો. તબિયત ઠીક ન રહે. શરીરમાં કંઈકને કંઈક ગરબડ રહ્યા કરે. ભારે બેચેની અનુભવ્યા કરે.

આવા સમયે આત્માની જાગૃતિ ન હોય તો શરીરની પીડા આર્તધ્યાનનું કારણ પણ બની શકે છે. સંયમ જેવી મહાન વસ્તુની પ્રાપ્તિ પછી પણ જો આર્તધ્યાનથી પોતાના આત્માની દુર્ગતિ થાય, તે તો અસહ્ય વાત કહેવાય. તેથી તે મુનિનો પ્રયત્ન આર્તધ્યાન ન થાય તેવો રહેતો.

અચાનક ભાગ્યનો ઉદય થયો. અને પૂજ્યપાદ પંન્યાસજી મહારાજનો તેમને ભેટો થયો. પૂજ્યશ્રીનો આમ તો પરિચય ન હતો, છતાં દિલ ખોલીને વાતો કરી. પોતાની બિમારી વિશેની સ્પષ્ટતા કરી.

ખૂબ શાંતિ સાથે પૂજ્યશ્રીએ દરેક વાત સાંભળી પછી સાંત્વન આપ્યું તે સાથે મહામૂલ્યવાન દવા દેખાડી.

પૂજ્યશ્રીએ કહ્યું, "આ જે બિમારી આવી છે તેનું કારણ અશાતાનો ઉદય તે તો તું જાણે છે, અશાતાનું કારણ પૂર્વ જન્મમાં કરેલું પોતાનું દુષ્કૃત છે અને તે દુષ્કૃત એટલે બીજા જીવોને આપેલું કષ્ટ (દુઃખ). આજ સુધી આપણે સ્વાર્થની વૃત્તિ–પ્રવૃત્તિ રાખી છે. તે સ્વાર્થ સિદ્ધિ માટે અનેક જીવોનો કચ્ચરઘાણ કાઢયો છે. બસ આ જે અન્યાય આપણા હાથે થયો છે, તેની કર્મે આ શિક્ષા કરી છે.

જો આપણે આ ભૂલને સ્વીકાર કરી ક્ષમાપના કરી હોત તો ધર્મસત્તા આપણને માફ કરત તેથી સર્વ જીવોની સાથે ક્ષમાપના માટે 'ઈરિયાવહી અને તસ્સ ઉત્તરી સૂત્ર'નો ૧૦૮ વાર જાપ કરો."

એ જ સમયે પૂજ્યશ્રીની આજ્ઞાનો મુનિ મહારાજે સહર્ષ સ્વીકાર કર્યો.

કરુણાનિધિ પૂજ્યશ્રીએ બતાવેલી નિર્દોષ અને સત્ય દવા પ્રત્યે મનમાં આશ્ચર્ય થયું. અને મસ્તક અહોભાવથી ઝૂકી પડયું.

પછી તો નિયમિતપણે જાપ શરૂ થયા. જાપના પુણ્યપ્રભાવે બિમારી ઘટતી ગઈ. આત્મશાંતિ અને સમાધિનો અનુભવ થવા લાગ્યો. પ્રકાશના કિરણના સ્પર્શે અંધકાર દૂર થતો ગયો.

જીવન બદલાઈ ગયું.

મુંબઈમાં એક ભાઈ ગુરુદેવ પાસે આવ્યા. તે ધાર્મિક વૃત્તિવાળા હતા. પરંતુ તેમને જુગાર રમવાની ટેવ હતી. આ વ્યસન એવું વળગેલું કે રમ્યા વિના ન ચાલે. તેમણે પૂજ્યશ્રીને કહ્યું, "આમ તો સાહેબ! ધાર્મિક જીવન પસાર કરું છું. પરંતુ એક જુગારની આદત છૂટતી નથી. કોઈ માર્ગ બતાવો. આપ કૃપા કરો તો...!"

સાહેબજીએ કહ્યું, "એક સરળ માર્ગ બતાવું છું. દિવસમાં ૧૦૮ વાર નવકાર ગણવાના. નવકાર ગણતી વખતે જુગારનો વિચાર નહિ કરવાનો, જુગારનો વિચાર માત્ર પણ આવી જાય તો આ નવકારવાળી ફરીથી ગણવાની બસ આજ તમારા માટે યોગ્ય ઉપાય છે. નવકાર ગણ્યા બાદ જે ઈચ્છા હોય તેમ કરવું."

તે વ્યક્તિએ વિચાર્યું, "આ તો બહુ જ સરળ ઉપાય છે."

અને ત્યાર બાદ ગણવાનું શરૂ કર્યું. ગણતાં ગણતાં જોયું કે જે વિચારને તે ભૂલવા માગે છે, તે વિચાર, તે દૃશ્ય પોતાની સામે આંખ કાઢીને આવીને ઊભો રહે છે.

બસ! શું હતું એ....?

તેમનો જુગાર તો બંધ થઈ ગયો અને જાપ ચાલુ થઈ ગયો. જીવન બદલાઈ ગયું, ધર્મના માર્ગે જીવાતું થયું.

સંયમ રક્ષા માટેની જાગરુકતા.

વર્ષો પહેલાંની આ ઘટના છે. એક મુનિશ્રીનું સ્વાસ્થ્ય બરાબર ન રહેતું. પેટમાં 'એપેન્ડિકસ' થઈ ગયું હતું. તેથી ઓપરેશન કરાવવું જરૂરી બન્યું.

ઓપરેશન માટે હૉસ્પિટલમાં જવું પડે, ત્યાં રહેવું પડે. તે માટે સાથે બીજા કોઇ મુનિવરને રાખવા પડે તેની ચિંતા થઈ. તેમણે પૂજ્યશ્રીને વાત કરી. પૂજ્યશ્રીએ તેમની વાત પર પૂરું ધ્યાન આપ્યું અને પોતાના જ્યેષ્ઠ શિષ્યને, સેવા માટે મોકલવાનું નક્કી કર્યું. પેલા મુનિશ્રીને ખૂબ સંકોચ થયો કે આટલા પર્યાયવાળા અને તપસ્વી એવા જ્યેષ્ઠ શિષ્યને આવા સેવાના કામ માટે, શા માટે મોકલે છે ?

તેમણે સહજતાથી પૂછ્યું, "સાહેબજી...! મારાથી મોટા એમને...

મારો અભિપ્રાય પામી જઈને તે સમયે પૂજ્યશ્રીએ કહ્યું, "જે હૉસ્પિટલમાં ઑપરેશન નક્કી થયું છે, તે ખૂબ મોટી છે, ત્યાં સ્ત્રીઓ અને પરિચારિકાઓ (લેડીઝ અને નર્સિસ) નું આવાગમન બહુ જ થાય છે. તેથી પ્રૌઢ અને સેવાભાવી સાધુને તારી સેવા માટે મોકલી રહ્યો છું. તું નિશ્ચિત રહે..."

પૂજ્યશ્રીનો પ્રત્યુત્તર સાંભળી તે મુનિશ્રીના હૃદયમાં પૂજ્યશ્રીની આશ્રિતોના સંયમ માટેની જાગૃતિ વસી ગઈ.

પ્રભુ પાસે પ્રાર્થના.

શ્રી સમેતશિખરજીની યાત્રાએ જતા એક દીક્ષાર્થી ભાઇને આપેલી હિતશિક્ષા :-

પરહિત વિચાર અને વર્તન અર્થાત્ પરોપકારવૃત્તિ અને સહાયવૃત્તિ એજ સાધુતાનું લક્ષણ છે.

સંસારનું મૂળ પરદોષદર્શન છે. જ્યાં સુધી આ વૃત્તિ જશે નહિ, ત્યાં સુધી દ્રવ્યથી ચારિત્રગ્રહણ કરવા છતાં, બધું નિષ્ફળ છે.

બીજાના દોષ પ્રત્યે દ્વેષભાવ રહેલો છે, તેને કારણે બીજાની નાનામાં નાની ભૂલને આપણે સહન કરી શકતા નથી અને પોતાના નાનામાં નાના ગુણને પણ બતાવવા ઇચ્છીએ છીએ.

કોઈ નાની ભૂલ કરી દે તો તરત જ આપણે સહન કરી શકતા નથી અને તેનો તિરસ્કાર–અનાદર કરવાનું શરૂ કરી દઇએ છીએ; એટલું જ નહિ. પોતાના દોષને છૂપાવવા પ્રયાસ કરીએ છીએ. પોતાની ભૂલને સ્વીકારવું આપણા માટે અશકય બની જાય છે.

પોતાનામાં રહેલા નાનામાં નાના ગુણનો પણ કેટલો હર્ષ અને પ્રમોદ હોય છે, જ્યારે બીજાના ઘણા ગુણોપ્રત્યે પણ આપણને હર્ષ ઉત્પન્ન થતો નથી; તેનું કારણ છે પરગુણ દર્શનનો અભાવ અને પરદોષ દૃષ્ટિ.

આપણે જે કંઈ તપ ત્યાગાદિ કરીએ છીએ તેમાં માત્ર આપણા પુરુષાર્થનું જ ફળ નથી પણ તેમાં અનેકોની સહાય છે. તે સહાય આપનાર પ્રત્યે કૃતજ્ઞતાભાવ હોવો જોઇએ.

દુઃખ આવે ત્યારે દુષ્કૃતની ગર્હા કરવી જોઇએ. અને સુખ આવે ત્યારે સુકૃતની અનુમોદના કરવી જોઈએ. એ રીતે દુઃખમાં દુષ્કૃતની ગર્હા કરવાથી દુઃખમાં દીનતા આવશે નહિ અને સુખમાં સુકૃતની અનુમોદના કરવાથી સુખમાં અભિમાન પેદા થશે નહિ.

તીર્થયાત્રા અને કલ્યાણ ભૂમિકાઓની સ્પર્શના કરતાં પ્રભુ પાસે એ જ પ્રાર્થના કરવી જોઇએ. દ્રવ્ય ચારિત્ર તો અનંતીવાર પ્રાપ્ત થયેલું પણ એનાથી કંઈ નિસ્તાર નથી. માટે આ જીવનમાં ભાવ–ચારિત્રની કંઈક અંશે આરાધના થઈ શકે, એવા બળની પ્રાપ્તિ માટે પ્રભુ પાસે પ્રાર્થના કરવી જોઇએ.

શાતા કોની...?

પૂજ્ય પંન્યાસજી મહારાજની પાવનકારી નિશ્રામાં, ભેડામાં ઉપધાન થતાં હતાં.

એક સવારે, એક આરાધક ભાઇ, પૂજ્યશ્રીને વંદન કરવા માટે ગયા અને પૂછ્યું.

"સાહેબજી! શાતામાં છો ને?"

ત્યારે તેઓશ્રી આંગળીના વેઢાથી જાપ કરી રહ્યા હતા. એક મિનિટ બાદ તેઓશ્રીએ કહ્યું, "કોની શાતા પૂછે છે? આત્માની કે શરીરની?"

આટલું કહી હસતા ચહેરે, વાત્સલ્યભાવે તે ભાઈ તરફ નજર નાખી તરત જ આંગળીના વેઢાથી જાપ શરૂ કરી દીધા.

પાઘડી....

લુણાવામાં ઉપધાનની માળા પ્રસંગે વાગડના એક ભાઈ સાહેબજીના દર્શન માટે આવ્યા. તે સમયે બીજા એક ઓળખીતા ભાઈ પૂજ્ય પંન્યાસજી મહારાજને અભ્યુત્થિઓ આપી રહ્યા હતા, તેમને સાહેબજીએ પૂછ્યું, "કચાંના છે આ ભાઈ? ઘણા દિવસે આજે આવી પાઘડી જોવા મળી."

"મનફરા (કચ્છ)ના છે" ઓળખીતા ભાઇએ કહ્યું. પછી પૂજ્યશ્રી બોલ્યા, "દરેક વસ્તુ જોઈને વિવેકદૃષ્ટિ હોય તો સુંદર બોધ લઈ શકાય. **આ પાઘડી એમ સૂચવે છે કે આ જીવનનો પા ઘડીનો પણ ભરોંસો કરવા જેવો નથી.**"

કહ્યું કોનું કરવાનું....!

પાલીતાણામાં પૂજ્યશ્રીના શિષ્યરત્ન પરમ પૂજ્ય મુનિરાજ શ્રી કુન્દકુન્દવિજયજીએ કહેલી વાત યાદ આવે છે.

કોઈ મહોત્સવ હતો. તે પ્રસંગે એક ફોટોગ્રાફર પૂજ્ય પંન્યાસજી મહારાજનો ફોટો લેવા આવ્યો. ફોટો સારો આવે તે માટે તેઓશ્રીને વિનંતી કરી, પછી બરાબર બેસવા કહ્યું.

ત્યારે પૂજ્ય પંન્યાસજી મહારાજે કહ્યું, "તું કહે તેમ મારે વર્તવાનું કે ભગવાન કહે તેમ ?"

કૃતજ્ઞભાવની દીક્ષા.

સં. ૨૦૩૮, પોષ સુદ ૧૪,
રવિવાર, તા. ૨૪–૧–૧૯૮૨.
જૈનવિદ્યાશાળા, અમદાવાદ.

"સમગ્ર સંઘમાં એક વિશ્વવત્સલ યોગી તરીકે પ્રસિદ્ધ થયા, એવા વિદ્યાદાતા તરીકે પૂજ્ય પંન્યાસજી મહારાજનો ઉપકાર જેટલો માનું તેટલો ઓછો છે," એમ કહેતા **પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબ. (પૂ. બાપજી મહારાજના)** જણાવે છે, "સાહેબજીએ જીવનનો સાર આટલો કહ્યો છે. વીતરાગ પરમાત્માની પરમ કૃપાના અંશ રૂપે આ મનુષ્ય દેહ મળ્યો. ઉત્તમ સામગ્રી મળી. તે બીજાનું કલ્યાણ કરવા મળી.

આપણને જે કંઈ મળ્યું છે, તેના આપણે ટ્રસ્ટી છીએ. માલિક નહિ. ટ્રસ્ટી થઈને રહીએ તો ધર્મ સચવાય અને માલિક થઈએ તો સજા થાય. તેથી ટ્રસ્ટી થવું, માલિક નહિ.

આ શરીરના પણ આપણે ટ્રસ્ટી છીએ, તેથી થાય તેટલી ધર્મ કમાણી કરી લેવી જોઈએ.

મનને વૈરાગ્યના રંગે રંગવું, તો જ ત્યાગ ટકશે. વૈરાગ્ય એ તો મોક્ષની ટિકિટ છે. વૈરાગ્ય બુદ્ધિથી જીવન જોવું, ઘડવું અને જીવવું.

પૂજ્ય પંન્યાસજી મહારાજનો મારા જીવન ઉપર ઘણો મોટો ઉપકાર છે. એમની પાસે આપવાની જે કલા હતી તે અનોખી,

અદ્ભુત અને અસરકારક હતી. તે આપવા કરતાં સામાનું, પાસે આવેલ વ્યક્તિનું દૃષ્ટિબિન્દુ સમજતા. તેને શું ઇષ્ટ છે ? તેના ભાવ, વિચાર પ્રશ્નો સમજતા. એ શું અપેક્ષા રાખે છે, તે પામતા અને પછી તેને એ જ ભૂમિકાથી ઊંચે ઉઠાવતા. એ જે આપતા તેથી આવનારને પૂરો સંતોષ થતો.

નાનો હતો, તે સમયે દીક્ષા લીધેલી. રામચન્દ્રસૂરિ મહારાજે તે સમયે દીક્ષાનો ડંકો વગાડેલો અને જુવાનિયા દીક્ષા લેવા તૈયાર થતા. તે સમયે બહેનોની દીક્ષા ઓછી થતી. ભાઇઓની દીક્ષા વધુ થતી. મા–બાપ સંસારમાં છોકરાને નાખે છે. તેનો જન્મ બગાડે છે. તે માબાપ પાપના બાડામાં ફેંકે છે. તેથી કલ્યાણ કરવું હોય તો, ત્યાગ દ્વારા જ થાય. આવી ભાવનાથી મેં મારા મા–બાપને રોવરાવીને દીક્ષા લીધી. માબાપનું દિલ દુભાવ્યું હતું, તેથી દીક્ષા લીધા પછી મને ચેન પડયું નહિ. સંયમજીવનનો સ્વાદ આવે નહિ અને મનમાં બેચેની રહ્યા કરે. આવું ત્રણ વરસ સુધી ચાલ્યું.

ત્યાં પંન્યાસજી મહારાજનો ભેટો થયો. તેમણે ખૂબ જ વાત્સલ્યભાવપૂર્વક મા–બાપનો ઉપકાર યાદ કરાયો. મા–બાપના તો આપણે કેટલા દેવાદાર છીએ તે જણાવી કૃતજ્ઞભાવ પેદા કર્યો.

પછી મનમાં સામે રાખીને મા–બાપની માફી માગવા અને તેમની આગળ પશ્ચાત્તાપ કરવા કહ્યું. તેમ કરવાથી, તેનું પરિણામ એવું સુંદર આવ્યું કે માબાપે ઉપધાન કર્યા. ત્યાર બાદ પિતા ગુજરી ગયા અને માએ દીક્ષા લીધી.

આમ પૂજ્ય પંન્યાસજી મહારાજ મારા સંયમજીવનમાં માર્ગદર્શક હતા. સામાન્ય–વૈરાગ્યથી પ્રેરાઇને દીક્ષા લેનાર એવા મને તેઓશ્રીએ વિ. સં. ૧૯૯૦ માં ઇડર તીર્થમાં પ્રથમ મેળાપમાં દીક્ષાધર્મ, ગુરુતત્ત્વ, વિગેરે તત્ત્વો અને તેની ઉપાસનાની રીત વગેરે મૌલિક આરાધનાનો માર્ગ જે રીતે સમજાવ્યો, તે કયારેય ભૂલાય તેમ નથી. તે પછી પણ પત્રોદ્વારા અને રૂબરૂ મળવાનું થયું ત્યારે

પણ તેઓએ જે કંઈ તત્ત્વદર્શન કરાવ્યું છે, તેને મારા જીવનના આધારભૂત માનું છું.

"ઉપકારીનો ઉપકાર કદી ભૂલવો નહિ.

ઉપકાર કરનાર અને કરેલા ઉપકારને કદી ન ભૂલનાર એ બંનેના આધારે આ ધરતી ટકી છે.

કૃતજ્ઞભાવ એમણે શીખવ્યો. સાહેબજીનો તો જીવનમાં ખૂબ મોટો ઉપકાર છે."

અમૂલ્યનું મૂલ્ય ન હોય....

પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબના સત્સમાગમનો લાભ જેને મળ્યો છે, એવા **અધ્યાત્મયોગી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબના** શબ્દોમાં,

"મારા પરમ પુણ્યોદયે આવા હિતરક્ષક સુગુરુ મળ્યા. મહાપુરુષો એવા દયાળુ હોય છે કે આપણી યોગ્યતા અનુસાર જ આપે. નહિ સહેજે વધારે, નહિ સહેજે ઓછું.

બેડા ખાતે ગયો ત્યારે પૂજ્ય પંન્યાસજી ભગવંતે પૂછ્યું, "જીવનમાં શું ચાલે છે?" પછી કહે કે **"ચાર કલાકના વિહારનો થાક એક કલાકની પ્રભુ ભક્તિમાં ઉતરી જાય."**

સાહેબજીનાં ઉપકારક સંભારણાં અપાર છે. તેઓશ્રીના સુભગ સમાગમ પછી જે પદાર્થો કહે તે નોંધવા લાગ્યો. મહિનો દોઢ મહિનો એમ ચાલ્યું. તેઓશ્રી પ્રત્યે આદરભાવ તો હતો જ. આથી આદર અહોભાવમાં પરિણમ્યો. તેમની કૃપા કે રાજસ્થાનમાં ઘણી જગાએ ઉપધાન પ્રસંગે તેમની સાથો સાથ બોલવાનો અવસર આવ્યો અને એ રીતે તેમની નિશ્રામાં બોલવાથી શાસ્ત્ર સાપેક્ષ પદાર્થનું પ્રતિપાદન કરવાની વિશિષ્ટ શૈલી પ્રાપ્ત થઈ.

શ્રી રાણકપુરજી ખાતે આપેલા વ્યાખ્યાનોમાં તેઓશ્રીએ કરેલું ચાર માતાઓનું–વર્ણમાતા, પુણ્યમાતા, ધર્મમાતા અને ધ્યાનમાતાનું–વર્ણન ન ભૂલાય તેવું છે.

છેલ્લાં વર્ષોમાં મૌન રહીને પણ એમણે જે આપ્યું છે, એનું મૂલ્ય જરાય ઓછું આંકી શકાય એમ નથી.

શાસનદેવની કૃપાથી લગભગ બે વર્ષ સુધી રોજ રોજ બે બે કલાક સુધી આ મહાપુરુષની નિશ્રામાં બેસીને તાત્ત્વિક–વિચારણા કરવાનો લાભ મને મળેલો. આ સમય દરમિયાન તેઓશ્રીના હૈયાના સાગરમાં જે ગુણરત્નો મેં ઉછળતાં જોયાં એનું વર્ણન કરી શકાય એમ નથી.

'પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા' આવા પ્રભુપદને અરિહંતપદને વળગી રહેલા, દેહભાવથી પોતે એવા તો પર હતા કે લુણાવામાં બ્લડપ્રેશર ખૂબ જ નીચું ઉતરી જવા છતાં, વ્યાખ્યાન આપ્યું. આ બાબતમાં તેમનો જોટો જડવો સહેલો નથી.

ઔદાર્યની અવધિ નહિ,
કરુણામાં કૃપણતા નહિ,
પ્રમોદમાં પૂરા પાવરધા,

એવા પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજને ચરણે નત મસ્તકે આપણે સૌ વંદના કરીએ."

। ॐ ह्रीं नमो नाणस्स ।

। श्री श्रुतदेवताभ्यो नमः ।

ॐ साहित्य सर्जन

પુસ્તક–પરિચયની ઝલક.

વિશ્વોપકારી મહાસંતોની ઉજ્જવળ પરંપરામાં સ્થાન પામેલા પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ પરોપકાર પરાયણ જીવનના સમર્થ સાધક હતા. આરાધનાના મંગલમાર્ગે પોતાનું જીવન ધન્ય બનાવ્યું અને જે અનુભવ્યું તે આપ્યું. આરાધના અક્ષરરૂપે-પુસ્તકરૂપે પરિણમી. પૂજ્યશ્રીના જીવનની જેમ લખાણ પણ મૌલિક મર્મસ્પર્શી અને ચિંતનપ્રધાન છે. સીધું સાદું અસરકારક છે. આરાધના–સાધના–સ્વાધ્યાય અને શાસ્ત્રના ચિંતન–મનન-નિદિધ્યાસનના પરિપાકરૂપ છે. તેમાં વિવિધ વિષયોની વિશદ છણાવટ છે. ઘણા વર્ષોના ઘણા પ્રયત્ને પણ પ્રાપ્ત ન કરી શકીએ એવાં અનુભવ વચનો આ લખાણમાં છે.

આ પુસ્તકો જીવન–જીવવાની અદ્ભુત કલાની કલ્યાણકારી કેડી બતાવે છે. તેમાંથી જીવનને સુંદર રીતે જીવી જવાનો મહાન અને મંગલકર સંદેશ પ્રાપ્ત થાય છે. આરાધનાના અર્થીઓને પથ પ્રતિ પ્રસ્થાન કરાવે છે. મુમુક્ષુ-જિજ્ઞાસુ આત્માઓ માટે માર્ગદર્શનની મોંઘી મૂડી બની જાય છે.

શાસનરસિક ભવ્યજીવો માટે ઉપકારક એવાં આ પુસ્તકો મિથ્યાત્વના મૂળમાં રહેલા મોહને મહાત કરવાની, મોક્ષને આપવાની નૈસર્ગિક શક્તિ ધરાવે છે. અણમોલ શ્રુતનો ખજાનો ધરાવતાં આ પુસ્તકોમાં, ભાવ–આરોગ્યને પોષે તેવી સુંદર આબોહવા મળે છે, જે પૂર્ણ જીવનને પુષ્ટ કરવાની પ્રભાવના કરે છે. આવા ઉત્તમ

સાહિત્યને પૂજ્યશ્રીની હાજરીમાં અને એમના ગયા પછી એમના કૃપાપાત્ર, શિષ્યરત્ન, પરમપૂજ્ય, આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદ-સૂરીશ્વરજી મ. તથા પરમ પૂજ્ય, પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ. પૂર્ણ ભક્તિથી પ્રકાશિત કરી રહ્યા છે.

સાધના માર્ગે આગળ વધવા ઇચ્છતા પ્રત્યેક સાધક માટે પરમ શ્રેયસ્કર એવાં આ પુસ્તકો વસાવીને વાંચવા, વિચારવા અને વાગોળવા જેવાં છે.

અહીં વિષયને અનુલક્ષીને વિભાજન કરવામાં આવ્યું છે.

(૧) નમસ્કાર–મહામંત્ર.

નાનકડા બીજમાં વિરાટવૃક્ષ છૂપાયેલું છે. હીરા, માણેક, મોતીમાં લાખોની સંપત્તિ સમાયેલી છે. તેમ ૬૮ અક્ષર ધરાવતા મંત્રાધિરાજ શ્રી 'નવકાર' માં 'નમસ્કાર' પદાર્થના વિરાટ સ્વરૂપને ખોલવાની શક્તિ છૂપાયેલી છે. આ મંત્રનો મહિમા અને અર્થ વિસ્તાર અનંત અને અપાર છે. તેમાં ઓતપ્રોત બનવાથી જ તેના રહસ્યાર્થનો યત્કિંચિત યથાર્થ અનુભવ મેળવી શકાય છે. પંચ પરમેષ્ઠિઓનો પ્રત્યક્ષ અને પૂર્ણ પરિચય કરવા માટે વારંવાર પ્રેરણા અને ઉપદેશ આપે છે. મહામંત્રની અગાધ, અદ્ભુત અને અદ્વિતીય ઊંડાઇની ઝાંખી કરાવતાં, મંત્ર સાધનાને ઉપકારક, ઉત્કૃષ્ટ નમસ્કાર ભાવથી છલકાતાં આ રહ્યાં તે પુસ્તકો :–

(૧) નમસ્કાર મહામંત્ર.
(૨) પરમેષ્ઠિ નમસ્કાર.
(૩) અનુપ્રેક્ષા. (કિ.૧-૨-૩ સાથે)
(૪) નમસ્કાર મીમાંસા.
(૫) નમસ્કાર દોહન.
(૬) નિત્ય સમરો નવકાર.
(૭) મંત્ર ભલો નવકાર.
(૮) અનુપ્રેક્ષાનાં અજવાળાં.
(૯) અનુપ્રેક્ષા અમૃત.
(૧૦) જિનશાસનનો સાર.

(૨) જૈન–ધર્મ–માર્ગ.

માર્ગ છે મહાવીરનો, મોક્ષનો, ધર્મનો, આરાધનાનો અને સાધનાનો. જીવને શિવપુરીમાં લઈ જવાના માર્ગની પૂરેપૂરી પિછાન

ઓળખ આપી, સર્વ–જીવ–હિત–કર જૈન ધર્મ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા જગાવી, વિરાધનાના માર્ગે જતાં અટકાવે છે, આરાધનાના માર્ગે ચાલવાનું બળ બક્ષે છે. જીવનમાં શાંતિ, સમતા તથા ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરાવે છે. ધર્મ સામ્રાજ્યના સુભટ બનાવી શાશ્વત સુખના ધામમાં પહોંચાડી દેવા સમર્થ છે, એવાં ભવ–ભવાંતરના ભાથા માટે તથા જીવનના ઉર્ધ્વગમન માટે ઉપયોગી પુસ્તકો :–

(૧૧) જૈન માર્ગની પિછાન.
(૧૨) જૈન તત્ત્વ રહસ્ય.
(૧૩) ધર્મ શ્રદ્ધા.
(૧૪) ધર્મ સાધના.
(૧૫) આરાધનાનો માર્ગ.
(૧૬) આરાધના સંગ્રહ.
(૧૭) પ્રતિક્રમણની પવિત્રતા.

(૩) આસ્તિકતાને આત્મસાત્ કરવા, ધાર્મિકતાના પથ પર ડગ માંડી દેવા શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા કેળવવાની હાકલ કરતાં –

(૧૮) નાસ્તિક મતનું નિરસન

અને

(૧૯) આસ્તિકતાનો આદર્શ –

આ બે પુસ્તકોએ કેટકેટલાના હચમચી ગયેલા શ્રદ્ધાના પાયાને સ્થિર અને દૃઢ કર્યા છે.

(૪) પ્રભુ–ભક્તિ.

પરમ તારક દેવાધિદેવ **શ્રી** અરિહંત પરમાત્માની પ્રાર્થના, દર્શન, પૂજન, સ્તવન, ભક્તિ દ્વારા તેમની અચિંત્ય શક્તિ અને ગુણનો મહિમા ગાય છે. આરાધકોને આરાધનાની લગની લગાડે છે. પ્રભુ પ્રીતિ અંગે અદ્‌ભુત પ્રેરણા પૂરી પાડે છે. જેના વડે મનની મલિનતા ટળે છે. ચિત્તની શુદ્ધિ મળે છે. હૃદયની વિશાળતા થાય છે, આત્માના આરોગ્યની સતત વૃદ્ધિ અને પુષ્ટિ થાય છે, એવા મિથ્યાત્વના ભૂતડાને ભગાડી, સમ્યક્‌ત્વના સૂર્યને પ્રકાશિત કરતાં, જિનપૂજાના અસીમ ઉપકારોનું માહાત્મ્ય દર્શાવતાં પુસ્તકો છે :–

(૨૦) પ્રાર્થના. | (૨૨) પ્રતિમા પૂજન.
(૨૧) દેવદર્શન. | (૨૩) જિન ભક્તિ.

"જિન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ રંગ" એવો ભક્તિના રંગનો ઉમંગ હૈયે લગાડી જાય છે અને આત્માની કાયમી એવી અસલ છાપ અંતરમાં ઉપસાવી જાય છે.

(૫) તત્ત્વજ્ઞાન.

પ્રભુ ભક્તિની અમાપ ઉષ્માને–પ્રભાને પ્રગટ કરવા, પુરુષોત્તમ પરમાત્માની સન્મુખ થવા, તત્ત્વનો પ્રકાશ પામવા, ધર્મ, સામાયિક, નવકાર, મૈત્રી, તત્ત્વ, તીર્થ વગેરેના દોહનથી અંતઃકરણની આબોહવાને શુદ્ધ–પરિશુદ્ધ કરવા આમંત્રણ આપે છે :–

(૨૪) તત્ત્વ દોહન અને
(૨૫) તત્ત્વ પ્રભા. | (૨૬) તત્ત્વ રહસ્ય.

(૬) ચિંતન.

ફૂલમાં ફોરમની જેમ, ચિત્તમાં રહેલી ચિંતનની ધારા સહજ સ્વરૂપે પ્રગટે ત્યારે ચિંતનની સુવાસ, જોવા–જાણવા માણવા આપોઆપ મળે. મનન માધુરીનું મંગલમય વેણુ વહે તો જીવન ધર્મની હૃદયસ્પર્શી વાણીનું પાન કરે, ચિંતનને ચૂંટતાં જૈન શાસનનાં સનાતન સત્યો–રહસ્યો ખૂલે તો જીવનની ઉન્નતિ અને વિકાસ સરળ બને, તે માટે ચિંતનની ધારા વહાવતાં, ગાગરમાં સાગરની જેમ સમાયેલાં, વારંવાર સ્વાધ્યાય કરવા યોગ્ય પુસ્તકો છે :–

(૨૭) મનન માધુરી. | (૨૯) ચૂંટેલું ચિંતન
(૨૮) મંગલ વાણી | (૩૦) ચિંતન સુવાસ અને
(૩૧) ચિંતન ધારા.

એકાવન વિષયોમાં પૂજ્યપાદ પંન્યાસજી મહારાજશ્રીએ પોતાના સાધક જીવનમાં જે પ્રાપ્ત થયેલ તે કલ્યાણકામી આત્માઓને માટે **અજરામર બનાવનાર અમૃત આપ્યું છે –**

(૩૨) અજાતશત્રુની અમરવાણીમાં, જેની મનનીય વિચાર ધારા ખરેખર અદ્‌ભુત અને અનુપમ છે, જીવનમાં પરિણામ પામે તો આત્માને અમરતાનો અધિકારી બનાવી, દિલમાં દિવ્યતાનાં દર્શન કરાવે છે.

(૭) વચનામૃત.

અણમોલ હીરા, મોતીની જેમ ઝળહળતાં, આત્માને પળેપળનો સદુપયોગ કરવા જાગ્રત કરતાં, એવાં ચિંતન રત્નોમાં પ્રાણોને પરોવવાથી, સર્વ શ્રેયસ્કર ધર્મનું હાર્દ પામી શકાય છે, દેવ–ગુરુ પાસે જઈ, રહી શકાય છે, જીવનને સાત્ત્વિક–તાત્ત્વિક બનાવી શકાય છે એવાં નવ નવા નવનીત જેવાં અત્યંત પ્રેરક, પૂરક અને માર્ગદર્શક છે –

(૩૩) ગુરુદેવશ્રીનાં વચનામૃતો

(૩૪) વચનામૃત સંગ્રહ અને

(૩૫) સંત વચન સોહામણાં.

શ્રી તીર્થંકર પરમાત્માની ભાવનાને આલેખતું પુસ્તક છે (૩૬) 'સવિ જીવ કરું શાસન રસિ.' અને અંતિમ તીર્થંકરના જીવનને આલેખતું પુસ્તક છે (૩૭) 'શ્રી મહાવીરદેવનું જીવન.'

પૂજ્ય પંન્યાસજી મહારાજના સાકાર થયેલા આ અક્ષરદેહને–શ્રુત દેવતાને અનંત અનંત નમસ્કાર હો.

૨૮ પૂજ્યશ્રીના પાવન પગલે

(૧) ચાતુર્માસની યાદી.

(૨) ૧૦૦ ઓળીવાળા મહાત્માઓની યાદી.

(૩) નવપદની સામુદાયિક ઓળીની આરાધનાની વિગત.

(૪) ઉપધાન–તપની આરાધનાની વિગત.

(૫) નવલાખ નવકાર જાપના અનુષ્ઠાનની યાદી.

(૬) નીકળેલા સંઘની યાદી.

પૂજ્ય પંન્યાસજી મહારાજના ચાતુર્માસ સ્થાન.

નંબર	સંવત.	ગામ.
૧.	૧૯૮૭	પાટણ. (ઉ.ગુ.)
૨.	૧૯૮૮	વઢવાણ શહેર.
૩.	૧૯૮૯	ખંભાત.
૪.	૧૯૯૦	અમદાવાદ. (ઝાપડાની પોળ.)
૫.	૧૯૯૧	રાધનપુર.
૬.	૧૯૯૨	વાલકેશ્વર–મુંબઇ.
૭.	૧૯૯૩	પૂના–કેમ્પ.
૮.	૧૯૯૪	નિપાણી. (મહારાષ્ટ્ર.)
૯.	૧૯૯૫	પૂના.
૧૦.	૧૯૯૬	લાલબાગ–મુંબઈ.
૧૧.	૧૯૯૭	અંધેરી–મુંબઈ.
૧૨.	૧૯૯૮	અહમદનગર. (મહારાષ્ટ્ર.)
૧૩.	૧૯૯૯	જુન્નર. (મહારાષ્ટ્ર.)
૧૪.	૨૦૦૦	માલેગામ. (મહારાષ્ટ્ર.)
૧૫.	૨૦૦૧	પાટણ–ફોફલિયા વાડો.
૧૬.	૨૦૦૨	પાટણ–નગીનભાઈ પૌષધશાળા.
૧૭.	૨૦૦૩	પાલીતાણા. ખુશાલભવન.
૧૮.	૨૦૦૪	પાલીતાણા.
૧૯.	૨૦૦૫	અમદાવાદ.
૨૦.	૨૦૦૬	પાલીતાણા. કોટાવાળી ધર્મશાળા.
૨૧.	૨૦૦૭	સુરત.
૨૨.	૨૦૦૮	સિનોર. (ગુજરાત.)
૨૩.	૨૦૦૯	લાલબાગ. મુંબઈ.
૨૪.	૨૦૧૦	ફોર્ટ. મુંબઈ.

૨૫.	૨૦૧૧	અંધેરી. મુંબઈ.
૨૬.	૨૦૧૨	સાયન– મુંબઈ.
૨૭.	૨૦૧૩	ભુજપુર– કચ્છ.
૨૮.	૨૦૧૪	ડીસા–ગુજરાત.
૨૯.	૨૦૧૫	જામનગર. (પાઠશાળા)
૩૦.	૨૦૧૬	બેડા. રાજસ્થાન.
૩૧.	૨૦૧૭	પિંડવાડા. રાજસ્થાન.
૩૨.	૨૦૧૮	પાટણ. ફોફલિયા વાડો.
૩૩.	૨૦૧૯	મોટામાંઢા. હાલાર.
૩૪.	૨૦૨૦	જામનગર. (પ્લોટ.)
૩૫.	૨૦૨૧	નવાગામ. હાલાર.
૩૬.	૨૦૨૨	બેડા. રાજસ્થાન.
૩૭.	૨૦૨૩	લુણાવા. ,,
૩૮.	૨૦૨૪	ગઢસિવાના. ,,
૩૯.	૨૦૨૫	શિવગંજ. ,,
૪૦.	૨૦૨૬	સાદડી. ,,
૪૧.	૨૦૨૭	પિંડવાડા. ,,
૪૨.	૨૦૨૮	લુણાવા. ,,
૪૩.	૨૦૨૯	લુણાવા. ,,
૪૪.	૨૦૩૦	મુંડારા. ,,
૪૫.	૨૦૩૧	બેડા. ,,
૪૬.	૨૦૩૨	લુણાવા. ,,
૪૭.	૨૦૩૩	પિંડવાડા. ,,
૪૮.	૨૦૩૪	પિંડવાડા. ,,
૪૯.	૨૦૩૫	પાટણ. (ઉ.ગુ.)

પૂ. પં. મ. સં. ૨૦૩૬ના વૈ. સુદ ૧૪ના કાળધર્મ

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના શિષ્ય-પરિવારમાંથી
૧૦૦ ઓળીને પૂર્ણ કરનારા પૂજ્ય મુનિ ભગવંતો.

૧. પૂ. વયોવૃદ્ધ મુનિરાજશ્રી ભાવવિજયજી મહારાજ.
૨. પૂ. સ્વ. પંન્યાસશ્રી હર્ષવિજયજી ગણિવર.
૩. પૂ. સ્વ. મુનિરાજશ્રી મહાનંદવિજયજી મહારાજ.
૪. પૂ. આચાર્યદેવ પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ.
૫. પૂ. મુનિરાજશ્રી ચન્દ્રયશવિજયજી મહારાજ.
૬. પૂ. સ્વ. મુનિરાજશ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ.
(જેઓ ૧૦૦મી ઓળીમાં સ્વર્ગવાસી થયા.)
૭. પૂ. મુનિરાજશ્રી ચંદ્રાંશુવિજયજી મહારાજ.
૮. પૂ. મુનિરાજશ્રી મિત્રવિજયજી મહારાજ.
૯. પૂ. મુનિરાજશ્રી જયંતભદ્રવિજયજી મહારાજ.
૧૦. પૂ. મુનિરાજશ્રી જયમંગલવિજયજી મહારાજ.
૧૧. પૂ. મુનિરાજશ્રી જિનસેનવિજયજી મહારાજ.

પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં
નવપદની સામુદાયિક-ઓળીની આરાધના.

નંબર	સંવત	લાભ લેનાર	સ્થળ	સંખ્યા
૧.	૨૦૧૩	શા. ચંદુલાલ મોતીલાલ.	–	૫૦૦
૨.	૨૦૧૪	નવપદ આરાધક સમાજ. [વાડીલાલ દેવચંદના ઉજમણા સહિત]	–	૬૦૦
૩.	૨૦૧૬	શા. મણીલાલ સાંકળચંદ. હ. હીરાભાઈ.	શંખેશ્વર.	૧૦૦૦
૪.	૨૦૨૧	શા. મણીલાલ ધરમશી.	વસઈ. (હાલાર)	૧૧૦૦
૫.	૨૦૨૪	શા. મોહનલાલજી ભૂતાજી.	નાકોડા.	૪૦૦
૬.	૨૦૨૯	શા. જુહારમલજી પ્રતાપજી.	રાતામહાવીર.	૬૦૦
૭.	૨૦૩૦	શા. કસ્તુરચંદ ભીખાજી.	મૂછાળા મહાવીર	૭૦૦
૮.	૨૦૩૧	શા. જયચંદજી દેવીચંદજી.	બેડાવાળા.	–
૯.	૨૦૩૨	શા. રતનચંદ ફૂલચંદ-ભીખાજી.	રાણકપુર. (કૈલાગાનગરવાળા)	૧૧૦૦
૧૦.	૨૦૩૩	શા. મૂલચંદજી તિલોકચંદજી. (પિંડવાડાવાળા)	બામણવાડા. (પ્રતિષ્ઠા અંજન)	૯૦૦

પૂજ્ય પંન્યાસજી મહારાજની પાવનકારી નિશ્રામાં થયેલી ઉપધાન-તપની આરાધના.

વિ.સંવત	લાભ લેનાર.	સ્થળ	આરાધક સંખ્યા
૧૯૯૭	શા. ભાણજીભાઈ શાપરિયા.	અંધેરી-મુંબઈ.	૩૦૦
૨૦૧૩	શા. રૂગનાથમલજી ભીમાજી. બેડાવાલા.	શંખેશ્વર.	૫૦૦
૨૦૧૬	શા. હેમાજી રાયચંદજી.	બેડા.	૩૦૦
૨૦૨૦	શા. મોતીબેન મોહનલાલ દેવરાજ.	હરિપુર (હાલાર)	૩૦૦
૨૦૨૨	શા. ખીમચંદજી વરધીચંદજી.	બેડા.	૨૫૦
૨૦૨૩	શા. ભીકમચંદજી સાંકળચંદજી.	લાસ.	૬૦
૨૦૨૫	શા. કસ્તુરચંદજી ભીખાજી.	લુણાવા.	૪૦૦
૨૦૨૫	શા. સાંકળચંદજી ઉમાજી.	વિસલપુર.	૫૫૦
૨૦૨૭	શા. ચંદનમલજી દેવીચંદજી.	લુણાવા.	૩૦૦
૨૦૨૮	શા. હિમતમલજી રૂપાજી.	લુણાવા.	૩૦૦
૨૦૨૯	શા. ચુનીલાલ હંસાજી.	લુણાવા.	૨૦૦
૨૦૩૧	શ્રી જૈનસંઘ તરફથી.	બેડા.	૨૫૦
૨૦૩૨	શા. નિહાલચંદજી શેષમલજી. દેવીચંદજી. (બીજાપુરવાળા)	રાતામહાવીરજી.	૧૦૦
૨૦૩૩	શા. કનકરાજજી સાવતરાજજી.	ઘાણેરાવ.	૫૦૦
૨૦૩૪	શા. ચન્દ્રકાન્ત કાન્તિલાલ. (અમદાવાદવાળા)	નાંદિયા.	૪૦૦

પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં થયેલ નવલાખ નવકાર જાપનાં અનુષ્ઠાન.

નં.	સંવત	લાભલેનાર	સ્થળ
૧.	૨૦૧૧	અંધેરી જૈનસંઘ નગીનદાસહોલ.	અંધેરી–મુંબઇ
૨.	૨૦૧૨	સાયન જૈનસંઘ.	શિવ–મુંબઈ.
૩.	૨૦૧૩	ભુજપુર જૈનસંઘ.	ભુજપુર-કચ્છ.
૪.	૨૦૧૪	ડીસા જૈનસંઘ.	ડીસા-ગુજરાત.
૫.	૨૦૧૫	જામનગર દિગ્વિજય પ્લોટ.	જામનગર.
૬.	૨૦૧૬	શા. હીરાલાલ મણીલાલ. અમદાવાદવાળા (ચૈત્ર માસ)	શંખેશ્વર.
૭.	૨૦૧૬	(આસોમાસ) બેડા જૈનસંઘ.	બેડા.
૮.	૨૦૨૯	નવકારના આરાધકો તરફથી.	રાણકપુર.
૯.	૨૦૩૨	શ્રી શશિકાન્ત કીરચંદ મહેતા. રાજકોટવાળા.	લુણાવા.

પૂજ્ય પંન્યાસજી મહારાજની તારક નિશ્રામાં નીકળેલા સંઘો.



(૧) ૧૯૯૯ માલેગામથી માંડવગઢ.
માલેગામ જૈનસંઘ.

(૨) ૨૦૧૫ ચડવાલથી પાલીતાણા.
ચેલાજી વનાજી ચડવાલ.

(૩) ૨૦૧૭ બેડાથી રાણકપુર.
લાભલેનાર શા. પુનમચંદ ગેમાજી.

પૂજ્ય પંન્યાસજી મહારાજના જીવન-સાગરમાં નિરભિમાન, અનાશંસભાવ, પરાર્થ-પ્રિયતા, કલ્યાણની કામના, સદૈવ સસ્મિત રહીને 'શિવમસ્તુ'નો આશીર્વાદ વરસાવતી મુખમુદ્રા, ઊંડા ચિંતન-મનનની અનુપ્રેક્ષા -પ્રિયતા, નમસ્કાર-નિષ્ઠા, ભગવદ્ ભક્તિ આદિની અનેકાનેક સદ્‌ગુણ-સરિતાઓ શુભ-સંગમ સાધતી જોવા મળશે અને એના ખળભળાટમાંથી સરજાતા મહાગાનને સાંભળવા કાન સરવા કરીશું, તો 'જસ્સ મણે નવકારો સંસારો તસ્સ કિં કુણઈ,' 'શિવમસ્તુ સર્વજગતઃ' 'મિત્તિમે સવ્વભૂએસુ' અને 'ખામેમિ સવ્વજીવે' જેવા કેટલાંય જ્ઞાર્યના ગીતોના રહસ્યાર્થ પડઘે પાડતા સંભળાશે.

મન એમનું મૈત્રી-અને મહામંત્ર પરના મનનથી મંજાયેલું હતું. ચિત્ત એમનું ચારિત્રથી ચોખ્ખું હતું. તન એમનું તપની તાજગીથી તરવરાટ અનુભવતું હતું. જીવન એમનું જપની જ્યોતથી ઝળહળતું હતું. મુખ એમનું માધુર્યથી મનોહર હતું. હાસ્ય એમનું રહસ્યભર્યું હતું, તો બોલવું એમનું તત્ત્વભર્યું હતું. વાણી એમની વેધક હતી, તો એમનું મૌન પણ કંઈ ઓછું અસરકારક નહોતું. આવી એક-એકથી અધિકી અજોડતાઓના અવતાર સમા પૂ. પંન્યાસજી મહારાજ, જૈન-સંઘમાં સહુ કોઈના હૈયામાં સ્થાન-માન પામી ચૂકયા, એના મૂળમાં વાત્સલ્ય-ભાવથી પવિત્ર એમનું ચારિત્ર હતું.

– 'કલ્યાણ'માંથી.

આકૃતિથી અનોખા, પ્રકૃતિથી પ્રભાવશાળી
કૃતિથી કામણગારા

પૂજ્ય પંન્યાસજી મહારાજ

"પૂજ્ય પંન્યાસજી મહારાજ" આટલા જ શબ્દો કાને અથડાતાની સાથે જ આંખ આગળ વિશિષ્ટ પ્રકારની સ્તુતિઓ સાથે સંકળાયેલો આકૃતિ, પ્રકૃતિ અને કૃતિનો એક ત્રિભેટો ખડો થઈ જાય છે. એ આકૃતિમાંથી સ્મિત રેલાવતા, ધર્મનો લાભ ઈચ્છતા, શાંતિથી છલબલતા અને નખથી શિખ સુધી યોગીપણાના ચિન્હોથી પવિત્ર એક દેહાકારનું દર્શન મળે છે. એ પ્રકૃતિમાંથી આગને બાગમાં પલટાવતા, વિરોધને વિનયનું રૂપાંતર આપતા અને વાતાવરણને વાત્સલ્યથી ભરી દેતા, હિમશિલા જેવા શીતલ સ્વભાવના પ્રભાવની સ્મૃતિ સજાગ થાય છે. અને એ કૃતિમાંથી અનુપ્રેક્ષાના અજવાળા વેરતી, મનનની માધુરી રેલાવતી અને ચિંતનની ચાંદનીના ચમકારા પાથરતી, મહામંત્ર, મૈત્રી તેમજ ભગવદ-ભક્તિના વિષયને ચર્ચતી અનેકાનેક વિદ્વદભોગ્ય કૃતિઓ આંખ સામે તરવરી ઉઠે છે.

આમ, આકૃતિથી અનોખા, પ્રકૃતિથી પ્રભાવશાળી અને કૃતિથી કામણગારા પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર પોતાની અનેક વિરલતાઓથી જૈન-જગતના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થાય, એવા કેટલાય પ્રકરણો ઉમેરીને એ ઈતિહાસને ગૌરવ અપાવી ગયા. આવા ઈતિહાસ-સર્જક અને આ યુગના યોગીના પુનર્દર્શન માટે હવે તો યુગોના યુગો સુધી પ્રતીક્ષા જ કરવી રહીને ?

– પૂ.પં.શ્રી પૂર્ણચન્દ્રવિજયજી ગણિવર.

બાઈન્ડીંગ : અવનિ ટ્રેડર્સ, ૧/૭ ધ્વનિ એપાર્ટમેન્ટ, ખાનપુર, અમદાવાદ-૧